BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## બી.એ. / બી.એ. ઓનર્સ - ઈતિહાસ

## HISM-307
## HISMJ-302
## ભારતનો ઈતિહાસ

(ઈ.સ. ૧૫૨૬ થી ૧૮૧૮ સુધી)



# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવામાં થતું મૂડીરોકાણ . શિક્ષણ  લોકાસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહી મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે: 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપરદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

**પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**છારોડી, અમદાવાદ.**

**સંપાદન**


| | |
|---|---|
| *પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |


**વિષય સમિતિ**


| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સિપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કૉલેજ,પાટણ* |


**પરામર્શન (વિષય)**


| | |
|---|---|
| *પ્રો. ડૉ.વિકીશ પંડ્યા* | *પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો.ડૉ. કલ્પા માણેક* | *પ્રોફેસર અને અધ્યક્ષ , ઈતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી , રાજકોટ* |


**લેખન**


| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કૉલેજ,પાટણ* |
| *ડૉ. હરેશ પંચાલ* | *આસિસ્ટન્ટ પ્રોફેસર ,ઈતિહાસ વિભાગ , નવજીવન આર્ટ્સ અને કોમર્સ કૉલેજ, દાહોદ.* |
| *પ્રા.મનુભાઈ શાહ* | *નિવૃત્ત પ્રોફેસર, બી.ડી.આર્ટ્સ એન્ડ હોમ સાયન્સ કૉલેજ, અમદાવાદ* |


**પરામર્શન (ભાષા)**


| | |
|---|---|
| *ડૉ.અજય રાવલ* | *એસોસિએટ પ્રોફેસર, ઉમિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ,અમદાવાદ* |
| *પ્રિ. ઘનશ્યામ ગઢવી* | *નિવૃત્ત પ્રિન્સિપાલ, શ્રીમતી આંનદીબેન ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, મહેસાણા* |



**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**



**સંવર્ધિત આવૃત્તિ -2025**

**ISBN :978-93-5598-481-4**

# પાઠ્યક્રમ પરિચય

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના તૃતીય વર્ષ બી.એ ઇતિહાસ વિષયમાં પેપર-૦૭ ભારતનો ઇતિહાસ (ઈ.સ. ૧૫૨૬ થી ૧૮૧૮ સુધી) નાં આ પાઠ્યક્રમમાં આપનું સ્વાગત છે.

વિદ્યાર્થી મિત્રો, ભારતના ઇતિહાસમાં ઈ.સ. ૧૫૨૬ થી ૧૮૧૮ સુધીનો સમયગાળો એ ૧૫૨૬ ની સ્થિતીની સાથે સાથે એક વંશનો અંત અને બીજા વંશના અભ્યુધ્ય ઉપરાંત આ સમયની સંસ્કૃતિનો ઇતિહાસ પણ મહત્ત્વનો છે. બે સંસ્કૃતિના સમન્વયથી એક નાવિન્ય ઊભું કરતી આ સમયની સામાજીક, આર્થિક, સાહિત્ય, કલા-સ્થાપત્ય અને ધાર્મિક ફેરફારો સમજવા અને જાણવા લાયક છે. અહીં જરૂરી એવાં રાજકીય ઇતિહાસમાં મુઘલ, સુરવંશ અને મરાઠાઓના પરાક્રમો તેમની નીતિઓ અને સુધારાઓને સામાન્ય રીતે આવરી લેવામાં આવ્યા છે. પતન અને ઉત્થાન એક સિક્કાની બે બાજુ સમાન છે. માટે અહીં રાજકીય પતન અને ઉદય વિશે પણ જાણવા મળશે.

આ પાઠ્યક્રમ થકી ભારતના ઈતિહાસને સરળ અને સારી રીતે સમજી, સંદર્ભગ્રંથો થકી, તમારું વાંચન વિશ્વ વિકસે એવી શુભેચ્છાઓ.

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

બી.એ. /બી.એ. ઓનર્સ-ઈતિહાસ

**HISM -307**

**HISMJ-302**

ભારતનો ઈતિહાસ (ઈ.સ. ૧૫૨૬ થી ૧૮૧૮ સુધી)


**એકમ : 1** **01**
બાબરના આક્રમણ સમયે ભારતની રાજકીય સ્થિતિ

**એકમ : 2** **10**
સૂર રાજવંશ : શેરશાહની પ્રારંભિક કારકિર્દી, તેના વિજય તથા શેરશાહના સુધારા

**એકમ : 3** **31**
અકબરની રાજપૂત અને ધાર્મિક નીતિ તથા અકબરના સુધારા

**એકમ : 4** **46**
જહાંગીર : તેના વિજયો તથા જહાંગીરના જીવનમાં નૂરજહાંનો પ્રભાવ

**એકમ : 5** **57**
શાહજહાંના વિજયો તથા ડેક્કન અને સરહદી નીતિ, ઉત્તરાધિકારીનું યુદ્ધ

**એકમ : 6** **77**
ઔરંગઝેબ : તેની ઉત્તર-પશ્ચિમ સરહદી, ધાર્મિક, રાજપૂત તથા દખ્ખણનીતિ

**એકમ : 7** **91**
મુઘલ સામ્રાજ્યના પતનનાં કારણો

**એકમ : 8** **97**
**મુઘલોનું વહીવટીતંત્ર**

**એકમ : 9** **110**
**મુઘલકાળ દરમ્યાન ભારતનો સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વારસો**

**એકમ : 10** **134**
**મરાઠાઓના ઉદય માટેનાં જવાબદાર કારણો**

**એકમ : 11** **140**
**શિવાજીનું એક વહીવટીકર્તા તરીકે મૂલ્યાંકન**

**એકમ : 12** **162**
**પેશ્વા બાલાજી વિશ્વનાથ (ઈ.સ. 1713-20) અને બાજીરાવ પહેલો (ઈ.સ. 1720-1740)**

**એકમ : 13** **177**
**પાણિપતનું ત્રીજું યુદ્ધ, 1761**

**એકમ : 14** **200**
**વહીવટીકર્તા તરીકે પેશ્વા માધવરાવની સિદ્ધિઓ (ઈ.સ. 1761-1772)**

**એકમ : 15** **222**
**વહીવટકર્તા તરીકે નાના ફડનવીસનું મૂલ્યાંકન**

**એકમ : 16** **237**
**મરાઠી સત્તાના પતનનાં કારણો**

**એકમ : 17** **254**
**મરાઠાઓનો વારસો**

# એકમ : 1

# બાબરના આક્રમણ સમયે ભારતની રાજકીય સ્થિતિ

:: રૂપરેખા::

**1.0** *હેતુઓ અને પૂર્વભૂમિકા*
**1.1** *હિંદની રાજકીય સ્થિતિ*
**1.1.1** *ઉત્તર હિંદના રાજ્યો*
**1.1.1.1** *દિલ્હી*
**1.1.1.2** *જૌનપુર*
**1.1.1.3** *બિહાર*
**1.1.1.4** *બંગાળ*
**1.1.1.5** *સિંધ*
**1.1.1.6** *કાશ્મીર*
**1.1.1.7** *રાજપૂતાના-મેવાડ*
**1.1.1.8** *ગુજરાત*
**1.1.1.9** *માળવા*
**1.1.2** *દક્ષિણ હિંદના રાજ્યો*
**1.1.1.1** *ખાનદેશ*
**1.1.1.2** *ઓરિસ્સા*
**1.1.1.3** *બહ્મની રાજ્ય*
**1.1.1.4** *વિજયનગર*
**1.1.3** *પોર્ટુગીઝો*
**1.2** *સારાંશ*
**1.3** *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*
**1.4** *સંદર્ભ સૂચિ*

## 1.0 હેતુઓ અને પૂર્વભૂમિકા

આ એકમમાં સોળમી સદીની શરૂઆતમાં જ્યારે બાબરે હિંદના અમુક ભાગો પર આક્રમણ કર્યું ત્યારે હિંદની રાજકીય પરિસ્થિતિની ચર્ચા કરવામાં આવી છે. આ એકમનો અભ્યાસ કરવાથી તમે નીચેની બાબતો જાણી શકશો તથા તેનું વિશ્લેષણ કરી શકશો.

- સોળમી સદી દરમ્યાન ઉત્તર અને દક્ષિણ ભારતની રાજકીય સ્થિતિ
- ઈબ્રાહીમ લોદીનું દિલ્હી પર શાસન એની મુશ્કેલીઓ
- દિલ્હીની સાથે અન્ય ઉત્તર હિંદના રાજ્યો અને રાજ્યોના શાસનકર્તા
- સોળમી સદી દરમ્યાન દક્ષિણ ભારતના રાજ્યો તથા તેના શાસનકર્તા
- સોળમી સદી દરમ્યાન પોર્ટુગીઝોનો ભારતમાં પગપેસારો અને વેપાર

## 1.1 *હિંદની રાજકીય સ્થિતિ*

સોળમી સદીના પૂર્વાધમાં ઉત્તર ભારતમાં અને દક્ષિણ ભારતમાં રાજકીય ઊથલપાથલ અને અસ્થિરતા પ્રવર્તતા હતા. તે સમયે હિંદ અંદરોઅંદર ઝઘડતાં અનેક નાનાં-મોટાં સ્વતંત્ર રાજ્યોમાં વહેંચાયેલું હતું. રાજ્યો વચ્ચે સર્વોપરીતા માટે સંઘર્ષ ચાલતો હતો. બાબરે પોતાની આત્મકથા ''તુઝુકે-બાબરી''માં હિંદનો રાજકીય ચિતાર આપતા લખ્યું છે : ''જ્યારે મેં તે પ્રદેશ હિંદ જીત્યો ત્યારે પાંચ મુસ્લિમ રાજાઓ અને બે હિંદુ રાજાઓ શાહી સત્તા ભોગવતા હતા. આ પાંચ મુસ્લિમ રાજાઓમાં દિલ્હી, ગુજરાત, બહ્મની, માળવા, બંગાળ અને બે હિંદુ રાજાઓમાં વિજયનગરનું મહાન સામ્રાજ્ય અને શક્તિશાળી મેવાડનું સામ્રાજ્ય હતા.'' આ ઉપરાંત પણ હિંદના વિવિધ ભાગોમાં અનેક રાજાઓના રાજ્યો હતા. ડૉ. ઈશ્વરી પ્રસાદ બાબરના આક્રમણ સમયની હિંદની રાજકીય પરિસ્થિતિનો ચિતાર આપતા લખે છે કે ''સોળમી સદીની શરૂઆતમાં જ્યારે બાબરે હિંદના ભાગ પર આક્રમણ કર્યું ત્યારે હિંદ નાનાં-મોટાં અનેક રાજ્યોનો એક સમૂહ હતો. મહત્ત્વની વાત એ હતી કે રાજાઓ વચ્ચે સંપ, ઈર્ષા અને વેરઝેરનું પ્રમાણ એટલું બધું હતું કે બહારનો કોઈપણ શાસક જે તે રાજ્યના અસંતુષ્ટોને ફોડીને તેના ઉપર વિજય પ્રાપ્ત કરી શકે,

વિદ્યાર્થી મિત્રો, આ પ્રકરણથી અમારો હેતુ તમને એ બાબતથી માહિતગાર કરવાનો છે કે કેવી રાજકીય પાર્શ્વભૂમિકામાં ભારતમાં મુગલ શાસનની શરૂઆત થઈ. રાજકીય પરિસ્થિતિનો ચિતાર મેળવવા માટે એ સમયે અસ્તિત્વ ધરાવતાં મુખ્ય રાજ્યોને નીચે પ્રમાણેના ભાગમાં વહેંચી અભ્યાસ કરીએ.

### 1.1.1 *ઉત્તર હિંદના રાજ્યો*

1.1.1.1 દિલ્હી(ઈબ્રાહીમ લોદી)

બાબરના આક્રમણ સમયે ઉત્તર હિંદમાં દિલ્હીનું રાજ્ય હતું. જ્યાં લોદી વંશના સુલતાનો શાસન કરતા હતા. લોદીઓ અફઘાન કુળના હતા. ભારતમાં લોદી વંશની સત્તાની સ્થાપના બહલુલ લોદીએ (1451-1489) દિલ્હીમાં કરી હતી. તેના પછી તેનો ત્રીજા નંબરનો પુત્ર સિકંદર લોદી (1489-1517) ગાદી પર આવ્યો અને ત્યારબાદ સિકંદર લોદીનો પુત્ર ઈબ્રાહીમ લોદી (1517-1526) ગાદીએ બેઠો. આમ, બાબરના આક્રમણ સમયે દિલ્હીની ગાદી પર 'નિરંકુશ-આપખુદી' ઈબ્રાહીમ લોદી શાસન કરતો હતો. પરંતુ તેને મળેલ સત્તાને અનુરૂપ શાસકમાં જે ગુણો હોવા જોઈએ તેનો તેમાં અભાવ હોવાથી તે

સમયના અસંતુષ્ઠ અને મહત્ત્વાકાંક્ષી શાસકોએ તેની સત્તાને ઉથલાવવાની યોજનાઓ ઘડવા માંડી.

ઈબ્રાહીમ લોદીના રાજ્યારોહણ પછી તરત જ મહત્ત્વાકાંક્ષી અને શક્તિશાળી અમીરોએ તેના સરળ સ્વભાવનો દૂરઉપયોગ કરી રાજ્યને નિર્બળ પાડવાની નીતિ અપનાવી હતી અને ઘણાય અફઘાન સરદારો-સૂબાઓ સ્વતંત્ર થઈ ગયા હતા અને તેની સત્તા માત્ર દિલ્હી, આગ્રા, દોઆબ, જૌનપુર, બિહારનો અમુક ભાગ, બયાના અને શહેરો પૂરતી મર્યાદિત હતી. વિલિયમ વર્કિસનના મત ‘‘દિલ્હીનું શાસન અવ્યવસ્થિત હતું અને તેમાં ‘જેની લાઠી તેની ભેંસ’વાળી સ્થિતિ હતી. પ્રજા પ્રાંતીય સૂબો ઓળખતી હતી, સુલતાનને નહીં’’ આઝમ હુમાયુ લોદી, સૈદખાં, ઈસ્લામખાં વગેરે અફઘાન સરદારોએ તેની સામે વિદ્રોહ પોકાર્યો. પંજાબના સૂબા દોલતખાં લોદીએ સુલતાન લોદીની સત્તાને પડકારી અને તે એક વાસ્તવિક શાસક (a de facto ruler)ની જેમ વર્તવા લાગ્યો. ઈબ્રાહીમ લોદીના કાકા આલમખાંએ દિલ્હીના તખ્ત માટે દાવો કર્યો અને તેને ઘણાંય ઉમરાવોનો ટેકો સાંપડ્યો હતો. દોલતખાન અને આલમખાન લોદીએ સુલતાન ઈબ્રાહીમ લોદીને પદભ્રષ્ટ કરવા અન્ય અસંતોષી અફઘાનોના ટેકાથી કાબુલના શાસક બાબર પાસે મદદની માગણી કરી. ભારત ઉપર આક્રમણ કરવા કહ્યું. સિંધ, બંગાળ, બિહાર, ગુજરાત વગેરે રાજ્યો દિલ્હીની હકુમતથી સ્વતંત્ર બન્યા હતા. રાજપૂતાનામાં રાણા સંગ્રાહસિંહના નેતૃત્વ હેઠળ શક્તિશાળી રાજપૂત સંઘની સ્થાપના થઈ.

આમ, દિલ્હીના ઈબ્રાહીમ લોદીની ‘નિરંકુશ-આપખુદી’ એ એના અફઘાન સરદારોને નાખુશ કર્યા અને તેથી તે નિષ્ફળ ગયો અને એ નિષ્ફળતા જ હિંદમાં મોગલ સત્તાના ઉદયનું મુખ્ય કારણ બની.

1.1.1.2 જૌનપુર

જૌનપુર શહેરની સ્થાપના ફિરૂઝશાહે ઈ.સ.1359માં કરી હતી. દિલ્હી સલ્તનતથી સ્વતંત્ર થઈ શાસન કર્તા જૌનપુરના શર્કી સત્તાને સિકંદર લોદીએ અંત આણી દિલ્હીના રાજયમાં ભેળવી દીધું હતું. પરંતુ જૌનપુરના ઉમરાવો શક્તિશાળી અને બળવાખોર હતા. લોદી વંશના છેલ્લા અયોગ્ય અને નિર્બળ ઈબ્રાહીમ લોદીના સમયમાં જૌનપુર ના શક્તિશાળી સરદારોએ નાસિરખાં નૂહાની (ગાઝીપુરનો) અને મારૂકફરમુલીના નેતૃત્વ હેઠળ સલ્તનત સામે વિદ્રોહ પોકાર્યો.

1.1.1.3 બિહાર

બિહારના શક્તિશાળી સૂબા દરિયાખાન લોહાણીની (1495-1522)એ ઈબ્રાહીમ લોદીના કઠોર વ્યવહારથી કંટાળીને તેની ધૂંસરી ફગાવી દીધી હતી. વળી તેની નેતાગીરી વિરુદ્ધ લોદી અને ફાર્મુલી જેવા મહત્ત્વાકાંક્ષી અને અસંતુષ્ટ અમીરો સંગઠિત થયા. દરિયાખાન લોહાણીના મૃત્યુ પછી તેના પુત્ર બહાદુરશાહે વિદ્રોહી અમીરોની નેતાગીરી લીધી. બહાદુરશાહે પોતાને સ્વતંત્ર રાજા તરીકે જાહેર કરી ‘સુલતાન મોહંમદ’નું બિરુદ ધારણ કર્યું. પોતાના નામનો ખુતબો પઢાવ્યો અને સિક્કા પણ પડાવ્યા. બે વર્ષમાં

બિહારથી સંભલ સુધીનો પ્રદેશ તેમણે કબજે કર્યો હતો. બાબર સામેના અફઘાન સંઘમાં તે ગ્રોગાના યુદ્ધ (1529) સૈન્ય સહિત જોડાયો હતો.

1.1.1.4 બંગાળ

બાબરના આક્રમણ સમયે હુસેનવંશનું શાસન ચાલતું હતું. આ વંશના સ્થાપક સૈયદ હુસેન નામના ઈસમે અલાઉદ્દીન હુસેનશાહ નામ ધારણ કરી લાંબા સમય સુધી (ઈ.સ.1493-1519) શાસન કર્યું. એના પછી એનો શાહજાદો કે નુસરતશાહ તખ્તનશીન થયો. દિલ્હીના સુલતાન સામે માથું ઊંચકનાર અફઘાન બળવાખોર સરદારો નુસરતશાહના પક્ષમાં રહ્યાં અને નુસરતે તિરહુત જીતી લીધું હતું. બાબરે 'તુઝુક'માં તેને હિંદના પાંચ મુસ્લિમ સુલતાનોમાં છેલ્લો ગણ્યો છે અને તેની શક્તિ-આવડત અને કલાપ્રિયતાની પ્રશંસા કરી છે. તેણે 1529માં લડાયેલા ગોગ્રાના યુદ્ધમાં બાબર સામે રચાયેલ અફઘાન સંઘની સહાયમાં લશ્કર મોકલ્યું હતું. કહેવાય છે યુદ્ધ પછી બાબર સાથે તેણે સંધિ કરેલી. તે પછી થોડા સમયે ઈ.સ 1532માં તેની હત્યા થઈ ગઈ.

1.1.1.5 સિંધ

બાબરના આક્રમણ સમયે સિંધ સ્વતંત્ર હતું. બાબરે ઈ.સ.1522માં કંદહાર જીતીને ત્યાંના હાકેમ શાહબેગ અર્ધૂનને ત્યાંથી હાંકી કાઢ્યો. શાહબેગ અર્ધૂને સિંધના છેલ્લા શાજા જામ ફિરોઝ પર આક્રમણ કરી તેને હાંકી કાઢ્યો અને સિંધ લઈ લીધું. આમ, સિંધમા અર્ધૂન વંશની સ્થાપના કરી. તેના પુત્ર હુસેનશાહે મુલતાનને પણ કબ્જે કરીને સિંધ સાથે જોડી દીધું. પણ મિત્રો જેમ આગળ વાત થઈ એમ સિંધ દિલ્હીથી દૂર હોઈ, ત્યાંની ઘટનાઓની અસર દિલ્હીના શાસનમાં જોવા મળતી નહીં.

1.1.1.6 કાશ્મીર (મુહમ્મદશાહ)

બાબરના આક્રમણ સમયે કાશ્મીરમાં સુલતાન મુહમ્મદશાહ (1526-28) રાજ્ય કરતો હતો. તેની પાસેથી તેના પ્રધાન મલિક કાજી ચકે રાજ્ય પડાવી લીધું. બાબરના સરદારોએ કાજી ચકના હરીફોને મદદ કરીને કાજીને પદભ્રષ્ટ કર્યો, પરંતુ કાજી ચક, હુસેન ચક, ગાઝીખાં વગેરે કાશ્મીરી ચક સરદારોએ અંદરો-અંદર ભળી જઈને મોગલ આક્રમણકારોને કાશ્મીરમાંથી હાંકી કાઢ્યા. સુલતાન મુહમ્મદશાહે કાજી ચકને પાછો બોલાવ્યો અને તેની અગાઉની સેવાઓને ધ્યાનમાં રાખીને તેને મુખ્ય પ્રધાનપદે પુનઃ નીમ્યો. કાશ્મીરમાં ઈ.સ. 1472 થી 1537 વચ્ચેનો ગાળો આંતર સંઘર્ષનો તથા ત્યાં શિયા અને સુન્ની કોમો વારંવાર હિસંક ઘર્ષણમાં ઊતરતી રહી.

1.1.1.7 રાજપૂતાના-મેવાડ

બાબરના આક્રમણ સમયે જોધપુર, બીકાનેર, બીહનેર, જેસલમેર, બુંદી, કોટા, અમરકોટ, સિરોહી, ઝાલાવાડ, કાંલિજર (બુંદેલખંડ), ચંદેરી, મેવાડ વગેરે નાનાં-મોટાં

સ્વતંત્ર રાજપૂત રાજ્યો હતા. આ બધામાં મેવાડ સૌથી શક્તિશાળી અને મહત્ત્વકાંક્ષી રાજ્ય હતું. ત્યાં રાણા સંગ્રામસિંહ (રાણો સાંગો 1508-1528) રાજ્ય કરતો હતો. તે વીરતા, સાહસ અને રણકૌશલ્ય માટે ઇતિહાસ-પ્રસિદ્ધ હતો.રાજપૂત રાજ્યોનું નેતૃત્વ લઈ તેણે એક રાજપૂતસંઘ રચ્યો હતો. તે એક મહત્ત્વકાંક્ષી શાસક હતો. તે રાજસ્થાનમાં હિન્દુપદ-પાદશાહી સ્થાપિત કરવા ઇચ્છતો હતો. તે એક અનુભવી સૈનિક અને મહાન યોદ્ધો હતો. પોતાની વીરતા અને રણ-કૌશલ્યના જોરે રાણા સાંગોએ મેવાડને શક્તિશાળી રાજ્ય બનાવ્યું હતું. કર્નલ ટોડના મત મુજબ ''રાણાનો પ્રભાવ લગભગ સમગ્ર રાજસ્થાન પર હતો. 80 હજાર ઘોડેસવાર, સાત રાજાઓ અને 104 સરદારો 500 હાથીઓ સહિત યુદ્ધ રણ મેદાનમાં તેણે રાણાને અનુસરવા માટે સદાય તૈયાર રહેતા હતા.'' ડૉ. રસબ્રુક વિલિયમ્સે નોંધ્યું છે કે ''હિંદમાં કેવળ રાણો સાંગો જ એક શાસક હતો. જે બાબરનો હિંમતથી મુકાબલો કરી શકે.''બાબરે તેની આત્મકથામાં નોધ્યું છે કે ''મેવાડનું રાજ્ય શક્તિશાળી હતું અને મેવાડના રાણા સંગે (રાણા સંગ્રામસિંહે) શક્તિ અને શમશેરના જોરે તે સમયે ઉચ્ચ ખ્યાતિ સંપાદન કરી હતી.''

1.1.1.8 ગુજરાત

ઈ.સ.1299માં ઊલૂઘખાન દ્વારા રાજા કર્ણ વાઘેલા પાસેથી ગુજરાત જીતી લીધા બાદ ગુજરાતમાં હિન્દુઓનું શાસન મટી સલ્તનત શાસનની શરૂઆત થઈ. સુલ્તાનો વડે નિમાતા નાઝિમ દ્વારા ત્યાં વહીવટ થતો. નાઝિમપદ પર રહેલ ઝફરખાને ઈ.સ.1407 પછી સુલતાન મુઝફ્ફરશાહ નામ ધારણ કરી મુઝફ્ફરી વંશની સ્થાપના કરી, જે વંશ ઈ.સ.1573 સુધી ચાલ્યો.

આ રાજવંશમાં ચૌદ સુલતાનો પૈકી અહમદશાહ 1લો, મહમૂદ ૧લો જે મહમૂદ બેગડા (ઈ.સ.1459-1511) તરીકે ઓળખાયો છે અને બહાદુરશાહ (ઈ.સ.1526-1537) આ ત્રણ સુલતાને સહુથી વધુ મહત્ત્વના છે. બાબરના હિંદ-આક્રમણ સમયે ગુજરાતમાં સુલતાન મુઝફ્ફરશાહ બીજો (1511 થી 1526) રાજ્ય કરતો હતો. બાબરે ''તુઝુકે''માં ઉલ્લેખિત શક્તિશાળી રાજ્યોમાં ગુજરાતને સ્થાન આપ્યું છે. પાણીપતના પ્રથમ યુદ્ધના અગિયાર દિવસ પહેલાં જ આ સુલતાનનું મૃત્યુ થયું હતું. તેના પછી તેનો પુત્ર બહાદુરશાહ ગુજરાતના તખ્ત પર બેઠો.

1.1.1.9 માળવા

મુઘલ સામ્રાજ્યમાં ખાલસા થતાં પહેલા માળવા દક્ષિણે સાતપુડાની ગિરિમાળા, ઉત્તરે ચંબલ, પશ્ચિમે ગુજરાત અને પૂર્વે બુદેંલખંડની વચ્ચે ઘેરાયેલું તેમજ ઉજ્જૈન, ધારા, માંડૂ અને ભીલસા જેવા શહેરો ધરાવતું રાજ્ય હતું. બાબરે 'તુઝુકે-બાબરી'માં માળવા વિશે લખ્યું છે કે, પાંચ મુસ્લિમ રાજાઓમાં ચોથો મુસ્લિમ સુલતાન મુહમ્મદ હતો, જે માળવાના પ્રદેશમાં રાજ્ય કરતો હતો.

આમ, મિત્રો બાબરના હિંદના આક્રમણ સમયે માળવામાં ખલજી વંશનો સુલતાન મુહંમદ બીજો (1512-31) રાજ્ય કરતો હતો. તે અયોગ્ય શાસક હોવાથી

ચૌહાણ જાતિના રાજપૂત સરદાર રાયચંદ્ર પુરબિયા ઊર્ફે મેદિનીરાય નામનો વજીર ત્યાં સર્વસત્તાધીશ હતો. પોતાના રાજપૂત વજીરની વધતી જતી સત્તાથી સચેત બનેલા સુલતાન મહમૂદે તેના પકડમાંથી છૂટવા માટે ગુજરાતના સુલતાન મુઝફ્ફર શાહ બીજાની મદદ માંગી, પરંતુ મેદિનીરાયે મેવાડના રાણા સંગ્રામસિંહની સહાય લઈ માળવા પર આક્રમણ કરીને સુલતાન મુહમ્મદને હરાવ્યો અને તેને કેદ કર્યો. પરંતુ રાણાએ રાજપૂતોની પરંપરા મુજબ ઉદારતા દાખવીને મુહંમદને માળવા પાછું સોંપ્યું. ઉપકારવશ થયેલ સુલતાન મુહંમદે બાબરની સામે રાણાની મદદે લશ્કર મોકલ્યું હતું.

### 1.1.2 *દક્ષિણ હિંદના રાજ્યો*

સામાન્ય રીતે નર્મદા નદીની દક્ષિણે આવેલો સમગ્ર વિસ્તાર એ દક્ષિણ ભારત તરીકે ઓળખાય છે પરંતુ તેના વિવિધ લક્ષણો જોતાં તેને મુખ્ય બે ભાગમાં વહેંચવામાં આવ્યાં છે - દખ્ખણ અને દક્ષિણ ભારત. મિત્રો બાબરના આક્રમણ સમયે ઉત્તર હિંદની જેમ દક્ષિણ હિંદની રાજકીય પરિસ્થિતિ પણ સંતોષજનક ન હતી.

#### 1.1.1.1 ખાનદેશ

તાપી નદીની ઘાટીમાં આવેલ ખાનદેશ દિલ્હી સલ્તનતનો એક ભાગ હતો. અલ્લાઉદ્દીન અને મહમૂદ તુઘલકનાં સમયમાં થઈ ગયેલા ખાનજહાં ફારૂકીના પુત્ર મલિક રાજાએ (1388-1399) ખાનદેશનું રાજ્ય સ્થાપ્યું હતું. તેનું 1399માં અવસાન થયું. તેણે ખલીફ ઉમર ફારૂકનો પોતે વંશજ હોવાનો દાવો કર્યો હોવાથી તેનો વંશ ફારૂક તરીકે ઓળખાયો. આ વંશમાં મલિક નસીરખાં ફારૂકી (1399-1437),{ીરાં આદિલખાં બીજો (1457-1503) જેવા શક્તિશાળી સુલતાનો થયા. મીરાં આદિલખાનના ભાઈ દાઉદખાં (1503-10)ના મૃત્યુ પછી ગાદી માટે ફાટી નીકળેલા આંતરવિગ્રહના લીધે પ્રદેશ બે વિરોધી દાવેદારો વચ્ચેના આંતરસંઘર્ષનો ભોગ બન્યું. એક પક્ષને ગુજરાતના મહમૂદ બેગડાના અને બીજા પક્ષને અહમદનગરના નિઝામનો ટેકો હતો. છેવટે બેગડો પોતાના ઉમેદવારને આદિલખાન ઉર્ફે નામ ધારણ કરાવીને તખ્તનશીન કરવામાં સફળ થયો અને તે રીતે ખાનદેશ પર ગુજરાતની હકુમત થઈ. આદિલખાં ત્રીજા પછી અહીં તેના પુત્ર મીરા મુહમ્મદ પહેલો સુલતાન બન્યો. બાબરના આક્રમણ સમયે અહીંયાં આ સુલતાન રાજ્ય કરતો હતો.

#### 1.1.1.2 ઓરિસ્સા

બાબરના હિંદના, આક્રમણ સમયે ઓરિસ્સામાં હિંદુ રાજ્ય હતું. રાજ્યમાં પ્રતાપ રુદ્રદેવ (ઈ.સ.1497-1533'34) દક્ષિણ તરફ વધતી જતી બંગાળની મુસ્લિમ રાજ્યને રોકવામાં એક અસરકારક અવરોધ તરીકે કામ કરી રહ્યો હતો.

#### 1.1.1.3 બહ્મની રાજ્ય

ઈ.સ.1347માં હસન ફરિશ્તાની નોંધ પ્રમાણે - ગંગૂએ બહ્મની રાજ્યની સ્થાપના કરી હતી. આ રાજ્ય હિંદનું શક્તિશાળી રાજ્ય હતું. અને લગભગ બે સદી સુધી

ટકી રહ્યું. બાહોશ, બુદ્ધિશાળી, સૈનિક, વહીવટકર્તા અને કૂટ નીતિજ્ઞ એવો મહમૂદ ગાવાં નામના પ્રધાનના નેતૃત્વમાં રાજ્યે ખૂબ વિકાસ સાધ્યો હતો.

મહંમૂદ ગાવા પછી દખ્ખણી જૂથના નેતા હસન નિઝામ ઉલમુલ્ક બહરીને મલિક નાયબનું બિરુદ ધારણ કરી ઊંચો હોદ્દો પ્રાપ્ત કરી દીધો અને તે રાજ્યની બાબતોનું સંચાલન કરવા લાગ્યો. ધીમે ધીમે બહ્મની રાજય નિશ્ચિતપણે તેનું સાર્વભૌમત્વ ગુમાવી બેઠું અને છેવટે તે દખ્ખણની પાંચ સલ્તનતો બિજાપુરની આદિલશાહી,ગોવળકોંડાની કુત્બશાહી, અહમદનગરની નિઝામશાહી, બીડરની બરીદશાહી અને વરાડની ઈમાદશાહી નામે પ્રખ્યાત પાંચ સલ્તનતોમાં વિઘટન પામ્યું. આ રાજ્યના છેલ્લા શક્તિશાળી સુલતાન મહમૂદશાહ (1428-1518) નામમાત્રના સર્વોપરી તરીકે રાજ્ય કરતો રહ્યો. આ પાંચેય રાજ્યો વચ્ચે સર્વોપરિતા માટે જંગ ચાલતો હતો. તેમની નિર્બળતાની નોંધ લેતા બાબર લખે છે કે, આ વખતે (આક્રમણ સમયે) દક્ષિણના સુલતાનો નિર્બળ હતા. આક્રમણ સમયે બહ્મની વંશનો છેલ્લો સુલતાન કલિ મુલ્લાહખાં હતો. ઈ.સ.1538ના અરસામાં હબીમુલ્લાહનું અવસાન થતાં બહ્મની રાજવંશનો અંત આવ્યો.

1.1.1.4 વિજયનગર

14મી સદીમાં પૂર્વાર્ધમાં વિજયનગર રાજ્યની સ્થાપના થતાં દક્ષિણ ભારતના ઈતિહાસનું નવું પ્રકરણ શરૂ થયું. આ રાજકીય દૃષ્ટિએ જેટલી મહત્ત્વની ઘટના હતી એ સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની દૃષ્ટિએ પણ મહત્ત્વપૂર્ણ બાબત રહી.

ઈ.સ.1336માં વિજયનગરના હિંદુ રાજ્યની સ્થાપના હરિહર અને બુક્કરાય નામના સેનમા વંશના બે ભાઈઓએ કરી. તેમને હોયસાળ રાજ્યનો ઉત્તરનો ભાગ સંભવિત મુસ્લિમ આક્રમણો સામે રક્ષવાનું કામ સોંપાયું હતું. વિજયનગરમાં હરિહર પહેલાએ (1536-56), તે પછી એનો ભાઈ બુક્ક પહેલો (ઈ.સ.1356-77), બુક્કના પુત્ર અને ઉત્તરાધિકારી હરિહર બીજાએ (ઈ.સ.1377-1404), ઈ.સ.1406માં દેવરાય પહેલો દેવરાય બીજાએ (ઈ.સ.1422-1446) અનુક્રમે સંગમ વંશના શાસકોએ શાસન કર્યુ. ઈ.સ.1485માં સંગમ વંશનો અંત આવ્યો અને વિજયનગરના શક્તિશાળી સામંત ચંદ્રગિરિના રાજા સાલુવ નરસિંહે (ઈ.સ.1485-1490) ગાદી હસ્તગત કરી લઈ રાજ્યને કથળતી સ્થિતિમાંથી ઉગારી લીધું.

વિજયનગરમાં ઈ.સ.1505માં તુલુવ નામે ઓળખતા રાજવંશનો પ્રારંભ થયો. આ વંશમાં ઈ.સ.1509-1529માં કૃષ્ણદેવરાય ગાદીએ આવ્યો. બાબરના આક્રમણ સમયે કૃષ્ણદેવરાય અહીં શાસન કરતો હતો. તે એક શક્તિશાળી અને બધા રાજાઓમાં સર્વશ્રેષ્ઠ હતો તથા ભારતના ઈતિહાસમાંથી મોહક વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિઓ પૈકીનો એક હતો.

કે.એમ. પન્નીકરના શબ્દોમાં, ‘‘તે અશોક, ચંદ્રગુપ્ત, વિક્રમાદિત્ય, હર્ષ અને ભોજની પરંપરામાં એક મહાન સમ્રાટ હતો, જેનું રાજ્ય તેના વૈભવના ચરમ શિખર પર હતું.’’ તેના સમયમાં વિજયનગર સર્વાંગી ક્ષેત્રે ઉન્નતિના શિખરે હતું. તેથી તેનો

શાસનકાળ વિજયનગરનો સુવર્ણયુગ તરીકે ઓળખવામાં આવે છે. બાબરે પણ રાજયની મહત્તા સ્વીકારતાં નોંધ્યું છે કે ''વિસ્તાર અને લશ્કરી તાકાતની દૃષ્ટિએ વિજયનગરનું હિંદુ રાજય સૌથી શક્તિશાળી હતું.''

વિજયનગર રાજય બહ્મની રાજય સાથે સતત સંઘર્ષમાં રહ્યું હતું, તેથી નિર્બળ બન્યું હતું. આ રાજય દિલ્હીથી ઘણું દૂર હોવાથી ઉત્તર ભારતના રાજકારણમાં તેનો ખાસ પ્રભાવ પડ્યો ન હતો.

### 1.1.3 *પોર્ટુગીઝો*

ઈ.સ.1498ના મે મહિનાની 17મી તારીખે પોર્ટુગીઝ ખલાસી વાસ્કો-દ-ગામા (વાસ્કોડીગામા) હિંદના કાલિકટની ઉત્તરે થોડા જ કિલોમીટર પર ઉતર્યો. આ ઘટનાથી ભારતના ઈતિહાસમાં એક નવા પ્રકરણનો ઉમેરો અને નવી સમસ્યાઓ સર્જાઈ. પછીથી પોર્ટુગીઝ ગર્વનર આલ્બુકર્કે 1510માં ગોવા કબજે કરી, તેને પછીથી ભારતમાં પોર્ટુગીઝોની સત્તાનું કેન્દ્ર અને રાજધાની બનાવ્યું. યુરોપની આ દરિયાઈ સત્તાના આગમને હિંદના વ્યાપારિક અને રાજકીય જીવનમાં અશાંતિ ઊભી કરી.

## 1.2 *સારાંશ*

આમ, બાબરના આક્રમણ સમયે ભારતની પરિસ્થિતિ ''ઘર ફૂટે ઘર જાય'' જેવી હતી. સમગ્ર ઉત્તર હિંદની રાજકીય પરિસ્થિતિ તદ્દન છિન્ન-ભિન્ન હતી. હિંદ નાના નાના અનેક રાજ્યોમાં વહેંચાઈ ગયું હતું. રાજ્યો પરસ્પર કલહમાં સંડોવાતા હતા અને શક્તિશાળી કેન્દ્રીય સત્તાનો અભાવ હતો. બાબરે પણ આ પરિસ્થિતિનો ચિતાર ''તુઝુકે-બાબરી''માં આપ્યો છે. આ છિન્ન-ભિન્ન પરિસ્થિતિનો લાભ લઈ બાબરે 1526માં હિંદ પર આક્રમણ કરીને પાણીપતના મેદાનમાં ઈબ્રાહીમ લોદીને હરાવ્યો અને હિંદમાં ''મોગલ વંશ''ની સત્તા સ્થાપી.

## 1.3 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

1. બાબરના આક્રમણ સમયે ભારતનાં મુસ્લિમ રાજ્યોની પરિસ્થિતિનો ચિતાર વર્ણવો.

   ________________________________________

2. બાબરના આક્રમણ સમયે રાજપૂતાના અને વિજયનગરનાં હિંદુ રાજ્યોની પરિસ્થિતિ વર્ણવો.

   ________________________________________

3. બાબરને હિંદમાં કોણ લાવ્યું ?

4. બાબરે શા માટે ઈબ્રાહીમ લોદીને હરાવવાનું નક્કી કર્યું ?

## 1.4 *સંદર્ભ સૂચિ*

1. ભારતનું ગેઝેટિયર (ઇતિહાસ અને સંસ્કૃતિ) - સંપા.ડૉ. પી.એન. ચોપરા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, તૃતીય આવૃત્તિ, 2018
2. જસુભાઈ બી. પટેલ, ભારતનો ઇતિહાસ (મોગલ યુગ 1526 થી 1707), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ચતુર્થ આવૃત્તિ, 2015
3. મુઘલકાલીન ભારતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ (ઈ.સ.16મીથી ઈ.સ.18મી સદી સુધી), ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
4. ***इमत्याज अहमद, मध्यकालीन भारत ८वी से १८ वी शताब्दी, एक सर्वेक्षण, नेशनल पब्लिकेशन, पटना, पुनरीक्षित, २००३***

# એકમ : 2

# સૂર રાજવંશ : શેરશાહની પ્રારંભિક કારકિર્દી, તેના વિજય તથા શેરશાહના સુધારા

:: રૂપરેખા ::


**2.0** *ઉદ્દેશો*

**2.1** *સૂરવંશ*

**2.2** *શેરશાહ*

- **2.2.1** *પ્રારંભિક કારકિર્દી*
- **2.2.2** *પિતાની જાગીરનો વ્યવસ્થાપક*
- **2.2.3** *'ફરીદ'માંથી 'શેરખાં'*
- **2.2.4** *બાબરની સેવામાં*
- **2.2.5** *દક્ષિણ બિહારનો વહીવટકર્તા*
- **2.2.6** *હુમાયુ સાથે સંઘર્ષ*
- **2.2.7** *બંગાળ સાથે સંઘર્ષ*
- **2.2.8** *હુમાયુ સાથે પુનઃ સંઘર્ષ*
- **2.2.9** *દિલ્હીના સુલતાન તરીકે*

**2.3** *શેરશાહના સુધારા*

- **2.3.1** *વહીવટી સુધારા*
- **2.3.2** *મહેસૂલી સુધારા*
- **2.3.3** *લશ્કરી સુધારા*
- **2.3.4** *પોલીસ વિષયક સુધારા*
- **2.3.5** *ન્યાય વિષયક સુધારા*
- **2.3.6** *ચલણી સુધારા*
- **2.3.7** *વ્યાપાર વિષયક સુધારા*
- **2.3.8** *સાર્વજનિક સુધારા*

*તમારી પ્રગતિ ચકાસો*

**2.4** *સમાપન*

**2.5** *ચાવીરૂપ શબ્દો*

**2.6** *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

**2.7** *સંદર્ભગ્રંથો*

## 2.0 *ઉદ્દેશો*

આ પ્રકરણથી નીચે મુજબના મુદ્દાઓ જાણી શકાશે.

- સૂરવંશનો ઇતિહાસ અને શેરશાહના પૂર્વજોનો ઇતિહાસ જાણી શકાશે.
- શેરશાહની પ્રારંભિક કારકિર્દી અને એક વહીવટીકર્તા તરીકે તેના સમક્ષના પડકારો જાણી શકાશે.
- શેરશાહ અને હુમાયુનો સંઘર્ષ અને હુમાયુને ભારતમાંથી બહાર ખદેડી કઈ રીતે સત્તા હસ્તાંતર કરી એ વિશે જાણી શકાશે.
- શેરશાહે દિલ્હીના સુલતાન બન્યા પછી કરેલા યુદ્ધો અને વિજયોનો ઇતિહાસ જાણી શકાશે.
- શેરશાહે સુલતાન બન્યા પછી વહીવટી, લશ્કરી, ન્યાય વિષયક, સાર્વજનિક વગેરે ક્ષેત્રે કરેલા સુધારા વિશે વિગતે માહિતી મેળવી શકશો.

## 2.1 *સૂર વંશ*

પાણીપત અને ધાઘરાના યુદ્ધમાં બાબરનો વિજય થયો હોવા છતાં અફઘાન નાયકોની શક્તિ પૂર્ણપણે સમાપ્ત થઈ ન હતી. આ નવા સ્થપાયેલા વિદેશી શાસનના વિરુદ્ધમાં તેમનામાં અસંતોષ વ્યાપેલો હતો, જેમાં એમને એક પરાક્રમી વ્યક્તિના પથ પ્રદર્શનની જરૂર હતી, જે એમને શેરખાં સૂર કે શેરશાહ દ્વારા પ્રાપ્ત થયું.

શેરશાહના દાદા ઈબ્રાહીમખાં 'સૂર' જાતિના અફઘાન હતા. જે અફઘાનિસ્તાનમાં ગોમલ નદીના કિનારે પેશાવરની નજીકના રોહ નામના પહાડી પ્રદેશના રહેવાવાળા હતા. અહીં તેઓ ઘોડાના ખરીદ-વેચાણના વ્યવસાય સાથે જોડાયેલ હતા. બહલોલ લોદીના શાસનના પ્રારંભિક સમયમાં ઈબ્રાહીમ સૂર અને એમનો પુત્ર હસન અફઘાનિસ્તાનથી હિંદ તરફ નોકરીની તલાશમાં આવ્યા. હિંદમાં આવી તેઓ પંજાબના હોશિયારપુર જિલ્લામાં આવેલા હરિયાણા અને બકહાલ પરગણાના જાગીરદારો મુહબતખાં સૂર અને દાઉદખાં શાહખેલની નોકરીમાં જોડાયા અને હોશિયારપુરથી બે ત્રણ મિલ દૂર આવેલ બજવાડીમાં રહેવા લાગ્યા. અહીં જ પાછળથી શેરશાહ તરીકે ખ્યાતનામ બનેલ ફરીદનો જન્મ થયો.

ઈબ્રાહીમખાં સૂર હિસાર ફિરોઝના જાગીરદાર જમાલખાં સારંગખાંના લશ્કરમાં જોડાયો. જમાલખાંએ તેને 50 ઘોડેસવારના નિભાવ માટે નારનોલની જાગીર આપી. હસન પણ ખાનેઆલમ ઉમરખાં સરવાનીને ત્યાં થોડો સમય નોકરી કરી જમાલખાંની સેવામાં જોડાયો. અહીં ઈબ્રાહીમખાંએ શામલી કે શિમલા ગામમાં વસવાટ કર્યો. અહીં ફરીદને શાળામાં દાખલ કરવામાં આવ્યો અને તેણે ફારસી તેમજ અરબી ભાષામાં પ્રાથમિક અભ્યાસ શરૂ કર્યો. જ્યારે સિંકદરલોદીએ જમાલખાંની બદલી જૌનપુર કરી ત્યારે હસન પણ પિતાના માલિક સાથે બિહાર જતો રહ્યો. જમાલખાંએ તેને સાસારામ (સહસારામ), ખવાસપુર અને ટાંડાના પરગણાનો જાગીરદાર બનાવ્યો. જેથી તે 500

ઘોડેસવારો નિભાવી શકે. ઈ.સ.1520માં હસનખાં મૃત્યુ પામ્યો. સાસારામમાં જ ફરીદ પોતાની તરુણાવસ્થાના પ્રારંભિક વર્ષો વ્યતીત કર્યા. આ સમય દરમિયાન બહલોલ લોદીનું મૃત્યુ થતા સિકંદર લોદી દિલ્હીના તખ્ત પર બિરાજમાન હતો. તેણે પોતાના ભાઈ બૈબક પાસેથી જૌનપુર પડાવી લઈ જમાલખાંને સોંપેલ હતું.

## 2.2 *શેરશાહ*

ભારતના અફઘાન શાસકોમાં શેરશાહ સૌથી મહાન હતો. તે પોતે એક વિદ્વાન શાસક હતો અને તેને ઈતિહાસ વિશેનું સારું જ્ઞાન હતું. આ ઉપરાંત શેરશાહ પાસે ફારસી અને અરબી ભાષાના મહાન વિદ્વાનો હતા. શેરશાહની ભવ્ય વહીવટી પદ્ધતિ અને તેણે દાખલ કરેલ મહેસૂલી અને નાણાંકીય ખાતા વગેરેનો ઈતિહાસ જાણવા માટે સમકાલીન ગ્રંથનો અભાવ છે. શેરશાહ વિશેનો ઈતિહાસ ઘણાં વર્ષો પછી લખાયો હતો. જેમાં અનેક ઐતિહાસિક ખામીઓ નજરે પડે છે. આ જ કારણથી શેરશાહનાં જન્મતારીખ, જન્મસ્થળ, રાજ્યારોહણ તિથિ અને અન્ય તિથિ બાબતમાં આજેય વિદ્વાનોમાં મતભેદ જોવા મળે છે.

### 2.2.1 *પ્રારંભિક કારકિર્દી*

ભારતમાં સૂરવંશનો સંસ્થાપક શેરશાહ સૂરી જેનું મૂળ નામ ફરીદ. જેમાં ફરીદના પિતા હસનખાંનને ચાર પત્નીઓ હતી, જેમાંની પહેલી પત્નીથી ફરીદનો જન્મ થયેલો. હસનખાંની ચાર પત્નીમાં સૌથી નાની પત્નીનો હસનખાં ઉપર ખૂબ પ્રભાવ હતો. અહીં કૌટુંબિક પરિસ્થિતિમાં ફરીદને પોતાની સોતેલી માતાનાં કારણે પિતા-પુત્ર વચ્ચે કૌટુંબિક બાબતો વિશે ઝઘડા થતા રહેતા. આવા વ્યવહાર અને વાતાવરણથી કંટાળીને ફરીદ 22 વર્ષની વયે પોતાનું ઘર છોડી જૌનપુર જતો રહ્યો. તત્કાલીન સમયમાં જૌનપુર ઈસ્લામ ધર્મ અને સંસ્કૃતિનું કેન્દ્ર ગણાતું હતું અને ''ભારતનું સિરાજ'' તરીકે ઓળખાતું. અહીં શિક્ષણ સંસ્થામાં ફરીદે પ્રવેશ લઈ કાઝી શિહાબુદ્દીનના હાથ નીચે ખંતથી વિદ્યાભ્યાસ શરૂ કર્યો. જૌનપુરમાં અરબી, ફારસી સાહિત્ય, અરબી વ્યાકરણ, તત્ત્વજ્ઞાનની કૃતિઓ અને ફારસીના સુપ્રસિદ્ધ ગ્રંથ ગુલિસ્તાં, 'બોસ્તા' તથા 'સિકન્દરનામા'નો અભ્યાસ કર્યો. આ પ્રકારની વિદ્વતાને લીધે ફરીદને મૌલવીનું સ્થાન પ્રાપ્ત થયું હતું. તેની કુશાગ્ર-બુદ્ધિ અને અસાધારણ પ્રતિભાથી તેણે અનેક લોકોના દિલ જીતી લીધા, જેમાં એના પ્રશંસકોમાં એના પિતાના સંરક્ષક જમાલખાં પણ મુખ્ય હતા. જેથી હસનખાં જ્યારે જૌનપુર આવે છે ત્યારે યોગ્ય પુત્રને ત્યજવા બદલ સંબંધીઓ અને મિત્રોના ઠપકાથી તથા જમાલખાં દ્વારા પિતા-પુત્ર વચ્ચેના સમાધાન કરાવતા, હસનખાંએ સહસારામની જાગીરનો વહીવટ ફરીદને સોંપ્યો. આથી તે પિતા પાસે પરત થયો.

### 2.2.2 *પિતાની જાગીરીનો વ્યવસ્થાપક*

ફરીદે પોતાના પિતાની જાગીરનો વહીવટ ઈ.સ. 1947 થી સંભાળ્યો.અહીંથી તેની વહીવટી કારકિર્દીનો આરંભ થયો. સંભાળેલ આ વહીવટને ઈ.સ.1528 સુધી યોગ્યતાપૂર્વક કરતો રહ્યો. આ સમય દરમ્યાન તેણે શાસન-પ્રબંધનું શિક્ષણ તથા અનુભવ

પ્રાપ્ત કર્યો. તેણે વિદ્રોહી જમીનદારોને દબાવી દીધા. સનદી અને લશ્કરી અધિકારીઓને સખત અંકુશ હેઠળ મૂક્યા. જાગીરમાં વહીવટી અને મહેસૂલી સુધારા કર્યા. આ સમયે એનું સૌથી મહત્ત્વનું કામ લગાન સંબંધી એક શ્રેષ્ઠ વ્યવસ્થાની સ્થાપના કરવાનું હતું. જેમાં તેણે જાગીરમાં આવેલી સમગ્ર જમીનની માપણી, વર્ગીકરણ અને ઉત્પાદનનું સર્વેક્ષણ કરાવીને જાગીરદારોને ઉત્પાદન પ્રમાણે મહેસૂલ આપવાનો આદેશ કર્યો. ખેડૂતોના હિતોને પૂરે-પૂરા ધ્યાનમાં રાખ્યા. આ સાથે ભ્રષ્ટાચારી લગાન અધિકારીઓને યોગ્ય શિક્ષા કરી. અહીં ઉદ્ધત અફઘાની સૈનિકોને પણ બક્ષવામાં નહોતા આવ્યા. આમ, તેણે પ્રજા શાંતિ-સુવ્યવસ્થા સ્થાપી અને લગભગ 21 વર્ષ સુધી પિતાની જાગીરનો વહીવટ સુંદર રીતે ચલાવીને અજાણતા જ ઉત્તર હિંદના શ્રેષ્ઠ અને સફળ શાસક બનવાની તાલીમ પ્રાપ્ત કરી.

પરંતુ પોતાની સોતેલી માની કાનભંભેરણીથી ફરીથી ઈ.સ. 1518માં ફરીદને પિતાની જાગીરોથી અને પિતાથી દૂર થવું પડ્યું. ત્યાંથી તે આગ્રા ગયો અને ત્યાં ઈબ્રાહીમખાં શેરવાણી નામે અફઘાન સરદારની નોકરીમાં જોડાયો અને શેરવાણીની ભલામણથી ઈબ્રાહીમ લોદી પાસે પોતાના પિતાની જાગીરો પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવા લાગ્યો. સંજોગોવસાત ઈ.સ. 1520-23માં ફરીદના પિતાનું મૃત્યુ થતા ઈબ્રાહીમ લોદી દ્વારા મેળવેલ રાજકીય ફરમાનના બળ પર પૈતૃક જાગીરી પર પૂર્ણ અધિકાર મેળવ્યો.

### 2.2.3 *'ફરીદ'માંથી 'શેરખાં'*

અહીં ફરીદની સમસ્યાઓ સમાપ્ત નહોતી થઈ. તે પોતાના પિતાની જાગીર લાંબા સમય સુધી ભોગવી શક્યો નહીં. તેના ઓરમાન ભાઈ સુલેમાને બિહારના શાહાબાદ જિલ્લાના ચાંદ (આધુનિક ચૈનપુર)ના જાગીરદાર મુહમ્મદખાં સુરની મદદથી જાગીર મેળવવા માટે પ્રયત્ન કર્યો. મહમ્મદખાંએ વારસાગત જાગીરીને બે ભાગમાં વહેંચી નાખી અને એક ભાગ પર સુલેમાનને હક્ક આપવાનો સંદેશો મોકલ્યો. પરંતુ ફરીદે 'ઈબ્રાહીમ લોદીના શાહી ફરમાનથી જાગીરો પ્રાપ્ત થઈ છે.' એમ કહી જાગીરીના ભાગલા પાડવાનો ઈન્કાર કર્યો.

આ દરમ્યાન બાબર સામે પાણીપતના પહેલા યુદ્ધમાં (ઈ.સ.1526)માં ઈબ્રાહીમ લોદીનું અવસાન થતા તેણે દૂરદર્શીતા વાપરી દક્ષિણ બિહારના સ્વતંત્ર શાસક બહરખાં નૂહાની ઊર્ફે સુલતાન મુહમ્મદશાહની નોકરીમાં જોડાયો. બહારખાં એની સેવાઓથી પ્રસન્ન અને સંતુષ્ટ હતો તથા એક દિવસ સુલતાન સાથે શિકાર દરમ્યાન ફરીદે વાઘને તલવારના એક જ ઝાટકે મારી નાખતા, સુલતાન મુહમ્મદશાહે તેને 'શેરખાં'નો ઈલ્કાબ આપ્યો. આ રીતે ફરીદમાંથી 'શેરખાં' બન્યો. આ ઉપરાંત મુહમ્મદશાહ નૂહાનીએ તેને પોતાના સગીર વયના પુત્ર જલાલખાંના શિક્ષક તરીકે અને દક્ષિણ બિહારના ડેપ્યુટી ગર્વનર તરીકે નિયુક્ત કર્યો.

શેરખાંની પ્રસિદ્ધિથી બિહારના નૂહાનીઓ અને પઠાણ ઉમરાવોને ઈર્ષા થઈ. એના દુશ્મનોએ શેરખાંના માલિક નૂહાનીના કાન ભંભેર્યા કે શેરખાં અફઘાનોના

પુનરુત્થાન માટે પ્રયાસ કરતા મહેમૂદ લોદીના પક્ષમાં જોડાવા માટે પ્રયત્ન કરી રહ્યો છે. મુહમ્મદશાહે શેરખાંની જાગીર આંચકી લીધી. આમ, શેરખાં પુનઃજાગીર વગરનો થઈને નોકરીની શોધખોળમાં નીકળી પડ્યો.

### 2.2.4 *બાબરની સેવામાં*

આ સમયે ઉત્તર હિંદમાં બાબરનો સિતારો ચમકતો હતો. મુગલ શસ્ત્રોની પૂર્ણ સફળતાથી પ્રભાવિત થઈ તથા ભવિષ્યના લાભની આશાથી (જેનાથી તે પોતાની જાગીરી પુનઃ મેળવી શકે) શેરખાં બાબરની છાવણીમાં જોડાઈ ગયો. ત્યાં એ એપ્રિલ **1527** થી જૂન **1528** સુધી રહ્યો. આ દરમ્યાન બાબરે ચંદેરીના કિલ્લા પર આક્રમણ કર્યુ ત્યારે શેરખાં તેમાં ખૂબ સાહસિકતા બતાવી સારી સેવા કરી, તેથી શેરખાંને બાબરને પૈતૃક જાગીરી પરત અપાવી.

મુઘલો વચ્ચે થોડો સમય વીતાવવાથી શેરખાંએ તેમના સૈન્ય અને શાસન તંત્રની ખામીઓ જાતે નિહાળી અને અનુભવી. જેનાથી શેરખાંને વિશ્વાસ આવે છે કે અફઘાનોએ મુઘલો પાસેથી પોતાના રાજ્યો પાછા મેળવવા અશક્ય નથી. મુઘલો સાથે શેરખાંનુ રહેવું મુશ્કેલ બનતા, તક મળતાં ચંદેરીની લશ્કરી છાવણીમાંથી ઈ.સ.**1528**માં બાબરની નોકરી ત્યજી દઈ ત્યાંથી નીકળી ગયો.

### 2.2.5 *દક્ષિણ બિહારનો વહીવટકર્તા*

નાયબ ગવર્નર અને બાબરની નોકરી ત્યજયાં બાદ શેરખાં પોતાના અગાઉના માલિક દક્ષિણ બિહારના સુલતાન મુહમ્મદશાહ નૂહાની પાસે આવ્યો. સુલતાને પોતાના પુત્ર જલાલખાંના શિક્ષક અને અભિભાવક તરીકે તેને નિયુક્ત કર્યો. પરંતુ ત્યાર પછી તરત જ સુલતાનનું મૃત્યુ થયું અને સુલતાનના ઉત્તરાધિકારી તરીકે તેનો નાબાલિક પુત્ર જલાલખાં હતો. સુલતાનની વિધવા પત્ની દૂદૂબીબીએ શેરખાંને દક્ષિણ બિહાર નાયબ ગર્વનર તરીકે નિમ્યો.નાયબ ગર્વનર બનતા શેરખાંએ શાસન-વ્યવસ્થાનું પુનઃસંગઠન કર્યું. સૈન્યની ખામીઓ દૂર કરી. રાજયમાં ઉચ્ચા હોદ્દા પર સંપૂર્ણ વગદાર અને પોતે પારખેલા અફઘાન સરદારોને નિમ્યા અને આમ, વહીવટીતંત્ર અને સૈન્ય પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો.

બીજી તરફ મહમૂદ લોદી જે હજી મુગલો પાસેથી પોતાનું રાજ્ય પાછું મેળવવાની પેરવીમાં હતો, તે કેટલાક અફઘાનોના નિમંત્રણથી દક્ષિણ બિહાર (ઈ.સ.1529)માં આવી પહોંચ્યો અને અફઘાનોએ બાબર વિરુદ્ધ ઘડેલી યોજનામાં શેરખાંને પોતાની ઈચ્છા વિરુદ્ધ જોડાવવાની ફરજ પાડવામાં આવી. પ્રારંભમાં અફઘાનોને સફળતા સાંપડી પરંતુ આગળ જતાં ચુનાર પાસે મહેમૂદ લોદી યુદ્ધ મેદાનમાંથી નાસી જતાં શેરખાં સહિત અનેક અફઘાનો બાબરની શરણે આવ્યા. શેરખાંએ વ્યવહાર કુશળતા દાખવીને બાબરના ખંડીયા તરીકે રહેવાનું સ્વીકાર્યુ.

શેરખાંને જલાલખાંની વિધવા માતા દૂદૂબીબીએ બાળ જલાલખાંનનો સંરક્ષક અને દ.બિહારના નાયબ તરીકે પુનઃ નિમ્યો. તે વહીવટીતંત્ર અને અર્થતંત્રને સુધારવા

ખંતથી પ્રયત્ન કરી રહ્યો હતો. એ સમયમાં જ દૂદૂબીબીનું અવસાન થયું અને સંપૂર્ણ શાસન શેરખાં હસ્તક આવી ગયું. શેરખાંની આટલી પ્રસિદ્ધિથી નૂહાની અફઘાનોએ શેરખાંની હત્યા કરવાનું અને જલાલખાંના કાન ભરી શેરખાંને બિહારમાંથી કાઢવા માટે નિષ્ફળ પ્રયત્નો કર્યા. આ સમય દરમ્યાન બંગાળના નુસરતશાહને ઈ.સ. 1529માં શેરખાંએ ખરાબ રીતે પરાસ્ત કર્યો હતો. એક તરફ નૂહાની અફઘાનોની ઈચ્છા પૂર્ણ ન થવાથી તેઓ જલાલખાં સહિત બંગાળના સુલતાન નુસરતશાહના શરણે ગયા. પરિણામે શેરખાં દક્ષિણ બિહારનો સંપૂર્ણ માલિક બન્યો અને ''હઝરતે-આલા''ની ઉપાધિ ધારણ કરી. આ દરમિયાન ભાગ્યવશાત્ શેરખાંએ ચુનારના કિલ્લાના સૂબા સારંગખાની પ્રિય વિધવા પત્ની લાડમલકા સાથે લગ્ન કરતાં ચુનારનો કિલ્લો, ચુનાર પરગણું, અઢળક દ્રવ્ય, હાથી, ઘોડા અને અન્ય સાધનસામગ્રી પ્રાપ્ત કરી. આ બનાવને પ્રા.એસ.આર. શર્મા ''શેરખાંની આક્રમક કારકિર્દીના પ્રસ્થાન બિંદુ'' તરીકે ઓળખાવે છે. ત્યારબાદ તેણે ચુનાર નજીકના પરગણા કબજે કરી અઢળક સંપત્તિ પ્રાપ્ત કરી લશ્કરી અને નાણાંકીય સ્થિતિ સંગીન બનાવી તથા સ્વતંત્ર શાસક બનવાના પ્રયત્નો કરવા લાગ્યો.

### 2.2.6 *હુમાયુ સાથે સંઘર્ષ*

ઈ.સ. 1530માં બાબરના મૃત્યુ બાદ અફઘાન સત્તાના પુનરુત્થાન માટે પ્રયત્ન કરતા અફઘાન નેતા મહેમૂદ લોદીએ અફઘાનો સાથે મળી અવધના બારાબંકી જિલ્લાના નવાબગંજ તાલુકાના દો-રાહ (દોનરુહા) સ્થળ પર હુમાયુની સેના સાથે યુદ્ધ કર્યું અને જેમાં મહેમૂદ લોદીનો પરાજય થયો. આ જીત બાદ હુમાયુ ચુનારના કિલ્લા પર (જે શેરખાંએ અગાઉ પ્રાપ્ત કરેલ હતો) ઘેરો ઘાલ્યો. ઘેરો ચાર મહિના સુધી ચાલ્યો. આ સમય દરમિયાન પશ્ચિમમાં ગુજરાતના બાદશાહ બહાદુરશાહના ચિતોડ પર આક્રમણ કર્યાના સમાચાર પ્રાપ્ત થતાં હુમાયુએ શેરખાં સાથે સમાધાન-સંધિ કરી. જે સંધિ મુજબ શેરખાં પાસે પહેલાંની જેમ ચુનારનો કિલ્લો યથાવત રહેશે. બદલામાં શેરખાંના ત્રીજા નંબરના પુત્ર કુતુબખાં હાજીબ શેરવાણી અને 500 અફઘાન સૈન્ય મુઘલ સેના સાથે રહેશે. શેરખાંનો હુમાયુ સાથે આ આરંભિક સંઘર્ષ હતો.

### 2.2.7 *બંગાળ સાથે સંઘર્ષ*

શેરખાં અને હુમાયુની સંધિ બાદ બંગાળ સાથે શેરખાંનો સંઘર્ષ શરૂ થયો. જેમાં પહેલું યુદ્ધ સોન નદીના કિનારે નુસરતશાહના સૈન્ય સાથે થયું. જેમાં શેરખાંનો વિજય થયો. ત્યારબાદ નુસરતશાહનું અવસાન થતાં તેનો ભાઈ સુલતાન ગ્યાસુદ્દીન મહમૂદશાહ ગાદી પર બેસતા તેણે શેરખાં સાથે બદલો લેવા પોતાના સૈન્યને મોકલ્યું. પુન પુન નદીના પૂર્વ કિનારે પડાવ નાખેલ આ સૈન્યને શેરખાંએ 'ગ્યાસપુર' નજીક હરાવ્યું. જેમાં તેને અઢળક ધન સંપત્તિ પ્રાપ્ત થઈ. ઈ.સ. 1934-35માં બંગાળ અને શેરખાં વચ્ચે ત્રીજું યુદ્ધ થયું. જેમાં બિહારની પૂર્વ કીલ નદીના કિનારે સૂરજગઢ મુકામે શેરખાંએ બંગાળના સૈન્યને સખત પરાજય આપ્યો. આ યુદ્ધથી શેરખાંને અઢળક સંપત્તિ તો પ્રાપ્ત થઈ સાથે-સાથે બિહારનો કાયદેસરનો શાસક બન્યો અને પ્રદેશો પણ પ્રાપ્ત થયા. આ યુદ્ધથી

શેરખાંના નસીબના દરવાજા ખુલી ગયા.ચોથા યુદ્ધમાં બંગાળના સુલતાન મહમૂદશાહે ચિનસુરાના પોર્ટુગીઝોની સહાયતા પ્રાપ્ત કરી, શેરખાં સાથે યુદ્ધ કર્યું. જેમાં પણ આ સંયુક્ત લશ્કરને શેરખાંએ તેલિયાગીરી અને સિકરીગલીમાં હરાવી બંગાળની રાજધાની ગૌડ ઉપર હલ્લો કર્યો. એથી ગભરાયેલા સુલતાને શેરખાં સાથે સંધિ કરી. જેમાં વાર્ષિક 16 લાખ રૂપિયા (ટકા) આપવાનું અને બંગાળના કેટલાક પ્રદેશ આપવાનું નક્કી થયું. ઈ.સ.1537માં શેરખાંએ ફરી બંગાળ પર ચઢાઈ કરવાની તૈયારીઓ શરૂ કરી. જેમાં આક્રમણ માટેનું બહાનું ''એ સંધિ મુજબ સુલતાન દ્વારા વાર્ષિક ખંડણી ન ભરવી.'' બીજી તરફ સુલતાનને ચડાઈના સમાચાર પ્રાપ્ત થતાં હુમાયુ પાસે સહાયતા માટે અપીલ કરી. પરંતુ હુમાયુની સહાયતા સુલતાનને પ્રાપ્ત થાય એ પહેલાં જ દૂરદર્શી શેરખાંએ પોતાના પુત્ર જલાલખાં, સેનાપતિ ખવાસખાં અને આઝમ હુમાયુને 30 હજાર ઘોડેસવાર સહિત મોકલ્યા. શેરખાંની સેનાએ બંગાળની રાજધાની ગૌડને ઘેરી લીધી.

**2.2.8 *હુમાયુ સાથે પુનઃ સંઘર્ષ***

બંગાળના બાદશાહ મહમૂદનો સહાયતા માટેનો પત્ર હુમાયુને મળ્યો ત્યાં સુધી શેરખાંએ લગભગ પૂરાં બંગાળ પર આધિપત્ય પ્રાપ્ત કરી લીધું. હુમાયુ પોતાની રાજધાની આગ્રાનો વહીવટી પ્રબંધ કરી શેરખાંનો સામનો કરવા નીકળ્યો. ઈ.સ. 1538માં ચુનાર આવી, કિલ્લાનો 6 મહિના સુધી ઘેરો ઘાલ્યો. અહીં શેરખાંના પુત્ર કુતુબખાં અને ભાઈ ગાઝીખાં જે છ મહિનાથી ચુનારના કિલ્લાનું રક્ષણ કરી રહ્યા હતા. ત્યારે મુઘલ સૂબા રૂમીખાને યુદ્ધનો દાવ-પેચ અજમાવી કિલ્લો પ્રાપ્ત કર્યો. હુમાયુ હવે ગૌડ તરફ આગળ વધ્યો. જેમાં તેણે બનારસ પુનઃ પ્રાપ્ત કર્યું. હુમાયુ બંગાળમાં પ્રવેશે તે પહેલા ગૌડમાંનો ખજાનો કપટથી પ્રાપ્ત કરેલ રોહતાસગઢના કિલ્લામાં ખસેડી દેવામાં આવ્યો. હુમાયુનું સૈન્ય સોન નદી કિનારેથી આગળ વધતા તેણે શેરખાં સાથે વાટાઘાટો શરૂ કરી. ''જેમાં શેરખાંને બંગાળ તેમજ રોહતાસ હુમાયુને સોંપી દઈ, ચુનાર, જૌનપુર કે મોગલ પ્રદેશમાંથી કોઈ અન્ય પ્રદેશની જાગીર સ્વીકારવા સમજાવ્યો'' પરંતુ શેરખાંએ આ સૂચના ફગાવી દીધી. કેટલાક ઈતિહાસકારોનું એવું માનવું છે કે આ સમયે ''શેરખાંએ બંગાળ પર પોતાનો અધિકાર ચાલુ રાખી 10 લાખ વાર્ષિક કર મુઘલોને આપવાનું સ્વીકાર્યું.''

શેરખાંએ મોગલ સૈન્યને બંગાળમાં પ્રવેશતું અટકાવવા પોતાના પુત્ર જલાલખાને ચુનદાં અફઘાન સરદારો સાથે બંગાળના પ્રવેશદ્વાર ગણાતા તેલિયાગઢી જવાનું કહ્યું, જેથી ખજાનો સલામતપણે રોહતાસના કિલ્લામાં ખસેડી શકાય. અહીં તેલિયાગઢી મુકામે એક મહિના સુધી મુઘલ સૈન્યને રોકી રાખવામાં આવ્યું. પછીથી જલાલખાંએ ખજાનો સલામત રીતે પહોંચી જતાં ખૂબ શાંતિથી આ સ્થાન પોતાના સૈન્ય સાથે છોડી દીધું.

હુમાયુ હવે ગૌડની તરફ આગળ વધ્યો અને શેરખાંએ પણ કોઈ રોકટોક વગર એને આગળ વધવા દીધો. 'વાકિયાતે-મુશ્તાકી'ના લેખક શેર મુશ્તાકી નોંધે છે કે ''શેરખાંએ ગૌડ છોડતાં પહેલાં ત્યાંની મહેલાતો ભોગવિલાસોના સાધનોથી સજ્જ કરી

હતી. ઓગસ્ટ, 1538માં હુમાયુએ ગૌડનો કબજો લઈ નવ મહિના સુધી અહીં પોતાનો કિંમતી સમય ભોગવિલાસમાં આપ્યો.

***ચૌસાનું યુદ્ધ***

હુમાયુ જયારે ગૌડમાં હતો ત્યારે શેરખાંએ આ તકનો લાભ લઈ બનારસ, જૌનપુર, કાલપી અને કન્નોજ પ્રદેશો પોતાના કબજામાં લઈ ગૌડથી આગ્રા અને દિલ્હી સુધીનો આવન-જાવનનો હુમાયુ માટેનો માર્ગ કાપી નાખ્યો. જેથી હુમાયુના લશ્કરનો ખોરાક અને પાણી પુરવઠો અટકી ગયા. બીજી તરફ હુમાયુના ભાઈ હિન્દાલે આગ્રા આવી બંડ (વિદ્રોહ) પોકાર્યું. તેણે પોતાને સ્વતંત્ર રાજા તરીકે જાહેર કરી પોતાના નામનો ખુત્બો વંચાવ્યો. ત્યારે હુમાયુ પોતાના એશોઐયાસની મગ્નતામાંથી બહાર આવ્યો. તે માર્ચમાં બંગાળથી સીધો આગ્રા જવા ઉપડ્યો પરંતુ રસ્તામાં બકસર નજીક ગંગા નદીના દક્ષિણ કિનારે ચૌસા મુકામે શેરખાંએ તેને ઈ.સ. 1939ની 26મી જૂને હરાવ્યો. આ સમયે હુમાયુ પણ પોતાના અન્ય સેનાપતિઓની જેમ પોતાની જાન બચાવવા ગંગા નદીમાં પડ્યો. નદીમાં નિઝામ નામના એક ભીસ્તીએ તેને બચાવી લીધો. આ વિજયથી સાર્વભૌમત્વને કાયદાની દષ્ટિએ સમર્થન આપવા શેરખાંએ ચૌસાના મેદાનમાં "સુલતાન-ઉલ-આદિલ-શેરશાહ"નું નામ ધારણ કર્યું. તેણે રાજ્યાભિષેક કરાવ્યો અને પોતાના નામના ખુત્બા વંચાવ્યા.

***કનોજનું યુદ્ધ***

ચૌસાના યુદ્ધમાં હારીને હુમાયુ 1539 જુલાઈમાં આગ્રા પરત આવ્યો. પોતાના ભાઈઓની મદદ ન મળતા આગ્રા તરફ આગળ વધતા શેરખાંને રોકવા તે પોતાની ફોજ સાથે રવાના થયો. બંને વચ્ચે 17મી મે 1540ના રોજ કનોજમાં બંને સેના વચ્ચે યુદ્ધ થયું. જેમાં હુમાયુના લશ્કરની હાર થઈ. જેમાં વરસાદનું પાણી જમા થવાને કારણે મુઘલ સૈનિકો પોતાના ખેમોને સારી જગ્યા પર સ્થળાંતર કરવામાં લાગેલા હતા ત્યારે શેરખાંએ એમની પર આક્રમણ કરી તેમને શિકસ્ત આપી. દિલ્લી સલ્તનત ફરી એકવાર અફઘાનોના હાથમાં આવી. આમ, ચૌસા અને કનોજના યુદ્ધોએ હુમાયુનું સામ્રાજ્ય તેના અફઘાન હરીફ 'શેરશાહ'ને આપ્યું.

### **2.2.9** *દિલ્લીના સુલતાન તરીકે – સૂર વંશની સ્થાપના (ઈ.સ.***1540-55** *)*

***હુમાયુનો પીછો :***

શેરશાહે આ યુદ્ધમાં મળેલી સફળતા પછી સંભાલ તરફ નાસિરખાંને,ગ્વાલિયરના કિલ્લા પર કબજો મેળવવા સુજાતખાંને અને હુમાયુનો પીછો કરવા બર્મઝીદ કૌરને મોકલ્યો. બર્મઝીદે આગ્રામાં ભરાયેલા હુમાયુનો પીછો કરતા કરતા આગ્રા આવી પહોંચી આગ્રા કબજે કર્યુ, તેથી હુમાયુ ત્યાંથી નાસી છૂટ્યો. કેટલાક દિવસો પછી શેરશાહ આગ્રા આવી ખવાસખાને પણ હુમાયુની પાછળ લગાડે છે. હુમાયુ આગ્રાથી દિલ્હી અને સિરહિંદ થઈ જુલાઈ 1540માં લાહોરમાં શરણ લે છે. લાહોરમાં ત્રણ મહિના

અફઘાનોની વિરુદ્ધમાં સૈન્ય એકત્રિત કરવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યા બાદ અફઘાન સેના દ્વારા લાહોર કબજે કરતા હુમાયુએ લાહોર છોડી ખુશાબથી સિંધ પહોંચ્યો, ત્યાંથી સમરકોટમાં લગભગ બે મહિના સુધી રોકાઈ કંદહાર જાય છે, જયાં તેને ભાઈ કામરાન સાથે સંઘર્ષ થતાં હુમાયુ ઈરાન જતો રહે છે. હુમાયુએ હિન્દુસ્તાનની સીમા છોડી દીધા બાદ, ખાવાસખાંએ પણ હુમાયુનો પીછો કરવાનું છોડી દીધું. હુમાયુનો પીછો કરતાં કરતાં અફઘાન સેના ખુશાબમાં (જેલમ નદીના કાંઠે) ત્રણ મહિના રોકાઈ. આ દરમિયાન ચિનાબ સિંધુ નદી વચ્ચેના પ્રદેશમાં વસતા બલૂચી સરદારો જેવા કે ઈસ્માઈલખાં, ફતેહખાં, ગાઝીખાં વગેરે તેમના શરણે આવે છે.

***ગક્કર પ્રદેશો પર અધિકાર :***

જેલમ અને સિંધુ નદી વચ્ચેના દોઆબના ગક્કરના પ્રદેશની સ્થિતિ ખૂબ મહત્ત્વપૂર્ણ હોવાથી તેમની પર અધિકાર કરવો જરૂરી હોવાથી ગક્કરોના પ્રદેશ પર ચડાઈ કરી સમગ્ર પ્રદેશ ઉજ્જડ કરી નાખ્યો. પરંતુ ગક્કરોને પૂરી રીતે પોતાના આધિપત્યમાં લે એ પહેલાં બંગાળમાં ખિઝરખાંનો વિદ્રોહ શરૂ થતા ગક્કરો પર આધિપત્યનું કામ હૈબતખાં નિયાઝી અને ખવાસખાંને સોંપી પોતે ઈ.સ.1541માં બંગાળ જવા ઊપડ્યો. અહીં મોગલ સેનાએ ગક્કરો પર સંપૂર્ણ વિજય મેળવી અને આ પ્રદેશો પર કાયમી આધિપત્ય રહે એ માટે ટોડરમલની સહાયથી અને શેરશાહના માર્ગદર્શનથી જેલમ નદીના જમણા કિનારે બાલીનાથ નજીક ‘રોહતાસ’ નામે કિલ્લો બંધાવ્યો.

***બંગાળમાં ખિઝરખાંના વિદ્રોહનું દમન :***

શેરશાહ જ્યારે ગક્કરો પર આધિપત્ય જમાવવાના કાર્યમાં રોકાયેલો હતો તે દરમ્યાન બંગાળના હાકેમ ખિઝરખાં તુર્ક સ્વતંત્ર થવા માટે બંગાળના ભૂતપૂર્વ સુલતાન મહમૂદશાહ ત્રીજાની પુત્રી સાથે લગ્ન કર્યા જેથી તેને શાહી કુટુંબનો સહયોગ મળે. આ પછી તે સ્વતંત્ર રાજાની જેમ વર્તવા લાગ્યો. શેરશાહે ગૌડ જઈ ખિઝરખાંને બરખાસ્ત કરી, બંદી બનાવી લીધો અને ભવિષ્યમાં અહીં બળવો ન થાય એ વિચારે બંગાળને અનેક સરકારમાં (જિલ્લામાં) વિભાજન કરી નાખ્યું. દરેક સરકારને ‘‘શિકદાર’ નામના અધિકારી હેઠળ મૂક્યું. જેની નિયુક્તિ બાદશાહ પોતે કરતો હતો. દરેક સરકારમાં શાંતિ જાળવવા થોડું લશ્કર પણ રાખવાનું નિશ્ચિત થયું. આમ, એક નવીન પ્રકારની શાસન-વ્યવસ્થાતંત્રની સ્થાપના થઈ. જે શેરશાહની મૌલિક પ્રતિભાના દર્શન કરાવે છે.

***માળવા પર આક્રમણ :***

માળવાના મલ્લુખાંએ પોતાને માળવાનો સ્વતંત્ર શાસક જાહેર કરી ‘કાદિરખાં’ નામ ધારણ કરી પોતાને શેરશાહ સાથે સમાનતાનો દાવો કર્યો. આ ઉપરાંત મુઘલો વિરુદ્ધ શેરશાહને યુદ્ધમાં સહાય આપવાનું વચન પણ તેણે પાળ્યું નહીં જેના કારણે શેરશાહનો પુત્ર કુતુબખાં કાલ્પીના યુદ્ધમાં માર્યો ગયો. આ બધાં કારણોથી શેરશાહ ઈ.સ. 1542માં માળવા પર આક્રમણ કરવા નીકળ્યો. માર્ગમાં ગ્વાલિયરનો કિલ્લો તેને પ્રાપ્ત થયો તથા રાયસીનના રાજા પ્રતાપશાહનો શક્તિશાળી સહાયક અને કાદિરખાંનો શક્તિશાળી

રાજપૂત સામંત પુરણમલ, 6,000 સૈનિકો સાથે શેરશાહના શરણે આવ્યો. પરિણામે કાદિરખાં મુશ્કેલીમાં મૂકાતા શેરશાહના શરણે આવ્યો. શેરશાહે તેની સામે સૌમ્ય ભાવ દાખવી તેનું સ્વાગત કર્યુ અને પશ્ચિમ બંગાળમાં લખનૌતીના હાકેમ (ગર્વનર) તરીકે નીમ્યો. પરંતુ કાદીરખાં અફઘાન બાદશાહની આધિન ન રહેવા અને એમની પર કુશંકા ઊભી થતા એક રાત્રે પોતાના કુટુંબ સાથે નાસીને ગુજરાતના મહેમૂદ ત્રીજાને શરણે જતા રહ્યો શેરશાહે માળવાનો ખૂબ મોટો ભાગ પોતાના રાજ્યમાં ભેળવી તેની વ્યવસ્થા માટે હાજીખાને અને ત્યારબાદ સુજાતખાને ગર્વનર તરીકે નીમ્યો.

માળવાથી પાછા ફરતી વખતે શેરશાહ માર્ગમાં રણથંભોર રોકાયો. ત્યાંના હાકેમ ઉસ્માનખાંએ રણથંભોર શેરશાહના હવાલે કર્યુ. શેરશાહે તેના હાકેમ તરીકે પોતાના જ્યેષ્ઠ પુત્ર આદિલખાંને નિયુક્ત કર્યો.

***રાયસીનના કિલ્લા પર અધિકાર :***

રાયસીનના કિલ્લાના શાસક તરીકે ચૌહાણ રાજપૂત પૂરણમલ શાસન કરતો હતો. તે પાછળથી શેરશાહનું આધિપત્ય સ્વીકારી એના હાકેમ તરીકે રાયસીનની વ્યવસ્થા જોતો. રાજપૂતોના પ્રભાવને દૂર કરવા અને મળેલી વિગતો અનુસાર પૂરણમલ ત્યાંના મુસલમાનો ઉપર ત્રાસ ગુજારતો હતો. આ કારણોથી શેરશાહે રાયસીના કિલ્લાને ઘેરો ઘાલ્યો. રાજપૂતોએ છ મહિના સુધી બહાદુરીપૂર્વક કિલ્લાનો બચાવ કર્યો. ત્યારે શેરશાહે કૂટનીતિનો પ્રયોગ કરી રાજપૂતોને સહીસલામત માળવા જવા દેવાની શરતે તેમને કિલ્લામાંથી બહાર નિકાળ્યા પણ અફઘાન સેનાએ વચનભંગ કરી હજારો રાજપૂતોની કતલ કરી. આ છતાં પૂરણમલ અને તેના સૈનિકોએ પોતાની પત્ની અને બાળકોની જાતે જ હત્યા કરી રણમેદાનમાં લોહીના છેલ્લા બુંદ સુધી વીરતાપૂર્વક લડતા રહ્યા. છેવટે રાજપૂતોનો પરાજય થયો અને શેરશાહે વિજય બાદ કિલ્લાનું નામ ‘‘ઈસ્લામાબાદ’ રાખ્યું. જશુભાઈ બી. પટેલ નોંધે છે કે ‘‘શેરશાહની યશસ્વી કારકિર્દીમાં આ બનાવ હંમેશા એક કાળી ટીલી સમાન રહેશે.’’

***મુલતાન અને સિંધનો અફઘાન રાજ્યોમાં વિલય :***

મુલતાન અને સિંધ પ્રદેશમાં ફતેહખાં જાટ, હિંદુ બલોચ અને બખ્શુલગાહે વિદ્રોહ પોકાર્યો, એટલે શેરશાહના આદેશ અનુસાર પંજાબના સૂબા હૈબતખાંએ ફતેહખાં જાટના પાકપટ્ટન પર આક્રમણ કરી ફતેહખાંને હરાવ્યો અને કેદ કરી પાછળથી તેને ફાંસી આપવામાં આવી. હિંદુ બલોચના સાથે પણ આ જ વ્યવહાર કરવામાં આવ્યો ત્યારબાદ હૈબતખાંએ બખ્શુલગાહ સાથે યુદ્ધ કરી મુલતાન કબજે કર્યુ અને અફઘાન સામ્રાજ્ય સાથે જોડી દીધું. શેરશાહે બખ્શુલગાહને જીવતદાન આપ્યું. મુલતાનમાં ફતેહખાંજંગને નાયબ હાકેમ તરીકે નીમ્યો. આ વિજયો બાદ શેરશાહે હૈબતખાંને ‘‘આઝમ હુમાયુ’’ના બિરુદથી નવાજ્યો.

***મારવાડ-— જોધપુર પર વિજય, ચિતોડની શરણાગતિ અને રાજપૂત રાજ્યો :***

મારવાડ પર રાજા માલદેવ રાઠોડ ઈ.સ. 1531થી મધ્ય ભારતના સૌથી મુખ્ય અને શક્તિશાળી શાસક તરીકે શાસન કરતો હતો. શેરશાહને આ શક્તિશાળી સ્વતંત્ર રાજ્ય ખૂબ ખટકતું હતું. જેના કારણોમાં માલદેવે હુમાયુના દેશવટા દરમ્યાન હુમાયુને મદદ કરવાની તૈયારી બતાવી હતી, પણ શેરશાહના લીધે તે તેમ કરી શક્યો નહીં અને હુમાયુને પકડીને શેરશાહના શરણે સોંપી દેવાના કામમાં પણ તે નિષ્ફળ ગયેલ. આ ઉપરાંત માલદેવ ગાદી ઉપર બેસતા તેણે બિકાનેર, અજમેર, મેરઠ, દીદવાના, સિવાના, જાલૌર વગેરે પ્રદેશો જીતીને મારવાડ – રા.જોધપુર સાથે ભેળવી દીધા. આમ, શેરશાહ મારવાડના સ્વતંત્ર રાજ્યને દિલ્હી સામ્રાજ્યની સલામતી અને સ્થિરતા માટે ભયરૂપ ગણતો હતો. પરિણામે ઈ.સ. 1544ની જાન્યુઆરીમાં શેરશાહે 80,000 સૈન્ય સાથે આગ્રાથી મારવાડ તરફ કૂચ કરી સેમલ મુકામે અને માલદેવે 50,000ના સૈન્ય સાથે ગિરિ મુકામે પડાવ નાખ્યો. એક મહિનાના આ પડાવ પછી શેરશાહના સૈન્યની ખાદ્ય-સામગ્રી અને ઘોડાના દાણા-ચારની વ્યવસ્થામાં મુશ્કેલી પડવા લાગી. માટે રાજપૂતોની તાકાતથી પરિચિત શેરશાહે યુદ્ધ દાવપેચનો આશરો લઈ માલદેવના સેનાપતિઓના નામે બનાવટી પત્રો બનાવીને માલદેવના તંબુ પાસે નંખાવ્યા. આ પત્રોને જોઈને માલદેવમાં ઊભી થયેલી શંકા માટે તેના સેનાપતિઓએ વફાદારીની ખાતરી આપી અને આ શેરશાહની ચાલ હોવાનું સમજાવ્યું. પરંતુ હારના ડરથી ગભરાયેલો માલદેવ જોધપુર તરફ નાસી જઈ સાંચોરના કિલ્લામાં ભરાય છે. આમ, છતાં તેના સેનાપતિઓ જટા, કૂપા અને અખૈરાજ સારંગના નેતૃત્વ હેઠળ 12 હજાર રાજપૂતો શેરશાહની સામે સેમલગિરીનાં યુદ્ધમાં મરણિયા બનીને યુદ્ધ કરે છે. જેમાં કેટલાય રાજપૂતો બહાદુરીથી શહાદતને વહોરે છે. આ યુદ્ધમાં શેરશાહની જીત તો થાય છે પણ આ યુદ્ધ દરમ્યાન રાજપૂતોની બહાદુરીથી તે પોતાના વિજય વિશે શંકાશીલ બને છે.

મારવાડ જીત્યા પછી શેરશાહ મેવાડની રાજધાની ચિતોડ તરફ આગળ વધ્યો. આ સમયે ચિતોડની ગાદી પર સગીર વયના રાણા ઉદયસિંહ શાસન કરતા હતા. ચિતોડની અવ્યવસ્થા અને અરાજકતાભરી પરિસ્થિતિને લીધે ઉદયસિંહે શેરશાહની તાબેદારી સ્વીકારી લીધી. અહીં હાકેમ તરીકે મિયાં અહમદ શેરવાણી તથા હુસેનખાં ખિલજીને તથા શમ્સખાંની સરદારી હેઠળ એક શક્તિશાળી લશ્કર રાખીને વ્યવસ્થા ઊભી કરવામાં આવી. ત્યારબાદ શેરશાહે કુંભલગઢ, રણથંભોર, આમ, જૈસલમેર અને બિકાનેર સિવાય રાજસ્થાનના મોટભાગના પ્રદેશો પર અધિકાર જમાવી લીધો.

શેરશાહની રાજપૂત નીતિની રૂપરેખા આપતા ડૉ. કે. આર. કાનૂગો લખે છે કે, ‘‘શેરશાહે હિંદુસ્તાનના અન્ય પ્રદેશોની જેમ રાજસ્થાનમાં સ્થાનિક શાસકોને સ્થાનભ્રષ્ટ કરવાનો, ઉખેડી જ નાખવાનો કે તેમના પરવશ થવાનો પ્રયાસ કર્યો નથી. આમ કરવું તેને પોતાના માટે ખતરનાક અને નિરર્થક લાગ્યું. તેનો ઉદ્દેશ રાજપૂત સ્વતંત્રતાનો અંત લાવવાનો ન હતો. પરંતુ તેમને રાજકીય અને ભૌગોલિક દૃષ્ટિએ એકબીજાને અલગ પાડવાનો હતો. જેથી તેઓ એકઠા થઈ ‘‘ભવિષ્યમાં’ કેન્દ્રીય શાસન સામે વિદ્રોહ ન કરે.

આ નીતિ અનુસાર આ પ્રદેશોની પ્રાપ્તિથી કોઈ લાભ થવાનો ન હતો. પરંતુ સામ્રાજ્યની રક્ષા માટે તે અનિવાર્ય હતું.''

***કાલિંજરનો વિજય અને શેરશાહનું મૃત્યુ :***

કાલિંજર (બુંદેલખંડ)નું અભિયાન શેરશાહનું છેલ્લું સૈન્ય અભિયાન હતું. શેરશાહે બુંદેલખંડમાં આવેલ કાલિંજરનો કિલ્લો જીતવાની યોજના ઘડી એની પાછળ કારણો જવાબદાર હતા. ત્યાંના શાસક કીર્તનસિંહે શેરશાહની ઇચ્છાની વિરુદ્ધ હુમાયુને મદદ કરનાર વીરભાણ વાઘેલાને આશરો આપ્યો અને ત્યારબાદ શેરશાહના કહેવા છતાંય તેણે વીરભાણને અફઘાન સેનાના હવાલે કરવાની ના પાડી, એટલે 80 હજાર ઘોડેસવાર, બે હજાર હાથી અનેક તોપો સહિત ઈ.સ. 1544ના નવેમ્બરમાં શેરશાહે કલિંજરના કિલ્લાનો ઘેરો ઘાલ્યો. ઘણાં સમય સુધી કિલ્લો વિજીત ન થતાં શેરશાહે કિલ્લાની દિવાલો તોડવા તોપખાનાનો ઉપયોગ કરવાનું કહ્યું પણ અચાનક દારૂગોળો સળગી ઉઠતાં તે ખૂબ દાઝી ગયો. તંબુમાં મરણ પથારીએ પડેલ શેરશાહે ઈસાખાને બોલાવીને પોતાની જીવત અવસ્થામાં કિલ્લો જીતવા હુકમ કર્યો. આમ, શેરશાહના સેનાપતિઓ અને સૈન્ય કિલ્લા પર તૂટી પડ્યા અને બપોર સુધી કિલ્લો જીતી લેવામાં આવ્યો. સાંજની બંદગી વખતે આ ખુશખબર શેરશાહને આપવામાં આવ્યા, ત્યારે આનંદ અને ખુશીથી તે બોલ્યો ''ઈશ્વરનો પાડ માન ! મારી આ જ ઈચ્છા હતી.'' આ છેલ્લા શબ્દો બોલી ઈ.સ. 22 મે, 1545માં તેણે આ દુનિયા છોડી દીધી. શેરશાહના શબને તેણે અગાઉથી બનાવેલા સહસારામના મકબરામાં દફનાવવામાં આવ્યું.

## 2.3 *શેરશાહના સુધારા*

શેરશાહે પાંચ વર્ષના ટૂંકા સમયગાળા દરમ્યાન શાસન કર્યું. છતાં ટૂંકા સમયમાં તેણે સફળ વહીવટીતંત્રની સ્થાપના કરી. શેરશાહ પ્રથમ કક્ષાનો વ્યવસ્થા સુધારક હતો. ઈતિહાસમાં શેરશાહ તેના વિવિધલક્ષી સુધારાઓ માટે મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

### 2.3.1 *વહીવટી સુધારા*

#### *(અ) કેન્દ્રીય વ્યવસ્થા*

શેરશાહની કેન્દ્રીય વ્યવસ્થામાં રાજા અને તેના મંત્રીઓનો સમાવેશ થતો હતો. જે નીચે મુજબ છે.

- ***સુલતાન :*** વહીવટી તંત્રમાં કેન્દ્ર કક્ષાએ સર્વોચ્ચ સત્તા શેરશાહ (રાજા)ને હસ્તક હતી. તે દિલ્હીના અન્ય સુલતાનોની જેમ નિરંકુશ અને આપખુદ શાસક હતો. તે પોતે મહત્ત્વના હુકમો બહાર પાડતો. તેનો અમલ કરાવતો અને અમલ ન કરનારને સજા પણ કરતો. તે માનતો કે શાસન પ્રજાના હિતમાં હોવું જોઈએ. ટૂંકમાં તેણે નિરંકુશ સત્તાનો ઉપયોગ તો કર્યો પરંતુ તે જનતાની ભલાઈ માટે.

- ***ખાતાંઓ :***શેરશાહે દિલ્હી સલ્તનતની વહીવટી વ્યવસ્થાને આધારે કેન્દ્રસ્થાને મુખ્ય ચાર ખાતાઓ સ્થાપ્યા હતા.

1. ***દીવાને વઝારત :*** આ ખાતાનો ઉપરી 'વજીર' હતો. તે રાજયનું મહેસૂલ અને નાણાંખાતુ સંભાળતો હતો તેમજ અન્ય ખાતાંઓના મંત્રીઓ ઉપર સામાન્ય દેખરેખ રાખતો.
2. ***દીવાને - આરિઝ :*** આ ખાતાનો વડો 'આરિઝે મમાલિક' હતો. તેને હસ્તક રાજયનું લશ્કરી ખાતું હતું. તે લશ્કરના સંગઠન, શિસ્ત, ભરતી, પગાર વગેરે માટે જવાબદાર હતો.
3. ***દિવાને રસાલત :*** હાલના વિદેશ પ્રધાન જેવા આ ખાતામાં અન્ય રાજ્યોમાંથી આવતા અને અન્ય રાજ્યોમાં જતાં રાજદૂતો અને પ્રતિનિધિઓના સંપર્કમાં રહેતો તથા રાજ્યોનો રાજદ્વારી પત્રવ્યવહાર પણ સંભાળતો. કેટલીકવાર દાન તેમજ ધર્મ વિભાગની દેખરેખ પણ કરતો.
4. ***દિવાને – ઈન્શા :*** આ ખાતાનો મંત્રી 'દાબીરે-ખાસ' કહેવાતો. તે શાહી ફરમાનો બહાર પાડતો. પ્રાંતોના તેમજ સ્થાનિક અધિકારીઓ સાથે પત્રવ્યવહાર તથા સરકારી નોંધો રાખતો.

આ ચાર મુખ્ય ખાતાઓ ઉપરાંત દીવાને કાઝી અને દીવાને બરીદના બે ખાતાઓ જેમાં મુખ્ય કાઝી એ 'દીવાને-કાઝ'નો ઉપરી જેને રાજયનો ન્યાય વહીવટી જોવાનો અને 'બરીદે મમાલિક' એ 'દિવાને-બરીદ'(ગુપ્તચર વિભાગ)નો મુખ્ય અધિકારી હતો. તેના ખાતામાં સમાચાર લખનારાઓનો અને જાસૂસોનો સમાવેશ થતો.

***(બ) પ્રાંતીય વ્યવસ્થા :***

તવારીખ-એ-દૈલતે-શેરશાહી નામના ગ્રંથમાં 'પ્રાંત'ને લગતા ચોક્કસ ઉલ્લેખ મળી આવે છે પ્રાંતોનો વડો 'હાકેમ' કહેવાતો. ડૉ. સતીશચંદ્ર મિશ્રા નોંધે છે કે "શેરશાહના સમયમાં બંગાળ, બિહાર, જૌનપુર, સંભાલ, મેવાત, સીંરહિંદ, પંજાબ, સિંધ (થટ્ટા), ગુજરાત, માળવા વગેરે પ્રાંતો હતા. જેમના વહીવટની જવાબદારી ગવર્નરો (સુબાએ)ને સોંપવામાં આવી હતી અને શેરશાહ તેમના ઉપર ચાંપતી નજર રાખતો. શેરશાહે બંગાળ પ્રાંત માટે અલગ પ્રકારની વ્યવસ્થા કરી હતી."

***(ક) 'સરકાર'ની વ્યવસ્થા :***

સામ્રાજ્યના દરેક પ્રાંતને 'સરકાર' (જિલ્લા)માં વહેંચેલ હતા. શેરશાહના સામ્રાજ્યમાં બંગાળના 19 સરકાર મળીને સરકારોની કુલ સંખ્યા 66 હતી. શેરશાહે સરકારના વહીવટ માટે બે ઉચ્ચ અધિકારી નીમ્યા હતા. (1)'શિકદારે શિકદારા' એ લશ્કરી અધિકારી હતો. તે 'સરકાર'માં શાંતિ વ્યવસ્થાનું, પરગંણાના મુખ્ય શિકદારો ઉપર દેખરેખનું, ખેડૂતો સમયસર મહેસૂલ ભરે વગેરે બાબતો ઉપર ધ્યાન રાખતો. (2) 'મુન્સિફે-મુન્સિફાં' (મુખ્ય મુન્સિફ) એ મુલ્કી અધિકારી હતો. તે 'સરકાર'માં મહેસૂલી વહીવટનો સર્વોચ્ચ વડો હતો. તે 'સરકાર'ના મહેસૂલ ઉપર દેખરેખ રાખવાનું,

પરગંણાના મુન્સીફો પર નજર રાખવાનું, પરગંણાની સરહદ અંગેના ઝઘડાનું નિરાકરણ કરવાનું, ખેડૂતોની ફરિયાદોનું નિરાકરણ લાવવાનું, દીવાની મુકદ્દમાનો ચૂકાદો આપવાનું કાર્ય કરતો.

*(ડ) 'પરગણા'ની વ્યવસ્થા :*

સરકારનો પેટાવિભાગ 'પરગણું' કહેવામાં આવતું હતું. શેરશાહની હકૂમત હેઠળ આવા કુલ 13 હજાર પરગણાં હતા. દરેક પરગણાંમાં એક શિકદાર, એક અમીન (અમીલ), એક પોતદાર (ખજાનચી), એક કાનૂગો અને કારકૂનો હતા. શિકદાર પરગણાનો મુખ્ય કારોબારી વડો હતો.

*(ઈ) 'ગ્રામ'ની વ્યવસ્થા :*

શેરશાહની શાસન વ્યવસ્થાનો સૌથી નાનો વહીવટી એકમ ગ્રામ હતું. તે શેરશાહના ફરમાનોમાં 'મૈઝ'' તરીકે ઓળખાતું. ગ્રામ કે ગામડામાં મુખ્યત્વે બે અધિકારીઓ હતા. મુકાદ્દમ અને પટવારી. મુકાદ્દમ એ ગામનો મુખી હતો. ગામના અધિકારીઓ ગામનો વહીવટ ગ્રામ પંચાયતની સલાહ મુજબ ચલાવતા. ગ્રામપંચાયત ચોકીદારી, પ્રાથમિક શિક્ષણ, સફાઈ, સિંચાઈ વગેરે વ્યવસ્થા કરતી.

ડૉ. આર. પી.ત્રિપાઠી શેરશાહના વહીવટી વિભાગ વિશે કહે છે કે ''શેરશાહ મૌલિક પ્રવર્તક ન હતો પરંતુ તેણે વહીવટી તંત્રને પ્રાણવાન બનાવીને તેમાં કાર્યક્ષમતા સીંચી હતી.''

**2.3.2 *મહેસૂલી સુધારા***

શ્રી રામ શર્મા જણાવે છે તેમ, શેરશાહની કીર્તિ મુખ્યત્વે તેના મહેસૂલી સુધારા પર અવલંબે છે. આ સુધારાનો પ્રથમ સફળ પ્રયોગ તેના પિતાની જાગીર સહસારામમાં તેણે કરેલો અને તખ્તનશીન થયા પછી આ સફળ પદ્ધતિને પોતાના મહેસૂલી પ્રધાન ટોડરમલની સહાયતાથી સામ્રાજ્યમાં દાખલ કરી.

**1) *જમીન માપણી :***

તેણે જમીન માપણી કે મોજણીની પદ્ધતિ ચાલુ કરી. રાજ્યની સંપૂર્ણ જમીનની માપણી થઈ. આ માટે સિકંદરી ગજ (32 કડીનો ગજ, લોદીના સામ્રાજ્યમાં વપરાતો)નો ઉપયોગ કર્યો.

**2) *જમીનનું વર્ગીકરણ - મહેસૂલી ભાગ અને અધિકારીઓ:***

જમીનની માપણી કર્યા બાદ જમીનના ઉપજાવ અને બિનઉપજાવ એવા બે ભાગ પાડ્યા. ઉપજાવ જમીનને ઉત્તમ, મધ્મમ અને કનિષ્ઠ એમ ત્રણ વર્ગોમાં વહેંચી નાખી. જેમાં સરેરાશ ઉપજનો અંદાજ કાઢવામાં આવ્યો.

જમીન મહેસૂલની આકારણી જમીનની મોજણી ઉપર આધારિત હતી.મહેસૂલ આકારણી માટેની પદ્ધતિઓમાં 'ઘલ્લબક્ષી' (ગલ્લબક્ષી) અને 'બટાઈ' એટલે કે પાકનું સાદું વિભાજન અને 'કંકૂટ' (કાનકૂત) એટલે કે સરકારી મહેસૂલખાતાના અધિકારીને

ગામના મુખીની મદદથી ખેડૂતની હાજરીમાં સામાન્ય અંદાજરૂપે કરેલી આકારણી પ્રચલિત હતી. જ્યાં 'ઝબ્ટ્' (જબ્તી) પદ્ધતિ લાગુ પડતી ન હોય ત્યાં એ બે પદ્ધતિઓ પ્રયોજાતી. સરકારી મહેસૂલ ભાગ કુલ ઉત્પાદનનો $1/_3$ ઠરાવેલ હતો. આમા ફક્ત મુલ્તાનના ખેડૂતો પાસેથી ઉપજનો $1/_4$ ભાગ મહેસૂલ તરીકે લેતા. ખેડૂતો આ સરકારી મહેસૂલ રોકડ નાણામાં કે ધાન્યરૂપે ભરી શકતા. ખેડૂતોએ જમીન મહેસૂલ ઉપરાંત રાજ્યને 'જરીબાના' (જમીન-માપણી ફી), 'મુહાસિલાના' (કર ઉઘરાવવાની ફી) અને 'દાહ-અસ્તરી' (દુષ્કાળ જેવી કટોકટીને પહોંચી વળવા લેવાતું અનાજ) આ ત્રણ વેરા આપવા પડતા.

મહેસૂલ ઉઘરાવવા માટે દરેક ગામડામાં મુકાદમ અને પટવારી તથા પરગણામાં અમીન, શિકદાર, કાનૂગો, પોતદાર જેવા અધિકારીઓ અને આ બધા અધિકારીઓ ઉપર 'અમીન' દેખરેખ રાખતો અને આ કાર્યમાં તેને જરૂર પડે પોલીસ અને સરકારી અધિકારીઓ મદદ કરતા. શેરશાહે મહેસૂલી અધિકારીઓને કડક સૂચના આપી હતી કે, "મહેસૂલની આકારણી વખતે ઉદાર બનો, પરંતુ ઉઘરાવતી વખતે કોઈ પણ જાતનો દયાભાવ ન બતાવવો."

### 3. *પટ્ટા અને કબૂલાતનામું :*

ખેડૂતોનું જમીન મહેસૂલ નક્કી થયા પછી સરકાર ખેડૂતોને 'પટ્ટા' આપતી, જેમાં મહેસૂલના દરનો ઉલ્લેખ કરવામાં આવતો અને તેના બદલામાં પટ્ટામાં ઉલ્લેખિત મહેસૂલી ભાગ આપવા અંગેનું સંમતિ દર્શાવતું કબૂલાતનામું ખેડૂતો પાસેથી લેવાતું.

### 4. *કુદરતી આફત સમયે ખેડૂતોને મદદ :*

દુષ્કાળ કે પાકની નિષ્ફળતા જેવી કુદરતી આફત સમયે ખેડૂતોને રાજ્ય તરફથી રાહત કે મદદ મળતી. તગાવી લોન અપાતી, જે સરળ હપ્તે ખેડૂતે સરકારને ભરપાઈ કરવાની રહેતી. આ ઉપરાંત જે ખેડૂતોના પાકને લશ્કરી કૂચ દરમિયાન નુકસાન થતું તેને યોગ્ય રકમ આપવાની જોગવાઈ હતી.

આમ, શેરશાહના મહેસૂલી સુધારાથી સરકારની આવકમાં વધારો થયો અને ખેડૂત સમુદાય એકંદરે સુખી અને સમૃદ્ધ બન્યો.

## 2.3.3 *લશ્કરી સુધારા*

શેરશાહ એક મહાન લશ્કરી વ્યવસ્થાપક પણ હતો. તેણે સૈન્ય સંગઠનમાં ઉપયોગી સુધારા કરીને સૈન્યને રાજયનું એક શક્તિશાળી અંગ બનાવ્યું. તે અલાઉદ્દીન ખીલજી અને મોગલોની લશ્કરી પદ્ધતિને થોડા સુધારા-વધારા સાથે અનુસર્યો હતો.

### 1. *રાજધાનીમાં સ્થાયી લશ્કરી વ્યવસ્થા :*

તેણે રાજધાનીમાં પોતાની હકૂમત હેઠળ નિયમિતરૂપે એક સ્થાયી શાહી લશ્કરનો પ્રબંધ કર્યો. જેમાં 15000 ઘોડેસવાર, 25000 પાયદળ, 5000 હાથી અને મોટી સંખ્યામાં

તોપચીઓથી સજ્જ એક શાહી લશ્કર જે ''ફૌજે-ખાસ'' કહેવાતું. સેનાના નિરીક્ષક માટે એક પ્રધાન બક્ષી હતો.જે ''બક્ષી-એ-લશ્કર'' કહેવાતો. લશ્કરને અનેક ટુકડીઓમાં વિભાજિત કરવામાં આવેલ હતું. દરેક ટુકડી 'ફોજ' કહેવાતી. તેની ઉપર એક ફોજદાર હતો.

**2. *લશ્કરી ભરતી અને ડાઘપ્રથા તથા હુલિયા :***

શેરશાહ જાતે જ સૈન્યમાં ભરતી, બઢતી, તેમની લાયકાત પ્રમાણે તેમનો પગાર નક્કી કરતો અને એમની પર દેખરેખ રાખતો. શેરશાહે અફઘાનિસ્તાન અને હિંદમાંથી અફઘાનો બોલાવીને સૈન્યમાં ભરતી કર્યા હતા. તેના લશ્કરમાં પાયદળમાં હિંદુઓ અને બંદૂકધારીઓ તો બધા જ હિંદુઓ હતા. પગાર રોકડમાં અપાતો અને જાગીર આપવાની પ્રથા બંધ કરાઈ હતી.

તેણે સૈનિકોમાં ભ્રષ્ટાચાર રોકવા માટેના પૂરેપૂરા ઉપાયો કર્યા. અલ્લાઉદ્દીન ખલજીની જેમ અશ્વદળમાં ઘોડેસવારની અદલાબદલી ન થાય એ માટે ઘોડાઓ ઉપર 'દાઘ' ચિન્હ્ લગાવવામાં આવ્યું અને તેના નંબર તેમજ સવારનું સરકારની નોંધણી કચેરીમાં નોંધણી કરવામાં આવતી. સૈનિક પાસેના લશ્કરી સામાનની પણ સૂચિ - હુલિયા તૈયાર કરાવ્યા. નિયમિત રીતે લશ્કરનું હાજરીપત્રક તૈયાર થતું અને સમયાંતરે પદ્ધતિસરનું નિરીક્ષણ પણ થતું.

***૩. કડક શિસ્ત અને આજ્ઞાપાલન તથા લશ્કરી તાલીમની નિયમિત વ્યવસ્થા :***

લશ્કરની ટુકડીઓના વિભાગ પાડીને તેમની તાલીમ માટે નિયમિત વ્યવસ્થા કરી હતી. કડક લશ્કરી તાલીમ વ્યવસ્થાને લીધે નવો ભરતી થયેલો સૈનિક એકાદ-બે વર્ષોમાં યુદ્ધોમાં ભાગ લઈ સફળ સૈનિક તરીકે બહાર આવતો.

આ સાથે લશ્કરી શિસ્તનું ઉલ્લંઘન કરનારને શેરશાહ કડક શિક્ષા કરતો. લશ્કરી કૂચ કરતી વખતે પાકને નુકસાન કરનાર સૈનિકના તે કાન-નાક કપાવી નાંખતો. દરેક સૈનિકમાં શેરશાહ માટે ''સ્વામી ભક્તિ'' અને અનુશાસન જળવાઈ રહે એવી નીતિ તેણે અપનાવી હતી.

**2.3.4 *પોલીસ વિષયક સુધારા***

શેરશાહે રાજ્યની પ્રજાની શાંતિ અને સલામતી માટે પોલીસની પણ યોગ્ય વ્યવસ્થા કરેલી હતી. તેમાં પોલીસ વિભાગ અલગ નહિ પણ રાજ્યનું લશ્કર જ બાહ્ય આક્રમણથી દેશનું રક્ષણ પણ કરતું અને આંતરિક શાંતિ-સલામતી પણ જાળવતું. પરગણામાં 'શિકદાર' અને સરકારમાં 'શિકેદારે-શિકદારા', મુખ્ય ગામડામાં 'મુકાદ્દમ' પોલીસ અંગેની ફરજો બજાવતો. અહીં સ્થાનિક ગુનાઓ માટે સ્થાનિક જવાબદારીના સિદ્ધાંતને અમલમાં મૂકવામાં આવ્યો હતો. આ અધિકારીઓ ચોર-ડાકુઓ પર ચાંપતી નજર રાખતા અને ગુનેગારોને શિક્ષા કરવાની સત્તા ભોગવતા. ગુનેગાર ન પકડાય તો મુકાદમને જવાબદાર ઠેરવીને તેને યોગ્ય શિક્ષા કરવામાં આવતી. અબ્બસખાં શેરવાણી 'તારીખે-શેરશાહી'માં લખે છે કે ''શેરશાહના સમયમાં કોઈ પણ વૃદ્ધા આભૂષણોથી

ભરેલી ટોપલી માથે મૂકીને કોઈ પણ પ્રકારના ભય વિના મુસાફરી કરી શકતી. કારણ કે શેરશાહ તરફથી ફટકારાતી શિક્ષાનો એટલો ડર હતો કે કોઈ પણ ચોર કે ડાકુ તેની નજીક આવવાની હિંમત કરી શકતો નહીં.

### 2.3.5 *ન્યાય વિષયક સુધારા*

શેરશાહ પોતે રાજ્યની ''સર્વોચ્ચ અદાલત'' હતો અને દર બુધવારે ''આમખાસ'માં બેસીને પ્રજાની ફરિયાદ સાંભળી યોગ્ય ન્યાય આપતો. તેના હેઠળ રાજધાનીમાં મુખ્ય કાઝી જે ન્યાયવિભાગનો વડો હતો અને અપીલને લગતા મુકદ્દમા સાંભળીને ચૂકાદો આપતો. એ જ રીતે સરકારમાં મુખ્ય મુન્સિફ અને મુખ્ય શિકદાર જે અનુક્રમે દીવાની અને ફોજદારી, પરગણામાં મુન્સિફ અને અમીન દીવાની તથા કાઝી અને મીર-અદલ ફોજદારી કેસો સાંભળીને મુસ્લિમ કાનૂન પ્રમાણે ન્યાય આપતા.

શેરશાહ નિષ્પક્ષ ન્યાય માટે જાણીતો હતો. તે ન્યાય કરતી વખતે કોઈ પણ પ્રકારનો ભેદભાવ રાખતો નહીં. એટલે તેણે 'સુલતાને-આદિલ'ની ઉપાધિ ધારણ કરી હતી. તે ''ન્યાય એ ધર્મનું સર્વશ્રેષ્ઠ સ્વરૂપ છે.'' એવું માનતો. તે રાજ્યના ઉચ્ચ અધિકારીઓ અને સરદારોને તેના અપરાધ બદલ પ્રજા કરતાંય વધારે કઠોર શિક્ષા કરતો. શેરશાહના ન્યાયના આદર્શોને રજૂ કરતી ઇતિહાસના પાને નોંધાયેલી વાત ''તેનાં પુત્ર આદિલખાંએ સ્નાન કરતી સોનીની સ્ત્રી પર પાનનું બીડું ફેંકતાં શેરશાહે પોતાની જ પુત્રવધૂની તે જ પ્રમાણે મશ્કરી કરવાનો હુકમ કર્યો.''

### 2.3.6 *ચલણી સુધારા*

શેરશાહના રાજ્યારોહણ સમયે ધાતુની અછતના કારણે ધાતુઓમાં ભેળસેળ, ખોટા સિક્કા વગેરેને લીધે ચલણમાં અનેક ખામીઓ પ્રવેશેલી હતી. માટે શેરશાહે ધાતુના મિશ્ર સિક્કાઓ રદ કરાવી તેમને સ્થાને એક જ ધાતુ (સોના, ચાંદી કે તાંબા)ના સિક્કાઓ પડાવ્યા. આ સાથે સિક્કાનો ચોક્કસ આકાર અને વજન નક્કી કરી અમલમાં મૂકવામાં આવ્યા. તેને 167 ગ્રેનનો 'અશર્ફી' નામે સોનાનો સિક્કો અમલમાં મૂક્યો. 180 ગ્રેનનો ચાંદીનો સિક્કો જે 'ટંકા (રૂપિયા) કહેવાતો તે પ્રચલિત કર્યો. આ ટંકા ઈ.સ. 1835 સુધી બ્રિટિશ કાળના રાજ્ય અમલ દરમિયાન પણ ચલણમાં રહ્યો હતો. આ ઉપરાંત 322 ગ્રેનના 'દામ' નામે તાંબાના સિક્કા પુષ્કળ પ્રમાણમાં શરૂ કર્યા.

શેરશાહે સિક્કાઓ ઉપર પોતાનું નામ, પદવી, ટંકશાળનું નામ અરબી, ફારસી અને દેવનાગરી લિપિમાં ઉત્કીર્ણ કરાવ્યું. જેમાં તેના નામની પૂર્વે 'શ્રી' શબ્દ અંકિત કરાવ્યો. આ સાથે સિક્કાઓ ઉપર ઈસ્લામ ધર્મના પ્રથમ ચાર ખલીફાઓનાં નામ પણ અંકિત કરાવ્યા. અગાઉના શાસકોની સરખામણીએ શેરશાહના સામ્રાજ્યમાં લગભગ બધાં જ અગત્યના સ્થળોએ મોટા પ્રમાણમાં ટંકશાળો જે કુલ 23 ટંકશાળો હતી.

આમ, હિંદના સિક્કાઓના ઇતિહાસમાં શેરશાહના ચલણી સુધારા તેની પ્રશંસનીય સિદ્ધિ ગણાય છે.

### 2.3.7 *વ્યાપાર વિષયક સુધારા*

શેરશાહે પોતાના અધિકારીઓને બે બાબતો પરત્વે ધ્યાન રાખવાની તાકીદ આપી હતી. (1) પ્રજા વ્યાપારીઓ સાથે સારો વર્તાવ રાખે, તેમને કોઈ પણ પ્રકારની કનડગત ન કરે (2) જો કોઈ પણ વ્યાપારી માર્ગમાં મૃત્યુ પામે તો તેના માલનો અન્ય કોઈ ધણીધોરી થઈ ન બેસે. સાથે કેટલીક આંતરિક અન્યાયી જકાતો રદ કરી અને માત્ર બે જ સ્થળે-ગામની સરહદો પર અને વેચાણના સ્થળો પર જ વ્યાપારી માલ ઉપર જકાત લેવાનું નક્કી કર્યું. તેના આ સુધારાને પરિણામે રાજયના વ્યાપાર ઉદ્યોગોને ખૂબ પ્રોત્સાહન મળ્યું.

**2.3.8 *સાર્વજનિક સુધારા***

શેરશાહે વ્યાપાર ઉદ્યોગના ઉત્કર્ષ માટે, પ્રજાજનોની સુવિધા માટે, લશ્કરની અવરજવરમાં સગવડ રહે તેમ જ સામ્રાજ્યના રક્ષણ માટે રાજધાની અને સામ્રાજયના અન્ય ભાગોને જોડતા મુખ્ય ચાર ધોરી માર્ગો બંધાવ્યા. જેમાં સૌથી લાંબી 1500 કોસ લાંબી ''ગ્રેંડ ટ્રકરોડ'' જે વર્તમાનમાં પણ છે. જે પૂર્વ બંગાળ (બાંગ્લાદેશ)ના સોનર ગાંવથી આગ્રા, દિલ્હી અને લાહોર થઈ સિંધુ નદીને કિનારે સમાપ્ત થતી. બીજો માર્ગ કે રસ્તો આગ્રાથી બુહરાનપુર સુધીનો, ત્રીજો આગ્રાથી જોધપુર અને ચિતોડ સુધીનો અને ચોથો લાહોરથી મુલતાન સુધીનો હતો.

આ સાથે શેરશાહે પાકા રસ્તાઓની બંને બાજુએ મુસાફરોની સગવડ માટે ઘટાદાર વૃક્ષો રોપાવ્યાં અને થોડા-થોડા અંતરો પર સરાઈઓ કે આરામગૃહો બંધાવ્યા. સરાઈમાં તેણે હિન્દુ અને મુસ્લિમો માટે અલગ-અલગ પણ એકસમાન વ્યવસ્થા કરી. દરેક સરાઈમાં ગરમ અને ઠંડા પાણીની, ખાવાપીવાની તેમજ આરામ માટેની અને ઘોડા માટે દાણની વ્યવસ્થા કરાતી હતી. આ સરાઈઓ આરામગૃહોની સાથે-સાથે ડાકચોકીનું પણ કામ કરતી. દરેક સરાઈ (આરામગૃહ) પાસે બે ઘોડા અને કેટલાક ખેપિયાઓ રાખવામાં આવતા. જેઓ શાહી ડાકઅને જરૂરી સૂચનાઓ એક સરાઈથી બીજી સરાઈ સુધી સરળતાથી પહોંચાડતા.

શેરશાહે હિંદુઓને તેમના બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા કરવાની સ્વતંત્રતા આપી અને તેમની પાઠશાળાઓને આર્થિક સહાયતા પણ કરી હતી. આ સાથે શેરશાહે મુસ્લિમોની કેળવણી માટે વિશેષ પ્રોત્સાહન આપ્યું હતું. દરેક મસ્જિદમાં ફારસી, ઈરાની અને કુરાનનું શિક્ષણ અપાય અને ઉચ્ચ શિક્ષણ માટે મદરેસાઓ સ્થપાઈ હતી. મદરેસાઓને આર્થિક સહાયતા અપાતી તથા વિદ્યાનુરાગી અને ગરીબ વિદ્યાર્થીઓને માટે શિષ્યવૃત્તિ અને ભરણપોષણ માટે પણ વ્યવસ્થા કરાતી.

શેરશાહે દાન આપવા માટે 'દાનવિભાગ'ને પુનઃસંગઠિત કર્યો, મુસ્લિમોને ખેરાત કરતો, રાજ્યમાં ''લંગરખાના'' (રાજકીય ભોજનાલયો)ની વ્યવસ્થા કરાવી, ચિકિત્સાલયોનું નિર્માણ કરાવ્યું તથા તેના શાસનકાળમાં હજારો મુસ્લિમ સ્ત્રીઓના લગ્નસંસ્કાર રાજ્ય તરફથી થતા હતા. આ ઉપરાંત અનેક ભવનોનું પણ નિર્માણ કરાવ્યું.

આમ, શેરશાહ જનસમાજમાં તેના સાર્વજનિક કાર્યો માટે ખૂબ જાણીતો થયો.

- ***તમારી પ્રગતિ ચકાસો***

1. શેરશાહની પ્રારંભિક કારકિર્દી વર્ણવી, સુલતાન પદની પ્રાપ્તિ સુધીના તેના સંઘર્ષને વર્ણવો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

2. દિલ્હીના સુલતાન બન્યા પછી શેરશાહના યુદ્ધ અને વિજયો વર્ણવો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

3. શેરશાહના સુધારાઓ વિશે ચર્ચા કરો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

4. શેરશાહ એક શાસક તરીકે અને સુધારક તરીકે વર્ણવો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

***નીચે આપેલી ખાલી જગ્યા પૂરો.***

1. શેરશાહનું મૂળ નામ __________ હતું.
2. શેરશાહ__________ જાતિનો હતો.
3. શેરશાહના પિતાનું નામ __________ હતું.
4. ફરીદને શેરખાંનો ઈલ્કાબ __________ આપ્યો હતો.
5. ચૌસાનું યુદ્ધ __________ અને __________ વચ્ચે થયું હતું.
6. __________ ના યુદ્ધ પછી હુમાયુ હાર્યો અને શેરશાહ દિલ્હીના સુલતાન પદ પર બિરાજમાન થયો.
7. મારવાડ પર શેરશાહના સમયમાં __________ શાસક શાસન કરતો હતો.
8. __________ ના યુદ્ધ દરમિયાન શેરશાહનું મૃત્યુ થયું.

9. કેન્દ્રીય વહીવટી વ્યવસ્થામાં લશ્કરી ખાતા __________ નામથી અને એનો વડો __________ નામથી ઓળખાતો.
10. સામ્રાજ્યના દરેક પ્રાંતને __________ માં વિભાજિત કરેલ હતો.
11. શેરશાહે જમીન માપણી માટે __________ નો ઉપયોગ કર્યો હતો.
12. શેરશાહે લશ્કરમાં થતો ભ્રષ્ટાચાર અટકાવવા __________ પ્રથા અમલમાં મૂકી.
13. શેરશાહે__________ નામે સોનાનો સિક્કો અમલમાં મૂક્યો.
14. શેરશાહે શરૂ કરેલ સરાઈઓ (આશ્રમગૃહો) વટેમાર્ગુના આરામની સાથે-સાથે બીજી __________ કામગીરી કરતી.

## 2.4 *સમાપન*

ફરીદ કે જે સામાન્ય માણસની જેમ અનેક સંઘર્ષો કરી સુલતાનપદ પર પહોંચનાર 'સૂરવંશ'નો પહેલો શાસક હતો. અનેક કૌટુંબિક મુશ્કેલીઓ વચ્ચે તે ફરીદમાંથી શેરખાં અને શેરશાહ બન્યો એ સફર દરેક સામાન્ય માણસ માટે રોમાંચિત કરનારી છે. શેરશાહ એક યોગ્ય સેનાપતિ-યોદ્ધા, યોગ્ય વહીવટીકર્તા તથા તેણે કરેલા અનેક સાર્વજનિક સુધારાથી તે દયાળુ-માયાળુ અને પ્રજાચિંતિત શાસક હતો. તેનું દૂરદર્શીપણું અને યોગ્ય સૂઝથી તેણે દિલ્હીની ગાદી પ્રાપ્ત કરી અને પાંચ વર્ષ જેટલા ઓછા સમયમાં અનેક યુદ્ધો કરી વિજય પ્રાપ્ત કર્યો અને અનેક સુધારા કરી પ્રજાપ્રિય થયો. ઈતિહાસના પાનામાં આટલા ઓછા વર્ષ શાસન કરનાર શાસકની આટલી અગણિત સિદ્ધિઓ ભાગ્યે જોવા મળે છે.

## 2.5 *ચાવીરૂપ શબ્દો*

| | |
|---|---|
| 1. સરકાર | 6. ડાઘ પ્રથા |
| 2. પરગણું | 7. હુલિયા |
| 3. વગદાર | 8. મૈઝ |
| 4. સરાઈ | 9. સિકંદરી ગજ |
| 5. અશર્ફી | 10. પટ્ટા |

## 2.6 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

### *ક. ખાલી જગ્યા*

1. ફરીદ
2. સૂર
3. હસનખાન
4. દક્ષિણ બિહારના સ્વતંત્ર શાસક બહારખાં નૂહાની (સુલતાન મુહમ્મદશાહ)

5. હુમાયુ અને શેરશાહ
6. કનોજનું યુદ્ધ
7. માલદેવ રાઠોડ
8. કાલિંજર
9. દિવાને આરિઝ અને આરિઝે મમાલિક
10. સરકાર
11. સિકંદરી ગજ
12. ડાઘ પ્રથા અને હુલિયા
13. અશર્ફી
14. ડાકચોકીની

## 2.7 *સંદર્ભગ્રંથો*


1. ભારતનું ગેઝેટિયર (ઇતિહાસ અને સંસ્કૃતિ) - સંપા.ડૉ. પી.એન. ચોપરા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, તૃતીય આવૃત્તિ, 2018
2. પટેલ જશુભાઈ બી., ભારતનો ઇતિહાસ (મોગલ યુગ 1526 થી 1707), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ચતુર્થ આવૃત્તિ, 2015
3. મુઘલકાલીન ભારતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ (ઈ.સ.16મીથી ઈ.સ.18મી સદી સુધી), ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
4. ***अहमद इमत्याज, मध्यकालीन भारत ८वी से १८ वी शताब्दी, एक सर्वेक्षण, नेशनल पब्लिकेशन, पटना, पुनरीक्षित, २००३***

# એકમ : 3 અકબરની રાજપૂત અને ધાર્મિક નીતિ તથા અકબરના સુધારા

:: રૂપરેખા::

**3.0 ઉદ્દેશો**
**3.1 પ્રસ્તાવના**
**3.2 અકબરની રાજપૂત નીતિ**
**3.2.1 અકબર રાજપૂત નીતિના કારણો**
**3.2.2 અકબરની રાજપૂત નીતિનું સ્વરૂપ**
**3.2.3 અકબરની રાજપૂત નીતિના પરિણામો**
**3.3 અકબરની ધાર્મિક નીતિ**
**3.3.1 અકબરની ધાર્મિક નીતિના કારણો અથવા ધાર્મિક નીતિના ઘડતર પાછળના પરિબળો**
**3.3.2 અકબરની ધાર્મિક નીતિની મુખ્ય વિશેષતાઓ અને વિકાસ**
**3.4 અકબરના સુધારા**
**3.4.1 સામાજિક સુધારા**
**3.4.2 શૈક્ષણિક સુધારા**
**3.5 સમાપન**
**3.6 ચાવીરૂપ શબ્દો**
**3.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**
**3.8 સંદર્ભગ્રંથો**

## 3.0 ઉદ્દેશો

- આ એકમના અભ્યાસથી અકબરની રાજપૂત નીતિ માટે જવાબદાર કારણો, સ્વરૂપ અને પરિણામો વિશે જાણી શકશો.
- અકબરની ધાર્મિક નીતિના ઘડતર પાછળના પરિબળો અને તેની મુખ્ય વિશેષતાઓ વિશે જાણી શકશો તથા અકબરના સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે કરેલ સુધારા વિશે જાણી શકશો.

## 3.1 પ્રસ્તાવના

ઈ.સ.1542માં અમરકોટમાં હમીદાબાનુ બેગમે એક પુત્રરત્નને જન્મ આપ્યો. આ પુત્ર એટલે હુમાયુ અને હમીદાબાનુ બેગમની કૂખે જન્મેલ જલાલુદ્દીન મુહમ્મદ અકબર કે જે મહાન અકબરના નામથી પ્રસિદ્ધ થયેલ. અકબરના જન્મ સમયે હુમાયુ પોતે ભાગેડું જીવન જીવતો હતો તથા એની પરિસ્થિતિ એટલી ખરાબ હતી કે પુત્ર જન્મના

સમાચાર મળતાં તેણે પોતાની છાવણીમાં સરદારોને માત્ર કસ્તુરી વહેંચી શક્યો. છતાંય કસ્તુરી વહેંચતાં હુમાયુ કહ્યુ હતું કે "મારા પુત્રના જન્મ સમયે હું આ એક જ ભેટ તમને આપી શકું તેમ છું. પરંતુ મને વિશ્વાસ છે કે જેમ અહીંનો તંબુ કસ્તૂરીની સુવાસથી મધમધી રહ્યો છે, તેમ મારા પુત્રનો યશ સમસ્ત વિશ્વમાં મધમધી રહેશે." આમ, હુમાયુ દ્વારા બોલાયેલ આ વાક્ય ફળીભૂત થયું.

ઈ.સ.1551માં અકબરની નવ વર્ષની આયુમાં હુમાયુએ તેને ગઝનીના સૂબા તરીકે નિયુક્ત્ કર્યો હતો. ઈ.સ. 1555માં અકબરને પંજાબનો હાકેમ તરીકે બૈરામખાંનના સંરક્ષણ નીચે નિમવામાં આવ્યો. જ્યારે અકસ્માતે હુમાયુનું દિલ્હીમાં અવસાન થયું ત્યારે તેનો પુત્ર અકબર કલાનૌરમાં પંજાબના સિકંદર સૂર વિરુદ્ધ કામગીરી સંભાળતો હતો. 14 વર્ષની નાની વયના એ વારસદારોને 14મી ફેબ્રુઆરી, ઈ.સ. 1556ના રોજ દિલ્હી અને કલાનૌરમાં બાદશાહ જાહેર કરવામાં આવ્યો અને તેને 'જલાલઉદ્દીન મુહમ્મદ અકબર'નું બિરુદ ધારણ કર્યું.

બાદશાહ બન્યા પછી અકબરે બૈરામખાનના સંરક્ષક હેઠળ, પેટીકોટ શાસન હેઠળ અને સ્વતંત્ર શાસનમાં અનેક-યુદ્ધો કર્યા અને વિજયો પ્રાપ્ત કર્યા. આ સાથે-સાથે ઇતિહાસના પાના પર અકબર પોતાની રાજપૂત નીતિ, ધાર્મિક નીતિ અને વિશેષમાં કરેલ અનેક સુધારા માટે પણ પ્રચલિત અને પ્રખ્યાત છે. જે તેની વિશેષતા પણ રહી. ઝો આજે અકબરની વિશેષતા એની રાજપૂત નીતિ, ધાર્મિક નીતિ અને સુધારા વિશે અભ્યાસ કરીશું.

## 3.2 *અકબરની રાજપૂત નીતિ*

અકબર પોતે સામ્રાજ્યવાદી હતો. તેણે પોતાના પિતા અને દાદાની નીતિની વિરુદ્ધ જઈ રાજપૂતો સાથે મૈત્રી સંબંધો બાંધ્યા. જે એની ગહન સૂઝનું પ્રતીક છે. એનું મુખ્ય લક્ષ્ય ભારતમાં વિદેશી વંશ માટે એક નવા સામ્રાજ્યની સ્થાપના કરવી અને એને દઢ તથા સુરક્ષિત કરવું હતું. માટે એને આ દેશમાં એવા મિત્રોની જરૂર હતી જે એને સમર્થન અને સહયોગ આપી શકે. આ દેશના ઇતિહાસમાં રાજપૂતો પોતાની વીરતા, પ્રામાણિકતા અને શૌર્ય માટે પ્રખ્યાત હતા અને માટે અકબરે વિચાર્યુ કે એમની શત્રુતા મુઘલ સામ્રાજ્ય માટે ઘાતક પ્રમાણિત થઈ પરંતુ એમની મિત્રતા ચોક્કસપણે ઉપયોગી સાબિત થઈ શકે. આમ, અકબરની રાજપૂત નીતિ પાછળ તેની ઉચ્ચકોટીની રાજનીતિજ્ઞ સૂઝને સૂચવે છે.

### 3.2.1 *અકબર રાજપૂત નીતિના કારણો*

અકબરે અપનાવેલી ઉદાર અને સહિષ્ણુ રાજપૂત નીતિ પાછળના અનેક કારણો જવાબદાર હતા. એ વિશે ધારણાઓ કરવામાં આવે છે. જેમાં...

**(1)** ***સ્થાયી શાંતિ, વ્યવસ્થા અને વિશાળ સામ્રાજ્યની સ્થાપના હેતુ :***

અકબર એક કૂટનિતિજ્ઞ અને દૂરદર્શી સમ્રાટ હતો. અકબર સારી રીતે જાણતો હતો કે હિન્દુ પ્રધાન દેશ એવા ભારત પર હિન્દુઓના રાજનૈતિક નેતા અને શૌર્યતાથી

ભરપૂર એવા રાજપૂતોને શત્રુ બનાવીને સ્થાયી, શાંતિપૂર્ણ અને વિશાળ સામ્રાજ્યની સ્થાપના અસંભવ છે. જે પાછળના વર્ષોના ઇતિહાસમાં પણ આ વાત સ્પષ્ટ થતી હતી. અકબર સારી રીતે સમજી ગયો હતો કે સામ્રાજ્યને શક્તિશાળી અને સુદૃઢ બનાવવું હોય તો રાજપૂતો સાથે મૈત્રીભર્યું વલણ અખત્યાર કરવામાં સામ્રાજ્યનું અને શાસકનું હિત સમાયેલું છે.

**(2)** ***"વિદેશી શાસક"નું બિરુદ દૂર કરવા :***

મુઘલ શાસકો તૈમૂરના વશંજો હતા. અકબરે પણ એવો અનુભવ કર્યો હતો કે ભારતના લોકો પણ મુગલોને લૂંટેરાઓ અને વિદેશી જ સમજતા હતા. ભારતના લોકોના હૃદયમાં મુગલ રાજા વંશ અને સામ્રાજ્ય માટે કોઈ પણ પ્રકારની સહાનુભૂતિ ન હતી. આ પરિસ્થિતિમાં એક સ્થાયી, શક્તિશાળી અને વિસ્તૃત સામ્રાજ્યની કલ્પના દિવાસ્વપ્ન સમાન હતી. આમ, અકબરે રાજપૂતોની સાથે એટલે જ મિત્રતાનો હાથ લંબાવ્યો, જેથી એ સર્વપ્રથમ એમની સદ્‌ભાવના અને સહયોગ પ્રાપ્ત કરી મુગલ સામ્રાજ્યની પ્રતિષ્ઠાને લોકોના હૃદયમાં એવી રીતે સ્થાપિત કરી શકે જેથી લોકો અનુભવે કે અકબર સંપૂર્ણ ભારતીય જનતાનો શાસક છે અને મુગલો વિદેશી નથી.

**(3)** ***વિદેશી સૈન્યમાંથી મુક્તિ હેતુ :***

બાબરના સમયથી જ મુગલ સમ્રાટો યુદ્ધોમાં બલ્ખ, બગક્ષાં, સમરકંદ, ઈરાન, અફઘાનિસ્તાન વગેરે દેશોના વિદેશી સૈનિકો પર આધાર રાખતા આવ્યા છે. આ ઉપરાંત અકબરને એ પણ ખબર હતી કે વિદેશી સૈનિકોને જરૂરિયાત મુજબની સંખ્યામાં પ્રાપ્ત કરવા સરળ ન હતા. આ સૈનિકોનું હિંદના લોકો પ્રત્યે સહાનુભૂતિ ન હતી અને તેથી હિંદના લોકો સાથે ક્રૂરતાપૂર્વક વર્તન કરતા હતા. આ સાથ-સાથે એમના વ્યવહારમાં પણ રોજબરોજ અંહકારની ભાવના વધતી જતી હતી કારણ કે એમને એવું લાગતું હતું કે એમની વગર મુઘલ સામ્રાજ્ય ટકી શકે એમ નથી. આમ, અકબરને લાગ્યું કે રાજપૂતોનો સહયોગ મળવાથી એની આ સમસ્યાનું પણ નિવારણ થઈ જશે.

**(4)** ***વિદ્રોહીઓ અને પ્રતિસ્પર્ધીઓના શમન હેતુ :***

અકબરે પોતાના વ્યક્તિગત જીવનમાં એ અનુભવ કર્યો કે મુગલ સામંત, સરદાર અને અધિકારીગણ સામ્રાજ્યના હિતો પ્રત્યે ઉદાસીન છે. તેઓ સદાય પોતાના વ્યક્તિગત સ્વાર્થ સિદ્ધિઓમાં લાગેલા રહે છે અને ક્યારેય પણ સમ્રાટના વિરુદ્ધમાં પણ વિદ્રોહ કરી શકે છે. જેનાં અનેક ઉદાહરણો એની સમક્ષ હતા. જેમાં એના રાજ્યાભિષેક સમયે તેનો દરબારી શાહ અબ્દુલ મલ્લિકથી શરૂ કરી એનો સંરક્ષક અને વાલી એવો બૈરમખાં, સમ્રાટની દાયમા માહમઆંગા તથા તેનો પુત્ર આદામખાં, સોતેલો ભાઈ મિર્ઝા હાકીમ, ઉજબેગ સરદાર જમાલખાં અને અબ્દુલખાં વગેરેએ વિદ્રોહ કર્યા હતા. આ સાથે બંગાળ, બિહાર અને ઓરિસ્સાના શક્તિશાળી અફઘાન સરદારો હિંદમાંથી મોગલ સત્તાનો નાશ કરવા માગતા હતા. આવી વિકટ પરિસ્થિતિમાં રાજપૂતોનો સહયોગ પ્રાપ્ત કરી

મુસલમાન સરદારો અને અધિકારીઓ તથા પ્રતિસ્પર્ધીઓની સમસ્યાઓનું સરળતાથી સમાધાન થઈ જાય.

**(5) *રાજપૂતોના ગુણો અને રાજસ્થાનની ભૌગોલિક સ્થિતિ :***

અકબર એ વાતથી સારી રીતે વાકેફ હતો કે રાજપૂત મહાન વીર, અસાધારણ યોદ્ધા, અસ્ત્ર-શસ્ત્રમાં નિપુણ હોવાની સાથે-સાથે દુનિયાની કોઈ વસ્તુ એમને ખરીદી શકે એમ નથી. રાજપૂતોમાં બલિદાન, સ્વામીભક્તિ, નીડરતા, ત્યાગ, સચ્ચાઈ વગેરે ગુણો છે. આમ, અકબરે રાજનૈતિક ઉદ્દેશ્યોથી આવી મહાન જાતિને પોતાના મિત્રો બનાવવા વધારે લાભકારક માન્યા.

આ ઉપરાંત મોગલ સામ્રાજ્યની રાજધાની દિલ્હી તેમજ આગ્રા બંને રાજસ્થાનની નજીક હતા. આંતરિક શાંતિની સ્થાપના તથા બાહ્ય સુરક્ષા માટે આ ક્ષેત્રો પર પોતાનો સંબંધ રાખવા જરૂરી હતા. આમ, રાજસ્થાનની ભૌગોલિક સ્થિતિ રાજકીય અને આર્થિક દૃષ્ટિએ મુગલો માટે ખૂબ મહત્ત્વની હતી. તેથી પાડોશી રાજપૂતો સાથે મૈત્રી અને પ્રેમના બંધનમાં બાંધી સમર્થક બનાવવાનું વધારે શ્રેષ્ઠ લાગ્યું.

**(6) *અન્ય કારણ :***

ઉપરોક્ત કારણો ઉપરાંત કેટલાંક વિદ્વાનોનું એવું પણ માનવું છે કે એક રાજપૂતની છત્રછાયામાં જન્મ લેવાના કારણે અકબરને રાજપૂતો પ્રતિ શ્રદ્ધા અને સહાનુભૂતિની ભાવનાનો સમાવેશ થયો હતો. આ ઉપરાંત અકબરની સ્વભાવગત અને વંશપરંપરાનુગત ધાર્મિક ઉદારતાને પણ આ નીતિનું એક કારણ તરીકે વિદ્વાનોએ સ્વીકાર્યું છે. આમ, માત્ર રાજનૈતિક સ્વાર્થ માટે નહિ પણ અકબરના સ્વભાવમાં પણ ઉદારતા હતી, તેથી તેણે રાજપૂતો પ્રત્યે મિત્રતા અને સહયોગની નીતિનું પાલન કર્યું.

### 3.2.2 *અકબરની રાજપૂત નીતિનું સ્વરૂપ અથવા રાજપૂત મૈત્રીના ઉપાયો*

**(1) *લગ્ન સંબંધોની સ્થાપના :***

રાજપૂતો સાથે મૈત્રીભર્યા સંબંધો રાખવા માટે તેમની સાથે લગ્ન સંબંધો બાંધવા એ સમ્રાટની નીતિનું એક વિશેષ લક્ષણ હતું. અકબરે અનેક રાજપૂત રાજકુમારીઓ સાથે લગ્ન સંબંધો બાંધ્યા અને એ દ્વારા તેણે રાજપૂતોને પોતાના સંબંધી બનાવ્યા. જેની શરૂઆત અંબર (જયપુર)ના રાજા ભારમલ કે બિહારીમલની જયેષ્ઠ પુત્રીના લગ્ન અકબર સાથે કર્યા. કેટલાક ઈતિહાસકારો બિહારીમલની પુત્રીના અકબર સાથેના લગ્નને એક મહાન ઐતિહાસિક ઘટના તરીકે મૂલવે છે. ડૉ. બેની પ્રસાદ પોતાના ગ્રંથ "History of Jahangir"માં લખે છે કે "આ લગ્ન સંબંધે હિન્દુસ્તાનના રાજકારણમાં એક નવીન યુગનો પ્રારંભ કર્યો. તેણે દેશને ખ્યાતનામ મોગલ શાસકોની હારમાળા પ્રદાન કરી અને મોગલ શાસકોની ચાર પેઢીઓને મધ્યયુગના શ્રેષ્ઠ સેનાપતિઓ તથા રાજપુરુષોની સેના પ્રાપ્ત થઈ." એણે પોતાની બધી જ હિન્દુ પત્નીઓ સાથે સમ્માનીય વ્યવહાર કર્યો અને ધાર્મિક સ્વતંત્રતા પણ પ્રદાન કરી તથા એમના પિતા અને સંબંધીઓને પોતાના દરબારમાં સન્માનજનક પદ આપ્યા. અકબરે રાજપૂતો સાથે અપનાવેલ ઉદારનીતિમાં ક્યાંય

લગ્નની શરતો વચ્ચે નહોતી. ઉ.દા. રણથંભોરના હાડાઓ સાથે અકબરને વૈવાહિક સંબંધો ન હતા છતાં તેઓ અકબરના કૃપાપાત્ર હતા. રાજા ભારમલનું અનુકરણ કરી બીકાનેર, મારવાડ તથા જૈસલમેર વગેરે રાજાઓએ પણ અકબર સાથે વૈવાહિક સંબંધો બાંધ્યા.

**(2)** ***રાજપૂતોને ઊંચા હોદ્દાઓ પર નિમણૂક :***

અકબરે પોતાની મૈત્રી અને શરણાગતિ સ્વીકારનાર રાજપૂતોને અને હિંદુઓને રાજ્યમાં જવાબદારીભર્યા પદે નિમણૂક. દા.ત. તેણે અંબરના રાજા બિહારીમલના દત્તક પુત્ર ભગવાનદાસ અને તેના પૌત્ર માનસિંહ તેમજ ટોડરમલ અને બિરબલને રાજ્યના અગત્યના હોદ્દાઓ આપ્યા. પુત્ર ભગવાનદાસને પાંચ હજારી મનસબ, પૌત્ર માનસિંહને સાત હજારી મનસબ, એ જ રીતે બીકાનેરના રાયસિંહ અને જૈસલમેરના ભીમસેનને મહત્ત્વપૂર્ણ મનસબો આપવામાં આવી. 'આઈન-એ-અકબરી'ના વિવરણ મુજબ અકબરના રાજ્ય અમલમાં કુલ 51 મહત્ત્વપૂર્ણ મનસબદારો હતા, જેમાં 17 રાજપૂતો હતા. રાજપૂત રાજાઓને સૈનિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ સ્થાનો પર સર્વોચ્ચ અધિકારી તરીકે નિયુક્ત કર્યા. કહેવામાં આવે છે કે લગભગ 20 પ્રતિશત સૈનિક પદ રાજપૂતોને આપવામાં આવેલ હતા.

**(3)*રાજપૂતો સાથે ધાર્મિક સહિષ્ણુતા અને રાજપૂતોનો ધાર્મિક સ્વતંત્રતા :***

અકબરે પોતાના પુરોગામી શાસકોથી ઊલટું રાજપૂતો સાથે સહિષ્ણુતા દાખવી હતી તથા તેમની સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર કર્યો. અકબરે રાજપૂતોના રીત-રિવાજો, ધર્મ અને સામાજિક મામલામાં કોઈ પણ પ્રકારનો હસ્તક્ષેપ નહોતો કર્યો. તેણે રાજપૂતોની પરંપરાઓ સાથે ચેડા કર્યા નહીં અને તેમની માન-મર્યાદાનો પૂરેપૂરો ખ્યાલ રાખ્યો હતો. સમ્રાટે ધર્મના નામે તેમને સતાવ્યા નથી. બધા જ રાજપૂત અધિકારીઓ, સૈનિકો અને રાજકીય પદાધિકારીઓને પૂર્ણ ધાર્મિક સ્વતંત્રતા પ્રદાન કરી. તેઓ રાજ-દરબાર અને મહેલો રહીને પણ પોતાના બધા તહેવારો અને રીત-રિવાજોને પોતાની પરંપરા અનુસાર સંપન્ન કરી શકતા. એણે રાજપૂતો સાથે યુદ્ધ કરતી વખતે આ યુદ્ધને 'જેહાદ' (ધર્મયુદ્ધ)નું નામ નહોતું આપ્યું અને યુદ્ધ દરમિયાન કોઈ પણ મંદિર કે મૂર્તિનો નાશ પણ નહોતો કર્યો. એણે ગૌ-વધ નિષેધ કર્યો, જજીયા હટાવ્યો અને તીર્થસ્થાનો પર લેવાતો કર સમાપ્ત કર્યો. સમ્રાટના આ વિવેકપૂર્ણ વ્યવહારે તેની રાજપૂત નીતિને સફળતા પ્રદાન કરી.

**(4)** ***રાજપૂત રાજ્યોને આંતરિક સ્વતંત્રતા પ્રદાન કરી :***

અકબરે પોતાના શરણે આવેલા રાજપૂતોને રાજકીય, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે સમાનતાનો અધિકાર આપ્યો અને આંતરિક નીતિ અને સ્વાયત શાસનની પૂર્ણ સ્વતંત્રતા આપી. આ રાજ્યો દરેક વર્ષે સમ્રાટને કર આપતા હતા અને જરૂરિયાતના સમયે સૈનિકો પૂરા પાડતા હતા. અકબરે એમના આંતરિક શાસનમાં કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ ના કર્યો. ડૉ. આર. પી. ત્રિપાઠીએ લખ્યું છે કે, "અકબરે અન્ય રાજપૂત રાજાઓ પ્રત્યેના પોતાના વ્યવહારથી એ પૂરવાર કર્યુ કે ન તો તે તેમના રાજ્ય પર અધિકાર જમાવવા

માનતો હતો ન તો તેમના સામાજિક અને આર્થિક જીવનમાં હસ્તક્ષેપ કરવા ઇચ્છતો હતો, તે તો એટલું જ ઇચ્છતો હતો કે રાજપૂતો નવીન સામ્રાજ્ય સંઘનું પ્રભુત્વ સ્વીકારી લે.''

**(5) *શત્રુ રાજપૂત રાજ્યો સાથે યુદ્ધ :***

અકબરે કળથી-શાંતિથી મહાત કરીને રાજપૂતોને પોતાના પક્ષમાં લીધા. એણે માત્ર એવા જ રાજપૂત રાજાઓ સાથે યુદ્ધ કર્યું કે જેમણે અકબરની આધીનતા સ્વીકાર કરવાની ના પાડી દીધી હતી. દા.ત. મેવાડના રાજપૂત રાણા ઉદયસિંહ અને પ્રતાપે મોગલોની શરણાગતિ સ્વીકારવાની ના પાડતા તેમની સામે બળથી-યુદ્ધથી કામ લેવામાં આવ્યું. એ જ પ્રમાણે રણથંભોર અને કાલિંજરના શાસકો સાથે અકબરે યુદ્ધ કર્યુ.

આમ, રાજપૂતો સાથે અકબરની નીતિના સ્વરૂપ વિશે વાત કરીએ તો ''શક્ય હોય ત્યાં સુધી કળથી, સમજાવટથી અને મૈત્રીપૂર્ણ વ્યવહારથી કામ લેવું અને આખરી ઉપાય તરીકે બળનો કે યુદ્ધનો આશરો લેવો.

### 3.2.3 *અકબરની રાજપૂત નીતિના પરિણામો અથવા મહત્ત્વ*

**(1) *રાજપૂતોની અમૂલ્ય સેવાની પ્રાપ્તિ :***

રાજપૂતનીતિથી મોગલ સામ્રાજ્યને અમૂલ્ય લાભ થયો. આ નીતિથી મોગલ સામ્રાજ્યને રાજપૂતોનો અમૂલ્ય સહકાર-સહયોગ સાંપડ્યો. રાજપૂતો મોગલ સામ્રાજ્યના સ્તંભ બની ગયા. રાજપૂતોએ અચળ સ્વામી-ભક્તિથી મોગલ સામ્રાજ્યની સેવા કરી અને સાથોસાથ કુરબાની પણ આપી. રાજા ભગવાનદાસ, રાજા બીરબલ વગેરે યુદ્ધોમાં લડેલા અને કુરબાની આપતા પણ ખચકાયા નહીં. આમ, અકબરે રાજપૂત દુશ્મનોને મિત્રમાં ફેરવી દઈ તેમને સામ્રાજ્યના હિત માટે લડવા પ્રોત્સાહિત કરવા એ અકબરની રાજકીય પ્રતિભાનું શ્રેષ્ઠ કાર્ય હતું.

**(2) *રાજપૂતોનો વિકાસ :***

રાજપૂતોનો પણ અકબર સાથેના લગ્ન સંબંધ - મૈત્રી સંબંધથી ફાયદો થયો. તેમને પોતાની બૌદ્ધિક અને માનસિક શક્તિઓનો વિકાસ કરવાની અને વિવિધ ક્ષેત્રે યશ પ્રાપ્ત કરવાની ઉમદા તક સાંપડી. આ નીતિથી રાજપૂતાનામાં શાંતિ બનેલી રહી. રાજપૂતોને શાહી સેવા કરવાથી સન્માન, સારું વેતન, ઉચ્ચ પદ અને મનસબ, મોટી-મોટી જાગીરીઓ પ્રાપ્ત થઈ. તેમની આવકના સ્ત્રોતોમાં પણ વૃદ્ધિ થઈ.

**(3) *હિંદુ-મુસ્લિમ સાંસ્કૃતિક સમન્વય :***

અકબરની રાજપૂત નીતિ અને લગ્નસંબંધોના પરિણામે હિન્દુ-મુસલમાનોએ એકબીજાના રીત-રિવાજો અને તહેવારોમાં ભાગ લેવાનું શરૂ કર્યું. અકબરે રાજ્ય તરફથી સંસ્કૃત, હિન્દી અને અન્ય ક્ષેત્રિય ભાષાને પ્રોત્સાહન આપ્યું. સંગીત, ચિત્રકલા, સાહિત્ય વગેરે ક્ષેત્રોમાં હિન્દુ-મુસ્લિમ વિચારધારાનો સમન્વય થયો. અકબરના સમયના ભવનોના

નિર્માણમાં રાજપૂત કલાની અસર દષ્ટિગોચર થાય છે. આમ, હિન્દુ-મુસ્લિમ વિચારોના સંમિશ્રણથી હિન્દુ-મુસ્લિમ સંસ્કૃતિનો સમન્વય શક્ય બન્યો.

**(4) *મોગલ સામ્રાજ્યનો સર્વાંગી વિકાસ :***

અકબરની મૈત્રીભરી રાજપૂત નીતિને લીધે મોગલ સામ્રાજ્યને પણ ઘણો લાભ અને સામ્રાજ્યનો સર્વાંગી વિકાસ થયો. વહીવટી ક્ષેત્રે જે કાંઈ સુધારા થયા એ સમ્રાટની વહીવટી ક્ષેત્રે રાજપૂતોને નીમવાની નીતિને આભારી હતા. રાજપૂતોના સહયોગથી મુગલ સામ્રાજ્યની સીમાઓનો વિસ્તાર તો થયો પણ આ સાથે તેમની લશ્કરી, વહીવટી, મહેસૂલી વગેરે સેવાઓથી મુગલ સામ્રાજ્યને સુદૃઢ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. ડૉ. એ.એલ. શ્રીવાસ્તવ નોંધે છે કે "આ રાજપૂત મૈત્રી-નીતિથી દેશમાં એવું તો આર્થિક ઉન્નતિ અને સાંસ્કૃતિક પુનરુત્થાન કર્યું કે જેનું અન્ય કોઈ ઉદાહરણ નથી."

**(5) *ખંડિત થયેલી રાજપૂતોની એકતા :***

અકબરની આ રાજપૂત મૈત્રીભરી ઉદાર રાજપૂત નીતિએ રાજપૂતોને નિર્બળ બનાવ્યા અને તેમની એકતા ખંડિત કરી, જ્યારે બીજી બાજુએ તે જ નીતિએ સમ્રાટ અકબરના હાથ મજબૂત કર્યા એટલું જ નહિ પરંતુ મોગલ-વંશને સ્થિર અને સલામત બનાવ્યું. ઉદા. મેવાડના રાણા ઉદયસિંહ અને રાણા પ્રતાપ સિવાયના ઘણા રાજપૂતો રાજાઓ મૈત્રી અને લગ્ન સંબંધમાં જોડાયા. મેવાડનો રાણા આ મૈત્રી સંબંધનો વિરોધી હતો. આથી, રાજપૂતોની એકતામાં તિરાડ પડી. વળી જ્યારે અકબરે મેવાડ પર આક્રમણ કર્યું ત્યારે રાજપૂતો અકબર સામે સંયુક્ત મોરચો બનાવી લડી શક્યા નહીં જેથી અકબરે મેવાડ સરળતાથી પ્રાપ્ત કર્યું.

આમ, અકબરે અપનાવેલી રાજપૂત નીતિએ ભારતભૂમિ અને ઈતિહાસ માટે સીમાચિન્હ તરીકે ઓળખાઈ.

## 3.3 *અકબરની ધાર્મિક નીતિ*

હિન્દુસ્તાનના મુસ્લિમ શાસકોમાં અકબર વધારે ઉદાર અને સહિષ્ણુ રાજવી હતો. એની ધાર્મિકનીતિએ દેશમાં શાંતિ, સમૃદ્ધિ અને એકતાના નવા યુગનો સૂત્રપાત કર્યો. અકબર એ પ્રથમ શાસક હતો, જેને પોતાના સામ્રાજ્યનો પાયો હિન્દુ અને મુસ્લિમ બંને સંપ્રદાયોની સદ્ભાવના ઉપર રાખ્યો. અકબરની ધાર્મિકનીતિના ઘડતર પાછળ અનેક પરિબળો જવાબદાર હતા.

### 3.3.1 *અકબરની ધાર્મિક નીતિના ઘડતર પાછળના પરિબળો/કારણો*

**(1) *પૂર્વજો અને શિક્ષકોનો પ્રભાવ :***

અકબરને ધાર્મિકતાના કેટલાક ગુણો વિરાસતમાં જ મળેલા હતા. અકબરનો જન્મ અને ઉછેર પણ સહિષ્ણુ અને ઉદારતાપૂર્ણ વાતાવરણમાં થયો હતો. એના પિતા

સુન્નિ અને માતા શિયા હતી. અકબરનો જન્મ પણ એક રાજપૂતની છત્રછાયામાં થયો હતો. શિયાપંથી માતાના સહિષ્ણુ વિચારોની અસર પણ તેના પર હતી.

સમ્રાટની ઉદારનીતિના ઘડતરમાં તેના શિક્ષકોએ પણ મહત્ત્વનો ફાળો આપ્યો હતો. અકબરનો સંરક્ષક બૈરમખાં પાક્કો સિયા હતો. બૈરમખાંની ઊંડી અસર અકબરની ધાર્મિકનીતિ અને વ્યવહાર પર જોઈ શકાય છે. અકબરના શિક્ષક અબ્દુલ લતીફ પોતાની ધાર્મિક ઉદારતા માટે ખૂબ પ્રસિદ્ધ હતો. એને અકબરને શાંતિ (સુલહ-ઈ-કુલ)નો સિદ્ધાંત ભણાવ્યો હતો અને અકબરે એના ઉપર પૂરો અમલ કર્યો હતો. મીરા શરીફ સમ્રાટને આધ્યાત્મિક પ્રેમ અંગેના પુસ્તકો વાંચી સંભળાવતો.

**(2) *અકબરનું વ્યક્તિત્વ :***

અકબર જન્મથી જ ઉદાર અને સહનશીલ સ્વભાવનો વ્યક્તિ હતો. અકબરના વ્યક્તિત્વમાં જ કેટલીક એવી વિશેષતા હતી જેણે એની ધાર્મિક ઉદારતાને વિકસાવી. અકબરમાં સત્યને શોધવાની અને તેને પામવાની ખૂબ ઉત્કંઠા હતી. અકબર પોતે લખે છે કે, ''20મું વર્ષ પૂરું થતાં મારા હૃદયમાં આંતરિક મનોવ્યથા શરૂ થઈ અને મારી પાસે અંતિમ મુસાફરીનું આધ્યાત્મિક ભાથું ન હોવાથી મારો આત્મા ખૂબ વ્યથિત થતો'' તેણે પોતાના પ્રારંભિક વર્ષોથી જ આધ્યાત્મિક ચેતનાનો પ્રારંભ કર્યો હતો. સર્વ ધર્મના સત્ય તત્ત્વોને પામવાની અને જાણવાની તેનામાં તીવ્ર જિજ્ઞાસા હતી.

**(3) *રાજનૈતિક મહત્ત્વકાંક્ષા અને જરૂરિયાત :***

અકબરની રાજકીય મહત્ત્વકાંક્ષાએ પણ તેની ધાર્મિકનીતિને પ્રભાવિત કરી હતી. અકબર પોતાના સામ્રાજ્યને વિસ્તૃત અને સુદૃઢ બનાવવા માગતો હતો. એ જાણતો હતો કે ભારતની જનસંખ્યામાં હિન્દુઓનું પ્રમાણ વધું છે, તેમના સહયોગને સહાનુભૂતિ વગર તથા વિભિન્ન વર્ગો, ધર્મો અને સંપ્રદાયોના લોકોને એકતાથી જોડી ન શકાય ત્યાં સુધી મુઘલ સામ્રાજ્યની રક્ષા, વિસ્તાર, સ્થાઈ શાંતિ, સફળ કાનૂની વ્યવસ્થા વગેરે સંભવિત નથી. આમ, પોતાની મહત્ત્વકાંક્ષાઓ પૂરી પાડવાના ઈરાદાથી ''સુલહ-ઈ-કુલ''ની નીતિ અપનાવી હતી.

**(4) *તત્કાલીન પરિસ્થિતિઓ અને વ્યક્તિઓનો પ્રભાવ :***

અકબર પોતાના યુગથી પણ પ્રભાવિત હતો. સોળમી સદી ધાર્મિક શોધખોળોનો યુગ હતો. પ્રિન્સ શ્રીરામ શર્મા નોંધે છે કે, અકબરના વિચારો પર તત્કાલીન ભક્તિ આંદોલન અને સૂફી વિચારધારાનો પણ ભારે પ્રભાવ પડ્યો હતો, જેના પરિણામે તે સહિષ્ણુ અને ઉદાર માનસ ધરાવતો બન્યો. રૂકબરે રાજ્યારોહણ પહેલા અને પછી પંજાબમાં લાંબો સમય રહેતાં, ગુરુ નાનક અને તેમના ઉત્તરાધિકારી ગુરુઓના પ્રભાવથી 'હિન્દુ મુસ્લિમ સદ્‌ભાવનાયુક્ત' વાતાવરણ નિહાળ્યું. આ ઉપરાંત અકબરે રાજપૂત રાજકુમારીઓ સાથે લગ્નો કર્યા. જેનો પ્રભાવ તેના ધાર્મિક વિચારો પર થયો હતો. જે

રાજવી શાહી મહેલમાં પોતાની હિન્દુ રાણીઓને મૂર્તિપૂજાની છૂટ આપે તે સામ્રાજ્યની 'હિંદુ' પ્રજાને મૂર્તિપૂજાથી કેવી રીતે રોકી શકે ?

### 3.3.2 *અકબરની ધાર્મિક નીતિની મુખ્ય વિશેષતાઓ અને વિકાસ*

અકબર ઉપર જ્યાં સુધી બૈરમખાં અને 'હરમ'ની અસર રહી ત્યાં સુધી તે કોઈ પણ પ્રકારનાં ધાર્મિક કાર્ય કે નીતિ માટે સ્વતંત્ર નિર્ણય ન લઈ શકતો. પરંતુ ઈ.સ.1562માં જ્યારે એ સંરક્ષણ શાસનમાંથી મુક્ત થયો ત્યારથી તે નિર્ણયો લેવા માટે મુક્ત થયો. પ્રારંભમાં અકબર પરંપરાવાદી મુસલમાન હતો. એક ચુસ્ત મુસ્લિમની જેમ પ્રતિદિન નમાઝ પઢતો અને મુલ્લા-મૌલવીઓનો આદર કરતો પરંતુ તે કટ્ટર ધર્માંધ ન હતો, તેમજ તેણે હિન્દુઓ પર ધાર્મિક અત્યાચારો પણ ગુજાર્યા ન હતા.

### (1) *ઉદાર ધાર્મિક નીતિનાં સંભવિત શરૂઆતના કાર્યો :*

અકબરની ધાર્મિક ઉદારતાની પ્રથમ ચિનગારી એ સમયે ઉત્પન્ન થઈ જ્યારે તે માત્ર 20 વર્ષનો કિશોર હતો. તેણે ઈ.સ. 1562માં ધાર્મિક સહનશીલતાની નીતિને અમલમાં મૂકી. એણે આ વર્ષે જ શાહી ફરમાન બહાર પાડીને યુદ્ધમાં લડવાવાળા યુદ્ધ કેદીઓને ગુલામ બનાવવાની અને યુદ્ધ કેદીઓને બળપૂર્વક મુસ્લિમ બનાવવાની મનાઈ ફરમાવી. ઈ.સ. 1563માં અકબરે હિન્દુઓને પોતાના તીર્થસ્થાનોની યાત્રા માટે રાજ્યને આપવો પડતો યાત્રાવેરો નાબૂદ કરાવ્યો. ઈ.સ. 1564માં બિનમુસ્લિમો (હિન્દુઓ) પાસેથી લેવામાં આવતો અલોકપ્રિય ધાર્મિક વેરો 'જજિયા' નાબૂદ કરવાનું ફરમાન બહાર પાડ્યું. જેનાથી હિન્દુ અને મુસ્લિમ વર્ગના લોકોને સમાન નાગરિકતા મળી. ઈ.સ. 1562થી અકબરે બિનમુસ્લિમો માટે ભેદભાવ વગર રાજ્યના ઉચ્ચ હોદ્દાઓ પર નિયુક્ત કર્યા. આ જ વર્ષે અંબરના રાજપૂત રાજા બિહારીમલની રાજકુંવરી સાથે લગ્ન કર્યા અને નવી ધાર્મિક નીતિનો પ્રારંભ થયો. અકબરે બિનમુસ્લિમોને જાહેર પૂજાસ્થળો પર પૂજાની અને આવા સ્થળોનું નિર્માણ કરવાની સ્વતંત્રતા આપી તથા હિન્દુ-મુસ્લિમો એકબીજાના ધાર્મિક અને સાહિત્યિક વિચારોથી વાકેફ થઈ શકે અને એ દ્વારા બંને વચ્ચે સાંસ્કૃતિક સંપર્ક અને વિચારોનું આદાનપ્રદાન થઈ શકે તે માટે અનુવાદ વિભાગની સ્થાપના કરી.

ઉપરોક્ત ધાર્મિક ઉદારતાની શરૂઆતની સાથે-સાથે ઈ.સ. 1575 સુધી અકબર નિયમિતપણે નમાઝ પઢતો. સલીમ ચિશ્તી જેવા પ્રસિદ્ધ પીરોના મકબરાઓના દર્શન કરતો અને ઈસ્લામના નિયમનોં પણ ચુસ્તપણે પાલન કરતો રહ્યો.

### (2) *'ઈબાદતખાના'ની સ્થાપના – ઈ.સ.* 1575

બાળપણથી જ અકબર જિજ્ઞાસુ વૃત્તિનો વ્યક્તિ હતો. તે સતત સત્ય શોધવા માટે પ્રયત્નો કરતો અને આ જ ઉદ્દેશ્યથી ઈ.સ. 1575માં ફતેહપુર સીકરીમાં તેણે 'ઈબાદતખાના' (પ્રાર્થના ઘર)ની સ્થાપના કરી. અહીં દર ગુરુવારની સાંજે વિચાર-વિમર્શ થતો. શરૂઆતમાં આ ધર્મ ચર્ચામાં માત્ર સૈયદો, ઉલેમાઓ, શેખો અને ધર્મમાં અભિરુચિ ધરાવતા રાજ્યના દરબારીઓ એમ ચાર જ વર્ગો ભાગ લેતા. પરંતુ વિચાર-વિમર્શની

સાથે એમની વચ્ચે વાક્-યુદ્ધ, લડાઈ, ઝગડા, એકબીજા ઉપર કીચડ ઉછાળવું વગેરે પ્રવૃત્તિઓ ઈબાદતખાનામાં થવા લાગી. આથી અકબર એનાથી વિરક્ત થયો અને ઈબાદતખાનાને બિનમુસ્લિમ વિદ્વાનો અને વિચારકો માટે ખોલી દીધું. ઈ.સ.1578 માં અને એ પછી 1581 સુધી ઈબાદતખાનામાં ધાર્મિક ચર્ચાઓ માટે હિન્દુ સંતો, જૈન મુનિઓ, પારસી મોબેદ, ખ્રિસ્તી પાદરીઓ, બૌદ્ધ મુનિઓ વગેરેને આમંત્રિત કર્યા. ધીમે-ધીમે ઈબાદતખાનામાં ધર્મ, કાનૂન, દર્શન, દુન્યવી વગેરે જેવા અનેક વિષયો પર ચર્ચા થવા લાગી. અકબર પોતે પણ અનેક પ્રસંગોની આ બેઠકોમાં હાજર રહેતો. થોડાક સમય બાદ એને અનુભવ્યું કે મૂળ તો બધા જ ધર્મોનું આધારભૂત તત્ત્વ એક જ છે અને બધા ધર્મોમાં કંઈક ખામીઓ અને શ્રેષ્ઠતમ પણ રહેલું છે.

હવે ઈબાદતખાના એ સમયના વર્ષોમાં ‘તુલનાત્મક અધ્યયન’નું કેન્દ્ર બની ગયું. ઘણીવાર ઈબાદતખાનાના વાતાવરણ લીધે અકબર શ્રેયની જગ્યાએ નિંદાનો પાત્ર પણ બન્યો.

**(3) *સમ્રાટ દ્વારા ખુત્બાનું વાંચન :***

અકબરે ઉલેમાઓના હાનિકારક પ્રભાવને ઘટાડવા માટે જૂન ઈ.સ. 1579 ને શુક્રવારની નમાઝ વખતે ફતેહપુર સિક્રીની જુમા મસ્જિદના ‘મુખ્ય ઈમામ’ને દૂર કરીને એ પદ અકબરે પોતે ધારણ કરી, એ જ મસ્જિદના ધર્માસન પર બેસીને માનવસમૂહ વચ્ચે ફૈઝીએ રચેલ ખુત્બા (પ્રાર્થના)નું વાંચન કર્યું. ખુત્બાના વાંચન પછી અકબરે ‘ખલીફા-ઉજ-જમના’ની ઉપાધિ ધારણ કરી જેથી તે હવે ખલીફાથી સ્વતંત્ર બન્યો. અકબરે માંસાહારી ભોજનને અપ્રાકૃતિક કીધું. એને હિન્દુ, જૈન અને પારસી સંસ્થાઓને ભૂમિ અનુદાન આપવાનું શરૂ કર્યું.

**(4) *‘મહઝર’ પત્રની ઘોષણા :***

અકબરે મુલ્લાઓથી પહોંચી વળવા માટે અને પોતાની પકડ મજબૂત કરવા માટે ઈ.સ.1579ના સપ્ટેમ્બરમાં ફઝલ-ફૈઝીના પિતા શેખ મુબારક જે પોતે ઈસ્લામ ધર્મના મુખ્ય વિશેષજ્ઞ હતા, તેમની મદદથી ‘મહજર’ નામનું એક આજ્ઞાપત્ર (દસ્તાવેજ) તૈયાર કરાવ્યું. આ આજ્ઞાપત્ર પર મુખ્ય મુસલમાન ધાર્મિક પુરુષો તથા મખદૂત ઉલમુલ્ક, અબ્દુલનવી, કાઝી જલાલુદ્દીન મુલતાની, ગાંજીખાં બદખશી, સામ્રાજ્યના મુક્તી અને પ્રધાન કાઝી તથા શેખ મુબારકે પોતાના હસ્તાક્ષર કર્યા.

આ આજ્ઞાપત્રમાં કહેવામાં આવ્યું છે કે જો કુરાનની વ્યાખ્યા કરવાવાળા સમર્થ વિદ્વાનોમાં પરસ્પર મતભેદ થશે તો અકબરને એ અધિકાર રહેશે કે એ એમાંની કોઈ પણ વ્યાખ્યાનો સ્વીકાર કરી શકે છે, જે બહુસંખ્યક જનતા અને દેશના હિતમાં હોય. આ પત્રમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે જો અકબર કુરાનનું અનુકરણ કરી જાતિ અથવા દેશના હિતમાં કોઈ નવી આજ્ઞા પ્રસિદ્ધ કરે તો એ આજ્ઞાને બધાએ સ્વીકારવાની રહેશે.

આમ, કુરાનની વ્યાખ્યા કરવાનો અંતિમ નિર્ણય પોતે પ્રાપ્ત કરી લીધો અને ઉલેમાઓને પોતાના આધિન કરી દીધા. ઉલેમાઓને સમ્રાટની નીતિના સમર્થક બનાવ્યા અને પોતાની સત્તામાં વૃદ્ધિ કરી.

**(5)** ***દીને-ઈલાહી ધર્મ :***

ઈબાદતખાનામાં અલગ-અલગ ધર્મોના નેતાઓથી સંપર્ક કરી, અલગ-અલગ ધાર્મિક ગ્રંથોનું અધ્યયન કરી સર્વધર્મના વિશિષ્ટ તત્ત્વોનો તુલનાત્મક અભ્યાસ કરીને એ અનુભવ્યું કે બધા જ ધર્મોમાં કેટલીક વાતો સારી છે. જો અલગ-અલગ ધર્મોની સારી-સારી વાતો લેવામાં આવે તો સામંજસ્ય અને એકતાનું વાતાવરણ ઊભું થઈ શકે.નામો અને સ્વરૂપોની ભિન્નતા હોવા છતાં ઈશ્વર એક જ છે. ઈ.સ.1582ના ફેબ્રુઆરીમાં એક નવા ધર્મની સ્થાપના કરી. અબુલ ફઝલ અને બદાયુની આ નવા ધર્મ માટે 'તોહીદે-ઈલાહી' (દૈવી એકેશ્વરવાદી) એવા શબ્દનો પ્રયોગ કરે છે. સામાન્યત એને'દીન-ઈલાહી' નામથી ઓળખવામાં આવતો. ડૉ. ઈશ્વરીયપ્રસાદના મતે 'દીને-ઈલાહી' એ સર્વેશ્વરવાદ હતો, જેમાં બધા ધર્મોના સારા તત્ત્વોનો સમાવેશ થયેલો હતો.

આધુનિક ઈતિહાસકારોના મતે 'દીને-ઈલાહી' કોઈ નવો ધર્મ ન હતો. આ ધર્મનું ના કોઈ પૂજા સ્થાન હતું અને ન તો કોઈ ધાર્મિક ગ્રંથ. અકબરે આ ધર્મના પ્રચાર માટે કોઈ વ્યવસ્થા નહોતી કરી અને ન તો તેની પૂજાની કોઈ વિશિષ્ટ પદ્ધતિ હતી. અકબરનું સ્થાન પણ એક સંત કે શેખની જેમ હતું. આ ધર્મને અંગીકાર કરવાવાળા અકબરને પોતાના ગુરુ તરીકે સ્વીકારતા. વાસ્તવિકતામાં આ ધર્મનો હેતુ વિભિન્ન ધર્મો, સંપ્રદાયો અને જાતિઓને એકબીજાને નજીક લાવવાનો હતો. આ ધર્મની રચના ''સાર્વજનિક સહિષ્ણુતા'' (સુલેહ કુલ)ના સિદ્ધાંત પર કરવામાં આવેલ હતી અને સ્વયં અકબરે બધા જ ધર્મોની સારી બાબતોને સંગ્રહીત કરી આમાં મૂકી હતી. ઈશ્વરની એકતા પર વિશ્વાસ કરતો આ ધર્મ એકદમ સાદો હતો. જે સાર્વજનિક સહિષ્ણુતા અને વિશ્વબંધુત્વની ભાવના પર આધારિત હતો.

- ***દીને-ઈલાહીમાં પ્રવેશ પાત્રતા અને પ્રવેશવિધિ :***

આ ધર્મની પ્રવેશવિધિ અલગ હતી. આ ધર્મમાં માત્ર એ લોકોને જ સામેલ કરવામાં આવતા હતા જેમની લગન અને નિષ્ઠા પર કોઈ શંકા ન કરવામાં આવે. અકબરને જ્યારે તેની ઉપર પૂર્ણ શ્રદ્ધા બેસે તે જ વ્યક્તિ આ ધર્મમાં પ્રવેશ લઈ શકતો. આ ધર્મનો સભ્ય થવા ઈચ્છતી વ્યક્તિ રવિવારના દિવસે દીને-ઈલાહી ધર્મના પ્રધાન પુરોહિત અબુલ ફઝલ પાસે જાય અને અબુલ ફઝલ એ વ્યક્તિનો પરિચય સમ્રાટને કરાવે. એ વ્યક્તિ પોતાની પાઘડી પોતાના હાથમાં લઈ અકબરના ચરણોમાં પોતાનું શિર ઝુકાવતી. અકબર તેને ઊભો કરી પાઘડી તેના શિરે પહેરાવતો અને તેને 'અલ્લાહ' અને 'અલ્લાહુ-અકબર' જેવા શબ્દોથી અંકિત થયેલું દિક્ષાનું એક પ્રતિક ચિન્હ્ 'શસ્ત્ર' (સોનાની ગોળ અંગૂઠી જેવી વસ્તુ) આપતો.

- ***દીને-ઈલાહીના નિયમો :***

દીને-ઈલાહીમાં પ્રવેશ લેનાર અનુયાયીઓએ જે નિયમો પાળવાના હતા તેમાં સભ્યોએ અભિવાદન માટે 'અલ્લાહુ-અકબર' અને 'જલ્લે-જલ્લાહુ' શબ્દોનું ઉચ્ચારણ કરવું પડતું. માંસાહાર ન કરવો તથા કસાઈઓ, માછીમારો અને પક્ષી પકડનારા એવા વ્યક્તિઓ સાથે ભોજન ન કરવું કે એમના વાસણનો ઉપયોગ ન કરવો. વૃદ્ધ સ્ત્રીઓ, નાની ઉંમરની સ્ત્રીઓ, ગર્ભવતી મહિલા સાથે લગ્ન ન કરવા કે સહવાસ ન કરવો, સભ્યે પોતાના જન્મદિન પ્રસંગે મિજબાની અને ખેરાત કરવી તથા મૃત્યુ પછી અપાતું જમણ કે બારમું ને બદલે પોતાના જીવત અવસ્થામાં આવું ભોજન આપવું, સમ્રાટ માટે ધન, જન, માન, ધર્મ વગેરે અર્પણ કરવા માટે તત્પર રહે એવી પણ અપેક્ષા કરાતી. આમ, સૂર્યપૂજા અને અગ્નિપૂજા સાથે ભક્તિ, અહિંસા, દાન, વિદ્યા-જ્ઞાન પ્રાપ્તિ વગેરેમાં એને રસ લેવાનો રહેતો.

- ***દીને-ઈલાહીની સભ્ય સંખ્યા અને નિષ્ફળતાના કારણો :***

દીને-ઈલાહી સંપ્રદાયના સદસ્યોની સંખ્યા કંઈક હજાર સુધીની જ હતી. સામ્રાજ્યનાં મોટાભાગના વિશિષ્ટ પુરુષો આમાં જોડાયા નહિ. આમાં બીરબલ એકલો જ હિન્દુ હતો. 'આઈને-અકબર'ના વિવરણ મુજબ અકબર સહિત કુલ વીસ (20) પ્રતિષ્ઠિત વ્યક્તિઓ જ આ સંપ્રદાયના સભ્યો હતા.

'દીને-ઈલાહી' સામાન્ય લોકોને આકર્ષી શક્યો નહિ અને પ્રજામાં લોકપ્રિય બની શક્યો નહિ. ધર્મ નિષ્ફળ જવા માટેના કારણોમાં જોઈએ તો અકબરે આ ધર્મના પ્રચાર માટે કોઈ વ્યવસ્થિત પગલાં ભર્યા નહિ. ધર્મને રાજ્યાશ્રયનો અભાવ, યુગની ભાવનાથી અલગ જ ભાવના પ્રેરીત.

આમ, અકબરના મૃત્યુ સાથે આ 'દીને-ઈલાહી' ધર્મ પણ મરી પરવાર્યો.

## 3.4 *અકબરના સુધારા*

અકબરની ગણના વિશ્વના શક્તિશાળી અને મહાન શાસકોમાં થાય છે. તેને સામ્રાજ્યભરની સઘળી પ્રજા પ્રત્યે સમાન ન્યાય અને વ્યવહારની તથા નિષ્પક્ષતાની નીતિ અપનાવી હતી. તેણે ધર્મનિરપેક્ષ રાજ્ય અને વહીવટ સ્થાપવાનો પ્રયાસ કર્યો. તેણે વહીવટી તંત્રની એકરૂપતા, એક જ રાજભાષા, એકસરખું ચલણ, એક જ શાહી સેવાઓ, એકસરખી મહેસૂલી પ્રથા, એકસરખી ન્યાય પદ્ધતિ વગેરે સ્થાપ્યા. તેને વહીવટી અને લશ્કરી ક્ષેત્રમાં ઉચ્ચ અને જવાબદારીભર્યા હોદ્દાઓ પર યોગ્યતાના ધોરણે નીમ્યા. તેણે અનેક બદીઓ દૂર કરવા અને લોકોનું ધોરણ ઊંચું લાવવા સુધારાવાદી નીતિ અપનાવી. તેણે કરેલ સુધારામાં સામાજિક અને શૈક્ષણિક સુધારાનું અનેરું મહત્ત્વ છે.

### 3.4.1 *સામાજિક સુધારા*

મુસ્લિમ રાજ્યમાં હિન્દુઓને તેમના તીર્થસ્થાનોની યાત્રા માટે રાજ્યનો નક્કી કરેલ યાત્રાવેરો ભરવો પડતો. જે અકબરે 1563માં સામ્રાજ્યમાંથી આ ''યાત્રાવેરો

નાબૂદ'' કરાવ્યો. આ સાથે બિનમુસ્લિમ પાસેથી લેવાતો ધાર્મિક વેરો 'જજીયા વેરો' ઈ.સ. 1564માં નાબૂદ કર્યો. ઈ.સ. 1582માં તેણે પોતાના સામ્રાજ્યમાંથી ''ગુલામી પ્રથા''નો અંત આણ્યો અને એક ખાસ દરબારમાં હજારો ગુલામોની મુક્તિની જાહેરાત કરી. હિન્દુઓની લાગણીને લક્ષમાં લઈ સામ્રાજ્યભરમાંથી ગાયોની કતલ કરવાનો એટલે કે ''ગૌવધ નિષેધ'' ફરમાવ્યો. આ ઉપરાંત બળદ, ભેંસ વગેરે પ્રાણીઓના માંસના ઉપયોગ પર પણ પ્રતિબંધ મૂક્યો. ઈ.સ. 1582માં ''મદ્યપાન''નો નિષેધ કરી તેણે માત્ર દવાના રૂપમાં શરાબના ઉપયોગની છૂટ આપી જે હકીમના પ્રમાણપત્રના આધારે મળતું. અકબરે આદેશ બહાર પાડીને કોઈપણ સ્ત્રીને તેની ઇચ્છા વિરુદ્ધ સતી થવાની મનાઈ ફરમાવીને 'સતીપ્રથા'ને નિષેધ જેવો સુધારો કર્યો. 'લગ્નપ્રથા'માં કેટલાંક સુધારા કરી 'બાળલગ્ન'નો નિષેધ ફરમાવ્યો, વિધવા વિવાહની છૂટ અપાઈ તથા ઈ.સ. 1586-87ના શાહી આદેશ મુજબ પહેલી સ્ત્રીથી બાળકો ન થયા તેવી સ્થિતિમાં પુરુષને બીજી સ્ત્રી સાથે લગ્ન કરવાની છૂટ અપાઈ. આમ, બહુપત્નીપ્રથા પર નિયંત્રણ મૂક્યું. આ સાથે 'વેશ્યાવૃત્તિ' પર નિયંત્રણ કરતો કાયદો ઈ.સ. 1591માં ઘડ્યો. જેમાં વેશ્યાઓના નિવાસસ્થાનો રાજ્યોની બહાર ''શૈતાનપુરા'' નામ આપી રાખ્યા. તેમની ઉપર દેખેરખ રાખવા એક દારોગા, મુન્શી અને કર્મચારી નીમ્યા તથા કોઈ પણ વ્યક્તિ ઇચ્છે તો શાહી સંમતિથી વૈશ્યાને જીવનસાથી તરીકે અપનાવી શકતી હતી. આ ઉપરાંત ભિખારીઓ માટે રાજ્ય તરફથી મફત ભોજન વ્યવસ્થા અને પ્રજા માટે સામ્રાજ્યમાં દવાખાના સ્થાપવા માટે પણ પ્રયાસો કર્યા.

### 3.4.2 *શૈક્ષણિક સુધારા*

અકબર એના યુગનો પ્રથમ શાસક હતો. જેણે પોતાની પ્રજાની બૌદ્ધિક ઉન્નતિ તરફ લક્ષ્ય આપ્યું હતું. અકબરે દિલ્હી, આગ્રા અને ફતેહપુર સિકી જેવા પ્રસિદ્ધ નગરોમાં ઉચ્ચ શિક્ષણ માટે નવી મદરેસાઓ ખોલી. જેમાં હિન્દુ વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરતા. આ ઉપરાંત ફતેહપુર સિકી ખાતેના રાજમહેલમાં બહેનો માટે એક અલગ શાળા સ્થાપી હતી. અકબરે સંસ્કૃતના અભ્યાસ માટે વારાણસી ખાતે એક પાઠશાળા સ્થાપિત કરાવી હતી તથા રાજ્યમાં 'હિંદી અને સંસ્કૃત'' ભાષાઓને વિશેષ પ્રોત્સાહન મળ્યું. દેશની એકતા અને શાંતિ માટે અકબરે શૈક્ષણિક અભ્યાસક્રમમાં પણ જરૂરી સુધારા કરાવ્યા. એણે નૈતિક શિક્ષણ, ગણિતની સાથે-સાથે ઇતિહાસ, કૃષિશાસ્ત્ર, ભૂગોળ, વહીવટી શિક્ષણ, રાજ્યશાસ્ત્ર, ભૂમિતિ, જ્યોતિષ, તર્કશાસ્ત્ર અને વિવિધ ભાષાઓના શિક્ષણ ઉપર ભાર આપ્યો. અકબરે હિન્દુઓ અને મુસ્લિમોના સાહિત્યની ઉન્નતિ માટે રાજધાનીમાં એક 'અનુવાદ વિભાગ' સ્થાપ્યો હતો. સમ્રાટના આદેશથી આ વિભાગ હેઠળ સંસ્કૃત, અરબી અને તુર્કી ગ્રંથોના ફારસીમાં ભાષાંતરો થયા. અહીં રામાયણ, મહાભારત, અથર્વવેદ, રાજતરંગિણી, હરિવંશ, પુરાણ, પંચતંત્ર, લીલાવતી, ગીતા, કુરાન વગેરેના ગ્રંથો અનુવાદ કરાવ્યા. તેણે રાજધાનીમાં એક ભવ્ય પુસ્તકાલયની સ્થાપના કરાવી હતી. જેમાં ફારસી, અરબી, સંસ્કૃત, તુર્કી, ગ્રીક વગેરે ભાષાઓમાં લખાયેલા 24000 ગ્રંથો હતા.

આમ, અકબરે સામાજિક બદીઓ, શિથિલ નીતિમત્તા અને જડ વહેમો વચ્ચે પોતાના યુગથી પર બનીને એવા સુધારાઓ કર્યા, જે તેના યુગના સામાજિક જીવનને ખૂબ સહાયભૂત બન્યા હતા તથા શૈક્ષણિક સુધારાથી હિન્દુઓને અને મુસ્લિમોને પરસ્પર એકબીજાના વિચારો અને સંસ્કૃતિને સમજવાની તક સાંપડી જે તેનું હિન્દુ-મુસ્લિમ સમન્વયની દિશામાં પ્રશંસનીય કાર્ય હતું.

***તમારી પ્રગતિ ચકાસો.***

***(ક) નીચેનું વિધાન ખરું છે કે ખોટું જણાવો.***

(1) અકબરે ઈ.સ. 1556માં દિલ્હીની ગાદી સંભાળી હતી.

(2) મેવાડના રાજપૂત રાણા ઉદયસિંહે મોગલોની શરણાગતિ સ્વીકારી હતી.

(3) અકબરના પિતા શિયા અને માતા સુન્નિ હતા.

(4) અકબરને અબ્દુલ લતિફે સુલહ-એ-કુલ'નો સિદ્ધાંત શીખવ્યો હતો.

(5) અકબરે ફતેહપુર સિકરીમાં 'ઈબાદતખાના'ની સ્થાપના કરી.

(6) અકબરે બૈરામખાંના આદેશથી ''ગુલામીપ્રથા અને ગૌવધ નિષેધ''નો કાયદો પ્રસાર કર્યો.

***(ખ) વિસ્તૃત જવાબો આપો.***

(1) અકબરની રાજપૂતનીતિ વિશે વિગતે ચર્ચો.

(2) અકબરની ધાર્મિકનીતિના વિવિધ પાસાઓ આલેખો.

(3)અકબરે સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે કરેલાં સુધારાઓ જણાવો.

(4) 'દિન-ઈ -ઈલાહી' ધર્મ વિશે માહિતી આપો.

## 3.5 *સમાપન*

અકબર એક ઉચ્ચ કોટીનો રાષ્ટ્ર નિર્માતા હતો. એની ગણતરી માત્ર ભારતમાં નહિ પણ વિશ્વના પ્રથમ શ્રેણીના મહાન સમ્રાટોમાં થાય છે. ભારતના મુસ્લિમ શાસકોમાં તેણે ઉચ્ચતમ સ્થાન પ્રાપ્ત કર્યું. તે પોતે એક નિડર સૈનિક, દયાળુ અને બુદ્ધિમાન શાસક અને ઉચ્ચ વિચારોવાળો વ્યક્તિ હતો. અકબરે અપનાવેલી ઉદાર અને સહિષ્ણુ રાજપૂત નીતિ પાછળ તેની ઉચ્ચ કોટીની રાજનિતિજ્ઞ સૂઝને સૂચવે છે. તેને દેશમાં શાંતિ, સમૃદ્ધિ અને એકતાના નવયુગનો સૂત્રપાત કર્યો છે. અકબરે કરેલ સુધારાઓને તેના 'ઉદાર પગલા' તરીકે નવાજી શકાય. પંડિત નહેરુના મત મુજબ ''અકબર ભારતીય રાષ્ટ્રવાદનો પિતા હતો.'' ડૉ. પી.શરણના અનુસાર ''જનતાની ઇચ્છા પર વ્યાપકપણે આધારિત અકબરનું રાજ્ય વાસ્તવમાં તો ''રાષ્ટ્રીય રાજ્ય'' હતું જે રાજ્ય સમાન સંસ્કૃતિ, સમાન પરંપરા-વારસો અને સમાન રાષ્ટ્રના સિદ્ધાંતો પર આધારિત હતું.''

## 3.6 *ચાવીરૂપ શબ્દો*

- કૂટનીતિજ્ઞ – રાજકીય દાવપેચમાં ખોટી નીતિ આચરવી
- જેહાદ : ધર્મયુદ્ધ
- અસ્ત્ર-શસ્ત્ર : યુદ્ધમાં વપરાતાં હથિયારો
- પુનરુત્થાન : ફરીથી ઊભું કરવું
- તુલનાત્મક અધ્યયન : બે જુદી જુદી વસ્તુ-વ્યક્તિ-પરંપરાની તુલના કરી અભ્યાસ કરવો.

## 3.7 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

*(ક) ખરાં-ખોટાંના જવાબો*

| | | | |
|---|---|---|---|
| (1) ખરું | (2) ખોટું | (3) ખોટું | (4) ખરું |
| (5) ખરું | (6) ખોટું | | |

## 3.8 *સંદર્ભગ્રંથો*


1. ભારતનું ગેઝેટિયર (ઇતિહાસ અને સંસ્કૃતિ) - સંપા.ડૉ. પી.એન. ચોપરા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, તૃતીય આવૃત્તિ, 2018
2. જશુભાઈ બી. પટેલ, ભારતનો ઇતિહાસ (મોગલ યુગ 1526 થી 1707), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ચતુર્થ આવૃત્તિ, 2015
3. *द्विवेदी आर. एस. "मध्यकालीन भारत" : विश्व भारती पब्लिकेशन्स, नई दिल्ली, प्रथम संस्करण २००८*
4. *सिन्हा विपिन बिहारी "मुगल भारत" : ज्ञानदा प्रकाशन, नई दिल्ली, २००९*
5. *परुथी आर. के. 'मुगल कालीन भारत' : अर्जुन पब्लिशिंग हाउस, नई दिल्ली, प्रथम संस्करण २००७*

## એકમ : 4

## *જહાંગીર : તેના વિજયો તથા જહાંગીરના જીવનમાં નૂરજહાંનો પ્રભાવ*

*:: રૂપરેખા::*

**4.0** *ઉદ્દેશો*
**4.1** *પ્રસ્તાવના*
**4.2** *જહાંગીરનું પ્રારંભિક જીવન*
**4.3** *જહાંગીરના વિજયો*
**4.3.1** *મેવાડ સાથે સંઘર્ષ તથા સંધિ*
**4.3.2** *દક્ષિણ સંગ્રામ*
**4.3.3** *ખોખરા તથા ખુર્દાને ખાલસા*
**4.3.4** *કાગરનો વિજય*
**4.3.5** *કિશ્તવારનો વિજય*
**4.4** *જહાંગીરના જીવનમાં નૂરજહાંનો પ્રભાવ*
**4.4.1** *નૂરજહાંનું પ્રારંભિક જીવન અને લગ્ન*
**4.4.2** *નૂરજહાંનું જહાંગીર અને સત્તા પર વર્ચસ્વ*
**4.4.3** *નૂરજહાંના વર્ચસ્વનો લાભદાયી પ્રભાવ*
**4.4.4** *નૂરજહાંના વર્ચસ્વનો હાનિકારક પ્રભાવ*
**4.5** *સમાપન*
**4.6** *ચાવીરૂપ શબ્દો*
**4.7** *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*
**4.8** *સંદર્ભ ગ્રંથો*

### 4.0 *ઉદ્દેશો*

વિદ્યાર્થી મિત્રો, આ એકમથી

- જહાંગીરના પ્રારંભિક જીવન વિશે અને તેના વિજયો વિશે માહિતી મેળવી શકાશે.
- જહાંગીરના પત્ની નૂરજહાંના જીવન વિશે તથા નૂરજહાંનો જહાંગીર પર કેવા પ્રકારનો પ્રભાવ હતો તે સમજી શકાશે.
- જહાંગીર પર નૂરજહાંના પ્રભાવના કારણે મુગલ સત્તા કેવા પ્રકારના પરિવર્તનો આવ્યા તેની પણ માહિતી મેળવી શકાશે.

## 4.1 *પ્રસ્તાવના*

હિંદના ઇતિહાસમાં અકબરનો પુત્ર અને ઉત્તરાધિકારી જહાંગીર મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તેણે હિંદ પર ઈ.સ. 1605 થી 1627 સુધી રાજ્ય કર્યું. તેનો 22 વર્ષનો શાસનકાળ સુખ-શાંતિ અને સમૃદ્ધિનો સમય હતો. તેણે પિતા તરફથી વારસામાં મળેલાં સામ્રાજ્યનું રક્ષણ કર્યુ અને અકબરની શાસનપ્રથાનાં આવશ્યક લક્ષણો પણ જાળવી રાખ્યાં.

## 4.2 *જહાંગીરનું પ્રારંભિક જીવન*

જહાંગીરનો જન્મ અનેક પ્રાર્થનાઓનું પરિણામ હતો. અકબરની બેગમ જયપુરની રાજકુમારી મરીયમ ઊઝ-ઝમાનીના ગર્ભવતી થતાં અકબરે તેને શેખ સલીમ ચિસ્તી નામના ચિસ્તી સંતની કુટિરમાં મોકલી. ત્યાં 30ઓગસ્ટ, 1596માં બેગમને પુત્રરત્નને જન્મ આપ્યો. આ પુત્ર એટલે ‘જહાંગીર’. જન્મ સમયે શેખ-સલીમ ચિસ્તીના નામ ઉપરથી જહાંગીરનું નામ પણ ‘સુલતાન મુહમ્મદ સલીમ’ રાખવામાં આવ્યું. અકબર સલીમને ‘શેખુબાબા’ કહીને જ બોલાવતો.

સલીમના શિક્ષણ, લશ્કરી અને વહીવટી તાલીમ માટે અકબરે યોગ્ય વ્યવસ્થા કરી હતી. સલીમનું અસંયમિત ચરિત્ર અને મદ્યપાન તથા ભોગોના વ્યસનમાં અલિપ્ત થઈ જવાથી અકબર તેનાથી ખૂબ અસંતુષ્ટ રહેતો. અકબરે સલીમને શિક્ષા અને દંડ ભેદ બંનેથી સુધારવાનો પ્રયત્ન કર્યો. પરંતુ પિતા-પુત્ર વચ્ચેની ખાઈ પુરાણી જ નહીં.

શારીરિક રીતે અસ્વસ્થ અને બિમારીના કારણે મરણ પથારીએ પડેલ અકબરે 21ઓક્ટોબર 1605માં પોતાની રાજકીય પાઘડી અને કટાર સલીમને પહેરાવી પોતાનો ઉત્તરાધિકારી જાહેર કર્યો અને ત્યારપછી 25-26 ઓક્ટોબરે અકબરનું મૃત્યુ થયું. અકબરના મૃત્યુના આઠ દિવસ પછી સલીમે, 3જી નવેમ્બર 1605માં 36 વર્ષની ઉંમરે ‘‘નુરૂદ્દીન મુહમ્મદ જહાંગીર પાદશાહ ગાઝી’’ની ઉપાધિ ધારણ કરીને આગ્રાના કિલ્લામાં તખ્ખતશીન થયો. જહાંગીરે શાસન, રાજનીતિ, સાંસ્કૃતિક વગેરે ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું.

## 4.3 *જહાંગીરના વિજયો*

### 4.3.1 *મેવાડ સાથે સંઘર્ષ તથા સંધિ*

મેવાડને પ્રાપ્ત કરવા માટે પોતાની પૂરે-પૂરી શક્તિ લગાવવા છતાં અકબરે મેવાડને વિજીત નહોતો કરી શક્યો. જે અધૂરું રહેલ કામ તેના પુત્ર જહાંગીરે કરી બતાવ્યું. મેવાડ-વિજયનેજહાંગીરના શાસનકાળની સૌથી અગત્યની ઘટના તરીકે ઓળખવામાં આવે છે.

પોતાના પિતાની સામ્રાજ્યવાદી નીતિને અનુસરવાવાળા જહાંગીરે સંપૂર્ણ દેશ પર એક છત્ર રાજ્ય સ્થાપિત કરવાની આકાંક્ષાએ પોતાના બીજા નંબરના પુત્ર પરવેઝને ઈ.સ. 1605માં 20,000 અશ્વદળ સાથે તથા પરામર્શક તરીકે સેનાપતિ આસકખાં

ઝફરબેગને સાથે લઈ મેવાડના રાણા અમરસિંહને હરાવવા માટે મોકલ્યા. અમરસિંહએ વીરતાપૂર્વક પોતાના પ્રદેશની રક્ષા કરી બંને સેના વચ્ચે દેવારની ઘાટી મુકામે ભીષણ યુદ્ધ ખેલાયું. પરંતુ યુદ્ધનું કોઈ નિશ્ચિત પરિણામ આવ્યું નહીં. બંને પક્ષોએ પોતાનો વિજયનો દાવો ઘોષિત કર્યો.

લગભગ બે વર્ષ પછી ઈ.સ. 1608માં જહાંગીરે મહાબતખાંના નેતૃત્વમાં 12,000 અશ્વદળ, 2000 બંદૂકધારી, 60 હાથી તથા નાની તોપો રાણા અમરસિંહને પરાસ્ત કરવા માટે મોકલી. મોગલ સૈન્યે રાજપૂતો પર આક્રમણ કર્યું. જેથી રાણા સહિત તેમને ટેકરીઓ અને જંગલોમાં ભરાઈ જવાની ફરજ પડી. રાજપૂતોની 'ગેરીલા પદ્ધતિ'ના કારણે મોગલો ત્યાં ફાવ્યા નહિ. ઈ.સ. 1609માં મહાબતખાંને પાછો બોલાવી તેના સ્થાને અબ્દુલાખાં સૈન્યનો અધ્યક્ષ બનાવીને મોકલવામાં આવ્યો. અબ્દુલ્લામાં મેવાડના પહાડો પર આક્રમણ કર્યુ પરંતુ રાણાને બંદી બનાવવામાં નિષ્ફળ રહ્યો. અબ્દુલખાંએ રાજકુમાર કરણસિંહને પરાસ્ત કર્યો. પરંતુ ઈ.સ. 1611ના 'રાણપુરની ઘાટી'ના યુદ્ધમાં રાજપૂતોની સામે અબ્દુલાખાંનો ખૂબ ખરાબ પરાજય થયો. ત્યારબાદ મિર્ઝા અજીજી કોકાને સૈન્યનો અધ્યક્ષ બનાવી મોકલવામાં આવ્યો અને તેની સાથે શાહજાદાં ખુર્રમને મેવાડ-આક્રમણ માટે મોકલવામાં આવ્યો. અહીં મિર્ઝા અજીજી કોકા અને ખુર્રમ વચ્ચે મતભેદ થતાં કોકાને પરત બોલાવી લેવામાં આવ્યો.

ઈ.સ. 1913માં જહાંગીર પોતે રણમેદાન પર નજર રાખી શકે તે ઉદ્દેશથી અજમેરમાં પડાવ નાખે છે. હવે માત્ર ખુર્રમ પર મેવાડ જીતવા માટેની જવાબદારી હતી. ખુર્રમે રાણાના સમગ્ર પ્રદેશ પર આંતક ફેલાવી દીધો તથા ગામડા, નગર અને જંગલોને સળગાવી નષ્ટ કરી દીધો. ઉપરાંત મંદિરો પણ તોડી પાડ્યા. તેણે ડુંગરાળ એકાંતવાસમાં રાજપૂત સિસોદિયાને ભૂખે મારવા માટે સઘળો પુરવઠો કાપી નાખ્યો. આવી ભીસ અને સંકટો વચ્ચે પણ રાજપૂતો મોગલો સામે હિંમત અને વીરતાપૂર્વક લડ્યા. પરંતુ દુષ્કાળ અને બિમારીના પ્રકોપના કારણે રાજપૂતોને ખૂબ ભોગવવું પડ્યું. આ સ્થિતિમાં રાજપૂત સલાહકારો અને સરદારોના સૂચન અને આજીજીથી રાણાએ પોતાની પ્રજાના હિતને ધ્યાને રાખી રાણાએ મોગલ સૈન્ય સાથે સુલેહ કરવાની ફરજ પડી. આમ, ઈ.સ. 1615માં રાણા અમરસિંહ અને સમ્રાટ વચ્ચે સંધિ કરવામાં આવી. આ સંધિની શરતો ખૂબ ઉદાર હતી. રાણાએ અમરસિંહએ જહાંગીરની સર્વોપરિતા સ્વીકારી સાથે-સાથે રાણા અમરસિંહ સાથે સારો અને સન્માનપૂર્વકનો વ્યવહાર જહાંગીર તથા ખુર્રમ દ્વારા કરવામાં આવ્યો. દિલ્હી અને મેવાડના રાજસત્તાના ઇતિહાસમાં આ સુલેહ અને સંધિનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આ પહેલા કોઈ સિસોદિયા વંશએ કોઈ પણ મુગલની પ્રત્યક્ષરૂપે સર્વોપરિતા સ્વીકારી ન હતી. બે રાજ્યો વચ્ચે લાંબા સમયથી ચાલતા મોગલ 'રાજપૂત સંઘર્ષનો આ સંધિ દ્વારા અંત આવ્યો. સમ્રાટે મેવાડ માટે અપનાવેલી ઉદારનીતિ અને મેવાડના આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ ન કરવાની સંધિ સમ્રાટ જહાંગીરના કુશળ રાજનીતિજ્ઞ અને દીર્ઘદષ્ટિ હોવાનો પરિચય કરાવે છે. મેવાડના રાજપૂતો અને મુગલો વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધની સ્થાપના થઈ.

મેવાડના રાણા મુગલ-સામ્રાજ્ય માટે ત્યાં સુધી રાજભક્ત બનેલા રહ્યા કે જ્યારે ઔરંગઝેબની અવિવેકપૂર્ણ નીતિએ રાણા રાજસિંહને સ્પષ્ટ વિદ્રોહ માટે વિવશ ન કર્યા.

**4.3.2 *દક્ષિણ સંગ્રામ***

જહાંગીર તખ્ત પર આવતાં અકબરના અધૂરા કાર્યને પૂર્ણ કરવાની અહમદનગરને મોગલ સામ્રાજ્યમાં સમાવી લેવાની તેમજ બીજાપુર અને ગોલકંડાના સ્વતંત્ર રાજ્યોને પરાસ્ત કરવાની યોજના ઘડી. ઈ.સ. 1608માં અબ્દુર્રહીમ ખાનેખાનાંની સરદારી હેઠળ 12,000 ચુનંદા ઘોડેસવારોને દક્ષિણમાં મોકલ્યા. ખૂબ પરાક્રમથી હુમલો કરવા છતાં ખાનેખાંનાએ કોઈ ખાસ સફળતા પ્રાપ્ત ન કરી શક્યો. કારણ કે આ સમયે નિઝામશાહી અહમદનગરોમાં પ્રધાનમંત્રી અને સૈન્ય તથા યુદ્ધકળામાં પ્રકાંડ પંડિત મલિક અંબર  સાથે તેનો સંઘર્ષ થયો. અંબરે 13 થી 14 હજાર સવારોની મદદથી મોગલ સૈન્યને ખૂબ હંફાવ્યું, જેથી મોગલ સૈન્યએ પીછેહઠ કરી. આથી સેનામાં એકરસતા અને શક્તિ બનાવી રાખવા માટે ઈ.સ.1610માં શાહજાદા પર્વઝને આસીફખાનાં સંરક્ષણ હેઠળ 20,000 સવારસહિત દક્ષિણમાં આક્રમણ કરવા મોકલ્યાં, પરંતુ તેઓ પણ ખાનેખાંનાથી કંઈ વધારે સફળતા પ્રાપ્ત ન કરી શક્યા. તે જ વર્ષે સમ્રાટે ખાનજહાં લોદીની સરદારી હેઠળ 2000 આહાદીઓ, 10,000 ઘોડેસવારો અને અનુભવી સેનાપતિઓને પણ દક્ષિણમાં મોકલ્યાં. આ સમયે પણ મોગલ પક્ષે અનુભવી સેનાપતિઓ અને પર્યાપ્ત શસ્ત્ર સામગ્રી હોવા છતાંય અંબરની સેના રહેલા મરાઠા સેનાપતિઓની ગેરીલા યુદ્ધ પદ્ધતિઓ સામે મોગલોને સફળતા મળી નહીં.

ઈ.સ. 1611માં મોગલોએ અહમદનગર ઉપર આક્રમણ કરવા એક 'ભવ્ય યોજના' ઘડી. જે મુજબ ખાનજહાં લોદી, રાજા માનસિંહ, આસકખાં વગેરેએ વરાડ અને ખાનદેશ તરફથી અને અબ્દુલ્લખાં ફિરોજજંગે 10000 ગુજરાતી સૈનિકો સાથે ગુજરાત તરફથી નક્કી કરેલ દિવસે અહમદનગર પર સંયુક્ત આક્રમણ કર્યુ પરંતુ આ યોજના પણ નિષ્ફળ નીવડી કારણ કે અન્ય સાથીદારોની રાહ જોયા વિના જ અબ્દુલ્લાખાં ખૂબ જ ઝડપથી વરાડ અને ખાનદેશ તરફ આગળ વધ્યો પરંતુ અંબરના ગેરીલા સૈનિકો તેના પર તૂટી પડ્યા અને તેને વળતો ગુજરાત તરફ હાંકી કાઢ્યો. આ બાબતથી રોષે ભરાયેલ જહાંગીરે અબ્દુલ્લાંખાંના સ્થાને અબ્દુલફહીમ ખાનેખાનાંને દક્ષિણના સૈન્યની સરદારી સોંપી ફરીથી મોકલ્યો. ખાનેખાંનાએ લશ્કર સાથે અંબરના સૈન્ય પર તૂટી પડ્યો અને ઈ.સ. 1612માં દક્ષિણીઓને પરાસ્ત કર્યા પરંતુ મુગલ સેનામાં ફરીથી ફૂટ પડતાં મુગલ સેનાને આ વિજયથી કોઈ મોટો ફાયદો ન થયો.

અહમનગર પરના છેલ્લા આક્રમણ માટે ખાનખાંનાને દક્ષિણમાંથી પરત બોલાવી નૂરજહાંની સલાહ અનુસાર જહાંગીરે શાહજહાં ખુર્રમને ઈ.સ. 1616માં 50 હજારથી વધારે સૈન્ય સાથે રવાના કર્યો. સમ્રાટ પોતે પણ રણસ્થળ ઉપર પોતાનો પ્રભાવ બનાવી રાખવા માટે પૂરા દરબાર સાથે માંડૂ નામના સ્થળ પર આવી ગયો. શાહજહાં ખુર્રમે માર્ચ 1617માં બુરાહાનપુર પહોંચી, પોતાના દૂતો મારફતે મલિક અંબર સાથે વાટાઘાટો ચલાવી. મુગલોની પરમ શક્તિથી ભયગ્રસ્ત થઈ મલિક અંબરે બધી જ શરતો સ્વીકારી

લીધી. જેમાં થોડા વર્ષો પહેલા જ અંબરે મુગલો પાસેથી છીનવી લીધેલા પ્રદેશો પાછા સોંપવાના, નિયત વાર્ષિક ખંડણી ભરવી તથા અહમદનગરનો કિલ્લો પણ મુગલોના અધ્યક્ષ હેઠળ મૂકાણો. આમ, આ બધી શરતો સાથે ઈ.સ.1617 આ સંધિ થઈ. આ સફળતાથી જહાંગીર ખૂબ પ્રસન્ન થયો. તેને શાહજાદાં ખુર્રમને પરમ ગૌરવશાળી 'શાહજહાં'ની ઉપાધિથી સન્માનિત કર્યો.

અઢળક દ્રવ્યનો વ્યય કર્યા પછી મોગલોએ મેળવેલ આ વિજય ઉપરછલ્લો જ હતો. આ પ્રદેશ પર જીત નામની બની રહી. મોગલ-સરહદ 1605ની સાલમાં હતી તેના કરતા એક કિલોમીટર પણ આગળ વધી નહીં. દક્ષિણ પૂર્ણ પણે જીતાયું નહિ અને મલિક અંબરનો જુસ્સો અખંડિત જળવાઈ રહ્યો. અંબરે સંધિની અવહેલના કરી. વારંવાર ઈ.સ. 1626 સુધી મુગલો સાથે સંઘર્ષમાં ઊતરતો રહ્યો.

### 4.3.3 *ખોખરા તથા ખુર્દાને ખાલસા*

બિહારના જંગલોમાં હીરાની ખાણ ધરાવતા ખોખર પ્રદેશમાં દુર્જનશાલ ખૂબ ઉત્પાત મચાવતો હતો. એટલે બિહારના મોગલ સૂબા ઈબ્રાહીમખાં (નૂરજહાંના ભાઈ)એ તેના પર આક્રમણ કરીને તેને પરાસ્ત કર્યો અને ખોખરને ખાલસા કરી મોગલ સામ્રાજ્યમાં ભેળવી દીધું.

આ જ રીતે ઓરિસ્સા અને ગોલકંડાની સરહહદો પર ખુર્દા નામે પછાત જિલ્લો આવેલો હતો. જહાંગીરના શાસનકાળમાં ઓરિસ્સાનાં મોગલ સૂબા હાસિમખાંના રાજપૂત સેનાપતિ રાજા કશોદાસ મારુએ ત્યાંના જગન્નાથપુરીના મંદિરની મિલકત જપ્ત કરતા એ પ્રદેશના રાજા પુરુષોત્તમ દેવે રોષે ભરાઈને મંદિરનો ઘેરો ઘાલ્યો પરંતુ છેવટે હતાશ થઈ તેને મોગલો સાથે શરમજનક સંધિ કરવી પડી. ત્યારબાદ પુરુષોત્તમ દેવે ત્યાંથી નાસી જઈ સ્વતંત્ર થવા અનેક ઉત્પાત મચાવ્યા. ઈ.સ. 1617માં ઓરિસ્સાના નવા મોગલ સૂબા મુકર્રમખાંએ તેના પર આક્રમણ કરી તેના પ્રદેશને ઉજ્જડ કરી નાખ્યો અને ખુર્દાને મોગલ સામ્રાજ્યમાં ભેળવી દીધું.

### 4.3.4 *કાગરનો વિજય*

પંજાબના ઈશાન ખૂણે આવેલ કાંગરાના કિલ્લા પર રાજપૂતોનો અધિકાર હતો.અકબરે પણ તેને જીતવાના પ્રયત્નો કર્યા છતાં તે સફળ થઈ શક્યો નહિ. જહાંગીરે તેને જીતવા માટે અનેક સરદારો મોકલ્યા પછી સફળતા પ્રાપ્ત ન થતાં છેવટે તેને શાહજહાં ખુર્રમને મોકલ્યો. મોગલ સૈન્યે કાંગરાના કિલ્લાને ચારેબાજુથી ઘેરો ઘાલી તેમના ખોરાક-પાણી અટકાવી દીધા. છતાંય રાજપૂતો ચાર મહિના સુધી બહાદુરીપૂર્વક મોગલોનો પ્રતિકાર કરતા રહ્યા.છેવટે ખોરાક-પાણીની તંગી પડતા ઈ.સ.1620ની 26મી નવેમ્બરના રોજ મુગલોની શરણાગતિ સ્વીકારી લીધી. કિલ્લાનો વિશાળ ખજાનો મોગલોને હાથ આવ્યો.

### 4.3.5 *કિશ્તવારનો વિજય*

કાશ્મીરની દક્ષિણે કિશ્તવારની નાની રિયાસત આવેલી હતી. જહાંગીરે કિશ્તવાર જીતવા માટે ઈ.સ. 1616માં અહમદ બેગખાંને મોકલ્યો પણ તે સફળ ન થઈ શક્યો ત્યારે સમ્રાટે તેના સ્થાને દિલાવરખાંને 10,000 સૈન્ય સાથે કિશ્તવાર જીતવા માટે મોકલ્યો. અહીં દિલાવરખાંના બંને પુત્રો જલાલ અને જમાલની આગેવાની હેઠળ મારુ નદીના કિનારે કિશ્તવારના હિંદુ રાજા સાથે મુગલ સૈન્યે યુદ્ધ કર્યું. મોગલોનો વિજય થતાં રાજા નાસી છૂટ્યો. નાસી છૂટેલ રાજાને ચિનાબ નદી ઓળંગીને પકડીને કેદ કરવામાં આવ્યો. જહાંગીરે તેને ખંડિયા રહેવાની શરતે માફ કર્યો. ત્યારબાદ ત્યાંની હિંદુ પ્રજાએ પણ ત્યાંનો હવાલો સંભાળતા આરબ અલી મલિકથી નાખુશ થઈને બળવો પોકાર્યો. તે વિદ્રોહને પણ સમાવી દેવામાં આવ્યો.

## 4.4 *જહાંગીરના જીવનમાં નૂરજહાંનો પ્રભાવ*

જહાંગીરના શાસનકાળની સૌથી મહત્ત્વપૂર્ણ ઘટના નૂરજહાં સાથેના લગ્ન અને નૂરજહાંનું સત્તા પરનું પ્રભુત્વ લેખવામાં આવે છે. નૂરજહાં મધ્યકાલીન અને ખાસ તો મુગલકાલીન ભારતના ઇતિહાસમાં એક પ્રભાવશાળી સ્ત્રી હતી.

### 4.4.1 *નૂરજહાંનું પ્રારંભિક જીવન અને લગ્ન*

નૂરજહાંનું મૂળ નામ મહેરૂન્નિસા. જે એક ફારસી સરદાર ગ્યાસબેગની પુત્રી હતી. નૂરજહાંના બાળપણ અને જન્મનો ઈતિહાસ ઘણાં મતભેદોવાળો છે. મૂળ વતન ઈરાનનો ગ્યાસબેગ અનેક મુશ્કેલીમાં હતો ત્યારે તે પોતાના પરિવાર સાથે હિંદ આવવા નીકળે છે ત્યાં રસ્તામાં તેની સગર્ભા પત્ની એક અત્યંત સ્વરૂપવતી બાળકીને જન્મ (ઈ.સ. 1577) આપે છે. જેનું નામ મહેરૂન્નિસા રાખવામાં આવે છે. દિલ્હી આવ્યા પછી ગ્યાસબેગ અકબરની સેવામાં એક સામાન્ય નોકરીમાં જોડાય છે અને પોતાની નિષ્ઠાથી તે અકબરના શાસનકાળમાં છેલ્લા વર્ષોમાં તે રાજ્યનો ખજાનચી બને છે.

અનુપમ સૌંદર્ય અને અદ્વિતિય સ્ત્રી-સુલભ ગુણોવાળી સુંદરી મહેરૂન્નિસા 17 વર્ષની વયે ગ્યાસબેગ અલીકુલ ઈસ્તામલુ (શેર અફઘાન) એક ઈરાની યુવાન સાથે તેના લગ્ન કરાવી દે છે. શેર અફઘાન પણ અકબર અને જહાંગીરના સમયમાં મુગલ સત્તાની નોકરીમાં જોડાયેલો હતો. જહાંગીરના સમયમાં તે બંગાળનો જાગીરદાર તરીકે કાર્યરત હતો. પરંતુ તે સમયનું બંગાળ કાવતરા, વિદ્રોહ અને ષંડયંત્રનું કેન્દ્ર હોવાથી શેર અફઘાન પર રાજદ્રોહી હોવાનો આરોપ લાગ્યો અને જહાંગીરની સેના દ્વારા તેને મૃત્યુને ઘાટ ઉતારવામાં આવ્યો. શેર અફઘાનની હત્યાથી વિધવા મહેરૂન્નિસા નિરાધાર બની. ઈ.સ. 1607માં જહાંગીરે મહેરૂન્નિસા અને તેની પુત્રી લાડલી બેગમને શાહી મહેલમાં લાવી દીધા અને મહેરૂન્નિસાને અકબરની વિધવા સલીમા બેગમની સેવિકા પદ નિયુક્ત કરી.

ઈ.સ.1611 નોરજનામાં ત્યૌહારના અવસરમાં જહાંગીરની નજર મહેરૂન્નિસા પર પડી અને જહાંગીર એના પર મોહી ગયો અને ઈ.સ.1611માં જહાંગીરે નૂરજહાં સાથે લગ્ન કર્યા. જહાંગીર અને નૂરજહાંના લગ્નના વિષયમાં અનેક ચર્ચાસ્પદ ધારણાઓ ઈતિહાસકારો અને વિદ્વાનો દ્વારા બાંધવામાં આવી છે. ડૉ. ઈશ્વરી પ્રસાદનો મત છે કે,

શાહજાદાંની ઉંમરમાં જહાંગીર નૂરજહાં પર આસક્ત થયેલ અને એની સાથે લગ્ન કરવા માટે ઉત્સાહિત થયો હતો અને એટલે જ શેર અફઘાનના વધમાં તેનો મોટો હાથ હતો. જ્યારે ડૉ.બેનીપ્રસાદનો મત છે કે ‘‘શાહજાદા સલીમે મહેરૂન્નિસાને પહેલા ક્યારેય જોઈ નહોતી. અકબરે ક્યારેય આ લગ્નનો પણ વિરોધ નહોતો કર્યો. અને ના તો જહાંગીરનો શેર અફઘાનના વધ પાછળ કોઈ હાથ હતો. વળી જહાંગીરે મહેરૂન્નિસાને માર્ચ 1611માં પહેલીવાર જોઈ હતી. આમ, બંને ઇતિહાસકારોએ પોતાના મત રજૂ કરતી અનેક દલીલો પણ મૂકી છે. જ્યારે ફારસી સાહિત્યમાં પણ સલીમ અને મહેરૂનિસાના લગ્ન પહેલાના પ્રણય સંબંધોની કોઈ રજૂઆત કરેલ નથી પરંતુ પ્રસિદ્ધ ડચ લેખક ડીલાયટ પોતાની રચનામાં વર્ણવે છે કે શાહજાદા સલીમ નૂરજહાં પ્રત્યે આસક્ત હતો અને તેની સાથે લગ્ન કરવા ઇચ્છતો હતો તથા શેર અફઘાનની હત્યામાં પણ એનો હાથ હતો.

### 4.4.2 *નૂરજહાંનો જહાંગીર અને સત્તા પર વર્ચસ્વ*

લગ્ન સમયે જહાંગીર લગભગ 42 વર્ષનો અને નૂરજહાં 34 વર્ષની હતી પરંતુ હજી તે અપાર સૌંદર્યની પ્રતિમા હતી. જહાંગીર ઉપર અસીમ પ્રભુત્વ હતું.જહાંગીરે મહેરૂન્નિસાને નૂરજહાં (Light of the word)ની ઉપાધિથી વિભૂષિત કરી. ઈ.સ.1613માં તેને ‘બાદશાહ બેગમ અથવા પટરાણીનું પદ આપવામાં આવ્યું. આમ, તે સામ્રાજ્યની પ્રમુખ મહિલા થવાથી શાહી મહલ અને હરમ ઉપર એનું પ્રભુત્વ થયું અને રાજ્યસભામાં આવવા માટે પણ આસક્ત થઈ. સામે જહાંગીરની ઉંમર, તેનું બગડતું સ્વાસ્થ્ય અને વિલાસ પ્રિયતાના કારણે નૂરજહાંને રાજસત્તામાં આવવાનો શ્રેષ્ઠ મોકો મળ્યો અને આમ તે સામ્રાજ્યની સંયુક્ત શાસિકા બની બેઠી. તે હવે પ્રજાને શાહી-ઝરોખામાં દર્શન આપતી, સિક્કાઓ અને શાહી ફરમાનો પર પોતાનું નામ લખાવતી અને સરકારી દસ્તાવેજો ઉપર પણ સહી કરવા લાગી. આમ, આ ઈ.સ.1611 થી 1627ના સમયને મોગલ ઇતિહાસમાં નૂરજહાંનો સત્તાકાળ તરીકે ઓળખવામાં આવે છે. આ સમયને ‘જહાંગીરના શાસનકાળ’ કરતાં ‘નૂરજહાંનો શાસનકાળ’ કહેવો વધુ ઉચિત છે.નૂરજહાંને આ સત્તા સંપન્ન કાળને સમજવા માટે બે વિભાગમાં વિભાજિત કરી શકાય.

(1) ઈ.સ.1611 થી ઈ.સ.1622 સુધીનો કાળ : નૂરજહાંનું સત્તાજૂથ

(2)ઈ.સ. 1622 થીઈ.સ.1627 સુધીનો કાળ જહાંગીરનો ક્ષેત્ર સંન્યાસ

1. પહેલા કાળ જેમાં જહાંગીર પણ શાસનમાં કેટલીક અભિરુચિ રાખતો હતો પરંતુ આ સમયમાં નૂરજહાંએ પોતાના પ્રભાવથી પોતાના સગાસંબંધીઓને સામ્રાજ્યનાં ઉચ્ચ દરજ્જા પર નીમ્યા અને પોતાનું એક દળનું સંગઠન કર્યું અને રાજ્યનો કારોબાર પોતાના હસ્તક લીધો. નૂરજહાંના આ દળને નૂરજહાં ગૂટ કે નૂરજહાંનું સત્તાજૂથ કહેવામાં આવતું. આ જૂથમાં એની સાથે એના પિતા, માતા, ભાઈ, એની ભત્રીજીનો પતિ, શાહજહાં ખુર્રમ (શાહજહાં) અને અન્ય વિશ્વાસપાત્ર જોડાયેલા હતા. નૂરજહાંએ પોતાના પિતા ગ્યાસુસુદ્દીને પ્રધાનમંત્રી, ભાઈ  આસફખાંને અર્થમંત્રી પદ પર નિયુક્ત કર્યા. આસફખાંનોજમાઈ ખુર્રમને ઊંચી મનસૂબદારી

અને મુગલ સેનાના એનક અભિયાનોનું નેતૃત્વ સોંપવામાં આવ્યું. પોતાની માતા અસ્મત બેગમને મુખ્ય સલાહકાર તરીકે નિયુક્ત કરી આગામી દસ વર્ષ સુધી આ સત્તાજૂથે સાચા અર્થમાં પોતાની મરજી મુજબ સામ્રાજ્ય પર શાસન કર્યું.

નૂરજહાંનું વહીવટીતંત્ર પર નિયંત્રણ, સાર્વભૌમ સત્તામાં નિર્ણયાત્મક હિસ્સો અને જહાંગીરના વ્યક્તિગત જીવન પર પણ અસીમ પ્રભાવ રહ્યો. તેની ભલામણના આધારે જહાંગીર રાજદ્રોહીઓ અને ગુનેગારોને માફી આપતો. ડૉ. વી.એ. સ્મિથે નોંધ્યું છે તેમ, નૂરજહાં ''તખ્ત પાછળની સત્તા'' (Power behind the throne) હતી.

2. બીજા ચરણના કાળમાં જહાંગીર દારૂની લતને લીધે શારીરિક અને માનસિક દૃષ્ટિએ નિર્બળ થઈ ગયો. પરિણામે તે રાજકાજમાં રસ લેતો અટકી ગયો. વળી ઈ.સ. 162-22માં નૂરજહાંની માતા અને પિતાના નિધન થઈ ગયા. એના માતા-પિતાએ નૂરજહાંની મહત્તકાંક્ષાઓ અંકુશમાં રાખી હતી અને તેઓ નૂરજહાંને યોગ્ય સલાહસૂચન પણ આપતા. હવે, નૂરજહાં શાસનમાં સર્વશક્તિશાળી અને સ્વચ્છંદ બની.

આ ઉપરાંત તેના જૂથમાં દરાર પડવા લાગી. જેમાં નૂરજહાંની પુત્રી લાડલી બેગમના લગ્ન જહાંગીરના નાના પુત્ર શહરયારથી થયા. જેથી હવે એ ખુર્રમની જગ્યાએ શહરયારને ગાદી પર બેસાડવા માગતી. જ્યારે સામે પક્ષે શહરયાર અયોગ્ય અને ચરિત્રહીન વ્યક્તિ હતો. જેને લોક પ્રજા પણ પસંદ નહોતી કરતી. જ્યારે જહાંગીર અને રાજ્યના દરબારીઓ ખુર્રમને તેના ગુણોને લીધે રાજ્યનો ઉત્તરાધિકારી માનતા હતા. આ કારણથી નૂરજહાં ખુર્રમ પ્રત્યે ઈર્ષા અને વૈમનસ્ય રાખતી અને ખુર્રમના વિરોધમાં જહાંગીરની કાનભંભેરણી કરતી. આથી શાહજાદા ખુર્રમ અને નૂરજહાંનો ભાઈ આસફખાં નૂરજહાંના આવા વર્તનથી રોષે ભરાય એ સ્વાભાવિક છે. ખુર્રમે વિદ્રોહ પણ કર્યો. આ કારણથી આસફખાં અને ખુર્રમે નૂરજહાંના જૂથનો બહિષ્કાર કર્યો. આમ, હવે નૂરજહાંનું જૂથ ટૂટી ગયું. વળી, નૂરજહાંએ જે રીતે પોતાના સંબંધીઓ અને સમર્થકોને સામ્રાજ્યમાં ઊંચા દરજ્જા પર નીમ્યા. તેના કારણે તેના આ પક્ષપાતી વલણને લીધે રાજદરબારમાં અનેક અમીરો અને ઉચ્ચ અધિકારીઓમાં અસંતોષ ફેલાયો. નૂરજહાંએ તે સમયનાં વફાદાર સેનાપતિ મહોબતખાંનનો દ્વેષ કરવા લાગી અને તેના પર નાણાંની ગોલમાલ કરવાનો આક્ષેપ મૂક્યો, એટલે મહાબતખાંએ 'આત્મરક્ષણાર્થે' નૂરજહાંની સામે બળવો પોકાર્યો. આમ, આ સમયનો શાહી ઈતિહાસ સત્તાજૂથોની ખટપટનો ઈતિહાસ હતો.

### 4.4.3 *નૂરજહાંના વર્ચસ્વનો લાભદાયી પ્રભાવ*

નૂરજહાંનો જહાંગીર ઉપર અને તત્કાલીન સમાજ તથા સંસ્કૃતિ ઉપર સારો કહી શકાય એવા કેટલોક પ્રભાવ હતો. જેમાં...

- ઇતિહાસકાર એલ્ફિન્સ્ટનના મતે નૂરજહાં એ જહાંગીરની કર્તવ્યપારાયણ પત્ની હતી. તે જહાંગીરની ખૂબ સાવધાનીથી દેખભાળ કરતી. નૂરજહાંના પ્રભાવથી જ જહાંગીરના દૈનિક મદ્યપાન કે શરાબની માત્રા ઓછી થતી ગઈ અને તે મદ્યપાનના ઘાતક પરિણામોથી બચી શક્યો, જે મદ્યપાનથી તેનાં બે ભાઈઓએ પોતાનો જીવ ગુમાવ્યો હતો.
- રાજ્યની બધી જ વ્યવસ્થાને સારી રીતે સંભાળી તેને જહાંગીરને શાસનની બધી મુશ્કેલીઓ અને ચિંતાથી મુક્ત કર્યો. જેથી જહાંગીરને પોતાની આત્મકથા લખવાનો સમય મળ્યો. જહાંગીરની આ આત્મકથા તત્કાલીન ભારતનો ઇતિહાસ જાણવાનો એક મહત્ત્વપૂર્ણ સ્ત્રોત માનવામાં આવે છે.
- મુઘલ-દરબારની વૈભવ-સમૃદ્ધિ માટે સફળ પ્રયત્નો કર્યા તથા પોતાના પતિની શાન અને લલિતકલાની સમૃદ્ધિ અને લલિતકલાના સંરક્ષણ માટે જહાંગીરને ઉત્સાહિત કર્યો. જેના પરિણામ સ્વરૂપ જહાંગીરનો શાસનકાળ ચિત્રકલાના ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે.
- શિક્ષણમાં નૂરજહાંને ખાસ રુચિ હોવાથી એનક વિદ્વાનો અને શિક્ષકોને શાહી સંરક્ષણ આપ્યું અને અનેક નવી સ્કૂલો ખોલી અને જૂની સ્કૂલોને આર્થિક દાન આપ્યું.
- તેણે અઢળક દાન આપ્યું અને અનેક પ્રકારથી સ્ત્રી-હિતોની રક્ષા તથા વિકાસની યોજનાઓ બનાવી. આ બાબતનો પણ જહાંગીર પર પ્રભાવ પડ્યો અને ગરીબ સહાયેચ્છુને મદદ મળી.
- નૂરજહાંનો પ્રભાવ તત્કાલીન સમાજની વેશભૂષા, આભૂષણ, ફેશન ઈત્યાદિ પડ્યો હતો. તેણે વસ્ત્રો, આભૂષણો અને અલંકારોમાં નવી પ્રથા દાખલ કરી. આમ, તે આ સમયની સૌથી સુંદર સ્ત્રીની સાથે-સાથે આ સમયની સૌથી ફેશનેબલ મહિલા હતી. જેણે આ ક્ષેત્રમાં અનેક સંશોધન કર્યા.

### 4.4.4 *નૂરજહાંના વર્ચસ્વનો હાનિકારક પ્રભાવ*

ઉપરોક્ત પ્રભાવથી વિરોધમાં રાજકીય અને શાસનવ્યવસ્થાથી જોડાયેલ વિષયો પર નૂરજહાંનો પ્રભાવ અત્યંત ઘાતક સાબિત થયો.

- નૂરજહાંએ સત્તાકાળ દરમ્યાન સત્તાજૂથ કે દળબંધીનો સૂત્રપાત કર્યો. ઈ.સ.1611-22 સુધી તેને પ્રસિદ્ધ નૂરજહાં જૂથની અધિષ્ઠાત્રીના રૂપમાં સમગ્ર શાસનની સ્વામીની બની રહી. એને પોતાના પિતા, ભાઈ અને પોતાના સગાસંબંધીઓને શાસનમાં ઉચ્ચ હોદ્દાઓ પર નિયુક્ત કર્યા અને જે એના વિરોધી હતા એવા વ્યક્તિઓને શાસનવ્યવસ્થામાંથી બહાર કર્યા.
- નૂરજહાંના રાજ્યશાસનમાં હસ્તક્ષેપ કરવાની નીતિથી મુગલ-દરબાર ગૃહ-ક્લેશનું ઘર બની ગયું. પહેલા એણે પોતાના ભાઈના જમાઈ ખુર્રમને સંરક્ષણ આપી એને ઉચ્ચ પદ પર નિયુક્ત કર્યો અને અનેક રીતે મદદ કરી. પણ પોતાની

પુત્રીના લગ્ન શાહજાદા શહરયાર સાથે કરતાં એ ખુર્રમનો પક્ષ છોડી શહરયારનો પક્ષ લેવા લાગી અને જહાંગીરના ઉત્તરાધિકારી તરીકે શહરયારની પસંદગી થાય એવા ષડયંત્ર રચવા લાગી. જેના પરિણામે ખુર્રમ આત્મરક્ષા માટે વિદ્રોહ કરવા મજબૂર થયો. નૂરજહાં પોતાની નીતિથી મતભેદ રાખવાવાળા યોગ્ય અને સ્વામીભક્ત સરદારો ઉપર પણ શંકા કરતી. જેનાથી આવા વ્યક્તિઓ અને રાજસત્તાધિકારી વચ્ચે એક દરાર પડી. મહાબતખાં જેવા રાજભક્ત, કર્મઠ અને પ્રતિષ્ઠિત વ્યક્તિનો શાસન વિરુદ્ધ વિદ્રોહ કરવો નૂરજહાંની આ નીતિનું પરિણામ હતું.

- આ સમયમાં મુગલ દરબાર ઘૂસણખોરી અને ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગયું.
- નૂરજહાંના રૂપ-રંગથી મોહી જહાંગીરએ શાસનમાં પોતાની બધી જ જવાબદારીને તિલાંજલી આપી દીધી અને એશો આરામમાં મસ્ત બની નૂરજહાંના ઈશારા પર નાચવા લાગ્યો. આમ, જહાંગીરના વ્યક્તિત્વ જીવન ઉપર તેનો આ એક ખરાબ પ્રભાવ પડ્યો.

***(ક) તમારી પ્રગતિ ચકાસો.***

1. જહાંગીરના પ્રારંભિક જીવન અને વિજયો વિશે આલેખન કરો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

2. જહાંગીરના જીવનમાં નૂરજહાંના પ્રભાવને વર્ણવો.

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

3. ***નીચે આપેલ જોડકાંને સાચા ક્રમમાં ગોઠવો.***

| I | | II |
|---|---|---|
| A. રાણા સંગ્રામસિંહ અને સમ્રાટ વચ્ચેની સંધિ | ક. | 1596 |
| B. જહાંગીરનો જન્મ | ખ. | 1611 |
| C. જહાંગીર અને નૂરજહાંના લગ્ન | ગ. | મહેરૂન્નિસા |
| D. નૂરજહાંની માતા | ઘ. | અસ્મતબેગમ |
| E. નૂરજહાંનું મૂળ નામ | ચ. | સલીમાબેગમ |
| F. અકબરની વિધવા | છ. | 1615 |

## 4.5 *સમાપન*

અકબરની જેમ જહાંગીર પણ સામ્રાજ્યવાદી નીતિને અનુસર્યો અને પોતાના પિતા તરફથી વારસામાં મળેલ સામ્રાજ્યનું તેણે રક્ષણ કર્યું. સમય જતાં જહાંગીર નૂરજહાંના નૂરમાં એટલો તો અભિભૂત થઈ ગયો કે એણે રાજપાટમાંથી મુક્તિ લઈ સમગ્ર શાસન નૂરજહાંના હસ્તક કરી દીધું અને તેથી આ સમયને ''જહાંગીરનો શાસનકાળ'' કરતાં ''નૂરજહાંનો શાસનકાળ'' કહેવું વધુ ઉચિત છે.

## 4.6 *ચાવીરૂપ શબ્દો*

1. તખ્તશીન થવું : ગાદી પર બેસવું
2. પરાસ્ત કરવો : હરાવવો
3. સ્વચ્છંદ, મુક્તઃ કોઈની રોકટોક વગરનું
4. શાહી-ઝરોખોઃ પહેલાનાં સમયમાં રાજા પોતાની પ્રજાને દર્શન આપવા માટે આ જગ્યા પર આવતો.

## 4.7 *તમારી પ્રગતિ ચકાસો*

| I | II |
|---|---|
| A | છ |
| B | ક |
| C | ખ |
| D | ઘ |
| E | ગ |
| F | ચ |

## 4.8 *સંદર્ભગ્રંથો*


1. ગર્ગ દામોદરલાલ (અનુ), જહાંગીરનામા, અરાવલી પ્રકાશન, જયપુર, 2005
2. ભારતનું ગેઝેટિયર (ઇતિહાસ અને સંસ્કૃતિ) - સંપા.ડૉ. પી.એન. ચોપરા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, તૃતીય આવૃત્તિ, 2018
3. જસુભાઈ બી. પટેલ, ભારતનો ઇતિહાસ (મોગલ યુગ 1526 થી 1707), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, ચતુર્થ આવૃત્તિ, 2015
4. *द्विवेदी आर. एस. "मध्यकालीन भारत" : विश्व भारती पब्लिकेशन्स, नई दिल्ली, प्रथम संस्करण २००८*
5. *सिन्हा विपिन बिहारी "मुगल भारत" : ज्ञानदा प्रकाशन, नई दिल्ली, २००९*
6. *परुथी आर. के. 'मुगल कालीन भारत' : अर्जुन पब्लिशिंग हाउस, नई दिल्ली, प्रथम संस्करण २००७*
7. ખાન. એમ. એ. ''મુગલોનો ઇતિહાસ '' આદિ પબ્લિકેશન, જયપુર, પ્રથમ આવૃત્તિ 2011
8. ભાર્ગવ વી. એસ. મધ્યકાલીન ભારતીય ઇતિહાસ, રીસર્ચ પબ્લિકેશન, જયપુર, 2012

એકમ : 5

# શાહજહાંના વિજયો તથા ડેક્કન અને સરહદી નીતિ, ઉત્તરાધિકારીનું યુદ્ધ

:: રૂપરેખા::


**5.0** *ઉદ્દેશો*

**5.1** *પ્રસ્તાવના*

**5.2** *ચુસ્ત સુન્નીપંથી*

**5.3** *હિંદુઓ પ્રત્યેની નીતિ*

- **5.3.1** *મંદિરોનો નાશ*
- **5.3.2** *તીર્થયાત્રા વેરો પુનઃ નાખવો*
- **5.3.3** *ધર્મપરિવર્તન માટે અલગ વિભાગ*
- **5.3.4** *મુસ્લિમ કન્યા સાથે હિંદુ લગ્નનો નિષેધ*
- **5.3.5** *કુરાન અને પયગમ્બરની નિંદા માટે સખત શિક્ષા*
- **5.3.6** *હિંદુપ્રજા પર કેટલાંક પ્રતિબંધો*

**5.4** *પોર્ટુગીઝો પ્રત્યેની નીતિ*

- **5.4.1** *આર્થિક સમૃદ્ધિ*
- **5.4.2** *ખેડૂતો માટે શાંતિનો સમય*
- **5.4.3** *વેપાર ઉપેગની સમૃદ્ધિ*

**5.5** *સાહિત્ય અને શિક્ષણ*

- **5.5.1** *શિક્ષણને ઉત્તેજન*
- **5.5.2** *સાહિત્યનો સુવર્ણયુગ*
- **5.5.3** *હિંદી ભાષા અ ને સાહિત્યને ઉત્તેજન*
- **5.5.4** *વિજ્ઞાન ક્ષેત્રે પ્રગતિ*

- *તમારી પ્રગતિ ચકાસો*

**5.6** *લલિતકલાઓનો સુવર્ણયુગ*

- **5.6.1** *સ્થાપત્યકલાનો સુવર્ણયુગ*
- **5.6.2** *ચિત્રકલાની ઉન્નતિ*
- **5.6.3** *સંગીતકલા*
- **5.6.4** *સુલેખનકલા*

**5.7 *વહિવટીતંત્ર***

**5.7.1 *વહિવટીતંત્રમાં શિથિલતા***

**5.7.2 *મુઘલ સેનાની દુર્બળતા***

**5.7.3 *ખર્ચાળ લડાઈઓ***

**5.7.4 *સામ્રાજ્યની રૈયત ઉપર અસહ્ય કરબોજ***

**5.7.5 *ધાર્મિક કટ્ટરતા અને અસહિષ્ણુતા***

**5.7.6 *અસંતોષજનક સામાજિક સ્થિતિ***

**5.8 *સારાંશ***

**5.9 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો***

**5.10 *સંદર્ભ સૂચિ***

## 5.0 *ઉદ્દેશો*

(1) શાહજહાંની હિંદુઓ પ્રત્યેની નીતિ વિશે જાણો.

(2) શાહજહાં સમયની સાહિત્ય અને શિક્ષણની પ્રગતિ તપાસો.

(3) શાહજહાંનો સ્થાપત્ય ક્ષેત્રે ઉત્કર્ષ જાણો.

(4) શાહજહાંનું વહિવટીતંત્ર તપાસો.

## 5.1 *પ્રસ્તાવના*

મુઘલ બાદશાહ અકબરે ઉદાર અને સહિષ્ણુ ધર્મનીતિ અપનાવી હતી. તેણે સઘળા ધર્મના અનુયાયીઓને ધાર્મિક સ્વતંત્રતા પ્રદાન કરી હતી પણ વહીવટી ક્ષેત્રે ધર્મને સ્થાન નહોતું આપ્યું. તેનો ઉત્તરાધિકારી જહાંગીર એટલો બધો ઉદાર અને સહિષ્ણુ ન હતો. તેણે તો તખ્તનશીન થતાં જ સહિષ્ણુધર્મનીતિ અને કાર્યોથી સુન્ની મુસ્લિમોને સંતોષવા પ્રયાસ કર્યો, પરંતુ વહીવટી ક્ષેત્રે તેણે ધર્મને સંકુચિત અને અસહિષ્ણુ ધાર્મિકનીતિ અપનાવી હતી અને તેના બે પુરોગામીઓ કરતાં અધિક ચુસ્ત અને કટ્ટર મુસ્લિમ હતો. જોકે તેની માતા અને દાદી રાજપૂત કન્યાઓ હતી. દાદા અકબર ઉદાર અને સહિષ્ણુ હતા, તો પણ શાહજહાં પર એનો કોઈ પ્રભાવ પડ્યો નહીં. તેનો દષ્ટિકોણ તેના પુરોગામીઓ જેટલો વ્યાપક નહોતો. ટૂંકમાં, પ્રિન્સિ. શ્રીરામ શર્માના શબ્દોમાં "અકબરના ધાર્મિક વિચારો ઉદાર હતા, જહાંગીર ગહન ધાર્મિક પ્રશ્નો પ્રત્યે ઉદાસીન હતો, તો શાહજહાં કટ્ટર મુસલમાન હતો. તેથી તેના રાજ્ય અમલનાં પ્રારંભિક વર્ષોમાં ધાર્મિક અસહિષ્ણુતા અને ઈસ્લામ પ્રત્યે પક્ષપાતની નીતિ નજરે પડે છે."

## 5.2 *ચુસ્ત સુન્નીપંથી*

શાહજહાં તેના બે પુરોગામીઓ કરતાં અધિક કટ્ટર અને ચુસ્ત મુસ્લિમ હતો. તે દરરોજ ચાર વખત નમાજ પઢતો. તેણે શાહી દરબારને ઈસ્લામિક સ્વરૂપ આપવા પ્રયાસો આદર્યા. જેમ કે તેણે રક્ષાબંધન, દશેરા, વસંત પંચમી વગેરે હિંદુ તહેવારો ઉજવવાની મનાઈ ફરમાવી. તેણે સમ્રાટની છબીને પાઘડી કે ટોપી ઉપર લગાડવાની મનાઈ ફરમાવી તેમજ ઈલાહી સંવત દૂર કરીને ફરીથી હિજરી સંવત પ્રચલિત કર્યો અને ઈ.સ.1636-37 માં 'સિજદા પ્રથા' નાબૂદ કરાવી કારણ કે અબ્દુલ હમીદ લાહોરીના મતે ઈસ્લામિક પરંપરા મુજબ 'સિજદા' માત્ર ખુદાને જ કરવામાં આવે છે. તેણે દરબારમાં અભિવાદન માટે ચહાર તસ્લીમ પ્રથા દાખલ કરી. મુલ્લા-મૌલવીઓને આમાંથી બાકાત રાખ્યા હતા, પરંતુ હિંદુ પંડિતો, બ્રાહ્મણો અને પુરોહિતો માટે તે ફરજિયાત હતી. તેણે પોતાના રાજદરબારને ઈસ્લામિક ઓપ આપવા માટે રાજ્યભરમાં તમામ મુસ્લિમ તહેવારો શાહીઢંગથી નિયમિત ઉજવવામાં આવતા અને આ પ્રસંગે શાહજહાં દર વર્ષે 70 હજાર રૂપિયા ખેરાત કરતો. રમઝાનના મહિનામાં 10 હજાર રૂપિયા ખેરાતમાં વહેંચવામાં આવતા. આ બધા તહેવારો 'શાહી તહેવારો' રાજકીય તહેવારો તરીકે ઉજવવામાં આવતાં. તેમાં હિંદુ-મુસ્લિમ ભાગ લેતા તેમ જ સમ્રાટને યોગ્ય ભેટો આપતા. સમ્રાટ પણ આ પ્રસંગે અમીરોને ભેટો આપતો. દા.ત. સમ્રાટ શાસનતંત્રના બારમા વર્ષે તેમને એક એક હાથી ભેટ આપતો હતો. મક્કા અને મદીનાની હજ માટે જતા યાત્રાળુઓ માટે રાજ્ય તરફથી વિશેષ સુવિધાઓ આપવામાં આવતી. મક્કામાં દર વર્ષે હપ્તો મોકલવા માટે ૫ લાખ રૂપિયા અલગ રાખવામાં આવતા હતા. ત્યાં આ ભેટો લઈ જવા માટે તેમજ યાત્રાળુઓની દેખભાળ રાખવા માટે પ્રસંગોપાત મીર-એ-હ નામનો અધિકાર રાજ્ય તરફથી નિયુક્ત કરવામાં આવ્યો હતો અને ધાર્મિક બાબતોમાં સૈયદ જલાલ ગુજરાતી નામે 'સદ્ર-ઉસ-સુદુર' ને ઈ.સ.1642 માં નીમવામાં આવ્યો હતો, જે 4,000 સવારની મનસબદારી ભોગવતો હતો. તેણે પુરોગામીઓના સમયમાં પ્રચલિત પ્રથાઓ જેવી કે ઝરૂખાદર્શન, તુલાવિધિ, ઈલાહીવર્ષ ઈત્યાદિ યથાવત રહેવા દીધાં. અકબર અને જહાંગીર હિંદુ રાજાઓના કપાળે તેમના રાજ્યાભિષેકના પ્રસંગે તિલક કરતા હતા, પરંતુ શાહજહાંએ આ પ્રથાને ઈસ્લામ ધર્મ વિરોધી ગણીને તે કાર્ય પોતે ન કરતાં, રાજ્યના મુખ્ય પ્રધાનને સોંપી દીધું. સમ્રાટે વહીવટીતંત્રમાં માત્ર મુસ્લિમોને નીમવાની નીતિ અપનાવી હતી. ઈતિહાસકાર મુહમ્મદ કાસીમ ખાફીખાના મતે સામ્રાજ્યમાં વિભિન્ન નોકરીઓમાં માત્ર મુસ્લિમોને નીમવાનો આદેશ બહાર પાડ્યો હતો, જો કે તેનો વ્યવહારમાં અમલ થયો ન હતો.

## 5.3 *હિંદુઓ પ્રત્યે નીતિ*

### 5.3.1 *મંદિરોનો નાશ - નવાં બાંધવાની મનાઈ*

શાહજહાંએ ધાર્મિક ક્ષેત્રે અસહિષ્ણુનીતિને ખુલ્લી રીતે અમલમાં મુકી હતી. તે હિંદુ મંદિરોના નિર્માણની વિરુદ્ધ હતો. કઝવીનીના મતે તેણે જહાંગીરના શાસનકાળમાં

શરૂ થયેલી મંદિરો બાંધવાની પ્રવૃત્તિ પર નિષેધ ફરમાવ્યો. જૂનાં મંદિરોની મરામત કરવાની અને નવા બાંધવાની મનાઈ ફરમાવી. અબ્દુલ હમીદ લાહોરી તેના ગ્રંથ ‘બાદશાહનામા’ માં નોંધે છે કે બનારસમાં અને સમસ્ત સામ્રાજ્યના અનેક ભાગોમાં જ્યાં ‘કાફરો’ એ નવાં મંદિરો બાંધવાનો આરંભ કર્યો. ત્યાં ધર્મરક્ષક સમ્રાટ શાહજહાંએ ઈ.સ.1663 માં એ મંદિરો તોડી પાડવાનો આદેશ બહાર પાડ્યો અને નવાં મંદિરોનો નાશ કરવા સૌથી પહેલાં ઈ.સ.1663 ના જાન્યુઆરી મહિનામાં જેહાદ જગાવી. તેણે એકલા બનારસ જિલ્લામાં ૭૬ મંદિરોનો નાશ કરાવ્યો અને ગુજરાતમાં પણ ત્રણ મંદિરો તોડી પડાવ્યાં. કાશ્મીરમાં આવેલાં કેટલાક મંદિરો સમ્રાટની ધર્મઝનુની નીતિનાં ભોગ બન્યાં એવું બર્નિયરે નોંધ્યું છે. તેણે ઈચ્છાબલનું હિંદુ મંદિર તોડાવી પાડી, તેના ભગ્નાવશેષો પર મસ્જિદ ચણાવી. સમ્રાટે બુંદેલખંડના જુજારસિંહના ધામૂની કિલ્લામાં ગૌવધ કરાવ્યો, માળવામાં ભાગરથી ભીલ પાસેથી ખાતાખેડીનો કિલ્લો જીતી, ત્યાં પણ ગૌવધ કરાવ્યો અને નમાજ પઢાવવામાં આવી. શાહજાદો ઔરંગઝેબ ગુજરાતનો (ફેબ્રુ.1645 થી જાન્યુ. 1647) અને દક્ષિણનો સૂબો હતો ત્યારે તેણે અનેક મંદિરો નાશ કરાવ્યાં હતાં. તેમાં અમદાવાદ નજીક સરસપુરનું ચિંતામણિનું મંદિર અને સતારા ખાતેનું ખંદાઈરાયનું મંદિર એ બે વિશેષ ઉલ્લેખનીય છે. આમ, તેના શાસનકાળના 10 વર્ષના અંતે 1000 અને તેનાથી ઉંચો દરજ્જો ધરાવતા 189 મનસબદારોમાં ૩૫ હિંદુઓ હતા 20મા વર્ષમાં 231 મનસબદારોમાં 51 હિંદુઓ હતા. તેથી 10 વર્ષમાં 42 મનસબદારોની વૃદ્ધિ થઈ તેમાં 16 હિંદુ હતા અને 21મા વર્ષમાં ૧૦૦૦ થી ૦૦૦ મનસબપદ ધરાવતા 241 મનસબદારો હતા. તેમાં ૫૨ હિંદુઓ હતા. આમ, હિંદુઓ શાહજહાંના વહીવટના શકિતશાળી સભ્યો હતા, જેમાં ઉચ્ચ પદાધિકારીઓનો સમાવેશ થતો હતો. સામ્રાજ્યના નાણાંમંત્રી, અનેક પ્રાંતીય નાણામંત્રી અને ખૂબ પ્રસિદ્ધ સેનાપતિ કવિન્દ્રાચાર્ય હિંદુ હતા. ‘‘અદબ-એ-આલમગીરી’ માં લખ્યું છે કે જયારે શાહજાદો ઔરંગઝેબ દક્ષિણ ભારતનો સૂબેદાર હતો, ત્યારે રાજપૂતો પ્રત્યે દ્વેષભાવના રાખવા બદલ શાહજહાંએ તેને ઠપકાર્યો હતો. તેણે ટ્રેજરી-કાર્યાલયના આભિલેખકના પદેથી રાય માયાદાસને હિંદુ હોવાથી દૂર કરીને એના સ્થાને મુલ્લા અબ્દુલ લતીફ ગુજરાતી નામના એક મુસ્લિમ નિયુકત કર્યો હતો. આ નિયુકિત પાછળનું કારણ માયાદાસની વૃદ્ધાવસ્થા દર્શાવ્યું છે.

શાહજહાંના શાસનકાળનું સમગ્ર રીતે વિશ્લેષણ કરતાં કહી શકાય કે તેના શાસનકાળમાં સામાન્યતઃ હિંદુઓને પદચ્યુત કર્યા હોવાનું પ્રતીત થતું નથી.

આમ, હિંદુ-મંદિરોને અપવિત્ર કરવાની અને તેમને ધરાશયી કરવાની પ્રથાએ શાહજહાંના શાસનકાળમાં એક વ્યવસ્થિત સ્વરૂપ ધારણ કર્યું હતું. તેમ છતાંય સમ્રાટ શાહજહાંએ અમદાવાદના ચિંતામણિના મંદિરની મરામત કરવાની શાહી આજ્ઞા ફરમાવી હતી તેમજ ખંભાતના નાગરિકોની પ્રાર્થના પછી ત્યાં ગૌ-વધની બંધી ફરમાવી હતી. હિંદુઓ ઉપરાંત, તેણે ખ્રિસ્તી-ધર્મના અનુયાયીઓ સાથે સહિષ્ણુતાની નીતિ

અપનાવી હતી. આ બધાં કારણોને લીધે શાહજહાંનો શાસનકાળ ધાર્મિક અસહિષ્ણુતા અને ધાર્મિક અત્યાચારનો સમય માની શકાય નહીં.

### 5.3.2 *તીર્થયાત્રા વેરો પુનઃ નાખવો*

શાહજહાંએ હિંદુઓનો તીવ્ર વિરોધ ધ્યાનમાં રાખીને જજિયાવેરો પુનઃ દાખલ ન કર્યો, પરંતુ તેણે હિંદુઓની ધાર્મિક માન્યતાઓનો લાભ ઉઠાવી અન્ય રીતે ધન મેળવવા પ્રયાસ કર્યો. તેણે હિંદુઓ પર યાત્રાવેરો પુનઃ નાંખ્યો. આ વેરાના લીધે હિંદુઓ પોતાના ધાર્મિક કાર્યો સ્વતંત્રપણે કરી શકતા નહીં. છેવટે બનારસના હિંદુ વિદ્વાન કવીન્દ્રાચાર્યના નેતૃત્વ હેઠળ એક મિશને સમ્રાટની સાથે આ ધૃણાસ્પદ વેરાની વિરોધમાં ચર્ચાવિચારણા કરી અને તેને એક આવેદનપત્ર આપ્યું. પરિણામે સમ્રાટે થોડા સમય પછી યાત્રાવેરો બંધ કરી દીધો અને હિંદુઓને પુનઃ ધાર્મિક સ્વતંત્રતા બક્ષી.

### 5.3.3 *ધર્મપરિવર્તન માટે અલગ વિભાગ*

અન્ય ધર્મોના લોકોને પોતાનો ધર્મ અંગીકાર કરવાની હિંદુઓ અને ખ્રિસ્તીઓની પ્રચલિત પ્રથાને સમ્રાટે બંધ કરાવી દીધી અને અન્ય ધર્મના લોકોએ આથી ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો. રાજ્યમાં એક ‘અલગ વિભાગ’ સ્થાપવામાં આવ્યો તેમજ એ માટે શાહ મીર લાહોરી અને મુહીબઅલી સિંધીને નિયુક્ત કરવામાં આવ્યા. શાહજહાંના શાસનકાળ દરમિયાન યુદ્ધમાં પકડાયેલા કેદીઓને મુસ્લિમ ધર્મ અંગીકાર કરે તો મુક્ત કરવામાં આવતા. યુદ્ધમાં પકડાયેલ મુસ્લિમ કેદીઓને ગુલામ તરીકે હિંદુઓને વેચવાની મનાઈ ફરમાવવામાં આવી. ઈસ્લામ ધર્મ અંગીકાર કરનાર હિંદુઓને વારસાગત મિલકતમાંથી વંચિત કરવામાં આવતા નહીં. રાજ્ય તરફથી લાલચો આપીને હિંદુઓને ઈસ્લામ ધર્મ સ્વીકારવા માટે બાધ્ય કરવામાં આવતા. ઘણી વાર બળજબરીથી પણ તેમ કરવામાં આવતું. દા.ત. ઓરછાના નરેશ જુજારસિંહ બુંદેલાના પુત્ર દુર્ગભાણ અને પૌત્ર દુર્જનશાલને પકડીને બળજબરીથી મુસલમાન બનાવવામાં આવ્યા હતા અને તેમના નામો અનુક્રમે ઈસ્મામકુલી અને અલીકુલી રાખવામાં આવ્યા હતા. જુજારસિંહના અન્ય બે પુત્રો ઉદયભાગ અને શ્યામદેવ ઈસ્લામધર્મ ન સ્વીકારતાં મૃત્યુને ભેટ્યા. જુજારસિંહના રાણીવાસની કેટલીક સ્ત્રીઓએ મુસ્લિમ અત્યાચારમાંથી બચવા માટે આત્મહત્યા કરી હતી. જુજારસિંહની રાણી પાર્વતી સહિત ઘણી બુંદેલા સ્ત્રીઓને કેદ કરવામાં આવી અને તેમાંની કેટલીકને શાહી જનાનામાં બાંદીઓ તરીકે રોકવામાં આવી. ઉજ્જૈનિયાના વિદ્રોહી જમીનદાર પ્રતાપને હરાવી મારી નાખ્યા બાદ તેની એક પત્નીને મુસ્લિમ બનાવી સરસેનાપતિ ફિરોઝજંગના પૌત્ર સાથે પરણાવી દેવામાં આવી હતી. દક્ષિણમાં ‘બાગલણા’ ના વિજય બાદગ ત્યાંના હિંદુ સરદાર નાહરજીના પુત્રને બળજબરીથી ઈસ્લામ ધર્મ અંગીકાર કરાવીને તેનું નામ દૌલતમંદ રાખવામાં આવ્યું.

ઈ.સ.1745-46 માં પંજાબમાં ભયંકર દુષ્કાળ પડતાં હિંદુ-મુસ્લિમો આર્થિક ભીંસમાં આવતાં તેમના બાળકો વેચવા લાગ્યાં. ત્યારે સમ્રાટે શાહી આદેશો દ્વારા મુસ્લિમ-બાળકો ખરીદનારને પૈસા ચૂકવી તેમના મા-બાપને પાછાં સુપરત કર્યા, જ્યારે હિંદુ બાળકોને રાજ્ય તરફથી ખરીદી લઈ તેમને મુસ્લિમ બાળકોની જેમ ઉછેરવામાં આવ્યાં.

શાહજહાંના શાસનકાળમાં કેટલાંક નોંધપાત્ર હિંદુઓને પણ મુસ્લિમ બનાવવામાં આવ્યા હતા. રાજા રાજસિંહ કછવાહના પુત્ર બખ્તારસિંહ અને તેના પૌત્ર પુરૂષોત્તમસિંહને મુસલમાન બનાવીને સમ્રાટે બખ્તાવરસિંહને ખિલાત અને 20 હજાર રૂપિયા ભેટ આપ્યા તથા તેના પૌત્રને 'સાદતમંદ' ની ઉપાધિથી નવાજ્યો. અમરોહાના ગુરૂકિશને ઈસ્લામધર્મ અંગીકાર કર્યો, પણ તેમ કરવાથી તેને રાજ્ય તરફથી કોઈ પુરસ્કાર ન મળ્યો. શાહજહાંની પહેલાં હિંદુ રાજકુમારીઓનાં લગ્ન મુઘલ સમ્રાટો સાથે થતા હતા, પરંતુ તેમને ઈસ્લામ ધર્મના નિયમો અનુસાર લગ્ન પહેલાં મુસ્લિમ બનાવવામાં નહોતી આવતી, પણ તેઓ મુસ્લિમ સાથે લગ્ન કરતાં જ આપોઆપ મુસ્લિમ બની જતી હતી. અકબરે આવી હિંદુ રાજકુમારીઓને ધાર્મિક સ્વતંત્રતા અર્પી હતી અને જહાંગીરે પણ આ પ્રથામાં કોઈ વિશેષ પરિવર્તન કર્યું ન હતું પરંતુ શાહજહાંએ ઈસ્લામી કાનૂનનું ચુસ્તપણે પાલન કર્યું અને લગ્ન પહેલાં હિંદુ રાજકુમારીઓને ઈસ્લામ ધર્મ અંગીકાર કરવામાં આવતો. રાજમહેલમાં દાખલ કરતાં પહેલાં સમ્રાટ પોતે તેમને ઈસ્લામી ધર્મની દીક્ષા આપતો. આમ શાહજહાંના શાસનકાળમાં ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યા પછી આવાં લગ્નો થતાં હતાં.

### 5.3.4 *મુસ્લિમ કન્યા સાથે હિંદુ લગ્નનો નિષેધ*

પંજાબ અને કાશ્મીરમાં હિંદુઓ મુસ્લિમ કન્યાઓ સાથે લગ્ન કરીને તેમને હિંદુ બનાવતા. આ પ્રથા ઉત્તરોત્તર વધતી જતી હતી. સમ્રાટ શાહજહાં શાસનકાળના છઠ્ઠા વર્ષમાં (1633-34) જમ્મુના માર્ગે કાશ્મીરથી પાછો ફરી રહ્યો હતો, ત્યારે તેના જાણવામાં આવ્યું કે ભદૌરી અને ભિમ્બુરના હિંદુઓએ મુસ્લિમ કન્યાઓ સાથે લગ્ન કરીને તેમને હિંદુ ધર્મ અંગીકાર કરાવ્યો હતો. આવી સ્ત્રીઓ મૃત્યુ પામતી ત્યારે તેમનો હિંદુ વિધિ અનુસાર અગ્નિસંસ્કાર કરવામાં આવતો. શાહજહાંએ ઈ.સ.1634 માં એક આદેશ બહાર પાડીને મુસ્લિમ કન્યાઓ સાથે હિંદુના લગ્નોને ગેરકાનૂની જાહેર કર્યા એટલું જ નહીં, પરંતુ મુસ્લિમ કન્યાઓને તેમના હિંદુ મર્દો પાસેથી બળપૂર્વક છીનવી લઈ એ પતિદેવોને સખત દંડ ફરમાવ્યો, પરંતુ જો હિંદુ પતિદેવો ઈસ્લામ ધર્મ અંગીકાર કરે તો તેમને દંડમુક્ત કરવાનું જાહેર કર્યું. મુસ્લિમ કન્યાઓને લગ્ન દ્વારા હિંદુ ધર્મ અંગીકાર કરાવવાની પ્રવૃત્તિ એટલી બધી વ્યાપક હતી કે આ આદેશના પરિણામે કાશ્મીરમાંથી 5,000, પંજાબના ગુજરાનવાલામાંથી 70 અને બાકીના પંજાબમાંથી 500 હિંદુ-મુસ્લિમ લગ્નોનો પત્તો લાગ્યો. સમ્રાટે એ બધી શાદીઓ ફોક જાહેર કરી, તેમના પતિદેવોને ભારે દંડ કર્યો અને હિંદુઓને ઈસ્લામ ધર્મની વિરુદ્ધમાં કોઈપણ ધાર્મિક કાર્ય ખુલ્લી રીતે નહીં કરવાનો આદેશ ફરમાવ્યો. તેમ છતાંય પંજાબમાં સરહિંદના

દલપતરાય નામના એક હિંદુએ ઝિનાબ નામની મુસ્લિમ કન્યા સાથે શાદી કરી અને તેને હિંદુધર્મમાં પરવિર્તિત કરીને તેનું નામ ગંગા રાખ્યું. દંપતી દલપત-ગંગાએ તેમનાં સાત બાળકો (એક પુત્રી, છ પુત્રો) ને હિંદુઓની જેમ ઉછેર્યા અને તેમને હિંદુ ધર્મ અંગીકાર કરાવ્યો. આ રીતે શાહી આદેશનું ઉલ્લંઘન થતાં સમ્રાટ ખુબ ધૂંવાપૂંવા થયો અને આ પ્રકારના વર્તનને કાયમને માટે રોકવા, અને હવે પછી શાહી આદેશનું ઉલલંઘન કરનારને બોધપાઠ આપવા માટે સમ્રાટે દલપતને 'ઈસ્લામ યા મૃત્યુ' સ્વીકારવા જણાવ્યું. દલપતે ઈસ્લામ ધર્મ અંગીકાર કરવાનો ઈન્કાર કરતાં તેનાં સ્ત્રી-બાળકોને છીનવી લઈ તેમના ટુકડે ટુકડા કરી નાખવામાં આવ્યા અને તેને ખૂબ યાતનાઓ આપીને તેની હત્યા કરવામાં આવી.

### 5.3.5 *કુરાન અને પયગમ્બરની નિંદા માટે સખત શિક્ષા*

શાહજહાંએ ધર્મત્યાગને 'અપરાધ' ઘોષિત કર્યો અને અન્ય ધાર્મિક અપરાધીઓની બાબતમાં 'મુસ્લિમ પિનલ કોડ' નો અમલ કરવામાં આવતો. અલ્લાહની નિંદા પુનઃ ફોજદારી ગુનો જાહેર કરવામાં આવ્યો. 'બાદશાહનામા' ના લેખક મુહમ્મદ અમીન કઝનવીના મતે 'કુરાન' નું અપમાન કરવા માટે એક હિંદુને મૃત્યુદંડ આપવામાં આવ્યો હતો. વરાડ પ્રાંતનો કાનૂનગો બ્રાહ્મણ છૈલાનો પયગમ્બરની નિંદા કરવા માટે શિરચ્છેદ કરવામાં આવ્યો હતો. શાહજાદા ઔરંગઝેબની ગુજરાતની સૂબાગીરી દરમિયાન રાજુ નામના સૈયદને ધર્મવિરોધી વિચારોને લીધે અમદાવાદમાંથી હદપાર થવાનો આદેશ આપવામાં આવ્યો હતો અને આ આદેશનો અમલ શાહી અધિકારીઓનો વિરોધ કરતાં તેને મારી નાંખવામાં આવ્યો હતો.

### 5.3.6 *હિંદુપ્રજા પર કેટલાક પ્રતિબંધો*

સમ્રાટે હિંદુ પ્રજા પર કેટલાક પ્રતિબંધો મૂક્યા. દા.ત. તેમને મુસ્લિમોના જેવા વસ્ત્રો ધારણ કરવાની, ખુલ્લી રીતે કે ખાનગીમાં દારૂ વેચવાની કે પીવાની, મુસ્લિમ કબ્રસ્તાન પાસે શબનો અગ્નિસંસ્કાર કરવાની કે સતી થવાની અને મુસ્લિમ યુદ્ધકેદીઓને ગુલામ તરીકે ખરીદવાની મનાઈ ફરમાવી હતી.

પરંતુ સમ્રાટની ધાર્મિક અસહિષ્ણુ નીતિનો અમલ માત્ર રાજધાની નજીક આવેલા પ્રાંતો પૂરતો મર્યાદિત હતો. સામ્રાજ્યના બધા જ ભાગોમાં ખાસ કરીને તો દૂર આવેલા પ્રદેશોમાં તેનો એકસરખો અમલ હોઈ શકે નહીં અને ઘણાંય પ્રદેશોમાં તો હિંદુઓ સાથે બાંધછોડની નીતિ અખત્યાર કરવામાં આવી હતી. તેણે 'ગૌ-હત્યા નિષેધ' સંબંધી આદેશ પાછો ખેંચી લીધો હતો, પરંતુ ડીલા વેલે, ખંભાતમાં ગાયોની કતલના નિષેધનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ આ છૂટછાટ માટે હિંદુઓને મુઘલ સરકારને ભારે કિંમત ચૂકવવી પડી હતી. સેબેસ્ટીઆન મેનરિક બહુમતી ધરાવતા હિંદુઓના પ્રદેશોમાં પ્રાણીઓની હત્યા નહીં કરવાની સમ્રાટની કડક સૂચનાની નોંધ કરી છે. તેના મતે

તીર્થયાત્રાકાર પણ અસ્તિત્વમાં હતો. સમ્રાટે ગોલકોંડાના શિયાપંથી રાજ્યમાં મુઘલ દૂત અબ્દુલ લતીફને મોકલીને ત્યાંના સુલતાન કુતુબ-ઉલ-મુલ્કને સુન્નીપંથ સ્વીકારવામાં બાધ્ય કર્યો હતો.

## 5.4 *પોર્ટુગીઝો પ્રત્યેની નીતિ*

અકબરના સમયમાં પોર્ટુગીઝોએ શાહી ફરમાન મેળવીને હુગલી મુકામે વ્યાપારી થાણું નાખ્યું હતું. તેમણે પોતાની સ્થિતિ સંગીન કરીને હુગલીને વ્યાપારિક અને ધાર્મિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવ્યું હતું. તેઓ હુગલીની આસપાસની પ્રજા પર અત્યાચારો ગુજારતા હતા તથા તેમણે લોકોને બળજબરીથી ખ્રિસ્તી બનાવવાની પ્રવૃત્તિ આદરી હતી. આમ, તેઓ શાંતિચાહક વેપારી પ્રજામાંથી ચાંચિયા બન્યા હતા. શાહજહાંએ તેમની સામે કડક પગલાં લીધાં. તેમનું કેથોલિક ચર્ચ તોડી પાડવામાં આવ્યું. 4400 ખ્રિસ્તીઓને કેદ કરી તેમની મૂર્તિઓ સાથે આગ્રા લઈ જવામાં આવ્યા. ત્યાં તેમને 'ઈસ્લામ યા મૃત્યુ' એ બેમાંથી એક પસંદ કરવાનું કહેવામાં આવ્યું અને જેમણે ઈસ્લામ ધર્મ સ્વીકારવાની ના પાડી તેમને જેલભેગા કરવામાં આવ્યા તેમજ તેમની કેટલીક મૂર્તિઓને જમના નદીમાં ફેંકી દેવામાં આવી, તો કેટલીકને તોડી નાંખવામાં આવી. આમાંથી કેટલાક પોર્ટુગીઝોને સામ્રાજયમાં ઉચ્ચ દરજ્જો આપવાનું વચન આપી મુસ્લિમ ધર્મ અંગીકાર કરવા લલચાવવામાં આવ્યા, પરંતુ જેઓ ન લલચાયા તેમને ખૂબ રિબાવવામાં આવ્યા. એક પાદરીએ તો બેધડકપણે સમ્રાટને આત્મશુદ્ધિ માટે ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવાનું સૂચવ્યું, તો તેને જેલ ભેગો કરવામાં આવ્યો. શાહજહાંના એક ફરમાનના વિવરણ મુજબ ઈ.સ.1640 માં લાહોર ખાતેના ફાધર જોસેફ દ કાસ્ટોએ સમ્રાટના મુખ્ય મંત્રી આસફખાંની દરમિયાનગીરીથી 'હુગલી' કેદીઓને મુક્ત કરાવ્યા હતા અને તેમના વિશેષાધિકારો પુનઃ અપાવ્યા હતા.

ડૉ.એ. એલ. શ્રીવાસ્તવના મતે 'પોર્ટુગીઝ કેદીઓને ઈસ્લામ બનાવવાની 'સમ્રાટની' ઈચ્છા ધર્મઝનૂનથી પ્રેરાયેલી હતી અને એટલા માટે જ તેની પોર્ટુગીઝો પ્રત્યેની નીતિ ધિક્કારને પાત્ર હતી. અલબત્ત, આમાં સત્યાંશ રહેલું છે. જહોન કેબ્રેલે ભારપૂર્વક નોંધ્યું છે તેમ, આ પ્રકારના સંહારમાં ધાર્મિક લાગણી જવાબદાર હતી. જોકે મિર્ઝા કઝનવી કે અબ્દુલ હમીદ લાહોરી, આ સંહારમાં ધાર્મિક બાબતોને ગૌણ ગણે છે. તો પણ રાજકીય બાબતો કરતાં તેમને કોઈપણ રીતે ઓછી મહત્વની તો નથી ગણતા.

અગાઉ નોંધ્યું છે તેમ, પોર્ટુગીઝોના દમન પાછળ શાહજહાંની ધર્મઝનૂની નીતિ ઉપરાંત એ પ્રજાની હિંદુ-મુસ્લિમોને ખ્રિસ્તી બનાવવાની વટાળ પ્રવૃત્તિ તેમ જ તેમની ચાંચિયાગીરી પણ મહદઅંશે જવાબદાર હતી. આ સંદર્ભમાં સર એડવર્ડ મેકલેગન યોગ્ય જ લખે છે કે ''પોર્ટુગીઝોનું દમન'' - હુગલીનું યુદ્ધ - મુખ્યત્વે ધાર્મિક કારણોથી થયું ન હતું - લડાયું ન હતું, કારણ કે સ્થાનિક મુઘલ હાકેમો તેમના ધર્મપ્રચારના કાર્યમાં કોઈ હસ્તક્ષેપ નહોતા કરતા. બલ્કે તેઓ કેથોલિક પાદરીઓનો આદર કરતા હતા. તેમને

મુલ્લાઓના આક્રમણોથી બચાવવામાં આવતા હતા. હુગલીના પોર્ટુગીઝો વિરુદ્ધ થયેલ લડાઈમાં રાજકીય કારણ હતું. હુગલીના પોર્ટુગીઝ ચિત્તાગંગના 'લુટેરા ફિરંગીઓને' સહાનુભૂતિ અને પ્રોત્સાહન આપતા હતા. જેઓ મુઘલો વિરુદ્ધ આરાકાનના રાજાને સહાય આપવા તૈયાર રહેતા હતા. ખરેખર આ ઝઘડામાં માત્ર શાહજહાંએ ધાર્મિક તત્વને ભેળવી દીધું હતું. ફિરંગીઓએ મુઘલ પ્રજામાંથી ખૂબ મોટી સંખ્યામાં લોકોને ગુલામ બનાવ્યા હતા અને આ ગુલામોમાંથી કેટલાકને તો ખ્રિસ્તીઓ બનાવ્યા હતા. જોકે મુઘલો અને પોર્ટુગીઝો વચ્ચેના સંબંધ-સંઘર્ષમાં ધાર્મિક બાબતો ગૌણ હતી, ધર્મ સિવાય અન્ય એવી કેટલીક બાબતો હતી, જે માટે હુગલીના પોર્ટુગીઝોને થયેલી શિક્ષા ન્યાયી ઠરતી હતી.'' બર્નિયર જણાવે છે કે ''હુગલીના પોર્ટુગીઝો બડાઈ મારતા હતા કે તમામ ખ્રિસ્તીઓ-મિશનરીઓ હિંદુસ્તાનમાં ૧૦ વર્ષમાં જેટલા ખ્રિસ્તીઓ બનાવ્યા તેનાથી અધિક ખ્રિસ્તીઓ અમે બાર મહિનામાં બનાવ્યા.'' આમ બંને વચ્ચેના સંઘર્ષમાં ધાર્મિક બાબતો ગૌણ હતી. ''ધાર્મિક ક્ષેત્રે શાહજહાંએ અસહિષ્ણુતા નીતિને ખુલ્લેઆમ અમલમાં મૂકી. જે ઔરંગઝેબના હાથે વિકસિત થઈ અને સામ્રાજ્યના પતનનું એક મોટું કારણ બની.

શાહજહાંનો રાજ્યઅમલ-'સુવર્ણયુગ'

### 5.4.1 *આર્થિક સમૃદ્ધિ : રાયભારમલનો મત*

આર્થિક દૃષ્ટિએ શાહજહાંનો શાસનકાળ ખૂબ સમૃદ્ધ હતો. દેશની આર્થિક સ્થિતિ ખૂબ સંતોષજનક હતી. રાયભારમલ તેના 'લુંબ-અન-તવારીખે હિંદ' માં નોંધે છે કે ''પ્રમાણિક અને બુદ્ધિશાળી અધિકારીઓની નિમણૂકથી ચાલતું વહીવટીતંત્ર, હિસાબની 'ધ્યાનપૂર્વક' ચકાસણી, રાજ્યની ખલાસા જમીન અને તેમના ખેડૂતોની કાળજી, ખેતીવાડીને ઉત્તેજન અને મહેસૂલની ઉઘરાણી, દુષ્ટો, જુલ્મીઓ અને ખરાબ કૃત્યો કરનારને સખત શિક્ષા - આ બધાને કારણે સામ્રાજ્યની 'આર્થિક' સમૃદ્ધિ ખૂબ વધી. અકબરના રાજ્યઅમલમાં જે પરગણાંમાંથી ફકત ત્રણ લાખ મહેસૂલ આવતી તે આ સમયે દશ લાખ મહેસૂલ આપતા થયા. તેની (શાહજહાંની) પૂર્વે થયેલા રાજ્યઅમલનો ખર્ચ તેના રાજ્યઅમલના ચોથા ભાગ જેટલો પણ ન હતો, આમ છતાંય સમ્રાટે એટલી બધી ઝડપથી તિજોરી છલકાવી દીધી કે તેના પૂર્વજોને તેટલું ધન એકઠું કરવા માટે અનેક વર્ષો લાગ્યાં.'' હિંદની આર્થિક સમૃદ્ધિ અંગે સર વિલિયમ હોકિન્સ આ પ્રમાણે નોંધે છે : ''હિંદમાં સોનું અને ચાંદી ખૂબ જ પ્રમાણમાં છે, કારણ કે સર્વ દેશો પોતાની જરૂરિયાતની વસ્તુઓ હિંદમાંથી ખરીદે છે અને બદલામાં સોનું-ચાંદી આપી જાય છે.''

### 5.4.2 *ખેડૂતો માટે શાંતિનો સમય : મોરલેન્ડનો વિચાર*

ડબલ્યુ. એચ. મોરલેન્ડના કથન મુજબ 'શાહજહાંનો રાજ્યઅમલ ખેડૂતો માટે સુખ અને શાંતિનો સમય હતો.' તેણે ખેડૂતો અને ખેતીને ઉત્તેજન આપ્યું હતું. ગરીબ ખેડૂતોને બિયારણ અને ઢોર ખરીદવા લોન અપાતી. તેણે રાવી અને જમના નદીમાંથી

નહેરો કઢાવી હતી. આ બધાંને પરિણામે તેના સમયમાં રાજ્યની વાર્ષિક મહેસૂલી આવક 21 કરોડ રૂપિયાની હતી.

### 5.4.3 *વેપારઉપેગની સમૃદ્ધિ : બર્નિયર વગેરે વિદેશી મુસાફરોના હેવાલો*

દેશના ઉપેગોએ પણ સમૃદ્ધિમાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો. યુરોપ અને એશિયાના દેશો સાથે હિંદનો વેપાર ચાલતો. સુતરાઉ કાપડ, ખાંડ, મરી મસાલા, અફીણ, ગળી, સૂરોખાર, હીરામાણેક વગેરે વસ્તુઓની યુરોપ, આફ્રિકા, અગ્નિએશિયા, ચીન, જાપાન વગેરેમાં નિકાસ થતી અને પરદેશથી દવાદારૂ, કાચ, હાથીદાંત, અત્તર, અરબી ઘોડા અને ગુલામોની આયાત થતી. લાહોર, આગ્રા, બુરહાનપુર, પટણા, બનારસ, જોધપુર, કાશ્મીર, ઢાકા, સુરત વગેરે કાપડ ઉપેગના મુખ્ય કેન્દ્રો હતા. ઢાકાની મલમલ, લાહોરનું રેશમી કાપડ, ગુજરાતનો કિનખાબ, કાશ્મીરના ગાલીચા, ફત્તેહપુર સિક્રીની શેતરંજીઓ વગેરે ખૂબ જ જાણીતા હતા. આ બધા શહેરોમાં હજારો કારીગરો કામ કરતા.

શાહજહાંના સમયમાં હિંદની આર્થિક સમૃદ્ધિનો આંખે દેખ્યો અહેવાલ સર વિલિમ હોકિન્સ, મોન્સરેટ, બર્નિયર, એડવર્ડ ટેરી, ફિચ વગેરે પરદેશી મુસાફરોએ રજૂ કર્યો છે. બર્નિયરના વિવરણ પરથી આપણને દેશની સમૃદ્ધિનો ખ્યાલ આવે છે. તે લખે છે કે ‘રાજકોશ ભરપૂર હતો. વ્યાપાર ઉન્નત હતો. મહેસૂલ અગાઉના કરતાં અધિક મળતું હતું.’ ‘બંગાળમાં જીવન જરૂરિયાતની વસ્તુઓ પુષ્કળ પ્રમાણમાં હતી, જેના કારણે વિદેશી લોકો આ સમૃદ્ધ રાજ્યમાં વસવા ઈચ્છતા હતા. બંગાળ અને બિહારમાં સુતરાઉ કાપડ બનાવવાનો ઉપેગ એટલો તો ધમધોકાર ચાલતો હતો કે આ પ્રદેશ ‘કપડાના દેશ’ ના જેવો નજરે પડતો હતો. ખાંડ, કપાસ અને રેશમી કાપડની કમી ન હતી. એ વસ્તુઓ વિદેશોમાં નિકાસ થતી. વિદેશી વ્યાપાર સામ્રાજ્યની આવકનું મહત્વપૂર્ણ સાધન હતું.’ મેન્ડેલ્સલોએ ગુજરાતની આબાદીની, બર્નિયર અને ટેરીએ બંગાળની સમૃદ્ધિની, ફિંચે લાહોરની તેમજ સર જદુનાથ સરકારે દક્ષિણનાં રાજ્યોની આબાદીની પ્રશંસા કરી છે. સમ્રાટે ભવ્ય બાંધકામો અને કંદહાર જેવા ભયંકર વિગ્રહોમાં કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો હોવા છતાંય તેના વારસા માટે તે 40 કરોડ રૂપિયા મૂકતો ગયો. આ જ હકીકત તેના સમયની આર્થિક સમૃદ્ધિની પ્રતીતિ કરાવવા માટે પૂરતી છે.

## 5.5 *સાહિત્ય અને શિક્ષણ*

### 5.5.1 *શિક્ષણને ઉત્તેજન*

શાહજહાંએ સામ્રાજ્યમાં શિક્ષણના ફેલાવા માટે પ્રયાસો કર્યા હતા. તે વિદ્વાનોને પુરસ્કાર અને આર્થિક સહાય આપીને પ્રોત્સાહન આપતો. તેણે દિલ્હી (શાહજહાંનાબાદ) માં જામા મસ્જિદ નજીક એક મહાવિપલય (કોલેજ) ખોલી અને દારૂલ-બકા નામની મદરેસાનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો તેમજ તેને આર્થિક સહાય આપી હતી. શાહજહાંનો પુત્ર દારાઉદાર શિક્ષણપ્રણાલીનો હિમાયતી હતો. શાહજહાંના

સમયમાં શિક્ષણનું પ્રમાણ બહુ ઓછું હોવાનું બર્નિયર નોંધે છે. તેના મતે આ સમયે શિક્ષણ ઘણું ખર્ચાળ હોવાથી બહુ જ થોડા લોકો તેનો લાભ લઈ શકતા. જોકે રાજ્ય પ્રજાના શિક્ષણ માટે સંચાલનનું સીધું કાર્ય કરતું નહીં, પરંતુ રાજ્યમાં અનેક ખાનગી સંસ્થાઓ શિક્ષણ આપવાનું કાર્ય કરતી. લાહોર, અમદાવાદ, બુરહાનપુર, જોધપુર વગેરે સ્થળોએ ધાર્મિક વ્યક્તિઓ (મૌલવીઓ) દ્વારા સંચાલિત કેળવણી સંસ્થાઓ નજરે પડતી હતી. શાહજહાંના સમયમાં સરહિંદ, થાણેશ્વર, અંબાલા અને કાશ્મીર શિક્ષણના કેન્દ્રો હતાં અને દેશના દૂરદૂરના ભાગોમાંથી વિપર્થીઓ અહીં વિપભ્યાસાર્થે ઉમટતા. આ સંસ્થાઓમાં આજની જેમ કોઈ એક જ વિષયનું શિક્ષણ નહોતું, પરંતુ ધર્મ, તત્વજ્ઞાન, ઈતિહાસ, ગણિત, પિંગળ વગેરે વિષાયો શીખવવામાં આવતા.

### 5.5.2 *સાહિત્યનો સુવર્ણયુગ*

(i) ફારસી સાહિત્યનો વિકાસ : ફારસી ભાષા આ સમયે રાજ્યભાષા બની હતી, તેથી તેનો ઘણો વિકાસ થયો હતો. આ સમયે બે પ્રકારની ‘સાહિત્યિક શૈલીઓ’ નો વિકાસ થયો હતો. (1) શુદ્ધ ફારસી શૈલી : આ શૈલીને મુલ્લા શુકુલ્લાહ, અમીનાઈ કઝવાની અને જલાલુદ્દીન તબાતબાઈ જેવા વિદ્વાનોએ ઘણું ઉત્તેજન આપ્યું હતું. કઝવાની અને તબાતબાઈએ એક જ શીર્ષક હેઠળ લખેલાં ‘પાદશાહનામા’ નામનાં પુસ્તક શુદ્ધ ફારસી શૈલીના ઉદાહરણો છે. (2) ભારતીય-ફારસી શૈલી : મુઘલ યુગમાં ફારસી ભાષાએ હિંદમાં ઝડપથી આગમન કર્યું અને ભારતીય ભાષાઓની પણ તેના પર અસર પહોંચી હતી. આમ, બંનેની પરસ્પર અસરમાંથી ‘ભારતીય-ફારસી શૈલી’ નામે લેખનશૈલી ઉદ્ભવી. શાહજહાંએ આ શૈલીને રાજ્યાશ્રય આપીને ખૂબ વિકસાવી હતી. મુહમ્મદ વારીસ, ચંદ્રભાણ વગેરે વિદ્વાનોએ ભારતીય-ફારસી શૈલીમાં એમનાં લખાણો લખ્યાં છે. અબ્દુલ હમીદ લાહોરી અને ઈનાયતખાન શાહજહાંના સમયના જાણીતા ઈતિહાસકારો હતા.

આ સમયે પદ્ય અને ગદ્ય સાહિત્યમાં ખૂબ પ્રગતિ સધાઈ હતી. કલીમ નામે કવિ શાજહાંનો રાજકવિ હતો. સઈદાઈ ગીલાની, કુદશી, ખાશી, રફી, મુનીર, હસનબેગ વગેરે પ્રસિદ્ધ કવિઓએ શાહજહાંના સમયમાં રાજ્યાશ્રય મેળવીને કાવ્યસાહિત્યનો નોંધપાત્ર વિકાસ કર્યો હતો. દા.ત. સઈદાઈ ગીલાનીએ ‘દીવાન’ અને ‘સાકીનામા’ નામે બે કૃતિઓ લખી તેમજ ‘પાદશાહનામા’ પદ્યબદ્ધ કર્યું. હાફીઝ મુહમ્મદ કવિ, જ્યોતિષ અને ગણિતશાસ્ત્રી હતો. આ સમયે ગદ્યમાં શાહ ફતેહ કાગડા અને ચાર ચમન નામના વિદ્વાનોએ અનુક્રમે પર્શિયન અને ભારતીય પર્શિયન શૈલીઓ વિકસાવી હતી.

આ સમયે મુનશી બનવાલીદાસે ‘પ્રબોધ ચન્દ્રોદય’ અને ઈબ્તે હરકરણે ‘રામાયણ’ નું ફારસીમાં ભાષાંતર કર્યું હતું. શાહજહાંનો પુત્ર દારા શિકોહ ફારસી, અરબી અને સંસ્કૃત ભાષાનો મહાન પંડિત હતો. તેણે સૂફી સંતોની જીવનકહાણીઓ પર ‘સફનિત-ઉલ-ઓલિયા’ નામે ગ્રંથ લખ્યો હતો. તેણે ‘સિર-ઉલ-અસરાર’ નામના ગ્રંથમાં 50 ઉપનિષદોને ફારસી ગદ્યમાં અનુવાદ કર્યા હતા. આ ઉપરાંત તેણે

'ભગવદ્ગીતા' અને 'યોગવશિષ્ઠા' નામના ગ્રંથોના ફારસી ભાષામાં અનુવાદો કર્યા હતા. દારા શિકોહ ભારતીય વેદાંત અને ઈસ્લામી સૂફીવાદનો પ્રખર અભ્યાસી હતો અને તેમની વચ્ચે રહેલી સમાનતા દર્શાવવા માટે તેણે 'મઝમ-અલ-બહરેઈન' (બે સાગરોનો સંગમ) નામનું ઉત્તમ પુસ્તક લખ્યું હતું.

(ii) સંસ્કૃત સાહિત્યને રાજ્યાશ્રય : શાહજહાંના અમલ દરમિયાન સંસ્કૃત સાહિત્યને પર્યાપ્ત રાજ્યાશ્રય પ્રાપ્ત થયો હતો. શાહજહાંના અમલમાં રાજ્યાશ્રય ભોગવતા ઉચ્ચ કોટિના સંસ્કૃત વિદ્વાનોમાં જગન્નાથ કવિન્દ્ર સરસ્વતી લહરી અને જગન્નાથ પંડિત દરબારી કવિઓ હતા. જગન્ના પંડિતે 'રસગંગાધર' અને 'ગંગાલહરી' નામના બે સંસ્કૃત ગ્રંથોની રચના કરી હતી. ઉપર નોંધ્યું તેમ, શાહજાદા દારાએ કરેલા સંસ્કૃત ગ્રંથોના ફારસી અનુવાદો પરથી સ્પષ્ટ થાય છે કે સમ્રાટનો શાહજાદો દારા ફારસી અને સંસ્કૃતનો વિદ્વાન હતો. ડૉ.આર.પી.ત્રિપાઠીની માન્યતા છે કે શાહજહાંના રાજ્યઅમલમાં સંસ્કૃત ભાષાનો સારો વિકાસ થયો હતો.

### 5.5.3 *હિંદી ભાષા અને સાહિત્યને ઉત્તેજન : ડૉ.સક્સેનાની નોંધ*

ડૉ.બી.પી.સક્સેના નોંધે છે કે શાહજહાંના સમયમાં હિંદી ભાષા અને સાહિત્યનો વિકાસ સર્વોચ્ચ કક્ષાએ પહોંચ્યો હતો. સમ્રાટ પોતે હિંદી બોલી શકતો, હિંદી સંગીત માણી શકતો. તેણે હિંદી ભાષા અને એ ભાષાના કવિઓને પ્રોત્સાહન આપ્યું હતું. તેણે સુંદરદાસ, ચિંતામણી, કવિન્દ્ર આચાર્ય જેવા પ્રસિદ્ધ હિંદી કવિઓને રાજદરબારમાં આશ્રય આપ્યો હતો. ગ્વાલિયરના હિંદી કવિ સુંદરદાસે 'સુંદર શ્રૃંગાર' નામે ગ્રંથની રચના કરી હતી. સમ્રાટે સુંદરદાસને 'કવિરાય' અને 'મહાકવિરાય' ના બિરૂદોથી નવાજ્યો હતો. બનારસના કવિ કવિન્દ્ર આચાર્યે 150 શ્લોકોનું 'કવિન્દ્ર કલ્પતરૂ' નામનું કાવ્ય લખ્યું, જેમાં શાહજહાં અને તેના પુત્રોની પ્રશંસા કરવામાં આવી છે. ચિંતામણી નામના બનારસી હિંદી કવિએ 'છંદવિચાર', 'કાવ્યવિવેક', 'કવિકલ્પતરૂ' અને 'કાવ્યપ્રકાશ' નામનાં પુસ્તકો રચીને હિંદી સાહિત્યની અમૂલ્ય સેવા કરી છે. આ ઉપરાંત શિરોમણી મિશ્ર, ભૂષણ, મતિરાય પ્રાણનાથ, અમદાવાદના દાદુ વગેરેએ ધાર્મિક કવિતાઓની રચના કરી. ઓરછાના મહાકવિ કેશવદાસ દ્વારા રચિત 'કવિપ્રિયા', 'રસિકપ્રિયા' અને 'અલંકાર-મંજરી' નું હિંદી સાહિત્યમાં મહત્વપૂર્ણ સ્થાન છે. આમ, શાહજહાંના સમયમાં થયેલી હિંદી ભાષા-સાહિત્યની પ્રગતિની નોંધ લેતાં ડૉ.બી.પી.સક્સેનાએ લખ્યું છે કે, ''શાહજહાંના યુગને હિંદી ભાષા અને સાહિત્યની પ્રગતિનો સૌથી ગૌરવમય યુગ કહેવામાં આવે છે.''

### 5.5.4 *વિજ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ*

આ સમયે વૈદકશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રમાં પણ નોંધપાત્ર પ્રગતિ સધાઈ હતી. વૈદકશાસ્ત્રના ક્ષેત્રે હકીમ અલામુદ્દીન વઝીરખાં એ શાહજહાંનો રાજવૈદ્ય હતો, જે નાડીપરીક્ષા કરીને દર્દીની સારવાર કરવામાં પારંગત હતો. હકીમ મોમીના

શિરાઝી આ યુગનો બીજો જાણીતો વૈદ્ય હતો. શેખ કાસીમ વાઢકાપના ક્ષેત્રે નિષ્ણાત હતો અને હકીમ ફતેહુલ્લાહ શિરાઝી વિવિધ દર્દોના દવાઓનો જાણકાર હતો. ખગોળશાસ્ત્રના ક્ષેત્રે મુલ્લા ફરીદ મુનજ્જીમ નામના ખગોળશાસ્ત્રીએ ખગોળને લગતો એક નકશો તૈયાર કર્યો અને શાહજહાંની યાદગીરીને ચિરસ્થાયી બનાવવા માટે એ નકશાને 'ઝીચ-એ-શાહજહાંની' નું નામ આપ્યું. ગણિતશાસ્ત્રના ક્ષેત્રે આતા-ઉલ્લાહે બીજગણિત, રેખાશાસ્ત્ર અને અંકગણિત ઉપર પુસ્તકો લખીને શાહજહાં અને દારાને અર્પણ કર્યા હતા. અબ્દુર રશીદે સંસ્કૃતમાં લખાયેલા બીજગણિતનું ફારસીમાં ભાષાંતર કર્યું હતું. આ સિવાય મૌલાના મહમૂદ જોનપુરી, મૌલાના મહમૂદ લાહોરી, મીર શમ્સુદ્દીન ખલજીની વગેરે શાહજહાંના રાજ્યકાળના ખ્યાતનામ ગણિતશાસ્ત્રીઓ હતા.

● ***તમારી પ્રગતિ ચકાસો (ખરા કે ખોટા) :***

(1) અકબરનો પુત્ર શાહજહાં હતો.

(2) બાદશાહ નામાના લેખક અબુલ ફઝર હતા.

(3) શાહજહાંના સમયમાં લાહોરનું કિનખાબ જાણીતું હતું.

(4) દારા સિહોર સંસ્કૃત ભાષાના મહાન પંડિત હતા.

## 5.6 *લલિતકલાઓનો ચરમ ઉત્કર્ષ*

શાહજહાંનો શાસનકાળ સાંસ્કૃતિક ક્ષેત્રે ઉન્નતિનો સમય હતો. તેના બાહ્ય આવિષ્કાર રૂપ સ્થાપત્ય, ચિત્ર અને સંગીતકલાના ક્ષેત્રોમાં અદ્વિતીય સિદ્ધિઓના સોપાન સર થયા હતા.

### 5.6.1 *સ્થાપત્યકલાનો સુવર્ણયુગ*

લલિતકલાઓના ક્ષેત્રે સધાયેલી સિદ્ધિઓની કલગીરૂપ શાહજહાંએ રચેલી ભવ્ય ઈમારતો હતી. તે ભવન-નિર્માણકલાનો સમ્રાટ હતો. તેણે બંધાવેલ ભવનો, મહેલો, દુર્ગો, મસ્જિદો, મકબરાઓ, બાગબગીચાઓ, કિલ્લાઓ વગેરે ભવ્ય ઈમારતો આજે પણ આગ્રા, દિલ્હી, લાહોર, કાબુલ, કાશ્મીર, અમદાવાદ, અજમેર, કંદહાર અને અન્ય શહેરોમાં એના સ્થાપત્ય શોખની કીર્તિગાથા ગાતી ઉભી છે. ડૉ.આર.સી.મજમુદારના શબ્દોમાં ''ભવ્યતા અને મૌલિકતાની બાબતમાં શાહજહાંની ઈમારતો અકબરની ઈમારતોથી ઉતરતી કોટિની હતી, પરંતુ રચના કૌશલ્ય, કલાપૂર્ણ સજાવટ, સરસતા અને રમણીયતાની બાબતમાં એના કરતાં ઉચ્ચ કોટિની હતી.

શાહજહાંએ પોતાની ઈમારતોના નિર્માણમાં સંગેમરમર (આરસપહાણ) વાપર્યા હતા અને એ સંગેમરમર રાજસ્થાનના જોધપુર રાજ્યના 'મકરાના' નામની ખાણોમાંથી મેળવવામાં આવ્યા હતા. તેણે ઈમારતોના નિર્માણમાં સંગેમરમર ઉપર રંગબેરંગી અવનવા શેડ ધરાવતા મૂલ્યવાન પથ્થરોની જડાવટનો ઉપયોગ કરીને સ્થાપત્યકલાના સૌંદર્યને તેની ચરમસીમાના શિખરો સુધી પહોંચાડી હતી. આગ્રાના

કિલ્લામાં 'દીવાને-આમ' સંગેમરમરથી બનાવેલ પહેલું ભવન છે. ત્યાર બાદ 'દીવાને-ખાસ' (1637) અને 'મોતી મસ્જિદ' (1634) નું સંગેમરમરથી નિર્માણ થયું હતું.

તેણે દિલ્હીમાં બંધાવેલો કિલ્લો આજે 'લાલ કિલ્લા' તરીકે જાણીતો છે. આ કિલ્લાની ચારેતરફ દિવાલ છે. તેમાં મુખ્ય બે પ્રવેશદ્વાર છે : પશ્ચિમી પ્રવેશદ્વારનું નામ 'લાહોરી દરવાજો' અને દક્ષિણી પ્રવેશદ્વારનું નામ 'દિલ્હી દરવાજો' છે. આ કિલ્લામાં 'દીવાને-આમ', 'દીવાને-ખાસ', 'હમામ', 'રંગમહલ' અને 'નહર-એ-બિહિશ્ત' છે. 'દીવાને-આમ' માં સમ્રાટનો સિંહાસન મંચ છે. 'દીવાને-આમ' ની નજીક આવેલા રાજમહેલમાં 'રંગમહલ' છે. રંગમહલની જાળીમાં ઉત્કીર્ણ કરાયેલું 'ન્યાયનું ત્રાજવું' એ યુરોપીય શૈલીના નમૂનાનું સૂચક છે. 'દીવાને-ખાસ' એ શાહજહાંની સઘળી ઈમારતોમાં સૌથી ભવ્ય રીતે અલંકૃત કરેલ છે અને તે સૌથી સુંદર નમૂનો છે. લાલ કિલ્લામાં પાણી પહોંચાડવા માટે 'નહર-એ-બિહિશ્ત' (સ્વર્ગની નહેર) નામની નહેરની વ્યવસ્થા કરવામાં આવી છે. કિલ્લામાં સમ્રાટે કિલ્લાની પાસે 'જામા મસ્જિદ' પણ નિર્માણ કરાવી હતી. આ મસ્જિદ ખાસ અને આમ એમ બંને પ્રકારની વ્યકિતઓના ઉપયોગ માટે હતી.

શાહજહાંએ આગ્રાના કિલ્લામાં 'દીવાને-આમ', દીવાને-ખાસ', 'મોતી મસ્જિદ', 'નગીના મસ્જિદ' વગેરે મુખ્ય ઈમારતો બંધાવી હતી. આગ્રામાં આવેલ મોતી મસ્જિદ એ સ્થાપત્યકલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. સંગેમરમર અને લાલ પથ્થરથી નિર્મિત આ ભવન એક અત્યંત સુંદર પ્રાર્થનાગૃહ છે. સંત નિહાલસિંહના મત મુજબ મોતી મસ્જિદનું નિર્માણ કરનાર કલાકારોએ પથ્થરો દ્વારા એવો સૂક્ષ્મ વિચાર માટે નિરંતર અભિલાષી છે.' આગ્રામાં આવેલી 'મસ્જિદ-ઈ-જહાનનામા' તરીકે ઓળખાતી જામી મસ્જિદ એ શાહજહાંના પુત્રી જહાનઆરાએ પાંચ લાખ રૂપિયાના ખર્ચે બંધાવી હતી, પરંતુ તેની સઘળી ઈમારતોમાં અધિક સુંદર આગ્રામાં બંધાવેલો 'તાજમહાલ' છે, જે મુઘલયુગની અદ્વિતીય રચના હતી. સંગેમરમરનો બનેલો આ વિશ્વવિખ્યાત મકબરો આગ્રામાં યમુના નદીને કાંઠે આવેલો છે. તેનું નિર્માણ શાહજહાંની પ્રિય બેગમ મુમતાજ મહલની યાદમાં કરવામાં આવ્યું હતું. ડૉ.વી.એ.સ્મિથ અને લેનપૂલના મતે તાજમહલનું નિર્માણ વેનિસના સ્થપતિ ગેરેનિમો વેરોનિયોએ કર્યું હતું, જે મુઘલ સમ્રાટની સેવામાં હતો પરંતુ હકીકતમાં તે ઈ. બી. હેપલ અને જહોન માર્શલના મતે તાજમહલનું નિર્માણકાર્ય તો આગ્રાના સ્થપતિ ઉસ્તાદ ઈશાખાંની દેખરેખ હેઠળ થયું હતું. 'તાજમહાલના બગીચાઓના નિર્માણનું કાર્ય કાશ્મીરના કલાપ્રિય હિંદુ રણમલે કર્યું હતું. તેની કાર્યની જવાબદારી કનોજ અને મુલતાનના હિંદુ શિલ્પીઓને સોંપાઈ હતી. મકબરના સંગેમરમરના પાષાણમાં કુરાને શરીફની આયાતોને ઉત્કીર્ણ કરવાનું કાર્ય કંદહારના અમાનતખાં શિરાજીએ કર્યું હતું અને ગુંબજનું કાર્ય કોન્સ્ટેન્ટિનોપલના ઈસ્માઈલખાં રૂમીએ કર્યું હતું.' કલાવિવેચકોએ તાજમહલને 'સંગેમરમરમાં કંડારેલું પ્રેમકાવ્ય' કહ્યું છે. તાજમહલમાં મુઘલ સ્થાપત્ય તેની પરાકાષ્ઠાએ પહોંચ્યું છે. તાજમહલ એ શાહજહાંના સ્થાપત્યમાં સૌથી જીવંત અને સર્જનાત્મક કૃતિ છે. આ અદ્વિતીય ઈમારત હજુ પણ સંસારમાં દામ્પત્ય પ્રેમ અને અનુરાગનું એક મહાન સ્મારક છે અને તે

ભારતીય નારીના ગૌરવ પ્રત્યે આ ઈમારત એક ભવ્ય શ્રદ્ધાંજલિ છે, પર્સી બ્રાઉન લખે છે કે, 'યમુના નદીના કિનારા પર આકર્ષક બગીચાઓની વચ્ચે આવેલા આ અદ્વિતીય ભવન (તાજમહલ) જોઈને એવી અનુભૂતિ થાય છે કે જાણે કે પ્રકૃતિ અને માનવીએ ભેગા થઈને તેને અલંકૃત કર્યો છે.' તેણે સાત કરોડના ખર્ચે બંધાવેલ મયૂરાસન એ ઉત્તમ સુવર્ણ કલાકૃતિ છે. તેણે દિલ્હી પાસે યમુના નદીના જમણા કિનારે શાહજહાનાબાદ નામે નગરનો પાયો નાખ્યો હતો. તેના સમયમાં લાહોર પાસે શાહદરામાં નિર્માણ પામેલા આસફખાંનો મકબરો એ ઈરાન શૈલીનો સુંદર નમૂનો છે. તેણે કાશ્મીરમાં 'નિશાત' અને 'શાલીમાર' નામે બગીચાઓનું નિર્માણ કરાવ્યું હતું. વિશ્વ પ્રસિધ્ધ 'કોહિનૂર હીરો' પણ તેના દરબારની શોભા વધારતો હતો.

શાહજહાંના સ્થાપત્યની મીમાંસા કરતાં ડૉ. બી. પી. સક્સેના લખે છે કે શાહજહાંએ બંધાવેલ સ્થાપત્યોએ આકર્ષણ અને તાજગીનું સામર્થ્ય હજુ પણ જાળવી રાખ્યું છે અને વિશ્વના દરેક ખૂણામાંથી મુલાકાતે આવનાર માણસોની આંખ અદભુત રીતે ઠારે છે. આ સ્થાપત્યો ગૌરવ, શાંતિ, સુઘડતા અને ભવ્યતાની ચોમેર સુવાસ ફેલાવે છે. જો કે કારીગરીના અતિરેકને લીધે 'સ્થાપત્ય' ના નિષ્ણાતોને એમાં વિચિત્રતા દેખાય, છતાં પણ સામાન્ય માણસને તો તેનું ચોમેર સૌંદર્ય મુગ્ધ જ કરે છે. જેમ્સ ફોર્બ્સના શબ્દોમાં 'શાહજહાંના શાસનકાળમાં જ મુઘલાઈની સ્થાપત્ય રચના એની પરાકાષ્ઠાએ ખીલી હતી.' ઈ. બી. હેવલના કથન મુજબ 'શાહજહાંના સમયમાં સ્થાપત્યમાં ભારતીય સ્થાપત્યકલાના ક્રમશઃ વિકાસનું પુનરાવર્તન જોવામાં આવે છે, જેમાં ભારતીય સંસ્કૃતિના શુભ તત્વો ઘણા વ્યાપકપણે નજરે પડે છે. ટૂંકમાં જવાહરલાલ નહેરૂના શબ્દોમાં ''પરીની જેમ શોભતી શાહજહાંની ઈમારતો મુઘલોની જાહોજલાલી અને દબદબાની પરાકાષ્ઠાનું સૂચન કરે છે.''

### 5.6.2 *ચિત્રકલાની ઉન્નતિ*

ડૉ. વી. એ. સ્મિથ કહે છે કે શાહજહાંના ભવ્ય રાજ્યઅમલ (1627-58) દરમિયાન ભારતીય-પર્શિયન ચિત્રકલા એની સિદ્ધિની ટોચે પહોંચી હતી. સમ્રાટ ચિત્રકલાનો શોખીન હતો, પરંતુ તેને સ્થાપત્યકલામાં વિશેષ અભિરૂચિ હોવાથી તેણે ચિત્રકલાને વિશેષ ઉત્તેજન આપ્યું નહીં. પરિણામે તેના અમલમાં ચિત્રકલાની ઉન્નતિ અટકી ગઈ અને દરબારી ચિત્રકારોની સંખ્યા પણ ઘટી ગઈ. મીર હાશીમ, મીર હસન, મોરાર, અનુપ ચિત્ર, ચિંતામણી, મુહમ્મદ નાદિર સમરકંદી, મુહમ્મદ ફકીર ઉલ્લાખાં વગેરે તેના સમયના ઉત્તમ દરબારી ચિત્રકારો હતા. તેણે મુહમ્મદ ફકીર ઉલ્લાખાંને શાહી ચિત્રશાળાના અધ્યક્ષાપદે નિયુક્ત કર્યો હતો. શાહજહાંના જયેષ્ઠ પુત્ર દારા શિકોહ ચિત્રકલાનો પ્રખર પોષક અને પ્રશંસક હતો. તેણે ચિત્રકારોને (દા.ત. ખ્યાતનામ ચિત્રકાર હુન્નરને) શાહી સંરક્ષણ આપ્યું હતું. લંડનની 'ઈન્ડિયા ઓફિસ' (હિંદી કચેરી) માં દારાનાં ચિત્રોનું એક આલ્બમ છે. શાહજહાંના ખ્યાતનામ અમલદાર ઉર્ફે સસરા આસફખાંએ પણ ચિત્રકારોને પ્રોત્સાહન આપ્યું હતું અને તેનું લાહોર ખાતેનું મહાન

સુંદર ચિત્રોથી અલંકૃત કરાયું હતું. ડૉ. એ. કે. દાસના મત મુજબ, ‘શાહજહાંના દરબારી ચિત્રકારોની ઉત્તમ ચિત્રકૃતિઓમાં (i) શાહજહાંના ગુણગાન કરતા દેવદૂતનું તાજ લઈને નીચે ઉતરવું, (ii) સમ્રાટના દીર્ઘ જીવનની કે સર્વ વિજેતા હોવાની ઈચ્છા કરીને ધ્વજ ફરકાવતો દેવદૂત (iii) શાહજહાં ચાહે ઉભો હોય, સિંહાસન પર હોય કે પોતાના મનપસંદ ઘોડા પર સવાર હોય એમ ગમે તે સ્થિતિમાં સર્વોત્તમ શાહી પોશાક અને રત્નાભૂષણ ધારણ કરેલ તેનું છબીચિત્ર વગેરેનો સમાવેશ થતો. આ સઘળાં ચિત્રોમાં તેના શિરના પાછળની પ્રભા-પૂંજ પણ શોભાયમાન છે. આ છબીચિત્રો તેની ભાવવ્યંજના, મુખમુદ્રા અને આંતરિક અભિવ્યકિતમાં શ્રેષ્ઠ હતી. આ ચિત્રો અત્યંત સુંદર, સજીવ અને ભાવપૂર્ણ બનતાં હતાં. આ યુગનાં ચિત્રોમાં સમ્રાટ, સામંતો, અધિકારીઓ, રાજદરબારનું દશ્ય, શિકારનું દશ્ય, વિવાહ, જન્મ, અભિષેક જેવા પ્રસંગોની ઉજવણી, રત્નજડિત આભૂષણો વગેરે ઘટનાઓ ચિત્રની સુંદરતાને હાનિ ન પહોંચે એવી રીતે ઘણી બાબતોને એકસાથે દર્શાવવામાં કલાકારોને અદભુત સફળતા મળી છે. શાહજહાંની આ ચિત્રકલામાં શાહી શાન અને વૈભવનું પ્રદર્શન થયું હતું. તેમાં કલાની સૂક્ષ્મતાનો સંપૂર્ણ અભાવ નજરે પડતો હતો. આ શાહી ચિત્રોમાં સામાન્ય જનતા અને તેમનું જીવન અભિવ્યક્ત થતું નહીં. ડૉ. એ. બી. પાંડેય યોગ્ય જ લખે છે ‘આ ચિત્રોમાં દરબારી જીવન અને સમ્રાટની રૂચિઓનો ખ્યાલ મળી શકે છે, પરંતુ દેશના પ્રજાજીવનની ઝાંખી તેમાં નથી.’ ટૂંકમાં શાહજહાંના સમયની ચિત્રકલાની શૈલી સર્જનાત્મક કરતાં અનુકરણીય વધુ બની ગઈ હતી. પર્સી બ્રાઉનના મત મુજબ ‘શાહજહાં ગાદીએ બેઠો એ સાથે જ ચિત્રકલામાં પતનનો યુગ શરૂ થયો.’

### 5.6.3 *સંગીતકલા*

શાહજહાં પોતે સંગીતપ્રેમી અને સંગીતપારખું પણ હતો. તેણે કેટલાક મધુર ગીતો રચ્યાં હતાં. તે પોતે સારૂં ગાઈ શકતો. તેના દરબારમાં હિંદુ સંગીતકારોમાં કવિરાજ રામદાસ, મહાપાત્ર, જગન્નાથ પંડિત અને જનાર્દન ભટ્ટ બિકાનેરી તેમજ મુસ્લિમ સંગીતકારોમાં લાલખાં, ખુશહાલખાં, વિસરામખાં અને દિરંગખાં રાજ્યાશ્રય ભોગવતા હતા. લાલખાં ‘દ્રુપદ’ રાગ ગાવામાં નિપુણ હતો અને શાહજહાંને પણ દ્રુપદ રાગ વિશેષ પ્રિય હતો. સુતા પહેલાં તે લાલખાં પાસેથી આ રાગ સાંભળતો તેથી શાહજહાં લાલખાંને ‘ગુણસમુદ્ર’ ના બિરૂદથી નવાજ્યો હતો. તેના દરબારમાં સુખસેન વીણાવાદનમાં અને સૂરસેન બીનવાદનમાં નિપૂણ હતા. હિંદુ સંગીતકારોમાં પંડિત જગન્નાથ વિશેષ પ્રસિદ્ધ હતો. તે પોતે ગીતોની રચના કરતો હતો. શાહજહાંએ તેને ‘મહાકવિરાય’ ના બિરૂદથી વિભૂષિત કર્યો હતો. તેના સંગીતથી ખુશ થઈને સમ્રાટે તેને પુરસ્કારમાં તેના વજન જેટલું સુવર્ણ આપ્યું હતું. સર જદુનાથ સરકારે સમ્રાટ શાહજહાંના સંગીત પ્રત્યેની અભિરૂચિ અંગે લખ્યું છે કે, ‘દીવાને-ખાસ’ માં દરરોજ વાદ્ય તથા સંગીતથી મનોરંજન થતું હતું. સંગીત શાહજહાંને ખૂબ પ્રિય હતું અને તે પોતે તેનો સારો જાણકાર હતો અને કોઈ કોઈ વખત તે ગાવા-બજાવામાં પણ ભાગ લેતો હતો.

'તેનો સ્વર એવો ચિત્તાકર્ષક હતો કે અનેક શુદ્ધાત્મા, સૂફી ફકીરો અને સાધુસંતો પણ તેનું ગાયન સાંભળીને સુધ-બુધ ખોઈ બેસતા હતા અને પરમાનંદમાં લીન થઈ જતા હતા.'

**5.6.4** ***સુલેખનકલા***

શાહજહાંએ સુલેખનકલાને પણ સારા પ્રમાણમાં પ્રોત્સાહન આપ્યું હતું. તે સુલેખનકલાનો સારો પારખું હતો. આ સમયની કેટલીક હસ્તપ્રતો એ એમની લેખનકલાની સિદ્ધિ બતાવે છે. મહંમદ મુરાદ 'શીરીન કલમ' આ સમયનો સુપ્રસિદ્ધ લહિયો હતો. આ ઉપરાંત આકા રશીદ, મીર સાલેહ, મુહમ્મદ મોમીન, યાકુબ સરફી, મુલ્લા મીર અલી, સુલતાન અલી, મીર ઈમાદ, મુલ્લા દરબીશ, મુહમ્મદ ખાં, મુહમ્મદ હુસેન વગેરે પણ જાણીતા સુલેખક હતા. સાલેહ ફારસી અને હિંદી એમ બંને ભાષાઓમાં સુલેખક હતો.

આમ શાહજહાંના રાજ્યઅમલમાં ભારતીય સંસ્કૃતિના દરેક ક્ષેત્રે સર્વાંગી વિકાસ થયેલો હોવાથી મુઘલ સામ્રાજ્યે ગૌરવ અને પ્રતિષ્ઠાના ચરમ શિખરો સર કર્યા હતા. તેથી તેના યુગને મુઘલ ઈતિહાસમાં 'મુઘલયુગનો સુવર્ણયુગ' તરીકે ઓળખવામાં આવે છે.

પરંતુ શાહજહાંનો રાજ્યઅમલ સાચે જ મુઘલ યુગનો સુવર્ણ યુગ હતો ? એ યુગ સાચા અર્થમાં પ્રજાની આબાદી અને જાહોજલાલીનો યુગ હતો ? ડૉ. વી. એ. સ્મિથ, એડવર્ડસ અને ગેરેટ પ્રોફે. એસ. આર. શર્મા જેવા ઈતિહાસકારો શાહજહાંના રાજ્યઅમલને મુઘલ યુગનો સુવર્ણ યુગ માનવા તૈયાર નથી. એડવર્ડસ અને ગેરેટના મતે 'વિદેશી યાત્રીઓ અને ભારતીય ઈતિહાસકારોએ શાહજહાંના સુંદર ભવનો અને મુઘલ દરબારની ભવ્યતાથી પ્રભાવિત થઈને તેના શાસનકાળની પ્રશંસા કરી છે.' ફ્રાન્સિસ યાત્રી બર્નિયરે શાહજહાંના રાજ્યઅમલની ઠઠ્ઠામશ્કરી કરતાં લખ્યું છે કે, 'દેશની પ્રમુખ વ્યકિતઓ સારા કાયદાઓથી અજ્ઞાત નથી, પરંતુ રાજ્યના ઉચ્ચ અધિકારીઓ તેમની ઉપેક્ષા કરે છે. દેશની પ્રમુખ વ્યકિતઓમાં તકનો લાભ ઉઠાવવાની પ્રવૃત્તિ' નજરે પડતી હતી. પ્રાંતીય સૂબેદારો દુરાચારી, અત્યાચારી અને મહત્વાકાંક્ષી હતા. પ્રજામાં નિરાશા વ્યાપેલી હતી અને તેનો ઉત્સાહ પણ મરી પરવાર્યો હતો. ખેડૂતોનું ખરાબ રીતે દમન કરવામાં આવતું હતું. દરબારની શાન-શોભા જાળવી રાખવા માટે અને પ્રજાના દમન માટે રાખવામાં આવેલી વિશાળ સેનાના ખર્ચના કારણે દેશ પાયમાલ થઈ ગયો હતો. પ્રજાને જ કષ્ટ સહન કરવાં પડતાં હતાં. તેનું વર્ણન કરવા માટે પૂરતા શબ્દો પણ મળતા નથી.' આમ, શાહજહાંના યુગનો જો તલસ્પર્શી અભ્યાસ કરીને એ 'ભવ્યતા' ના બાહ્ય આવરણને દૂર કરી સહેજ ભીતરમાં ડોકિયું કરવામાં આવે તો, પ્રા. એસ. આર. શર્મા નોંધે છે તેમ એ 'ચમકતા મકબરામાં કેટલાંક જંતુઓ હતા અને ચમકતું એ બધું સોનું ન હતું.' ડૉ. વી. એ. સ્મિથ, એડવર્ડ અને ગેરેટ જેવા આલોચકોના મતે શાહજહાંનો અમલ ઉપર દર્શાવ્યું તેમ, બાહ્ય દૃષ્ટિએ સુવર્ણયુગ હતો. આંતરિક દૃષ્ટિએ તેના અમલનું ઉલટું ચિત્ર (કરૂણ ચિત્ર) ભાસતું હતું, જેને આ રીતે જોઈ શકાય છે.

## 5.7 *વહીવટીતંત્ર*

### 5.7.1 *વહીવટીતંત્રમાં શિથિલતા*

શાહજહાંના રાજ્યઅમલના પૂર્વાર્ધમાં સામ્રાજ્યભરમાં શાંતિ અને સલામતી પ્રવર્તતી હતી. શાહજહાંએ શાસનકાળના પ્રારંભિક 10-15 વર્ષ સુધી ખૂબ ખંત અને ઉત્સાહથી વહીવટીતંત્રમાં રૂચિ દાખવી હતી પરંતુ રાજ્યઅમલના ઉત્તરાર્ધમાં એની વૃદ્ધાવસ્થા અને વિલાસપ્રિયતાને લીધે તે વહીવટીતંત્રના સંચાલન પ્રત્યે દુર્લક્ષ સેવવા લાગ્યો, પરિણામે વહીવટીતંત્રમાં શિથિલતા પ્રવેશી, તેના શાસનકાળના ઉત્તરાર્ધમાં કેન્દ્રીય વહીવટીતંત્રમાં શિથિલતા પ્રવેશતાં, પ્રાંતોમાં અવ્યવસ્થા ફેલાઈ, પ્રાંતીય સૂબાઓ અને અન્ય અધિકારીઓ પણ જનતા પર અત્યાચાર ગુજારતા, તેઓ પ્રજા પાસેથી બળજબરીથી કરના રૂપમાં અધિક મહેસૂલ વસૂલ કરતા, કેટલાક નિર્જન પ્રદેશોમાં લૂંટારાઓનો ભય રહેતો અને થટ્ટા (સિંધ) માં વેશ્યાવૃત્તિ પ્રચલિત હતી, એની વિદેશી લેખકોએ નોંધ કરી છે.

### 5.7.2 *મુઘલ સેનાની દુર્બળતા*

શાહજહાં ન તો મહાન કુશળ સેનાપતિ હતો કે ન તો તેનામાં સફળ સૈન્ય સંગઠન અને સંચાલનની ક્ષમતા અને પ્રતિભા હતાં, તેથી તેની વિશાળ સેના અયોગ્ય અને અનુશાસનહીન હતી, એટલે તેનું સફળતાપૂર્વક સંચાલન કરવું મુશ્કેલ થઈ પડ્યું. મધ્ય એશિયાના આક્રમણોમાં તેના સૈન્યની દુર્બળતા સર્વને વિદિત છે.

### 5.7.3 *ખર્ચાળ લડાઈઓ : ડૉ. સ્મિથનું કથન*

મધ્યએશિયાના પ્રદેશો બલ્ખ, બદક્ષાં અને સમરકંદ ઉપર કરવામાં આવેલાં શાહી આક્રમણો ઘણાં ખર્ચાળ નીવડ્યાં. આ પ્રદેશો મેળવવામાં તેને નિષ્ફળતા સાંપડી એટલું જ નહીં, પરંતુ તેની પાછળ શાહી તિજોરીમાંથી 4 કરોડ રૂપિયાનો ધુમાડો કરવામાં આવ્યો. તેવી જ રીતે ડૉ. વી. એ. સ્મિથ નોંધે છે તેમ કંદહારના ત્રણ 'નિષ્ફળ' ઘેરાવો પાછળ શાહજહાંએ શાહી તિજોરીમાંથી બાર કરોડ રૂપિયાનું આંધણ કર્યું. દક્ષિણ ઉપર વર્ચસ્વ જમાવવા તેણે નાણાંનો ખૂબ વ્યય કર્યો.

5.7.4 સામ્રાજ્યની રૈયત ઉપર અસહ્ય કરબોજ : ડૉ. સ્મિથની નોંધ -

ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અહેવાલો મુજબ શાહજહાંના શિલ્પ અને સ્થાપત્યના ભવ્ય શોખની પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થતો હતો, એના દરબારમાં ઠાઠમાઠની પાછળ ખૂબ છૂટથી ધન વપરાતું, મધ્યએશિયા પરનાં નિષ્ફળ આક્રમણો પાછળ કરોડો રૂપિયાનું પાણી થયું હતું. બે લાખની સ્થાયી સેનાને નિભાવવા પાછળ અપાર ધન વ્યય થતું હતું. આમ, ભવ્ય ભવનોને અને આ અઢળક ધનના અપવ્યયને જનતાની સંપન્નતાનો અને સુવર્ણયુગનો માપદંડ કહી શકાય નહીં. શાહજહાંની વિલાસપ્રિયતા

પાછળનો ખર્ચ, તેના સ્થાપત્ય અને દરબારનો ઠાઠમાઠ વગેરે માટે જોઈતું અઢળક દ્રવ્ય, પ્રજા પર લાદવામાં આવતા અસહ્ય કરવેરા દ્વારા મળતું. આ રીતે જનતાનું અધિકમાં અધિક શોષણ કરાયું. આની નોંધ લેતાં ડૉ. વી. એ. સ્મિથે લખ્યું છે કે, ''ખેડૂતોની ઉપજનો અડધો ભાગ કરના રૂપમાં કઠોરતાથી વસૂલ કરવામાં આવતો હતો. માર્ગો અધિક સુરક્ષિત ન હતા. પ્રજાના સુખની દૃષ્ટિએ શાહજહાંનું શાસન અધિક ઈચ્છનીય માની શકાતું નહીં.'' ડૉ. એ. એલ. શ્રીવાસ્તવ યોગ્ય જ કહે છે કે ''તેની ધનલલોલુપતાએ તેને પ્રજા પર કરબોજ વધારવા માટે વિવશ કર્યો, જેનાથી પ્રજામાં મુશ્કેલીઓનો વિશેષ વધારો થયો.'' આ વિચારનું સમર્થન એલ્ફિન્સ્ટન, સ્ટેનલી લેનપૂલ, બર્નિયર વગેરેએ કર્યું છે. આમ, શાહજહાંના રાજ્યઅમલના બાહ્ય ચળકાટની ભીતરમાં પ્રજાની દરિદ્રતા છુપાઈ રહી હતી. આવા શાસનકાળને કદી પણ સુવર્ણયુગ કહી શકાય નહીં.

### 5.7.5 *ધાર્મિક કટ્ટરતા અને અસહિષ્ણુતા*

શાહજહાંના રાજ્યઅમલમાં જ સમ્રાટ અકબરની ધાર્મિક સહિષ્ણુતા અને ઉદારતાના આદર્શનો ત્યાગ કરવામાં આવ્યો. શાહજહાંએ સંકુચિત અને અસહિષ્ણુ નીતિ અપનાવી અને તેના બે પુરોગામીઓ કરતાં તે અધિક ચુસ્ત અને કટ્ટર મુસ્લિમ હતો. તે પોતે કટ્ટર સુન્ની હોવાથી શિયાપંથીઓ પ્રત્યે દુશ્મનાવટ રાખતો. તેણે બિજાપુર અને ગોલકોંડાના શિયાપંથી રાજ્યો ઉપર આક્રમણો કર્યા. 'બાદશાહનામા' ના લેખક અબ્દુલ હમીદ લાહોરી નોંધે છે કે ધર્મરક્ષક સમ્રાટ શાહજહાંએ બનારસમાં અને સમસ્ત સામ્રાજ્યમાં 'કાફરો' એ બંધાવેલાં ૭૬ મંદિરોનો નાશ કરાવ્યો. તેણે હિંદુઓ પર યાત્રાવેરો પુનઃ નાખ્યો. અબ્દુલ હમીદ લાહોરી નોંધે છે તેમ અન્ય ધર્મના લોકોને મુસ્લિમ ધર્મ અંગીકાર કરવા માટે રાજ્યમાં એક 'અલગ વિભાગ' સ્થાપવામાં આવ્યો હતો. ડૉ. એ. એલ. શ્રીવાસ્તવને નોંધ્યું છે કે, ''તેના શાસનકાળમાં પ્રતિક્રિયાવાદી ભાવનાનું બીજારોપણ થઈ ચૂક્યું હતું. તે ફળસ્વરૂપે મુઘલવંશ અને સામ્રાજ્યના પતનનું કારણ બન્યું. તેની ધાર્મિક કટ્ટરતા અને અસહિષ્ણુતાએ જ ઔરંગઝેબના પ્રતિક્યિાવાદી શાસનને જન્મ આપ્યો.'' આમ, શાહજહાં ધર્મસહિષ્ણુ નીતિમાંથી અંશતઃ ચલિત થયો હતો અને શાહજહાંની આ અંશતઃ ચલિત થવાની શરૂઆત ઔરંગઝેબના રાજ્યમાં અંતિમ કક્ષાએ પહોંચી ગઈ હતી. પરિણામે સમસ્ત મુઘલ સામ્રાજ્યની ઘોર ખોદાઈ.

### 5.7.6 *અસંતોષજનક સામાજિક સ્થિતિ*

શાહજહાંના સમયની સામાજિક સ્થિતિ સંતોષજનક ન હતી. તે સમયે સમાજમાં બે મુખ્ય વર્ગો હતા : (1) વિલાસી-વ્યસની અમીરો, અધિકારીઓ અને ધનિકોનો ઉપલો વર્ગ વિશિષ્ટ અધિકારો ભોગવતો હતો, જેનાથી નીચલો વર્ગ વંચિત હતો. સમ્રાટ તરફથી ઉપલા વર્ગને ઉંચી પદવીઓ, વહીવટી ઉપાધિઓ, પુરસ્કાર, ભેટો, જાગીરો, ઈત્યાદિ પ્રસંગોપાત મળતાં રહેતાં. (2) નીચલા ગરીબ અને શોષિત વર્ગનું સમાજમાં કોઈ મહત્વ ન હતું. ઉપલો વર્ગ કરમુક્ત હતો અને તેમની વિલાસપ્રિયતાને પોષવા માટે

નીચલા વર્ગને ભારે કરબોજ સહન કરવો પડતો હતો. ટૂંકમાં, આધુનિક ભાષામાં શોષક અને શોષિત એમ બે વિભાગમાં એ સમાજ વહેંચાયેલો હતો તથા શોષિત વર્ગમાં તીવ્ર અસંતોષ અને અસમાનતા ફેલાયેલાં હતાં, જે હકીકત સામ્રાજ્યની સ્થિરતા માટે ખતરનાકરૂપ બની હતી. આમ તેના અમલના ચળકાટ પાછળ સામાન્ય જનતાની કંગાલિયત છુપાઈ હતી. 'શાહજહાંના રાજ્ય અમલે મુઘલ સામ્રાજ્યનો મૃત્યુઘંટ વગાડ્યો અને તેની આર્થિક સ્થિતિનું ખોખલાપણું છતું કર્યું.'

## 5.8 *સારાંશ*

ઉપર્યુક્ત વિવરણના અધ્યયન પરથી નિષ્પક્ષપણે એટલું તારવી શકાય કે 'શાહજહાંનો યુગ 'સુવર્ણયુગ' હતો અને તેમાંય સ્થાપત્યની સિદ્ધિઓની દૃષ્ટિએ તે સુવર્ણયુગ હતો એ તો નિર્વિવાદ છે' પરંતુ એના સુવર્ણયુગના ચમકતા મકબરામાં પ્રા. એસ. આર. શર્મા નોંધે છે તેમ, 'કેટલીક ખામીઓ - જીવાતો હતી. મતલબ કે મકબરામાં વિનાશનાં ચિહ્નો છૂપાયેલા હતા.' સર જદુનાથ સરકારના શબ્દોમાં 'શાહજહાં ઠાઠમાઠનો શોખીન તથા આમોદપ્રિય શાસક હોવા છતાંય અત્યંત મહેનતુ સમ્રાટ હતો, તો પણ તેના શાસનકાળમાં મુઘલ વંશના પતનનું બીજારોપણ થયું હતું.' ટૂંકમાં, શાહજહાંનો યુગ એકસાથે ગૌરવમય (શાનદાર) અને પતનોન્મુખ હતો.

## 5.9 *તમારી પ્રગતિ ચકાસોના જવાબ*

(1) ખરું

(2) ખોટું

(3) ખોટું

(4) ખરું

## 5.10 *સંદર્ભગ્રંથો*


1. જશુભાઈ બી. પટેલ, ભારતનો ઇતિહાસ (મોગલ યુગ 1526 થી 1707), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. 1778
2. ડૉ. એન.ડી.શેલત, "ભારતનો ઈતિહાસ" આમુખ પ્રકાશન 2006-07
3. ડૉ. ઈશ્વરલાલ ઓઝા, "મધ્યયુગીન ભારતનો ઈતિહાસ" 2011
4. बनारसी प्रसाद सकसेना "मुगल सम्राट शाहजहा" राजस्थान हिन्दी ग्रन्थ, १९८२
5. 5. एस.एम. नागारी और कान्ता नागारी, मध्यकालीन भारत का सक्षिप्त इतिहास, सबलाहम पब्लिकेशन, जयपुर-२००३

# એકમ : 6

# ઔરંગઝેબ : તેની ઉત્તર-પશ્ચિમ સરહદી, ધાર્મિક, રાજપૂત તથા દખ્ખણનીતિ

:: રૂપરેખા::

**6.0** *ઉદ્દેશો*

**6.1** *પ્રસ્તાવના*

**6.2** *ધાર્મિક નીતિના પાસા*

**6.2.1** *કટ્ટર સુધારાત્મક પાસાં*

**6.2.1.1** *ઈસ્લામ ધર્મવિરોધી પ્રથાઓનું દમન*

**6.2.1.2** *સામાન્ય નૈતિકતાની ઉન્નતિ માટેના પગલાં*

- *તમારી પ્રગતિ ચકાસો*

**6.2.2** *ધ્વંસાત્મક પાસાં*

**6.2.2.1** *હિંદુ વિરોધી નીતિ*

**6.3** *સારાંશ*

**6.4** *ચાવીરૂપ શબ્દો*

**6.5** *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

**6.6** *સંદર્ભગ્રંથો*

## 6.0 *ઉદ્દેશો*

(1) ઔરંગઝેબની ધાર્મિક નીતિ તપાસો.

(2) ઔરંગઝેબની ઈસ્લામ ધર્મવિરોધી પ્રથાઓનું દમન જાણો.

(3) ઔરંગઝેબની હિંદુ વિરોધી નીતિ તપાસો.

## 6.1 *પ્રસ્તાવના*

ઔરંગઝેબ એક ચુસ્ત સુન્ની મુસ્લિમ હતો. તે ઈસ્લામ ધર્મના નિયમોનું ચુસ્તપણે પાલન કરતો. તેને ઈસ્લામ પ્રત્યે અખૂટ શ્રદ્ધા હતી અને જીવનની કોઈ પણ વસ્તુ-સિંહાસન, પ્રેમ, વિશ્રામ-ઈસ્લામના સિદ્ધાંતો પ્રત્યેની તેની આસ્થાને ડગાવી શકતી નહીં. આ સંદર્ભમાં આંગ્લ ઈતિહાસકાર સ્ટેનલી લેનપૂલે યોગ્ય જ લખ્યું છે કે ''મુઘલોના ઈતિહાસમાં સૌથી પહેલી વાર પ્રજાએ... એક એવા બાદશાહને નિહાળ્યો, જે ધર્મના

વિશ્વાસને ભોગે ગાદીને હોડમાં મૂકવા તૈયાર હતો.'' સામ્રાજ્યની કટ્ટર સુન્ની મુસ્લિમ પ્રજા માટે તે 'ઝિંદા પીર' હતો. તે નિયમિતપણે નમાજ પઢતો અને રમઝાનમાં રોજા કરતો. તે રમઝાનના પવિત્ર મહિનામાં ગરીબોને 60 હજાર રૂપિયાની ખેરાત કરતો. એક સમ્રાટની હેસિયતથી તેણે કુરાનને મોઢે કરવા માટે સાત વર્ષ ધાર્મિક શ્રદ્ધાથી ગાળ્યા હતા. તે દર વર્ષે, સામ્રાજ્યનાં પવિત્ર સ્થળો (મક્કા) માં આશરો ભોગવતાં મુસ્લિમો માટે પુષ્કળ ધન મોકલાવતો અને એ પવિત્ર સ્થળોમાં રાજ્યના ખર્ચે કાયમને માટે નિયુક્ત કરેલી વ્યક્તિઓ સમ્રાટના પ્રતિનિધિઓ તરીકે કાબાને ચારે તરફ ફરતા, પયગમ્બર સાહેબની કબરને મસ્તક નમાવતા તથા પવિત્ર બાદશાહના હાથે લખાયેલી અને મદીનામાં ભેટ અપાયેલી કુરાનની બે નકલોનું વાંચન કરતો. ટેવર્નિયર નોંધે છે કે ઔરંગઝેબે ઈ.સ.1665 માં ચાર અઠવાડિયા દરમિયાન કડક ઉપવાસ કરીને માત્ર પાણી અને બાજરીની રાબ વડે પોતનું જીવન ટકાવી રાખ્યું હતું. તે મદિરા અને માંસ તરફ ધૃણાની નજરે જોતો અને મનુકીના વિવરણ મુજબ રાજ્યમાં શરાબ કે કેફી પદાર્થનું વેચાણ કરનારનો એક હાથ અને એક પગ કાપી નાખવાનો શાહી આદેશ પણ તેણે બહાર પાડ્યો હતો. તે કુરાનની નકલો કરીને વેચતો અથવા ટોપીઓ સીવતો. આ બેમાંથી થતી આવકમાંથી તે પોતાનું ગુજરાન ચલાવતો હતો, કારણ કે તે રાજ્યની મિલકતને રાજાની નહીં, પરંતુ પ્રજાની મિલકત ગણાવતો હતો. તેને અલ્લાહ ઉપર અખૂટ વિશ્વાસ હતો. તે દૃઢપણે માનતો હતો કે 'સામ્રાજ્યમાં એક જ પવિત્ર ધર્મ છે અને તે ઈસ્લામ, એક જ પયગંબર છે અને તે મુહમ્મદ, અને એક જ પવિત્ર ગ્રંથ છે અને તે કુરાન.' તો આ હતું મુઘલ સામ્રાજ્ય અંગેનું તેનું 'ઈસ્લામિક વિઝન', જેને ફળીભૂત કરવા તે આતુર હતો પરંતુ તેની ધર્માંધ નીતિ તેને સફળતા અપાવવામાં કામયાબ નીવડી નહીં.

આવા ચુસ્ત વિચારો ધરાવતો ઔરંગઝેબ હિંદમાં ઈસ્લામ ધર્મનો ફેલાવો થાય એ માટે કૃતનિશ્ચયી બન્યો. ઈસ્લામ રાજ્યના સિદ્ધાંત મુજબ 'ઈસ્લામ રાજ્યની સ્થાપના કરવી અને તેનો વિસ્તાર કરવો, કુરાનની શરિયતોનું પાલન કરવું અને ઝિમ્મી કે કાફરો (વિધર્મીઓ) ને બળજબરીથી મુસલમાન બનાવવા એ સઘળી બાબતોને તે પોતાનું કર્તવ્ય સમજતો હતો. ઈસ્લામ ધર્મના સિદ્ધાંત મુજબ બાદશાહનું એ કર્તવ્ય હતું કે તેણે કુરાનના નિયમોને પોતાના વહીવટમાં ચુસ્તપણે અમલમાં મૂકવા જોઈએ. પવિત્ર ધર્મનિષ્ઠ મુસ્લિમ તરીકે તેના જીવનનું મુખ્ય ધ્યેય 'અલ્લાહને નામે કાફરોની વિરૂદ્ધ જેહાદ (ધર્મયુધ્ધ) જગાવીને 'દાર-ઉલ-હર્બ' (કાફરોની ભૂમિ : હિંદ) ને 'દાર-ઉલ-ઈસ્લામ' (ઈસ્લામની ભૂમિ) માં પિરવર્તન કરીને કાફરોને વિર્ધર્મીઓને - મુસલમાન બનાવવાનું હતું અને આ ધ્યેયને ઝનૂનપૂર્વક વળગી રહીને તેણે સામ્રાજ્યને ઈસ્લામની ભૂમિમાં ફેરવવાના તેમજ ખલીફાએ રજૂ કરેલા નિયમો મુજબ શાસન કરવાના પ્રયાસો કર્યા. ડૉ. બી. પી. સક્સેના નોંધે છે કે, તેનું પ્રારંભિક શિક્ષણ પણ આ આશયને અનુરૂપ હતું.

મુજાદ્દિદ અલફ-એ-સાની શેખ અહમદ સરહિંદી (1563-1624) એ ભારતીય ઈસ્લામમાં કટ્ટર અને અનુદાર સુધારાવાદી આંદોલનનો પ્રારંભ કર્યો. મુહમ્મદ યાસિનના મતે ''આ આંદોલનનો મુખ્ય ઉદ્દેશ્ય તો કુરાનની શરિયત મુજબ સાચા રૂપમાં ઈસ્લામ ધર્મમાં પુનર્જાગરણ અને પુનર્જીવન લાવવાનો તેમજ ભારતમાં વાસ્તવિક રૂપમાં ઈસ્લામિક રાજ્ય સ્થાપિત કરવાનો હતો, જે ઈસ્લામી વિચારધારાઓ, સિદ્ધાંતો અને પરંપરાઓ અનુસાર શાસન કરે. મુજાદ્દિદ શેખ સરિહંદીનું આ આંદોલન ઈસ્લામના કટ્ટર અને અનુદાર વિચારો તેમજ સિદ્ધાંતોનું પોષક હતું.

શાહજાદા તરીકે ઔરંગઝેબ શેખ સરહિંદીના પુત્ર ખ્વાજા મુહમ્મદ માસૂમના સંપર્કમાં આવ્યો. શાહજાદો ઔરંગઝેબ શેખ સરહિંદીના આ ઈસ્લામિક કટ્ટર સુધારાવાદી આંદોલનથી ભારે પ્રભાવિત થયો હતો. શાહજાદો ઔરંગઝેબ ખ્વાજા મુહમ્મદ માસૂમનું ભારે આદર-સમ્માન કરતો હતો અને તેનાથી ખૂબ પ્રભાવિત થયો હતો. પ્રાચાર્ય બી. એન. લુનિયાના અભિપ્રાય મુજબ ઔરંગઝેબને કટ્ટર અને ધર્માંધ બનાવવામાં ખ્વાજા માસૂમે મહત્વની ભૂમિકા ભજવી હતી. સમ્રાટ ધાર્મિક અને રાજકીય મામલાઓમાં તેની સલાહ લેતો હતો.

સમ્રાટ બન્યા પછી ઔરંગઝેબે સુન્નીપંથી ખ્વાજા મુહમ્મદ માસૂમ અને તેના પુત્ર મુહમ્મદ સેફુદ્દીનની સાથે સતત ગાઢ સંપર્ક જાળવી રાખ્યા હતા. આ બંને કટ્ટર ધર્માંધ સુન્ની મુસ્લિમો હતા. જેઓ ભારતમાં ઈસ્લામિક રાજ્ય સ્થાપિત કરવા ઈચ્છતા હતા. તેમના પ્રભાવ અને પરામર્શને કારણે ઔરંગઝેબની ધાર્મિક નીતિ કટ્ટર અને અસહિષ્ણુ બની હતી.

## 6.2 *ધાર્મિક નીતિના પાસા*

સમ્રાટ ઔરંગઝેબ શરૂઆતમાં જ હિંદમાં ઈસ્લામ ધર્મનો ફેલાવો કરવા ઈચ્છતો હતો. તેની દષ્ટિએ અકબરે અપનાવેલી ધર્મસહિષ્ણુતાની નીતિ ઈસ્લામ ધર્મ માટે ખતરનાક હતી. તેથી તેણે અકબરની નીતિમાં સદંતર પરિવર્તન લાવીને અસહિષ્ણુ નીતિની શરૂઆત કરી. તેની નીતિનાં મુખ્ય પાસાં હતા : (અ) કટ્ટર સુધારાત્મક અને (બ) ધ્વંસાત્મક.

### 6.2.1 *કટ્ટર સુધારાત્મક પાસાં (સુધારવાદી ઈસ્લામિક કાર્યો)*

ર્ડા. ઈશ્વરીપ્રસાદની નોંધ :

ઔરંગઝેબે 'ઈસ્લામિક અસ્મિતાને સુરક્ષિત રાખવાના આશયથી' ઈસ્લામ ધર્મવિરોધી રીતરિવાજો બંધ કરાવવા માટે ઈ.સ.1659 ના જૂનમાં ધાર્મિક કાનૂનો પસાર કર્યા, જેથી ર્ડા. ઈશ્વરીપ્રસાદ નોંધે છે તેમ, 'સુધારાવાદી પવિત્ર શાસનંત્રનાં ચક્રો ગતિમાન થયાં.' આ કાનૂનોનું પાલન નહીં કરનાર વ્યકિત સમ્રાટના ખોફનો ભોગ બનતી.

6.2.1.1 ઈસ્લામ ધર્મવિરોધી પ્રથાઓનું દમન

ડૉ. કે. કે. દત્તના કથન મુજબ 'ઔરંગઝેબ એક ચુસ્ત સુન્ની મુસલમાન હતો.. ઉદાર દારાની વિરૂદ્ધ સુન્ની કટ્ટરતાના સમર્થકના રૂપમાં રાજસિંહાસન હાંસલ કરનારની હેસિયતથી, તેણે કુરાનના કાનૂનને કઠોરતાથી અમલી કરવાનો પ્રયાસ કર્યો,' જેનું વિવરણ નીચે મુજબ મુદ્દાસર કરવામાં આવેલું છે :

6.2.1.1.1 સિક્કાઓ પર 'કલમા' અંકિત કરવાની પાબંધી

ઔરંગઝેબના પુરોગામી મુઘલ બાદશાહો તેમના સિક્કાઓ ઉપર મુસ્લિમ ધર્મિચહ્નો (કલિમા) અંકિત કરાવતા હતા પરંતુ તેણે એ દૂર કરાવ્યાં, જેથી વિધર્મીઓ (હિંદુઓ) ના સ્પર્શથી અથવા તેમના પગ નીચે રગદોળાતાં એ અપવિત્ર ન બને.

6.2.1.1.2 'નૌરોઝ' ના તહેવાર દિનની ઉજવણીની મનાઈ

હિંદના મુસ્લિમ શાસકો અત્યાર સુધી પારસીઓના નૂતન વર્ષને 'પવિત્ર તહેવાર દિન' તરીકે ખૂબ ધામધૂમથી ઉજવતા હતા. એ સમયે દિલ્હીના દરબારમાં અને સામ્રાજ્યભરમાં મોટો જલસો ગોઠવવામાં આવતો. સામ્રાજ્યની પ્રજા પણ તેને 'ઈદ' ના તહેવારની જેમ પવિત્ર માનતી અને તેને શાનદારથી ઉજવતી. ઔરંગઝેબે 'નૌરોઝ' ના આ પવિત્ર તહેવારની ઉજવણી અને પ્રીતિભોજન બંધ કરાવ્યાં, કારણ કે આ જરથુષ્ટ સંપ્રદાયનો તહેવાર હતો, જેને ઈરાનના સફવી શાસકોએ સમર્થન આપ્યું હતું. હવે તેના તેણે સ્થાને રમઝાન મહિનામાં રાજ્યાભિષેકનો ઉત્સવ ઉજવવાનો પ્રારંભ કરાવ્યો.

6.2.1.1.3 સંગીત-નૃત્યની મનાઈ

ધર્મઝનૂને સમ્રાટ ઔરંગઝેબને સંગીતનો પણ શત્રુ બનાવ્યો અને તેણે એના શાસનકાળના અગિયારમા વર્ષે દરબારી સંગીતકારોને વિખેરી નાખીને સંગીત-નૃત્ય બંધ કરાવ્યાં અને તેમને વર્ષાસન બાંધી આપ્યું. સંગીતની મનાઈ ફરમાવતા આ નિયમ સામે વિરોધ દર્શાવવા એક શુક્રવારે દિલ્હીના 200 સંગીતકારોએ સંગીતનો જનાજો (ઠાઠડી) કાઢીને સમ્રાટની ઝરોખા-દર્શનની બાલ્કની પાસેથી રોકકળ કરતા પસાર થયા. ઔરંગઝેબે આ બનાવથી નવાઈ પામીને રોકકળ માટે કારણ પૂછયું. તો સંગીતકારોએ જવાબ આપ્યો કે 'સમ્રાટના નિયમે સંગીતનું ખૂન કર્યું છે, તેથી અમે તેને દાટવા જઈએ છીએ.' ઔરંગઝેબે ઠંડે કલેજે સંગીતકારોને કહેડાવ્યું કે 'તેને એવી રીતે દફનાવજો કે એ પુનઃ બહાર ન આવે.' આ નિયમનો કડકાઈથી અમલ માત્ર સામ્રાજ્યમાં મુખ્ય શહેરો પૂરતો મર્યાદિત હતો પરંતુ ડૉ. મકરંદ મહેતાએ યોગ્ય જ લખ્યું છે કે, 'સંગીત લોકોના હૃદયની કોમળ ઊર્મિમાંથી ઉદભવતું હોઈ એનો આ કાયદો લોકોના હૃદયને સ્પર્શી શક્યો નહીં.' સંગીત શોખીન અમલદારો ખાનગીમાં સંગીતના જલસા ગોઠવતા હતા તેમજ જનાનાની અને મનસબદારોની સ્ત્રીઓમાં ગાવા-બજાવવાનું ચાલુ રહ્યું હતું. ઔરંગઝેબે સંગીતને દફનાવવાની બાબત કદાચ ગુસ્સામાં કહી હોય એવું માની શકાય, કારણ કે

'ભારતીય શાસ્ત્રીય સંગીત પર ફારસી ભાષામાં સૌથી અધિક ગ્રંથો ઔરંગઝેબના શાસનકાળમાં જ લખાયા હતા અને ઔરંગઝેબ પોતે વીણાવાદનમાં દક્ષ હતો.' (ડૉ.સતીશચંદ્ર) અને સંગીતકલા વિશારદ મિર્ઝા મુકર્રખાં સફવીના પ્રશ્નનો ઉત્તર આપતી વખતે ઔરંગઝેબે કહ્યું હતું કે સંગીત તો 'મુબહ' છે, અર્થાત ન તો તે સારૂં છે અને ન તો તે ખરાબ છે.

6.2.1.1.4 'તુલાવિધિ' ની પ્રથા ૨૬

મુઘલ શહેનશાહને એના જન્મદિવસે બહુમૂલ્ય રત્નો અને સોનાચાંદીથી તોલવાની હિંદુઓની પરંપરાગત પ્રથા સમ્રાટ અકબરના જમાનાથી શરૂ થઈ હતી. એ પ્રથા ઔરંગઝેબે શાસનકાળના બારમા વર્ષે બંધ કરાવી કારણ કે એ પ્રથા હિંદુપ્રથા હતી અને ઈસ્લામ-વિરોધી હતી તેમજ આ પ્રથાના અમલથી રાજ્યના નાના મનસબદારો ઉપર મોટો આર્થિક બોજ પડતો હતો.

6.2.1.1.5 'ઝરૂખાદર્શન' ની પ્રથાની નાબૂદી

ઔરંગઝેબના પુરોગામી મુઘલ બાદશાહો અને ઔરંગઝેબ (શાસનકાળના 12મા વર્ષ સુધી) દરરોજ પ્રાતઃકાળમાં મહેલની અટારીમાં બેસીને સામ્રાજ્યની પ્રજાનું અભિવાદન સ્વીકાર કરતા હતા. આ પ્રથા ઈતિહાસમાં 'ઝરૂખાદર્શન' નામે જાણીતી હતી. ઔરંગઝેબે હિંદુઓની આ પ્રથા નાબૂદ કરાવી કારણ કે આ પ્રથામાં જોવા મળતી 'વધુ પડતી' વ્યકિતપૂજાને તે પ્રોત્સાહન આપવા માગતો ન હતો અને ઔરંગઝેબની નજરમાં આ પ્રથા માત્ર અંધવિશ્વાસપૂર્ણ અને ઈસ્લામની વિરૂદ્ધ હતી પરંતુ ''સરકારનું આ અધોગામી પગલું હતું, જેણે સમ્રાટ દ્વારા પ્રત્યક્ષ રીતે પ્રજાના દુઃખોના નિવારણ માટેની તક ઝૂંટવી લીધી.''

6.2.1.1.6 જ્યોતિષીઓ વિરૂદ્ધ કાયદો :

ઈ.સ.1675 ના ઓક્ટોબરમાં દરબારી જ્યોતિષીઓ અને ખગોળશાસ્ત્રીઓ વિરૂદ્ધ કાયદો બહાર પાડીને તેમનો વ્યવસાય ત્યજી દઈ ભવિષ્યમાં પણ ભવિષ્ય નહીં ભાખવાની બાંયધરી આપવાનું જણાવવામાં આવ્યું. આ ઉપરાંત પંચાંગ બનાવવાનો પણ નિષેધ કરાયો હતો. તેણે દરબારમાંથી હિંદુ જ્યોતિષીઓને છૂટા કર્યા. આ પાછળનો હેતુ વહીવટમાંથી વહેમો/અંધશ્રદ્ધા નાબૂદ કરવાનો હતો, પણ આનો વિરોધ થતાં આ જ હેતુ માટે તેણે મુસ્લિમ જ્યોતિષીઓને નીમ્યા હતા. પરંતુ ડૉ. આર. સી. મજમૂદારના મત મુજબ જ્યોતિષવિપમાં મુસ્લિમોનો વિશ્વાસ તેમના દિમાગમાં એટલો બધો દૃઢ થઈ ગયો હતો કે તેને કોઈ શાહી આજ્ઞાથી ઉખાડવાનું - દૂર કરવાનું સંભવ ન હતું. એ વિપ 18મી સદીમાં પણ ઘણા સમય સુધી સક્રિય રહી.

6.2.1.1.7 મુહર્રમના પ્રસંગે જુલૂસ અને તાજિયા કાઢવાની મનાઈ :

ઈસ્લામ-વિરોધી પ્રથાઓ હેઠળ સમ્રાટે મુહર્રમનો પ્રસંગે જુલૂસ અને તાજિયા કાઢવા ઉપર પ્રતિબંધ મૂક્યો હતો.

6.2.1.1.8 મજારો અને દરગાહો પર દીપક પેટાવવાનો નિષેધ :

તેણે સ્ત્રીઓને પીરો અને ફકીરોની મજારો, દરગાહો અને મકબરાઓ પર આવવા-જવાનો અને ગુરૂવારની રાતે (જુમેરાત) પીરોની મજાર અને અન્ય કબરો પર દીપક પ્રગટાવવાનો નિષેધ ફરમાવ્યો હતો.

6.2.1.1.9 વેશ-ભૂષા પર પ્રતિબંધ :

તેણે એના શાસનકાળના ૧૨મા વર્ષમાં ફેશનેબલ પોષાકનો વ્યવહાર નિરૂત્સાહિત કરી દીધો, ફેશનપરસ્તી ખરાબ અને નિંદનીય મનાતી. પુરૂષોની વેશ-ભૂષાને હાસ્યાસ્પદ ઘોષિત કરવામાં આવી. તેના અમલમાં પાયજામા અને દાઢીની લંબાઈ પણ નિશ્ચિત કરવામાં આવી હતી.

6.2.1.1.10 ઈસ્લામ વિરોધીઓને કઠોર શિક્ષા :

તેણે ઈસ્લામધર્મ-વિરોધીઓ અને ઈસ્લામના ટીકાકારોને કઠોર શિક્ષા ફરમાવી હતી. તેણે દારાના સાથી સસ્મદને ઈસ્લામ ધર્મની નિંદા કરવા માટે અને અનેક શિયાપંથીઓને પ્રથમ ત્રણ ખલીફાઓને અપશબ્દ કહેવા માટે મૃત્યુદંડની શિક્ષા ફરમાવી હતી.

6.2.1.1.11 હિંદુ રીતરિવાજો અને પ્રથાઓ પર પ્રતિબંધ :

તેણે હિંદુવિધિ મુજબ નમસ્કારની પ્રથા, તિલકની પ્રથા, પશુ કે મનુષ્યની મૂર્તિઓ રાખવાની પ્રથા, દશેરા, દિવાળી અને હોળીના ઉત્સવો, જાહેર સંગીત સમારોહ, ઈત્યાદિ પર પ્રતિબંધ ફરમાવ્યો હતો. તેણે જહાંગીરના સમયમાં આગ્રાના બુરજ પર મુકાયેલી હાથીની બે મૂર્તિઓને હટાવી લેવડાવી. સંક્ષેપમાં, તેણે ઉપર્યુક્ત સઘળી બાબતો ઉલેમાના સામાજિક દબાણ અને ઈસ્લામિક રીતરિવાજોમાં સુધારાઓ લાવવાના હેતુથી લાગુ કરી હતી, નહીં કે કોઈ પ્રકારની હેરાન-પરેશાની કરવાના વિચારથી.

● ***તમારી પ્રગતિ ચકાસો :***

(1) ઔરંગઝેબ કયા સંપ્રદાયનો હતો ?

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(2) નૌરોઝ કયા ધર્મનો તહેવાર છે ?

(3) કયા મુઘલ બાદશાહને સંગીત પ્રત્યે ઘ્રુણા હતી ?

(4) ઝરૂખાદર્શન પ્રથા કયા મુઘલ બાદશાહે બંધ કરી ?

**6.2.1.2** ***સામાન્ય નૈતિકતાની ઉન્નતિ માટેનાં પગલાં***

અથવા

***પ્રજાનું નૈતિક ધોરણ ઊંચું લાવવા બહાર પાડેલા હુકમો :***

સમ્રાટે સામ્રાજ્યભરની પ્રજાનું નૈતિક ધોરણ ઊંચું લાવવા કે સામાન્ય જનતાની નૈતિકતાની ઉન્નતિ માટે નીચે મુજબના હુકમો બહાર પાડયા :

6.2.1.2.1 સુરા-ભાંગ જેવા માદક પદાર્થોના ઉપયોગ પર અંકુશ (મદ્ય-નિષેધ) :

સમ્રાટના આદેશથી નાણાંમંત્રી રાજા રઘુનાથે શરાબ-ભાંગ, અફીણ ઈત્યાદિના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ ઉપર અંકુશ મૂકતો 'શાહી પરિપત્ર' 1659 ની 13મી મે ના રોજ બહાર પાડ્યો. આ હુકમનું કડક પાલન થતું હોવા છતાંય સામ્રાજ્યભરમાં શરાબનો ધૂમ પ્રચાર હતો. આથી રોષે ભરાયેલા ઔરંગઝેબે કહ્યું હતું કે, 'આટલા વિશાળ સામ્રાજ્યમાં માત્ર બે જ વ્યકિતઓ શરાબથી દૂર છે : 'એક હું અને બીજી વ્યકિત મુખ્ય કાજી' !

6.2.1.2.2 વેશ્યાઓ અને નર્તકીઓને ફરમાવાયેલો હુકમ :

મનુકીના વિવરણ મુજબ ઔરંગઝેબે વેશ્યાઓ અને નર્તકીઓને લગ્ન કરી લેવાનો અથવા રાજ્યની હદ છોડી ચાલ્યા જવાનો હુકમ ફરમાવ્યો હતો. જોકે આ હુકમનું ચુસ્તપણે પાલન થયેલું જણાતું નથી, કારણ કે રાજ્યના ઉમરાવો મનોરંજન માટે એમના જનાનામાં સંખ્યાબંધ નર્તકીઓ રાખતા હતા.

6.2.1.2.3 જુગાર રમવાની અને બિભત્સ ગીતો ગાવાની મનાઈ :

સમ્રાટે સામ્રાજ્યમાં જુગાર રમવા ઉપર પ્રતિબંધ મૂક્યો, હોળીના તહેવારના પ્રસંગે બિભત્સ ગીતો ગાવાની મનાઈ ફરમાવી અને મહોરમના તાબૂતો ઉપર પ્રતિબંધ મૂક્યો.

6.2.1.2.4 હિંદુ-મુસ્લિમનાં પવિત્ર સ્થળો પર લેવાતા વેરા બંધ :

તેણે મુસ્લિમ સંતોના મકબરા અને હિંદુઓના યાત્રાસ્થળે લેવાતા કરવેરા બંધ કરાવ્યા તથા બળજબરીથી સતીપ્રથાના ક્રૂર રિવાજને 1673 ના ડિસેમ્બરમાં બંધ કરાવવા પ્રબંધ કર્યો હતો, એમ એના સમકાલીન યુરોપિયન મુસાફરોના અહેવાલો જણાવે છે.

6.2.1.2.5 નવી મસ્જિદોનું નિર્માણ અને જીર્ણ મસ્જિદોનું સમારકામ :

તેણે જીર્ણ થયેલી મસ્જિદોનું સમારકામ કરાવવાનો હુકમ કર્યો અને નવી મસ્જિદોનું નિર્માણ કરાવ્યું. તેણે આ સઘળી મસ્જિદોમાં ઈમામ, મુઆઝિન વગેરેની નિમણૂકો કરી, ઈસ્લામના અભ્યાસ માટે મુસ્લિમ વિપર્થીઓને શિષ્યવૃત્તિઓ આપવાનો પ્રારંભ કરાવ્યો અને શરાબ પીવાની પ્રવૃત્તિને ઉત્તેજન આપે તેવાં પાઠ્યપુસ્તકોનો મદરેસામાં ઉપયોગ નહીં કરવાનો આદેશ ફરમાવ્યો, જે અનુસાર ‘દીવાન-એ-હાફીઝ’ ને પાઠ્યપુસ્તક તરીકે રદ કરવામાં આવ્યું.

6.2.1.2.6 વૈભવપૂર્ણ પ્રદર્શનો પર પ્રતિબંધ :

સમ્રાટે રાજ્યમાં વિલાસિતાને પોષતાં વૈભવપૂર્ણ પ્રદશર્નો પર પ્રતિબંધ મૂકી દીધાં. રાજદરબારમાંથી વિવિધ અંતરોથી ભરેલા સોના અને ચાંદીનાં સુગંધિત પાત્રો દૂર કરાવ્યાં, જરી કસબવાળાં વસ્ત્રોનું નિર્માણ બંધ કરાવ્યું અને તેમનો ઉપયોગ કરવાનો પણ નિષેધ ફરમાવ્યો.

6.2.1.2.7 ઈસ્લામના પાલન માટે ‘મુહતાસીબ’ ની નિમણૂક :

સામ્રાજ્યભરની પ્રજા પાસે ઈસ્લામધર્મના સિદ્ધાંતોનું પાલન કરાવવા માટે સમ્રાટે ઈ.સ.1659 માં ‘મુહતાસીબ’ - નૈતિક બાબતો ઉપર દેખરેખ રાખનાર અધિકારી નામના અધિકારીની નિમણૂક કરી, તેની ફરજોમાં (1) પયગંબરે નિષેધ કરેલી પ્રથાઓ તેમજ દૂષણો જેવા કે દારૂ, અફીણ, ભાંગ, ગાંજો ઈત્યાદિનું વેચાણ તથા લોહીનો વેપાર વગેરે નાબૂદ કરી ઈસ્લામના કાયદાનું ચુસ્તપણે પાલન કરાવવું. (2) નાસ્તિકો, ઈસ્લામધર્મના વિરોધીઓ, વિધર્મીઓ વગેરેને સખત શિક્ષા કરવી. (3) પ્રજા કુરાનના પવિત્ર કાયદા પ્રમાણે નમાજ, રોજા વગેરેનું નિયમિતપણે પાલન કરે છે કે નહીં એ જોવાનું (4) મૂર્તિપૂજા અટકાવવી, મંદિરો તોડી તેના સ્થાને મસ્જિદો બંધાવવી, વૈશ્યાલયો અને જુગારખાનાં બંધ કરાવવાં વગેરેનો સમાવેશ થતો. ઔરંગઝેબે રાજ્યના

પ્રથમ મુહતાસીબ તરીકે મુલ્લાં ઈવાઝ વજીહ શાહ નામના સમરકંદના ચુસ્ત મુસ્લિમને નિયુક્ત કર્યો હતો. સમ્રાટે પ્રાંતીય હાકેમોને પણ નૈતિક બાબતો ઉપર દેખરેખ રાખવા માટે આદેશ ફરમાવ્યો હતો. અલબત્ત, શાહી તોપખાનામાં બંદૂકધારીઓ તરીકે નિમાયેલા યુરોપિયનોને દારૂ ગાળવા/પીવાની શાહી પરવાનગી આપવામાં આવી હતી.

આમ, તેણે પ્રજાનું સામાન્ય નૈતિક ધોરણ સુધારીને ઊંચું લાવવા પ્રયાસો આદર્યા પરંતુ પ્રજા ઉપર કાયદાના અનેક અંકુશો લાદવાથી સમાજસુધારણા થઈ શકે નહીં એ સત્ય સમજવામાં તે થાપ ખાઈ ગયો.

### 6.2.2 *ધ્વંસાત્મક પાસાં (બિન-ઈસ્લામિક તત્વોનો ધ્વંસ)*

6.2.2.1 હિંદુ વિરોધી નીતિ : પ્રા.એસ.આર.શર્માનો મત :

ઉપર્યુક્ત સુધારાવાદી કાર્યોની સાથોસાથ ઔરંગઝેબે સામ્રાજ્યમાંથી બિનઈસ્લામિક તત્વોનો ધ્વંસ કરવા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું અને રાજ્યમાં રહેતા હિંદુઓ પ્રત્યે કઠોર નીતિ અપનાવી. તેણે ધર્માંધ બનીને હિંદુઓ પર અનેક અત્યાચારો ગુજાર્યા, જેને લીધે મુઘલ સામ્રાજ્યને ભારે હાનિ પહોંચી. પ્રા. એસ.આર.શર્માના મતે ''હિંદુઓ ઉપર અત્યાચાર એ ઔરંગઝેબના શાસનનું મહત્વનું લક્ષણ હતું. જો તેમ થયું ન હોય તો તે કટ્ટર સુધારાવાદી હોવા છતાંય તેનો શાસનકાળ ખૂબ અશુભ અને દુર્ભાગ્યપૂર્ણ ગણાવાને બદલે અત્યંત તેજસ્વી ગણાત.'' ઔરંગઝેબની રગોમાં પણ હિંદુઓનું એટલું જ લોહી વહેતું હતું, જેટલું મુસ્લિમોનું; પરંતુ તેને હિંદુઓ પ્રત્યે ઘોર ધૃણા હતી, તેથી તેણે અકબરની ઉદાર અને દૂરંદેશી નીતિનો ત્યાગ કરીને હિંદુઓ પ્રત્યે ધ્વંસાત્મક પગલાં લીધાં, જેવા કે

6.2.2.1.1 હિંદુઓ પર અધિક કર : સર જદુનાથ સરકારની નોંધ :

ઈ.સ.1665 માં સમ્રાટે આયાત અને નિકાસ પરની જકાતો મુસ્લિમો કરતાં હિંદુઓ પર અધિક લેવાનો હુકમ કર્યો. પરિણામે હિંદુ વેપારીઓના માલ ઉપર પાંચ ટકા અને મુસ્લિમ વેપારીઓના માલ પર અઢી ટકા જકાત લેવાતી અને ઈ.સ.1667 ની 9મી ના રોજ મુસ્લિમ વેપારીઓને આ વેરામાંથી પણ માફી આપવામાં આવી. સર જદુનાથ સરકારના મતે સમ્રાટનું આ પગલું રાજકીય દષ્ટિએ ઉચિત ન હતું, કારણ કે એક સંપ્રદાયનું બીજા સંપ્રદાયના મૂલ્ય પર આર્થિક નુકસાન થયું કારણ કે હિંદુ વેપારીઓ મુસ્લિમ વેપારીઓ સાથે 'અંદરોઅંદર સમજી લઈ' પોતાના માલને મુસ્લિમોનો માલ કહીને જકાત મુક્ત કરાવી શકતા, જેથી સરવાળે તો રાજ્યને આર્થિક નુકસાન ભોગવવાનું રહેતું.

6.2.2.1.2 હિંદુઓના સામાજિક જીવન પર પ્રતિબંધ : બહાર પાડેલા વિવિધ આદેશો :

સમ્રાટે હિંદુઓના સામાજિક જીવન પર વિભિન્ન પ્રકારના પ્રતિબંધો મૂક્યા. તેમના ધાર્મિક મેળાઓ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યા તેમજ દિવાળી અને હોળી જેવા હિંદુ તહેવારો ગામના અમુક વિસ્તારમાં - ગામના બજારની બહાર જ અને તે પણ

કેટલાક પ્રતિબંધો હેઠળ જ ઊજવી શકાય એવો એક નિયમ કરવામાં આવ્યો હતો. વર્ષના અમુક દિવસોમાં હિંદુઓ સામ્રાજ્યભરમાં પવિત્ર મેળાઓ ભરતા હતા, જે ઔરંગઝેબે ઈ.સ.1668 માં એક નિયમ દ્વારા બંધ કરાવી દીધા. હિંદુઓને નદીના કિનારે અગ્નિદાહ કરવાની મનાઈ ફરમાવવામાં આવી. તેઓ મુસ્લિમ પહેરવેશ પહેરી શકે નહીં. રાજપૂતો સિવાય અન્ય હિંદુઓને ઘોડા, હાથી કે પાલખી ઉપર બેસવાની અને શસ્ત્રો ધારણ કરવાની મનાઈ ફરમાવી. તેમને હોળી પ્રગટાવવા માટે પૈસા કે લાકડાં ઉઘરાવવાની મનાઈ ફરમાવવામાં આવી.

6.2.2.1.3 હિંદુ મંદિરોનો નાશ : જ્ઞાનચંદ્રના લેખો અને ડૉ. રેખા જોષીના વિચારો :

ઔરંગઝેબે તખ્તનશીન થતાં પહેલાં શાહજાદા તરીકે અને પછી સમ્રાટ તરીકે હિંદુધર્મ પર આક્રમક હલ્લાઓ શરૂ કર્યા. ઈ.સ.1645 માં તે ગુજરાતનો સૂબેદાર હતો ત્યારે તેણે અમદાવાદના નવનિર્મિત ભવ્ય 'ચિંતામણિ મંદિર' ને તોડી નંખાવ્યું, ત્યાં ગો-વધ કરાવ્યો અને તેના ભગ્નાવશેષો પર મસ્જિદ બંધાવી, જેનું નામ 'કુવ્વત-ઉલ-ઈસ્લામ' રાખ્યું. તેણે ઈ.સ.1659 માં બનારસના પંડિતને આપેલા એક ફરમાન દ્વારા જાહેર કર્યું કે પ્રાચીન હિંદુ મંદિરોનું રક્ષણ કરવું અને હિંદુઓને નવાં મંદિરો બાંધવાની છૂટ ન આપવી તેમ છતાંય તેણે શાસનકાળના પ્રારંભમાં ઓરિસ્સા (કટકથી મદનીપુર) ના દરેક ગામ અને નગરમાં છેલ્લા 10 કે 12 વર્ષમાં બંધાયેલાં મંદિરો તોડી પાડવા અને જૂનાં મંદિરોનો જીર્ણોદ્ધાર રોકવા ત્યાંના સ્થાનિક કર્મચારીઓને આદેશ આપ્યો હતો. ઈ.સ.1669 ની ૯મી એપ્રિલના રોજ તેણે હિંદુ દેવસ્થાનોને ભ્રષ્ટ કરી તેના સ્થાને મસ્જિદ બાંધવા માટે એક શાહી આદેશ બહાર પાડ્યો. એ હેતુ માટે અસંખ્ય કર્મચારીઓને નિયુક્ત કર્યા. તેણે પદાધિકારીઓને આદેશ પાઠવ્યો હતો કે ''કાફરોની પાઠશાળાઓ અને મંદિરોનું બળપૂર્વક વિધ્વંસ કરાવી નાખવું, મૂર્તિપૂજા અને તેને લગતા શિક્ષણના પ્રચારને બંધ કરાવી દેવો.'' મથુરાના ફોજદાર અબ્દુલ નબીએ મથુરા અને વૃંદાવનનાં અનેક મંદિરો તોડી પાડ્યાં. આ પ્રવૃત્તિ હેઠળ સમ્રાટે કાઠિયાવાડનું સોમનાથ મંદિર (20 નવેમ્બર, 1665), મથુરાનું કેશવરાય (14 ઓક્ટોબર, 1666) બનારસનાં વિશ્વનાથક (ઓગસ્ટ 1669) અને ગોપીનાથ વગેરે મંદિરો જમીનદોસ્ત કરાવ્યાં, મૂર્તિઓને જનપથ ઉપર ફેંકી રગદોળાવી અને હિંદુઓના બેથલહામ સમા મથુરાનું નામ 'ઈસ્લામાબાદ' રાખ્યું. જોધપુર અને મારવાડ રાજ્યમાં મુઘલ સેનાધ્યક્ષ ખાન-એ-જહાંએ અનેક મંદિરો તોડી પડાવ્યાં. દા.ત. તેણે શાહી આદેશથી આંબેરમાંથી 66 મંદિરો અને ઉદેપુરમાંથી 235 મંદિરો તોડી પડાવ્યાં, અયોધ્યા અને હરદ્વારના પ્રાચીન મંદિરો નષ્ટ કરાવ્યાં. સમ્રાટે દ્વારકાના પ્રસિદ્ધ હિંદુ મંદિરોમાં જાહેર પૂજાપાઠની મનાઈ ફરમાવી અને મહારાષ્ટ્રના મંદિરો તોડી પાડવા માટે તો 'દરોગા' નામના એક ખાસ અધિકારીની નિમણૂંક કરી, જે ફુરસદના સમયે મંદિરોને પાયા સુધી ખોદીને ભૂમિસાત કરતો. સાચે જ મરાઠાઓએ ખોદવાનું કામ તો ફુરસદના સમયે કર્યું, પરંતુ તેમણે મંદિરોને નહીં, પરંતુ મુસ્લિમ રાજ્યને ખોદી કાઢ્યું ! સમ્રાટે હૈદરાબાદ, બિજાપુર,

ગોલકોંડા, કૂચબિહાર અને ઓરિસ્સામાંથી મંદિરો ધરાશયી કરાવ્યાં, ગુજરાતમાં વડનગરનું હૈથેશ્વરનું મંદિર જમીનદોસ્ત કરાવ્યું. મુઘલ સામ્રાજ્યની ''ઈસ્લામિક વિઝન'' ને ફળીભૂત કરવામાં સમ્રાટની ધર્માંધતાનું સ્તર કેટલું બધું નિમ્ન કક્ષાએ પહોંચ્યું!

પરંતુ પ્રા.ઝહરૂદ્દીન ફારૂકી અને પ્રા. એસ. એમ. જાફર તો ઔરંગઝેબે આદરેલી મંદિરો અને મૂર્તિઓ તોડવાની ખંડનાત્મક પ્રવૃત્તિઓને સ્વીકારતા જ નથી અને તાજેતરમાં મુંબઈના જ્ઞાનચંદ્રે 'જર્નલ ઓફ પાકિસ્તાન હિસ્ટરી સોસાયટી' ના અંકોમાં કેટલાક મૂળ ફરમાનો પ્રસિદ્ધ કરીને ઔરંગઝેબના બ્રાહ્મણો અને મંદિરો પ્રત્યેના ઉદાર દૃષ્ટિકોણનો પરિચય કરાવ્યો છે. તેવી જ રીતે અલાહાબાદ યુનિવર્સિટીના ડૉ.રેખા જોષીએ ઔરંગઝેબનાં ત્રણ ફરમાનોનો ઉલ્લેખ કરીને નોંધ્યું છે કે ઔરંગઝેબ બનારસ ખાતે આવેલા વીર શૈવ સંપ્રદાયના 'જંગમવાડી મઠ' ને નિભાવ અર્થે ભૂમિનું દાન કર્યું હતું, એટલું જ નહીં પરંતુ એ મઠની માલમિલકતમાં દરમિયાનગીરી નહીં કરવાની રાજ્યના શાહી અધિકારીઓને (વિશેષ તો 'નાઝિર બેગ' ને) તાકીદ આપી હતી. આ બધું સૂચવે છે કે 'ઔરંગઝેબ હિંદુમઠનો સંરક્ષક બન્યો હતો.' વળી તેણે ગયા ખાતેના હિંદુ મંદિરોને અને આસામમાં બ્રહ્મપુત્રા નદીકાંઠે આવેલા એક મંદિરના પાદરીને અનુદાન કર્યા હતા. તેણે રાજ્યના હિંદુમનસબદારો (હજુ ૨૫ ટકા શાહી સેવામાં) ને સંતુષ્ટ કરવા માટે તેમના પ્રભાવ ક્ષેત્રના બ્રાહ્મણો અથવા સાધુસંતોને કેટલીક સુવિધાઓ પણ આપી હતી, જેમ કે રામસિંહ કછવાહાના કહેવાથી સમ્રાટે વેણીમાધવના મંદિરના ગોસાઈઓને કેટલીક સુવિધાઓ પ્રદાન કરી હતી.

6.2.2.1.4 હિંદુઓને નોકરીમાંથી રૂખસદ :

સમ્રાટ ઈસ્લામ રાજ્યમાં હિન્દુઓને કોઈ પણ પ્રકારનું મહત્વ આપવાના પક્ષમાં ન હતો તેમજ તેમને સમૃદ્ધ જોવાનું પણ પસંદ કરતો ન હતો. તેથી તેણે હિંદુઓને રાજ્યની નાનીમોટી નોકરીમાંથી રૂખસદ આપીને તેમને સ્થાને મુસ્લિમ કર્મચારીઓને નિયુક્ત કર્યા. તેણે ઈ.સ.1671 ના એક શાહી ફરમાન દ્વારા મહેસૂલી ખાતામાંથી હિંદુઓને હટાવીને એ હોદ્દાઓ ઉપર મુસ્લિમોને નીમી દીધા, પરંતુ મુસ્લિમ કર્મચારીઓ હિસાબ-કિતાબના કામકાજમાં કામયાબ પુરવાર ન થતાં સમ્રાટને નાછૂટકે હિંદુ દીવાનોને દૂર કરવાની ચેષ્ટા કરી હતી. ધર્મના નામે યોગ્ય હિંદુ કર્મચારીઓને સરકારી હોદ્દા પરથી હટાવીને તેને સ્થાને અયોગ્ય મુસ્લિમ કર્મચારીઓને નિયુક્ત કરવા એ સમ્રાટની ભારે ભૂલ હતી, જેના પરિણામે સામ્રાજ્યની શાસનવ્યવસ્થા પર માઠી અસર પડી.

6.2.2.1.5 ઝજિયાવેરો પુનઃ લાવો : ડૉ. યુ.એન.ડેની નોંધ :

ઈ.સ.1564 માં મહાન મુઘલસમ્રાટ અકબરે હિંદુઓ પરથી કાઢી નાખેલો જજિયાવેરો ઔરંગઝેબે ઈ.સ.1679 ના એપ્રિલમાં એક ફરમાન દ્વારા હિંદુઓ પર પુનઃ લાપે. તેનો વિરોધ કરનાર હિંદુઓને હાથીના પગ નીચે કચડી નાખવામાં આવ્યા. જો કે

સ્ત્રીઓ, બાળકો, બેકારો, ભિખારીઓ, ગુલામો, અંધ અને અન્ય કંગાળ વ્યક્તિઓ પાસેથી આ વેરો લેવામાં આવતો નહીં. જજિયાવેરો ભરનારી પ્રજાને નિર્ધન, મધ્યમ અને ધનિક એમ ત્રણ ભાગમાં વહેંચી નાખવવામાં આવી હતી. જે અનુક્રમે 12 દરહામ (313 પૈસા), 24 દરહામ અને 48 દરહામ વાર્ષિક જજિયાવેરો ભરતી. હિંદુઓ પાસેથી આ વેરો ઉઘરાવવા માટે સામ્રાજ્યના વિવિધ પ્રાંતોમાં 'અમીન-એ-જજિયા' નામના હોદ્દેદારો નીમવામાં આવ્યા હતા. દા.ત. આ અપ્રિય પણ ધાર્મિક કાર્ય માટે બુરહાનપુરમાં આ હોદ્દે મીર અબ્દુલ કરીમ કોટવાલ નિયુક્ત થયો હતો. મનુકીના મતે હિંદુઓ પર જજિયાવેરો પુનઃ લાદવા પાછળના સમ્રાટનાન બે હેતુઓ હતા : આ કરવેરા દ્વારા થતી આવકમાંથી તે યુદ્ધોના પરિણામે ખાલી થતા શાહી ખજાનાને ભરી દેવા માગતો હતો તેમજ તે હિંદુઓને ઈસ્લામ ધર્મ અપનાવવા માટે લાચાર બનાવવા ઈચ્છતો હતો. સર જદુનાથ સરકાર નોંધે છે કે આ વેરો નાખવા પાછળનો સમ્રાટનો હેતુ હિંદુઓ ઉપર અસહ્ય દબાણ લાવીને તેમને ઈસ્લામ ધર્મ અંગીકાર કરાવીને મુસ્લિમોની સંખ્યા વધારવાનો હતો. સર એચ. એમ. ઈલિયટ પણ આ વિચારને અનુમોદન આપે છે. આ કર આપવા અશકિતમાન એવા ઘણાય હિંદુઓએ હંમેશને માટે તેમાંથી મુક્ત થવા ઈસ્લામ ધર્મ અંગીકાર કરી લીધો હતો પરંતુ પ્રા. ફારૂકી અને પ્રા. જાફર ઉપરના લેખકો સાથે સહમત થતા નથી, તેમના મતે સમ્રાટે હિંદુઓ પર આ વેરો કટ્ટરતા કે ધર્મ સંકીર્ણતાને લીધે નહોતો લાપે, પરંતુ હકીકતમાં તો તેણે ઈસ્લામ ધર્મના ઉદ્ધારક તરીકે 'પવિત્ર ફરજ' ના ભાગ રૂપે અને રાજ્યમાંથી લગભગ 80 વેરાઓ રદ કરવાથી શાહી આવકમાં થયેલા ઘટાડાને ભરપાઈ કરવા એમ ધાર્મિક અને રાજકીય એવા બેવડા આશયથી આ વેરો હિંદુ પ્રજા પર નાખ્યો હતો. જો આ વેરો માત્ર હિંદુઓ પ્રત્યેની ધાર્મિક કટ્ટરતાના સીધા પરિણામરૂપે હોત તો સમ્રાટે તેને તેના રાજ્ય અમલની શરૂઆતમાં જ નાખ્યો હોત.

હિંદુઓ પર જજિયાવેરો લાદવા પાછળનો હેતુ ગમે તે હોય પણ હકીકતમાં તો ડૉ. યુ. એન. ડે. નોંધે છે તેમ આ વેરાએ સમ્રાટની ધ્વંસાત્મક પ્રવૃત્તિને આખરી છોગું પહેરાવ્યું અને તેને ખૂબ કઠોરતાથી ઉઘરાવવામાં આવતો.

6.2.2.1.6 ધર્મ પરિવર્તનને પ્રોત્સાહન : સર જદુનાથ સરકારની નોંધ :

સમ્રાટે હિંદુઓને ધર્મ પરિવર્તન કરાવવા માટે ભેટો, ભથ્થાં, અનુદાન, ધાર્મિક અપીલ, ઊંચી પદવીઓ, જેલમાંથી છૂટકારો, ભૌતિક પ્રલોભન, શાહી દેવામાંથી મુક્તિ, જોરજુલમ ઈત્યાદિ વિવિધ ઉપાયો અજમાવ્યા હતા. જજિયાવેરાના પરિણામે આર્થિક બોજમાંથી બચવા માટે કેટલાય નિર્ધન હિંદુઓએ ઈસ્લામનો અંગીકાર કર્યો. એથી સમ્રાટને ઘણો હર્ષ થયો હતો. રામગઢના ફોજદાર લાજપતે ઈસ્લામનો અંગીકાર કરતાં તેને શાહી દેવામાંથી મુક્તિ અપાઈ હતી અને તેની મનસબ 250માંથી વધારીને 400 ની કરવામાં આવી હતી. રાજ્યના કેદીઓ ઈસ્લામ ધર્મ અંગીકાર કરે તો તેને જેલમાંથી મુક્ત કરવાનો એક હુકમ ઈ.સ.1681 ના 26મી સપ્ટેમ્બરના રોજ બહાર પાડવામાં

આવ્યો. પરિણામે હજારો હિંદુ કેદીઓએ મુસ્લિમ ધર્મ અંગીકાર કર્યો. ઈ.સ.1685 ના માર્ચમાં બુરહાનપુર પ્રાંતના જમીનદાર હરિસિંહે ઈસ્લામધર્મ સ્વીકારીને 100 જાત અને 20 સવારની મનસબદારી મેળવી તથા તેનું નામ દૌલતમંત રાખવામાં આવ્યું. ઈ.સ.1685 ની 6ઠ્ઠી એપ્રિલે ઔરંગઝેબે રાજ્યના ફોજદારો અને દીવાનોને ફરમાન મોકલાવીને ઈસ્લામ સ્વીકારનાર હિંદુ સ્ત્રી અને પુરૂષને અનુક્રમે રૂપિયા બે અને ચાર રોજના ભથ્થા તરીકે આપવાનો આદેશ ફરમાવ્યો. આ આદેશ હેઠળ અનેક હિંદુ સ્ત્રી-પુરૂષોએ ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો હતો. હિંદુઓને રાજ્યની ઉચ્ચ પદવીઓ આપવાની લાલચો આપીને મુસ્લિમ બનાવવા માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. સર જદુનાથ સરકાર લખે છે કે ‘મુસ્લિમ બનનારને કાનૂનગોની પદવી મળે’ એ કથન કહેવતરૂપ બની ગયું હતું. તેણે મરાઠા છત્રપતિ સંભાજીનો પક્ષ ત્યજી દેવા માટે દખ્ખણના બિજાપુર અને ગોલકોંડાના સુલતાનોની ધાર્મિક ભાવનાને ઉત્તેજિત કરી અને તેમને અનેક પ્રકારના આર્થિક-ભૌતિક પ્રલોભનો આપ્યાં હતાં. તેણે ઈ.સ.1681 અને 1865 ની વચ્ચે આ સુલતાનોને ધાર્મિક અપીલ કરતાં લખ્યું કે તેમણે ધર્મભ્રષ્ટ સંભાજીનો પક્ષ ત્યજી દઈને મુઘલ બાદશાહને સાથ આપવો જોઈએ, કારણ કે બાદશાહ તો ‘મુસલમાનોના શરણદાતા’ છે તેમજ ધર્મભ્રષ્ટ અને વિધર્મીઓ (અહલે-બિદત) ને છોડીને અન્ય કોઈનો આદર કરતો નથી. આ ધાર્મિક અપીલની સાથોસાથ ભૌતિક પ્રલોભન આપતાં એવો વિશ્વાસ આપ્યો કે સીદી મસૂદખાં અને સૈયદ મખૂદન જેવા બિજાપુરી સરદાર-અમીરો સંભાજી સાથેના યુદ્ધમાં જે પ્રદેશો છીનવી લેશે તે સઘળા પ્રદેશો તેમને આપવામાં આવશે તેમજ ઘોડેસવાર દીઠ રોજના આઠ આનાના હિસાબે તેમની ફોજને મુઘલ બાદશાહ તરફથી સહાયતા મળશે. ઔરંગઝેબે એક એવો હુકમ બહાર પાડ્યો હતો કે મુસ્લિમ બનનાર હિંદુને યોગ્ય રીતે સજાવી હાથી પર બેસાડીને સરઘસના રૂપમાં નગરોની શેરીઓમાં ઘૂમાવવામાં આવશે. સમ્રાટે ઈસ્લામનો પ્રચાર કરવા બળનો પણ ઉપયોગ કર્યો હતો. મથુરાના જાટ જમીનદાર ગોકુળના મૃત્યુ બાદ તેના એક પુત્રને તથા જલાલાબાદથી 64 કિલોમીટર દૂર વાયવ્ય સરહદ પરના રહેવાસીઓને સમશેરની અણીએ મુસ્લિમ બનાવવામાં આવ્યા હતા. પંજાબ અને કાશ્મીરના સૂબેદારોએ ઘણાય હિંદુઓને બળપૂર્વક મુસ્લિમ બનાવ્યા. સમ્રાટે શીખ ગુરૂ તેગબહાદુરનો ધાર્મિક કારણોસર વધ કરાવ્યો હતો. ખરેખર, ઈસ્લામ ધર્મના સંરક્ષક ઔરંગઝેબે તેના રાજ્યમાં અધિકમાં અધિક ધર્માન્તરણ કરાવ્યું.

- શિયાપંથી મુસ્લિમો વિરોધી-નીતિ : પ્રા. ફારૂકીનો અભિપ્રાય -

સામ્રાજ્યના શિયાપંથી મુસ્લિમો પણ ઔરંગઝેબની નીતિના ભોગ બન્યા હતા. સમ્રાટને તેમના પ્રત્યે ભારે નફરત હતી. શિયાપંથી મુસ્લિમોને રાજ્યની ઊંચી પાયરીઓ પરથી પદભ્રષ્ટ કરવામાં આવ્યા, તેમના શિક્ષણ અન રીતરિવાજો પર અંકુશ મૂકવામાં આવ્યો અને શિયાપંથી હુસે મલિકનો ‘પયગંબરના સાક્ષીઓ માટે અસભ્ય ભાષા વાપરવા માટે’ વધ કરવામાં આવ્યો હતો. દક્ષિણના શિયાપંથી રાજ્યો ગોલકોંડા અને બિજાપુર સમ્રાટની ધ્વંસાત્મક નીતિનાં ભોગ બન્યાં. ‘ઔરંગઝેબ શિયાપંથી

મુસ્લિમો વિરોધી હતો' એવા આક્ષેપને પ્રા. ઝહીરૂદ્દીન ફારૂકીએ નકારી કાઢ્યો છે. ગુજરાતમાં વોરા જાતિ પણ સમ્રાટની નીતિનો ભોગ બની હતી.

6.2.2.1.7 હિંદુ પ્રજાની ગુમાવેલી સદ્ભાવના : ઈતિહાસકાર કેનેડીનો મત :

સમ્રાટ પોતાની ધર્માંધ ધાર્મિક નીતિને લીધે સામ્રાજ્યની હિંદુ પ્રજાની સદ્ભાવના ખોઈ બેઠો. ઈતિહાસકાર પ્રિંગલે કેનેડીના મત મુજબ, ''અકબરે જે પ્રાપ્ત કર્યું હતું તેમજ અનેક દુર્ગુણો હોવા છતાંય જેને જહાંગીર અને શાહજહાં કાયમ રાખી શક્યા, તેને ઔરંગઝેબ 'જોતજોતામાં' ખોઈ બેઠો અને તે હતો પોતાની હિંદુ પ્રજાનો પ્રેમ.. જે સત્તા હિંદુજાતિનો વિશ્વાસ પ્રાપ્ત ન કરી શકી તે ભારતમાં સ્થાયીરૂપે રહેવાની આશા રાખી શકાતી નથી.''

## 6.3 *સારાંશ*

ટૂંકમાં, ઔરંગઝેબની ધાર્મિક નીતિ વિનાશાત્મક હતી. તે ધર્માંધ હતો. હિંદુઓના ધર્મનો નાશ કરવો તથા મૂર્તિપૂજકો ઉપર અત્યાચાર ગુજારવા એ બાબતને તે પોતાનું મુખ્ય કર્તવ્ય સમજતો હતો. તેણે હિંદુધર્મનો નાશ કરવા માટે હિંદુ મંદિરો નષ્ટ કરવાં, તેમની મિલકત લૂંટવી, તેમને નિર્ધન બનાવવા, પૂજાપાઠથી હલકા ઉપાયો અજમાવ્યા હતા. આમ, સમ્રાટની ધાર્મિક નીતિને સંક્ષેપમાં રજૂ કરતાં કહી શકાય કે, ''ઔરંગઝેબનું રાજ્ય મુખ્યત્વે મુસ્લિમ હોઈ એ મુસ્લિમોનું, મુસ્લિમો દ્વારા શાસિત અને મુસ્લિમોના હિત માટેનું રાજ્ય હતું, જેમાં હિંદુઓને રાજકીય, સામાજિક અને આર્થિક અધિકારોથી વંચિત રાખવાનો સભાનપણે સક્રિય પ્રયાસ કરવામાં આવ્યો હતો.''

## 6.4 *ચાવીરૂપ શબ્દો* (Key words)

- ***તુલાવિધિ*** : મુઘલ રાજાઓ પોતાના જન્મદિવસે રત્નો અને સોનાચાંદીની તોલવાની પરંપરા
- ***ઝરૂખાદર્શન*** : બાદશાહ દરરોજ પ્રાતઃકાલમાં મહેલની અટારીમાં બેસીને પ્રજાનું અભિવાદન સ્વીકારવાની પરંપરા
- ***જજિયાવેરો*** : હિંદુઓના ધાર્મિક સ્થળોની યાત્રા માટે લેવાતો

## 6.5 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

(1) સુન્ની

(2) પારસી

(3) ઔરંગઝેબ

(4) ઔરંગઝેબ

# એકમ: 7 મુઘલ સામ્રાજ્યના પતનનાં કારણો

:: રૂપરેખા::

7.0 ઉદ્દેશો
7.1 પ્રસ્તાવના
7.2 મુઘલ સામ્રાજ્યના પતનનાં કારણો
7.2.1 નિરંકુશ કેન્દ્રીય વહીવટ
7.2.2 ઔરંગઝેબની ધાર્મિક નીતિ
7.2.3 ઔરંગઝેબની દખ્ખણનીતિ
7.2.4 મુઘલોનું વિલાસી જીવન
• તમારી પ્રગતિ ચકાસો
7.2.5 સૈનિક વ્યવસ્થા (મનસબદારી પ્રથા)
7.2.6 ગંભીર આર્થિક સ્થિતિ
7.2.7 વારસાવિગ્રહ
7.2.8 પ્રાંતીય સૂબેદારોની સ્વતંત્રતા
7.2.9 વિશાળ સામ્રાજ્ય
7.2.10 વાયવ્ય સરહદની નીતિ
7.3 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
7.4 સંદર્ભ સૂચિ

## 7.0 ઉદ્દેશો

1. વિદ્યાર્થીઓ મુઘલ સામ્રાજ્ય વિશે જાણે.
2. મુઘલ સામ્રાજ્યના પતનનાં કારણો સમજે.

## 7.1 પ્રસ્તાવના

ઉદય અને અસત એ કુદરતનો નિયમ છે. સામ્રાજ્યોની સ્થાપના થાય છે, તેનો વિકાસ થાય છે અને પછી તેનું પતન થાય છે. વિશ્વના ઈતિહાસમાં આના અનેક દાખલા મોજૂદ છે. મુઘલ યુગનો પણ આમાં સમાવેશ થઈ જાય છે.

બાબર અને અકબરે ભારતમાં મુઘલ સામ્રાજ્યનો પાયો નાંખ્યો. શાહજહાંના સમયને તો સુવર્ણયુગ તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ 'ચળકે છે એટલું સોનું' હોતું નથી તેમ તેના સમયમાં જ સામ્રાજ્યના પતનનાં બીજ વવાઈ ગયાં હતાં. વારસાવિગ્રહ બાદ હત્યાઓ કરીને ઔરંગઝેબ ગાદી ઉપર આવ્યો. તેની રાજપૂતનીતિ અને ધાર્મિકનીતિએ પણ મુઘલ સામ્રાજ્યને નુકસાન કર્યું અને તેના અવસાન બાદ તેના નિર્બળ વારસદારોના સમયમાં મુઘલ સામ્રાજ્યની બધી જ નિર્બળતાઓ બહાર આવવા લાગી અને મુઘલ સામ્રાજ્ય કડડભૂસ થઈ ગયું. મોગલ સામ્રાજ્યનાં પતન માટે ખૂબ જ અગત્યના એક કારણમાં સ્વરાજ્યની ભાવનાથી રંગાયેલા મરાઠી પ્રજાનો ઉદય પણ છે. ભારતમાં ઈરાની સમ્રાટ નાદિરશાહ તથા અહમદશાહ અબ્દાલીના આક્રમણોએ મુઘલ સામ્રાજ્યની પડું પડું થતી ઈમારતને આખરી ફટકો માર્યો. આજ વખતે અંગ્રેજોએ પણ ભારતમાં તેમની સત્તા જમાવવા માંડી અને એ રીતે મુઘલ સામ્રાજ્યનું પતન સંપૂર્ણ બન્યું.

## 7.2 *મુઘલ સામ્રાજ્યના પતનનાં કારણો*

મુઘલ સામ્રાજ્યના પતનનાં કારણો નીચે મુજબ વર્ણવી શકાય.

### 7.2.1 *નિરંકુશ કેન્દ્રીય વહીવટ :*

મુઘલોની વહીવટી વ્યવસ્થા શરૂથી જ નિરંકુશ અને વ્યકિત કેન્દ્રિત હતી. આ પ્રકારની સરકારમાં વહીવટી તંત્રની સફળતા કે નિષ્ફળતા શાસકના વ્યકિતત્વ અને ચારિત્ર્ય ઉપર નિર્ભર રહે છે. જો શાસક કુશળ હોય તો સરકાર સારી રીતે ચાલે. રાજાશાહીમાં એવી ખાતરી આપવામાં આવતી નથી કે એક શકિતશાળી રાજા પછી તેનો પુત્ર પણ એટલો જ શકિતશાળી નીવડશે. બાબરથી ઔરંગઝેબ સુધીના છ રાજવીઓ વ્યવસ્થિત હતા. ઔરંગઝેબના સમયમાં સામ્રાજ્યનો વિસ્તાર ખૂબ વધી ગયો હતો. આવા વિશાળ સામ્રાજ્યના રક્ષણ માટે સૌને સાથે રાખીને તથા વિશ્વાસમાં લઈને વહીવટ કરનાર એવા અકબરની નીતિને ધ્યાનમાં રાખવી પડે, પરંતુ ઔરંગઝેબના મૃત્યુ પછી તેના તમામ વારસદારોમાં વહીવટ ચલાવવાની કોઈ લાયકાત કે ઈચ્છાશકિત જ નહોતી. ઔરંગઝેબ એટલો શંકાશીલ સ્વભાવનો હતો કે તેણે તેના બે પુત્રોને જેલમાં પૂરી દીધા હતા અને જેલમાં પણ તેમની આજુબાજુ જાસૂસોની જાળ બિછાવી દીધી હતી. ઔરંગઝેબના વારસદારોએ તેમના પુત્રોને વહીવટની તાલીમ પણ ન આપી. પરિણામે, આ વારસો તેમના સરદારોની કઠપૂતળી બની ગયા. આ રાજાઓ પોતાની વ્યવસ્થા ન કરી શક્યા, તો સામ્રાજ્યનો કેવો પ્રબંધ કરી શકે ?

### 7.2.2 *ઔરંગઝેબની ધાર્મિક નીતિ :*

ઔરંગઝેબ ચુસ્ત સુન્ની મુસલમાન હતો. તેણે હિંદુઓ ઉપર અત્યાચારો કર્યા. અકબરે દૂર કરેલો જજિયાવેરો હિંદુઓ પર નાંખ્યો. રાજાના વહીવટી તંત્રમાંથી હિંદુ

અધિકારીઓને દૂર કરવામાં આવ્યા. હિંદુ મંદિરો અને મૂર્તિઓ તોડવાનું શરૂ કર્યું. હિંદુઓનાં ઘણાબધા આસ્થાના સ્થાપત્યો તોડીને તેને ઈસ્લામિક સ્થાપત્યોમાં ફેરવી હિંદુઓમાં આશંકા અને અવિશ્વાસ જન્માવ્યા. આ બધાને કારણે તે હિંદુઓની સહિષ્ણુતા ગુમાવી બેઠો. ઔરંગઝેબની ધાર્મિક ઝનૂનતાએ જાટ, સતનામીઓ, રાજપૂતો, શીખો અને મરાઠાઓને દુશ્મન બનાવ્યા. પરિણામે, આ બધી સત્તાઓ તેની સામે થઈ અને મુઘલ સામ્રાજ્યને નબળું પાડી દીધું.

### 7.2.3 *ઔરંગઝેબની દખ્ખણનીતિ*

ઔરંગઝેબની દખ્ખણનીતિને કારણે તેના લશ્કરના માણસો તથા સેનાપતિઓ યુદ્ધમાં માર્યા ગયા. ઔરંગઝેબે બીજાપુર અને ગોલકોંડાના રાજ્યોનો નાશ કરીને મરાઠાઓની સામે વિનાશકારી યુદ્ધો નોતર્યા અને આ યુદ્ધોનું તેના મૃત્યુ સુધી કોઈ પરિણામ ન આવ્યું. છત્રપતિ શિવાજી મહારાજનાં નેતૃત્વમાં મરાઠાઓને મુઘલોની સામે સફળતા મળતાં તેઓએ મુઘલ પ્રદેશો પર આક્રમણ કરવાનું ચાલુ કરી દીધું. ટૂંકમાં દક્ષિણે તેની પ્રતિષ્ઠા અને શરીર બંનેને ભારે હાનિ પહોંચાડી. ઔરંગઝેબ તેના શાસનનાં પચ્ચીસ વર્ષો સુધી રાજધાનીથી દૂર દખ્ખણમાં રહ્યો. પરિણામે, ઉત્તરમાં વહીવટી તંત્રમાં અવ્યવસ્થા ફેલાઈ. પ્રાંતના સૂબાઓએ કેન્દ્ર સરકારને મહેસૂલ મોકલવાનું બંધ કરી દીધું. આ રીતે દખ્ખણમાં યુદ્ધો કરવા માટે વધારે ધનની જરૂર હતી ત્યારે જ સરકારની આવક ઓછી થઈ ગઈ અને સરકાર દેવાદાર બની ગઈ. આ રીતે દખ્ખણનીતિ પણ મુઘલ સામ્રાજ્યના પતનનું એક મહત્વનું કારણ હતું.

### 7.2.4 *મુઘલોનું વિલાસી જીવન :*

ફક્ત મુઘલ રાજવી નહિ, પરંતુ તેના સરદારો પણ ચારિત્ર્યહીન થઈ ગયા હતા. શરૂઆતના મુઘલો ભારતમાં આવ્યા ત્યારે તેઓ ખૂબ પરિશ્રમ કરતા હતા, પરંતુ ધન, આરામ અને ભોગવિલાસને કારણે તેના ચારિત્ર્યનું પતન થયું. તેમના ઝનાનખાના સ્ત્રીઓથી ભરેલા રહેતા. દારૂનું અતિવ્યસન હતું અને રણમોરચે પાલખીમાં બેસીને જતા હતા. આ રીતે મુઘલ સરદારોનું ઝડપી ગતિએ પતન થઈ રહ્યું હતું. આ સરદારો વીર રાજપૂતો, મરાઠાઓ અને શીખો સાથે ટક્કર લઈ શકે તેવી સ્થિતિમાં રહ્યા ન હતા. જદુનાથ સરકારના મત મુજબ કોઈપણ સરદાર એક કે બે પેઢીથી વધારે સમય પોતાનું મહત્વ જાળવી શકતો નહિ. જો કોઈ સામંતની બહાદુરી વિશે ઈતિહાસકાર ત્રણ પાનાં લખે તો તેના પુત્ર માટે એક જ પાનાનું વર્ણન કરી શકાય અને તેના પૌત્ર માટે તેણે કોઈ મહત્વનાં કાર્યો કર્યાં નથી એમ ઉલ્લેખ થઈ શકે. તુર્કી, અફઘાની, ઈરાની વગેરે મુસલમાનો ભારતને માટે વિદેશી હતા અને તેમને આ દેશને માટે કોઈ સહાનુભૂતિ ન હતી. તે સમયે અને તે પછી પણ તેમનું મન અને હ્યદય પોતાના વતન સાથે જ રહેલા. આથી તેમના ચારિત્ર્યનું પતન થાય તે ખૂબ જ સ્વાભાવિક હતું.

### 7.2.5 *સૈનિક વ્યવસ્થા (મનસબદારી પ્રથા) :*

મુઘલસેનાનું પતન થઈ ગયું હતું અને સંગઠન પણ ખામીયુક્ત હતું. લશ્કરની અલગ અલગ ટુકડીઓની અલગ અલગ અફસરો દ્વારા ભરતી કરવામાં આવતી. લશ્કરને રાજ્યની તિજોરીમાંથી પગાર મળવાને બદલે મનસબદાર તેમને પગાર આપતો હતો. તેથી લશ્કરનો પ્રત્યેક સૈનિક મનસબદારને જ પોતાને સરદાર માનતા હતા. આને કારણે સમ્રાટ અને લશ્કરી માણસો વચ્ચે કોઈ સીધો સંપર્ક રહી શક્યો નહીં. ઔરંગઝેબ અને તેના નિર્બળ વારસદારોના સમયમાં પણ આ પરંપરા ચાલુ રહી. મનસબદારોએ વર્ષોથી જે રાજ્યની જમીન તેમની પાસે હતી તે પોતાના નામે કરી દીધી.

રાજાની સત્તા ઓછી થવાના કારણે આ મનસબદારો એકબીજાની ઈર્ષ્યા કરવા લાગ્યા. તે એટલે સુધી કે જે યુદ્ધમાં વિજયનો યશ કોઈ મનસબદારને મળવાનો હોય તો બીજા મનસબદારો વિજયને પરાજયમાં ફેરવી નાંખવાની કોશિષ કરતા હતા. આ મનસબદારો પોતાના સમ્રાટની વિરૂદ્ધ તેના શત્રુઓ સાથે પત્રવ્યવહાર ચલાવતા હતા. સમ્રાટ અને મીરબક્ષી બંને ચારિત્ર્યહીન થઈ ગયા હતા. પરિણામે, લશ્કરમાં કોઈ શિસ્ત ન રહી. શસ્ત્રોથી સજ્જ સેના કેવળ રીંછોના ટોળા જેવી જ યુદ્ધમેદાનમાં સાબિત થતી. ઔરંગઝેબ લશ્કરી ગુનાઓને પણ માફ કરી દેતો હતો. આ બધાનું પરિણામ એ આવ્યું કે લશ્કરે દેશભરમાં જ નહિ, પરંતુ મધ્ય એશિયામાં પોતાની વિજયપતાકા ચલાવી હતી.

● તમારી પ્રગતિ ચકાસો :

***નીચે આપેલ વાક્ય ખરા છે કે ખોટા તે તપાસો.***

(1) ઔરંગઝેબ ચુસ્ત સુન્ની મુસલમાન હતો.

(2) અકબરનો સમય મુઘલયુગનો સુવર્ણયુગ તરીકે ઓળખાય છે.

(3) અકબરે જજીયાવેરો દૂર કર્યો.

### 7.2.6 *ગંભીર આર્થિક સ્થિતિ*

અકબરે પક્ષપાત વગર વહીવટ કર્યો હતો તેથી સામ્રાજ્યની આવકમાં વધારો થયો હતો અને રાજ્ય સમૃદ્ધ બન્યું હતું, પરંતુ તેના વારસદારોના સમયમાં સામ્રાજ્યનો આર્થિક પાયો હલી ગયો. તેમણે ખેડૂતો ઉપર આકરા કરવેરા નાંખ્યા. શાહજહાંએ તો ઉપજના 50 ટકા વેરો લેવાનું શરૂ કર્યું. તેથી તેમને ખેતીકામમાં કોઈ રસ રહ્યો નહી. રાજાઓને ગાદી ટકાવવા યુદ્ધો કરવા અનિવાર્ય હતાં અને તેની પાછળ ખૂબ ખર્ચ થતો હતો. આવક ઘટવાને કારણે અને ખર્ચ વધવાને કારણે સરકાર દેવાદાર બની ગઈ. આલમગીર બીજાના સમયમાં તેનું કુટુંબ ભૂખે મરવાની સ્થિતિમાં આવી ગયું હતું. જદુનાથ સરકાર લખે છે, કે ત્રણ દિવસ સુધી મહેલમાં રસોઈખાનું બંધ રહ્યું હતું. રાજકુમારોએ ભૂખ સહન ન થતાં પડદાની પ્રથાને તોડીને બહાર જવાનો પ્રયાસ કર્યો હતો. આ રીતે આવી દયનીય આર્થિક પરિસ્થિતમાં સામ્રાજ્ય બહુ લાંબો સમય ન ચાલે તે બહુ જ સ્વાભાવિક છે.

### 7.2.7 *વારસાવિગ્રહ*

મુઘલ શાસનમાં વારસદાર અંગેનો કોઈ નિયમ ન હતો. તેથી રાજાના મૃત્યુની સાથે જ ગાદી પ્રાપ્ત કરવા માટે તેના વારસદારોમાં અંદરોઅંદર ઝઘડા થતા હતા. દરેક પોતાને ગાદીનો કાયદેસર વારસ માનતો હતો. મુઘલ સામ્રાજ્યમાં વારસાવિગ્રહો થયા, જેણે મુઘલોની સત્તા અને પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડી. જહાંગીરના સમયમાં તેના વારસદારોના બળવાઓએ વિકૃત સ્વરૂપ ધારણ કર્યું. શાહજહાં પોતાના ભાઈઓનો વધ કરીને ગાદીએ બેઠો. ઔરંગઝેબ પણ આ જ નીતિ અપનાવી. તેણે પણ ભાઈઓનાં ખૂન કર્યા અને વૃદ્ધ પિતાને જેલમાં પૂરી દીધા. આવા વિનાશકારી વારસાવિગ્રહાને લીધે માણસો અને પૈસાની ખુવારી થઈ અને સામ્રાજ્યને ભારે નુકસાન થયું. ઔરંગઝેબના શાસનકાળમાં પણ તેના વારસોએ બળવાઓ કરીને સમ્રાટને ખૂબ હેરાન કર્યો હતો.

### 7.2.8 *પ્રાંતીય સૂબેદારોની સ્વતંત્રતા*

મુઘલયુગમાં સામ્રાજ્યને જુદા જુદા સૂબાઓમાં વહેંચવામાં આવ્યું હતું. આ દરેક સૂબા ઉપર એક એક સૂબેદારની બાદશાહ દ્વારા નિમણૂક થઈ હતી. બાદશાહ તેની બીજા સૂબામાં બદલી કરી શકતો અથવા તો પદભ્રષ્ટ કરી શકતો હતો. આમ છતાંય સૂબાના સૂબેદારો સમ્રાટ કેમ નિર્બળ બને તેની જ વેતરણમાં રચ્યાપચ્યા રહેતા હતા. જેવો બાદશાહ નબળો પડે કે તુરત જ ખાસ કરીને દૂરના સૂબાઓ સ્વતંત્ર થઈ જતા અને દિલ્હીની ધૂંસરી ફગાવી દેતા. નિઝામઉલમુલ્કે દક્ષિણમાં પોતાના સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. બંગાળમાં અલીવર્દીખાન સ્વતંત્ર શાસક બની ગયો. રોહિલાઓએ રોહિલખંડમાં તેમની આઝાદી જાહેર કરી. આ રીતે ઔરંગઝેબ પછીના નબળા વારસદારોના કારણે સામ્રાજ્યના વિઘટનની પ્રક્રિયાનો પ્રારંભ થઈ ગયો અને સામ્રાજ્ય પતનમાં પરિણમ્યું.

### 7.2.9 *વિશાળ સામ્રાજ્ય :*

ઔરંગઝેબના સમયમાં મુઘલ સામ્રાજ્યનો વિસ્તાર ખૂબ જ વધી ગયો હતો. તે જમાનામાં જ્યારે અવરજવરના સાધનો ઓછા હતા ત્યારે એક શાસક માટે વિશેષ શક્તિ કે સૂઝ વગર આવા વિશાળ સામ્રાજ્યને સંભાળવું લગભગ અશક્ય હતું. ઔરંગઝેબ પછીના શાસકોમાં આવા વિશાળ સામ્રાજ્યને ટકાવવા જરૂરી શક્તિ અને સૂઝ ન હતા. તેથી યોગ્ય સમયે લશ્કરને જરૂરી સામગ્રી મળતી નહિ. પરિણામે, મુઘલ સામ્રાજ્યનું પતન જરૂરી બની ગયું.

### 7.2.10 *વાયવ્ય સરહદની નીતિ :*

ઈરાનના રાજાએ કંદહાર ઉપર આક્રમણ કર્યું ત્યારે નૂરજહાંએ શાહજહાંને કંદહાર જવાનો હુકમ કર્યો. મૂળ કારણ જોઈએ તો નૂરજહાં શાહજહાંનો કાંટો કાઢીને તેના જમાઈ શહરિયારને ઉચ્ચ હોદ્દો આપવા માગતી હતી. આ વાતની ગંધ શાહજહાંને આવી જતાં તેણે કંદહાર જવાની ના પાડી. પરિણામે, કંદહાર મુઘલ સામ્રાજ્યમાંથી

નીકળી ગયું. ત્યારબાદ શાહજહાં ગાદીએ આવ્યો ત્યારે તેણે ફરીવાર કંદહાર કબ્જે કરવા લશ્કર મોકલ્યું હતું, પરંતુ કંદહાર જીતી ન શકાયું અને ઘણો બધો ખર્ચ કર્યા પછી પણ મુઘલોએ કંદહાર કાયમને માટે ગુમાવવું પડ્યું. આ નિષ્ફળતાને કારણે મુઘલ શાસકોની નિર્બળતાઓ બહાર આવવા લાગી. કાબૂલ અને કંદહાર મેળવવાના પ્રયાસોમાં મુઘલ તિજોરી ખાલી થઈ ગઈ.

ઔરંગઝેબના મૃત્યુ પછી સામ્રાજ્યમાં અશાંતિ અને અવ્યવસથા કેળવાયા અને સૂબેદારો સ્વતંત્ર થવા લાગ્યા. અસહિષ્ણુ ધાર્મિક નીતિને કારણે હિંદુઓ પણ રોષે ભરાયા હતા. આવકની અસમાન વહેંચણી જોવા મળતી. પરિણામે, સામ્રાજ્યની પડતીની શરૂઆત થઈ ગઈ અને ઈ.સ.1857 માં મુઘલ સામ્રાજ્યનો કાયમને માટે અંત આવ્યો.

## 7.3 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

(1) ✓
(2) ✕
(3) ✕
(4) ✕

## 7.4 *સંદર્ભ સૂચિ*


1. પ્રો.મનુભાઈ શાહ, ''ભારતનો ઈતિહાસ (મરાઠાયુગ 1707 થી 1818)'', પ્રકાશન : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ઈ.સ.1974
2. ડૉ.ઈશ્વરલાલ ઓઝા, ''મધ્યયુગીન ભારતનો ઈતિહાસ'', ઈ.સ.2011
3. ડૉ.જયેશ શાહ, ''મુઘલયુગનો શહેનશાહ બાબર'', પ્રકાશક : ડૉ.જે.એમ.શાહ, ભરૂચ, પ્રથમ આવૃત્તિ-1980
4. જશુભાઈ બી. પટેલ, ''ભારતનો ઈતિહાસ (મુઘલયુગ - 1526 થી 1707)'', પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ.1778
5. ડૉ. એન.ડી.શેલત, ''ભારતનો ઈતિહાસ'', પ્રકાશક : આમુખ પ્રકાશન, ઈ.સ.2006-07

# એકમ : 8 મુઘલોનું વહીવટીતંત્ર

:: રૂપરેખા::


**8.0 ઉદ્દેશો**

**8.1 પ્રસ્તાવના**

**8.2 ભારતમાં મુઘલોનું વહીવટીતંત્ર**

**8.2.1. મુઘલોનો કેન્દ્રીય વહીવટ :** (Central Administration)

**8.2.1.1 મુઘલ વહીવટીતંત્રનાં મુખ્ય લક્ષણો**

**8.2.1. 2 મુઘલોનો કેન્દ્રીય વહીવટ**

**8.2.2 પ્રાંતીય વહીવટ (Provincial Administration)**

**8.2.3 જિલ્લાઓને (સરકારોનો) વહીવટ :**

**8.2.4 પરગણાનો (તાલુકાનો) વહીવટ**

**8.2.5 નગર અને ગામનો વહીવટ**

- **તમારી પ્રગતિ ચકાસો**

**8.3 *સારાંશ***

**8.4 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો**

**8.5 સંદર્ભ સૂચિ**


## 8.0 ઉદ્દેશો

મુઘલ વહીવટીતંત્રના અભ્યાસના ઉદ્દેશો આ પ્રમાણે છે :

- કોઈ પણ રાજવંશના રાજાઓ કે સમ્રાટો (શહેનશાહો) માત્ર યુદ્ધો દ્વારા કેટલો રાજ્યવિસ્તાર (સામ્રાજ્ય વિસ્તાર) કર્યો છે, તે જ માત્ર અગત્યનું નથી ; પરંતુ જીતેલા અને વિસ્તરેલા સામ્રાજ્યમાં સુદ્રઢ અને કાર્યક્ષમ વહીવટીતંત્રનું માળખું સર્જ્યુ છે કે નહિ, તે વધુ અગત્યની બાબત હોઈ, તેથી મુઘલ સામ્રાજ્યના સંદર્ભમાં એ અંગે સુપેરે પરિચય મુઘલ સામ્રાજ્યના સંદર્ભમાં એ અંગે સુપેરે પરિચય આપવાનો આ એકમ અભ્યાસનો ઉદ્દેશ છે.
- મુઘલ વહીવટીતંત્ર છેક ગ્રામ કક્ષાથી કેન્દ્રીય કક્ષા સુધી સળંગ રચાયેલું હતું, તેનો પરિચય આપવાનો આ એકમનો ઉદ્દેશ છે.

- વહીવટીતંત્રના પ્રત્યેક ખાતાના વડા (ઉપરી) શહેનશાહને પૂર્ણપણે વફાદાર રહી, તેના આદેશો (ફરમાનો)નો અમલ કઈ કઈ રીતે કરતા હતા તેમજ દરેક વહીવટી અધિકારી કઈ કઈ ફરજો (કાર્યો) બજાવતા હતા, તેની સર્વાંગ - સંપૂર્ણ માહિતી પ્રદાન કરવાનો આ એકમનો ઉદ્દેશ છે.
- મુઘલ વહીવટીતંત્રના ઘણા બધા અંગો/પાસાંઓને પછીના ઈતિહાસમાં મરાઠા યુગ, બ્રિટિશ યુગ અને સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી પણ ભારતે તેના વહીવટમાં અપનાવ્યાં છે, તે દર્શાવી, તેની ઉપયોગિતા અને મહત્વ સમજાવવાનો ઉદ્દેશ છે.

## 8.1 પ્રસ્તાવના

**1. ભારતમાં મુઘલોનું શાસન :**

ઈ.સ. 1526માં 21મી માર્ચ મુઘલોનું 12,000નું સૈન્ય લઈને, બાબરે દિલ્હી સલ્તનતના લોદી વંશના છેલ્લા સુલતાન ઈબ્રાહીમ લોદી ઉપર પાણિપતના મેદાનમાં આક્રમણ કર્યું. આ યુદ્ધમાં બાબરનો વિજય થયો અને મુઘલ - અફઘાનો વચ્ચેના આ પાણિપતના યુદ્ધમાં ઈબ્રાહીમ લોદીનો પરાજય થયો. 'ઘર ફૂટે ઘર જાય !' એ કહેવત અનુસાર, ભારતના તત્કાલીન કેટલાક રાજાઓ - પંજાબના સુબેદાર દોલતખાન લોદી, ઈબ્રાહીમ લોદીના સગા કાકા આલમખાને હિંદ ઉપર આક્રમણ કરવા બાબરને નિમંત્રણ પાઠવેલું અને લશ્કરોની સહાય કરેલી. તદુપરાંત ઈબ્રાહીમ લોદીનો એક સરદાર લિબ્બન તેના ત્રણ સાથીઓ સાથે ગદ્દાર બની બાબરને પક્ષે ભરાયેલો તેમજ રાણા સંગાએ પણ આજ સમયે આગ્રા તરફથી હિંદ ઉપર આક્રમણ કરવાનો બાબરને સંદેશો મોકલેલો !

બાબર કાબુલથી હિંદ ઉપર આક્રમણ કરવા નીકળ્યો ત્યારે ફક્ત 12 હજારનું જ લશ્કર હતું ; પરંતુ હિંદના બેવફા અને દેશદ્રોહીઓએ તેને લશ્કર પૂરું પાડતાં 25 હજારનું લશ્કર થઈ ગયેલું; જ્યારે સામે પક્ષે ઈબ્રાહીમ લોદી પાસે પાણિપતના મેદાનમાં 1 લાખનું સૈન્ય હતું. જોકે બાબર પાસે લશ્કરમાં 700 તોપો અને ઉસ્તાદઅલી તથા મુસ્તુફા નામના બે ખૂબ જ અનુભવી તોપચીઓ હતા; તથા 'તુલુગમા' નામની વિશેષ યુદ્ધ - પદ્ધતિ હતી. આથી જ બાબર જીત્યો.

ઈ.સ. 1526 થી ઈ.સ. 1707 સુધી મુઘલ શાસન અવિરત ચાલ્યું; જેમાં – (i) બાબર (ઈ.સ. 1526-1530); (ii) હુમાયુનું બે વાર શાસન (ઈ.સ. 1530 થી 1540 અને ઈ.સ. 1545 થી ઈ.સ. 1555 સુધી); (iii) શેરશાહ સૂરીનું શાસન (ઈ.સ. 1540 થી ઈ.સ. 1545); (iv) અકબર (ઈ.સ. 1556 થી ઈ.સ. 1605); (v) જહાંગીર (ઈ.સ. 1605 થી ઈ.સ. 1627); (vi) શાહજહાં (ઈ.સ. 1627 થી ઈ.સ. 1658); (vii) ઔરંગઝેબ (ઈ.સ. 1659 થી ઈ.સ. 1707) આમ, મુઘલ યુગનો ઈતિહાસ ઈ.સ. 1526 થી ઈ.સ. 1707 સુધી એટલે કે 181 વર્ષનો ગૌરવવંતો ઈતિહાસ ગણાય છે; જેમાં શહેનશાહ અકબરનો શાસનકાળ સૌથી

લાંબો લગભગ 60 વર્ષનો છે અને શહેનશાહ ઔરંગઝેબનો 48 વર્ષનો છે આ બે બાદશાહોએ એક સદીથી વધુ સમય સુધી હિંદ ઉપર શાસન કર્યું હતું; તો શહેનશાહ શાહજહાંના સમયમાં 'સુવર્ણયુગ' (Golden age) નું સર્જન થવા પામ્યું હતું.

## 2. ભારતમાં મુઘલોનું વહીવટીતંત્ર :

### 2.1 મુઘલોનો કેન્દ્રીય વહીવટ [Central administration of Mughal empire]

ભારતના ઈતિહાસમાં મુઘલ - શહેનશાહોએ પૂરી બે સદી સુધી પણ શાસન કર્યું ન હતું ; છતાં તેમણે ભારતના વિશાળ પ્રદેશ ઉપર શાસન ભોગવ્યું હતું, અને સુદ્રઢ - સળંગસૂત્ર વહીવટીતંત્રનું નિર્માણ કર્યું હતું. અલબત્ત, ભારતમાં મુઘલ વહીવટીતંત્રનું નિર્માણ કર્યું હતું. અલબત્ત, ભારતમાં મુઘલ વહીવટીતંત્રને નક્કર સ્વરૂપ આપવામાં શહેનશાહ અકબરે (ઈ.સ. 1556-1605) મહત્વનો ફાળો આપ્યો હતો; એમાંના કેટલાંક સારાં તત્ત્વોને તો ખુદ મરાઠા શાસકોએ પણ અપનાવ્યાં હતાં. પાછળના ઈતિહાસમાં પણ મુઘલોના વહીવટતંત્રની કેટલીક સારી બાબતો ચાલુ જ રહેવા પામી હતી.

**2.1.(1) મુઘલ વહીવટીતંત્રનાં મુખ્ય લક્ષણો : (મુઘલ વહીવટીતંત્રનું સ્વરૂપ)**

**(અ) ભારતીય અને વિદેશી શાસનપદ્ધતિઓનો સમન્વય :** મુઘલ શાસનતંત્રમાં ભારતીય અને વિદેશી વહીવટીતંત્રની પદ્ધતિઓનો સુભગ સમન્વય કરાયો હતો. તેમાં ઈરાની અને અરબી વહીવટી - પદ્ધતિઓને ભારતીય રાજકીય પરિસ્થિતિના વાતાવરણમાં લાગુ પાડવામાં આવી હતી.

**(બ) પ્રાચીન હિન્દુ-પદ્ધતિ પર મુઘલોની મહેસૂલી પદ્ધતિ :** મુઘલોની મહેસૂલી-પદ્ધતિ મુખ્યત્વે આ અંગે જૂના મહેસૂલી અધિકારીઓને નોકરીઓમાં ચાલુ રાખ્યા હતા. તેમજ મુઘલ શહેનશાહો તેમના દૈનિક કામકાજમાં મોટે ભાગે હસ્તક્ષેપ કરતા નહિ.

**(ક) લશ્કરી રાજ્ય :** મુઘલ વહીવટીતંત્રનું મૂળ સ્વરૂપ તો લશ્કરીબળના પાયા પર જ નિર્ભર હતું; અને અંત સુધી તેનું લશ્કરી સ્વરૂપ ટકી રહ્યું હતું. રાજ્યનું મુલકી અને લશ્કરી ખર્ચ ખાતું (તિજોરી)એક જ હતું.

**(ડ) શાહી કારખાનાં પર આધારિત રાજ્ય :** મુઘલ રાજ્ય પોતે હિંદમાં મોટાં કારખાનાં ચલાવતું હતું. શાહી પરિવારના સૌ સભ્યો (શહેનશાહ, બેગમો, રાજકુમારો, રાજકન્યાઓ, રસોઈયા, નોકર-ચાકર-માળી-સફાઈ કામદારો, સૈનિકો, સેનાપતિઓ, વહીવટી - ન્યાયતંત્રના અધિકારીઓ વગેરે) ની તમામ સામાન્ય વપરાશી ચીજવસ્તુઓ તેમજ મોજશોખની કે શૃંગારની વસ્તુઓ આ શાહી કારખાનાંઓમાં તૈયાર કરાતી હતી.

**(ઇ) એકહથ્થુ કેન્દ્રીય સત્તાવાળું સ્વરૂપ :** મુઘલ વહીવટીતંત્રનું સ્વરૂપ સંપૂર્ણપણે એકહથ્થુ સત્તાવાળું હતું. સમ્રાટ/શહેનશાહ સમગ્ર વહીવટીતંત્રની ધરી સમાન હતો; અને તેની આસપાસ સમગ્ર વહીવટી વ્યવસ્થા ગોઠવાયેલી હતી. મુઘલ વહીવટીતંત્ર પૂર્વપણે એકચક્રી, કેન્દ્રીત અને એકહથ્થુ સત્તા ધરાવતું હોવાથી, શહેનશાહનો નિર્ણય દરેક બાબતમાં આખરી ગણાતો વળી, સરકારી પત્રવ્યવહાર અને અવારનવાર બહાર પડાતા આદેશોને કારણે ટપાલ - પદ્ધતિનો ખૂબ ઉપયોગ (ઘોડેસવારો દ્વારા) કરવામાં આવતો હતો. બધો જ વહીવટ લિખાપટ્ટી (કાગળ ઉપર) દ્વારા જ થતો હતો.

**2.1.(2) મુઘલોનું કેન્દ્રીય વહીવટીતંત્ર : [Central administration of Mughal Empire]**

**(અ) શહેનશાહ (ધિ એમ્પરર) :**

તે સમગ્ર વહીવટીતંત્ર, લશ્કરીતંત્ર અને ન્યાયતંત્રનો વડો હતો. તેનો નિર્ણય આખરી ગણાતો હતો. તે રાજ્યનો સર્વોચ્ચ સ્વામી, તમામ લશ્કરી પાંખોનો સર્વોચ્ચ સેનાપતિ હતો અને ન્યાયતંત્રનો પણ તે સર્વોચ્ચ ન્યાયાધીશ હતો. તેના રોજબરોજના વહીવટમાં મંત્રીમંડળ તેને મદદ કરતું હતું; પરંતુ કોઈપણ વજીર (પ્રધાન)ની સલાહ પાળવા તે બંધાયેલો ન હતો.

**(બ) મંત્રીમંડળ અને મંત્રીઓના ખાતાંઓ :** (કેબિનેટ એન્ડ પોર્ટફોલિયોઝ)

મુઘલ સમ્રાટો મંત્રીઓ વિવિધ ખાતાંઓનો સુચારુ રૂપે વહીવટ થાય, એટલા માટે મંત્રીઓ (પ્રધાનો)ની નિમણૂક કરાતી. સમ્રાટ જે તે ખાતાના મંત્રીની જરૂર પડતાં સલાહ લેતો હતો. પરંતુ એ સલાહ પ્રમાણે વર્તવા તે બંધાયેલોન હતો. મુઘલ સમ્રાટોએ વહીવટી સરળતા ખાતર, શાસનને નીચે પ્રમાણે વિવિધ ખાતાંઓમાં વહેંચી નાખવામાં આવ્યું હતું. અને દરેક ખાતુ તેના મંત્રી (ઉપરી)ની દેખરેખ તથા સલાહ - સૂચનો અનુસાર કાર્ય તથા પ્રવૃત્તિઓ કરતું હતું. મંત્રીઓ અને તેમનાં ખાતાં નીચે પ્રમાણે છે :

**(1) વકીલ (મુખ્ય પ્રધાન) :** શહેનશાહ અકબરના સમયમાં મુખ્યપ્રધાન 'વકીલ' કે 'વકીલે મુતાલિક' તરીકે ઓળખાતો હતો. અકબરે વકીલના પદ પર બહેરામખાનની નિમણૂક કરી હતી. તેની પાસે ઘણી સત્તાઓ હતી. વકીલ નાણાખાતાનો વહીવટ પણ કરતો અને બધાં જ ખાતાંઓ ઉપર દેખરેખ રાખતો હતો; પરંતુ બહેરામખાનના મૃત્યુ પછી, વકીલની સત્તાઓ શહેનશાહે ઓછી કરી નાખી હતી અને ઈ.સ. 1564માં તો 'વકીલ'ના પદને સ્થાને 'વઝીર' કે 'દીવાન'ની નિમણૂક કરાઈ હતી. વળી, સમ્રાટ શાહજહાંના સમયમાં તો વઝીર/વકીલનું પદ નામશેષ થઈ ગયું હતું.

**(2) વઝીર કે દીવાન (નાણાખાતાનો પ્રધાન) :** રાજ્યનું નાણાખાતું (તમામ પ્રકારની લેવડ દેવડ/આવક-ખર્ચ) 'દિવાન' કે વઝીરને હસ્તક હતું. તે મુખ્યત્વે

જમીન-મહેસૂલ અને અન્ય તમામ પ્રકારના કરવેરાની ઉઘરાણી કરતો હતો. તે મહેસૂલ અંગેની નીતિનું ઘડતર કરતો હતો; તેમજ રાજ્યની આવક - જાવકનો હિસાબ રાખતો હતો. આમ, તે સમગ્ર મુલકી વહીવટ સંભાળતો શહેનશાહ અકબરના સમયમાં, ટોડરમલ અને શાહ-મન્સુર નિષ્ણાત નાણામંત્રીઓ હતા.

**(3) મીરબક્ષી (લશ્કરી ખાતું) :** મુઘલ રાજ્યના લશ્કરી ખાતાનો વડો મીરબક્ષી હતો. તે સૈનિકોની ભરતી કરતો; તેમને પગર ચૂકવતો; લશ્કરી છાવણીઓનું નિરીક્ષણ કરતો; લશ્કરની જરૂરિયાતો પૂરી પાડતો અને લશ્કરી કૂચ માટે આયોજન (પ્લાનીંગ) કરતો હતો. તેના આટલાં બધાં કાર્યોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીયબક્ષી મદદ કરતા હતા. સમ્રાટ અકબરના સમયમાં, મીરબક્ષીના પદો લશ્કરખાન, શાહબાજખાન કબોહ, અસરૂખાન કજવિની અને શેખ ફરીદ વગેરે કુલ ચાર મીરબક્ષીઓ વારાફરતી એ પદે આવ્યા હતા.

**(4) સદરે સુદૂર (ધાર્મિક ખાતું) :** રાજ્યના ધાર્મિક દાનખાતાનો ઉપરી સદરે સુદૂર હતો. તે સમ્રાટને ધાર્મિક બાબતોમાં સલાહ આપતો હતો. શાહી શિષ્યવૃત્તિઓ અને અન્ય દાનની યોગ્ય વહેંચણી કરતો અને જરૂર જણાતાં ન્યાયાધીશ તરીકેની ફરજ પણ બજાવતો હતો. તે મુસ્લિમ કાયદાનો સંરક્ષક હતો. અકબરના સમયમાં આ પદે શેખ ગદાઈ અને શેખ અબ્દુન્નબી વગેરેએ કાર્ય (ફરજો) કર્યું હતું.

**(5) ખાને સામાં (શાહી પરિવાર સંભાળ ખાતું) :** રાજ્યના શાહી પરિવારના સૌ સભ્યોના સાર-સંભાળ રાખવાનું અને તેમની જરૂરિયાતો પૂરી કરવાનાં કાર્યો ખાને સામાં મંત્રી કરતો હતો. તેના હાથ નીચે શાહી કારખાનાં, સૈન્ય, બાગ-બગીચાઓ, મહેલો અને રાજ્યનાં મકાનો વગેરેની સાર-સંભાળ રાખવાનું કાર્ય પણ હતું. તે જરૂર જેટલાં નવાં મકાનો પણ ખરીદતો તેમજ રાજ્યની ઈજારાવાળી બાબતો ઉપર ધ્યાન આપતો હતો. આ ઉપરાંત રસ્તાઓનું સમારકામ (રિપેરીંગ) પણ કરાવતો. આ પદ ખૂબ જ મહત્વનું હોવાથી, શહેનશાહની ખાસ વિશ્વાસુ વ્યક્તિને જ આ ખાતું સોંપાતું હતું.

**(6) કાઝી - ઉલ - કુઝાત (ન્યાયખાતું) :** સમગ્ર મુઘલ સામ્રાજ્યના ન્યાયખાતાનો વડો (મુખ્ય ન્યાયાધીશ) કાઝી-ઉલ-કુઝાત હતો. તેને ધાર્મિક બાબતોમાં પણ ન્યાય (ચુકાદો) આપવાની સત્તા હતી. તે દીવાની અને ફોજદારી વિભાગોના કેસો ચલાવી ન્યાય આપ તો હતો; તેમજ નગરો, જિલ્લાઓ અને પ્રાંતોના કાઝીઓ (ન્યાયાધીશો)ની નિમણુક કરતો હતો. ન્યાયખાતાના એ કાઝીઓના ન્યાય (ચુકાદા)થી સંતોષ જો પક્ષકારને સંતોષ ન થાય તો તે કાઝી-ઉલ-કુઝાતની અદાલતમાં અપીલ કરી શકતો અને મુખ્ય ન્યાયાધીશના ચુકાદાથી પણ જો કોઈ પક્ષકારને અસંતોષ થાય તો, તે મુઘલ શહેનશાહ સમક્ષ અપીલ કરી, આખરી ન્યાય મેળવી શકતો હતો. વિદેશી ઈતિહાસકાર બદાયૂનીના વિવરણ મુજબ,

શહેનશાહ અકબરે હિન્દુઓના કેસોના નિર્ણય માટે હિન્દુ ન્યાયાધીશોની નિમણૂક કરી હતી.

**(7) મુહતાસિબ (સદાચાર ખાતું) :** રાજ્યના જાહેર સદાચાર ખાતાનો વડો 'મુહતાસિબ' ગણાતો હતો. તેની કામગીરી ધર્મનિરપેક્ષ હતી અને આંતરિક વેપારની સઘળી ચીજવસ્તુઓની ગુણવત્તા (ક્વૉલિટી કંટ્રોલ)નું ધ્યાન રાખતો હતો; હલકી કે નીચી ગુણવત્તાવાળી ચીજવસ્તુઓનું ઉત્પાદન કરનારને તે શિક્ષા કરતો. ઉપરાંત વેપારીઓનાં તોલ-માપનાં સાધનોની અવારનવાર ચકાસણી કરતો. વસ્તુઓના વેચાણ કે વિતરણમાં ક્યાંય પણ છેતરપિંડી કે અપ્રમાણિકતા કરવામાં ન આવે, તેની કડકપણે કાળજી લેતો હતો. તેનાં અન્ય કાર્યોમાં બજાર-વ્યવસ્થા (Market-management) તથા રાજધાની દિલ્હી શહેરની સફાઈ સ્વચ્છતા જાળવતો. તેમના ખાતાના કાર્યક્ષેત્રમાં આવતા દરેક અધિકારીઓ-કર્મચારીઓએ મુસ્લિમ શરિયતો અનુસાર જીવન વ્યતીત કરે છે કે નહિ, તેની દેખરેખ તે રાખતો. શરાબ, ભાંગસેવન, જુગાર, નાચગાન, ભોગવિલાસ વગેરે અનિષ્ટો પર તે ચાંપતી નજર રાખતો અને અપરાધ આચરનારને શિક્ષા પણ કરતો હતો.

**(8) અન્ય અધિકારીઓ :** મુઘલ રાજ્યના અન્ય અધિકારીઓમાં મીર-આતીશ અથવા 'દરોગા-ઈ-તોપખાના'; દરોગા-ઈ-ડાકચોકી (ગુપ્તચર વિભાગ અને ટપાલ ખાતાનો વડો); દરોગા-ઈ-ટંકશાળ (ચલણી સિક્કાઓના ટંકશાળનો વડો) વગેરેનો સમાવેશ થતો હતો.

### 2.1(3) પ્રાંતીય વહીવટ [Provincial Administration]

મુઘલ સામ્રાજ્યનો પ્રાંતીય વહીવટનું માળખું લગભગ મધ્યસ્થ સરકારના નમૂનારૂપ હતું. શહેનશાહ અકબરના સમયમાં મુઘલ સામ્રાજ્ય 15 પ્રાંતોમાં વહેંચાયેલું હતું.

પ્રાંતીય વહીવટના મુખ્ય સાત અધિકારીઓ આ પ્રમાણે હતા.

**(1) સિપાહસાલાર (સુબેદાર) :** સિપાહસાલાર એ પ્રાંતનો સર્વોચ્ચ અધિકાર હતો; તેને પ્રાંતિક સુબેદારથી લોકો ઓળખતા હતા. તે પ્રાંતીય કક્ષાએ મુઘલ શહેનશાહનો પ્રતિનિધિ હતો. મોટે ભાગે આ પદ પર રાજકુમારો નિમવામાં આવતા હતા કે જેથી તેમને વહીવટી તાલીમ મળી રહે. તે પોતાના પ્રાંતમાં કાયદો અને વ્યવસ્થા જાળવતો હતો. તે ફોજદારી ગુનાઓમાં ન્યાય આપતો હતો. તે કરવેરા વસૂલ કરતો અને એ રકમ શહેનશાહના શાહી ખજાનામાં જમા કરાવતો. ખેતીને ઉત્તેજન આપવું, સિંચાઈની જરૂરી વ્યવસ્થા કરવી, જાહેર હિત માટે કૂવાઓ, નહેરો, દવાખાનાં, રસ્તાઓનું બાંધકામ, વૃક્ષારોપણ, બાગ-બગીચા, તળાવો દ્વારા જળસંચય વગેરે લોકોના હિતનાં તે કાર્યો કરતો; અને તે માટે કેન્દ્ર સરકાર પાસેથી તેને ગ્રાન્ટ રૂપે નાણાં મળતાં હતાં તે શિક્ષણને ઉત્તેજન આપતો.

**(2) દીવાન (નાણાખાતું) :** દિવાન પ્રાંતીય નાણાખાતાની દેખરેખ રાખતો હતો તેમજ આવક-જાવકના હિસાબો રાખતો હતો. તે દીવાની દાવાઓમાં ન્યાય

(ચુકાદાઓ) આપતો હતો. તેની નિમણૂક કેન્દ્રીય દિવાન કરતો હતો. તે તેનો કાર્યો (ફરજો) માટે કેન્દ્રીય દિવાનને જ સીધો જવાબદાર હતો; પ્રાંતીય સુબેદારને નહિ.

**(3) સદર અને કાઝી (શિષ્યવૃત્તિ ખાતું અને ન્યાયખાતું) :** પ્રાંતોમાં આ બન્ને હોદ્દાઓ માટે એક જ અમલદારની નિમણૂક કરાતી હતી. સદર તરીકે તે શિષ્યવૃત્તિઓ માટે લાયક વ્યક્તિઓની પ્રાંતમાંથી યાદી તૈયાર કરીને, કેન્દ્ર સરકારને ભલામણ માટે મોકલતો હતો. કાઝી તરીકે તે પ્રાંતનો મુખ્ય ન્યાયાધીશ હતો. તેના ન્યાય આપવાના કાર્યમાં મુફિત મદદ કરતો હતો. જોકે સમ્રાટ અકબરે એક પ્રાંતના કાઝીના ભ્રષ્ટાચારથી નાખુશ થઈ, એ પ્રાંતના ન્યાયના અધિકારી તરીકે 'મીર-એ-આદિલ'નામના નવા હોદ્દાવાળાની નિમણૂક કરી હતી.

**(4) બક્ષી (પ્રાંતીય લશ્કરી અધિકારી) :** કેન્દ્રના મીરબક્ષી દરેક પ્રાંતમાં બક્ષી નામના અધિકારીની નિમણૂક કરતો હતો. બક્ષીની ફરજોમાં - સૈન્યમાં શિસ્ત જાળવની નવા સૈનિકોની ભરતી કરવી, ઘોડાઓનું નિરીક્ષણ કરવું વગેરેનો સમાવેશ થતો હતો ઉપરાંત આવશ્યકતા અનુસાર તે કેન્દ્રીય લશ્કર સાથે પોતે અને સૈનિકો સાથે તે જોડાતો હતો.

**(5) વાક્યાનવીસ (જાસૂસી અને ખબરપત્રી વિભાગ) :** વાક્યાનવીસ નામનો અધિકારી પ્રાંતમાં અગત્યનાં સ્થળોએ જાસૂસોની અને ગુપ્તચરો (ખબરપત્રીઓ)ની નિમણૂક કરતો હતો. પ્રાંતમાં ખૂણે-ખાંચરે બનતી ઘટનાઓની માહિતીનો અને કર્મચારીઓની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ (સિક્રેટ રિપોર્ટ્સ) સમ્રાટને મોકલવામાં આવતો હતો. આથી આ અધિકારીનું મહત્વ ખૂબજ હતું અને તેના હોદ્દાને સૌ માનની નજરે જોતા હતા.

**(6) કોટવાલ (નગર સંરક્ષણ વિભાગ) :** કોટવાલ એ નગર સંરક્ષણનો વડો હતો. તે નગરની શાંતિ અને પ્રજાની સલામતી જળવાઈ રહે, તે માટે જવાબદાર ગણાતો હતો. તે પ્રાંતીયનગરોમાં જાહેર આરોગ્ય અને ગટર વ્યવસ્થા જેવી સુધરાઈની ફરજો બજાવતો તે નગરોના મકાનોની યાદી રાખતો; બજારો ઉપર નિયંત્રણ રાખતો; ફોજદારી કેસોમાં ચુકાદાઓ આપતો; બિનવારસ-અવસાન પામેલી વ્યક્તિઓની મિલકતો ની નોંધણી કરતો હતો. ટૂંકમાં, નગરમાં બનતી સારી-ખોટી સઘળી બાબતોની જાણ કોટવાલ તેના ઉપરી સુબેદારને તથા મુઘલ સમ્રાટને અવશ્ય કરતો હતો. આથી તેનું પદ અને હોદ્દો ખૂબ જ મહત્વનો હતો.

**(7) મીર બહર (જકાત અને કરવેરા અધિકારી) :** મીર બહરનાં કાર્યોમાં - પ્રાંતમાં વેચાવા આવતા માલ ઉપર જકાત લેવી; મનોરંજનનાં સાધનો પર કરવેરા લેવા; બંદરો ઉપર આવતા જતા માલ ઉપર જકાત ઉઘરાવવી, દરિયાઈ વ્યાપાર ઉપર નિયંત્રણ રાખવું માર્ગો અને પૂલોનું સમારકામ કરાવવું; વગેરેનો સમાવેશ થતો હતો. તે ઘણીવાર જાહેર બાંધકામ ખાતાના ઈજનેર તરીકેની ફરજ પણ બજાવતો હતો તેથી તે 'મીર-બાર'કહેવાતો સમ્રાટ અકબરના રાજ્યકાળા દરમિયાન આ બન્ને હોદ્દા ઓ ઉપર કાસિમખાન સંભાળતો હતો.

**2.1(4) 'સરકાર' (જિલ્લા) નું વહીવટીતંત્ર [Administrion of District]**

દરેક મુઘલ પ્રાંત વિવિધ જિલ્લાઓમાં (districts) વહેંચાયેલો હતો. જિલ્લાને તે સમયે 'સરકાર' કહેવામાં આવતો હતો. 'સરકાર'ના મુખ્ય અધિકારીઓ આ પ્રમાણે હતા.

**(1) ફોઝદાર :** ફોજદાર એ 'સરકાર'ના વહીવટીતંત્રનો સૌથી વડો હતો. ફોજદારનું સ્થાન, કાર્યો, ફરજો, સત્તાઓ વગેરે બ્રિટિશકાલીન કલેક્ટર જેવાં જ હતાં; તેની નિમણૂક પ્રાંતોના વડા સુબેદાર કરતા હતા; અને તેમને જ જવાબદાર હતા. તે પ્રાંતીય સુબેદારના આદેશોનું પાલન કરતો હતો; તેમજ સમગ્ર 'સરકાર' (જિલ્લા)માં શાંતિ એ વ્યવસ્થા જાળવતો અને કાયદાઓ (બાદશાહના ફરમાનો)નું પાલન કરાવતો હતો.

**(2) અમલ ગુજાર :** અમલ ગુજાર એ 'સરકાર'નો મહેસૂલી અધિકારી હતો તે પોતાના હકૂમત હેઠળના ગામો નગરોમાંથી (સમગ્ર સરકારમાંથી) જમીન મહેસૂલ ઉઘરાવતો હતો. તે ખેડૂતોની સગવડો સાચવતો અને તેમની મુશ્કેલીઓનો ઉકેલ લાવે તો તે 'સરકાર'ના વિવિધ પદાધિકારીઓ કારકૂનો, પટવારી, મુકાદમ વગેરેના હિસાબો તપાસતો હતો; અને પડતર જમીનોને ખેડાણ લાયક બનાવવા માટે યોગ્ય પગલાં ભરતો હતો.

**(3) બિતિકચી :** બિતિકચી નામનો અધિકારી અમલ ગુજારનો સહાયક અધિકારી હતો અને તેથી તે જમીન-મહેસૂલ ઉઘરાવવામાં મદદ કરતો હતો.

**(4) ખઝાનદાર (ખજાનચી) :** ખઝાનદાર ખેડૂતો પાસેથી ઉઘરાવેલું મહેસૂલ એકઠું કરી, શાહી તિજોરીમાં જમા કરાવતો અને દરેક ખેડૂતને મહેસૂલ મળ્યાની પહોંચ આપતો હતો.

**(5) અન્ય કર્મચારીઓ :** આ ઉપરાંત, દરેક 'સરકાર'ના વડા મથકે (તેની ઑફિસોમાં) કારકૂનો, લહિયા, પટાવાળા, સફાઈકામદાર વગેરે કર્મચારીઓ પણ હતા.

**2.1.(5) પરગણાનો વહીવટ (તાલુકાનો વહીવટી) [Admi Stration of Paragana]**

મુઘલ સામ્રાજ્યના પ્રંતો 'સરકાર' અને 'પરગણાં' (તાલુકાઓ)માં વહેંચાયેલા હતા. પ્રાંતમાં પરગણાને 'તુમાન' કહેવામાં આવતો હતો (પરગણાના મુખ્ય અધિકારીઓ નીચે મુજબ હતા.

**(1) શિકદાર (મુખ્ય વહીવટી અધિકારી) :** તે પરગણાનો મુખ્ય વહીવટકર્તા હતો. તે પોતાના પ્રદેશમાં કાયદાઓનું (બાદશાહના ફરમાનોનું) પ્રજા પાસે પાલન કરાવતો તેમજ શાંતિ તથા વ્યવસ્થા જાળવતો હતો. તે ખેડૂતો પાસેથી જમીન

મહેસૂલ (લેન્ડ રેવન્યુ) ઉઘરાવીને શાહી તિજોરીમાં જમા કરાવવા 'સરકાર' (જિલ્લામાં) મોકલતો.

**(2) આમિલ (મહેસૂલી વિભાગનો અધિકારી) :** આમિલ પરગણાના મહેસૂલી વિભાગનો મુખ્ય અધિકારી હતો. તે પણ પરગણામાં શાંતિ-વ્યવસ્થા જાળવવામાં શિકદારને મદદ કરતો હતો. જમીન-મહેસૂલની આકારણી અને ઉઘરાણી કરતો હતો; તેમજ દીવાની કેસોમાં ચુકાદાઓ આપતો હતો.

**(3) પોતદાર (ખજાનચી) :** પોતદાર એ પરગણાના ખજાનચી તરીકે કામ કરતો હતો; તેમજ ખેડૂતો પાસેથી મહેસૂલ ઉઘરાવીને પરગણાની તિજોરીમાં જમા કરાવતો હતો.

**(4) કાનૂનગો (મહેસૂલ અને પાકની નોંધ રાખનાર અધિકારી) :** કાનૂનગો એ પરગણાના મહેસૂલ વિભાગમાં કામ કરતો અધિકારી હતો. તે પરગણાની બધા જ પ્રકારની જમીનની નોંધ રાખતો તેમજ મહેસૂલ કેટલું ઉઘરાવાયું તથા ક્યા ક્યા પાકો કેટકેટલા પ્રમાણમાં પરગણામાં થાય છે, તેની સઘળી નોંધ તે રાખતો હતો; તેમજ તેનો અહેવાલ ઉપરી અધિકારીને મોકલતો તે પરગણાની જમીન-મહેસૂલની આકારણી કેટલી (દર વર્ષે) કરાઈ, તેની નોંધ પણ રાખતો હતો; વળી મહેસૂલ બરાબર ઉઘરાવાય છે કે નહિ તથા ઉઘરાવેલી સઘળી રકમ 'સરકાર'ની તિજોરીમાં જમા થાય છે કે નહિ, તેનું પણ ધ્યાન રાખતો હતો. અબુલ ફઝલ કાનૂનગોને 'ખેડૂતોના આશ્રયદાતા' કહે છે.

### 2.1.(6) નગરનો વહીવટ (Administration of Town)

'આઈન-એ-અકબરી' ગ્રંથ અકબરના રાજ્યઅમલ દરમિયાનનો નગરના વહીવટીતંત્રનો સુંદર ચિતાર આપે છે. દરેક નગરનો વહીવટ કોટવાલ નામનો અધિકારી કરતો હતો. (1) તે નગરની દેખભાળ રાખતો હતો. (2) નગરના રસ્તાઓ, રસ્તાઓ ઉપર દીવાબત્તીની વ્યવસ્થા, શાળાઓ-મદ્રેસાઓ, કૂવા-તળાવો વગેરેની સઘળી વ્યવસ્થા કરવાની જવાબદારી તેની હતી. (3) તે બજારો ઉપર (તોલમાપનાં સાધનો, વેચાણ માટેની વસ્તુઓની ગુણવત્તા વગેરે) નિયંત્રણ પણ રાખતો હતો. (4) તે બિનવારસી મિલકતોનો યોગ્ય વહીવટ કરતો હતો. (5) તે નગરમાં થતા ગુનાઓ અટકાવતો હતો. (6) ઉપરાંત નગરમાં કતલખાનાં અને સ્મશાનગ્રહો - કબ્રસ્તાનોની જાળવણી તથા બંદોબસ્ત પણ કરતો હતો. તેને મદદ કરવા માટે કેટલાક કર્મચારીઓની સ્થાનિક કક્ષાએ નિમણૂક કરતો હતો.

### 2.1.(7) ગામનો વહીવટ (Administration of Village)

મુઘલોના વહીવટીતંત્રનું સૌથી નાનું એકમ 'ગામ' (Village) હતું. ગામનો મુખ્ય અને સૌથી ઉપરી અધિકારી મુકાદમ હતો. તેનાં કાર્યોમાં (ફરજોમાં)- (i) તે ગામના ખેડૂતો પાસેથી જમીન મહેસૂલ ઉઘરાવતો અને ઉઘરાવેલાં

મહેસૂલની રકમ પરગણાના શિકદારને મોકલાવતો. (ii) તે ગામમાં શાંતિ અને વ્યવસ્થા જાળવતો હતો. (iii) તે ગામને ચોર-લૂંટારા તથા અસામાજિક તત્ત્વોથી સંરક્ષણ આપવાની વ્યવસ્થા કરતો હતો. (iv) તેના આ સઘળા કાર્યોના (ફરજોના) બદલામાં જમીન મહેસૂલની રકમના (અઢી ટકા) વાર્ષિક વેતન રૂપે મળતા હતા. દરેક ગામ સ્વાયત્ત હતું; અને તેનો વહીવટ ચૂંટાયેલા કે પસંદ કરાયેલા સભ્યોની બનેલી ગ્રામપંચાયત કરતી હતી. ગ્રામપંચાયત ગામની દેખભાળ/સ્વચ્છતા, આરોગ્ય, શિક્ષણ, વૈદકીય સગવડો વગેરેની વ્યવસ્થા કરતી હતી.

- **તમારી પ્રગતિ ચકાસો**

**પ્રશ્ન-1. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તરો લખો :**

(1) મુઘલ વહીવટીતંત્રના કેન્દ્રીય શાસન વ્યવસ્થાનો મુદ્દાસર અને સવિસ્તર પરિચય આપો.

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

(2) મુઘલ વહીવટીતંત્રના પ્રાંતીય વહીવટતંત્રના દરેક વિભાગ અને તેના અધિકારીઓનાં નામો અને કાર્યો મુદ્દાસર જણાવો.

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

(3) **ટૂંક નોંધ લખો :**

(1) સરકારનો વહીવટ

______________________________
______________________________
______________________________
______________________________
______________________________

(2) પરગણાનો વહીવટ

______________________________
______________________________
______________________________

(3) નગર અને ગામનો વહીવટ

(4) શું મુઘલ વહીવટી તંત્ર સુદ્રઢ, કાર્યક્ષમ અને લોકકલ્યાણકારી હતું ખરું ? તમારા ઉત્તર માટે દષ્ટાંતો અને દલીલો આપો.

**પ્રશ્ન-2. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તરો લખો :**

(1) મુઘલ શાસન દરમિયાન કેન્દ્રીય વહીવટીતંત્રનો સર્વોચ્ચ વડો કોણ હતો ?

(2) મુઘલ વહીવટીતંત્રમાં શહેનશાહને સલાહ, સૂચનો, સહાય અને માર્ગદર્શન આપવા કઈ વ્યવસ્થા હતી ?

(3) મુઘલ વહીવટીતંત્રમાં શહેનશાહ પછી મુખ્ય મંત્રી (વજીર) પદે કોણ હતું ?

(4) મુઘલ વહીવટીતંત્રમાં પ્રાંતનો વડો (ઉપરી) કોણ હતો ?

(5) મુઘલ વહીવટીતંત્રમાં 'સરકાર'નો (જિલ્લાનો) વડો કોણ હતો ?

(6) મુઘલ વહીવટીતંત્રમાં 'પરગણા'નો (તાલુકાનો) વડો કોણ હતો ?

– (7) મુઘલ વહીવટીતંત્રમાં નગર અને ગામના વહીવટ કોણ સંભાળતું હતું ?

___

___

## 8.3 *સારાંશ*

આમ, મુઘલ વહીવટીતંત્રના ઉપર દર્શાવેલાં તમામ ખાતાંઓ અને તેમના અધિકારીઓ દ્વારા સુચારૂ રૂપે ચાલકો હતો. આમ દેખીતી રીતે સમગ્ર વહીવટીતંત્ર વિકેન્દ્રિત લાગે, પરંતુ વાસ્તવમાં તો સમગ્ર વહીવટીતંત્ર મુઘલ શહેનશાહોના ફરમાનોથીજ ચાલતો હતો; તેથી તે કેન્દ્રિત જ હતો.

મુઘલ શહેનશાહ સત્તા દરેક ક્ષેત્રમાં આખરી અને સર્વોપરી હતી. તે ઈચ્છે તે અધિકારીને સત્તા/હોદ્દા ઉપર રાખતો અને કાઢી પણ મૂકતો ! તેને મદદ કરવા કેન્દ્રીય મંત્રીમંડળ હતું અને એ મંત્રીઓની તે સલાહ-સૂચનો તથા માર્ગદર્શન મેળવતો; પરંતુ બાદશાહ એ સલાહ-સૂચનો પાળવા તે બંધાયેલો ન હતો. આમ છતાં, બાદશાહ અકબરના રાજ્યકાળમાં મુખ્ય પ્રધાન બિરબલની બધી જ સલાહ તે માનતો હતો; વળી, રાજા માનસિંહ, ટોડરમલ જેવા પ્રધાનો પણ બાદશાહ અકબરના જમણા હાથ સમાન હતા.

**સમાપન :**

ટૂંકમાં, મુઘલ વહીવટીતંત્ર સુદ્રઢ, સંગીન કાર્યક્ષમ અને સુગ્રથિત હતું; પ્રાંતીય વહીવટીતંત્ર પણ નાની કેન્દ્રીય આવૃત્તિ સમાન હતું. નાના એકમ ગામથી માંડીને છેક દિલ્હીના કેન્દ્રીય વહીવટી તંત્ર પિરામિડ આકારનું ગોઠવાયેલું હતું; અને કેન્દ્ર સરકારની કોઈ દખલગીરી ગામ-તાલુકા-જિલ્લા કક્ષાએ ખાસ ન હોતી. આજ વહીવટી માળખું ખુદ 'બ્રિટિશ યુગ' (ઈ.સ. 1757-1947)ના અંગ્રેજોએ સુધારા સાથે અપનાવ્યું હતું; અને સ્વાતંત્ર્યપ્રાપ્તિ બાદ કેન્દ્રની ભારત સરકાર (દિલ્હી) અને તેના અંગો સમાન રાજ્ય સરકારો તેમજ જિલ્લા-તાલુકા-નગર-ગ્રામ કક્ષાએ 'પંચાયતી રાજ'ના સ્વરૂપે ભારતે પણ મુઘલ શાસનના ઘણા અંશો અપનાવ્યાૅ છે.

## 8.4 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

**ઉત્તર-2**

(1) મુઘલ વહીવટીતંત્રમાં કેન્દ્રીય વહીવટીતંત્રનો સર્વોચ્ચ વડો શહેનશાહ (સમ્રાટ-The King) હતો.

(2) મુઘલ વહીવટીતંત્રમાં શહેનશાહને સલાહ, સૂચનો, સહાય અને માર્ગદર્શન આપવા માટે મંત્રીમંડળની વ્યવસ્થા હતી.

(3) મુઘલ વહીવટીતંત્રમાં શહેનશાહ પછી મુખ્યમંત્રી (વજીર) તરીકે વકીલનો હોદ્દો હતો.

(4) મુઘલ વહીવટીતંત્રમાં પ્રાંતનો વડો (ઉપરી) સિપાહસાલર (સુબેદાર) હતો.

(5) મુઘલ વહીવટીતંત્રમાં 'સરકાર' (જિલ્લા)નો વડો (ઉપરી) ફોજદાર હતો.

(6) મુઘલ વહીવટીતંત્રમાં 'પરગણા' (તાલુકા)નો વડો શિકદાર હતો.

(7) મુઘલ વહીવટીતંત્રમાં નગરનો ઉપરી કોટવાલ અને ગામનો વહીવટી ઉપરી અધિકારી કોટવાલ હતો.

## 8.5 સંદર્ભ સૂચિ

1. પટેલ જશુભાઈ બી. 'ભારતનો ઈતિહાસ 1526-1707' યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ 1978

2. ધારૈયા, કાઝી અને ભટ્ટ 'ભારતનો ઈતિહાસ : મુઘલ-મરાઠાયુગ', સી. જમનાદાસની કંપની, અમદાવાદ.

3. Majumdar, R.C. & Others An Advance Histor of India, Bhartiye Vidhybhan, Mumbai.

**એકમ: 9**

# મુઘલકાળ દરમ્યાન ભારતનો સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વારસો

:: રૂપરેખા ::


**9.0** ઉદ્દેશો

**9.1** પ્રાસ્તાવિક

**9.2** સાંસ્કૃતિક વારસો

- **9.2.1** શિક્ષણ
- **9.2.2** સાહિત્ય

**9.3** સ્થાપત્ય

- **9.3.1** શાહજહાં પહેલાનું સ્થાપત્ય
- **9.3.2** શાહજહાંના સમયનું સ્થાપત્ય
- **9.3.3** શાહજહાંના સમય પછીની ઈમારતો

**9.4** અન્ય કલાઓ

- **9.4.1** ચિત્રકલા
- **9.4.2** સંગીતકલા

**9.5** સામાજિક વારસો

- **9.5.1** શાસક વર્ગ
- **9.5.2** આર્થિક વર્ગ
- **9.5.3** જ્ઞાતિ વ્યવસ્થા
- **9.5.4** ખોરાક
- **9.5.5** પોષાક
- **9.5.6** આભૂષણો
- **9.5.7** સૌંદર્ય પ્રસાધનો
- **9.5.8** મોજશોખ
- **9.5.9** સ્ત્રીઓની સ્થિતિ
- **9.5.10** ગુલામી પ્રથા
- **9.5.11** સામાજિક-પ્રણાલિકાઓ - રીતરિવાજો
- **9.5.12** હિન્દુ-મુસ્લિમ એકતા

**9.6** આર્થિક વારસો

- **9.6.1** શાસક વર્ગના ઉડાઉ ખર્ચ
- **9.6.2** જમીનદારોની સ્થિતિ

**9.6.3** ***મધ્યમવર્ગની સ્થિતિ***

**9.6.4** ***નિમ્નવર્ગની સ્થિતિ***

**9.6.5** ***વ્યાપાર-વાણિજ્ય***

**9.7** ***સારાંશ***

- ***તમારી પ્રગતિ ચકાસો***

**9.8** ***ચાવીરૂપ શબ્દો* (Key words)**

**9.9** ***તમારી પ્રગતિ ચકાસોના જવાબ***

**9.10** ***સંદર્ભગ્રંથો***

## 9.0 *ઉદ્દેશો*

(1) મુઘલોના સાહિત્ય અને સ્થાપત્ય વિશે જાણો.

(2) મુઘલકાળના સામાજિક જીવન વિશે સમજ કેળવો.

(3) મુઘલકાળનું આર્થિક જીવન તપાસો.

(4) મુઘલકાળના ઉપેગો વિશે માહિતી મેળવો.

## 9.1 *પ્રાસ્તાવિક*

ભારતના ઈતિહાસમાં મુઘલવંશની સ્થાપના સાથે અર્વાચીન યુગ શરુ થયો એમ કહેવાય છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે મુઘલોએ રાષ્ટ્રજીવનનાં વિવિધ પાસાં વહીવટ, કાનૂન, ન્યાય, સમાજ, અર્થ, ધર્મ, સાહિત્ય, કલા, સ્થાપત્ય, ખોરાક, પોશાક, ભાષા, પ્રણાલિકાઓ, મોજશોખ અને લગભગ આવા તમામ સાંસ્કૃતિક ક્ષેત્રો પર કરેલ અસર વધતા ઓછા પ્રમાણમાં આજે પણ દેખાઈ આવે છે.

## 9.2 *સાંસ્કૃતિક વારસો*

### 9.2.1 *શિક્ષણ :*

મુઘલ યુગમાં જનતાને શિક્ષણ આપવાની રાજ્યની ફરજ ગણાતી નહોતી. સરકારે કોઈ શિક્ષણ વિષયક વિભાગ સ્થાપ્યો નહોતો અને નિયમિતપણે ક્યારેય શિક્ષણ માટે સરકારી અનુદાનની વ્યવસ્થા કરવામાં આવી નહોતી. શિક્ષણ મેળવવાની બાબત એ કાળમાં વ્યકિતગત ગણાતી હતી.

સામાન્ય રીતે મુઘલયુગમાં મંદિરો અને મસ્જિદો વિપલયોની કામગીરી બજાવતાં હતાં. બ્રાહ્મણો હિન્દુ છાત્રને સંસ્કૃત, હિન્દી, જ્યોતિષ, ધર્મશાસ્ત્ર, ઈતિહાસ, સાહિત્ય, ભૂમિતિ, ચિત્ર, તત્વજ્ઞાન, રામાયણ, મહાભારત, વેદ, ગીતા, ઉપનિષદ અને વ્યાકરણ જેવા વિષયો શીખવતા હતા. જ્યારે મસ્જિદોમાં મૌલવીઓ મુસ્લિમ વિપર્થીઓને લગભગ ધાર્મિક શિક્ષણ આપતા હતા. ઉજ્જૈન, બનારસ, પ્રયાગ, મથુરા અને અયોધ્યા હિન્દુઓના વિપધામ હતા. જ્યારે આગ્રા, જોનપુર, લખનૌ, અલ્હાબાદ

જેવા નગરો મુસ્લિમો માટેના વિપના કેન્દ્રો હતા. સામ્રાજ્યની પ્રજા પોતાની આર્થિક સ્થિતિ અને આવશ્યકતા અનુસાર પોતાના સંતાનોના શિક્ષણની વ્યવસ્થા કરતી હતી.

મુઘલ સમ્રાટોમાં ફક્ત અકબર જ એવો હતો કે જેણે શિક્ષણ માટે વ્યવસ્થા કરેલી. તેણે કેટલીક પ્રાથમિક શાળાઓ અને ઉચ્ચ શિક્ષણ માટે વિપલયો શરૂ કરાવ્યા હતા. અભ્યાસક્રમમાં પણ તેણે જરુરી સુધારા વધારા કર્યા હતા. તેના પુરોગામીઓએ શિક્ષણક્ષેત્રે અકબર જેટલો ઉત્સાહ બતાવ્યો નહોતો. આ શાસકો અનિયમિત રુપે કોઈક વાર શિક્ષણ માટે નાણાં ફાજલ પાડતા હતા. જે મુખ્યત્વે દાન સ્વરુપના હતા. અકબર સિવાયના મુઘલ શાસકોમાં બાબરના સૈયદ અકબર અલી નામના મંત્રીના જણાવ્યા પ્રમાણે બાબર સ્વયં વિદ્વાન હતો અને તેણે તુઝૂકે બાબરી નામે પોતાની આત્મકથા લખેલી. હુમાયુએ એક મદ્રેસા, પુસ્તકાલય અને વેધશાળા સ્થાપી હતી. જહાંગીરે અપુત્રીકાધન (નખોદીયુધન) નો ઉપયોગ શાળાઓ બાંધવા માટે કરવાનો આદેશ આપ્યો હતો. શાહજહાંએ દિલ્હીમાં એક કોલેજ સ્થાપી અને દારુલબકા નામના મદ્રેસાનો જીર્ણોધ્ધાર કરેલો. જ્યારે દારા સિકોહની વ્યકિતગત વિદ્વતા વિશે કોઈ મતાંતર નથી.

સ્ત્રીઓમાં રાજકુટુંબની જ મહિલાઓ શિક્ષણ લઈ શકતી હતી. તેમને ઘર આંગણે ખાનગી શિક્ષકો દ્વારા શિક્ષાણ આપવામાં આવતું હતું. હિન્દુ-મુસ્લિમો માટે અલગ શાળાઓ હોવા છતાં હિન્દુઓ ફારસીનું શિક્ષણ મેળવવા મદ્રેસાઓમાં જતા અને મુસ્લિમો જ્યોતિષ, ગણિત, ખગોળ તથા ચિકિત્સાવિજ્ઞાન ભણવા હિન્દુ પાઠશાળાઓમાં આવતા હતા.

### 9.2.2 *સાહિત્ય :*

મુઘલ સમયમાં અત્યંત ઉચ્ચ કક્ષાનું સાહિત્ય રચાયું. તેની ભાષા મુખ્યત્વે ફારસી અને હિન્દી હતી. એજ રીતે સ્થાપત્યના ક્ષેત્રે સંપૂર્ણ ભારત ગૌરવ લઈ શકે તેવી ઈમારતો તૈયાર થઈ. મુઘલ સ્થાપત્યમાં હિન્દુ અને મુસ્લિમ તત્વોનું મિશ્રણ થતાં તે સંપૂર્ણ ભારતીય સ્થાપત્ય બન્યું.

9.2.2.1 અકબર પહેલાનું સાહિત્ય :

પ્રથમ મુઘલ સમ્રાટ બાબર પોતે અરબી, તુર્ક અને ફારસી ભાષાનો વિદ્વાન હતો. તેણે ‘તૂઝુકે બાબરી’ નામની પોતાની આત્મકથા તૂર્કી ભાષામાં લખી હતી. આ ગ્રંથમાં સહેજ પણ આડંબર નથી. પરિણામે તેને "Prince of Auto biograp2y" તરીકે ઓળખવામાં આવે છે. બેવરીજ તેને અમૂલ્ય ઐતિહાસિક ગ્રંથ તરીકે ઓળખાવે છે.

હુમાયુના સમયમાં તેની બહેન ગુલબદને ‘હુમાયુનામ’ લખ્યું. હુમાયુને પુસ્તકોનો એટલો બધો શોખ હતો કે તે જ્યાં જતો ત્યાં પોતાનું પુસ્તકાલય સાથે લઈ જતો હતો. તેણે જોહર નામના એક લેખકને આશ્રય આપેલો. જેણે ‘તઝકીરાતુલ વાકીયાત’ નામનું પુસ્તક લખ્યું.

9.2.2.2 અકબરના સમયનું સાહિત્ય :

અકબરના સમયમાં ઘણી કૃતિઓ રચાઈ. તેના સમયના લેખકોમાં અબૂલ ફઝલ ઘણો મહત્વનો છે. તેણે ઘણી મૌલિક રચનાઓ કરી. જેમાં મસીરુલ ઉમરા, આઈનાએ અકબરી અને અકબર નામના મુખ્ય છે. બ્લોચમેનના મતે તે સાહિત્યકાર જેવો હતો કારણ કે સ્મિથ નોંધે છે તેમ ઈતિહાસ લેખનમાં તેણે સત્યનો પક્ષ લીધો નથી છતાં તે અકબરના સમયનો મહત્વનો લેખક હતો. કારણ કે બુખારાનો અબ્દુલ્લા બેગ કહેતો કે મને અકબરની તલવાર કરતાં અબૂલ ફઝલની કલમનો વધારે ડર લાગે છે.

અકબરના સમયમાં અન્ય લેખકોમાં તારીખે અલ્ફીનો મુલ્લા દાઉદ, મસીરે રહમીનો અન્દુલ બકી, તબાકાતે અકબરીનો નિઝામુદ્દીન અને તારીખે ઈ બદાયૂનીનો બદાયુની મુખ્ય છે. તેના સમયમાં રામાયણ, મહાભારત, લીલાવતી ગણિત તથા અથર્વવેદના ફારસી અનુવાદ થયા.

9.2.2.3 અકબર પછીનું સાહિત્ય :

જહાંગીર પોતે લેખક હતો તેણે તુઝૂકે જહાંગીરી નામની પોતાની આત્મકથા લખી છે, જેમાં પોતાની ખામીઓ પણ બતાવી છે જે નોંધપાત્ર ગણાય. શાહજહાંના સમયમાં પાદશાહ નામા અને શાહજહાં નામા લખાયું. તેનો શાહજાદો દારાસિકાંહ પોતે સંસ્કૃત અને ફારસીનો વિદ્વાન હતો. તેણે કેટલાંક ઉપનિષદો, ગીતા અને યોગ વશિષ્ઠ રામાયણનો ફારસીમાં અનુવાદ કર્યો હતો. ચંદ્રભૂષાણ બ્રાહ્મણ શાહજહાંનો માનીતો ફારસી લેખક હતો.

ઔરંગઝેબના સમયમાં ફતવાએ આલમગીરી લખાયું. વિખ્યાત ઈતિહાસકારો ખાફીખાં અને હાસીમખાં તેના સમયમાં થઈ ગયા. ઔરંગઝેબની પુત્રી ઝેબુન્નિસા પણ લેખિકા હતી. તેણે દીવાને-મખફી લખ્યું.

9.2.2.4 હિન્દી-સાહિત્ય :

કબીર આ સમયમાં થઈ ગયેલા મનાય છે. તેમણે પોતાની સાખીઓ, દોહરાઓ દ્વારા થોડા સમયમાં સમગ્ર વિશ્વનું જ્ઞાન શબ્દબદ્ધ કર્યું. ‘રામચરિત માનસ’ના તુલસીદાસ, ‘પદ્માવત’ના જાયસી, ‘સતસઈ’ના અબ્દુલરહીમ, ‘સુરસાગર’ના સુરદાસ, ‘રાસ પંચાધ્યાયી’ના નંદદાસ વગેરે કેટલાય ખ્યાતનામ લેખકો આ સમયે થઈ ગયા. જેમાંના કેટલાંકના નામ આ પ્રમાણે છે. વિઠ્ઠલદાસ, કુભનદાસ, રસખાન, નાભાજી, કેશવદેવ, સુંદર સેનાપતિ, ભૂષણ, મતિરામ, લાલચોલા, કર્ણ વગેરે.

9.2.2.5 ઉર્દૂ સાહિત્ય :

ગોલકોન્ડાના તથા બિજાપુરના દરબારમાં ઉર્દૂ ભાષાની ઉન્નતિ થઈ. એ સમયના ઉર્દૂ લેખકોમાં હાતિમ, અબુ, મઝહરુખાન અર્જુ વગેરે મુખ્ય હતા.

## 9.3 *સ્થાપત્ય*

### 9.3.1 *શાહજહાં પહેલાંનું સ્થાપત્ય :*

બાબરે સંભલની જુમા મસ્જિદ તથા પાણીપતનો કાબૂલ બાગ બનાવ્યો હતો. તેને યુધ્ધમાંથી સમય ઓછો મળતો હતો. હુમાયુએ ઈરાની શૈલીની રંગીન ટાઈલ્સો વડે ફતેહાબાદની મસ્જિદ અને દિલ્હીમાં એક મહેલ બંધાવ્યો હતો. શેરશાહે હિન્દુ મુસ્લિમ સ્થાપત્યકલાના મિશ્રણ જેવી સહસ્ત્રારામની મસ્જિદ તથા દિલ્હીનો જૂનો કિલ્લો તૈયાર કર્યો.

અકબરે ફતેહપુર સિક્રી વસાવ્યું. તેથી ત્યાં બુલંદ દરવાજો, જુમા મસ્જિદ, બિરબલનો મહેલ, જોધાબાઈનો મહેલ, દીવાને ખાસ વગેરે બંધાવ્યું. ટૂંકમાં આખુ નગર અકબરના અદભૂત પ્રકૃતિપ્રેમના દર્શન કરાવે છે. આ ઉપરાંત અકબરે હુમાયુનો મકબરો, આગ્રા, લાહોર અને અલ્હાબાદના કિલ્લાઓ બંધાવ્યા. તેણે સિકંદરના પોતાના મકબરાનો નકશો જાતે તૈયાર કર્યો હતો.

જહાંગીરના સમયમાં નૂરજહાં નિર્મિત જહાંગીરનો તથા ઈતમાદૌલાનો મકબરો તૈયાર થયો હતો.

### 9.3.2 *શાહજહાંના સમયનું સ્થાપત્ય :*

શાહજહાંના સ્થાપત્યોમાં તાજમહાલ સર્વશ્રેષ્ઠ અને જગપ્રસિધ્ધ છે. તેણે પોતાની બેગમ અર્જુનમન્દબાનુની સ્મૃતિમાં તે બંધાવ્યો હતો. તેનો મુખ્ય સ્થપિત ઈસા હતો. જ્યારે વેનિસના જિરોનિયોએ તેનો નકશો બનાવ્યો હતો. સત્તર વર્ષની મહેનત તથા ત્રણ કરોડના ખર્ચે તે તૈયાર થયો. સ્મીથના મતે આ કૃતિ વિશ્વમાં દાંપત્ય પ્રેમ અને ભકિતનું સર્વશ્રેષ્ઠ સ્મૃતિ ચિહ્ન છે. તાજમહાલ વિશે ખુદ શાહજહાં નોંધે છે કે, ‘‘અહીંયા અપરાધીનો અપરાધ નાશ પામે છે. ટૂંકમાં તાજમહાલ જોતાં એમ લાગે છે કે, પ્રકૃતિ અને માનવે ઘણું જ લોભામણું દ્રશ્ય સર્જ્યું છે.

શાહજહાંએ અત્યારના જૂની દિલ્હી પાસે શાહજહાંબાદ નામના નગરનો પાયો નાખ્યો હતો અને ત્યાં એક કિલ્લો બંધાવ્યો હતો. એ કિલ્લો આજે ‘લાલ કિલ્લા’ ને નામે પ્રખ્યાત છે. તેની અનેક ઈમારતો આજે પણ દિલ્હી, આગ્રા, લાહોર, કાબૂલ, કંદહાર, કાશ્મીર, અજમેર, અમદાવાદ વગેરે શહેરોમાં હયાત છે.

આ ઉપરાંત શાહજહાંએ આગ્રા અને લાહોરમાં સંગેમરમરના મહેલો બંધાવ્યા. તેણે ઘણી ઈમારતો તૈયાર કરી હતી. જેની સૂચિ લાંબી થાય તેમ છે. આમાંની કેટલીક ઈમારતો મોતી મસ્જિદ, દીવાને આમ, દીવાનો ખાસ, જુમા મસ્જિદ, ખાસ મહલ, શીશ મહલ, અંગુરી બાગ, મચ્છી ભવન વગેરે છે.

### 9.3.3 *શાહજહાં પછીની ઈમારતો :*

ઔરંગઝેબ કલા-સ્થાપત્યનો ખાસ શોખીન નહોતો. ઉલટાનો લગભગ તમામ કલાઓનો વિરોધી હતો. આમ છતાં મસ્જિદો અને મદ્રેસાઓના બાંધકામમાં તેનો ફાળો

સારો હતો. તેણે દિલ્હીના કિલ્લામાં એક મસ્જિદ બંધાવી હતી. ઉપરાંત કેટલાય હિંદુ મંદરો તોડીને તેણે મસ્જિદોમાં પરિવર્તન કર્યા હતા. આ સિવાય તેના સમયમાં કોઈ ઉત્કૃષ્ટ રચના થઈ નથી.

## 9.4 *અન્ય કલાઓ*

### 9.4.1 *ચિત્રકલા*

પ્રાચીન ભારતીય ચિત્રકલાની અસર મુઘલો પર પણ પડી. બાબરને ચિત્રકલામાં રસ હતો પરંતુ તેને યુધ્ધમાંથી સમય ન મળવાને કારણે તે આ દિશામાં ચિત્રકારોને રાજકીય સંરક્ષણ આપ્યા સિવાય બીજું કંઈ કરી શક્યો નહિ. હુમાયુ ઈરાનથી પરત ભારત આવ્યો ત્યારે પોતાની સાથે બે ચિત્રકારો પણ લાવ્યો હતો.

9.4.1.1 અકબરનો સમય :

અકબરના શાસનકાળમાં ભારતીય ઉપરાંત ચીની અને મંગોલિયન ચિત્રકારોને પણ દરબારમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

અકબરના સમયમાં સત્તર ચિત્રકારો હતા. તેમાં તેર તો હિન્દુ જ હતા. આ ચિત્રકારોમાં દસવંત, બસાવન, તારાચંદ, જગન્નાથ, સાંવલદાસ, હરિવંશ, કેસૂ, મુકુંદ વગેરે નોંધપાત્ર ગણાય છે. મુસ્લિમોમાં જમશેદ, ખુશરુ, કુલી, અબ્દુલ સમદ અને ફર્રુખબેગ ઉલ્લેખનીય છે.

અકબરે ચિત્ર માટે અલગ વિભાગ ઊભો કર્યો હતો. તે મનુષ્યનાં તેમજ પશુઓના ચિત્રો બનાવનાર તથા પુસ્તકોને ચિત્રોથી શોભાવે તેવા કલાકારોને આશ્રય આપતો હતો. તે ચિત્રકારોને પ્રોત્સાહન આપતો અને ચિત્રસ્પર્ધાઓ પણ યોજતો હતો.

9.4.1.2 જહાંગીરનો સમય :

જહાંગીરના સમયમાં કુદરતી દ્રશ્યોનાં ચિત્રો સૌથી વિશેષ દોરાયાં. આ ઉપરાંત વ્યકિતઓનાં ચિત્રો, સાઠમારી તેમજ યુધ્ધનાં દ્રશ્યો પણ એ વખતે દોરવામાં આવતા હતા.

જહાંગીરના મરણ પછી ચિત્રકલાના પતનનો પ્રારંભ થયો અને ઔરંગઝેબના સમયમાં લગભગ આ કલા મરી પરવારી. તેથી ચિત્રકારો બંગાળ, મૈસૂર, અમદાવાદ, અવધ અને રાજસ્થાનના રાજાઓ પાસે ચાલ્યા ગયા. રાજપૂતાનાં રાજ્યોમાં કાંગડા શૈલીનો સારો વિકાસ થયો. આ યુગમાં ચિત્રો ઉપરાંત સુલેખન તથા નકશીકામ તેમજ પરચીકારીને પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

9.4.2 સંગીત કલા :

ઔરંગઝેબને બાદ કરતાં લગભગ તમામ મુઘલ સમ્રાટોને સંગીતમાં રસ હતો. બાબરે તો ગાયન કલા પર એક પુસ્તક લખેલું. હુમાયુના સમયમાં વૈજનાથ ઉર્ફે બૈજુ બાવરા થઈ ગયા.

9.4.2.1 અકબરનો સમય :

અકબર સ્વયં સારો ગાયક હતો. તે નગારુ વગાડવામાં નિષ્ણાત ગણાતો હતો. તેણે દેશ અને વિદેશના અનેક સંગીતકારોને આશ્રય આપ્યો હતો. તેના સમયમાં અનેક નવા રાગોનો આવિર્ભાવ થયો હતો. તરાના, ઠુમરી, ગઝલ, કૂવાલી જેવા નવા નવા રાગોથી એ યુગની સંગીતકલા સમૃધ્ધ થઈ. તાનસેન તેના સમયનો પ્રસિધ્ધ ગાયક હતો.

9.4.2.2 જહાંગીરનો સમય :

વિલિયમ ફીચેએ જહાંગીરના દરબારમાંની અનેક નર્તકીઓ તેમજ ગાયિકાઓનો ઉલ્લેખ કર્યો છે. આ ગાયિકાઓ બેગમોને પણ ગીત ગાઈ સંભળાવતી હતી.

9.4.2.3 શાહજહાંનો સમય :

શાહજહાંએ પોતે કેટલાક ગીતોની રચના કરી હતી. તેના દરબારના મુખ્ય સંગીતકારોમાં જગન્નાથ અને ભાણ ભટ્ટ મુખ્ય હતા.

શાહજહાંના સમય પછી સંગીતની પડતી થઈ. ઔરંગઝેબે તો સંગીત પર પ્રતિબંધ લગાવી દીધો. તેના મરણ પછી મુહમ્મદ રંગીલા નામના સમ્રાટે આ કલાને જીવનદાન આપ્યું હતું પરંતુ તેના અસલ સ્વરુપમાં તો કદી આવી નહિ.

આમ સાહિત્ય અને સ્થાપત્યના ક્ષેત્રે મુઘલ સમયમાં યશસ્વી પ્રગતિ થઈ. ફારસી ભાષાનો તો જાણે આ યુગ સુવર્ણયુગ ન હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ. આ યુગમાં હિન્દી સહિત લગભગ તમામ પ્રાદેશિક ભાષાઓનો વિકાસ થયો.

એ જ રીતે સ્થાપત્યમાં મુઘલાઈનો વારસો અપ્રતિમ અને અમૂલ્ય છે. આજે પણ લાખોની સંખ્યામાં દેશી વિદેશી મુસાફરો દર વરસે મુઘલાઈની ભવ્ય, કલામય અને આકર્ષક ઈમારતો જોઈને દિગમુઢ થાય છે. ભાગ્યે જ એવો કોઈ વિદેશી મુસાફર હશે જે આગ્રાના તાજમહાલના દર્શન કર્યા વિના ભારતમાંથી સ્વદેશ પાછો જતો હશે. અલબત્ત એ સ્થાપત્યમાં દિલ્હી સલ્તનત દરમ્યાન જે વિકાસ થવા માંડ્યો હતો તેની પૂર્ણાહૂતિ જોવા મળે છે અને તેમાં પણ હિન્દુ મુસ્લિમ સમન્વયનાં દર્શન થયા વિના રહેતાં નથી. આ નોંધપાત્ર ઈમારતોમાં હિન્દુ મુસ્લિમ કલાનો સુભગ સમન્વય થયો હતો. તે હિન્દુ મુસ્લિમ કલાકારો અને કારીગરોની સંયુક્ત સાધનાનું અદભૂત અને અમર પરિણામ છે અને બંનેના સમન્વયની મૂક સાબિતીઓ પણ છે.

શાહજહાંની ઈમારતો વિશે તો ડૉ.આર.સી.મજમૂદાર લખે છે કે, “શાહજહાંની ઈમારતોની, અકબરની ઈમારતો સાથે તુલના કરીએ તો જણાશે કે

શાહજહાંની ઈમારતો અકબર કરતાં ઓછી વિશાળ અને મૂળભૂત છે. તે છતાં તે વધુ સુંદર અને સમૃધ્ધપણે શણગારાયેલી છે.'' તેની ઈમારતો વિશે જવાહરલાલ નહેરુ નોંધે છે કે, ''પરીની જેમ શોભતી તેની ઈમારતો મુઘલોની જાહોજલાલી અને દબદબાની પરાકાષ્ટાનું સૂચન કરે છે.''

ટૂંકમાં કહી શકાય કે મુઘલ સ્થાપત્ય અત્યંત ઊંચી કક્ષાનું હતું. વિદેશોમાં તે પોતાની સુંદરતા અને શૃંગાર માટે પ્રસિધ્ધ થયું. પોતાની સ્થાપત્ય ક્ષેત્રની આવી સર્વોચ્ચ સિદ્ધિઓને કારણે મુઘલ યુગ મધ્યકાલીન ભારતનો સુવર્ણયુગ બની રહ્યો.

## 9.5 *સામાજિક વારસો*

ઈ.સ.1526 થી 1857 ના લાંબા ગાળાના મુઘલ શાસનકાળમાં બાબરથી ઔરંગઝેબનો જ સમય મહત્વનો છે. આ સમયગાળા દરમિયાન ભારતીય સમાજ પર ઊંડી અસર થઈ છે. આપણા એ યુગના સમાજ જીવન પર પ્રાચીન તથા ઉત્તર મધ્ય યુગની કેટલીક અસર હતી. કેટલાંક તત્વોનો સમન્વય કરાયો જેને કારણે મુઘલકાલીન સમાજનું ઘડતર થયું. રસ્તા પરના ભિખારીથી છેક સમ્રાટ સુધીની વ્યકિત પર એ યુગની અસર થઈ હતી. સામાન્ય ઝૂંપડાથી આલીશાન ઈમારતની દિવાલોમાં એ યુગના જનજીવનના પડઘા ઝીલાયા. આમ મુઘલયુગ અમુક અંશે સામાજિક પરવિતર્નની દ્રષ્ટિએ ભારતીય ઈતિહાસનું સંભારણું બની ગયો.

### 9.5.1 *શાસક વર્ગ :*

સમ્રાટ : રાજકીય જીવનની માફક સમાજના શિખર પર સ્વયં સમ્રાટ હતો. મુઘલ બાદશાહ વૈભવ તથા શાન-એ-સૌકતનું પ્રતિક હતો. ફક્ત ઔરંગઝેબ જ અપવાદ હતો. સમ્રાટ સામાન્ય દિવસોમાં કિંમતી વસ્ત્રો પહેરતો તથા હીરામોતીનાં ઘરેણાં ધારણ કરતો. વિશેષ પ્રસંગે સોનાચાંદી અને જરીનાં વસ્ત્રો પહેરતો જેને ખિલઅત કહેતા. તેની પાસે રત્નજડિત તલવાર પણ રહેતી હતી.

સમ્રાટનો જન્મદીવસ, રાજ્યારોહણ દિન, પ્રીતિભોજન સમારંભ અને કેટલાક ઉત્સવો ભવ્ય રીતે ઉજવાતા. સમ્રાટનો ખર્ચ પણ બેસુમાર હતો. લગ્ન, અંતઃપુર, રખાતો, દાસીઓ, વારાંગનાઓ પાછળ પાણીની માફક પૈસો વેડફાતો હતો. એકલા અકબરના અંત પુરમાં જ 5000 સ્ત્રીઓ હતી. શસ્ત્ર વાપરી શકે તેવી સ્ત્રીઓ અંગરક્ષક તરીકે રખાતી તેમને સુંદરતા, યુવાની અને ગુણ પ્રમાણે પગાર અપાતો હતો. આ ઉપરાંત સમ્રાટ મહેલો, રાજકુટુંબ અને દરબાર પાછળ પણ કરોડો રુપિયા ખર્ચતો હતો.

9.5.1.1 સામંતો :

સમ્રાટ પછી શાસકવર્ગમાં સામંતો અગ્રગણ્ય હતા. અમીર, જાગીરદાર, રાજપૂત રાજા અને ઉમરાવોનો આ વર્ગમાં સમાવેશ થતો હતો. તેમનું જીવન ઘણું જ વિલાસી હતું. એ વખતે સરદારના મરણ પછી મોટાભાગની સંપત્તિ સરકાર પડાવી

લેતી તેથી સામંતો લખલૂટ ખર્ચ કરતા હતા. આને કારણે તેમનામાં સંયમ, શીલ અને ઉચ્ચ ચરિત્રનો અભાવ હતો. આગ્રાનો ડચ વેપારી પેલેસારેટે આ સામંતો માટે ''વિલાસી, આડંબરવાળા અભિમાની, ખાવાના શોખીન અને ઉચ્ચ ચારિત્ર્યના અભાવવાળા'' શબ્દો વાપરે છે. હકીકતમાં મુઘલકાલીન સામંતો અનૈતિક, પતિત, ષડયંત્રોમાં ફસાયેલા અને સમ્રાટનું પણ માને નહિ તેવા હતા. આને કારણે ઔરંગઝેબ પછીના સમયમાં તેઓ પતનની પરાકાષ્ટાએ પહોંચી ગયા.

જોકે કેટલાક અપવાદરુપ સારા સામંતો પણ હતા. જેમાં અબ્દુરહીમ ખાનખાના, મિર્ઝા રાજા જયસિંહ, સવાઈ જયસિંહ વગેરેનો સમાવેશ થતો હતો. આ સામંતોએ વિપ તેમજ કલાને પોતાના પ્રદેશોમાં ઉત્તેજન આપ્યું.

9.5.1.2 અન્ય શાસક વર્ગ :

મનસબદાર, રાજ્યના ઉચ્ચ અધિકારીઓ, નાના હિન્દુ રાજાઓ, લશ્કરી તેમજ નાગરિક પદાધિકારીઓ આ વર્ગમાં આવતા હતા. તેઓ પણ મુઘલ સમ્રાટ અને સામંતોની નકલ કરતા અને વિલાસી જીવન જીવતા હતા. તેમની પાસે વાસ્તવિક સત્તા હોવાને કારણે સમાજમાં તેમનો વિશેષ પ્રભાવ પડતો હતો. આને કારણે લાંચરુશ્વત વડે તેઓ પુષ્કળ સંપત્તિ એકઠી કરતા હતા અને સામાન્ય પ્રજાની દ્રષ્ટિમાં અપ્રમાણિક, લાંચિયા અને ભ્રષ્ટાચારી હતા.

**9.5.2 *આર્થિક વર્ગ :***

9.5.2.1 ધનિક વર્ગ :

આ વર્ગમાં મોટા વેપારીઓનો સમાવેશ થતો હતો. તેઓ પણ વિલાસી હતા. ભારતના પશ્ચિમ દરિયાકિનારે વસતા વેપારી સૌથી વધુ ધનિક હતા. રાજા પણ તેમને માન આપતો હતો. કારણ કે તેઓ અત્યારની બેંકો જેવા હતા. તેમનું ધીરધાર ઘણું જ વ્યાપક હતું. વિદેશોમાં પણ તેઓ અવારનવાર જતા હતા. રાજ્યોમાં તેમને માનની દ્રષ્ટિએ જોવામાં આવતા હતા. તેમની પાસેથી રાજા, મનસબદાર અને ઉચ્ચ અધિકારીઓ પણ લોન લેતા હતા. તેઓ ધાર્મિક વૃત્તિવાળા હોવાને કારણે દાનવીર હતા. કૂવા, વાવ, ધર્મશાળા, સરાય, મંદિરો, નદીમાં ઘાટ વગેરે બંધાવતા અને નિભાવવા માટે તેમનો દાનપ્રવાહ સતત વહેતો હતો.

9.5.2.2 મધ્યમ વર્ગ :

મુઘલકાલીન મધ્યમ વર્ગમાં નાના સરકારી નોકરો, શિલ્પી, નાના દુકાનદાર અને નાના વેપારીઓનો સમાવેશ થતો હતો. આ વર્ગમાં કેટલાક તો રાજ્યાશ્રિત હતા. આવક ઓછી હતી છતાં બીજાઓની નકલ કરતા અને પરેશાન થતા હતા. આ વર્ગમાં નાના વેપારીઓ, સાદા તેમજ સંયમી હતા. બર્નિયર નોંધે છે કે, ''આ વર્ગ બાહ્ય રીતે ગરીબ હોવાનો દેખાવ કરીને પોતાની સાચી સંપત્તિ છુપાવે છે. જો તેઓ ધનિક હોવાનો દેખાવ કરે તો સુબો, ફોજદાર કે કોટવાલ તેની સંપત્તિ આંચકી લેશે તેવો સતત ડર

રહેતો હતો. આ વર્ગમાં ગામડાના ચૌધરી, મુકાદ્દમ તથા જમીનદાર જેવાઓ પ્રમાણમાં સુખી હતા અને તેઓ વિલાસી જીવન જીવતા હતા.

9.5.2.3 નિમ્ન વર્ગ :

આ વર્ગમાં સામ્રાજયનો બહુમતી વર્ગ આવી જતો હતો. તેમાં ખેડૂત્, મજૂર, કારીગર, નોકર જેવાઓનો સમાવેશ થતો. તેમને મજૂરી કે વૈતરું જ કરવાનું હતું અને તેમના ભોગે સામંતો લહેર કરતા હતા. આ વર્ગ ઘણો ગરીબ હતો. તેથી વધુમાં વધુ અસંતોષ તેમના દિલમાં હતો. કારણ કે તેમની પાસે પેટ પૂરતું અનાજ, પૂરતાં કપડાં નહોતા. તેઓ તમામ ઝૂંપડીમાં રહેતા હતા અને રાચરચીલામાં માટીનાં વાસણો સિવાય તેમની પાસે કાંઈ નહતું. આ વર્ગમાં પગારદારોને તેમના માલિકો તરફથી ઘણો જ ઓછો પગાર ચૂકવવામાં આવતો હતો. આને કારણે દુષ્કાળ વખતે ભૂખમરાથી તેમનાં મરણ વધુમાં વધુ થતાં. તેઓ પીઠબળ વિનાના હોવાને કારણે સરકારી અધિકારીઓની કિન્નાખોરીના વારંવાર શિકાર બનતા. તેથી અત્યાચારો અને શોષણ જ તેના નસીબમાં હતું.

**9.5.3 *જ્ઞાતિ વ્યવસ્થા :***

મુઘલકાલમાં હિન્દુઓની વર્ણ વ્યવસ્થા વિશેષ વિકૃત બની ગઈ હતી. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય ઉચ્ચ વર્ગમાં આવતા હોવ છતાં પરસ્પર તેમનામાં રોટીબોટી વ્યવહાર નહોતો. કારણ કે સમગ્ર હિન્દુ સમાજ જ્ઞાતિઓમાં વહેંચાઈ ગયો હતો. જ્ઞાતિના બંધન ઘણાં જ કડક અને ચૂસ્ત હતા. પેટાજ્ઞાતિઓ પણ અનેક હતી. ઉદાહરણ તરીકે કાસ્યપો, કાનુનગો અને રાયજાદામાં વહેંચાયેલા હતા. રાજપૂત, જાટ અને ગુર્જરોની વસતી વધારે હતી. જયારે શુદ્રોને ચાંડાલ તરીકે ઓળખવામાં આવતાં. ઉચ્ચ નીચના ભેદભાવ અધમ કક્ષાએ હતા. તેથી હલકીજાતિના લોકો તો વટલાઈને મસલમાન થઈ જતા. પ્રત્યેક વર્ગના લોકો પૂજા, યાત્ર, દાન, દક્ષિણા, કર્મકાંડ વગેર ક્રિયાઓ કરતા.

દરેક જ્ઞાતિને પોતાની પંચાયત હતી. જે પોતાના સમૂહ પર નિયંત્રણ રાખતી. આ સંસ્થા જ્ઞાતિના અનુશાસનનો ભંગ કરનાર તથા આચાર વિચાર તોડનાર કુકર્મીને દંડ કરતી. પ્રત્યેક જ્ઞાતિના વ્યવસાયનું રક્ષણ કરવાની જવાબદારી પણ પંચાયતો સંભાળતી હતી. ચુસ્ત જ્ઞાતિ વ્યવસ્થા હોવા છતાં શંકર પ્રજાની સંખ્યામાં વધારો થતો જતો હતો. કારણ કે પોર્ટુગીઝો, આરબો અને ઈરાનીઓ પોતાના દાસદાસીઓ સાથે અવૈદ્ય શારીરિક સંબંધો રાખતા હતા.

**9.5.4 *ખોરાક :***

સામાન્ય રીતે પ્રજાના આહારમાં ચોખા, ઘઉં, દહીં, શાક અને અથાણાંનો સમાવેશ થતો હતો. હજી પણ પ્રજાનો મુખ્ય ખોરાક માંસ હતો. ગરીબો જુવાર, મકાઈ અને માંસનો વિશેષ ઉપયોગ કરતા હતા. હિન્દુઓની બહુમતી હોવાને કારણે ગૌમાંસ ઓછું ખવાતું હતું. આઈ-ને-અકબરીમાં અબુલ ફઝલ ગાયને પવિત્ર માનીને પૂજવાની

ઘટનાઓનો વિગતવાર ઉલ્લેખ કરે છે. ગાય એ વખતના અર્થતંત્રનો આધાર હતી કારણ કે તે દુધ, ઘી અને ખેતી માટે બળદ આપતી હતી. ગરીબ લોકો ખીચડી અને લુખી રોટલી ખાતા હતા.

લોકો ભોજનને પવિત્ર ગણતા હતા. સ્વચ્છતાનો પણ આગ્રહ રાખતા. તેથી લોકો હાથ, પગ અને મોઢું ધોયા પછી જ જમતા હતા. ઉનાળામાં બરફનો પણ પીણા તરીકે વપરાશ થતો હતો. દારુ અને અફિણનું સેવન સામાન્ય હતું. હુમાયુ અફિણનો તેમજ જહાંગીર દારુનો બંધાણી હતો. કેટલાક મુઘલ શાહજાદાઓ વધારે પડતો દારુ પીવાને કારણે મરણ પામ્યા હતા. જહાંગીરના સમયમાં તમાકુનો વપરાશ વિશેષ પ્રચલિત થયો હતો.

**9.5.5 *પોષાક :***

મુઘલકાળની જનતા સામાન્ય રીતે સુતરાઉ, રેશમી અને ઉનનાં વસ્ત્રો પહેરતી. આ ઉપરાંત જરીવાળાં કપડાં પણ પહેરવામાં આવતાં હતાં. ધાર્મિક લોકો કિંમતી મખમલનો ઉપયોગ કરતા હતા. તેમનાં વસ્ત્રો બારીક અને કલાત્મક જરીવાળા હતા.

સમ્રાટ શુભપ્રસંગોએ વસ્ત્રદાન કરતો. વર્ષ દરમિયાન આશરે એક હજાર જોડી કપડાનું દાન કરવાનું પુણ્ય કમાતો હતો. તેનો પોતાનો પોષાક ઘણો જ કિંમતી હતો. અંગરખુ, અચકન, ચુડીદાર પાયજામો વગેરે તે પહેરતો. અંગરખાને બટનની જગ્યાએ કોસો હતી. સામાન્ય રીતે મુસલમાનો પોતાના અંગરખાની કોસ જમણી બાજુ રાખતા અને હિન્દુઓ ડાબી તરફ રાખતાં.

પુરુષો માથા પર પાઘડી પહેરતાં. સમ્રાટની પાઘડી રત્નો અને મોતીઓથી ભરેલી રહેતી. ખભા પર ખેસ રાખતાં. સામાન્ય હિન્દુ પુરુષો ધોતિયું અને પહેરણ પહેરતા હતા. પગને ઢાંકવા માટે જાતજાતના પગરખાં પહેરવામાં આવતાં. માથા પર કાશ્મીરી ટોપી પહેરવાનું સામાન્ય રીતે પંજાબના વાયવ્ય પ્રાંતમાં પ્રચલિત હતું. આ ઉપરાંત એક કુલહા ટોપી પણ પહેરાતી હતી.

**9.5.6 *આભુષણો :***

સ્ત્રીઓ અને પુરુષો બંને સોના કે ચાંદીનો કંદોરો પહેરતાં હતાં. સામાન્ય રીતે ઘરેણાં રત્નો, સોનું, ચાંદી અને અન્ય ધાતુઓના બનતા. પુરુષો ગળામાં માળા, કાનની વાળી અને બાજુ બંધ કે ભૂજબંધ પહેરતા હતા. જ્યારે સ્ત્રીઓ ઝાંઝર, કંગન, ચૂડી, નથણી, કાંટો, હાર વગેરે પહેરતાં. ગરીબો આભૂષણો ચાંદીના પહેરતાં જ્યારે ધનિકો સોને મઢ્યાં પહેરતાં રહેતા.

9.5.7 સૌંદર્ય પ્રસાધનો :

સ્ત્રીઓ સુગંધી લેપ શરીરે લગાડતી. આ ઉપરાંત કપડાં પર અત્તર છંટાતું, આંખમાં સુરમો આંજતી અને હાથે મહેંદીની ડીઝાઈનો પાડતી. પાન ચાવીને મોં લાલ રાખવાનો ચાલ નર અને નારીઓ બંનેમાં હતો. ધનિકોના મોમાં તો આખો દિવસ પાન

રહેતું હતું. શરીરને સુડોળ રાખવા માટે ચંપીનું માલીશ, શરીરે ચોળવું અને સુગંધિત દ્રવ્યો વડે સ્નાન કરવાનો ચાલ પ્રચલિત હતો.

**9.5.8** ***મોજશોખ :***

મુઘલકાળમાં મોજશોખ પણ વિશેષ પ્રચલિત હતો. લોકો વિવિધ રીતો અજમાવીને આનંદ મેળવવા પ્રયાસો કરતા હતા.

9.5.8.1 રમતો :

સામાન્ય રીતે શતરંજ અને ચોપાટ જેવી રમતો વિશેષ પ્રચલિત હતો. એમ કહેવાય છે કે અકબરે પાનાં (ગંજીપાનાં) ની રમત શોધી હતી. શિકાર, કુશ્તી, હાથીની સાઠમારી તથા જાદુગરના ખેલો દ્વારા પણ જીવનનો આનંદ લૂંટવામાં આવતો હતો.

9.5.8.2 બગીચા :

ફાજલ સમયે બગીચામાં જતા. સમ્રાટ બગીચાઓ બનાવતા. લાહોર તથા કાશ્મીરના બગીચાઓ જગવિખ્યાત હતા. સમ્રાટ અને પ્રજા બંને બગીચાનો ઉપયોગ કરતા હતા.

9.5.8.3 અનિષ્ટો :

એ યુગની પ્રજા જુગાર, ભાંગ, દારુ, વ્યભિચાર, અફીણ, તમાકુ વગેરેનું સેવન જેવી અનેક અનિષ્ટકારી ટેવોમાંથી આનંદ મેળવવાનો પ્રયાસ કરાતી હતી. આને કારણે ઘણાં કુટુંબો બરબાદ થઈ જતાં. તેથી સરકારે જુગારના દાવમાં મૂકવાની રકમની મર્યાદા નક્કી કરી હતી.

9.5.8.4 મેળાઓ :

લોકો મેળાના શોખીન હતા. હિન્દુઓ મુસ્લિમો બંનેના અલગ અલગ મેળાઓ યોજાતા. સામાન્ય રીતે સ્થાનિક, ગામ, શહેર અને તીર્થ સ્થાનના એમ કુલ ચાર પ્રકારના મેળા યોજાતા. જોકે પ્રત્યેક મેળામાં તમામ ધર્મ અને જાતિના લોકો ભાગ લેતા હતા. મેળાઓ સામાન્ય રીતે દર વર્ષે યોજાતા. હિન્દુઓના મેળાઓમાં હરિદ્વાર, મથુરા, ઉજ્જૈન, પ્રયાગ અને કુરુક્ષેત્રના મેળા મહત્વના હતા. ક્યાંક આ મેળાઓ મહિનાઓ સુધી ચાલતા હતા.

9.5.8.5 ઉત્સવો :

સમ્રાટના અને હિન્દુ તેમજ મુસ્લિમોના ઉત્સવો અલગ અલગ હતા. સમ્રાટ નૌરોઝનો ઉત્સવ ધામધૂમથી ઉજવતો. આ ઉત્સવ એક રીતે રાષ્ટ્રીય પ્રકારનો હતો. આ ઉપરાંત રાજમહેલમાં શાહજાદાની વર્ષગાંઠ અને સમ્રાટનો રાજ્યારોહણ દિન ધામધૂમથી ઉજવાતો હતો. અકબરના મહેલમાં જન્માષ્ટમી ઉજવાતી. પાછળથી ઔરંગઝેબે નૌરોઝનો ઉત્સવ ઉજવવાનું બંધ કર્યું. મુખ્ય તહેવારો અને મહત્વના દિવસોએ દરબાર ભરવામાં આવતો અને સમ્રાટ તરફથી દાવત, નૃત્ય, સંગીત વગેરેની મહેફીલ જામતી.

સામાન્ય રીતે હિન્દુઓ બળેવ, દશેરા, દિવાળી અને હોળી ઉજવતા હતા. મુસ્લિમો ઈદ, શબેરાત (મૃતાત્માઓને પ્રાર્થના કરવી), બારાવફાત તથા ઈરાની નૂતન વર્ષ નૌરોઝ ધામધૂમથી ઉજવતા હતા. હિન્દુઓ અને મુસલમાનો એક બીજાના ઉત્સવોમાં ભાગ લેતા હતા.

**9.5.9 *સ્ત્રીઓની સ્થિતિ :***

મુઘલકાળમાં સ્ત્રીઓની સ્થિતિ સારી નહોતી કારણ કે સ્ત્રીઓ ભોગવિલાસનું સાધન મનાતી હતી. તે પોતાનો જીવનસાથી પસંદ કરવા માટે પણ સ્વતંત્ર નહોતી. ઉચ્ચ કુટુંબમાં ખાસ આવું બનતું અને ત્યાં લગભગ કન્યાઓનાં લગ્ન રાજકીય લાભાલાભની દ્રષ્ટિએજ ગોઠવાતા હતા. વિધવાઓની સ્થિતિ તો લગભગ નર્કાગાર જેવી હતી. તેમને પુનર્લગ્ન કરવાની છૂટ નહોતી.

9.5.9.1 કુરિવાજો :

આ યુગની સ્ત્રીઓમાં પડદા પ્રથા અને સતી પ્રથા જેવા કુરિવાજો પ્રચલિત હતા. મુસ્લિમો સુંદર હિન્દુ સ્ત્રીઓનું અપહરણ ન કરે તે માટે હિન્દુઓમાં બાળ લગ્નો અને ઘુંઘટ પ્રથા વિશેષ પ્રચલિત બની હતી. લગભગ દરેક કોમોમાં બહુપત્નીત્વ પ્રથા પ્રચલિત હતી. પુત્રીનો જન્મ અપશુકનિયાળ ગણાતો. તેથી તેને જન્મતાની સાથે જ મારી નાખવા (દૂધ પીતી) નો રિવાજ પ્રચલિત થયો હતો. કેટલીક મુસ્લિમ કોમો પણ પોતાની બાળકીઓનો ઘાત કરતી તેવી માહિતી મળે છે.

9.5.9.2 મુસ્લિમ સ્ત્રીઓ :

મુસ્લિમ સ્ત્રીઓની હાલત તો હિન્દુ સ્ત્રીઓ કરતાંય બદતર હતી. તેમને માથાથી પગ સુધી બુરખો પહેરવો પડતો હતો. બહુપત્નીત્વના રિવાજનો સૌથી વધારે ભોગ મુસ્લિમ બાનુઓને બનવું પડતું હતું. કારણ કે ઈસ્લામે પણ મુસ્લિમ પુરુષને ચાર પત્નીઓ કરવાની કયાદેસર છૂટ આપી છે. શિયાપંથીઓનો ચારથી વધારે પત્નીઓ રાખી શકતા હતા. આવી મુસ્લિમ પરણેતરોની દયાજનક સ્થિતિ તો ત્યારે બનતી કે જયારે એક ક્ષણમાં મુસ્લિમ પુરુષ ત્રણ વખત 'તલ્લાક' બોલીને છૂટાછેડા આપતો !

9.5.9.3 હિન્દુ સ્ત્રીઓ :

હિન્દુ સ્ત્રીઓની હાલત સારી હતી. શાસિત પ્રજા હોવાને કારણે મુસ્લિમો તેમને સદેવ પોતાના ઘરમાં બેસાડવા તત્પર રહેતા. આને કારણે જ હિન્દુઓમાં પુત્રી હત્યા અર્થાત દુધપીતીનો ચાલ પ્રચલિત બન્યો હતો. તેમને છૂટાછેડા મળી શકતા નહોતા. આમ છતાં હિન્દુ સ્ત્રીઓનું સ્તર ઘણી જ ઊંચી કક્ષાનું હતું. નિમ્નવર્ગની સ્ત્રીઓ જાહેરમાં હરતી ફરતી હતી.

9.5.9.4 પ્રતિભાશાળી સ્ત્રીઓ :

એ યુગમાં સ્ત્રીઓની સ્થિતિ ઘરકૂકડી જેવી હોવા છતાં મુઘલકાળમાં અનેક સ્ત્રી પ્રતિભાઓ ઉત્પન્ન કરી શક્યો છે. ગોંડવાણાની રાણી દુર્ગાવતી, શિવાજીના માતા જીજાબાઈ, તારાબાઈ, જોધાબાઈ, નૂરજહાં, જહાંનારા, રોશનાર, જેબુન્નિસા, ગુલબદન બેગમ, સલિમા બેગમ અને ચાંદબીબી એ યુગની વિવિધ પ્રતિભા સંપન્ન મહિલાઓ જણાય છે. મુઘલ રાજકુમારીઓતો કાવ્ય અને સાહિત્યમાં પણ પ્રવિણ હતી.

9.5.10 ગુલામી પ્રથા :

મુઘલકાલીન સમાજની બીજી વિશેષતા ગુલામી પ્રથાની છે. એ યુગમાં ગુલામી પ્રથાનો વિશેષ પ્રચાર હતો. ગુલામોનું વેચાણ તેમજ ખરીદી થઈ શકતી હતી. આમ છતાં ગુલામોની સ્થિતિ પૂર્વ મધ્યકાલીન યુગ કરતાં ઘણી જ સારી હતી. સલ્તનત યુગ કરતાં તેમને કેટલી વિશેષ છૂટછાટો તેમજ સ્વંત્રતાઓ મળી હતી. અકબરે તો એક આદેશ દ્વારા યુધ્ધ કેદીને ગુલામ બનાવવા પર પ્રતિબંધ મૂકી દીધો હતો. એ યુગમાં ગુણવાન ગુલામોની કદર પણ થતી હતી.

9.5.11 સામાજિક-પ્રણાલિકાઓ-રીતરવાજો :

મુઘલકાલીન સમાજનું ચિત્ર એ યુગમાં ભારતની મુલાકાતે આવેલા પ્રવાસીઓએ કર્યું છે. પ્રજાની સામાજિક પ્રણાલિકાઓને નોંધતાં પેલસારેટ નોંધે છે કે, ''હિન્દુઓ દરરોજ સ્નાન કરે છે અને તે સિવાય જમતા નથી. તેમનામાં ગંગા સ્નાનનું મહત્વ વિશેષ છે. કેટલાક હિન્દુઓ તો પંદર કિલોમીટર જેટલું ચાલીને પણ પવિત્ર નદીઓમાં સ્નાન કરવા જાય છે.'' આમ એ કાળમાં સ્નાનનું વિશેષ મહત્વ હતું.

હિન્દુઓ અને મુસ્લિમો બંને યાત્રા કરવા જતા હતા. આ ઉપરાંત બંને કોમોને જ્યોતિષ તેમજ જાદુમાં વિશ્વાસ હતો. તેથી જ્યારે ઔરંગઝેબે જ્યોતિષિઓને રુખસદ આપવાનું નક્કી કર્યું ત્યારે મુસલમાનોએ જ તેનો સખત વિરોધ કર્યો હતો. બંને વર્ગના લોકો પીર અને મજારને પૂજતા. ગુરુ, ફકીર, દરવેશ, સંત અને સાધુઓને માનની નજરે જોવામાં આવતા હતા.

બાળલગ્ન અને સતીપ્રથા હિન્દુ સમાજની સાહજિક પ્રણાલિકા બની ગઈ હતી. બર્નિયરે લાહોરમાં એક બાર વર્ષની સુંદર કિશોરીને સતી થતી નજરે જોયાનો કિસ્સો વર્ણવ્યો છે. હિન્દુઓમાં તેમજ મુસલમાનોમાં દહેજ-મહેર પ્રથાનો કુરિવાજ પ્રતિષ્ઠિત બની ગયો હતો. આ કુરિવાજને રોકવામાં અકબરને પણ સફળતા મળી નહોતી.

જ્યારે જનસાધારણ રૈયત પ્રમાણિક હતી. તેમનું નૈતિક સ્તર ઘણું ઊંચું હતું. ટ્રેવેનિયરે હિન્દુઓને વધારે નૈતિક ગણાવ્યા છે. તે નોંધે છે કે ''હિન્દુ પોતે ભાગ્યે તેની પત્ની પર શંકા કરે છે અને હિન્દુઓ ભાગ્યે અપરાધ કરે છે.''

જહાંગીરના શાસનકાળમાં ઉચ્ચ વર્ગના લોકોનું વિશેષ નૈતિક પતન થયું. આ લોકો દરબારમાં કાવત્રાં કરતાં, પરસ્પર કામ કઢાવવા લાંચરુશ્વતની આપ લે કરતા, ગરીબોને ચૂસવામાં કોઈ મર્યાદા રાખતા નહિ અને અસહાય તેમજ પીઠબળ વિહોણા પર

અમાનુષી અત્યાચાર ગુજારતા હતા. તેમની કેટલીક પ્રવૃત્તિઓનું આ યુગમાં ઉદ્વિકરણ થયું હતું. તેથી વ્યંઢળો (નગીના) ને દરબાર અને સમાજ બંને ક્ષેત્રે પ્રોત્સાહન મળ્યું હતું. તેમને ચોકીદાર, કારકૂન તથા અંતઃપૂરનાં વિશ્વાસુ કમર્ચારી તરીકે પણ નીમવામાં આવતા હતા.

9.5.12 હિન્દુ મુસ્લિમ એકતા :

આવી સામાજિક પરિસ્થિત હોવા છતાં આ દેશનો સામાન્ય હિન્દુ અને મુસ્લિમ ભાઈ ભાઈની માફક જ રહેતો હતો. સમાજ પર સંતો અને સૂફીઓનો ઊંડો પ્રભાવ હતો. આ ઉપરાંત આવું વાતાવરણ સર્જવામાં અકબરની નીતિનો સૌથી વધુ ફાળો હતો. હિન્દુઓ પણ ફારસી ભાષાનું જ્ઞાન મેળવતા હતા. એજ રીતે મુસ્લિમો સંસ્કૃત અને હિન્દી શીખતા. દારાસિકોહ તો પોતે સંસ્કૃતનો પંડિત હતો અને ઉપનિષદોમાં નિષ્ણાત ગણાતો. હિન્દુ મુસ્લિમ સમન્વયમાંથી એક નવી ભારતીય ભાષા ઉર્દુનો જન્મ અને સંવર્ધન આ કાળમાં વિશેષ થયો. આ સમન્વયે મુઘલ સ્થાપત્ય પર પણ પોતાનો પ્રભાવ પાડ્યો.

આમ મુઘલકાલીન સમાજનું ચિત્ર કાંઈક આવું હતું. જ્યાં સુધી સ્વયં સમ્રાટો સમૃધ્ધ અને શકિતશાળી હતા, ત્યાં સુધી તમામ ક્ષેત્રોમાં પ્રગતિ થઈ હતી. એ યુગના સામાજિક શિષ્ટાચારનું તેને સ્વરુપ મળી ચૂક્યું હતું. લોકોની સગવડોમાં વૃધ્ધિ થઈ હતી અને સુરુચિપૂર્ણ નાગરિક જીવન જીવાતું હતું. દિલ્હી સલ્તનતના મુકાબલે સામાજિક સ્થિરતામાં વધારો થયો હતો. આને કારણે સાંસ્કૃતિક પ્રગતિમાં પણ વધારો થયો. કદાચ આને કારણે પ્રા.એલ.પી.શર્મા નોંધતા હશે કે, ‘‘જેવો મુઘલોનો રાજકીય-ઈતિહાસ આકર્ષક છે તેવો જ એનો સાંસ્કૃતિક ઈતિહાસ ગૌરવપૂર્ણ છે.’’ કારણ કે મુઘલકાલીન સમાજની વેશભૂષા, શૃંગાર, ખાનપાન તેમજ સામાજિક વ્યવહારે લાંબા સમય સુધી ભારત પર પ્રભાવ પાડ્યો અને આજે ભારતીય સંસ્કૃતિમાં અભિન્ન અંગ બની ગયો છે.

આમ છતાં આ યુગનો સમાજ ચરિત્ર નિર્માણની કામગીરી બજાવી શક્યો નથી એ હકીકત છે. કારણ કે અંતે તો શૌર્ય ચાલ્યું ગયું અને ફક્ત વિલાસિતતા જ રહી જે અંગ્રેજો સામે ટકી શકી નહિ.

## 9.6 *આર્થિક જીવન*

મુઘલયુગને ભારતના ઈતિહાસમાં સુવર્ણયુગ કહ્યો છે. એટલે એ યુગની આર્થિક સ્થિતિ સામાન્ય રીતે સારી હતી. એકંદરે લોકો સુખી હતા. શાસક વર્ગ ઐશ્વર્ય અને ભોગવિલાસમાં ગળાડૂબ હતો જ્યારે મધ્યમવર્ગ સુખી હતો, પરંતુ બાહ્ય દેખાવ કરતો નહોતો. નિમ્નવર્ગનું જીવન કઠીન હતું. ઓછી આવકને કારણે તેમનું જીવન સંઘર્ષમય હતું પરંતુ મોંઘવારીને કારણે તેમની સ્થિતિ દયાજનક નહોતી. કારણ કે એ યુગમાં એક રુપિયામાં ચાર બકરા મળતા હતા. આજની તુલનામાં બીજી વસ્તુઓ પણ સસ્તી હશે. આઈ-ને-અકબરીમાં નિર્દેશિત ભાવો જોતાં એ યુગમાં ગરીબોને ઓછી મુશ્કેલી પડતી

હશે તેમ લાગે છે. ટ્રેવેનિયર અને મનુક્કી જેવા પ્રવાસીઓએ પણ ભારતની આર્થિક સ્થિતિની પ્રશંસા કરી છે. તેથી સામાન્ય રીતે આર્થિક દ્રષ્ટિએ મુઘલ યુગમાં ભારતની સ્થિતિ ઉચ્ચકક્ષાની હતી.

**9.6.1** ***શાસક વર્ગના ઉડાઉ ખર્ચ :***

એ યુગની આર્થિક સદ્ધરતાનો ખ્યાલ શાસક વર્ગના ઉડાઉ ખર્ચ પરથી આવે છે. સમ્રાટ અને અમીરો આ બાબતમાં અગ્રેસર હતા.

9.6.1.1 મુઘલ સમ્રાટો :

મુઘલ બાદશાહ પોતાના રાજ્યાભિષેક વખતે પુષ્કળ ખર્ચ કરતા હતા. વળી તેમના અંગત ખર્ચની કોઈ સીમા નહોતી.

9.6.1.1.1 અકબર :

અકબરને સુંદર સ્ત્રીઓનો વિશેષ શોખ હતો. તેણે પોતાના હરમમાં 5000 સુંદરીઓ એકઠી કરેલી. આ માટે રાણીવાસનું એક અલગ ખાતું ખોલવામાં આવેલું. આ સુંદરીઓ અને અને નર્તકીઓ પાછળ લાખોનો ખર્ચ થતો હતો. ખુદ અકબર માટે દર વર્ષે એક હજાર જોડી પોષાક બનતા હતા. તેવી નોંધ મળે છે.

9.6.1.1.2 જહાંગીર :

જહાંગીર પણ ઉડાઉ હતો. તેણે પોતાના સિંહાસનમાં આઠ લાખ અસર્ફીઓની કિંમતનાં રત્નો જડ્યાં હતા. આ સિંહાસન બનાવવામાં પચાસ મણ સોનું વપરાયું હતું. જહાંગીરના મહેલમાં શમાદાનીમાં કિંમતી અંબરના દિવા સળગાવાતા. કપૂરના દીવાની સંખ્યા પણ 3000 જેટલી હતી. તેનું આખું શરીર આભૂષણોથી લદાયેલું હતું. હાથની દસેદસ આંગળીઓમાં વીંટી રહેતી હતી. શિકાર કરવા માટે છેક કાબૂલથી કૂતરાઓ મંગાવવામાં આવતા.

9.6.1.1.3 શાહજહાં :

શાહજહાં જેટલો ધનનો દુવ્યય બીજા કોઈ મુઘલ સમ્રાટે કર્યો નથી. તેણે તાજમહાલ જેવી કબરો પાછળ કરોડો ખર્ચ્યા પોતાનાં સિંહાસનમાં એક કરોડ સોનાની અસર્ફીઓની કિંમત જેટલું ખર્ચ કર્યું હતું.

9.6.1.2 અમીરોનો ખર્ચ :

અમીર ઉમરાવો ઠાઠમાઠથી રહેતા ભોગવિલાસ માટે સમ્રાટની પાસેથી ઋણ લેવું પડતું. તેમના સ્થાનો પણ મહેલ જેવાં રાખતા જેમાં અનેક નોકરો અને દાસીઓ કામ કરતી. કેટલાક અમીરોના મહેલોમાં મખમલ અને રેશમની રેલમછેલ રહેતી. તેઓ ખર્ચાળ ભોજન સમારંભો પણ યોજતા. સર થોમસ રોએ આસફખાં સાથે લીધેલ ભોજનનો ઉલ્લેખ કર્યો છે. ભોજનમાં વિદેશી ફળો અને માદક પીણાં પણ લેવામાં

આવતા. અઝીઝ કોકા પોતાના મહેલમાં તો પ્રત્યેક અલગ કામ માટે અલગ નોકર રાખતો હતો.

9.6.1.2.1 સયૂર ઘાલ્સ (જપ્તી કાનૂન) :

મુઘલ સમયમાં એક વિચિત્ર કાનૂન હતો. આ કાનૂન મુજબ અમીરનું મરણ થતાં સરકાર તેની સંપત્તિ જપ્ત કરવાની સત્તા ધરાવતી હતી. આને કારણે અમીરો તમામ સંપત્તિ ઉડાવી દેતા અને બર્નિયર નોંધે છે તેમ તેમાંના મોટાભાગના દેવા સાથે જ મરતા હતા.

**9.6.2 *જમીનદારોની સ્થિતિ :***

મુઘલ જમીનદારો ભૂમિ, તાલુકદાર કે મલિક તરીકે ઓળખાતા. તેઓ ખરાજ અથવા વાંટ નામનો વેરો ઉઘરાવતા. આ ઉપરાંત દસ્તારી, શુમાસ (પાઘડીવેરો), બેગાર (વેઠ), ખાના શુમારી (ઘરવેરા), વિવાહ તેમજ મરણવેરો તેમની આવકના મુખ્ય સાધનો હતા. આવા વેરાઓ દિલ્હી અને બંગાળમાં તો આવકના દસમા ભાગ સુધી વસૂલ કરાતા હતા.

9.6.2.1 પટ્ટેદારી :

જમીનદારી વારસામાં વહેંચાતી. તેથી પાછળના વંશજો ગરીબ બની જતા. તેમના પટ્ટેદારો કર ઉઘરાવતા. તેમને અમુક ચોક્કસ વર્ષો માટે કર ઉઘરાવવાની સનદ આપવામાં આવતી. આને કારણે તેઓ પ્રજાનું શોષણ કરતા હતા. તગાવી પણ તેમને વસૂલ કરવાનો હક હતો.

9.6.2.2 સામૂહિક જમીનદારી :

ક્યાંક જાતિઓને સામૂહિક રીતે જમીન અપાતી હતી. બાબરે પંજાબમાં જૂદ, જંજૂહ અને ગખ્ખર જાતિઓને આ રીતે જમીન આપેલી.

ટૂંકમાં મુઘલકાલીન જમીનદારો સુખી હતા. તેઓ લશ્કર રાખતા અને કિલ્લા પણ બાંધતા હતા. સામ્રાજ્યભરના જમીનદારોનું કુલ મળીને ચુંવાળીસ લાખનું લશ્કર હતું જે ઉલૂસ કહેવાતું. જમીનદારો હારેલા પર અત્યાચારો કરતા. ફરીદે (શેરશાહ) હારેલ પ્રજાને મારી નાખી ત્યાં પોતાની રૈયત વસાવેલી.

**9.6.3 *મધ્યમ વર્ગની સ્થિતિ :***

મધ્યમ વર્ગ પ્રમાણમાં વધારે સુખી હતો. અમીરો તો અમુક અંશે દુઃખી હતા. પરંતુ મધ્યમવર્ગ ઋણ મૂકત હોવાને કારણે સદ્ધર હતા. આ વર્ગમાં સામાન્ય રીતે વેપારી, સરકારી નોકર, લહિયા અને ઉપેગપતિઓનો સમાવેશ થતો હતો.

9.6.3.1 વેપારી :

વેપારીઓમાં હિન્દુઓની સંખ્યા વધારે હતી. કારણ કે તેમને નોકરીની તકો પ્રમાણમાં ઘણી ઓછી હતી. તેઓ આર્થિક રીતે ઘણા સુખી હતા પરંતુ દેખાવ કરતા

નહિ. મોરલેન્ડ તેમને સુખી, સાદા, શાંત અને સંયમી ગણે છે. પ્રજાના અન્ય વર્ગો તેમનો આદર કરતા. બર્નિયરે પણ તેમના સ્વભાવના વખાણ કર્યા છે. ડૉ.યુસુફના નોંધ્યા પ્રમાણે દરિયા કિનારાના વેપારીઓ ઘણા સુખી હતા.

9.6.3.2 અન્ય વર્ગો :

સામાન્ય સંજોગોમાં અન્ય વર્ગો પણ સુખી હતા પરંતુ શાહજહાંના સમયમાં તેમના પર કરબોજ વધ્યો અને અધિકારીઓનો તેમના પર ત્રાસ પણ વધ્યો. ફોજદારો પણ નાના વેપારીઓને લૂંટતા હતા. આને કારણે તેમને મુશ્કેલી અનુભવવી પડતી. ઔરંગઝેબના સમયનાં યુદ્ધોએ ગરીબોને સૌથી વધારે મુશ્કેલીમાં મૂકી દીધા હતા. આની અસર મધ્યમ વર્ગ પર પણ પડી હતી.

9.6.4 નિમ્ન વર્ગની સ્થિતિ :

નિમ્નવર્ગની આર્થિક સ્થિતિ સૌથી ખરાબ હતી. સર થોમસ રો તેમને વિશે નોંધે છે કે ‘‘સામ્રાજ્યભરમાં મત્સ્યન્યાય પ્રવર્તતો હતો. મોટા નાનાને લૂંટે અને રાજા બધાને લૂંટતો.’’ ટૂંકમાં ગરીબોને શરીરમાં જીવ ટકાવવા જેટલું જ ખાવા મળતું હતું. આ વર્ગમાં કારીગર, નાના દુકાનદાર, મજૂર, ખેડૂત, ખેતમજૂર, સેવક, ચપરાશી અને શિલ્પીનો સમાવેશ થતો હતો.

9.6.4.1 ખેડૂત :

બાબર નોંધે છે તેમ એ યુગનો ભારતનો ખેડૂત લગભગ નગ્ન ફરતો હતો અને ફક્ત એક જ લંગોટ પહેરતો હતો. તેમની સ્ત્રીઓ એક જ સાડી કચ્છ મારીને પહેરતી તેમજ તે સાડીને ઓઢતી હતી. અકબરે તેમની સ્થિતિ સુધારવા પ્રયાસો કરતાં તેમના પરના ત્રાસમાં ઘટાડો થયો.

9.6.4.2 મજૂર :

મજૂર વર્ગ લગભગ બેકાર હતો. તેમને ફકત એક જ ટંક ખાવા મળતું. ધનીકો તેમનું દમન અને શોષણ કરતા, તેમને મહેનતના પ્રમાણમાં ઘણી ઓછી મજૂરી મળતી.

9.6.4.3 નિવાસ સ્થાનો :

ખેતમજૂરો ઘાસની ઝુપડીઓમાં રહેતા કેટલાક ગરીબો માટીનાં મકાનો રહેઠાણ તરીકે ઉપયોગ કરતા હતા. તેમના રાચરચિલામાં ઘડા, થોડાં વાસણો અને ખાટલાનો સમાવેશ થતો હતો. ઓઢવા અને પાથરવા બે ચાદરો જ ઘરમાં રહેતી. ઉત્તર ભારતમાં તો આને કારણે અનેક શિયાળાની કાતીલ ઠંડીમાં મરણ પામતા.

9.6.4.4 ઔરંગઝેબનો સમય :

ઔરંગઝેબના સમયમાં તો ગરીબોની સ્થિતિ દયાજનક હતી. દુષ્કાળ પડતા ત્યારે મલબારમાં સૌથી વધારે લોકો મરતા હતા. બર્નિયર નોંધે છે તેમ, ‘‘ઔરંગઝેબના સમયમાં કલાકારોને પૂરતી મજૂરી મળતી નહોતી. તેમને ફરજિયાત વેઠ કરવી પડતી

અને જો દલીલ કરે તો કોરડા ખાવા પડતા. ફ્રાન્સિસ્કો પલસોર્ટે આ યુગના ગરીબોને યુરોપ અમેરિકાના ગુલામો કરતાં પણ બદતર સ્થિતિના ગણ્યાં છે. ઔરંગઝેબના એક પુત્રે ગરીબોની સ્થિતિનો ચિતાર આપતાં નોંધ્યું છે કે, ''સિપાઈઓ અકિંચન છે, લહિયા બેકાર છે, વેપારી દીન છે અને ખેડૂતો દલીત થઈ ગયા છે.''

**9.6.5** ***વ્યાપાર-વાણિજ્ય :***

મુઘલકાલીન વ્યાપાર સોળે કલાએ ઉન્નત હતો. સુરત, ખંભાત, ભરુચ, ગોવા, કાલિકટ, મછલીપટ્ટનમ, સતગાંવ, સોનાર, ગાંવ, ચટગાંવ અને લાહીરી બંદર એ યુગનાં ભારતનાં મહા બંદરો હતા. જ્યારે અમદાવાદ, આગ્રા, ઢાકા, લાહોર, પટણા, મુલતાન વગેરે વેપારનાં આંતરિક કેન્દ્રો હતા. એમાં અમદાવાદ તો લંડનથી પણ મોટું હતું. લાહોરમાં તો એટલી બધી વસતી હતી કે ગલીમાં ચાલતાં ખભા છોલાતા હતા.

9.6.5.1 આંતરિક વેપાર :

મુઘલકાલીન આંતરિક વેપાર ઘણો જ સમૃદ્ધ હતો. શેરશાહે સોનાર ગાંવથી મુલતાન સુધીની સડકે આઝમ નામની મહત્વની સડક બનાવી હતી. અકબરે માર્ગો પરના અસંખ્ય વેરા રદ કર્યા. આ રીતે આંતરિક જકાત રદ થતાં વેપારમાં વૃધ્ધિ થઈ.

9.6.5.1.1 વાહન વ્યવહારનાં સાધનો :

સામાન્ય રીતે માલ અને વસ્તુઓનું વહન ઊંટ, ઘોડા, બળદ, ગાડાં, ખચ્ચર અને પાલખી મારફત થતું. જેમ્સ ટોડે વિશાળ વેપારી કાફલાઓનો ઉલ્લેખ કર્યો છે. આંતરિક વેપારમાં વણઝારાઓનું મહત્વ વિશેષ હતું. તેઓ પોતાની વણઝારો લઈને ભક્કર, રોહરી, શિકારપુર અને હૈદરાબાદ સુધી જતા હતા.

9.6.5.1.2 જળ માર્ગો :

આંતરિક વેપાર માટે જમીન માર્ગ ઉપરાંત જળમાર્ગનો પણ ઉપયોગ કરાતો. યમુના તેમજ ચંબલમાં નૌકાઓ દ્વારા માલનું વહન થતું. યમુનામાં એક સાથે 180 નાવો રવાના થયાના ઉલ્લેખ મળે છે.

9.6.5.1.3 ગુજરાતનો વેપાર :

આંતરિક વેપારની દ્રષ્ટિએ ગુજરાત અગ્રેસર હતું. કારણ કે ગુજરાતમાં અનાજ ઓછું પાકતું હતું. તેથી અત્રે ઉપેગોનો વિકાસ થયો. અમદાવાદ ભારતની તમામ રાજધાનીઓમાં મોટું હતું. અહીંયા ૨૦ તો દાણા પીઠો હતી. અમદાવાદમાંથી આ પીઠો દ્વારા સોળથી વીસ હજાર મણ ગળી બહાર જતી હતી. ગુજરાતના વીરજી વોરા સુરતથી છેક સલબાર સુધી એક ચક્રી શાસન કરતા હતા. તેમની પેઢીઓ, ગોલકોન્ડા, આગ્રા અને બુરહાનપુરમાં હતી.

### 9.6.5.2 *વિદેશ વેપાર :*

9.6.5.2.1 જમીનમાર્ગો :

ભારત મુઘલકાલમાં વિદેશ વેપારને ક્ષેત્રે વિશ્વમાં અગ્રેસર હતું. ભારતના પોતાના વેપારીઓનો મહત્વનો વિદેશ વેપાર મુખ્યત્વે જમીન માર્ગે થતો હતો. કારણ કે સમુદ્ર પર પોર્ટુગીઝોનું વર્ચસ્વ હતું. સામાન્ય રીતે બે માર્ગો દ્વારા વેપાર ચાલતો હતો.

9.6.5.2.1.1 કાબૂલ માર્ગ :

આ માર્ગથી બદખ્શા, બલ્ખ, કાશગર, કંદહાર અને ઈરાન સાથે વેપાર કરવામાં આવતો હતો.

9.6.5.2.1.2 ચીનનો માર્ગ :

આ માર્ગનો ચીન સાથે વેપાર કરવા ઉપયોગ કરવામાં આવતો હતો. થોમસ રોના નોંધ્યા પ્રમાણે ઈ.સ.1615 માં તિબેટના રસ્તે પણ વેપાર થતો. અપવાદરુપ સંજોગોમાં કાશ્મીરથી કાશ્ગરનો માર્ગ પસંદ કરાતો.

9.6.5.2.2 દરિયાઈ માર્ગ :

9.6.5.2.2.1 ગુજરાત :

ગુજરાત દરિયાઈ માર્ગનું કેન્દ્ર હતું. ખંભાત અને સુરત એ યુગનાં આંતરરાષ્ટ્રીય બંદરો હતા.

ખંભાત : હિન્દી મહાસાગરમાં આવતાં તમામ જહાજો ખંભાતની મુલાકાત લેતા હતા. એક વર્ષમાં અહીંયા આવતા જહાજોની સંખ્યા ત્રણસો જેટલી હતી. ઈ.સ.1617-18 ના નવેમ્બરથી ફેબ્રુઆરી સુધીના ચાર માસમાં જ 380 જેટલા જહાજો ખંભાત આવેલાં. અહીંથી વર્ષે દસલાખ ટન માલની નિકાસ થતી.

સુરત : સુરત વિશ્વનાં મુખ્ય બંદરોમાંનું એક હતું. સુરતથી મક્કા હજ કરવા અહીંથી જહાજો જતાં. નિકાસ તેમજ આયાત જકાત અહીંથી લેવાતી. સત્તરમી સદીમાં આ બંદર ઉન્નત કક્ષાએ હતું. છેક બુરહાનપુરથી આગ્રા સુધી તેનો પીઠપ્રદેશ હતો. તે યુગના પ્રવાસી લેખકો નોંધે છે કે, આગ્રાથી કપાસ મોકલતી વણઝારો દોઢ માઈલ જેટલી લાંબી હતી.

9.6.5.2.2.2 સિંધ :

સિંધનું લારી (દેબલ) બંદર મહત્વનું હતું. તેના પીઠપ્રદેશો ઠટ્ટા, મુલતાન અને લાહોર હતા.

9.6.5.2.2.3 બંગાળ :

સરસ્વતી નદીના કિનારે ચટગાંવ બંદર આવેલું હતું. આ નદીએ ઈ.સ.1535 પછી વહેણ બદલતાં તે નિરૂપયોગી બની ગયું. પરંતુ ગંગાના કિનારે આવેલું હુંગલી

બંદર ધીકતું આંતરરાષ્ટ્રીય કક્ષાનું બંદર હતું. ખાસ કરીને પોર્ટુગીઝો તેનો ઉપયોગ કરતા.

9.6.5.2.2.4 ઓરિસ્સા :

ઓરિસ્સામાં અંજેલી અને જલેસર બંદરો દ્વારા વિદેશ વ્યાપાર થતો હતો.

9.6.5.2.3 આયાત :

મુઘલકાલમાં સામાન્ય રીતે ભારતમાં વિદેશોમાંથી અમૂક ફળો, રેશમ, લાલ ચામડું, ઘોડા, દવાઓ, અંબર, હાથીદાંત, કિંમતી પથ્થર, સોનું, ચાંદી, કાચનાં વાસણો, ગુલામો અને દારુની આયાત થતી હતી.

9.6.5.2.4 નિકાસ :

એ કાલમાં આપણે ત્યાંથી મુખ્યત્વે ગળી, ખાંડ, કાપડ, અનાજ, અફીણ, સૂંઠ વગેરેની નિકાસ કરવામાં આવતી હતી. ગલ્ફના દેશો મુખ્યત્વે ભારતના અનાજ પર નિર્ભર હતા.

9.6.5.2.5 પોર્ટુગીઝોનું વર્ચસ્વ :

એ વખતે સમુદ્રના સ્વામી પોર્ટુગીઝો હતા. ભારતમાં મીરેબહર નામના નૌકા સેનાનો અધિકારી હતો પરંતુ તે પણ પોર્ટુગીઝો સામે લડવાની હિંમત કરી શકતો નહિ. કાલીકટના શાસક ઝામોરિન, બિજાપુરના સુલતાન તથા વિજયનગરના મહારાજાઓએ પ્રારંભમાં પોર્ટુગીઝો સાથે સંઘર્ષ કરેલા પરંતુ છેવટે તેમને પોર્ટુગીઝો સાથે વેપારી કરાર કરવા પડ્યા હતા. અકબર જેવા મહાન મુઘલને પણ પોર્ટુગીઝોની મંજૂરીથી રાતા સમુદ્ર સુધી જહાજો મોકલવાં પડતાં હતા.

9.6.5.2.6 ખેતીવાડી :

મુઘલકાલીન ખેડૂત મજૂર જેવો જ હતો પરંતુ અકબરે તેની સ્થિતિ સુધારવા માટે પ્રયાસો આરંભ્યા હતા. આને કારણે રાય ભારમલ પોતાના ગ્રંથ 'લુંબી-અત-તવારીખ' માં નોંધે છે તેમ ખેતીનો વિકાસ થયો. મુઘલો ખેડૂતોને ઈનામ અકરામ પણ આપતા હતા. પાછળથી ઔરંગઝેબનાં યુદ્ધોએ ખેતીને બરબાદ કરી હતી.

9.6.5.2.7 સિંચાઈ :

શાહજહાંએ ફીરોજ તુઘલકના સમયની નહેર સમરાવી અને તેને નહર-એ-બહિસ્ત નામ આપ્યું. મુઘલો પાસે અલીમર્ગખાં નામનો એક નહેર નિષ્ણાત હતો. જેણે રાવીના ડુંગરોમાં નહેરો તૈયાર કરી હતી. આને કારણે જ ખેતીનો વિકાસ થયો. તેથી થેવનોટ નામનો પ્રવાસી ભારતમાં લગભગ 10 જગ્યાએ થતા કપાસની નોંધ કરે છે.

9.6.5.2.8 બાગાયત :

લગભગ દરેક મુઘલ સમ્રાટને બગીચાઓનો શોખ હતો. તેથી એ યુગમાં બાગાયત પ્રવૃત્તિનો વિશેષ વિકાસ થયો.

9.6.5.2.8.1 બાબર :

બાબરે આગ્રામાં દુશ્નમંશત નામનો બાગ બનાવેલો અત્યારે આ બાગ રામબાગ તરીકે ઓળખાય છે.

9.6.5.2.8.2 અકબર :

અકબરે હિન્દી અને ઈરાની શૈલીના મિશ્રણ જેવા શાલીમાર બાગ તૈયાર કર્યા. આ બગીચાઓમાં સિકંદરાના મકબરાનો બાગ ઉત્તમ હતો.

9.6.5.2.8.3 જહાંગીર :

જહાંગીરે અકબર દ્વારા બનાવેલ કાશ્મીરના શાલીમાર બાગનો વિસ્તાર કર્યો. તેની વચ્ચે ફુવારાની વ્યવસ્થા કરી. આ ઉપરાંત નૂરજહાંએ કાશ્મીરમાં નાઝિમ બાગ અને લાહોર પાસે શાહદરમાં પોતાના મકબરામાં સુંદર બગીચા નિર્માણ કર્યા હતા.

9.6.5.2.8.4 શાહજહાં :

શાહજહાંએ લાહોરમાં શાલીમાર તથા તેની બેગમે દિલ્હીમાં આજ નામના બગીચા બનાવડાવ્યા. આગ્રામાં તાજબાગ બનાવી તેની વચ્ચે ફુવારાઓ ગોઠવવામાં આવ્યા.

9.6.5.2.8.5 ઔરંગઝેબ :

ઔરંગઝેબે પણ આગ્રામાં અંગુરીબાગ તૈયાર કરાવ્યો. આ ઉપરાંત તેની પુત્રી ઝેબુનિસ્સાનો ચાર બુર્જો બાગ પણ આ સમયમાં તૈયાર થયો હતો.

9.6.5.2.9 ઉપેગો :

વેપારની સાથે મુઘલકાલમાં ઉપેગોની ઉન્નતિ પણ ચરમસીમાએ પહોંચી હતી. ઉપેગ શાળા અર્થાત કારખાનાં સરકાર ચલાવતી. તેનો વડો મુત સર્રિફ કહેવાતો. તેના નિરીક્ષણ તળે વિવિધ માલ તૈયાર થતો. ખાનગી કારખાનાની સંખ્યા પણ વિશેષ હતી. અબૂલ ફઝલે સમ્રાટના મહેલમાં સૌથી વધુ કારખાનાનાં અસ્તિત્વની નોંધ કરી છે.

9.6.5.2.9.1 કાપડ ઉપેગો :

એ યુગના ઉપેગોમાં કાપડ ઉપેગ મહત્વનો હતો. ત્રીસ પ્રકારના સુતરાઉ કાપડ તથા તેત્રીસ પ્રકારનાં રેશમી કાપડની નોંધ આઈ-ને-અકબરીમાં છે. રેશમી કાપડમાં મસલિન, કિમખાબ, સાટીન અને શ્રેષ્ઠસન પ્રચલિત હતા.

ઉત્પાદન કેન્દ્રો : અમદાવાદ સુતરાઉ કાપડના ઉત્પાદનનું કેન્દ્ર હતું જ્યારે ખંભાતમાં તમામ જાતનાં કાપડનું ઉત્પાદન થતું હતું. જરી અયોધ્યામાં, રેશમ બંગાળમાં, સોનેરી કાપડ ખાનદેશમાં, ગરમ કાપડ કાશ્મીરમાં, ડીઝાઈનવાળું કાપડ મુલતાનમાં, ઊનનું કાપડ અમૃતસરમાં અને તંબુનું કાપડ સિયાલકોટમાં તૈયાર થતું હતું. સેતરંજીઓ અલવર, જોનપુર અને ફતેહપુર સીક્રીમાં બનતી હતી. શાલનું ઉત્પાદન લાહોર અને કાશ્મીરમાં થતું હતું.

અમદાવાદ, આગ્રા, બરાર અને બુરહાનપુરમાં કાપડ પર છાપકામ થતું. દક્ષિણમાં દેવગીરી તથા મહાદેવ નગરીમાં કાપડ બનતું હતું. જેમાં બેરામિયા, સલાહિયા, શિરિન, સિરાઝ, કિબાબ તેમજ કટ્ટન-એ-રુમિનામની જાતો બનતી હતી.

9.6.5.2.9.2 અન્ય ઉપેગો :

9.6.5.2.9.2.1 ધાતુ ઉપેગ :

અબૂલ ફાઝલની નોંધ પ્રમાણે લોઢુ, પીત્તળ, કાંસુ અને ચાંદીનો ઉપયોગ ધાતુની વસ્તુઓ બનાવવામાં થતો.

9.6.5.2.9.2.2 શસ્ત્રો :

માહુત નામની બંદૂક, કાતર, તલવાર અને છરીનું વધુ ઉત્પાદન થતું હતું. સોમનાથનાં શસ્ત્રો વખણાતાં હતા. અકબરના સમયમાં બંદૂકનું ઉત્પાદન વિશેષ થવા માંડ્યું. એ કાળની વિખ્યાત તોડેદાર બંદૂક મીર સિરાજીએ શોધી હતી. આ બંદૂક ફાટતી નહોતી. અકબરે શસ્ત્રોના સંશોધન માટે એક પ્રયોગશાળા પણ સ્થાપી હતી.

9.6.5.2.9.2.3 વહાણ ઉપેગ :

ભારતમાં પ્રાચીન કાલથી મોટા જહાજો બનતાં હતાં. પોર્ટુગીઝો ખાસ ઓર્ડર આપીને બનાવડાવતા. ખંભાત, માંડવીઓ અને સોમનાથ તેનાં ઉત્પાદન કેન્દ્રો હતા.

9.6.5.2.9.2.4 ચર્મ ઉપેગ :

આ ઉપેગના કારીગરો યુદ્ધમાં ઉપયોગી મ્યાન, જીન, ઢાલ, જોડાં, પખાલ વગેરે બનાવતાં હતાં. ગુજરાતમાં ચામડાંની લાલ અને લીલા રંગની ચટાઈઓ બનતી હતી.

9.6.5.2.9.2.5 કાગળ ઉપેગ :

મુઘલકાલમાં કાગળ ઉપેગ પણ વિકસતો ઉપેગ હતો. ગુજરાત, સિયાલકોટ અને શાહજુદપુર તેનાં મહત્વનાં કેન્દ્રો હતા.

9.6.5.2.9.6 અન્ય ઉપેગો :

મુઘલકાલીન અન્ય ઉપેગોમાં પેટી, ટ્રક, કમલદાન, રકાબીઓ, થૂકદાન, મસિદાન (એસ્ટ્રે) વગેરે બનતાં હતાં.

## 9.7 *સારાંશ*

આમ મુઘલકાલમાં એકંદરે આર્થિક સ્થિતિ ઘણી જ સંતોષજનક હતી. લોકો પ્રમાણમાં સુખી હતા. અપવાદરુપ સંજોગોમાં ગરીબો ભુખે મરતા હતા. વેપાર અને ઉપેગોનો એ વખતે પુષ્કળ વિકાસ થયેલો. જેને કારણે યુરોપની અંગ્રેજ, ફ્રેંચ, ડચ અને ડેનિસ જેવી પ્રજાઓએ ભારતમાં પોતાની વેપારી કોઠીઓ સ્થાપી હતી.

તબકાતે અકબરીનો લેખક નોંધે છે કે, "ગુજરાતમાં ગોદામો યુરોપિયનોના માલથી ભરેલાં છે." વ્યાપારી વર્ગની સમૃદ્ધિ સમ્રાટ કરતાં પણ વિશેષ હતી. ઢાકામાં એટલું બધું નાણું આવતું કે રુપિયા ગણવાને બદલે જોખવામાં આવતા હતા. આગ્રામાં પણ દલાલો બોરીમાં રુપિયા ભરતા હતા તેવા ઉલ્લેખો મળે છે. આમ વેપારીઓની આ સમૃદ્ધિનો લાભ છેવટે તો સમગ્ર રાષ્ટ્રને મળતો હતો. જો ઔરંગઝેબ જેવો અવિચારી યુદ્ધ પ્રેમી સમ્રાટ વચ્ચે ન થયો હોત તો કદાચ ભારતે લાંબો સમય સુધી આર્થિક ક્ષેત્રે અકબર, શાહજહાં વગેરેની જાહોજલાલીને માણી હોત.

- ***તમારી પ્રગતિ ચકાસો (ખરા-ખોટા) :***

(1) હુમાયુના સમયમાં બૈજુ બાવરા થઈ ગયા.

(2) ઔરંગઝેબને સંગીત પ્રત્યે ભારે રસ હતો.

(3) અકબરે શતરંજની રમત શોધી હતી.

(4) દારાસિહોર સંસ્કૃતિના પંડિત હતા.

## 9.8 *ચાવીરૂપ શબ્દો* (Key words)

- ***ખિલાફત*** : સમ્રાટ વિશેષ પ્રસંગે સોનાચાંદી અને જરીના વસ્ત્રો પહેરાતા તે.
- ***દૂધપીતી*** : પુત્રીને જન્મતાની સાથે જ મારી નાખવી.
- ***સયૂર ઘાલ્સ*** : અમીરના મૃત્યુ બાદ તેની સંપત્તિ સરકાર દ્વારા જપ્ત કરવાની પ્રથા.

## 9.9 *તમારી પ્રગતિ ચકાસોના જવાબ*

(1) ખરું

(2) ખોટું

(3) ખોટું

(4) ખરું

## 9.10 *સંદર્ભગ્રંથો*


1. ડૉ. જયેશ શાહ, "મોગલયુગનો શહેનશાહ બાબર' પ્રકાશકઃ ડૉ.જે.એમ શાહ, ભરૂચ, પ્રથમ આવૃત્તિ, 1980
2. જશુભાઈ બી. પટેલ, ભારતનો ઈતિહાસ (મોગલ યુગ 1526 થી 1707), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. 1778
3. ડૉ. એન.ડી.શેલત, "ભારતનો ઈતિહાસ" આમુખ પ્રકાશન 2006-07
4. ડૉ. ઈશ્વરલાલ ઓઝા, "મધ્યયુગીન ભારતનો ઈતિહાસ" 2011
5. बनारसी प्रसाद सकसेना "मुगल सम्राट शाहजहा" राजस्थान हिन्दी ग्रन्थ, १९८२
6. एस.एम. नागारी और कान्ता नागारी, मध्यकालीन भारत का सक्षिप्त इतिहास, सबलाहम पब्लिकेशन, जयपुर-२००३

| એકમ :10 | મરાઠાઓના ઉદય માટેનાં જવાબદાર કારણો |
|---|---|

**:: રૂપરેખા::**

**10.0** *ઉદ્દેશો*

**10.1** *પ્રસ્તાવના*

**10.2** *મરાઠાઓના ઉદય માટેનાં જવાબદાર કારણો*

**10.2.1** *મહારાષ્ટ્રની ભૌગોલિક પરિસ્થિતિ*

**10.2.2** *ભક્તિ આંદોલન*

**10.2.3** *મરાઠી ભાષા અને સાહિત્ય*

**10.2.4** *મુસ્લિમો પ્રત્યે વિરોધ*

**10.2.5** *દક્ષિણનાં મુસ્લિમ રાજ્યોમાં હિંદુઓનો પ્રભાવ*

- *તમારી પ્રગતિ ચકાસો*

**10.2.6** *પતન તરફ જઈ રહેલ મુસ્લિમ રાજ્યો*

**10.2.7** *શિવાજીનું નેતૃત્વ*

**10.3** *ચાવીરૂપ શબ્દો* **(Key words)**

**10.4** *તમારી પ્રગતિ ચકાસોના જવાબ*

**10.5** *સંદર્ભગ્રંથો*

## 10.0 *ઉદ્દેશો*

(1) મુઘલોની ધાર્મિકનીતિ સમજો.

(2) મરાઠાઓના ઉદય માટેના કારણો સમજો.

## 10.1 *પ્રસ્તાવના*

મુઘલ સામ્રાજ્યના પતનને માટે ખૂબ જ અગત્યના એક કારણમાં સ્વરાજ્યની ભાવનાથી રંગાયેલી મરાઠી પ્રજાનો ઉદય છે. મરાઠાઓનો ઉદય એ મધ્યકાલીન ભારતના ઈતિહાસનો એક મહત્વનો બનાવ ગણાય છે. મુઘલોની રાજકીય સત્તાના વારસદારો મરાઠાઓ હતા. મહારાષ્ટ્રમાં 15મી સદીથી 17મી સદી સુધી જે સામાજિક અને ધાર્મિક સુધારણાનાં પવન ફૂંકાયો તેણે મરાઠાઓમાં એક પ્રકારની જાગૃતિ લાવી દીધી. એક વાત ચોક્કસ છે કે મરાઠા સત્તાના ઉદય અને વિકાસમાં શિવાજીનો ફાળો

નોંધપાત્ર રહેલો છે. ઔરંગઝેબનો મોટા ભાગનો સમય મરાઠાઓનો વિનાશ કરવામાં ગયો, પરંતુ ઔરંગઝેબને તેમાં નિષ્ફળતા મળી. દક્ષિણમાં મરાઠાઓનો ઉદ્ભવ શું એક આકસ્મિક ઘટના હતી ? મહારાષ્ટ્રમાં મરાઠાઓના ઉદ્ભવ માટે ઈતિહાસકારોએ નીચે મુજબનાં પરિબળોને જવાબદાર ગણાવ્યાં છે.

## 10.2 *મરાઠાઓના ઉદય માટેનાં જવાબદાર કારણો*

### 10.2.1 *મહારાષ્ટ્રની ભૌગોલિક પરિસ્થિતિ :*

કોઈપણ પ્રદેશની સંસ્કૃતિ, ધર્મ, સમાજ રીત રીવાજ, પહેરવેશ, માન્યતાઓ, ખાનપાન, રાજકારણ ઉપર તેની ભૌગોલિક પરિસ્થિતિની પ્રબળ અસર પડે છે. પૂર્વથી પશ્ચિમ સુધી સાતપુડા અને વિંધ્યાચલની ટેકરીઓ અને ઉત્તરથી દક્ષિણ સુધી ફેલાયેલ સહ્યાદ્રિના પર્વતોથી ઓળખાયેલ મહારાષ્ટ્ર પ્રદેશ કુદરતી રીતે જ પર્વતોથી રક્ષાયેલ છે. મહારાષ્ટ્રની પશ્ચિમે અરબી સમુદ્ર આવેલો છે. આમ છતાંય પર્વતમાળાને કારણે વર્ષાછાયાનો પ્રદેશ બનતાં ખીણ પ્રદેશને બાદ કરતાં ત્યાં વરસાદની અછત રહેલી છે. આ સમગ્ર પ્રદેશ ખરબચડા પહાડી રસ્તાઓ અને જંગલોથી ઘેરાયેલો હોવાથી અવરજવરના રસ્તાઓ સાંકડી પગદંડી જેવા છે. આને કારણે પરદેશી શાસકો તેમના ઉપર વિજય મેળવવામાં નિષ્ફળ રહે છે. ખરબચડી અને બિનઉપજાઉ જમીન તથા અપૂરતા વરસાદે આ પ્રજાને મહેનતુ અને શૂરવીર બનાવી છે. મુઘલો મહારાષ્ટ્રની ખાડા-ટેકરા અને ડુંગરોથી ભરેલી ધરતીથી અપરિચિત હતા. એટલે જ મુઘલો મરાઠાઓ સામે યુદ્ધમાં નિષ્ફળ નીવડ્યા હતા. ડુંગરાળ પ્રદેશમાં મરાઠાઓ દુશ્મનો ઉપર છાપો મારીને કિલ્લાઓમાં ભરાઈ જતા. મરાઠા લોકોની આવી યુદ્ધ કરવાની રીતે ઔરંગઝેબને આશ્ચર્યચકિત કરી દીધો હતો.

જદુનાથના મત મુજબ કુદરતે મરાઠી પ્રજામાં આત્મવિશ્વાસ, સાહસિકતા, સ્પષ્ટવક્તાપણું અને સામાજિક એકતા તેમના રોમેરોમમાં ભરી દીધા હતા. તેમની વચ્ચે પરસ્પરનો કોઈપણ પ્રકારનો ભેદભાવ નહોતો. તેમની સ્ત્રીઓ શક્તિ તથા દેશભક્તિમાં પૂરેપૂરી સાથીદાર અને સહાયક બનતી હતી. મહારાષ્ટ્રની આબોહવાએ મરાઠાઓને સ્ફૂર્તિલા, ઉગ્ર તથા ઉત્તમ સૈનિક બનાવ્યા. તેમનામાં પર્વતાળ પ્રદેશના લોકોના તમામ ગુણોનો સમાવેશ થયો હતો. તેઓ જન્મજાત કુશળ ઘોડેસવાર અને સાહસિક હતા. આવી પરિસ્થિતિને કારણે તેમનામાં સ્વરાજ્ય સ્થાપવાની ભાવના જાગી અને સફળતાપૂર્વક મુઘલ સત્તાનો સામનો કર્યો તે કોઈ આશ્ચર્યની વાત નથી.

### 10.2.2 *ભક્તિ આંદોલન :*

મરાઠાઓના ઉદયમાં મહારાષ્ટ્રના સાધુ-સંતોએ પણ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. મહારાષ્ટ્રમાં પેદા થયેલા સંતોએ તેમનાં ભજનો, ગીતો, પ્રવચનો અને લખાણો દ્વારા મરાઠી પ્રજામાં રાષ્ટ્રભાવના પેદા કરવાનું કાર્ય કર્યું હતું. મુસલમાનોએ દક્ષિણમાં પગપેસારો કર્યો તેની સાથે જ મહારાષ્ટ્રમાં હલચલ મચી ગઈ અને સંતોએ

લોકોમાં જાગૃતિ લાવવાનું બીડું ઝડપી લીધું. તેરમી સદીમાં સંત જ્ઞાનેશ્વરે લોકમાનસમાં ઉત્સાહ અને જાગૃતિ લાવવાનું કામ કર્યું. આ જ વખતે 'માનભાવ' આંદોલન શરૂ થયું, જેણે ધર્મ, સમાજ અને રાજનીતિના ક્ષેત્રે ક્રાંતિ પેદા કરી. માનભાવ આંદોલનનો મુખ્ય નેતા ચક્રધર હતો. તેણે સમગ્ર મહારાષ્ટ્રમાં પરિભ્રમણ કર્યું અને લોકોને શિસ્તપાલન માટે ઉપદેશ આપ્યો. માનભાવના આંદોલન દ્વારા તેમણે અંધવિશ્વાસ, જાતપાત, ઉંચ-નીચની ભાવના તથા અસ્પૃશ્યતા જેવી બાબતોનો ખુલ્લી રીતે વિરોધ કર્યો. આ આંદોલને સામાજિક સમાનતા ઉપર ભાર મૂક્યો હતો. ત્યારબાદ સંત તુકારામ, રામદાસ, બ્રહ્મેન્દ્ર સ્વામી, વામન પંડિત વગેરેએ તેમના ઉપદેશ દ્વારા મહારાષ્ટ્રની જનતામાં ચેતના પ્રગટાવી.

રાનડે કહે છે તેમ, 16મી સદીમાં યુરોપમાં જેમ પ્રોટસ્ટંટ પંથી સુધારણાનો પવન ફૂંકાયો હતો તેવી જ રીતે દક્ષિણ ભારતમાં ધાર્મિક, સાહિત્યિક અને સામાજિક સુધારણાનો પવન ફૂંકાયો હતો. આ આંદોલનમાં પૂજાની વિધિઓ, વર્ણવ્યવસ્થાનો વિરોધ, માનવપ્રેમ, ચારિત્ર્યની પવિત્રતા વગેરે ગુણોનું સમર્થન કરવામાં આવ્યું હતું. આ આંદોલનના અગ્રણીઓ, સંતો, કવિઓ તથા તત્વજ્ઞાનીઓ સમાજના નીચલા વર્ગમાંથી આવતા હતા. જ્ઞાનેશ્વર, નામદેવ, તુકારામ, એકનાથ, રામદાસ તથા બીજા સંતોએ તેમની આગવી સૂઝ અને સમજ દ્વારા મરાઠી પ્રજામાં સ્વધર્મની ભાવના પ્રગટાવી અને પ્રજાને જાગ્રત કરી. હિંદુ એકતાની સ્થાપના કરવા માટે જુદાં જુદાં સ્થળોએ મેળાઓ યોજવામાં આવતા અને પંઢરપુર એ ધાર્મિક ક્રાંતિનું કેન્દ્ર બની ગયું. આ રીતે મરાઠાઓની રાજકીય જાગૃતિનો માર્ગ ખુલ્લો થયો અને તેમનામાં રાષ્ટ્રીય એકતાનો દોરીસંચાર થયો.

### 10.2.3 *મરાઠી ભાષા અને સાહિત્ય :*

જેવી રીતે ભારતના બીજા ભાગોમાં જુદી જુદી ભાષાઓનો ઉદ્ભવ થયો તેમ મહારાષ્ટ્રમાં મરાઠી ભાષાનો ઉદ્ભવ થયો. મરાઠી ભાષા અને સાહિત્યે મરાઠાઓમાં એકતાની ભાવના જન્માવી. મહારાષ્ટ્રમાં થયેલા સંતો અને ભક્તોએ જે પદો, હરિગીતો અને કાવ્યોની રચના કરેલી તેણે મહારાષ્ટ્રના લોકોને એકસૂત્રે સાંકળવામાં અગત્યની ભૂમિકા ભજવી. તુકારામ, રામદાસ, વામન પંડિત, એકનાથના ભકિતગીતો તથા નીતિવચનો પ્રત્યેક મરાઠી ભાષા બોલનારના ઘરે ગાવામાં આવતાં હતાં. મરાઠી ગીતોએ જનમાનસ ઉપર મોટી અસર કરી. સંત તુકારામનાં પદો, એકનાથનું ભાવાર્થ રામાયણ, રામદાસરચિત દાસબોધમાં રચેલાં ભક્તિગીતોએ મરાઠી સમાજને ખળભળાવી મૂક્યો. ગાયકો મહારાષ્ટ્રના દરેક ગામમાં જઈને વીરરસની વાર્તાઓ કહીને લોકોને મંત્રમુગ્ધ કરતા હતા અને એ રીતે તેમની જાતિ પ્રત્યે ગૌરવની ભાવના કેળવવાનું કાર્ય કરતા હતા. જદુનાથ સરકારના શબ્દોમાં કહીએ તો શિવાજી દ્વારા મહારાષ્ટ્રમાં રાજકીય એકતાની સ્થાપના પહેલાં સમગ્ર મહારાષ્ટ્રમાં 17મી સદીમાં

ભાષા, જાતિ અને જીવનના પ્રત્યેક ક્ષેત્રે એકતા સ્થાપિત થઈ હતી. તેમાં જે કોઈ થોડી ખામી હતી તે શિવાજી દ્વારા પૂરી કરવામાં આવી.

### 10.2.4 *મુસ્લિમો પ્રત્યે વિરોધ :*

એક યુદ્ધપ્રિય જાતિના રૂપમાં મુસલમાનોએ ભારતમાં પ્રવેશ કર્યો તે ભારતના ઈતિહાસની એક અપૂર્વ ઘટના છે. આ પહેલાં પણ ભારતમાં અનેક વિદેશી પ્રજા આવી હતી અને તેમણે ભારતમાં તેમની સત્તાની સ્થાપના કરેલી, પરંતુ આ બધી વિદેશી પ્રજા કરતાં મુસલમાનોમાં ધર્માંધતા હતી અને તેઓ હિંદુ ધર્મનો વિરોધ કરીને તેને નષ્ટ કરવા માંગતા હતા. હિંદુઓના આંતર કલહના કારણે તેઓ ઉત્તર ભારતમાં છવાઈ ગયા અને હિંદુઓ ઉપર અત્યાચારો ચાલુ કરી દીધા, પરંતુ દક્ષિણ ભારતમાં આનાથી વિપરીત સ્થિતિ હતી. દક્ષિણના લોકોએ મુસલમાનોનાં ધાર્મિક અત્યાચારોનો સખત રીતે સામનો કર્યો. મોહંમદ તુઘલકે દક્ષિણમાં જઈને દોલતાબાદને પોતાની રાજધાની બનાવી, પરંતુ તે મરાઠાઓને અંકુશમાં લાવી શક્યો નહિ. દક્ષિણના લોકોએ અત્યાચારો સહન કરીને પણ તેની સમક્ષ આત્મસમર્પણ કર્યું નહિ. હિંદુ સમાજે એટલો સજ્જડ વિરોધ કર્યો કે સાધુ-સંતો પણ મુસલમાનોના વિરોધમાં જોડાઈ ગયા. કાપાલિક, શૈવ, માનવભાવ જેવા ધાર્મિક સંપ્રદાયો પણ ઈસ્લામના વિરોધમાં જોડાઈ ગયા. મુસલમાનોની હિંદુ વિરોધી નીતિ અને અત્યાચારોએ મરાઠાઓમાં બદલાની ભાવના જાગ્રત કરી. સરદેસાઈના મત મુજબ જે બિજાપુરના સુલતાને હિંદુ મંદિરોને તોડવાની અને લૂંટફાટ કરવાની પ્રવૃત્તિ ન અપનાવી હોત તો શિવાજી સ્વતંત્ર રાષ્ટ્રની સથાપના કરવાની પ્રવૃત્તિઓ કરતા નહિ. ઔરંગઝેબની ધર્માંધ નીતિને કારણે મરાઠા આંદોલન જરૂરી બન્યું. આ રીતે ધાર્મિક નેતાઓએ ચોમેર ફરી ફરીને હિંદુ રણશિંગું ફૂંક્યું.

### 10.2.5 *દક્ષિણનાં મુસ્લિમ રાજ્યોમાં હિંદુઓનો પ્રભાવ :*

મુઘલ રાજવીઓની દમનપુર્ણ નીતિને કારણે દક્ષિણ ભારતમાં એક નવી સ્થિતિને જન્મ આપ્યો. દક્ષિણમાં વિજયનગરના હિંદુ રાજ્યની સ્થાપના થઈ ચૂકી હતી. પાછળથી દક્ષિણમાં બહમની રાજ્ય પાંચ વિભાગોમાં વહેંચાઈ ગયું. બિજાપુર, ગોલકોંડા અને અહમદનગરના શાસકો મુસ્લિમો હતા, પરંતુ વહીવટી બાબતોમાં મરાઠાઓની મદદ લેતા હતા. ગોવિંદ રાનડેના મત મુજબ વહવટી વિભાગોમાં મરઠી રાજપુરૂષો તથા સૈનિકોનું નિયંત્રણ હતું અને મુસ્લિમ શાસકોને તેમના ઉપર જ આધાર રાખવાનો હતો. ગોલકોંડા રાજ્યમાં મદન પંડિત, મુરારરાવ વગેરે દીવાન કે મંત્રીનો હોદ્દો ભોગવતા હતા. યશુ પંડિત બીજાપુર રાજ્યમાં ઉચ્ચ પદે નિમાયેલો હતો. બીજાપુર અને અહમદનગર જેવાં રાજ્યોમાં શાહજી ભોંસલે અને મુરારરાવે દાવપેચ લડવામાં મહત્વનો ફાળો આપ્યો હતો. લગભગ તમામ પર્વતીય કિલ્લાઓ મરાઠા સરદારોના હાથમાં જ હતા. મુસ્લિમ શાસકોનું તેમના ઉપર નામમાત્રનું જ વર્ચસ્વ હતું આવી પરિસ્થિતમાં મરાઠા તાકાતના ઉદયનો માર્ગ મોકળો થઈ ગયો અને શિવવાજીને

સ્વરાજ્યની સ્થાપના કરવામાં સફળતા મળી. શિવાજીના પિતા શાહજી ભોંસલે બીજાપુર રાજ્યમાં ઉચ્ચ હોદ્દા પર નિમાયેલા હતા. પરિણામે, બીજાપુરના તાબાના કિલ્લાઓ કબ્જે કરવાની શિવાજીની હિંમત વધી ગઈ.

● ***તમારી પ્રગતિ ચકાસો :***

- નીચે આપેલ ખરા-ખોટા તપાસો.

(1) મરાઠાઓના ઉદયનું કારણ મુઘલોની ધાર્મિકનીતિ હતી.

(2) દક્ષિણના મુસ્લિમ શાસકો પણ મરાઠાઓની મદદ માંગતા.

(3) મરાઠાઓ ગેરીલા પધ્ધતિમાં નિપૂણ હતા.

### 10.2.6 *પતન તરફ જઈ રહેલ મુસ્લિમ રાજ્યો :*

આંતરિક વિગ્રહો, રાજ્યની સંપત્તિનો ભોગવિલાસ પાછળ ખર્ચ, શાસકોની દીર્ઘદ્રષ્ટિનો અભાવ, પ્રજાના કલ્યાણની ઉપેક્ષા વગેરેને કારણે મુઘલ સામ્રાજ્ય તેના પતન તરફ ધકેલાઈ રહ્યું હતું. ઔરંગઝેબની નીતિ હિંદુ વિરોધી હતી, પરંતુ દક્ષિણના મુસ્લિમ રાજ્યો પ્રત્યે પણ તેણે વિરોધી નીતિ અપનાવી હતી. અહમદનગરની તાકાત ખતમ કરીને તે બીજાપુર અને ગોલકોંડા ઉપર વિજ મેળવવા ઉત્સુક હતો. પરિણામે, દક્ષિણનાં મુસ્લિમ રાજ્યોની સ્થિતિ નબળી પડી અને તેઓ પતનના માર્ગે જવા માંડ્યા. મરાઠાઓએ આ સ્થિતિનો લાભ ઉઠાવીને તેમની પરિસ્થિતિને સુદૃઢ કરી. મરાઠાઓ કોઈવાર અમુક રાજ્યને તો કોઈવાર અમુક રાજ્યને મદદ કરતા. આવી પરિસ્થિતિમાં મરાઠાઓએ કેટલાય કિલ્લાઓ કબ્જે કરી લીધા અને એક સ્વતંત્ર મરાઠા રાજ્યના સ્વપ્નને સાકાર કર્યું.

### 10.2.7 *શિવાજીનું નેતૃત્વ :*

શિવાજી પોતે મરાઠાઓના ઉદય માટે પ્રેરણા સમાન હતો. શિવાજીની સરદારી હેઠળ મરાઠી પ્રજામાં એકતા આવી અને સ્વરાજ્યની સ્થાપના તથા વિદેશીઓને હાંકી કાઢવાનું ધ્યેય પ્રાપ્ત કર્યું. શિવાજીની માતા જીજાબાઈ એક સ્વમાની સ્ત્રી હતી, તો પિતા શાહજીને પણ વહીવટનો બહોળો અનુભવ હતો. દક્ષિણમાં મુસ્લિમ શાસનની સામે વિજયનગર જેવા હિંદુ રાજ્યનો ઉદ્ભવ થયો. તેણે પણ શિવાજીને હિંદુ રાજ્ય સ્થાપવાની ભાવનાને ઉત્તેજીત કરી. આ રીતે શિવાજીનું કુશળ અને શક્તિશાળી નેતૃત્વ પ્રાપ્ત થતાં મરાઠી સત્તાનો ઉદય થયો.

## 10.3 *ચાવીરૂપ શબ્દો* (Key words)

(1) ગેરિલા પધ્ધતિ : અચાનક છાપા મારવાની પધ્ધતિ

## 10.4 *તમારી પ્રગતિ ચકાસોના જવાબ*

(1) ✓
(2) ✓
(3) ✓

## 10.5 *સંદર્ભગ્રંથો*


1. પ્રો.મનુભાઈ શાહ, ''ભારતનો ઈતિહાસ (મરાઠાયુગ 1707 થી 1818)'', પ્રકાશન : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ઈ.સ.1974
2. ડૉ.ઈશ્વરલાલ ઓઝા, ''મધ્યયુગીન ભારતનો ઈતિહાસ'', ઈ.સ.2011
3. ડૉ.જયેશ શાહ, ''મુઘલયુગનો શહેનશાહ બાબર'', પ્રકાશક : ડૉ.જે.એમ.શાહ, ભરૂચ, પ્રથમ આવૃત્તિ-1980
4. જશુભાઈ બી. પટેલ, ''ભારતનો ઈતિહાસ (મુઘલયુગ - 1526 થી 1707)'', પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ.1778
5. ડૉ. એન.ડી.શેલત, ''ભારતનો ઈતિહાસ'', પ્રકાશક : આમુખ પ્રકાશન, ઈ.સ.2006-07

## એકમ : 11

## શિવાજીનું એક વહીવટીકર્તા તરીકે મૂલ્યાંકન

:: રૂપરેખા ::


**11.0** ઉદ્દેશો

**11.1** પ્રસ્તાવના

**11.2** જન્મ અને ઉછેર

**11.3** પુના આગમન

**11.4** પુનાના જાગીરદાર તરીકે

**11.5** લશ્કરની રચના

**11.6** શિવાજીની રાજકીય સ્થિતિ

**11.7** કિલ્લાઓ પર પ્રભુત્વ

**11.8** પિતાને મુક્ત કરાવ્યા

**11.9** પુરંદર વિજય

**11.10** વિજય દુર્ગનું નિર્માણ

**11.11** જાવલી વિજય

**11.12** અફઝલખાંનો વધ

**11.13** શિવાજીનું વિજય અભિયાન

**11.14** સિદિ જૌહર અને શિવાજી

**11.15** બીજાપુર સાથે સંધિ અને સ્વતંત્રતાનો સ્વીકાર

**11.16** શિવાજી અને મુઘલોના સંબંધો

**11.16.1** કર્તલબખાંનો તેજોવધ

**11.16.2** કોંકણ વિજય

**11.16.3** શાઈસ્તાખાં સાથે સંઘર્ષ

**11.16.4** સુરતની લૂંટ

**11.16.5** શિવાજી અને રાજા જયસિંહ

**11.16.6** પુરંદરની સંધિ

**11.16.7** આગ્રામાં કેદ અને મુક્તિ

**11.16.8** મુઘલો સાથે સંધિ

**11.16.9** શિવાજી મુઘલ સંઘર્ષ

**11.17 *શિવાજીનો રાજ્યાભિષેક***
**11.18 *ગોલકૌન્ડા અને શિવાજી***
**11.19 *કર્ણાટક અભિયાન***
**11.20 *શિવાજીનું મરણ***
**11.21 *અંગ્રેજો અને શિવાજી***
**11.22 *શિવાજી અને પોર્ટુગીઝો***
**11.23 *શિવાજીનું વહીવટીતંત્ર***
**11.25 *શિવાજીનું મૂલ્યાંકન***
- ***તમારી પ્રગતિ ચકાસો***

**11.26 *સારાંશ***
**11.27 *ચાવીરૂપ શબ્દો***
**11.28 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો***
**11.29 *સંદર્ભગ્રંથો***

## 11.0 *ઉદ્દેશો*

(1) શિવાજીના દૂષણ વ્યકિતત્વનું અધ્યયન થશે.
(2) શિવાજીના મુઘલો સાથેના સંબંધોની જાણકારી મેળવશે.
(3) શિવાજીનું વહિવટી તંત્રની જાણકારી મેળવશે.
(4) શિવાજીની અલગ-અલગ નીતિઓ વિશે માહિતી મેળવશે.

## 11.1 *પ્રસ્તાવના*

હિન્દુ જાતિએ ઉત્પન્ન કરેલ શ્રેષ્ઠ યુગપુરુષ શિવાજીની કારકિર્દી અને જીવનકથા એક મજેદાર નવલકથા જેવી છે. પરમાણુ જેવા મરાઠાઓને એક કરીને એક વિશાળ સ્વતંત્ર રાજ્યની સ્થાપના ઔરંગઝેબના જીવતાં જ તેની જ છાતી પર કરવાનું કાર્ય જગતની શ્રેષ્ઠ સાહસ કથાઓમાં અવલ્લ સ્થાન પ્રાપ્ત કરે તેવું છે. કદાચ ભારતીયોએ પોતાના ઈતિહાસમાં આવું વિરલ પાત્ર નહીં જોયું હોય. મધ્યકાલીન ભારતીય ઈતિહાસમાં મુઘલોના રાજકીય વારસ મરાઠાઓને બનાવનાર શિવાજીની મુત્સદ્દીગીરી, ચાણક્યનીતિ, યુદ્ધો, રણપાંડિત્ય અને યુદ્ધ કુશળતા આજે પણ બેનમૂન છે. આવા આપણા રાષ્ટ્રનાયક, પરમ ભાગવત એવા છત્રપતિના જીવનનો અક્ષરદેહ દ્વારા પરિચય કરવો એ પણ પ્રત્યેક હિન્દી માટે પરમ કર્તવ્ય બની જાય છે.

## 11.2 *જન્મ અને ઉછેર*

શાહજી ભોંસલે અને જીજાબાઈના પુત્ર એવા શિવાજીનો જન્મ મરાઠા ઈતિહાસકાર સરદેશાઈના મત પ્રમાણે ૬ઠ્ઠી એપ્રિલ 1627 ના રોજ પુના પાસેના જુન્નાર

નગર પાસે શિવનેરના કિલ્લામાં થયો હતો. જીજાબાઈએ પોતાના ગર્ભસ્થ બાળકના ક્ષેમ કુશળ માટે સ્થાનિક દેવી શિવાઈ માતાને પ્રાર્થના કરેલી તેથી આ બાળકનું નામ શિવાજી રાખવામાં આવ્યું. શિવાજી ત્રણ વર્ષના હતા અને તેમના પિતા શાહજીએ માતા અને બાળકને ત્યાગી પોતાનો સમસ્ત પ્રેમ અને સંપત્તિ પોતાની નવી પત્ની તુકાબાઈ અને તેના પુત્ર વ્યંકોજીને સમર્પિત કરી દીધી. ઈ.સ.1936 સુધી માતા અને પુત્ર દાદાજી કોંડદેવના રક્ષણમાં શિવનેરમાં હતા.

## 11.3 *પુના આગમન*

ઈ.સ.1936 પછી શિવાજી અને જીજાબાઈ પુનામાં રહેવા આવી ગયા. દાદા કોંડદેવે નગર વચ્ચે એક લાલ મહેલ નામની ભવ્ય ઈમારત તેમના માટે તૈયાર કરાવી હતી. પુના શિવાજીના પિતાની જાગીર હતી અને તેની આવકમાંથી બંનેનું જીવન એક રાજકીય ઘટનાની માફક વ્યતીત થતુ હતું. પુનામાં દાદાજીએ શિવાજીનો એક રાજકુમારને છાજે તે રીતે ઉછેર કર્યો. દાદા કોંડદેવ શાહજીના પુના ખાતેના સંપૂર્ણ સત્તા ધરાવનાર મુતાલિક (કારિન્દ) હતા. તેમણે શિવાજીને યુધ્ધની તાલીમ આપી. આ ઉપરાંત શિવાજીના આ બ્રાહ્મણ ગુરુએ તેમને ધ્યાનદેવ અને પંઢરપુરના અન્ય સંતોના જીવન અને ઉપદેશ પણ સમજાવ્યા. ડૉ.મજમુદાર નોંધે છે. તેમ દાદાજી તેમને મહાભારતના વીર ભીમની સાહસ કથાઓ, અર્જુનની ધનુર્વીરતા અને યુધિષ્ઠિરની સત્યપ્રિયતાના પાઠ ભણાવતા હતા.

## 11.4 *પુનાના જાગીરદાર તરીકે :*

શિવાજી બાર વર્ષના થયા ત્યારે જીજાબાઈએ એ યુગ પ્રમાણે તેમને યોગ્ય મરાઠા સરદારની પુત્રી શોધી પરણાવવા શાહજીને પત્ર લખ્યો. શાહજીએ બંનેને પોતાની દક્ષિણની જાગીર બેંગ્લોર ખાતે બોલાવી લીધા. અહિંયા શિવાજીના લગ્ન સાંઈબાઈ નિમ્બાલકર સાથે કરવામાં આવ્યા. ત્યારબાદ શાહજીએ પોતાની સંપત્તિની વહેંચણી કરી. જેમાં વાર્ષિક દોઢ લાખ રુપિયાની આવકવાળી પુનાની જાગીર શિવાજીને અધિકૃત રીતે સુપ્રત કરવામાં આવી.

શિવાજી સોળ વર્ષના થયા ત્યાં સુધી અર્થાત ઈ.સ.1642 સુધી પુનાની જાગીરનો વહીવટ દાદાજી અને ચાર સભ્યોની સમિતિએ કર્યો. ત્યારબાદ સ્વયં શિવાજીએ પુનાનો વહીવટ સંભાળી લીધો.

## 11.5 *લશ્કરની રચના*

શિવાજી બાળપણથી જ મહત્વાકાંક્ષી હતા. તેથી તેમણે પુનાની આજુબાજુ વસ્તી જાતિ પર પોતાનું પ્રભુત્વ સ્થાપ્યું. તેમની સાથે શિવાજીએ સમાન વ્યવહાર કરી સંપૂર્ણ પ્રેમ સંપાદિત કર્યા. અભણ હોવા છતાં વિશ્વસનીય અને સ્વામીભક્ત હતા. તેઓ પાછળથી શિવાજીના આંધળા અનુયાયી બન્યા. શિવાજી માટે તેઓ તમામ પ્રકારના

બલિદાન આપવા સદૈવ તૈયાર રહેતા. પરિણામે ઘણી જ સરળતાથી શિવાજી બનેલા નાના પરંતુ મજબૂત લશ્કરની રચના કરી શક્યા. દરમ્યાન દાદાજીનું મરણ થતાં શિવાજીએ આજુબાજુના પ્રદેશો પર ગેરિલા પદ્ધતિથી હુમલા કરીને જીતી લીધા.

## 11.6 *શિવાજીની રાજકીય સ્થિતિ*

એક નાનકડા જાગીરદારના મનમાં પ્રથમ બિજાપુર અને અંતે મુઘલો સામે લડીને સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનો વિચાર કોઈ ચોક્કસ ભૂમિકા વિના એ સમયમાં આવી શકે નહિ. રાજકીય રીતે વિચારીએ તો દક્ષિણમાંથી લુપ્ત થયેલ અહમદનગરની મુસ્લિમ સલ્તનતના છેલ્લા નિઝામ શાહના "રાજપ" (રીજેંટ) તરીકે શાહજી હતા. પરિણામે શાહજીના વારસ તરીકે ભૂતપૂર્વ અહમદનગર રાજ્યના પ્રદેશોમાં મુઘલો અને બિજાપુરના સુલતાન જેટલો જ પોતાને પણ સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનો અધિકાર હતો. તેવી શિવાજીની દ્રઢ માન્યતા હતી કારણ કે આ પહેલાં શાહજી પાસે આ વિસ્તારની એકવીસ લાખની આવકવાળી જાગીર તો હતી જ. પાછળથી મુસ્લિમ શાસકોએ શાહજી સાથે પરાણે સંધિ કરાવીને તેમની તમામ સ્વતંત્ર જાગીરો પડાવી લીધી. આ ઘટનાની શિવાજીના માનસ પર આઘાતજનક ઘેરી અસર થઈ. સરજદુનાથ સરકાર યોગ્ય રીતે આ ઘટનાને મૂલવતાં નોંધે છે કે, "આ સમજૂતી તલવારની અણી પર થઈ હતી અને એજ તલવારની અણી પર શિવાજીએ તેનું નિરાકરણ લાવવાનો નિશ્ચય કર્યો." આમ શિવાજીને આ પ્રકારની પરિસ્થિતિએ સ્વતંત્ર રાજ્ય સ્થાપવા મજબૂર કર્યો.

## 11.7 *કિલ્લાઓ પર પ્રભુત્વ*

ઈ.સ.1946 માં બિજાપુરનો સુલતાન બિમાર પડ્યો. શિવાજીએ આ પરિસ્થિતિનો બરાબર લાભ ઉઠાવ્યો અને તેમણે સર્વપ્રથમ બે લાખ હોન (એ યુગનું ચલણ) ની રોકડ સાથે લડ્યા વિના તોરણાનો કિલ્લો જીતી લીધો અને તેનું નામ બદલીને પ્રચંડગઢ રાખવામાં આવ્યું. ત્યારબાદ ત્યાંથી પાંચ માઈલ પૂર્વ દિશામાં તેમણે રાજગઢ નામનો કિલ્લો તથા ત્રણગઢી (માંચી) નું નિર્માણ કર્યું. શિવાજીની આવી સફળતાઓને કારણે બારામતી અને ઈન્દ્રપુરીના થાણદારોએ પણ તેમનું આધિપત્ય સ્વીકારી લીધું. પુનાની નૈઋત્ય દિશામાં આવેલ કોન્ડાણાનો કિલ્લો મુસ્લિમ સરદારને લાંચ આપીને પડાવી લીધો. આ કિલ્લાનું નવું નામ સિંહગઢ આપવામાં આવ્યું. ઉપરાંત પોતાના કાકા શંભાજી પાસેથી સૂપાનો કિલ્લો પડાવી લઈને કર્ણાટક ભેગો કરી દીધો, સાથે સાથે ફીરસોજી નરસાવા પાસેથી અકણનો કિલ્લો પણ જીતી લેવાયો.

## 11.8 *પિતાને કેદમાંથી મુક્ત કરાવ્યા*

આ બાજુ શિવાજી એક પછી એક કિલ્લાઓ જીતતા હતા ત્યારે તેમને પિતા શાહજીને ૨૫ જુલાઈ 1648 ના રોજ બિજાપુરના સેનાપતિ મુસ્તુફાખાંએ કેદ કર્યાના સમાચાર મળ્યા. પરિણામે તેમણે થોડો સમય પોતાનું વિજય અભિયાન થોભાવી દેવું

પડ્યું. શિવાજીએ કૂટનીતિનો આશ્રય લઈને દક્ષિણના મુઘલ સુબા મુરાદબક્ષને શાહજીને છોડાવવા કહ્યું પરંતુ તેનું કોઈ પરિણામ આવ્યું નહિ. દરમ્યાન બિજાપુરના સુલતાને શિવાજી વિરુધ્ધ ફતેહખાનની સરદારી તળે મોકલેલ લશ્કરને શિવાજીએ પુરંદર પાસે હરાવ્યું. આને કારણે બિજાપુરને શિવાજી સાથે સંધિ કરીને શાહજીને મુક્ત કરવા મજબૂર થવુ પડ્યું.

## 11.9 *પુરંદર વિજય*

પૂનાથી નૈઋત્યમાં અઢાર માઈલ દૂર આવેલા પુરંદરના કિલ્લા તથા આસપાસનો પ્રદેશ મહાદજી નીલકંઠરાવ નામના બ્રાહ્મણ નાયક પાસે હતો. શિવાજીએ યુક્તિ વાપરીને દિવાળીના દિવસે જ મહાદજી અને તેના ભાઈઓને પકડીને કિલ્લો જીતી લીધો. આ ઘટનાને એક મહત્વની સફળતા ગણવામાં આવે છે. કારણ કે બિજાપુર સાથે ટક્કર લેવા આ કિલ્લો મહત્વનો હતો. તેથી શિવાજી પુરંદરને પોતાની પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવ્યું. ઈ.સ.1650 માં આ કિલ્લાને કારણે શિવાજી બિજાપુરના સેનાપતિ મૂસાખાનો વધ કરવામાં તથા ફતેહખાનને ભગાડવામાં સફળ થયા હતા.

## 11.10 *વિજયદુર્ગનું નિર્માણ*

આમ શિવાજીએ ઉપરોક્ત મહત્વનાં કિલ્લાઓ જીતીને એક નાના પરંતુ સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. આ અરસામાં અર્થાત ઈ.સ.1653 માં તેમણે વિજયદુર્ગ નામનો એક નવો કિલ્લો બંધાવ્યો.

## 11.11 *જાવલી વિજય*

જાવલીનો જાગીરદાર ચંદ્રરાવ શાહજીનો પરંપરાગત દુશ્મન હતો અને મુસ્લિમોનો ખાસ મિત્ર હતો. વળી નૈઋત્ય દિશામાં રાજ્યની સીમા આગળ વધારવામાં જાવલી વિઘ્નરુપ હતું. તેથી શિવાજી માટે જાવલી જીતવું જરુરી હતું પરંતુ આ કિલ્લો લડવાને બદલે કાવત્રાથી જીતવાનું શિવાજીએ નક્કી કર્યું. તેમણે રઘુનાથ બલ્લાલ અને શંભુજી કોડેની મદદથી ચંદ્રરાવ તથા કિલ્લાના સુબા હનુમંતરાવનો ઘાત કરાવ્યો અને ઘણી જ સરળતાથી શિવાજીએ ચંદ્રરાવના બે પુત્રોને કેદ કરી કિલ્લા પર પોતાનું આધિપત્ય સ્થાપી દીધું. આમ શિવાજી માટે જાવલી વિજય મહત્વનો સાબિત થયો. આને કારણે તેમને માટે દક્ષિણ કોંકણ તથા કોલ્હાપુર જીલ્લામાં પ્રવેશવાનું સરળ બની ગયું અને વિના યુધ્ધે કોંકણના દલવિસો, વાડીના સામંતો તેમજ શ્રી રંગપુરના સર્વેક્ષોએ શિવાજીનું આધિપત્ય સ્વીકારી લીધું.

## 11.12 *અફઝલખાંનો વધ*

શિવાજીની વધતી જતી તાકાતને કારણે બિજાપુરનો સુલતાન ચિંતાતુર થયો. કારણ કે શિવાજીએ બિજાપુર રાજ્યના અનેક કિલ્લાઓ અને પ્રદેશો જીતી લીધા હતા. સુલતાનને લાગ્યું કે જો શિવાજીને જેર કરવામાં નહિ આવે તો એક દિવસ તે સંપૂર્ણ

બિજાપુર રાજ્ય જીતી લેશે. તેથી સુલતાને શિવાજીને કચડી નાખવા માટે પોતાના વિખ્યાત અને યોગ્ય પઠાણ સેનાપતિ અફઝલખાંને નીમ્યો. ત્યારબાદ તેણે સપ્ટેમ્બર 1650 માં એક વિશાળ લશ્કર સાથે શિવાજીના પ્રદેશો પર આક્રમણ કર્યું. રસ્તામાં આવતા પંઢરપુરના વિખ્યાત વિઠોબા મંદિરને તેના લશ્કરે નષ્ટ કર્યું.

આમ છતાં શિવાજી ખોટી રીતે ઉશ્કેરાયા નહિ. તેમણે દુશ્મનને ખ્યાલ ન આવે તે રીતે આગેકૂચ કરતા અફઝલખાંના લશ્કરને પ્રતાપગઢના કિલ્લામાં જ ઘેરી લીધું. આ ઘેરાની પ્રતીતિ થતાં અફઝલખાંને ખ્યાલ આવ્યો કે શિવાજીને યુધ્ધમાં જીતવાનું દુષ્કર છે. તેથી તેણે કૃષ્ણાજી ભાસ્કર નામના મુત્સદ્દીની મદદથી શિવાજીને ફસાવવાની યોજના બનાવી. આ યોજના પ્રમાણે પ્રતાપગઢ પાસે એક ચોક્કસ સ્થળે શિવાજી અને અફઝલખાંએ મળવાનું હતું. ચાલાક શિવાજીએ આ સ્થળે પોતાના ચુનંદા સૈનિકોને છુપાવી દીધા અને તેમણે બખતર તથા છૂપા વાઘનખ સાથે મળવાનું નક્કી કર્યું.

અફઝલખાંએ શિવાજીને મળતાં જ તેમનું માથુ બગલમાં દબાવીને તલવારનો ઘા કર્યો પરંતુ શિવાજી બખતરને કારણે બચી ગયા. અફઝલખાં બીજો ઘા મારે તે પહેલાં તેમણે વાઘનખથી અફઝલખાંનું પેટ ચીરી નાખ્યું. મુસ્લિમોને આ ખબર પડતાં યુધ્ધ થયું. જેમાં શિવાજીનો વિજય થયો. આ વિજયને કારણે એક બાબત સ્પષ્ટ થઈ ગઈ કે દિક્ષણનું ભવિષ્ય હવે બિજાપુરને બદલે મરાઠાઓ શિવાજીના નેતૃત્વ તળે ઘડશે.

## 11.13 *શિવાજીનું વિજય અભિયાન*

અફઝલખાંનો વધ કરીને શિવાજી શાંત બેસી રહ્યા નહિ. તેમણે સનાજી દત્તોના નેતૃત્વ તળે લશ્કર રવાના કરી બિજાપુરના સુલતાનના પશ્ચિમ પ્રદેશની રાજધાની પન્હાલા પડાવી લીધી. ત્યારબાદ શિવાજીના આ લશ્કરે વસંતગઢ રંગણા અને બેલણાના કિલ્લાઓ જીતી લીધા. શિવાજીએ બેલણાનું નામ પાછળથી વિશાળગઢ રાખ્યું હતું. ત્યારબાદ શિવાજીએ સ્વયં બિજાપુરના રુસ્તમેજખાં અને ફઝલખાં નામના સરદારોને હરાવ્યો અને તેમના સેનાપતિ નેતાજી પાલકર રામબાગ, ગદગ અને લક્ષ્મેશ્વર સુધી પહોંચી ગયા.

## 11.14 *સિદિજૌહર અને શિવાજી*

બિજાપુરના સુલતાનને હવે શિવાજીને મહાત કરવા માટે કર્નુલ પ્રાંતના સુબા સિદિ જૌહરને મોકલવો પડ્યો. જૌહરે પન્હાલાના કિલ્લાને ઘેરો ઘાલ્યો અને અંગ્રેજોની તોપોની મદદથી શિવાજીની સ્થિતિ ઘણી જ ખરાબ કરી નાખી. તેથી શિવાજીએ સમજૂતી કરવા વાટાઘાટોનો દેખાવ કરીને દુશ્મનોને ગેરમાર્ગે દોરી રાત્રે ઘનઘોર વરસાદ વચ્ચે ઘેરામાંથી ભાગી ગયા. પાછળ તેમના વિશ્વાસુ સાથીદાર બાજી પ્રભુ દેશપાંડેએ શિવાજી સુરક્ષિત વિશાળગઢ પહોંચી ગયા ત્યાં સુધી દુશ્મનો સામે ઝીંક ઝીલીને અંતે વિરગતિ પામ્યા.

## 11.15 *બિજાપુર સાથે સંધિ અને સ્વતંત્રતાનો સ્વીકાર*

આમ બિજાપુરના સુલતાને યેનકેન પ્રકારે શિવાજીને કેદ કરવાના હરાવવાના કે દગાથી મારી નાખવાના પ્રયાસો કર્યા પરંતુ તેને સફળતા મળે નહિ. આ બાજુ મુઘલ સેનાપતિ શાહીસ્તખાંએ શિવાજીના પ્રદેશો પર આક્રમણ કર્યું. તેથી શિવાજીને પણ બિજાપુર સાથે સંધિ કરવામાં શાણપણ દેખાયું. તેથી તેમણે ૨૨મી સપ્ટેમ્બર 1660 ના રોજ પન્હાલનો કિલ્લો આદિલશાહને આપીને શાંતિ ખરીદી લીધી. આમ છતાં બંને પક્ષો વચ્ચે નાની મોટી લડાઈઓ તો ચાલુ જ રહી પરંતુ એમાં એકેયમાં મુસ્લિમોને સફળતા મળી નહિ. છેવટે 1662 માં શાહજીની મધ્યસ્થીથી બિજાપુરે શિવાજી સાથે સમાનતાની સંધિ કરીને શિવાજીનો એક સ્વતંત્ર શાસક તરીકે સ્વીકાર કર્યો.

આમ શિવાજીની લશ્કરી કારકિર્દીનો એક મહત્વનો તબક્કો પૂરો થયો. આ તબક્કામાં તેમનું રાજ્ય ચાકનથી વીરા સુધી તથા પુરંદરથી કલ્યાણ સુધી સ્થપાઈ ગયું. આ સંધિ થઈ ત્યારે તેમના રાજ્યની સીમાઓ કલ્યાણથી આગળ વધીને સમસ્ત કોંકાણથી માવો સુધી પહોંચી ગઈ હતી.

## 11.16 *શિવાજી અને મુઘલોના સંબંધો*

ઈ.સ.1662 માં શિવાજીની સાથે બિજાપુરે સમાનતાની સંધિ કરતાં હવે શિવાજીને મુઘલો સાથે સીધો સંઘર્ષ થવાની સ્થિતિ સર્જાઈ હતી. શાહજહાંએ શિવાજી સાથે સારા સંબંધો સ્થાપ્યા હતા પરંતુ ઔરંગઝેબે સમ્રાટ પદ ગ્રહણ કરતાંની સાથે શિવાજીના પ્રદેશો કબજે કરવાની નીતિ અપનાવી.

સર્વપ્રથમ ઈ.સ.1657 માં મુઘલ સરદાર નસીરખાં અને શિવાજી વચ્ચે સંઘર્ષ થયેલો પરંતુ દિલ્હીમાં વારસાવિગ્રહ શરુ થતાં ઔરંગઝેબને દક્ષિણ છોડી દિલ્હી જવુ પડ્યું. આ પરિસ્થિતનો લાભ ઊઠાવીને શિવાજીએ થાણા, ભિવંડી, માહુલીનો કિલ્લો, કોલાબા જેવા મહત્વના નગરો અને પ્રદેશો જીતી પોતાની સ્થિતિ મજબૂત બનાવી દીધી.

11.16.1 કતલબખાંનો તેજોવધ :

દક્ષિણના મુઘલ સેનાપતિએ વિશાળ લશ્કર સાથે શિવાજીના પુના, બારામતી અને અહમદનગર જેવા મહત્વના નગરો જીતી લીધા અને કલ્યાણ જીતવા માટે એક વિશાળ સેના કતલબખાંના નેતૃત્વ તળે મોકલી પરંતુ શિવાજીએ આ લશ્કરને ઉમ્બરપિડની ખીણમાં ઘેરીને કતલબખાંનને શરણે આવવાની ફરજ પાડી. આમ છતાં શિવાજી કલ્યાણને મુઘલોના આધિપત્યમાંથી મુક્ત કરાવી શક્યા.

11.16.2 કોંકણ વિજય :

શિવાજીનું કોંકણ અભિયાન ચાલુ જ રહ્યું. તેમણે એપ્રિલ 1661 માં સંગમેશ્વરથી દપોલી સુધીનો પ્રદેશ જીતીને ત્યાં મંડનગઢ, પાલગઢ અને પ્રચિતગઢના કિલ્લાઓ બંધાવ્યા. કોંકણના મજબૂત સામંત શિકેની પુત્રી ચોપરાબાઈ સાથે શિવાજીએ રાજકીય

લગ્ન કરીને સમગ્ર કોંકણ પોતાના આધિપત્ય તળે લાવ્યા. આમ વસઈથી મલબન સુધી તથા પશ્ચિમ કિનારાથી સહ્યાદ્રી સુધીનો પ્રદેશ શિવાજીના મહારાજ્યનો ભાગ બની ગયો.

11.16.3 શાઈસ્તખાં સાથે સંઘર્ષ :

શાઈસ્તખાં મુઘલોના દક્ષિણ પ્રદેશનો સુબો અને ઔરંગઝેબનો મામો થતો હતો. તેણે એક વિશાળ લશ્કર લઈને શિવાજીના પ્રદેશો જીતવા શરુ કર્યા અને મે 1660 માં પુના પર કબજો કરી લીધો. એટલું જ નહિ શિવાજીના મહેલમાં તેણે પોતાનું નિવાસ સ્થાન બનાવ્યું. ત્રણ વર્ષ સુધી શાહીસ્તાખાંએ શિવાજીને ઘણી જ કફોડી હાલતમાં મૂકી દીધા.

પરંતુ શિવાજીએ યુક્તિ દ્વારા શાહીસ્તાખાનને પરાસ્ત કરવાનું નક્કી કર્યું. તેમણે પોતાના 400 ચુનંદા સાથીઓને મુઘલ સૈનિકોનો ગણવેશ પહેરાવીને પુનામાં પહોંચાડી દીધા. આ સૈનિકો તથા શિવાજી શાહીસ્તાખાનના નિવાસસ્થાન અર્થાત પૂના ખાતેના શિવાજીના મહેલના ખૂણે ખૂણાથી પરિચિત હતા. તેથી સહેલાઈથી મહેલમાં પ્રવેશી શક્યા. વિજળી ઝડપે રાત્રે સુતેલા સ્ત્રી-પુરુષોની કતલ કરવાની શરૂ કરી. આ અંધારાની કત્લેઆમમાં શાહીસ્તાખાનની આંગળીઓ કપાઈ ગઈ અને તેનો પુત્ર મરાયો. મુઘલોએ દિવસે સિંહગઢ પર હુમલો કર્યો પરંતુ શિવાજીની તોપો સામે તેમનું કાંઈ ચાલ્યું નહીં અને શાહીસ્તાખાનને ઔરંગાબાદ ભાગી જવુ પડ્યું. આમ શિવાજી ખુલ્લંખુલ્લા મુઘલ સત્તાનો ઉપહાસ કરી શકે તેમ છે તે સાબિત કર્યું. તેમના આ સાહસને કારણે તેઓ સમગ્ર ભારતમાં વિખ્યાત થઈ ગયા.

11.16.4 સુરતની લુંટ :

શાહીસ્તાખાનને શિકસ્ત આપવાથી શિવાજીને કાંઈ લાભ થયો નહિ. તેથી હવે તેમણે સામેથી ઔરંગઝેબને છંછેડવાનું નક્કી કર્યું. આ યુગમાં સુરત મુઘલ સામ્રાજ્યનું સૌથી સમૃધ્ધ અને સંપત્તિવાન નગર હતું. પરિણામે 6ઠ્ઠી જૂન 1664 ના રોજ સુરત પર હુમલો કર્યો અને આ સમૃધ્ધ નગરને સતત ત્રણ દિવસ સુધી લૂંટ્યું અને એક કરોડ રુપિયા હાથ ધર્યા. આ લૂંટમાં વિરજી વોરા અને હાજી સૈયદ બેગ નામના વેપારીઓની સંપત્તિ મુખ્ય હતી. સુરત લૂંટીને શિવાજી રાયગઢ આવ્યા એ અરસામાં તેમના પિતા શાહજીનું વાસવપટ્ટણ ખાતે શિકાર કરવા જતાં આકસ્મિક અવસાન થયું.

11.16.5 શિવાજી અને રાજા જયસિંહ :

સુરતની લૂંટ પછી ઔરંગઝેબને પ્રતિતિ થઈ કે શિવાજીને હરાવવા મુઘલ લશ્કરના શ્રેષ્ઠ સેનાપતિને મોકલ્યા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. તેથી તેણે મીરજા રાજા જયસિંહને વિશાળ લશ્કર આપીને શિવાજી વિરુધ્ધ મોકલ્યો. જયસિંહ યોગ્ય, બહાદુર અને દક્ષ સેનાપતિ હતો. આ ઉપરાંત તે દૂરદર્શી તેમજ રાજનીતિમાં દક્ષ હતો. તેથી તેણે સર્વપ્રથમ બિજાપુરના સુલતાન તથા વિદ્રોહી હિન્દુ સરદારો તેમજ દરિયા

કિનારાના પોર્ટુગીઝને પોતાના પક્ષમાં કરવાનો પ્રારંભ કર્યો. કર્ણાટકના શિવાયા નાયક જેવા સામંતોને પણ પોતાના પક્ષમાં લેવામાં તેને સફળતા મળી.

જયસિંહે શિવાજીના નાકને દબાવવા માટે પુરંદરના કિલ્લાનો ઘેરો ઘાલ્યો. મરાઠાઓએ વીરતાપૂર્વક પ્રતિકાર કર્યો. મુરારબાજી જેવા મરાઠા સેનાપતિઓ આ ઘેરાના યુધ્ધમાં મરાયા. છેવટે શિવાજીએ દીર્ઘદ્રષ્ટિ વાપરીને 11મી જૂન 1665 ના રોજ રાજા જયસિંહ સમક્ષ શરણાગતિ સ્વીકારી.

11.16.6 પુરંદરની સંધિ :

(જૂન 1665) છેવટે મુઘલો અને શિવાજી વચ્ચે સંધિ કરવામાં આવી જેની જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) શિવાજીને ચાર લાખ (હોન) ની આવકવાળા કુલ ત્રેવીસ કિલ્લાઓ મુઘલોને આપવા પડ્યા.

(2) રાજગઢ સહિત બાર કિલ્લાઓ શિવાજીને સોંપવામાં આવ્યા.

(3) શિવાજીના પુત્રે મુઘલ દરબારમાં રહેવું અને તેને 5000 ની મનસબ આપવી.

(4) બિજાપુરના કબજાનો કોંકણનો ઉચ્ચ પ્રદેશ શિવાજીને ચાલીસ લાખ હોન હપ્તે હપ્તે ભરવાની શરતે આપવો.

શિવાજીએ પુરંદરની સંધિનું પાલન કર્યું. એટલું જ નહિ બિજાપુર વિરુધ્ધ મુઘલોની તરફેણમાં લડ્યા પણ ખરા. આ સંધિની એક મહત્વની જોગવાઈ એ હતી કે શિવાજી સ્વયં મુઘલ સમ્રાટને રાજધાનીમાં આવીને મળશે. આ માટે રાજા જયસિંહે શિવાજીને દક્ષિણની સુબાગીરીની લાલચ આપી. જો કે શિવાજી ઔરંગઝેબને મળીને જંજિરાના સિદિઓના ટાપુ પ્રાપ્ત કરવા માંગતા હતા, તેથી તેઓ આગ્રા જવા તૈયાર થયા. આમ પુરંદરની સંધિને રાજા જયસિંહની અપૂર્વ સફળતા ગણવામાં આવે છે.

11.16.7 આગ્રામાં કેદ અને મુક્તિ :

જયસિંહ તરફથી અભય વચન મળતાં શિવાજી અને તેમના પુત્ર સંભાજી આગ્રામાં મુઘલ સમ્રાટ ઔરંગઝેબને મળવા તૈયાર થયા. શિવાજીને શંકા હતી કે મુસલમાનો દગો કરશે તેથી તેમણે પુના છોડતા પહેલાં માતા જીજાબાઈની અધ્યક્ષતામાં એક વહીવટી પરિષાદ રચીને તેમને શાસનાધિકાર આપ્યો. ત્યારબાદ તેઓ આગ્રા જવા નીકળ્યા. તેમની સાથે પુત્ર શંભાજી, પાંચ ઉચ્ચ અધિકારીઓ તથા કેટલાક વિશિષ્ટ કાબેલિયત ધરાવતા અંગરક્ષકો હતા.

શિવાજી આગ્રા આવ્યા તેના અનેક કારણોમાં એક મહત્વનું કારણ તેઓ જાતે મુઘલ સામ્રાજ્યની તાકાત અને સાધનોનો અંદાજ લગાવીને ભાવિ રણનીતિ તૈયાર કરવા ઈચ્છતા હતા. બન્યું એમ જ ઔરંગઝેબે શિવાજીનું ભર દરબારમાં પાંચહજારી મનસબદારોની પંક્તિમાં ઊભા રાખીને અપમાન કર્યું અને પછી તેમને કેદ કર્યા. છેવટે ત્રણ મહિના પછી મીઠાઈના ટોપલાઓમાં સંતાઈને બંને પિતા-પુત્ર મુઘલ સામ્રાજ્યની

જડબેસલાક કેદમાંથી ભાગવામાં સફળ થયા. સાધુના વેશે બુંદેલ ખંડ, ગોંડવાના અને ગોલકોન્ડા થઈને મહારાષ્ટ્રમાં પહોંચી ગયા. ઔરંગઝેબ તેમને પકડી શક્યો નહિ.

11.16.8 મુઘલો સાથે સંધિ (ઈ.સ.1668) :

શિવાજી બે થી ત્રણ વર્ષ શાંતિ જાળવવા ઈચ્છતા હતા. એજ રીતે ઔરંગઝેબ પણ ઈરાની આક્રમણના ભયને કારણે શિવાજી પર આક્રમણ કરવા સમર્થ નહોતો. પરિણામે ઈ.સ.1668 માં રાજા જશવંત સિંહની મધ્યસ્થતાથી શિવાજી અને અંગ્રેજો વચ્ચે શાંતિ સંધિ કરવામાં આવી.

11.16.9 શિવાજી મુઘલ સંઘર્ષ :

ઉપરોક્ત સંધિ ઈ.સ.1669 સુધી જ સ્થાઈ રહી શકી કારણ કે શિવાજી મુઘલ દરબારમાં થયેલા પોતાના અપમાનને ભૂલ્યા નહોતા. બિજાપુર અને ગોલકોન્ડા શિવાજી સામે લડવા અસમર્થ હતા. આ બે મુસ્લિમ રાજ્યો તો શિવાજીને ચોથ અને સરદેશમુખી રુપે અનુક્રમે પાંચ લાખ અને ત્રણ લાખ રુપિયા આપવા રાજી થયા હતા. તેથી શિવાજીએ ઈ.સ.1670 માં મુઘલો વિરુધ્ધ આક્રમણો શરૂ કર્યા.

પ્રારંભમાં પુરંદરની સંધિની જોગવાઈ અનુસાર મુઘલોને આપવા પડેલા તેવીસે તેવીસ કિલ્લાઓ એક પછી એક કરીને જીતી લીધા. સુરત પર પણ પુનઃ આક્રમણ કરવામાં આવ્યું. બરાર, ખાન દેશ, બાગલણ અને સલહારના પ્રદેશો પણ જીતી લેવામાં આવ્યા. શિવાજીના આ સફળ લશ્કરી અભિયાનને કારણે તેમના રાજ્યની સીમા ઉત્તરમાં સુરત સુધી, દક્ષિણમાં હુબલી તથા વેદનોર, પૂર્વમાં બરાર, બિજાપુર અને છેક ગોલકાન્ડા સુધી પહોંચી ગઈ. મુઘલ સેનાપતિ ખાનજેહાંએ આ પ્રદેશો પ્રાપ્ત કરવા શિવાજી સાથે સતત પાંચ વર્ષ સુધી યુધ્ધ કર્યા પરંતુ મરાઠાઓને તે કચડી શક્યો નહિ અને લાચાર થઈને શિવાજીના સૈન્યને મુઘલ પ્રદેશોમાં ચોથ અને સરદેશમુખી વસૂલ કરતો જોઈ રહ્યો.

## 11.17 *શિવાજીનો રાજ્યાભિષેક*

લગભગ સંપૂર્ણ મહારાષ્ટ્ર જીત્યા પછી શિવાજીએ જૂન 1674 માં પોતાનો વિધિવત રાજ્યાભિષેક કરાવ્યો અને તેમણે છત્રપતિનું બિરુદ ધારણ કર્યું. તેમણે રાયગઢને પોતાના રાજ્યની રાજધાની બનાવી. ત્યારબાદ તેઓ છ વર્ષ જીવંત રહ્યા અને મુઘલો તથા બિજાપુરના મુસ્લિમો સામે ઝઝૂમતા રહ્યા.

આ સંઘર્ષમાં જુલાઈ 1674 માં શિવાજીનો મુઘલોની પેડગાંવ લશ્કરી છાવણી પરનો હુમલો નોંધપાત્ર ગણાય છે. આ હુમલામાં શિવાજીને 200 જાતવાન ઘોડાઓ તથા એક કરોડ રુપિયાની સંપત્તિ પ્રાપ્ત થઈ હતી. ત્યારબાદ શિવાજીએ ગોલકોન્ડા અને કર્ણાટકના દિગ્વિજયનો પ્રારંભ કર્યો.

## 11.18 *ગોલકોન્ડા અને શિવાજી*

ઔરંગઝેબ ઉત્તરમાં વ્યસ્ત હતો. તેથી શિવાજીએ પોતાના પિતાના ક્ષેત્ર કર્ણાટકને કબજે કરવાની યોજના બનાવી. પોતાના કર્ણાટક અભિયાન વખતે ઉત્તરમાંથી કોઈ મુશ્કેલી ઊભી ન થાય તે માટે તેમણે સંપૂર્ણ વ્યવસ્થા કરી હતી. ખાસ કરીને કર્ણાટક લેવા જતાં મહારાષ્ટ્ર ખોવું ન પડે તે માટે તેમણે કૂટ નૈતિક ચાલ ચાલીને ગોલકોન્ડાને મિત્ર બનાવ્યું. પરિણામે શિવાજીના દક્ષિણ અભિયાનમાં ગોલકોન્ડાનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો. એ વખતે ગોલકોન્ડાના સુલતાન અબ્દુલ હસનનો મુખ્યપ્રધાન મદન્ના પંડિત હતો. તેની મદદથી ગોલકોન્ડાના રક્ષણની જવાબદારી શિવાજીએ માથે લઈને પોતાનું સંરક્ષિત રાજ્ય બનાવી દીધું. આના બદલામાં ખંડણીરુપે સુલતાને શિવાજીને વર્ષે એક લાખ હોન આપવા તેમ નક્કી થયું. શિવાજીનું હૈદરાબાદમાં સ્વયં સુલતાને સ્વાગત કર્યું.

## 11.19 *કર્ણાટક અભિયાન*

આમ ગોલકોન્ડા તરફથી શિવાજી સંપૂર્ણ રીતે નિશ્ચિત બની ગયા અને તેઓ પોતાના વિશાળ લશ્કર સાથે હૈદરાબાદથી આગળ વધ્યા. કરનૂલ, શ્રી શૈલમ, અન્નાપુર, તિરુપતિ અને કાલા હસ્તિ થતા થતા છેક જીંજી સુધી વિજય કરતા ગયા. તેમણે જીંજીને પોતાના કર્ણાટક પ્રાંતની રાજધાની બનાવી ત્યારબાદ વેલ્લોરના કિલ્લેદાર અબ્દુલ્લાખાંને હરાવવામાં આવ્યો અને તિરુવાડી જીતતા જીતતા દક્ષિણમાં આગળ વધ્યા. આમ આ વિજયી અભિયાન દ્વારા શિવાજીએ તુંગભદ્રાથી કાવેરી સુધીનો કર્ણાટકના મેદાનનો ફળદ્રુપ પ્રદેશ જીતી લીધો અને ઈ.સ.1678 માં તેઓ પન્હાલા આવ્યા.

## 11.20 *શિવાજીનું મરણ*

કર્ણાટકથી પરત આવ્યા પછી શિવાજીને મુઘલો તથા બિજાપુર સાથે નાના મોટા અનેક યુધ્ધો કરવા પડ્યા. તેમના જીવનનું છેલ્લું અભિયાન ઔરંગાબાદથી પૂર્વમાં ચાળીસ માઈલ દૂર આવેલ જાલના નામના વ્યાપારી નગરને જીતવાનું હતું. આ નગર જીત્યા પછી શિવાજી બિમાર પડ્યા. તેમના અંતિમ દિવસો દુઃખમાં પસાર થયા કારણ કે તેમના મોટા પુત્ર શંભાજીનું ચારિત્ર્ય સારુ નહોતું. એક વખત તો તેને એક બ્રાહ્મણ પરિણીતા પર બળાત્કાર કરવા બદલ કેદ કરવામાં આવેલો. પોતાના વારસપુત્રની આવી સ્થિતિ જોઈને તેઓ નિરાશ થયા. તેમની તબિયત વધુ બગડી. છેવટે લોહીના ઝાડા થતાં ચોથી એપ્રિલ 1680 ના બપોરે ભારતનો આ રાષ્ટ્રનિર્માતા મૃત્યુલોકને તજી ગયો. એ વખતે તેમની ઉંમર ફક્ત બાવન વર્ષની હતી.

## 11.21 *અંગ્રેજો અને શિવાજી*

શિવાજીના જીવનકાળ દરમિયાન ભારતના પશ્ચિમ કિનારે અનેક યુરોપિયનોએ વર્ચસ્વ સ્થાપવા પ્રયાસો આરંભ્યા હતા. જેમાં અંગ્રેજો મહત્વના હતા. સ્વાભાવિક છે કે મહત્વાકાંક્ષી યુરોપિયનો સાથે શિવાજીને સંઘર્ષ થાય.

11.21.1 પ્રથમ સંઘર્ષ :

શિવાજીએ બિજાપુરના સેનાપિત અફઝલખાંને મારી નાખ્યો. ત્યારબાદ તેના પુત્રને રાજપુરની કોઠીના અંગ્રેજ હાકેમો રેવિંગ્ટન તથા ગિફફોર્ડએ આશ્રય આપ્યો. તેથી શિવાજી અને તેમના સામંત દારોજીએ રાજપુર પર આક્રમણ કર્યું. રેવિંગ્ટન દરિયાઈ માર્ગે ભાગી ગયો અને ગિફફેર્ડને કેદ કરવામાં આવ્યો. છેવટે અફઝલખાનની સર્વસંપત્તિ શિવાજીને અંગ્રેજોએ આપી પછી જ તેને છોડવામાં આવ્યો.

11.21.2 સિદિ જોહરને શિવાજી વિરુધ્ધ મદદ :

જ્યારે સિદિ જૌહરે શિવાજીને પન્હાલાના કિલ્લામાં ઘેર્યો ત્યારે રાજપુરના અંગ્રેજોએ તોપો, ગોળીઓ, દારૂ અને અંગ્રેજ બંદૂકધારીઓને શિવાજી વિરૂધ્ધ લડવા મોકલેલા. તેથી શિવાજીની આ સંઘર્ષમાં ઘણી જ ખરાબ સ્થિતિ થઈ ગઈ હતી. શિવાજીએ અંગ્રેજોને માફ કર્યા નહિ અને ભવિષ્યમાં આની કિંમત વસૂલ કરી.

11.21.3 રાજપુર પર કબજો :

ઉપરોક્ત કારણવસાત શિવાજીએ રાજપુરના અંગ્રેજોને પાઠ ભણાવવાનું નક્કી કર્યું. તેમણે ઈ.સ.1661 માં કોંકણ અભિયાન વખતે રાજપુર કબજે કરીને છ અંગ્રેજ વેપારીઓને પકડી લીધા. આમાંનો એક માંદો પડતાં મુક્ત કર્યો અને તેમની તમામ સંપત્તિ જપ્ત કરવામાં આવી. શિવાજીએ અંગ્રેજોની 25000 હોનની મિલકત લૂંટી હતી અને બે વર્ષ સુધી અંગ્રેજ વેપારીઓને કેદમાં રાખ્યા હતા. છેવટે બારમી જૂન 1674 ના રોજ હેન્રી ઓક્સિનડન શિવાજી સાથે એક મૈત્રી સંધિ કરવામાં સફળ થયો.

## 11.22 *શિવાજી અને પોર્ટુગીઝો*

પોર્ટુગીઝોએ શિવાજી સાથે અંગ્રેજોની માફક કદી ખુલ્લો સંઘર્ષ કર્યો નહિ. આમ છતાં કેટલીક નાની નાની બાબતો પર તેમની વચ્ચે તનાવપૂર્ણ સ્થિતિ રહી. આવી કેટલીક બાબતો આ પ્રમાણે હતી :

(1) પોર્ટુગીઝોએ મરાઠાઓ દ્વારા હરાવવામાં આવેલા દેસાઈઓને આશ્રય આપ્યો હતો.
(2) દમણમાંથી શિવાજી ચોથ ઉઘરાવતા હતા.
(3) મરાઠાઓ પોર્ટુગીઝોના જમીન માર્ગના વેપારમાં હસ્તક્ષેપ કરતા હતા.
(4) ઈ.સ.1659 માં પોર્ટુગીઝોએ શિવાજીના કેટલાક જહાજો રોકવા પ્રયત્ન કર્યો.
(5) બાર દેશ નામના પ્રદેશમાં પોર્ટુગીઝો હિન્દુઓને વટલાવતા હતા. તેથી ઈ.સ.1667 માં શિવાજીને અહીંયા લશ્કર મોકલવું પડેલું અને 1600 જેટલા પોર્ટુગીઝોને કેદ કરવામાં આવ્યા.

પોર્ટુગીઝો શિવાજીનો કોઈપણ રીતે સામનો કરી શકે તેમ નહોતા. તેથી છેવટે ડિસેમ્બર 1667 માં તેમણે શિવાજી સાથે અંગ્રેજો જેવી જ એક મૈત્રી સંધિ કરી. આ સંધિ પછી પણ શિવાજી અને પોર્ટુગીઝો વચ્ચે નાની મોટી ઘટનાઓ ઘટતી રહી. ઉદાહરણ

તરીકે ઈ.સ.1670 માં મરાઠાઓ પોર્ટુગીઝોનું એક જહાજ પકડીને ડભોલ લઈ ગયા. બીજી બાજુ પોર્ટુગીઝોએ મરાઠાઓના બાર જહાજો પકડ્યાં. આમ છતાં તેઓ શિવાજી સાથે ક્યાંય ખુલ્લા યુધ્ધમાં સામેલ થયા નહિ.

## 11.23 *શિવાજીનું વહીવટીતંત્ર*

શિવાજી ફક્ત લડવૈયા કે વિજેતા જ નહોતા પરંતુ એક કાબેલ વહીવટ પ્રબંધક પણ હતા. તેમણે પોતાના રાજ્યના યોગ્ય સંચાલન માટે કેન્દ્રીય, પ્રાંતિક અને સ્થાનિક કક્ષાએ સુગ્રથિત અને સુદ્રઢ વહીવટીતંત્ર સ્થાપ્યું હતું. આ વહીવટીતંત્રની વિગતો આ પ્રમાણે છે :

11.23.1 કેન્દ્રીય તંત્ર :

કેન્દ્રમાં રાજા અર્થાત છત્રપતિ સર્વોચ્ચ હતા. આમ છતાં તેમને હિન્દુ શાસ્ત્રોની આજ્ઞા અનુસાર પ્રજા કલ્યાણ અર્થે શાસન કરવાનું હતું. રાજાને મદદ કરવા માટે એક મંત્રી પરિષદ હતી. જે ભારતના ઈતિહાસમાં અષ્ટપ્રધાનમંડળ તરીકે વિખ્યાત છે.

11.23.2 અષ્ટ પ્રધાનમંડળ :

આ અષ્ટ પ્રધાનમંડળ સંપૂર્ણ રીતે શિવાજીને જવાબદાર હતું. શિવાજીની મધ્યસ્થ સરકારમાં અઢાર ખાતાઓ હતા જે આ આઠ મંત્રીઓને સોંપવામાં આવ્યા હતા.

11.23.2.1 પેશવા (વડાપ્રધાન) :

રાજ્યના વડાપ્રધાનને પેશવા તરીકે ઓળખવામાં આવતો હતો. તમામ મહત્વના આદેશો પર શિવાજીની મહોર નીચે તેની મહોર લગાવવામાં આવતી. શિવાજીની ગેરહાજરીથી તે રાજ્યનો સંપુર્ણ વહીવટ કરતો હતો. તેને મહીને 4375 રુપિયા પગાર આપવામાં આવતો હતો. રાજ્યના તમામ અધિકારીઓ વચ્ચે સમતુલન અને કાર્ય સંકલન સાધવાની તેની મુખ્ય જવાબદારી હતી.

11.23.2.2 અમાત્ય :

અમાત્યની પાસે રાજ્યનો નાણા વિભાગ રહેલો હતો. તે આવક અને ખર્ચનો હિસાબ રાખતો હતો અને રાજ્યના વિવિધ પ્રાંતોના હિસાબની તપાસ કરતો હતો.

11.23.2.3 મંત્રી :

મંત્રી અત્યારના કેન્દ્ર સરકારના ગૃહ પ્રધાન જેવો હતો રાજાનાં દૈનિક કાર્યો અને દરબારની મહત્વપૂર્ણ ઘટનાઓની તે નોંધ રાખતો. આ ઉપરાંત રાજાના ભોજનનો તે પ્રબંધ કરતો. રાજાના સંરક્ષણની જવાબદારી પણ તેના હસ્તક હતી. તે ખાસ કરીને રાજા સાથે જ રહેતો.

11.23.2.4 સુમંત :

સુમંત અત્યારના વિદેશપ્રધાન જેવો હતો, વિદેશી રાજ્યો અને તેની તાકાત બાબતે રાજાને સલાહ આપતો હતો. વિદેશી રાજદૂતોનું સ્વાગત, નિવાસ તથા તેમને વિદાય આપવાની કામગીરી સુમંતને કરવી પડતી હતી. પોતાના જાસૂસો દ્વારા શાંતિના સમયમાં તેમજ યુધ્ધના સમયમાં તે વિદેશી રાજ્યોની પ્રવૃત્તિઓ પર દેખરેખ રાખતો હતો.

11.23.2.5 સચિવ :

રાજ્યના પત્રવ્યવહારની જવાબદારી સચિવની હતી. પરગણાંની આવકનો હિસાબ પણ તેને રાખવો પડતો હતો. મધ્યસ્થ સરકારમાં તેની સ્થિતિ અત્યારના અધિક્ષક જેવી ગણી શકાય.

11.23.2.6 સેનાપતિ :

આ મંત્રી લશ્કરમાં સૈનિકોની ભરતી કરતો, શિસ્ત જાળવતો અને સંગઠન પણ કરતો. શાંતિ અને યુધ્ધના સમય દરમ્યાન સૈનિકોની ટુકડીની ફરજો નક્કી કરતો. આ ઉપરાંત યુધ્ધ વખતે વ્યૂહ યોજવાની જવાબદારી તેની હતી.

11.23.2.7 પંડિત રાવ :

સરકારના ધાર્મિક ખાતાનો વડો પંડિત રાવ હતો. રાજાની ઈચ્છા અનુસાર તે બ્રાહ્મણો તેમજ ગરીબોને દાન આપતો હતો. લોકોના નૈતિક આચરણોનું નિરીક્ષણ કરતો. ધાર્મિક પ્રણાલિકાઓને સંબંધિત નિયમો બનાવવા તથા જ્ઞાતિઓના ઝઘડાઓ ઉકેલવાનું પણ તેની ફરજમાં આવતુ હતું.

11.23.2.8 ન્યાયાધિશ :

આ પ્રધાન ન્યાય ખાતાનો વડો હતો. તે દીવાની તેમજ ફોજદારી બંને પ્રકારના કેસોનો નિકાલ લાવતો હતો.

ઉપરોક્ત આઠે પ્રધાનોમાંથી પંડિતરાવ અને ન્યાયાધીશને બાદ કરતાં બાકીના છને આવશ્યકતા અનુસાર યુધ્ધમાં ભાગ લેવો પડતો હતો. સેનાપતિને બાદ કરતાં બાકીના તમામ પ્રધાનો બ્રાહ્મણો હતા. શિવાજીએ દરેક પ્રધાનનો પગાર નક્કી કર્યો હતો.

11.23.3 રોકડ પગાર પધ્ધતિ :

શિવાજીને સેવાના બદલામાં જમીન, જાગીર આપવાના અનિષ્ટોનો ખ્યાલ હતો. પરિણામે મંત્રીઓ અને રાજ્યના અન્ય અધિકારીઓને રોકડ પગાર આપતા હતા. આ નીતિ અનુસાર તેમણે અનેક જાગીરો જપ્ત કરીને ખેડૂતોનો સરકાર સાથે સીધો સંબંધ સ્થાપ્યો.

11.23.4 પ્રાંતિક તંત્ર :

શિવાજીએ પોતાના રાજ્યને પ્રાંતો પરગણા અને જિલ્લાઓમાં વહેંચી લીધું હતું. મુખ્ય પ્રાંતો ચાર હતા.

11.23.4.1 ઉત્તર પ્રાંત :

આ પ્રાંતમાં ઉત્તર મુંબઈ, કોંકણ, દક્ષિણ સુરત, બાગલણ, પુના તરફનો દક્ષિણ વિસ્તાર, ડાંગ અને કોળી ઠાકોરોના પ્રદેશોનો સમાવેશ થતો હતો.

11.23.4.2 દક્ષિણ પ્રાંત :

આ પ્રાંતમાં દક્ષિણ મુંબઈ, કોંકણ, સાવંતવાડી અને ઉત્તર કિનારાના દરિયાઈ વિસ્તારનો સમાવેશ થતો હતો.

11.23.4.3 દક્ષિણ-પૂર્વ પ્રાંત :

આ પ્રાંતમાં સતારા, કોલ્હાપુર, બેલગાંવ, ધારવાડ અને કોયલ જીલ્લાઓનો સમાવેશ થતો હતો.

11.23.4.4 લશ્કર અધિકૃત પ્રાંત :

આ પ્રાંતમાં અત્યારના લેફટનંટ ગવર્નરના પ્રાંતો જેવું લશ્કરી શાસન હતું. જેમાં ઉત્તર, મધ્ય અને પૂર્વ કર્ણાટક તેમજ તામિલનાડુના મોટાભાગના પ્રદેશોનો સમાવેશ થતો હતો.

પ્રાંતોના વડાની નિમણૂક સ્વયં શિવાજી કરતા હતા. ઉત્તર, દક્ષિણ, પૂર્વ પ્રાંતના સુબાઓ અનુક્રમે મોરોત્ર્યંબક પિંગળે, અન્નાજી દત્તો અને દત્તોજી પંત હતા. પ્રાંતિક સુબાઓની મુખ્ય ફરજ પ્રાંતમાં શાંતિ જાળવવાની, મહેસૂલ એકત્ર કરવાની અને પ્રાંતનું રક્ષણ કરવાની હતી.

11.23.5 ધાર્મિક નીતિ :

શિવાજી કટ્ટર હિન્દુ હોવા છતાં અન્ય ધર્માવલંબીઓ પ્રત્યે ઉદાર અને અસિહષ્ણુ હતા. સતત મુસલમાનો વિરુધ્ધ લડવા છતાં પોતાના રાજ્યમાં મુસ્લિમોને તેમણે સ્વતંત્રતા આપેલ. તેમણે નવી મસ્જિદો બનાવવા દાન પણ આપ્યું છે. બાબુ યાકુબની મજાર આનું ઉદાહરણ છે. તેમણે મુસલમાન ઘોડેસવારોની પોતાના લશ્કરમાં ભરતી કરી હતી. શિવાજીના તીવ્ર ટીકાકાર ખાફીખાં પણ નોંધે છે કે, શિવાજી મુસ્લિમ મહિલાઓ તથા કુરાને શરીફ પ્રત્યે આદર ધરાવતા હતા. આમ છતાં તેમણે હિન્દુ ધર્મની પ્રગતિ માટે પ્રયાસો કર્યા હતા. બ્રાહ્મણો અને વિદ્વાનોને દાન આપ્યા. તમામ ધર્મના લોકો સમાનતા અને સ્વમાનભેર રહી શકે તેવા હિન્દુ રાજ્યની સ્થાપના માટે તે જીવનભર ઝઝૂમતા રહ્યા.

11.23.6 ન્યાયતંત્ર :

શિવાજી ઉચ્ચ કક્ષાના અને કાર્યદક્ષ ન્યાયતંત્રની સ્થાપના કરી શક્યા હતા. હિન્દુ શાસ્ત્રો અને પ્રણાલિકાઓ પ્રમાણે ન્યાય આપવામાં આવતો હતો. ન્યાયની બાબતમાં શિવાજી કોઈ ભેદભાવ રાખતા નહિ. ગામોના ઝઘડા પંચાયતો ઉકેલતી. ફોજદારી કેસોનો નિકાસ પાટિલો લાવતા તેમની સામે અપીલ થઈ શકતી અને સર્વોચ્ચ અપીલી અદાલત સ્વયં શિવાજી હતા.

11.23.7 કર પધ્ધતિ :

શિવાજીએ ભારતની કર પધ્ધતિમાં પણ અનેક પરિવર્તનો કર્યા હતા.

11.23.8 જમીન મહેસૂલ :

શિવાજીએ જાગીરપ્રથા નાબૂદ કરી અને જમીન મહેસૂલ નક્કી કરી ખેડૂતો સાથે રાજ્યનો સીધો સંબંધ સ્થાપ્યો. આ માટે તેમણે વહીવટનું વિકેન્દ્રીકરણ કર્યું. પ્રાંતના સુબેદાર, પરગણાના હવાલદાર અને ગામના પાટિલ જમીન મહેસૂલ ઉઘરાવવાનું કામ કરતા હતા. તેમને મદદ કરવા બીજા પણ અધિકારીઓ નીમવામાં આવ્યા હતા.

શિવાજીએ "કાઠી" નામના ગજથી જમીન માપવાની પધ્ધતિનો અમલ કરી ખેડાણ લાયક જમીનનું ક્ષેત્રફળ નક્કી કર્યું હતું. ત્યારબાદ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ જેવા વિભાગો પાડીને મહેસૂલનો દર નક્કી કરવામાં આવ્યો હતો. સામાન્ય રીતે સરકાર કુલ ઉપજનો 2/5 ભાગ રોકડ અથવા ધાન્ય સ્વરુપે વસૂલ કરતી. દુષ્કાળ વખતે પણ રાજ્ય ખેડૂતોને મદદ કરતું.

11.23.9 અન્ય કર :

જમીન મહેસૂલ ઉપરાંત શિવાજીની આવકનું મુખ્ય સાધન ચોથ અને સરદેશમુખી હતું. ચોથ લશ્કરી ખર્ચ હતો જે વિજિત પ્રદેશોમાંથી મેળવતો જ્યારે સરદેશમુખી મરાઠા રાજ્યના વારસાગત દેશમુખો પાસેથી લેવામાં આવતો હતો. આ ઉપરાંત જકાત, વ્યવસાયવેરો અને દંડ દ્વારા સરકાર આવક પ્રાપ્ત કરતી હતી.

11.23.10 લશ્કરી તંત્ર :

એક કુશળ યોધ્ધા અને સેનાનાયક હોવાને કારણે શિવાજીએ લશ્કરી તંત્રમાં અનેક પરિવર્તનો કરીને તેને સુવ્યવસ્થિત અને રાજ્યના રક્ષણને સમર્થ બનાવ્યું હતું. શિવાજીના લશ્કરની સંખ્યા અનિશ્ચિત હતી પરંતુ સામાન્ય સંજોગોમાં તેમાં લગભગ એક લાખ અશ્વદળ અને એક લાખનું પાયદળ રહેતું. પાયદળ મુખ્યત્વે કિલ્લાઓ પર રહેતું. ઘોડેસવાર બે પ્રકારના હતા.

11.23.111.1 સિલેહાર :

આ વર્ગના સવારો ઉચ્ચ વર્ગના સૈનિકો હતા જે હથિયાર અને ઘોડાઓ પોતાના લાવતા હતા અને તેમને પગાર પણ વધારે મળતો હતો.

11.23.111.2 બારગીર :

આ વર્ગના સૈનિકો સંપૂર્ણ પગારદાર વર્ગના હતા અને તેમને તમામ સામાન રાજ્ય તરફથી આપવામાં આવતો હતો.

પાયદળ અને અશ્વદળ ઉપરાંત શિવાજીના લશ્કરમાં હાથીઓ, ઊંટ અને ટટ્ટુ કે ખચ્ચરનો પણ સમાવેશ કરવામાં આવતો હતો. આ ઉપરાંત દરિયા કિનારાના પ્રદેશોના રક્ષણ માટે તેઓની પાસે એક નૌકાદળ પણ હતું. આ નૌકાદળમાં તોપખાનું પણ હતું. રાજ્યમાં અનેક જગ્યાએ તેમણે શસ્ત્રાગારો ઊભાં કર્યા હતા.

પાયદળ : શિવાજીની સ્થળસેના ઘણી જ વ્યવસ્થિત હતી. તેને યોગ્ય ટુકડીઓમાં વહેંચવામાં આવેલી. દસ સૈનિકો પર એક નાયક અને પાંચ નાયક પર એક હવાલદારને નિયુક્ત કરવામાં આવ્યો હતો. સો સૈનિકોના દળના વડાને જુમલેદાર અને હજાર સૈનિકોના વડાને હજારી કહેવામાં આવતો હતો. સેનાપતિના નેતૃત્વ તળે પાંચ હજારી, એક હજારી, જુમલેદાર અને હવાલદારો રહેતા હતા. લશ્કરના સૈનિકો અને અધિકારીઓને રોકડ પગાર આપવામાં આવતો હતો. શિવાજી પ્રત્યેક સૈનિકને જાતે મળતાં. વ્યકિતના ચારિત્ર્ય અને યોગ્યતાનું પરીક્ષણ કરવાની તેમનામાં જબરદસ્ત સૂઝ હતી.

ચોમાસામાં શિવાજીનું લશ્કર આરામ કરતું પરંતુ દશેરાથી તે વિજય અભિયાન માટે ઉપડી જતું. શિવાજીના લશ્કર સાથે કોઈ મહીલા, દાસી, વેશ્યા કે વારાંગના રહી શકતી નહોતી. જો કોઈ સૈનિક આ નિયમનો ભંગ કરે તો તેનો શિરચ્છેદ કરાતો.

11.23.111.3 જાસૂસો :

જાસૂસો શિવાજીના લશ્કરનું અગત્યનું અંગ હતા. પ્રત્યેક લશ્કરી ટુકડી સાથે તેઓ રહેતા અને લશ્કરને યોગ્ય સૂચના આપતા હતા. જાસુસીતંત્ર શિવાજીના પ્રત્યક્ષ અંકુશ તળે હતું. તેથી તેમની વિરુધ્ધ કોઈ કાવત્રુ રચાઈ શકતું નહિ.

11.23.111.4 અંગરક્ષક દળ :

શિવાજીના અંગરક્ષક દળમાં વીસ હજાર ચુનંદા માવળી યુવાનો હતા. જે હરદમ શિવાજી માટે પ્રાણ ન્યોછાવર કરવા તત્પર રહેતા હતા.

11.23.111.5 કિલ્લાઓ :

શિવાજીના રાજ્યમાં આશરે અઢીસો જેટલા કિલ્લાઓ હતા, જેમાંના અડધા તો શિવાજીએ તદ્દન નવા તૈયાર કરેલા. આ કિલ્લાઓ જ રાજ્યના સાચા સંરક્ષક હતા. કિલ્લામાં તેમણે હવાલદાર, સુબેદાર અને કારખાનિસ નામના ત્રણ મહત્વના અધિકારીઓ નીમેલા, જે પરસ્પર નજર રાખતા હતા. કિલ્લાની આસપાસના જંગલ ઉછેર માટે રોમોશિશ નામનો અલગ અધિકારી હતો. તેમના આ કિલ્લાઓ વિશ્વવિખ્યાત હતા. વિદેશી પ્રવાસીઓ ખાસ કરીને પુરંદર અને સિંહગઢ જોવા આવતા હતા.

11.23.111.6 નૌકાદળ :

શિવાજીને યુરોપિયનોના ભયનો ખ્યાલ હતો. પરિણામે તેમણે એક નાના છતાં મજબૂત નૌકાદળની રચના કરી હતી. તેમણે પોતાના નૌકાદળને મુંબઈ પાસે જ રાખ્યુ હતું. આ નૌકાદળે સતત જંજીરાના સિદ્દિઓ સાથે સંઘર્ષ કર્યો.

આમ શિવાજીનું વહીવટીતંત્ર કોઈ પણ દ્રષ્ટિએ જોઈએ તો વ્યવસ્થિત અને ઉચ્ચ કોટિનું હતું. કમનસીબે શિવાજી પોતાના રાજ્યાભિષેક પછી ફક્ત છ વર્ષ જ જીવતા રહ્યા અને સતત મુઘલો સામે લડતા રહ્યા. આમ છતાં પોતાને મળેલ સમયનો તેમણે વહીવટીતંત્રનું નવસંસ્કરણ કરવા માટે કરેલ ઉપયોગ દાદ માગી લે તેવો છે. થોડું વધારે જીવ્યા હોત તો ભારતના વહીવટીતંત્રના ઈતિહાસમાં પોતાનું નામ અમર કરી જાત.

## 11.24 *શિવાજીનું ઈતિહાસમાં સ્થાન*

11.24.1 શું શિવાજી લૂંટારા હતા ? :

આમ શિવાજીની અનેક ઘટનાઓ વાળી કારકિર્દીનો અભ્યાસ કરતાં સ્પષ્ટ થાય છે કે તે મહાન દેશભક્ત, રાષ્ટ્રીયતાના પુજારી, શાસક, યોધ્ધા, સેનાનાયક અને કૂટ નીતિજ્ઞ હતા. જો કે તેમના વિરોધી તવારીખકારો ખાફીખાં, ગ્રાન ડફ અને વિનસેન્ટસ્મિથે તેમને લૂંટારા, ડાકુ, હત્યારા  અને યુધ્ધખોર સૈનિક કહ્યા છે અને તેમની સરખામણી તૈમુર સાથે કરી છે.

ભારતીય ઈતિહાસકારો આ મત સાથે કદી સહમત થતા નથી. કારણ કે, તેમનામાં ચોર, લૂંટારા કે હત્યારાના લક્ષણો નહોતાં. પોતાના કરતાં મજબૂત અને વિશાળ લશ્કરી સામર્થ્ય ધરાવતા દુશ્મનો વિરુધ્ધ ગેરિલા યુધ્ધ કરવું અને દુશ્મનોના પ્રદેશમાંથી લૂંટીને પ્રાપ્ત કરેલ ધનના આધારે પોતાના લશ્કરને નીભાવવાના કાર્યને ચોર કે લૂંટારાના કાર્ય સાથે કોઈ કાળે સરખાવી શકાય નહી. જો શિવાજી ડાકુ હોત તો મંદિરોનો નાશ કરનાર તથા હિન્દુઓની સંપત્તિ લૂંટી લેનાર મુઘલોને કઈ રીતે શરીફ ગણી શકાય ?

11.24.2 ઉચ્ચ ચારિત્ર્યશીલતા :

ઉચ્ચ નૈતિક ચારિત્ર્ય એ શિવાજીના જીવનનું મુખ્ય લક્ષણ હતું. તે એક માતૃભક્ત પુત્ર, વાત્સલ્યપૂર્ણ પિતા અને કર્તવ્યપરાયણ પતિ હતા. બાળપણથી તેઓ ધાર્મિક બન્યા હતા. જીજાબાઈ, રામદાસ સ્વામી, સંત તુકારામ જેવાના સતત સંપર્કને કારણે તેઓ આજીવન સંયમી અને દુર્ગુણ રહિત બની રહ્યા. હિન્દુ-મુસ્લિમ સાધુઓ અને સ્ત્રીઓ તરફ તેમનું વર્તન સમાન હતું. ખાફીખાં જેવા હાડોહાડ શિવાજીના વિરોધીએ પણ તેમના આ ગુણની પ્રશંસા કરી છે.

## 11.25 *શિવાજીનું મૂલ્યાંકન*

શિવાજીના વ્યકિતત્વનું મૂલ્યાંકન અનેક સ્વરુપે કરવામાં આવ્યું છે. ઈતિહાસકારોનો એક વર્ગ તેમને ચોર, ડાકુ કે ડુંગરનો ઉંદર કહે છે. જ્યારે વિદ્વાનોનો બીજો વર્ગ તેમને જન્મજાત નેતા, કુશળ રાજનીતિજ્ઞ અને રાષ્ટ્રનિર્માતા ગણે છે. ગ્રાન્ટ ડફ જેવા આંગ્લ ઈતિહાસકાર પણ તેમની કુશળતા, વિનમ્રતા, મૃદુતા, સાહસ, દ્રઢતા, ઉચ્ચ મહત્વાકાંક્ષાઓ અને ઉત્સાહપ્રેરક શક્તિ જેવી તેમની લાક્ષણિકતાની પ્રશંસા કરે છે.

11.25.1 શિવાજી નેતા તરીકે :

શિવાજીમાં નેતૃત્વના જન્મજાત ગુણો હતા. બાળપણમાં જ તેમણે માવળા જાતિના કિશોરોનું નેતૃત્વ કરેલું. કોઈપણ વ્યકિત તેમના વ્યકિતત્વથી અંજાઈ જતી. તેમની નેતૃત્વશકિતમાં મરાઠાઓને એટલો બધો વિશ્વાસ હતો કે શિવાજીના ધ્વજ તળે સમગ્ર મરાઠા જાતિ એકત્ર થઈ અને પોતાના નેતા માટે પ્રાણ ન્યોછાવર કરવા તૈયાર બની. આને કારણે તેમના મુઠ્ઠીભર સૈનિકોએ મુઘલ સામ્રાજ્યને મૂળમાંથી હચમચાવી નાખ્યું. તેમનામાં માનવપરખ શકિત ઘણી જ તીવ્ર હતી અને તેથી તેઓ યોગ્ય વ્યકિતને તુરત જ પોતાની સેવામાં લઈ લેતા હતા.

તેમણે પસંદ કરેલ સુબાઓ, સચિવો, મંત્રીઓ, ઉચ્ચ અધિકારીઓ અને સેનાપતિઓને કદી વિશ્વાસઘાત કર્યો નહિ. આને કારણે શિવાજીની ગેરહાજરીમાં પણ રાજ્યનું તંત્ર તેમના આદેશો પ્રમાણે ચાલતુ હતું. અસ્તિત્વને જોખમમાં મૂકતી કટોકટી વખતે તેઓ સહેજ પણ ચલિત થતા નહિ આને કારણે લશ્કરમાં તેમની હાજરી જ ઉત્સાહવર્ધક બની જતી. તેમના આવા વ્યકિતત્વને લીધે પ્રશંસકો તેમને દેવની માફર પૂજવા લાગ્યા.

11.25.2 શિવાજી રાજનીતિજ્ઞ તરીકે :

શિવાજી જન્મજાત નેતાની સાથે કુશળ રાજનીતિજ્ઞ પણ હતા. સર જદુનાથ સરકાર તેમની રાજકીય વાસ્તવિકતાના અંદાજની શકિતની ભારોભાર પ્રશંસા કરે છે. તેઓ હંમેશા મુખ્ય લક્ષ્યને દ્રષ્ટિ સમક્ષ રાખીને આયોજન કરતા હતા. જ્યારે બિજાપુર સાથે લડતા ત્યારે તેઓ મુઘલો સાથે શાંતિમંત્રણા કરતા દેખાયા છે અને મુઘલો સાથે લડતા હોય ત્યારે બિજાપુર તેમનું મિત્ર બની ગયું હોય. આમ તેમની લશ્કરી સફળતાનો મુખ્ય આધાર કૂટ નૈતિક વ્યૂહ હતો. પુરંદરની કટોકટીનો તેમણે ધૈર્યથી સામનો કરીને પોતાના લશ્કર તથા અન્ય સંપત્તિને બચાવી એ ઘટનાને તેમની ચાણક્ય નીતિની શ્રેષ્ઠ સફળતા ગણવામાં આવે છે. અફઝલખાં અને શાહિસ્તાખાં સાથે પણ તેમણે કૂટનીતિ જ પ્રયોજીને સફળતા પ્રાપ્ત કરી. આમ તો પ્રાચીન ભારતીય પરંપરા દુશ્મનને જાણ કર્યા પછી ઘા કરવાની છે પરંતુ શિવાજી મુસ્લિમોના વિશ્વાસઘાતમાથી ઘણું શીખ્યા હતા અને તેમણે ‘શઠ પ્રતિ શાઠ્યમ’ ની નીતિ અપનાવી.

11.25.3 શિવાજી રાષ્ટ્ર નિર્માતા તરીકે :

શિવાજીના ઉદય પહેલાં મરાઠા જાતિ વેરણછેરણ હતી અને મુસ્લિમ રાજ્યોમાં નાની મોટી નોકરીઓ કરતી હતી. આવી વિછિન્ન જાતિને શિવાજીએ એક શકિતશાળી રાષ્ટ્રમાં પરિવર્તિત કરી દીધી, તેમનામાં એકતા આણી અને ભાડાના સૈનિકો બનવાને બદલે પોતાના રાષ્ટ્ર માટે જાત ન્યોછાવર કરનાર વીરોમાં ફેરવી દીધા. આ પહેલાં મરાઠાઓમાં ભાષા, જાતિ, ધર્મ અને રીતરિવાજની એકતા હતી પરંતુ શિવાજીએ તેમને રાજકીય એકતા બક્ષીને તેમને એક રાષ્ટ્રના અંગ બનાવી દીધા.

પુનાની એક નાનકડી જાગીરમાંથી વિશાળ મરાઠા સામ્રાજ્યનું સર્જન એક રાષ્ટ્રનિર્માણનું જ કાર્ય હતું. ગ્રાન્ટડફના મત પ્રમાણે શિવાજીએ પોતાના જીવનકાળ દરમ્યાન મુઘલોને પડકારી શકે તેવું વિશાળ રાષ્ટ્રીય રાજ્ય રચ્યું. ફક્ત તેઓ રાષ્ટ્ર નિર્માણ કરીને બેસી ન રહ્યા તેમણે તેને એવું સંગઠીત કર્યું કે તેમના મરણ પછી ઔરંગઝેબની તમામ તાકાતનો સતત સત્તાવીસ વર્ષ સુધી સામનો કરીને અંતે વધુ મજબૂત બનીને બહાર આવ્યું. શિવાજીની વિશેષતા એ છે કે એક અભણ નેતાએ કોઈપણ પ્રકારની વિદેશી મદદ લીધા સિવાય એક અજેય લશ્કર તથા જનકલ્યાણકારી શાસનની સ્થાપના કરી. તેમણે સાબિત કરી આપ્યું કે ''હિન્દુ જાતિ રાષ્ટ્ર નિર્માણ કરી શકે છે, સાહિત્યકલા, વ્યાપાર તેમજ ઉપેગનો વિકાસ કરી શકે છે અને શકિતશાળી નૌકાદળ સ્થાપી શકે છે.'' શિવાજીએ હિન્દુઓને વિકાસના સર્વોચ્ચ શિખરો સિદ્ધ કરવાનો માર્ગ બતાવ્યો.

શિવાજી સાચા અર્થમાં રાષ્ટ્રીય શાસક હતા કારણ કે તેમના રાજ્યમાં પ્રત્યેક ધર્મની પ્રજા સાથે સમાનતાનો વ્યવહાર કરવામાં આવતો હતો. આમ સરદેસાઈ નોંધે છે તેમ શિવાજીએ રાષ્ટ્રીય ઉધ્ધારનો અભિનવ માર્ગ પ્રશસ્ત કર્યો.

## 11.26 *સારાંશ*

શિવાજીએ પોતાના જીવનકાળ દરમ્યાન ધાર્મિક, રાજકીય, વહીવટી, લશ્કરી અને સામાજિક ક્ષેત્રે કિંમતી યોગદાન આપ્યું છે. લગભગ પ્રત્યેક વિદ્વાને આ બાબતમાં તેમની પ્રશંસા કરે છે. ગ્રાન્ટડફ નોંધે છે કે, ''શિવાજીની મહાનતા તેમણે જીતેલ પ્રદેશ કે પ્રાપ્ત કરેલ સંપત્તિને કારણે નથી પરંતુ તેમણે મરાઠાઓને સેવા, ત્યાગ જેવી અનુકરણીય ભાવનાઓથી ભરી દીધી તેને કારણે છે.'' ડૉ.એસ.આર.શર્મા નોંધે છે તેમ, ''શિવાજી પોતાની પ્રજાની જરુરિયાતો, આકાંક્ષાઓ અને ચરિત્રને બરાબર ઓળખતા હતા. વળી તેમનામાં મહારાષ્ટ્રની કીર્તિને સાકાર રુપ આપી પ્રતિષ્ઠિત કરવાની ક્ષમતા હતી. તેથી તેઓ મહાન ગણાય.'' ડૉ.સર દેસાઈના મતે ''શિવાજીએ મરાઠા રાષ્ટ્રની મનોવૃત્તિને બદલીને પોતાના અદ્વિતીય નેતૃત્વ દ્વારા ભારતની અન્ય જાતિઓમાં તેમને ગૌરવ પૂર્ણ સ્થાન અપાવ્યું.'' આ ઉપરાંત સર જદુનાથ સરકાર પણ નોંધે છે કે, ''મરાઠાઓને સ્વતંત્ર અને સ્વાવલંબી જાતિ બનાવી તેમનામાં એકતા આણી તેને શિવાજીનું સૌથી શ્રેષ્ઠ પ્રદાન ગણી શકાય.''

શ્રી સરકાર આગળ પણ નોંધે છે કે, ''હું શિવાજીને હિન્દુ જાતિએ ઉત્પન્ન કરેલ અંતિમ મહાન રચનાત્મક વ્યકિત અને રાષ્ટ્ર નિર્માતા ગણું છું. તેમણે સાબિત કરી આપ્યું કે, હિન્દુ વૃક્ષ મરણાસન્ન નથી પરંતુ રાજકીય ગુલામી, કાનૂની દમન અને સદીઓ સુધીના વિદ્રોહી દબાણ તળે કચડાવા છતાં તે પુનઃ ખીલી ઊઠે છે અને પોતાનું મસ્તક આકાશની ઊંચાઈને આંબી શકવા જેટલું ઉન્નત કરી શકે છે.'' શ્રી સરકાર શિવાજીને અલાઉદ્દીન ખલજી તથા તૈમુર લંગડાની હિન્દુ આવૃત્તિ માનવા તૈયાર નથી. તેને બદલે તે શિવાજીને ઉચ્ચ આદર્શ પ્રેરિત વ્યકિત ગણે છે. ટૂંકમાં એવું કહી શકાય કે શિવાજી નિર્વિવાદ મહાન હતા અને જે મુશ્કેલ પરિસ્થિતિઓમાં તેમણે સફળતા પ્રાપ્ત કરી તે તો તેમના કરતાં પણ મહાન હતી.

● ***તમારી પ્રગતિ ચકાસો :***

(1) શિવાજીના લગ્ન કોની સાથે થયા હતા ?

_______________

(2) શાહિસ્તાખાન મુઘલોના કયા પ્રદેશનો સુબો હતો ?

_______________

(3) પુરંદરની સંધી કોની-કોની વચ્ચે થઈ હતી ?

_______________

## 11.27 *ચાવીરૂપ શબ્દો* (Key words)

***ચોથ :*** લશ્કરી ખર્ચ હતો જે વિજિત પ્રદેશોમાંથી મળતો કર

***સરદેશમુખ :*** મરાઠા સભ્યના વારસાગત દેશમુખો પાસેથી લેવામાં આવતો કર

## 11.28 *તમારી પ્રગતિ ચકાસોના જવાબ*

(1) સાંઈબાઈ

(2) દક્ષિણ

(3) મુઘલો અને શિવાજી

## 11.29 *સંદર્ભગ્રંથો*


1. 'ગુજરાતી વિશ્વકોષ, ખંડ- 11 'ભારતનો ઈતિહાસ' (ઈ.સ.1707-1818 મરાઠા યુગનો ઈતિહાસ;લેખકઃ પ્રો.મનુભાઈ બી.શાહ ;પ્રકાશક યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,અમદાવાદ -6
2. Sarkar, J.N. : An Article in 'Modern Review' 'The Third Battle of Panipat' (May-1946)
3. Sheyavalkar, T.S. 'Panipat; Poona, 1946, Sardesai, G.S. 'New History of the Marathas' Vol. 1 to 3, Phoenix, Publication, Bombay, 1957
4. Sardesai, G.S. : 'Main Currents of Maratha History; Vol. II and III,
5. Culkutta, 1926
6. Natu, V.R. Lite of Mahadyi Sindhia'
7. Keene, H.B.'Madhav Rao Sindhiya, Oxford University Press, 1901
8. Kasiraj Pandit 'An Account of Last Battle of Panipat;
9. Macdanld, A. Life of Nana Fadanvis; Oxford University Press, 1927
10. Downing Clement 'History of Indian Ward';
11. Grant Dutt, J.C. 'History of the Marathas' Vol. III

## એકમ :12

## પેશ્વા બાલાજી વિશ્વનાથ (ઈ.સ. 1713-20) અને બાજીરાવ પહેલો (ઈ.સ. 1720-1740)

:: રૂપરેખા ::


**12.0 ઉદ્દેશો**

**12.1 પ્રસ્તાવના**

**12.2 મરાઠાઓના સત્તાવિસ્તાર માટે ખૂલેલાં દ્વાર**

**12.3 મરાઠી સત્તાના ઝડપી વિકાસ અને વિસ્તરણનો આધારસ્તંભ : પેશ્વા બાજીરાવ પહેલાનો સમય (ઈ.સ. 1720–1740)**

**12.3.1 નિઝામ સાથે પ્રથમ સંઘર્ષ, ઈ.સ. 1724–25**

**12.3.2 આર્કોટના નવાબ સાથે સમજુતી, ઈ.સ. 1725–27**

**12.3.3 નિઝામ સાથે પાલખેડનું યુદ્ધ અને મુંગીશેવગાંવની સંધિ, ઈ.સ. 1727**

**12.3.4 માળવા પર આધિપત્ય, ઈ.સ. 1728**

**12.3.5 બુંદેલખંડ પર વિજય, ઈ.સ. 1729**

**12.3.6 ગુજરાત પર આધિપત્ય અને દભાડેનું પતન, ઈ.સ. 1731**

**12.3.7 અન્ય વિજયો**

**12.3.8 દિલ્હી ઉપર આક્રમણ, ઈ.સ. 1737 (માર્ચ)**

**12.4 મરાઠી સત્તા સર્વોચ્ચ કક્ષાએ (પેશ્વા બાલાજી બાજીરાવ : ઈ.સ. 1740- 1761)**

**12.4.1 પેશ્વાપદની પ્રાપ્તિ 26 જૂન, 1940 :**

**12.4.2 રાજકીય કારકિર્દીનો પ્રથમ નવ વર્ષનો તબક્કો : વિજયોની હારમાળા અને મરાઠી સત્તાનો વિસ્તાર : (ઈ.સ. 1740 થી ઈ.સ. 1749)**

- **તમારી પ્રગતિ ચકાસો**

**12.5** ***સારાંશ***

**12.6** ***તમારી પ્રગતિ ચકાસોના જવાબો***

**12.7 ચાવીરૂપ શબ્દો**

**12.8** ***સંદર્ભ સૂચિ***

## 12.1. ઉદ્દેશો

1. આ એકમના અભ્યાસથી મરાઠા સામાજ્ય તેના વિકાસ અને વિસ્તરણની દૃષ્ટિએ સર્વોચ્ચ કક્ષાએ કેવી રીતે પહોંચ્યું હતું, તેનું તલસ્પર્શી જ્ઞાન આપવાનો ઉદ્દેશ છે.
2. આ એકમના અભ્યાસથી જર્જરિત થઈ ગયેલ મુઘલ સામ્રાજ્યના શેષ બચેલા અવશેષો કેવી રીતે નામ શેષ થઈ ગયા, તેનો સુપેરે પરિચય આપવાનો ઉદ્દેશ પણ છે.

## 12.2 પ્રસ્તાવના

જૂન, ઈ.સ. 1708માં મરાઠાઓના સર્વોચ્ચ સેનાપતિ ધનાજી જાધવનું, બાગલાણ અને ખાનપ્રદેશ મુઘલ સૈન્ય પરાજ્ય આપીને, છત્રપતિ શાહુ મહારાજના અત્યંત વિશ્વાસુ અમાત્ય બાલાજી વિશ્વનાથ સાથે પાછા ફરતાં, વર્ષાઋતુમાં વારણા નદીને કિનારે, બાલાગાંવ નજીક અવસાન થયું. નીડર અને સાહસિક સેનાપતિ ધનાજી જાધવની વિદાય છત્રપતિ શાહુને માટે ન પૂરાય તેવી ખોટ પડેલી; આથી, એ સેનાપતિની સેવાઓની કદર કરીને, છત્રપતિએ તેના પુત્ર ચંદ્રસેન જાધવની એ પદે નિમણૂક કરેલી; પરંતુ આ નવા સેનાપતિ ઉપર શાહૂને શરૂઆતથી જે શંકા મનમાં ઘર કરી ગયેલી કેમ કે તે શાહૂના પ્રતિસ્પર્ધી રાજમાતા તારાબાઈના પક્ષે ભળેલો હતો, તેવી પાકી બાતમી મળેલી. આથી તેના પર નિયંત્રણ અને હિલચાલ પર કડક દેખરેખ રાખવા છત્રપતિ શાહુએ અમાત્ય બાલાજી વિશ્વનાથને 'સેનાકતે' નો ખિતાબ (બિરુદ) આપી, નીમવામાં આવ્યો હતો; જેનાથી સેનાપતિ અને નવા નિમાયેલા 'સેનાકતે' વચ્ચે દ્વેષ અને સંઘર્ષનાં બીજ વવાઈ ચૂક્યાં !

બીજી તરફ મરાઠા નૌકાદળના વડા તરીકે કાન્હોજી આંગ્રે હતા. તારાબાઈના શાસનકાળમાં કાન્હોજી આંગ્રેએ પોતાની શક્તિ ખૂબ વધારી દીધી હતી. ચંદ્રસેન જાધવ પણ શાહૂનો પક્ષ છોડી, તારાબાઈને પક્ષે ભળી ગયો અને શાહૂના રાજ્યના કેટલાંક પહાડી ગામો - કિલ્લાઓ ઉપર અધિકાર જમાવી દેતાં, શાહૂ ખૂબ ચિંતિત બની ગયો; આથી કાન્હોજી આંગ્રેએ નિયંત્રિત કરવો વાટાઘાટો માટે શાહૂએ તે સમયના પેશ્વા બહિરોપંત પિંગળેને દૂત બનાવીને મોકલ્યો હતો; પરંતુ વાટાઘાટો તો બાજુએ રહી, પરંતુ કાબેલ નોકા સેનાપતિ કાન્હોજી આંગ્રેએ તો, બહિરોપંતને કેદ પકડી, સીધો જેલમાં જ પૂરી દીધો ! ત્રીજી તરફ દિલ્હીના મુઘલ બાદશાહે હૈદરાબાદના સુબા તરીકે નિઝામ (નિઝામુલ્મુક)ને નિમ્યો.

આમ, ચારે બાજુએ મુશ્કેલી ઘેરોયેલો છત્રપતિ શાહૂ ખૂબજ ગભરાયો ! આ સઘળી કટોકટીભરી પરિસ્થિતિમાં શાહૂએ તેના અત્યંત વિશ્વાસુ સેનાકર્તે બાલાજી વિશ્વાસનાથને બોલાવી, કોઈ પણ મુત્સદ્દીગીરીભરી (શામ, દામ, દંડ, ભેદ) ચાલ

ચાલીને, કાન્હોજીને દમન કરવા નિયંત્રિત જણાવ્યું; અને કહ્યું, 'જો આ ધ્યેય પાર પાડવામાં તે સફળ થશે તો ખાલી પડેલ 'પેશ્વા'પદે (પિંગળે જેલમાં હતા તેથી) તેની નિમણૂક કરવામાં આવશે; પરંતુ વહીવટીતંત્રમાં કોઈ પણ ઊંચા હોદ્દા અને સત્તાઓ વગર કાર્ય કરવાનું મુશ્કેલ હોઈ, બાલાજી વિશ્વનાથે એ હોદ્દા ઉપર વહેલી તકે નિમણૂક કરવામાં આવે, તો પોતે ઝડપી કામગીરી કરી શકે, તેવી માગણ કરી. વિશ્વનાથની આ તાર્કિક દલીલ સત્ય લાગતાં, શાહૂની મુક્તિથી લઈને સાતારામાં 'છત્રપતિ' તરીકે તેમનું સ્થાન સુદ્રઢ કરવામાં બજાવેલી મૂલ્યવાન સેવાઓને લક્ષમાં લઈ, પ્રતિભાસંપન્ન, બાહોશ, વિચક્ષણ અને તેજસ્વી બુદ્ધિચાતુર્ય ધરાવતા અનુભવી બાલાજી વિશ્વનાથની પેશ્વાપદે નિમણૂક નિશ્ચિત થઈ ગઈ.

## 12.2 મરાઠાઓના સત્તાવિસ્તાર માટે ખૂલેલાં દ્વાર

### પેશ્વાપદે નિમણૂક : મરાઠાઓના સત્તાવિસ્તાર માટે ખૂલેલાં દ્વાર

છત્રપતિ શાહૂએ સાતારામાં 17 નવેમ્બર, 1713 ના રોજ બાલાજી વિશ્વનાથને 'પેશ્વા' પદ આપી, નિમણૂક કરાઈ. આ પ્રસંગ બાલાજી વિશ્વનાથની રાજકીય કારકિર્દીના આરંભ માટે ખૂબ જ મહત્વનો અને તેમના કુટુંબ માટે યાદગાર બની રહ્યો.

પેશ્વાપદ મળવાથી મરાઠા રાજ્યની વાસ્તવિક લગભગ સઘળી (વહીવટી, લશ્કરી, અન્ય) સત્તાઓ છત્રપતિના હાથમાંથી સરકીને - હસ્તાંતરિત થઈને, પેશ્વાના હાથમાં કેન્દ્રિત થવા લાગી. સહાયક પેશ્વા તરીકે અંબાજી પંત પુરંદરેની અને કોષાધ્યક્ષ તરીકે રામજી પંત ભાનુની નિમણૂક કરી, વહીવટીતંત્રનું માળખું પાયામાંથી મજબૂત કર્યું; સાથે સાથે પીઢ, અનુભવી મરાઠા સરદારોને પોતાને પક્ષે લઈ લીધા; જેમાં ધનાજી જાધવ, કાન્હોજી આંગ્રે વગેરેનો સમાવેશ થતો હતો. પોતાનો પક્ષ મજબૂત બનતાં, ખેડના યુદ્ધમાં તારાબાઈને હંફાવી, ઉજ્જવળ કારકિર્દીનો સંગીન પાયો નાખ્યો.

### છત્રપતિ શાહૂની પાછલી રાજકીય કારકિર્દી અને અવસાન

દિલ્હીમાં ઈ.સ. 1712માં (ઔરંગઝેબના મૃત્યુ બાદ પાંચ વર્ષે) બાદશાહ બહાદુરશાહનું અવસાન થતાં, સત્તાસ્થાને આવેલ જહાંદર શાહી ફક્ત એક વર્ષનું શાસન ભોગવી મૃત્યુ પામ્યો. ત્યારબાદ શક્તિશાળી બે સૈયદ ભાઈઓની અબ્દુલ્લા અને હુસેન અલીની મદદથી ફર્રુખશિયર દિલ્હીની રાજગાદીએ બેઠો, પરંતુ વાસ્તવિક સત્તાઓ તો તેના 6 વર્ષના શાસનકાળમાં સૈયદભાઈઓ જ ભોગવતા હતા. હુસેનઅલીને દક્ષિણ ભારતના સુબેદાર તરીકે નિમણૂક થતાં, તે પોતાની સાથે મુત્સદ્દી શંકરાજી મલ્હાર નામના બ્રાહ્મણ મરાઠાને લઈ ગયો કે જેથી દક્ષિણમાં મરાઠાઓ સાથે મુઘલોના સારા સંબંધો સ્થાપી શકાય. ફર્રુખ શિયરે નિઝામને મુરાદાબાદ ખસેડ્યો આથી નિઝામ અને હુસેનઅલી વચ્ચેના સંબંધો બગડ્યા.

ત્રીજી તરફ માળવાના શાસક તરીકે ઈ.સ. 1713માં સવાઈ જયસિંહને માળવાના શાસક તરીકે નિમ્યો. મરાઠાઓને તે પહોંચી વળે તેમ હતો; પરંતુ આવડત વગરના ફર્રુખશિયરે તેને એક જ વર્ષમાં માળવામાંથી પાછો બોલાવી દીધો.

દક્ષિણ ભારતમાંથી નિઝામ ખસી જતાં, હુસેનઅલી મુઘલ બાદશાહ વતી સત્તાઓ ભોગવવામાં સર્વેપરિ બની ગયો. તેણે શંકરાજી મલ્હારને સાતારા મોકલી, ત્રણે વચ્ચે સંધિ કરવાનો વ્યૂહ ગોઠવ્યો. તેણે બાલાજી વિશ્વનાથ અને હુસેનઅલી વચ્ચે સમજુતી કરાવવામાં પોતાની વિચક્ષણતા વાપરી, સફળતાને વર્યો. બાલાજી વિશ્વનાથે આ તક ઝડપી લઈ અગાઉ છત્રપતિ શિવાજીએ જીતેલા તમામ કિલ્લાઓ ઉપર શાહૂનો અધિકાર માન્ય રખાયો; કોલ્હાપુરના શંભાજી બીજાને શાહૂએ કોઈ નુકસાન ન પહોંચાડવું ; મુઘલ સમ્રાટને શાહૂએ દર વર્ષે વાર્ષિક રૂ. 10 લાખ કર રૂપે આપવા; અને શાહૂની માતા યેશુબાઈ, પત્ની સાવિત્રીબાઈ, ભાઈ મદનસિંહને મુક્ત કરી, હેમખેમ દિલ્હીની કેદમાંથી છોડીને સાતારા મોકલી દેવા; જોકે હુસેનઅલી છેલ્લી શરત દિલ્હીના સમ્રાટ પાસે મંજુર ન કરાવી શક્યો આમ છતાં, ‘સ્વરાજ્ય’ના પ્રદેશોને મુઘલોની પકડમાંથી મુક્ત કરવાનો અને મુઘલ પ્રાંતૉમાંથી ‘ચોથ’ તથા ‘સરદેશ મુખી’ કરો ઉઘરાવવાનો હક મરાઠાઓ માટે (બાલાજી વિશ્વનાથ આ સંધિથી) મેળવી આપવાનો યશ બાલાજીને શિરે મળ્યો.

ઈ.સ. 1718 સુધીમાં ખૂબ પ્રયત્નો છતાં, બન્ને સૈયદ ભાઈઓ બાદશાહ ફર્રુખશિયર પાસે, રાજકેદીઓને મુક્ત ન કરી શક્યા. વળી, દક્ષિણમાંથી હુસેનઅલીને દિલ્હી પાછો બોલાવી લેવાનો આદેશ કરતાં, બાદશાહના આ બન્ને પગલાંને બાલાજી વિશ્વનાથ અને હુસેનઅલીએ અપમાનજનક ગણી, બન્નેએ પોતપોતાનાં લશ્કરો સહિત દિલ્હી તરફ કૂચ કરી; છત્રપતિ શાહુએ પણ સેનાપતિ ખંડેરાવ દાભાડેના નેતૃત્વ નીચે બાલાજીને મદદ કરવા 15,000નું લશ્કર મોકલ્યું. દિલ્હીમાં બાદશાહનો ખુદ મહેલ જ ચોતરફથી ઘેરાઈ ગયો, બાદશાહ એકલો પડી જતાં હાર્યો અને તેને સૈયદભાઈઓએ કેદ કરી જેલમાં નાખ્યો; અને તેને સ્થાને મુઘલ બાદશાહ તરીકે દિલ્હીમાં મોહંમદશાહને (ઈ.સ. 1719-48) ગાદીએ બેસાડ્યો; આથી બાલાજીએ માતા યેશુબાઈ વગેરેને 12 વર્ષના કારાવાસ પછી મુક્ત કરાવ્યા અને ‘સ્વરાજ’, ‘ચોથ’ અને ‘સરદેશમુખી’ના હકના ત્રણ મહાન અધિકારપત્રો લેખિત સ્વરૂપમાં ઈ.સ. 1719માં, બાદશાહે આપ્યાં. પેશ્વા બાલાજી વિશ્વનાથે મુઘલો પાસેથી મેળવેલી મહાન સિદ્ધિ હતી. તો બીજી તરફ છેક દિલ્હીના મુઘલ સામ્રાજ્યમાં મરાઠાઓ હસ્તક્ષેપ કરી શકે છે અને પોતાની તરફેણમાં શરતો મંજુર કરાવી શકે છે, એ બાબત જ ઘણી મહત્વની અને ઐતિહાસિક હતી; જેણે ‘મરાઠા સુપ્રિમસી’ અને ‘મરાઠા એક્સ્પાન્શન’ માટે પાયાની બાબત બની રહી.

## 12.3 મરાઠી સત્તાના ઝડપી વિકાસ અને વિસ્તરણનો આધારસ્તંભ : પેશ્વા બાજીરાવ પહેલો (ઈ.સ. 1720-40)

પેશ્વા બાલાજી વિશ્વનાથે (ઈ.સ. 1713-20)સાત વર્ષોની કારકીર્દિમાં એક તરફ પેશ્વાપદ સુદ્રઢ અને લોકપ્રિય બનાવ્યું હતું; તો બીજી તરફ મરાઠાઓની સત્તાના રાજધાની દિલ્હી સુધીનો એક નકશો કંડારી આપેલો. જો કે તે સત્તાસ્થાને બહુ લાંબો સમય ન રહ્યો અને 2 એપ્રિલ, 1720ના રોજ અવસાન પામતાં, તેમની સેવાઓની કદર કરી, શક્તિશાળી અને જ્યેષ્ઠ 19 વર્ષના તરુણ પુત્ર બાજીરાવ (વિસાજી બાળપણનું નામ)ની સાતારા પાસે આવેલ મસૂર નામના ગામમાં, 17 એપ્રિલ, 1720ના રોજ પેશ્વાપદે નિમણૂંક કરી. આમ, છત્રપતિપદની જેમ જ પેશ્વાપદનો પણ વંશપરંપરાગત મરાઠા - સામ્રાજ્યમાં આરંભ થઈ ચૂક્યો.

પેશ્વા બાજીરાવ પહેલાએ, પોતાના પિતાની મરાઠાસત્તા (સામ્રાજ્ય) વિસ્તારની નીતિરીતિ આગળ ધપાવી સૌ પ્રથમ તો મરાઠાઓનો પ્રથમ નંબરનો દુશ્મન અને પ્રતિસ્પર્ધી નિઝામ હતો.

### 12.3.1 નિઝામ સાથે પ્રથમ સંઘર્ષ, ઈ.સ. 1724-25

ઈ.સ. 1720 અને 1722માં અનુક્રમે હુસેનઅલી સૈયદ અને અબ્દુલ્લા સૈયદ - એ બન્ને ભાઈઓની હત્યા કરાતાં, દિલ્હીનો મુઘલ બાદશાહ મોહંમદશાહ સત્તાઓને વાસ્તવમાં ભોગવવા માટે મુક્ત બની ગયો. એ હત્યાઓ કરવા - કરાવવામાં નિઝામે મોહંમદશાહને સક્રિય સાથ આપેલો; તેથી બાદશાહ સમક્ષ નિઝામની પ્રતિષ્ઠા વધી. આથી એ તકનો લાભ ઉઠાવી, દિલ્હીમાં બાદશાહને આગ્રહ કર્યો કે, તેઓ મરાઠાઓને આપેલા 'ચોથ' અને 'સરદેશમુખી'ના અધિકારો નાબુદ કરવામાં આવે; પરંતુ બાદશાહે એ અંગે કોઈ મચક ન આપી, આથી કંટાળીને દક્ષિણમાં જઈ સ્વતંત્ર રાજ્ય સ્થાપવાના મનસુબા સાથે દક્ષિણ ભારત જવા નીકળી પડ્યો, વજીર અને દિલ્હી કાયમને માટે છોડીને ! પરંતુ, દિલ્હીના મુઘલ બાદશાહે તો દક્ષિણના સુબા તરીકે મુબરીઝખાંની નિમણૂક કરેલી; આથી ત્યાં બે સુબા તો ન જ હોઈ શકે આથી બાદશાહે નિઝામની બદલી અયોધ્યાના સુબા તરીકે વરણી કરવાનો આદેશ પાઠવ્યો; આથી નિઝામ ઓર રોષે ભરાયો; અને તેણે અયોધ્યા જવાને બદલે દક્ષિણના સુબા ઉપર આક્રમણ કર્યું; એ સમયે મરાઠાઓએ તેમના (મુઘલોના) આંતરિક સંઘર્ષનો લાભ ઉઠાવી, બાજીરાવ પહેલાએ બુરહાનપુરનો પ્રદેશ અને ચીમનાજી અપ્પાએ તેની આસપાસનો પ્રદેશ જીતી લઈ, મરાઠા સામ્રાજ્યને વિસ્તાર્યું તેમજ દક્ષિણમાં મરાઠાઓએ પોતાની સ્થિતિ મજબૂત કરી લીધી.

પેશ્વા બાજીરાવ પહેલો દ્રઢપણે માનતો હતો કે, "સૂકાઈ ગયેલા મુઘલાઈના વૃક્ષને થડમાંથી જ કાપી નાખશો; તો જર્જરિત થઈ ગયેલી ડાળીઓ તો આપોઆપ ખરી પડશે" આથી તેણે નાના ભાઈ ચીમનાજી અપ્પા, અંબાજી પંત પુરંદરે, ખંડો

બલ્લાલ ચિટનીસ અને તેનો પુત્ર ગોવિંદરાવ, પિલાજી જાધવ વગેરે મરાઠા સરદારોની સહાય લઈ, જબરદસ્ત સંગઠન ઊભું કર્યું; અને પોતાનું ધ્યેય પાર પાડવા આગળ ધપ્યો.

### 12.3.2 આકોટના નવાબ સાથે સમજુતી

ઈ.સ. 1725-27 રમિયાન આકોટના (કર્ણાટક) નવાબે મરાઠાઓને નિયમિતરૂપે ખંડણી આપવાની બંધ કરી, તેમજ અન્ય કેટલાક મરાઠા સરદારોને 'ચોથ' અને 'સરદેશમુખી' ઉઘરાવવામાં પણ વિઘ્નો ઉભા કરવા લાગ્યો. આથી બાજીરાવ પહેલાએ સાતારાથી લશ્કર સાથે ઈ.સ. 1725 માં ત્યાં જઈ, આર્કોટના નવાબને બોલાવીને ધમકાવ્યો; અને જો આવી બધી મરાઠાસત્તા વિરોધી પ્રવૃત્તિઓ છોડી નહિ દે, તો ગંભીર પરિણામો ભોગવવા તૈયાર રહેવું પડશે. આથી એ નવાબે સમજૂતી કરીને, નિયમિત ખંડણી, ચોથ અને સરદેશમુખીની રકમ આપવા માટે ખાત્રી આપી. ખંડણી  તેમજ તાંજોરના મરાઠા રાજવીને કનડગત નહિ કરવાની બાંયેધરી પણ મેળવી લીધી. સાથે સાથે મરાઠા વિરોધી અન્ય સરદારોને નમાવી, કર્ણાટક રાજ્ય ઉપર પેશ્વા બાજીરાવે પોતાનું વર્ચસ્વ બરાબર સ્થાપી દીધું.

### 12.3.3 નિઝામ સાથે પાલખંડનું યુદ્ધ અને મુંગીશેવગાંવની સંધિ, 1727

પેશ્વા બાજીરાવે કર્ણાટક અને તેની આસપાસના પ્રદેશો ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપી દેતાં, નિઝામે તેનો પેશ્વા સમક્ષ વાંધો ઉઠાવ્યો અને જણાવ્યું કે, દક્ષિણના એક માત્ર મુઘલ સુબેદાર તરીકે, કર્ણાટકના પ્રદેશો ઉપરાંત બીજાપુર, ગોવલકોંડા અને દક્ષિણના સઘળા પ્રાંતો ઉપર પોતાનું જ કાયદેસરનું આધિપત્ય ગણાવું જોઈએ, તેવો દાવો રજૂ કર્યો. પરંતુ પેશ્વા બાજીરાવે એ બાબતે જરા પણ મચક ન આપી. આથી મરાઠાઓ સામે યુદ્ધ જાહેર કરવાને બદલે નિઝામે કોલ્હાપુરના શંભાજી બીજાને અને તેની માતા રાજસબાઈને તેમજ નજરકેદમાં રખાયેલા તારાબાઈને પેશ્વા બાજીરાવ વિરુદ્ધ ઉશ્કેર્યા; અને 'ચોથ' તથા 'સરદેશમુખી'ની આવકમાં ભાગ માગવા માટે આગ્રહ કર્યો, પરંતુ બાજીરાવ પહેલો નિઝામની ફાટફૂટ પડાવવાની નીતિને ઓળખી જ ગયો. નિઝામે પોતાનો સ્વાર્થ સાધવા નૌકા સેનાપતિ કાન્હોજી આંગ્રે, સેનાપતિ ચંદ્રસેન જાધવ, બાહોશ અને અનુભવી યુદ્ધ નિષ્ણાત ઉદાજી પરાવને પોતાના પક્ષે કરી લીધા; અને 'ચોથ' વગેરે કરો ઉઘરાવનાર અધિકારીઓને પજવવાના શરૂ કર્યા; આથી બાજીરાવ પહેલા અને ચીમનાજીએ પૂરતી લશ્કરી અને વ્યૂહરચનાની તૈયારીઓ કરી, 'ગેરિલા યુદ્ધ પદ્ધતિ આદમી નિઝામનું બળ તોડી નાખ્યું ! અને, છેવટે ઈ.સ. 1727માં પાલખેડ મુકામે ચારે બાજુએથી ઘેરી લીધો. પેશ્વાને આ યુદ્ધમાં મલ્હારરાવ હોળકરે અને રાણોજી શિંદેએ કિંમતી મદદ કરી હતી; આથી પાલખેડના યુદ્ધમાં નિઝામનો પૂર્ણપણે પરાજય થયો અને તેને માર્ચ, 1728માં 'મુંગીશેવગાંવની સંધિ

સ્વીકારવાની ફરજ પડી. આ સંધિ અનુસાર, કર્ણાટક અને તેની આસપાસના જીતેલા પ્રદેશો ઉપર મરાઠાઓના શાસનનો અધિકાર નિઝામે માન્ય કરવો; ભવિષ્યમાં શંભાજી કે તારાબાઈનો પક્ષ લેવો નહિ; અગાઉ ગેરકાયદેસર રીતે ઉઘરાવેલી ‘ચોથ’ - ‘સરદેશમુખી’ કરોની રકમ નિઝામે છત્રપતિ શાહૂને પરત કરવી અને ભવિષ્યમાં મરાઠા સરદારોને પેશ્વાની વિરુદ્ધ સહાય કરવાનું કે ઉશ્કેરવાનું કોઈ પણ પગલું કોઈ પણ સંજોગોમાં ભરવું નહિ.

ઉપર્યુક્ત સઘળી શરતો નિઝામે માન્ય રાખતો, પેશ્વાની અને મરાઠાઓની પ્રતિષ્ઠામાં અનેકગણો વધારો થયો. વળી, નિઝામ જેવા શક્તિશાળી દુશ્મન મહાત થઈ જતાં, પેશ્વા તેનું ધ્યાન પૂર્ણપણે ઉત્તર તરફ મરાઠા સામ્રાજ્યના વિસ્તરણ માટે કરી શક્યો. પેશ્વાની આ સંધિથી તમામ મહત્વાકાંક્ષી મરાઠા સરદારોમાં એવી તો ધાક બેસી ગઈ કે, બિનવફાદાર મરાઠા સરદારો અને ખુદ શંભાજી બીજો પણ પેશ્વા સમક્ષ નમી પડ્યો ! આમ, પાલખેડના યુદ્ધમાં મેળવેલા ગૌરવવંતા વિજયે મરાઠી સામ્રાજ્યની મજબૂત એકતા સર્જી ; જે મરાઠા સરદારો શરૂઆતમાં બાજીરાવ પહેલાની પેશ્વાપદે નિમણૂકનો વિરોધ કરતા હતા, તેઓ પણ તેની શક્તિઓથી અંજાઈ જઈને, વિરોધ છોડી દઈ, ‘મહાન મરાઠા સામ્રાજ્ય’ના નિર્માણમાં સક્રિય સહયોગ આપવા તત્પર બન્યા; અને ખુદ પેશ્વા બાજીરાવને પણ સામ્રાજ્યવિસ્તારની મહત્વાકાંક્ષાને પણ પાંખ મળી.

### 12.3.4 માળવા પર આધિપત્ય, 1728

પાલખેડમાં મળેલા વિજયથી પ્રોત્સાહિત થઈને બાજીરાવ પહેલાએ ઉત્તર - દક્ષિણને જોડતા અને લશ્કરી વ્યૂહરચનાની દૃષ્ટિએ ખૂબ જ મહત્વ ધરાવતા બે પ્રદેશોમાળવા અને બુંદેલખંડને જીતી લેવાનો નિશ્ચય કર્યો. એ સમયે માળવા ઉપર મુઘલ શહેનશાહ વતી રાજા ગિરિધર અને બુંદેલખંડ ઉપર રાજા છત્રસાલ શાસન કરતા હતા. ઈ.સ. 1728માં ધાર (હાલ એમ.પી.માં) પાસે આવેલા અંજહરા મુકામે ગિરધર અને તેના પિતરાઈભાઈ દયારામનાં લશ્કરો ઉપર મરાઠા પેશ્વા - ચિમનાજીનાં લશ્કરો ત્રાટક્યાં ! આ યુદ્ધમાં મરાઠાઓની જીત થઈ; ગિરધર-દયારામ હાર્યા અને યુદ્ધમાં ખપી ગયા ; તો બીજી તરફ ચિમનાજીએ તેમાં ખૂબ શૌર્ય દર્શાવ્યું હતું. આ યુદ્ધની સફળતામાં બાજીરાવ પહેલાનું આયોજન અને વ્યૂહરચનાનું કૌશલ્ય તેમજ ચિમનાજીની વીરતાએ એક ઈતિહાસ સર્જ્યો; અને ચિમનાજી આ વિજયથી પ્રેરાઈને ઉત્તર ભારત તરફ મરાઠા સામ્રાજ્યના વિકાસ માટે આગળ ધપ્યો. મુઘલોના અસ્થિર અને ડામાડોળ વહીવટીતંત્ર થી ત્રાસેલા રાજા જયસિંહ જેવા શક્તિશાળી રાજપૂત રાજાઓ મરાઠાઓના ‘સ્વરાજ’, ધર્મ-સુરક્ષા, વિધર્મીઓને હિન્દમાં પ્રસરવા અટકાવવા વગેરે આદર્શોથી આકર્ષાઈને, બાજીરાવ પહેલાના મિત્રો બની ગયા સમગ્ર માળવા પર પોતાનું આધિપત્ય

સ્થાપવાથી મરાઠાઓની પ્રતિષ્ઠા ખૂબ વધી. મરાઠાઓનું રાજ્ય આમ ધીરેધીરે વિશાળ સામ્રાજ્ય રૂપે વિસ્તરી રહ્યું હતું.

### 12.3.5 બુંદેલખંડ પર વિજય, ઈ.સ. 1729

માળવાની જીત પછી, બીજારાવ પહેલાએ ઉત્તરમાં બુંદેલખંડને લક્ષ બનાવી, તેના પર વિજય મેળવવાનો નિશ્ચય કર્યો. બુંદેલખંડનો રાજા તે સમયે છત્રસાલ અને મુઘલ સુબેદાર મોહંમદ બંગેશ બહાદુર હતો. બંગેશ છત્રસાલ ઉપર અંકુશ જમાવવા ઈચ્છતો હતો; પરિણામે બન્ને વચ્ચે સંબંધો વણસ્યા. સુબેદાર બંગેશે તેના પુત્રોની સહાયથી છત્રસાલને ઘેરી લીધો આથી તે ગુપ્ત માર્ગે બુંદેલખંડથી જેતપુર જતો રહ્યો; અને ત્યાં કિલ્લામાં કુટુંબ સાથે છૂપાઈ ગયો; અને પેશ્વાને તથા ચિમનાજીને લશ્કરી મદદ તાત્કાલિક મોકલવા જણાવતાં, પરંતુ તેમની મદદ આવી પહોંચે, તે પહેલાં જ બંગેશે કુટુંબીજનો સહિત છત્રસાલને કેદ કર્યો; તો ત્યાંથી તે કોઈ પણ રીતે છટકીને પેશ્વા બાજીરાવને મળ્યો; બન્નેએ સાથે મળી બંગેશ ઉપર આક્રમણ કરી; હારવાની સ્થિતિમાં આવતાં, બંગેશે શરણાગતિ સ્વીકારી અને કાયમને માટે ફરુખાબાદ જતો રહ્યો. આમ, બુંદેલખંડ મુઘલસત્તાની પકડમાંથી નીકળી, મરાઠાઓ પાસે આવી ગયું. છત્રસાલે ઉપકારવશ થઈ, પેશ્વા બાજીરાવને તે સમયે સુંદર મુસ્લિમ નર્તકી મસ્તાનીની ભેટ આપી હતી, જેણે પછીનાં 10 વર્ષો સુધી મસ્તાનીની બાજીરાવના જીવનમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ઉપરાંત છત્રસાલે પોતાના બે પુત્રો હિરદેશાહ અને જગતરાજને બાજીરાવના સંરક્ષણમાં સોંપી દીધા; તેમજ પેશ્વાને કાલપી, ઝાંસી, માટા, સાહર, સિરોન્જ, કૂચ, ગરખોટા અને હિરેનનગરના પ્રદેશો પણ સોંપી દીધા; સાતારા જતાં પહેલાં પેશ્વાએ આ બધા પ્રદેશોનો વહીવટ બાહોશ મરાઠા સરદાર ગોવિંદપંત ખરેને સોંપ્યો, જે પાછળ ગોવિંદપંત બુંદેલા તરીકે પ્રસિદ્ધ બન્યો હતો. આ વિજયથી મુઘલ સત્તાની સઘળી નબળાઈઓ છતી થઈ ગઈ !

### 12. 3.6 ગુજરાત પર આધિપત્ય અને દભાડેનું પતન, 1731

પેશ્વા બાજીરાવ પહેલાએ ફેબ્રુઆરી, 1731માં અમદાવાદની મુલાકાત લીધી; અને ગુજરાતના નવા સુબેદાર અભયસિંહ સાથે સંધિ કરી. છત્રપતિ શાહૂએ ત્ર્યંબકરાવ દભાડે (દાભાડે પણ સાચું) સેનાપતિ તરીકે નિમેલો જે અંદરખાને નિઝામ સાથે ભળી ગયેલો આથી પેશ્વાએ ઈ.સ. 1731માં ડભોઈ પાસે ભીલપુરના મેદાનમાં દભાડેને હરાવ્યો; અને યુદ્ધમાં તે માર્યો ગયો. પેશ્વાએ અમદાવાદના પ્રદેશમાં ‘ચોથ’ અને ‘સરદેશમુખી’ ઉઘરાવવાનાં શરૂ કર્યાં. દભાડેની માતા ઉમાબાઈને રક્ષણ આપ્યું અને ગુજરાતનું સેનાપતિ પદ નાના પુત્ર યશવંતરાવ દભાડે તે સોંપ્યું; પરંતુ તે અયોગ્ય ઠરતાં, પિલાજી ગાયકવાડને; તેનું ખૂન થતાં દામાજી ગાયકવાડનું શાસન શરૂ થયું.

### 12. 3.7 અન્ય વિજયો

એ પછી, 1730 થી 1735 દરમિયાન યુદ્ધો કરી પેશ્વા બાજીરાવ પહેલાએ શંભાજી બીજાને અને જંજિરાના સિદ્દીઓ ઉપર નિયંત્રણ મેળવ્યું. શંભાજી બીજાને શાહૂ સાથે સમજુતી કરવાની પેશ્વાએ ફરજ પાડી, બન્નેની રાજ્યસત્તાની સરહદ નિશ્ચિત કરી આપી, જે છેવટ સુધી ટકી રહી. બીજી તરફ જંજિરાના સિદ્દીઓને કોલાબા (મુંબઈ) પાસે ચિમનાજીએ હરાવ્યા આ વિજયથી પ્રદેશો અને દંડની રકમ પેશ્વાને મળી. એ પછી મરાઠાઓના નૌકાદળના સેનાપતિ શેખોજી આંગ્રેનું અવસાન થતાં, ભ્રાતૃવિગ્રહમાં સમજુતી કરાવી, પરંતુ તેમની વચ્ચે દુશ્મનાવટ ચાલુ રહી, જેનો લાભ અંગ્રેજો, પોર્ટુગીઝો વગેરે વિદેશી યુરોપીય સત્તાઓ ઉઠાવ્યો. ઈ.સ. 1742માં શંભાજી બીજાના નાનો ભાઈ તુલાજી તો પેશ્વાનો દુશ્મન બની ગયો. આથી પછીના પેશ્વા બાલાજી બાજીરાવે તુલાજી ને મહાત કરવા અંગ્રેજોના નૌકાદળની મદદ લેવી પડી, જે મરાઠાઓના રાષ્ટ્રીય હિતો વિનાશક ભૂલ સાબિત થઈ, જે ઈતિહાસે પૂરવાર કર્યું.

### 12.3.8 દિલ્હી ઉપર આક્રમણ માર્ચ, 1737

દિલ્હીના શહેનશાહ, સાદતખાં, બંગેશ વગેરે ક્ષણિક મળેલા વિજ્યોથી આનંદ અને ઉલ્લાસ માણી રહ્યા હતા, ત્યારે પેશ્વા બાજીરાવ પહેલાએ બુંદેલખંડમાંથી સીધા જ વીજળીવેગે માત્ર 14 દિવસમાં દિલ્હી પર આક્રમણ કર્યું; આ આક્રમણથી સમગ્ર દિલ્હીમાં સન્નાટો છવાઈ ગયો ! જો કે, આક્રમણ પૂર્વે દિલ્હીની ઝીણામાં ઝીણી વિગતો જાસૂસી કરી, મરાઠા પ્રતિનિધિ ધોન્ડો પંત ગોવિંદે પૂરી પાડી હતી. પેશ્વાએ તેનો ઉપયોગ કરી, સડી ગયેલા મુઘલ-વૃક્ષના થડને પાયામાંથી જ કાપી નાખવા 29મી માર્ચ, 1737ના રોજ પેશ્વાએ દિલ્હી બાદશાહને હરાવવા મરણિયો જંગ ખેલ્યો ! મરાઠા પક્ષે શિંદે, હોળકર, પવાર વગેરે સેનાપતિઓએ અદ્ભુત શૌર્ય દર્શાવતાં, મુઘલ સૈન્ય ખરાબ રીતે હાર્યું. અને મરાઠા સત્તાનો ઝળહળતો વિજ્ય થયો ! બાજીરાવ પહેલાએ વર્ષોથી દિલ્હી સર કરવાનું સ્વપ્ન જે કંડાર્યું હતું, તે પૂર્ણ થયું તો દિલ્હીના શહેનશાહની મદદે આવનાર નિઝામને પણ રસ્તામાં જ ભોપાલમાં હરાવ્યો ! અને તેને દારા-સરાઈના કરાર ઈ.સ. 1738માં કરવા ફરજ પાડી; જે મુજબ નિઝામે પેશ્વાને 50 લાખ રૂપિયા ખર્ચ પેટે આપવા પડ્યા; નર્મદા અને યમુના નદીની વચ્ચેના પ્રદેશો આપવા પડ્યા, યુદ્ધમાં પકડાયેલા તમામ મરાઠા સૈનિકો પેશ્વાને સોંપવા પડ્યા અને 'ચોથ' તથા 'સરદેશમુખી'ના અધિકારો તાંબાના પત્ર ઉપર લેખિત સ્વરૂપમાં નિઝામે આપવા પડ્યા પેશ્વાનો આ વિજય છેલ્લો ઝળહળતો વિજય બની રહ્યો.

ઈ.સ. 1740માં 40 વર્ષની ભરયુવાનવયે 29મી એપ્રિલે (નવી ગણતરી મુજબ 8મી મે) નર્મદા કિનારે વારખેડી (ચવર) ગામે પેશ્વા બાજીરાવ પહેલાનું અવસાન થતાં, એક ઝળહળતો સિતારો મરાઠાકાશમાંથી ખરી પડ્યો ! તેના

મૃત્યુના સમાચાર સાંભળી પૂનામાં કારાવાસ ભોગવતી તેની પ્રેયસી મસ્તાની પણ આઘાત જીરવી ન શકતાં, મૃત્યુ પામી.

આમ, પેશ્વા બાજીરાવ પહેલાની રાજકીય કારકિર્દીમાં છેક સાતારાથી દિલ્હી સુધી મરાઠા સામ્રાજ્યનો સૂર્ય પૂર્ણપણે વિકસ્યો અને તેનો પ્રતાપી પ્રકાશ સમગ્ર હિન્દ ઉપર પથરાઈ ગયો !

## 12.4 મરાઠી સત્તા સર્વોચ્ચ કક્ષાએ (પેશ્વા બાલાજી આજીરાવ : ઈ.સ. 1720-1740)

### 12.4.1 પેશ્વાપદની પ્રાપ્તિ 26 જૂન, 1940 :

પેશ્વા બાજીરાવ પહેલા અને તેમનાં પત્ની કાશીબાઈના કુટુંબમાં 12 ડિસેમ્બર, 1721ના રોજ, બાલાજી બાજીરાવનો જન્મ થયેલો; જેમને ઘણા મરાઠાઓ 'નાના સાહેબ' તરીકે પણ ઓળખતા હતા. પિતા બાજીરાવ પહેલાના અવસાન પછી, 25મી જૂન, 1740ના રોજ છત્રપતિ શાહૂએ બાલાજી બાજીરાવને પેશ્વાપદનાં વસ્ત્રો મોકલીને, માત્ર સાડા અઢાર વર્ષની યુવાનવયે, તેની પેશ્વાપદે નિમણૂક કરી હતી. તેને કાકા ચિમનાજી અને પિતરાઈ ભાઈ સદાશિવરાવનો જીવનભર સક્રિય સાથ અને સહકાર મળેલો, તેથી પેશ્વા તરીકે તે તેની કારકિર્દીમાં સફળતાને વરેલો.

### 12.4.2 રાજકીય કારકિર્દીનો પ્રથમ નવ વર્ષનો તબક્કો : વિજયોની હારમાળા અને મરાઠી સત્તાનો વિસ્તાર : (ઈ.સ. 1740 થી ઈ.સ. 1749)

(અ) પેશ્વાપદની પ્રાપ્તિથી <u>છત્રપતિ શાહૂના અવસાન</u> (ઈ.સ. 1749)ની વચ્ચેના 9 વર્ષના ગાળામાં અનેક નાના-મોટા વિજયો મેળવી, પિતાશ્રી બાજીરાવ પહેલાથી સત્તાના વિસ્તારની નીતિ અમલમાં મૂકી હતી; જેમાં માળવા, કર્ણાટક, બંગાળાપ્રાંત, ઓર્રછા અને ઝાંસી ઈત્યાદિ સવિશેષ નોંધપાત્ર છે.

(બ) તો બીજી તરફ એ કારકિર્દીનાં વર્ષોમાં બંગાળના નવાબે (અલીવર્દીખાને) દગો કરીને મંત્રણા કરવાને બહાને બોલાવી, પેશ્વાના શક્તિશાળી સેનાપતિ ભાસ્કરરાવ અને તેમના 21 મરાઠા સરદારો ઉપર નવાબના છૂપાયેલા સૈનિકો તૂટી પડીને કુલ 22 શૂરવીરોને મારી માખ્યા ! આથી સખત રોષે ભરાયેલા રઘુજી ભોંસલેએ નાગપુરથી સીધી કટક તરફ કૂચ કરી, બંગાળના નવાબને ઘેરી લીધો અને નમાવ્યો; વિશ્વાસઘાતી જાનકી રામના અતિ મહત્વાકાંક્ષી પુત્ર દુર્લભરાયને પકડીને કેદ કરી, નાગપુરની જેલમાં મોકલી દેવાયો અને બંગાળના નવાબ પાસે વળતર પેટે 3 કરોડ રૂપિયા માગ્યા, પરંતુ નવાબે તે ન જ ચૂકવ્યા.

(ક) આમેર (અંબેર) રાજ્યનો રાજા સવાઈ જયસિંહ પેશ્વા બાજીરાવ પહેલાનો ખાસ મિત્ર હતો. 9 ઑક્ટોબર, 1743ના રોજ તે 55 વર્ષની ઉંમરે અવસાન

પામતાં, તેના બે પુત્રો ઈશ્વરસિંહ અને માધોસિંહ વચ્ચે વારસાવિગ્રહ ઉદ્ભવ્યો, જે સાત વર્ષો સુધી ચાલેલો ! ઉદેપુરના મહારાજા જગતસિંહે માધોસિંહનો પક્ષ લીધો તો બે ભાઈઓ વચ્ચે થયેલા યુદ્ધમાં મરાઠાઓએ પેશ્વાના નેતૃત્વ નીચે ઈશ્વરસિંહનો પક્ષ લીધો અને રાણોજી સિન્ધિયા તથા મલ્હારરાવ હોળકરે ઈશ્વરસિંહને લશ્કરી સહાય કરી; યુદ્ધમાં માધોસિંહની હાર થઈ; આથી મરાઠાઓની રાજપૂત રાજ્યોમાં પ્રતિષ્ઠા તથા વગ વધી ગયાં, પરંતુ મરાઠાઓને કોઈ પ્રાદેશિક લાભ ન થયો ન તો સિંધિયાને કંઈ મળ્યું કે ન તો હોળકરને! આથી રાજપૂત રાજ્યોના આંતરિક રાજકારણમાં તેમનો હસ્તક્ષેપ બિનજરૂરી ગણાયો.

(ડ) <u>છત્રપતિ શાહૂનું અવસાન</u> 15 ડિસેમ્બરે (1749) (નવી ગણતરી મુજબ 14 જાન્યુઆરીએ - ઉત્તરાયણને દિવસે) : શાહૂનગરના રંગમહેલમાં અપુત્ર છત્રપતિ શાહૂનું અવસાન થતાં, નવા છત્રપતિપદે રામરાજા (ઈ.સ. 1749-77)ની નિમણૂક કરાઈ; પરંતુ તેનાં દાદી તારાબાઈ સાથે સંબંધો બગડતાં, તારાબાઈએ એ છત્રપતિને મિજબાની આપવાને બહાને બોલાવી, કેદ કરી જેલમાં પૂરી દીધો અને છેક ઈ.સ. 1770 સુધી જેલમાં જ રાખ્યો. આશ્ચર્યની વાત છે, જે રામરાજાને છત્રપતિ તરીકે નિમવામાં તારાબાઈએ મુખ્ય ભાગ ભજવ્યો હતો, એજ તારાબાઈએ તેને જેલમાં રાખ્યો ! કવિ કલાપીની પંક્તિ - 'જે પોષતું તે મારતું; એ ક્રમ દીસે કુદરતી ?' એનાથી (છત્રપતિની ગેરહાજરીમાં) સઘળી સત્તાઓ પેશ્વાના (બાલાજી બાજીરાવના) હાથમાં કેન્દ્રિત થઈ ગઈ.

(ઇ) મરાઠાઓનો આંતરવિગ્રહ, એ પણ નોંધપાત્ર વિશિષ્ટતા આ ગાળાની છે. પેશ્વાની વધતી જતી સત્તા, પ્રભાવ અને પ્રતિષ્ઠાથી તારાબાઈ ચિંતિત હતી અને તેને કેટલાક અસંતુષ્ઠ મરાઠા સરદારોએ વળી સાથ - સહકાર આપ્યો. આથી પરસ્પરના દ્વેષ, સત્તાલાલસા, ઈર્ષ્યાથી આખો મરાઠા ઈતિહાસ ખરડાયેલો છે. ગમે તેવા દુશ્મન સામે મજબૂત સંગઠન અને સંઘ બળ રચી, ઝઝૂમનાર મરાઠાઓની પોતાની આ આંતરિક નબળાઈઓ (આંતરવિગ્રહ સહિત) તરફ કેમ ધ્યાન નહિ ગયું હોય ? પેશ્વા વિરુદ્ધ તારાબાઈનાં ષડ્યંત્રો તેનો બોલતો પુરાવો છે. આથી જ તારાબાઈના પ્રબળ સમર્થક દમાજી ગાયકવાડ ઉપર આક્રમણ કરીને, પેશ્વાએ તેને અને તેના પુત્રને અને ઉમાબાઈ દભાડેને કેદ કરેલા આથી પેશ્વા અને વડોદરાના ગાયકવાડ વચ્ચે હંમેશને માટે દુશ્મનાવટ સર્જાઈ ચૂકી.

(ઈ) <u>હૈદરાબાદ અને મરાઠાઓ</u> : 77 વર્ષની ઉંમરે નિઝામનું (નિઝામ મુલ્મુલ્ક)નું અવસાન થતાં, બે પુત્રો પૈકી નાસીરજંગ (અગાઉ પિતા સામે બળવો કરનાર) નિઝામ બની બેઠો કેમ કે તેનો મોટો ભાઈ નાઝીઉદ્દીન તે સમયે ઉત્તરમાં હતો પરંતુ નાસીર જંગની સામે ભાણેજ મુઝફ્ફ ફરજંગે પણ સત્તા

મેળવવા પ્રયાસ કર્યો; પરંતુ 5 ડિસેમ્બર, 1750ના રોજ કેટલાક વિશ્વાસઘાતી પઠાણોએ નાસિરજંગને મારી નાખ્યો ! બીજી તરફ મુઝફ્ફરજંગ અને પોંડિચેરીના ફ્રેન્ચો વચ્ચે થયેલા સત્તાસંઘર્ષમાં 31મી જાન્યુઆરી, 1751ના રોજ મુઝફ્ફરજંગ પક્ષ માર્યો ગયો. ફ્રેન્ચ સેનાપતિ બુસ્સીએ સલામતજંગને નવાબ બનાવ્યો અને રામદાસ પંતને તેનો દીવાન બનાવ્યો. પેશ્વાએ આથી ઉત્તરમાંથી ગાઝીઉદ્દીનને બોલાવ્યો અને પેશ્વાએ જાતે તેનું હૈદરાબાદ જીતવાની યોજનાની સ્પષ્ટતા સાથે સ્વાગત કર્યું પરંતુ દુશ્મનોએ ગાઝીઉદ્દીનને ખોરાકમાં વિષ આપીને મારી નાખ્યો છેવટે પેશ્વાએ બુસ્સીના સૈનિકોનો પીછોકરી, નમાવ્યા અને ભાલ્કી મુકામે સંધિ કરી, ફળદ્રુપ વરાડનો પ્રદેશ ઉપરાંત નાસિક, ત્ર્યંબક જેવા પ્રદેશો મેળવ્યા આથી પેશ્વાનો સામ્રાજ્યમાં ખૂબ વૃદ્ધિ થઈ.

(ફ) ઉદ્ગીરનું પ્રસિદ્ધ યુદ્ધ (1760) અને મરાઠા સત્તા પરાકાષ્ટાએ ઈ.સ. 1758માં પેશ્વા અને નિઝામ વચ્ચે ફરીથી સંબંધો બગડ્યા; કેમકે મરાઠાઓ કોઈપણ રીતે ઔરંગાબાદ મેળવવા ઝંખતા હતા અને નિઝામ કોઈ પણ રીતે તેનું રક્ષણ કરવા માગતો હતો. પેશ્વાએ તેના સૌથી મોટા પુત્ર વિશ્વાસરાવ અને ભત્રીજા સદાશિવરાવ ભાઉને લશ્કરો સાથે પૂનાથી કૂચ કરવા આદેશ આપ્યો તો બીજી તરફ નિઝામે તેના લશ્કરનું નેતૃત્વ સેનાપતિ નિઝામઅલીને સોંપ્યું અને મરાઠા સરદાર ચંદ્રસેન જાધવ જેવા શક્તિશાળીની મદદ મેળવી ; પરંતુ દત્તાજીએ તો જાધવને રસ્તામાં જ ઘેરી લઈએ દેશદ્રોહીને હરાવી, નિઝામની યોજના પર પાણી ફરવી દીધું ! જોકે નિઝામઅલીએ તોપો ચલાવવામાં કુશળ ઈબ્રાહીમ ગાર્દીની મદદ મેળવી અને તેણે ઔરંગાબાદ નગરના દરવાજા પાસે ભારે કુશળતા દર્શાવી ; તેમ છતાં ભાર દિવસોના યુદ્ધને અંતે મરાઠાઓને વિજય મળ્યો ; પરંતુ ભારે નુકસાની વેઠવી પડી જોકે પેશ્વાએ ઈબ્રાહીમ ગાર્દીની ભવિષ્યમાં મદદ લેવાનો નિશ્ચિય કરી લીધો. ઈ.સ. 1758માં ફ્રાન્સે જન બુસ્સીને ભારતમાંથી પાછો બોલાવી લેતાં, મરાઠાઓ (પેશ્વા) માટે ઔરંગાબાદ જીતી લેવાનો રસ્તો સરળ બની ગયો.

વરાડથી 30 માઈલ દૂર ઉદ્ગીર મુકામે થયેલા યુદ્ધમાં પેશ્વાએ કુનેહ વાપરી ઈબ્રાહીમ ગાર્દીને પોતાના પક્ષે (તોપો સાથે) લઈ લીધો અને 20મી જાન્યુઆરીથી ત્રીજી ફેબ્રુઆરી (1760)ની વચ્ચે થયેલા એ યુદ્ધમાં અશ્વદળ અને તોપદળની સફળતાપૂર્વક ઉપયોગને કારણે નિઝામના લશ્કરોમાં નાસભાગ થઈ; સદાશિવરાવે ભાગતા સૈનિકોની ક્રૂરતાપૂર્વક કતલ કરી, નિઝામને હરાવ્યો અને સંધિ કરવા લાચાર કર્યો.

આ સંધિ મુજબ નિઝામને બીજાપુર, ઔરંગાબાદ અને લીડર સહિત તેની આસપાસના 60 લાખ રૂપિયાની વર્ષે આવકવાળા પ્રદેશો પેશ્વાને

આપવા પડ્યા. સાથેસાથે દોલતાબાદ, અસીરગઢ, અહમદનગર અને બુરહાનપુરના કિલ્લાઓ પણ મરાઠાઓને સોંપવા પડ્યા. 'ઉદ્ગીરના વીર' તરીકે સદાશિવરાવ ભાઉ પ્રસિદ્ધ બની ગયો.

- **તમારી પ્રગતિ ચકાસો :**

**પ્રશ્ન-1 નીચેના પ્રશ્નોના એક-બે વાક્યોમાં ઉત્તર આપો :**

(1) પેશ્વા બાલાજી વિશ્વનાથની નિમણૂક કોણે કરેલી ?

(2) પેશ્વા બાજીરાવ પહેલાનો શાસનકાળ કુલ કેટલાં વર્ષોનો હતો ?

(3) મરાઠી સામ્રાજ્યનો સૌથી વધુ અને સૌતઈ ઝડપી વિકાસ અને વિસ્તાર કોના સમયમાં થયેલો ?

(4) પેશ્વા બાજીરાવ પહેલાના ઉત્તરાધિકારી પેશ્વા તરીકે કોણ આવ્યું હતું ? ક્યારે ?

(5) ઉદ્ગીરના યુદ્ધનું મરાઠા સામ્રાજ્યમાં શાથી સૌથી વધુ મહત્વ છે ?

**પ્રશ્ન-2 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તરો આપો :**

(1) મરાઠા સામ્રાજ્યનો ઉત્તર ભારતમાં કોના સમયમાં સૌથી વધુ વિકાસ અને વિસ્તાર થયેલો ? શાથી ?

(2) પેશ્વા બાલાજી બાજીરાવની સિદ્ધિઓ મુદ્દાસર વર્ણવી, મરાઠા સામ્રાજ્ય તેની પરાકાષ્ટાએ પહોંચ્યું હતું, તેમ શાથી કહી શકાય ?

## 12.5 *સારાંશ*

ઈ.સ. 1760 સુધીમાં મરાઠાઓનું રાજ્ય ઉત્તરથી છેક દક્ષિણ ભારતના તમામ પ્રદેશો ઉપર મરાઠી સત્તાનો વિસ્તાર ફેલાઈ ગયો, જ્યારે બાકીના ઘણા પ્રદેશો ભલે તેમની સીધી સત્તા નીચે ન હતા, પરંતુ ‘ચોથ’ અને ‘સરદેશમુખી’ તો આપતા જ હતા. સામ્રાજ્ય વિસ્તાર માટે મરાઠાઓનો ઉદ્‌ગીરના યુદ્ધ મળેલો વિજય પરાકાષ્ટાએ હતો; પરાકાષ્ટાનું શિરોબિન્દુ સમાન હતો; તો બીજી તરફ પેશ્વા બાલાજી બાજીરાવના વ્યક્તિત્વને નિખારનાર પૂર્ણ ચંદ્ર સમાન હતો.

## 12.6 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

**ઉત્તર-1**

(1) પેશ્વા બાલાજી વિશ્વનાથની નિમણૂક ઈ.સ. 1713માં છત્રપતિ શાહૂએ કરી હતી.

(2) પેશ્વા બાજીરાવે પહેલાનો શાસનકાળ ઈ.સ. 1720 થી ઈ.સ. 1740 દરમિયાન એટલે કે 20 વર્ષોનો હતો.

(3) મરાઠા સામ્રાજ્યનો સૌથી વધુ ઝડપી વિકાસ અને વિસ્તાર બાજીરાવ પહેલાના સમયમાં થયો હતો.

(4) પેશ્વા બાજીરાવ પહેલાના ઉત્તરાધિકારી તરીકે પેશ્વાપદે બાલાજી બાજીરાવ (ઈ.સ. 1740-1761)ની નિમણૂક છત્રપતિએ કરી હતી; ઈ.સ. 1740માં.

(5) પેશ્વા બાલાજી બાજીરાવના શાસનકાળના અંતભાગમાં ઈ.સ. 1760માં ઉદ્‌ગીરના યુદ્ધમાં પેશ્વાના મોટા પુત્ર અને સેનાપતિ સદાશિવરાવ ભાઉએ વિજય મેળવી, નિઝામની સત્તા લગભગ નામશેષ કરી નોંખતાં, મરાઠા સામ્રાજ્ય વિસ્તારની દષ્ટિએ સર્વોચ્ચ કક્ષાએ પહોંચ્યું હતું, તેથી તેનું મહત્વ ખૂબ જ છે.

## 12.7 ચાવીરૂપ શબ્દો

1. **સ્વરાજ :** છત્રપતિ શિવાજી એ મુઘલ શાસનના આધિપત્યમાંથી મુક્ત કરીને (જીતીને) જિંજી, તાંજોર, સિંહગઢ, વેલોર, બેલારી, કોપબલ, ગદગ, યથા વગેરે કિલ્લાઓ જીતીને ઉત્તરમાં તાપી નદીથી દક્ષિણે કૃષ્ણાનદી સુધી વિસ્તરેલા રાજ્યને ‘સ્વરાજ’ દેશ કહેવામાં આવતો હતો.
2. **ચોથ (Chauthai) :** આસપાસના ચોર-લૂંટારાઓ અને શક્તિશાળી મુઘલ સરદારોના ત્રાસમાંથી બચવા, રક્ષણના બદલામાં જે પ્રદેશો શિવાજી મહારાજને પોતાની કુલ આવકનો ચોથો ભાગ (1/4 ભાગ; 25%) સ્વેચ્છાએ જે તે પ્રદેશના શાસકો આપ તા હતા, તેને ‘ચોથ’ કહેવામાં આવે છે.
3. **સરદેશમુખી (Sardeshrnukhi) :** જમીન મહેસુલ ઉઘરાવનાર અધિકારી ‘સરદેશમુખ’ કહેવાતો હતો. એ સમગ્ર જિલ્લાનો અધિકારી જે કુલ રકમ જમીન - મહેસુલ રૂપે ઉઘરાવતો, તેના એ કાર્યની સેવા બદલ કુલ એકત્રિત રકમના 10% રકમ વેતન રૂપે/વળતર રૂપે અપાતી, તેને ‘દેશમુખી’ ઓળખવામાં આવતી હતી. દિલ્હી કે સાતારામાં ભલે સત્તાપરિવર્તન થાય, પરંતુ 10% ભાગ રૂપે ‘સરદેશમુખી’નું વેતન તો ચાલુ જ રહેતું.
4. **પેશ્વા (Peshwa) :** મરાઠા સામ્રાજ્યમાં છત્રપતિ (રાજા) પછીનો મુખ્ય અમાત્ય રૂપે જેની વહીવટી હોદ્દા પર નિમણૂક થતી હતી, તેને ‘પેશ્વા’ કહેવામાં આવતા હતા. તે વહીવટી, નાણાંકીય, લશ્કરી એમ સર્વ કક્ષાનો ‘વડો’ (Head) હતો. છત્રપતિ શાહૂએ ઈ.સ. 1713 (17 નવેમ્બર)માં પેશ્વાપદે બાલાજી વિશ્વનાથની નિમણૂક કરેલી; એ પછી તો ‘પેશ્વાપદ વંશપરંપરાગત બની ગયું હતું. (છેલ્લો પેશ્વા (જૂન, 1818સુધી) બાજીરાવ બીજો હતો; તેણે અંગ્રેજો સાથે કરાર કર્યા અને કાયમી રીતે પેશ્વાઈ નાબૂદ થઈ ગઈ.)

## 12.8 *સંદર્ભ સૂચિ*


1. પટેલ જશુભાઈ બી.: ‘ભારતનો ઈતિહાસ : 1526-1707’ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, 1978
2. ધારૈયા, કાઝી અને ભટ્ટ:‘ભારતનો ઈતિહાસ : મુઘલ-મરાઠાયુગ’, સી. જમનાદાસની કંપની, અમદાવાદ.
3. Majumdar, R.C. & Others : An Advance Histor of India, Bhartiye Vidhybhan, Mumbai.

# એકમ : 13 | પાણિપતનું ત્રીજું યુદ્ધ, 1761

:: રૂપરેખા::


**13.0** ઉદ્દેશો

**13.1** ભૂમિકા

**13.1.1** પાણિપતનું ભૌગોલિક સ્થાન

**13.1.2** (પાણિપતના) ઉદ્યોગો

**13.1.3** શિક્ષણ

**13.1.4** વાહનવ્યવહાર

**13.1.5** પાણિપતમાં ખેલાયેલાં ઐતિહાસિક યુદ્ધો

**(i)** પાણિપતનું પ્રથમ યુદ્ધ, **21** એપ્રિલ, **1526**

**(ii)** પાણિપતનું બીજું યુદ્ધ, **5** નવેમ્બર, **1556**

**13.2** પાણિપતનું ત્રીજું યુદ્ધ **14** જાન્યુઆરી **1761**

**13.2.1** પાણિપતના ત્રીજા યુદ્ધ તરફ દોરી જનારાં પરિબળો(કારણો)

**13.2.1.1** ઉત્તર ભારતમાં વધતી જતી મરાઠાઓની વગ અને પ્રતિષ્ઠા

**13.2.1.2** જાટ નેતા સુરજમલ સાથે શત્રુતા

**13.2.1.3** રાજપૂતો સાથે શત્રુતા

**13.2.1.4** મુઘલ સુબાની બેગમની ભૂલ અને અબ્દાલીનું આક્રમણ

**13.2.1.5** ઉતાવળિયા તેમજ ખામીયુક્ત નિર્ણયો

**13.2.1.6** રઘુનાથરાવનું ભ્રષ્ટ આચરણ અને ગંભીર ભૂલ

**13.2.1.7** દત્તાજીનો પરાજય, ૧૭૬૦

**13.2.1.8** મરાઠાઓમાં દીઘર્દ્રષ્ટિનો અભાવ

**13.2.1.9** ઉપરાછાપરી વિજયોથી અભિમાની બનેલા મરાઠાઓ

**13.2.1.10** સેનાપતિ સદાશિવરાવ ભાઉનો દિલ્લીમાં શાનદાર પ્રવેશ

**13.3** પાણિપતના ત્રીજા યુદ્ધના મુખ્ય બનવો ૧૪ જાન્યુઆરી ૧૭૬૦

**13.4** પાણિપતના ત્રીજા યુદ્ધનાં પરિણામો :

**13.4.1** યુદ્ધમાં મરાઠાઓનો પરાજય અને પાયમાલી

**13.4.2** ઉદારતા અને સહિષ્ણુતાનાં દર્શન

**13.4.3** વિજેતા અદાબ્લીનો દિલ્લીમાં પ્રવેશ અને વિદાય

**13.4.4** મરાઠાઓની દેશવ્યાપી સત્તા અને પ્રભુત્વનો અંત

**13.4.5** આબ્દલીના અફઘાન સૈનિકોનો બળવો

**13.4.6** ***મરાઠા લશ્કર પરથી તેમના મિત્રોને ઓસરી ગયેલી શ્રધ્ધા***

**13.4.7** ***ત્રીજી વિદેશી સત્તાના ઉદય માટે મોકળો કરેલો માર્ગ***

**13.5** ***પાણિપતના ત્રીજા યુદ્ધનું મહત્ત્વ (સમાપન)***

**13.6** ***તમારી પ્રગતિ ચકાસોના જવાબો***

**13.7** ***સંદર્ભગ્રંથો***

## 13.0 *ઉદ્દેશો*

આ એકમના અભ્યાસથી તમેં પાણિપત સ્થળનો ભૌગોલિક પરિચય પ્રાપ્ત કરી , પાણિપતના ત્રીજા યુદ્ધ (1761)
તરફ દોરી જનારા પરિબળો અને બનાવો -(પ્રવાહો) નો સુપેરે પરિચય મેળવી શકશો.
આ એકમના અભ્યાસથી તમે આ યુદ્ધના પરિણામો અને મહત્ત્વ વિશે જાણી શકશો.

## 13.1 *ભૂમિકા (પરિચય)*

13.1.1 પાણિપતનું ભૌગોલિક સ્થાન :

દિલ્હીની ઉત્તરે આવેલ પાણિપત એ એક ઐતિહાસિક યુદ્ધ મેદાન છે. ભારતની વાયવ્ય સરહદે આવેલા વર્તમાન હરિયાણા રાજ્યના કર્નાલ જિલ્લનું એક નગર પણ તે છે., જે દિલ્હીથી ઉત્તર દિશામાં આશરે 80 કિમીના અંતરે યમુના નદીના ખુલ્લા મેદાનમાં,ઉત્તરપ્રદેશ અને હરિયાણા રાજ્યની સરહદની નજીક પશ્ચિમ તરફ પાણિપતનું યુદ્ધ મેદાન છે. તેનું ભૌગોલિક સ્થાન 29-23 અંશ ઉત્તર અક્ષાંશ અને 76 -58 અંશ પૂર્વ રેખાંશ પર આ પાણિપત આવેલું છે.

13.1.2. ઉદ્યોગોઃ

આ પ્રખ્યાત નગરમાં એક સમયે ઊની કાપડ, સોલ્ટપીટર (NgNO1) અને -------(KnO3) નું શુદ્ધિકરણનાં કારખાના; કાચ, વીજળીનાં સાધનો, અને ઈંટો બનાવવાની ભઠ્ઠીઓ વગેરે ઉદ્યોગોનો વિકાસ થયેલો. ઈ.સ. 1867 માં (ઓગણીસમી સદીના મધ્ય ભાગમાં) અહીં નગરપાલિકાની સ્થાપના થયેલી.

13.1.3 શિક્ષણ :

કુરુક્ષેત્ર યુનિવર્સિટી સંલગ્ન અહીં ત્રણ કૉલેજો અત્યારે આવેલી છે.

13.1.4 વાહનવ્યવહાર :

પાણિપત નગર ઉત્તર તરફ અંબાલા અને દક્ષિણ તરફ રાજધાની દિલ્હી સાથે રસ્તાઓ અને રેલમાર્ગે જોડાયેલું છે. આ નગરની ભૌગોલિક સુવિધાઓ તથા સ્થિતિને કારણે

અહીથી રાજધાની દિલ્હી તરફ પહોંચવાનું સરળ પડતું હોવાથી, ભૂતકાળમાં કેટલીક મહત્ત્વની ઐતિહાસિક લડાઈઓ લડાયેલી, જેને કારણે પાણિપત ભારતના મધ્યકાલીન ઇતિહાસમાં પ્રસિદ્ધ બનેલ છે.

13.1.5 પાણિપતના મેદાનમાં ખેલાયેલા ત્રણ ઐતિહાસિક યુદ્ધોઃ

અત્યારસુધીમાં પાણિપતના યુદ્ધના મેદાનમાં (દિલ્હીની ઉત્તરે) ત્રણ ઐતિહાસિક યુદ્ધો લડાયેલા છે; જે આ પ્રમાણે છે.

(i) પાણિપતનું પ્રથમ યુદ્ધ, 21 એપ્રિલ 1526 : પાણિપતનું પ્રથમ યુદ્ધ ઈ.સ. 1526ની 21 મી એપ્રિલે‘દિલ્હી સલ્તનત યુગના’ અંતિમ સુલતાન ઈબ્રાહીમ લોદી (લોદી વંશનો છેલ્લો રાજા; એ અગાઉ ઈ.સ. 1206 થી 1526 ની વચ્ચે ગુલામ વંશ, ખિલજી વંશ, તુઘલક વંશ, સૈયદ વંશ અને છેલ્લા લોદી વંશે મળીને કુલ 320 વર્ષ શાસન કરેલું.) અને કાબુલના મુઘલ શાસક ઝહિરુદ્દીન મહંમદ બાબર અને ઈબ્રાહિમ લોદી વચ્ચે લડાયું હતું. ઈબ્રાહિમ લોદી ભારતનો શાસક (ઈ.સ. 1517 થી ઈ.સ. 1526) હતો. જયારે બાબર વિદેશમાંથી (અફઘાનિસ્તાન) આવેલ ભારત ઉપર આક્રમણ કરનાર શાસક હતો.

- <u>ઈબ્રાહિમ લોદીનું લશ્કરઃ</u>
- 1 લાખ સૈનિકોનું લશ્કર.
- તલવારો, ઢાલ, ભાલા, અશ્વો વગેરે યુદ્ધમાં ઉપયોગ બાબતો.
- <u>બાબર પાસે લશ્કર :</u>
- 25 હજારથી વધુ સૈનિકો.
- તલવારો, ઢાલ, ભાલા અને તોપો.

આમ, બાબર પાસે વિશિષ્ટ શસ્ત્રો રૂપે તોપો હોવાથી, યુદ્ધની વ્યૂહરચનામાં તોપો ઉપર વધુ આધાર રાખ્યો હતો; આથી ઈબ્રાહીમ લોદીની સામે બાબરના સૈન્યનો વિજય થયો. આથી 21 એપ્રિલ, 1526ના રોજ ભારતનો ઈતિહાસ બદલાયો; ‘દિલ્હી સલ્તનતનો યુગ’ પૂરો થયો અને ભારતમાં ‘મુઘલ યુગ’ના શાસનનો (ઈ.સ. 1526 થી 1707 સુધી એટલે 200 વર્ષ) આરંભ થયો. પાણિપતના આ પ્રથમ યુદ્ધના વિજય પછી, બાબરે દિલ્હી અને આગ્રા પણ જીતી લીધા; અને ભારતના શાસનનું સુકાન સંભાળી લીધું.

(ii) પાણિપતનું બીજું યુદ્ધ; ૫ નવેમ્બર, 1556:

પાણિપતનું બીજું યુદ્ધ શેરશાહ સૂરીના વંશજ મહંમદ આદિલશાહના શક્તિશાળી સેનાપતિ હેમુ તથા જલાલુદ્દિન મહંમદ અકબર ની વચ્ચે તારીખ ૫ નવેમ્બર, 1556 ના રોજ લડાયું હતું. અકબરના પિતા હુમાયુનું (પુસ્તકાલયની સીડી ઉતરતાં) આકસ્મિક અવસાન (તા.24 જાન્યુઆરી, 1556ના રોજ) થતાં, સેનાપતિ હેમુએ દિલ્હી અને આગ્રાનો કબજો લઈ લેતાં, અકબર રોષે ભરાયો. એ સમયે અકબરની ઉંમર 13 વર્ષ અને ત્રણ માસની હતી; પરંતુ તેને કાબેલ અને વફાદાર વજીરનો તથા અનુભવી સેનાપતિ

બૈરમખાનનો સાથ મળ્યો; એટલે પાણિપતના આ બીજા યુદ્ધમાં (પંદરસો છપ્પનના યુદ્ધમાં) અકબરનો જ્વલંત વિજય થયો.

હેમુએ લશ્કરની સહાયથી અકબરના સેનાપતિ બૈરમખાનના લશ્કર ઉપર વીજળી વેગે હુમલો કર્યો; પરંતુ યુદ્ધમાં નિષ્ણાત અને યુદ્ધની વ્યૂહરચનામાં કાબેલ મુઘલ શહેનશાહ અકબરના સેનાપતિ બહેરામખાનના અનુભવી સૈન્યે બહાદુરીપૂર્વક સામનો કરી, હેમુને પીછેહઠ કરવાની ફરજ પાડી. વળી, યુદ્ધમાં હેમુને છાતીમાં તીર વાગતાં, તે ઘાયલ થઈ, હાથી પરથી નીચે પટકાયો ! આથી તેના લશ્કરમાં નાસભાગ શરૂ થઈ ગઈ અને મુઘલ સૈન્યનો વિજય થયો; 5 નવેમ્બર, 1556. હેમુની ધરપકડ કરાઈ અને તેનો અકબરે વધ કરાવ્યો. આમ, પાણિપતના બીજા યુદ્ધથી ભારતમાં મુઘલ સત્તાની પુનઃ સ્થાપના થઈ.

(iii) પાણિપતનું ત્રીજું ઐતિહાસિક યુદ્ધ; 14 જાન્યુઆરી, 1761:

પાણિપતનું ત્રીજું ઐતિહાસિક યુદ્ધ અફઘાનિસ્તાનના શાહ (રાજા) અહમદશાહ અબ્દાલી અને મરાઠા શાસકો વચ્ચે (પેશ્વા બાલાજી બાજીરાવના સમયમાં (ઈ.સ. 1740 – 1761) લડાયું હતું. પાણિપતનું ત્રીજું યુદ્ધ 14 મી જાન્યુઆરી ઉત્તરાયણ મકરસંક્રાંતિને દિવસે), 1761નાં રોજ લડાયું હતું. અહમદશાહ અબ્દાલીનું ભારત ઉપર આ પાંચમું આક્રમણ હતું.

આ યુદ્ધની પાર્શ્વભૂમિકામાં બે બાબતો પડેલી હતી. એક તો મરાઠાઓ ઉત્તરના પ્રદેશો ઉપર વર્ચસ્વ સ્થાપવા માગતા હતા. અને બીજું મરાઠાઓએ તે સમયના નામના મુઘલ પાદશાહ શાહઆલમ બીજા પર પોતાનો પ્રભાવ સ્થાપીને ભારતની સર્વોત્તમ સત્તા તરીકે આગળ આવવા માગતા હતા.

ઉપરાંત, સવિશેષ તો અહમદશાહ અબ્દાલીના ભારતની પ્રજા પરના જવાબ વાળવા પણ મરાઠાઓ ઇચ્છતા હતા. આથી, મરાઠા સરદાર (સેનાપતિ) રાઘોબાએ પંજાબમાંથી અહમદશાહ અબ્દાલીના સૂબેદારને ઉઠાડી મૂક્યો; અને તેને સ્થાને મુઘલ સૂબેદારની નિમણૂક કરી.

અગાઉ જ્યારે જ્યારે અહમદશાહ અબ્દાલીએ ભારત ઉપર આક્રમણ કરેલું ત્યારે ભારતની અઢળક સંપત્તિ લૂંટેલી ! એજ ક્રમ તે પુનઃ પ્રયોજવા માગતો હતો. ભારતની સમૃદ્ધિને લૂંટવાના ઈરાદાથી ઈ.સ. 1761 (14 જાન્યુઆરીના રોજ) ભારત ઉપર અહમદશાહ અબ્દાલીએ આક્રમણ કર્યું હતું. પહેલી ઈ.સ. 1760ની નાની લડાઈમાં મરાઠા સેનાપતિ દત્તાજી શિંદે મૃત્યુ પામ્યો. આથી અબ્દાલીનો ઉત્સાહ ખૂબ વધી ગયો.

બીજી તરફ પેશ્વા બાલાજી બાજીરાવે (નાના સાહેબે) પોતાના ભાઈ સદાશિવરાવ ભાઉના સેનાપતિ પદ હેઠળ વિશાળ લશ્કરે ઉત્તર હિંદ તરફ કૂચ કરી, પાણિપતના મેદાનમાં પડાવ નાખ્યો. સદાશિવરાવ ભાઉની સાથે પેશ્વા (બાલાજી બાજીરાવ) નો પુત્ર વિશ્વાસરાવ પણ જોડાયો. એ સિવાય કેટલાક અન્ય નાના-મોટા મરાઠા સરદારો પણ યુદ્ધ લડવા મેદાનમાં જઈ પહોંચેલા.

- અહમદશાહ અબ્દાલીના લશ્કરમાં સૈનિકોઃ આશરે 50,000

અહમદશાહના લશ્કરમાં જોડાયેલઃ (i) રોહિલા સરદાર નજીબખાન (તેના લશ્કરો સાથે) (ii) અયોધ્યાના નવાબ શુજા-ઉદ્-દૌલા (તેના લશ્કરો સાથે)

- સેનાપતિ સદાશિવરાવ ભાઉ અને  મરાઠા સૈન્યના સૈનિકો :

***યુદ્ધના બનાવો:-***

14 મી જાન્યુઆરીના રોજ બપોર સુધીમાં તો મરાઠા લશ્કર વિજયને પંથે હતું. અને આ યુદ્ધમાં મરાઠા પેશ્વાનો વિજય નિશ્ચિત જણાતો હતો; પરંતુ બપોર પછી થાકેલા મરાઠા લશ્કરની સામે અબ્દાલીએ સ્ટ્રેટેજી (વ્યૂહરચના) થોડીક બદલીને, 10,000 નું અનામત રાખેલું, પોતાનું સ્ફૂર્તિવાળું અને બહાદુર સૈનિકોનું બનેલું લશ્કર યુદ્ધ મેદાનમાં ઉતાર્યું. આથી યુદ્ધની પરિસ્થિતિનું પાસુ બદલાયું. મરાઠા સૈનિકોનો આ નવા લશ્કરે કચ્ચરઘાણ કાઢવા માંડ્યો. મરાઠા સરદાર સદાશિવરાવ ભાઉ અને પેશ્વાના પુત્ર વિશ્વાસરાવ યુદ્ધમાં શહીદ થઈ ગયા; સાથે સાથે બીજા કેટલાક મરાઠા સરદારો પણ ! યુદ્ધનું પાસુ અબ્દાલીની તરફેણમાં નમ્યું.

સેનાપતિ સદાશિવરાવ ભાઉની મદદ કરવા લશ્કર સાથે નીકળેલા પેશ્વા બાલાજી બાજીરાવને દિલ્હીનો મરાઠા એજન્ટ મારતે ઘોડે આવી રહ્યો હતો; જે પેશ્વાને નર્મદા નદીના તટ પર મળ્યો અને સાંકેતિક ભાષામાં સંદેશ આપ્યો કે ____

‘‘નામદાર પેશ્વા ! આ યુદ્ધમાં મરાઠાઓએ બે કિમતી મોતીઓ, ૨૫ સોનામહોરો અને પુષ્કળ રૂપું તથા પુષ્કળ તાંબાના સિક્કાઓ ખોયાં છે, એ તો જુદાં ! ’’ (બે કિંમતી મોતીઓ (Pearls) એટલે સેનાપતિ સદાશિવરાવ ભાઉ અને પેશ્વાના પુત્ર વિશ્વાસરાવ; 25 સોનામહોરો એટલે મૂલ્યવાન મરાઠા સરદારો પુષ્કળ રૂપું અને તાંબાના સિક્કાઓ એટલે મરાઠાઓના શૌર્યવાન સૈનિકો.)

પેશ્વા આ વાક્યનો મર્મ સમજી ગયો; અને પોતાના લશ્કરની હાર (પરાજય) જાણે કે નજરે નિહાળી હોય તેમ પાણિપત સુધી પહોંચવાનું ટાળીને, નર્મદાથી (ભરૂચથી) જ પૂણે પાછો ફર્યો; અને પેશ્વાને બે માસ સુધી તો પુત્ર વિશ્વાસરાવ અને સેનાપતિ સદાશિવરાવ ભાઉના અવસાન સમાચાર આપવામાં આવ્યા ન હતા; કેમ કે પેલા પત્રથી યુદ્ધમાં મરાઠાઓના પરાજયથી તેને સખત આઘાત લાગતાં માનસિક સ્વસ્થતા તેઓ ખોઈ બેઠેલા ! આ પરાજયના સખત આઘાતમાં તેઓ થોડાક સમયમાં અવસાન પામ્યા. પાણિપતના આ યુદ્ધના પરિણામે મરાઠાઓની એક આખી બાહોશ, બહાદુર અને કૌવતવાળી પેઢી નાશ પામી ! થોડોક સમય તો  ઉત્તર અને દક્ષિણ ભારતમાંથી મરાઠાઓનું વર્ચસ્વ કામચલાઉ નાબૂદ થયું અથવા નોંધપાત્ર રીતે ઘટ્યું ! અલબત્ત, બાલાજી બાજીરાવ પછી આવનારા પેશ્વા માધવરાવ પહેલાએ (ઈ.સ. 1761 થી 1772) ઉત્તર-દક્ષિણ ભારતમાં મરાઠાઓનું વર્ચસ્વ પુનઃ સ્થાપિત કર્યું.

13 પાણિપતનું ત્રીજું યુદ્ધ, 1761: કારણો, બનાવો અને પરિણામો

14 જાન્યુઆરી,1761 : ઉત્તરાયણ

પાણિપતનું ત્રીજું યુદ્ધ ભારતના ઈતિહાસમાં મુઘલો, મરાઠાઓ અને અંગ્રજો માટે એક મહત્ત્વનો અને દીર્ઘકાલીન અસરો નીપજાવનારો ઐતિહાસિક બનાવ છે. ઈ.સ.1740માં પેશ્વા બાજીરાવ પહેલા (ઈ.સ.1720-1740) નું અવસાન થતાં,તેની જગ્યાએ પેશ્વાપદે તેનો પુત્ર બાલાજી બાજીરાવ નિમાયો.પિતાના પગલે પગલે ચાલીને,તેણે પણ મરાઠા સામ્રાજ્યના વિસ્તારની નીતિ ચાલું રાખી,આથી ઘણા બધા શત્રુઓ ઉભા થયા,જેને પરિણામે પાણિપતના ત્રીજા યુદ્ધનાં બીજ રોપાયાં.22 વર્ષ પહેલાં ઈ.સ 1739માં જયારે નાદીરશાહે હિંદ ઉપર ચડાઈ કરી દિલ્હી,આગ્રા વગેરે શહેરોમાં લૂંટ ચલાવી ત્યારે તેની સાથે સૈન્યમાં એક સરદાર અહમદશાહ અબ્દાલી પણ આવ્યો હતો. નાદીરશાહની હત્યા થતાં અહમદશાહ અબ્દાલી અફઘાનિસ્તાનમાં સત્તા સ્થાને આવ્યો. નાદિરશાહ અને તેના સૈનિકોએ ભારતનાં શહેરોની વિપુલ સંપત્તિ લૂંટેલી; તેથી મરાઠાઓ ખૂબ જ રોષે ભરાયા હતા.આ રાજકીય સ્થિતિ પાણિપતના ત્રીજા યુદ્ધ માટેની પાર્શ્વભૂમિકા બની રહી.

2.1 પાણિપતના ત્રીજા યુદ્ધ તરફ દોરી જનારાં પરિબળો (કારણો) :
પાણિપતના ત્રીજા યુદ્ધ તરફ દોરી જતાં પરિબળોની ચર્ચા કરવી યોગ્ય છે. કેમકે એ એક આખો યુગપરિવર્તન કરી ઐતિહાસિક બનાવ છે.

2.1.(1) ઉત્તર ભારતમાં વધતી જતી મરાઠાઓની વગ અને પ્રતિષ્ઠા :
પેશ્વા બાલાજી બાજીરાવ જયારે તેના ઘરઆંગણાના પ્રશ્નોમાં વ્યસ્ત હતાં.ત્યારે ઉત્તર ભારતમાં ખૂબ ઝડપથી રાજકીય પરીસ્થિતિ બદલાઈ રહી હતી.દિલ્હીમાં મુઘલ રાજવી અહમદશાહ ગાદીએ બેઠો હતો.તેણે સફદરજંગને તેના વજીર તરીકે નીમ્યો હતો.રોહિલાઓ પઠાણો અને જાટ લોકો સફદરજંગના કટ્ટર દુશ્મનો હતાં.રોહિલાઓએ સફદરજંગના અયોધ્યા અને અલ્હાબાદના પ્રાંતો જીતી લીધાં.
સિંધિયા તથા મલ્હારરાવ એ બન્ને મરાઠાઓને રોજના 25,000 રૂપિયા અને ભરતપુરના રાજા સૂરજમલ જાટને રોજના 15,000 રૂપિયા આપવાની શરતે સફદરજંગે મદદ મેળવી.આમ મરાઠાઓ અને સૂરજમલ જાટની મદદથી સફદરજંગે પઠાણો અને રોહિલાઓને હરાવ્યા.ભારતના પઠાણોએ તથા રોહિલા સરદાર નઝીબખાને કાબુલના શાસક અહમદશાહ અબ્દાલીને (એક પરદેશીને !) સામે ચાલીને લશ્કરી સહાય કરવા વિનંતી કરી; જે તકની અબ્દાલી રાહ જોઈને જ બેઠો હતો; તે સામે પગલે ચાલીને મળી (ભાવતુંતું ને વૈધરાજે કહ્યું !)ઈ.સ.1751માં પૂરતી પૂર્વતૈયારીઓ કરીને અહમદશાહ અબ્દાલીએ પંજાબ ઉપર આક્રમણ કર્યું. સફદરજંગે સિંધીયા તથા હોળકર સાથે ઈ.સ.1721ના એપ્રિલમાં સમજુતી કરી આ સમજુતી અનુસાર-(i) દિલ્હીના મુઘલ રાજવીએ અહમદશાહે મરાઠાઓને સહાય બદલ રૂ.50,00,000(પચાસ લાખ રૂ.જેવી માતબર રકમ !) આપવા.સંધિનું મરાઠાઓએ પાલન કરી મરાઠા સેનાપતિઓએ દિલ્હી તરફ કૂચ કરી (ii) પરંતુ મુઘલ વજીર સફદરજંગે સંધિનું પાલન ન કર્યું ! (iii) અને સંધિનું ઉલ્લંઘન કરી સામે ચાલીને સફદરજંગે સમગ્ર પંજાબ અબ્દાલીને સોંપી દીધું ! (iv)

એ મુઘલ રાજવી અને વજીરે દોઆબ પ્રદેશના મરાઠાઓના પ્રાદેશિક હકોનો પણ અસ્વીકાર કર્યો.આથી અબ્દાલી હિંદની અઢળક સંપત્તિ સમૃદ્ધિ અને વૈભવ નજરે જોઈ ગયો ! 'એ સાચું જ છે કે 'એક વાર વાઘ જે લોહી ચાખી ગયો તે શું ન કરે ?'
આવા ઐતિહાસિક બનાવોએ જ પેલી ગુજરાતી કહેવત સાર્થક કરી કે 'ઘર ફૂટે ઘર જાય !' અને રુઢિપ્રયોગ૦'પોતાના પગ ઉપર કૂહાડો મારવો !'

2.1.(2) જાટ સૂરજમલ સાથે શત્રુતા :
મુઘલ રાજવીએ ઈ.સ.1752 ની સંધિનો એક તરફ અસ્વીકાર કરીને ખોટું પગલું ભર્યું ! આમ છતાં મરાઠાઓને આગ્રા અને અજમેરમાં પોતાની સત્તા પ્રસરાવવાની પ્રબળ ઈચ્છા હોવાથી તેમણે એક એવું બહાનું શોધ્યું કે ભરતપુરનો રાજા સૂરજમલ આગ્રાને તથા મારવાડનો રાજવી રાઠોડ અજમેરને પોતાના રાજ્યમાં ભેળવી દેવા માંગે છે.પેશ્વાએ આવા બહાના હેઠળ તેના ભાઈ રઘુનાથરાવને ઉત્તરનો અનુભવ મેળવવા જયપુર મોકલ્યો.બીજી તરફ મલ્હારરાવ હોળકરને સૂરજમલના મજબૂત કિલ્લો કુંભેરને ઘેરી લેવાનો આદેશ આપ્યો.
જાટ રાજા સૂરજમલે યુદ્ધ ટાળવા કહેણ મોકલાવ્યું પરંતુ રઘુનાથરાવે તેનો અસ્વીકાર કર્યો.કુંભેરના કિલ્લાને ચાર માસ સુધી ઘેરાવો ચાલું રહયો અને યુદ્ધ ચાલું રહ્યું. સૂરજમલના સૈનિકોએ કુંભેરને રક્ષવા શક્ય એટલું શૌર્ય દાખવ્યું.આ યુદ્ધમાં મલ્હારરાવનો પુત્ર ખંડેરાવ મરાયો.જાટ લોકોએ બહાદુરીપૂર્વક સામનો કરી તેમણે મરાઠાઓને ભયંકર પરાજય આપ્યો એટલું જ નહિ પરંતુ તેમને ત્રણ વાર્ષિક હપ્તાઓમાં ૩૦ લાખ રૂપિયા આપવાની ફરજ પાડી.આથી મરાઠાઓને કુંભેરનો ઘેરો ઉઠાવી લેવાની ફરજ પડી.આમ મરાઠાઓના જાટ પ્રજા સાથેના સંબંધો બગડ્યા !

2.1(3) રાજપૂતો સાથે શત્રુતા :
મલ્હારરાવ હોલ્કરે જયપુરની ગાદી માટે થયેલ વારસાવિગ્રહમાં બિનજરૂરી હસ્તક્ષેપ કર્યો જેને પરિણામે મરાઠાઓના રાજપૂતો સાથેના સંબંધો વણસ્યા રામસિંહે સિંધિયાની મદદથી વિજયસિંહને અજમેરમાં ઘેરી લીધો ! આથી વિજયસિંહ ત્યાંથી ભાગીને નાગોરના કિલ્લામાં ઘેરી લીધો ! પૂરા એક વર્ષ સુધી ઘેરો ચાલ્યો ! ત્યારબાદ થયેલી વાટાઘાટો દરમિયાન સિંધિયાનું દગાથી ખૂન કરાવવામાં આવ્યું ! આથી મરાઠા લશ્કર રોષે ભરાઈને વિજયસિંહના સાથીઓને મોતને ઘાટ ઊતારી દીધા ! આથી તો મરાઠાઓ અને રાજપૂતો વચ્ચે વેર બંધાઈ ચુક્યું.
સિંધિયાના ભાઈ દત્તાજીએ ઘેરો ચાલુ રાખ્યો.વિજયસિંહે પણ જયપુરના મોધાસિંહ,રોહિલા સરદાર તથા મુઘલ સમ્રાટે મરાઠાઓ ઉત્તરમાંથી હાંકી કાઢવા માટે મદદ કરવા દુઃખભરી અપીલ કરી.આમ છતાં પણ સિંધિયાએ વિજયસિંહને સંધિ કરવા મજબૂર કર્યો આ સંધિ અનુસાર,વિજયસિંહે યુદ્ધદંડ પેટે 50,00,000 રૂપિયા મરાઠાઓને આપવા તેમજ અજમેર અને ઝાલોરના પ્રદેશો પણ મરાઠાઓને સોંપી દેવા.આવા

બનાવોની પશ્ચાભૂમિકાએ રાજપૂતો અને મરાઠાઓ વચ્ચેના સંબંધો વધુ વણસાયા આથી જ રાજપૂતોએ પાણિપતના ત્રીજા યુદ્ધમાં મરાઠાઓને મદદ કરી નહિ; જેને પરિણામે મરાઠાઓ પરાજિત પામેલા.

2.1.(4) મુઘલ સૂબાની બેગમની ભૂલ અને અબ્દાલીનું ચોથું આક્રમણ :

ઈ.સ.1753માં પંજાબના સૂબા મૂઈન-ઉલ-મુલ્કનું અવસાન થતાં તેની વિધવા બેગમે (મધુલાનીએ) પંજાબનો વહીવટ પોતાના હાથમાં લીધો, પરંતુ તેની ઓછી આવડતને કારણે સમગ્ર પ્રાંતમાં અવ્યવસ્થા છવાઈ ગઈ ! આથી પંજાબના વઝીર ગાઝીઉદીને મુઘલાની બેગમને નજરકેદ કરી અને તેની જગ્યાએ આદિનાબેગને પંજાબનો સૂબેદાર બનાવ્યો એટલુંજ નહિ પરંતુ મુઘલ રાજા તથા તેના કુટુંબીજનોને ભૂખે મારવા લાગ્યો ! આથી મુઘલાની તેમજ રોહિલા સરદાર નજીબ-ઉદ્-દૌલાની સલાહ મુજબ ગાઝીઉદ્દીને અહમદશાહ અબ્દાલીને હિંદ ઉપર આક્રમણ કરવા આમંત્રણ પાઠવ્યું.

અબ્દાલીએ હિંદ ઉપરના આ ચોથા આક્રમણ સમયે સૈપ્રથમ પંજાબ જીતી લીધું અને ઈ.સ.1757માં દિલ્હી જવા રવાના થયો.અબ્દાલી દિલ્હી,આગ્રા,મથુરા વગેરે નગરોની પ્રજા ઉપર અત્યાચારો અને ભારે લુંટફાટ આદર્યા ! અને કરોડોની માલ-મિલકતો લૂંટીને કાબૂલ પાછો ફરેલો.

નજીબ-ઉદ્-દૌલાને મીરબક્ષી તરીકે નિયુક્ત કરીને મુઘલ રાજવી આલમગીરી બીજાની રક્ષણની જવાબદારી સોંપી અને ઈમાદની ફરી વઝીર તરીકે નિમણૂંક કરવામાં આવી.

2.1.(5) ઉતાવળિયા તેમજ ખામીયુક્ત નિર્ણયો :

અહમદશાહ અબ્દાલીના આક્રમણના સમાચાર મળતાં રઘુનાથરાવ લશ્કર લેઈને છેક પૂનાથી દિલ્હી જવા રવાના થયો, પરંતુ જયારે અબ્દાલીનું લશ્કર મથુરાના હિન્દુ યાત્રાળુએની કત્લેઆમ કરી રહ્યું હતું ત્યારે બીજી તરફ રઘુનાથરાવ અને મલ્હારરાવ નિરર્થક વાદવિવાદમાં સમય બરબાદ કરી રહયા હતા ! તેઓ જયારે આગ્રા પહોંચ્યા ત્યારે વઝીર ગાજીઉદીને તેમનું સ્વાગત કર્યુઁ પરંતુ તે પહેલાં તો નાટકને અંતિમ અંક ભજવાઈ ચૂકયો હતો !!ખૂબ મોડું થઈ ચુક્યું હતું; બન્ને મહારથી મરાઠાઓની આ કેવી ગંભીર ભૂલો હતી !

2.1.(6) રઘુનાથરાવનું ભ્રષ્ટ આચરણ અને ગંભીર ભૂલ :

મીરબક્ષીપદે નિમાયેલા નઝીબ-ઉદ્-દૌલા પર જૂનું વેર લેવાના ઈરાદાથી ઈમાદે રઘુનાથરાવને સમજાવ્યો આથી મરાઠાઓએ દિલ્હી તરફ કૂચ કરી. નઝીબ-ઉદ્-દૌલા મરાઠા સરદાર મલ્હારરાવને શરણે આવ્યો પરંતુ તેની ચાલ નિષ્ફળ ગઈ.આથી તેની ધરપકડ કરાઈ મલ્હારરાવ તેના આ દુશ્મનને દક્ષિણના કોઈક કિલ્લામાં આજીવન કેદીની સજા આપવા માંગતો હતો;પરંતુ રઘુનાથરાવ બેવફા નીવડ્યો.રઘુનાથરાવે નઝીબ-ઉદ્-દૌલા પાસેથી મોટી રકમની લાંચ લઈ મલ્હારરાવ પાસેથી તેને છોડાવી દીધો !

રઘુનાથરાવની આ એક ગંભીર ભૂલ હતી.મરાઠાઓનું પતન તેમના શક્તિશાળી સરદારોની આવી ગંભીર ભૂલોનું પરિણામ પણ હતું.

ત્યારબાદ રઘુનાથરાવે કુંજપુરા અને સરદારસિંહના પ્રાંતો જીતી લીધા અને તે પછી લાહોર તરફ પ્રયાણ આદર્યું અબ્દાલી ઈ.સ.૧૭૫૭માં કાબુલ પાછો ગયો,ત્યારે તેણે જીતેલા પ્રદેશો – પંજાબ વગેરેની સત્તા પોતાના પુત્ર તિમૂર તથા સેનાપતિ જહાનખાનને સોંપીને ગયેલો.

રઘુનાથરાવે અદિનાબેગની મદદથી તિમૂર અને જહાનખાન એ બન્નેને સત્તાસ્થાનેથી હાંકી કાઢ્યા ! પંજાબની જીત પછી, ત્યાં શક્તિશાળી લશ્કર અને સેનાપતિ મૂકીને, રઘુનાથરાવ પૂના પાછો ચાલ્યો ગયો. આમ ભલેને મરાઠા લશ્કરે સરહદી પ્રાંતોને જીતી લઈને, છેક અટક (રાજસ્થાનની બોર્ડર) સુધી પોતાના ધ્વજ લહેરાવ્યો ! પરંતુ તિમૂર અને જહાનખાનને તગેડી ઘરભેગા કરી દેવાનું પગલું મરાઠાઓને નજીકના ભવિષ્યમાં અચૂક ભારે પડવાનું હતું, કેમ કે ફક્ત ચાર વર્ષ બાદ, અબ્દાલી ભારત ઉપર પાણિપતના મેદાનમાં વેર લેવા ચઢી આવેલો !

### 2.1.(7) દત્તાજીનો પરાજય : ઈ.સ.1760 :

રઘુનાથરાવ પૂના પાછો ફર્યા બાદ તુરંતજ પંજાબની યોગ્ય વ્યવસ્થા કરવા માટે દત્તાજી સિંધિયાને મોકલ્યો.તેણે પંજાબની વ્યવસ્થા પ્રયોજવા નઝીબ-ઉલ-દૌલા સાથે વાટાઘાટો શરૂ કરી, .પરંતુ તેણે ગંગાકિનારે શુક્રતાલમાં જઈને,પોતાના દૂતો દ્વારા દત્તાજી સિંધિયા સાથે સમજુતી કરવાનો દેખાવ ચાલુ રાખ્યો. વરસાદને કારણે ગંગા નદીમાં પૂર આવ્યું કે,તરત જ તેણે(નઝીબે)દત્તાજીને ફસાવવા જાળ પાથરી. તેણે ગેરીલાઓ,પઠાણો અયોધ્યાના શુજા-ઉદ્-દૌલા અને કાબુલના અબ્દાલીને એમ સર્વેને મદદ કરવા જોરદાર અપીલ કરી.દરમિયાન દત્તાજીએ હુમલો કરી શુંક્રતાલને ચોમેરથી ઘેરી લીધું ! અલબત્ત,આ હુમલો સફળ થયો નહિ,પરંતુ દત્તાજીએ પ્રતિકૂળ સંજોગોમાં પણ શુંક્રતાલ ઉપરનો ઘેરો ચાલુ રાખ્યો.

મુઘલ વઝીર ઈમાદને શંકા ગઈ કે, કદાચ મુઘલ રાજવી.પરદેશી લૂંટારા અબ્દાલી સાથે ભળી જશે, તો તેની સ્થિતિ ખરાબ થઈ જશે. આથી શંકા અને સ્વાર્થથી પ્રેરાઈને તેણે મુઘલ રાજવીને મારી નાખ્યો અને,ગભરાઈ જઈને તે ભરતપુરના જાટ રાજા સૂરજમલને શરણે ગયો.

અહમદશાહ અબ્દાલી કાબુલથી નીકળી સરહિંદ પહોંચ્યો કે તરતજ તેને મુઘલ રાજવીની હત્યાના સમાચાર જાણ્યા,આથી ગુસ્સે થઈ તે વઝીર ઈમાદ અને મરાઠાઓને સીધા કરવાના હેતુથી દિલ્હી આવ્યો.

બીજી તરફ દત્તાજીએ શુક્રતાલનો ઘેરો ઉઠાવી લઇ.તે અબ્દાલીનો સામનો કરવા દિલ્હી તરફ રવાના થયો.10 મી જાન્યુઆરી 1760 ના રોજ દિલ્હીથી 10 માઈલ (લગભગ 17 કિમી) દૂર બશરીઘાટમાં બન્નેના (દત્તાજી અને અબ્દાલીના) લશ્કરો વચ્ચે જોરદાર યુદ્ધ

થયું: જેમાં દત્તાજીને ગોળી વાગતાં મૃત્યુ પામ્યો. મરાઠી સેના વેરવિખેર થઇ ગઈ ! દિલ્હી અબ્દાલીએ કબજે કર્યું અને ત્યાં યાકુબખાનને સૂબેદાર,તરીકે નિમ્યો.

2.1.( 8 ) મરાઠાઓમાં દીધર્દ્રષ્ટિનો અભાવ :

પંજાબ વગેરે જીતી લીધા પછી ત્યાં પૂરતી વ્યાવસ્થા કરવા માટે રાઘોબા અને મલ્હારરાવે થોડોક સમય ફાળવ્યો જ નહિ; અર્થાત પંજાબ, દિલ્હી વગેરેમાં રોકાયા જ નહિઃ અને પૂના પાછા ફરવાની ખોટી ઉતાવળ કરી ! લશ્કરના સરદારોને ભરોસે મૂકીને જવાની શી જરૂર હતી? એ જ રીતે વિદેશી અહમદશાહ અબ્દાલીના અગાઉના આક્રમણો તથા લૂંટ અને કત્લેંઆમનો ઈતિહાસ તથા અનુભવ-એ બન્નેનો બરાબર ખ્યાલ હતો જઃ છતાં એ વિદેશી આક્રમણખોર અત્યાચારી અને લૂંટારાને સહાય કરનારા હિંદના જે જે રજાઓ સરદારો-સેનાપતિઓ હતા,તેમની સામે કાયમી અને જરૂરી સપ્ત્તાઈપૂર્વકની કાર્યવાહી મરાઠા નેતાઓએ શા માટે ન કરી? તેઓ એ કાર્યવાહી કરવામાં સાવ નિષ્ફળ ગયા. આથી અબ્દાલી એ નબળાઈ બરાબર પારખી ગયો. અબ્દાલીને જો સમયસર કાબુમાં લેવાની આકરી કાર્યવાહી કરી હોત તો,અને દિલ્હીમાં રાઘોબા તથા મલ્હારરાવ થોડો સમય રોકાઈને, બરાબર વ્યવસ્થા ગોઠવીને તેમજ દત્તાજી અને જીકોંગ શિંદે જેવા બાહોશ નેતાઓને એ પ્રદેશો સોંપ્યા હોત તો તે પગલું અસરકારક પૂરવાર થયું હોત ! આમ રાઘોબા (રઘુનાથ રાવ),મલ્હારરાવ જેવા મરાઠા નેતાઓની દીધર્દ્રષ્ટિના અભાવે પાણિપતના ત્રીજા યુદ્ધની (ઈ.સ. 1761માં) આફત આવી પડી; તો બીજી તરફ અબ્દાલીને માટે ત્રીજા યુદ્ધનો માર્ગ મોકળો કરી આપ્યો.મરાઠા નેતાઓ ખરેખર એ ભૂલી જ ગયા કે,પગમાં કાંટો વાગ્યો હોય તો,તેને મૂળમાંથી જ કાઢી નાખવો જોઈએ !

2.1 (9) ઉપરાછાપરી વિજયોથી અભિમાની બનેલા મરાઠાઓઃ

પ્રથમ પેશ્વા બાલાજી વિશ્વનાથ અને તેમના અનુગામી પેશ્વાએ બાજીરાવ પહેલો તથા બાલાજી બાજીરાવે મેળવેલા ઉપરાછાપરી વિજયોથી મરાઠા સરદારો અને નેતાઓ એટલા બધા અભિમાની થઈ ગયા હતા કે, તેમણે વગર વિચારે કેટલાંક યુધ્ધો કર્યાં અને કસાયેલા તથા અનુભવી મરાઠા સૈનિકો ખોયા ! તો બીજી તરફ આડેધડ પડોશી રાજ્યો ઉપર બિનજરૂરી આક્રમણો તથા લૂંટફાટ કરી, ભારતની તત્કાલીન બિન-મુસ્લિમ જાતિઓ – રોહિલા,જાટ,રજપૂત રાજ્યો,બુંદેલા વગેરે સાથે એક યા બીજા કારણસર મરાઠાઓ રાજકીય સબંધો બગાડયા! તેમને નુકસાન પહોંચાડીને, રાજકીય એકતા (કે સંઘ) સાધવામાં મોટો અવરોધ ઊભો કર્યો. સર જદુનાથ સરકાર તો તેમના ગ્રંથ 'ફોલ ઓફ ધિ મુઘલ એમ્પાયર' (ગ્રંથ-2 )માં ત્યાં સુધી લખે છે કે, "રઘુનાથરાવની પોકળ જીતો રાજકીય દ્રષ્ટિએ જોઈએ તો ઉપરછલ્લી અને આર્થિક (નાણાકીય) દ્રષ્ટિ એ સાવ અર્થહીન હતી.ઉત્તર ભારતમાં દિલ્હીથી દક્ષિણ ભારતમાં પૂના સુધી અને પશ્ચિમમાં અટક સુધી ભગવો ઝંડો લેહરાતાં, મરાઠાઓની પ્રતિષ્ઠા વધી ખરી, પરંતુ તેનાથી મરાઠી સામ્રાજ્યને

કોઈ નક્કર લાભ થયો નહિ.માત્ર પ્રદેશો અને માનવવસ્તીનો જ ઉમેરો થયો.વળી કેટલીક જીતો તો અસ્થાયી અને કામચલાઉ જ બની રહી !''

આમ મરાઠાઓના સતત અને અવિરત યુદ્ધોએ મરાઠા સામ્રાજ્યના વિશાળ લશ્કરોના નિભાવ,શસ્ત્રસરંજામના ઉત્પાદનનું સાતત્ય,વિશાળ સામ્રાજ્યના વહીવટ પાછળનો જંગી ખર્ચ ઈત્યાદીએ તો ઊલટું પૂનાની(શાસક પેશ્વાઓની) તિજોરી ખાલી કરી નાખી ! એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી કે 'મરાઠાઓના આ વિજયો મરાઠા સામ્રાજ્યને રાજકીય કે આર્થિક રીતે લાભદાયી થવાને બદલે કેવળ વ્યક્તિગત પ્રતિષ્ઠા વધારનાર જ સાબિત થયા.

2.1(10) સદાશિવરાવ ભાઉનો દિલ્હીમાં 1760માં શાનદાર પ્રવેશ :

પેશ્વા બાલાજી બજીરાવે દિલ્હી પાસે આવેલા બરારીઘાટમાં દત્તાજીને ગોળી વાગતાં યુદ્ધમાં થયેલા અવસાનના સમાચારો સાંભળ્યા કે તરતજ (પેશ્વાએ) પિતરાઈ ભાઈ સદાશિવરાવ ભાઉ (ખૂબ મોટો સેનાપતિ)ને દિલ્હી મોકલવાનો નિશ્ચય કર્યો. ભાઉની સાથે મોટા પુત્ર વિશ્વાસરાવ, તોપખાનાનો જાણકાર ઈબ્રાહીમ ગાર્દી અને અન્ય મરાઠા સરદારોને પણ મોકલ્યા. ભાઉ સાહેબ ખૂબ જ યોગ્ય, અનુભવી અને શક્તિશાળી સેનાપતિ હતા. તેઓ 33,000 માણસો (સૈનિકો,સેવકો, રસોઈયા, ભારવાહકો, વગેરેને) લઈને 4 જૂન,1760ના રોજ ગ્વાલિયર પહોંચ્યા.તેમની સાથે શ્રેષ્ઠ યુદ્ધસામગ્રી,ઊંચી ગુણવત્તાવાળું તોપખાનું વગેરે પણ હતાં.

ભાઉંને સૌ પ્રથમ વિચાર અબ્દાલીના મિત્ર તથા સહાયક પરંતુ ભારતના જ રહીશો અને મરાઠાઓના હિતશત્રુ રોહીલાઓને શિક્ષા કરવાનો ઉદ્દેશ હતો પરંતુ કમોસમી વરસાદથી યમુના નદીમાં ભારે પૂર આવતાં તેમને ચંબલની ખીણમાં જ રોકાઈ જવું પડ્યું.16મી જુલાઈએ ભાઉ ભરતપુરના રાજા સૂરજમલ જાટને મળ્યા અને ચોથ નહિ ઉઘરાવવાની શરતે અને પ્રજાને અહી રંજાડવાની શરતે 10,000 નું લશ્કર મેળવ્યું. યમુના નદીનાં પૂર ઓસર્યાં નહતાં, તેથી ભાઉ લશ્કર સાથે સીધા જ દિલ્હી પહોંચ્યા અને મુઘલ રાજવીને (બાદશાહને) અબ્દાલીના સેનાપતિઓની પકડમાંથી 2 ઓગસ્ટ ,1760 ના રોજ મુક્ત કરાવ્યો. આમ સદાશિવરાવ ભાઉએ પોતાના સાથીદારો (પેશ્વાના પુત્ર સહિત) અને લશ્કરો સાથે દિલ્હીમાં શાનદાર પ્રવેશ કર્યો.તેમનું આ પગલું અહમદશાહ અબ્દાલીને ન જ ગમ્યું ! મરાઠા સામ્રાજ્યના ઈતિહાસમાં આ એક ગૌરવવતું ઉજ્જ્વળ અને ઐતિહાસિક પ્રકરણ હતું ! તો બીજી તરફ પાણિપતના ત્રીજા યુદ્ધ તરફ દોરી જનાર સંજોગનું સર્જન કર્યું.

3. પાણિપતના ત્રીજા યુદ્ધ(1761) ના મુખ્ય બનાવો

3.1 અયોધ્યાના નવાબ શુજા-ઉદ્-દૌલાનો પક્ષપલટો અને સૂરજમલ સાથે મતભેદઃ

અયોધ્યાનો નવાબ શુજા-ઉદ્-દૌલા દોઆબના રોહિલાઓને પોતાના કટ્ટર દુશ્મનો સમજતો હતો; આથી તે અબ્દાલી અને રોહિલાઓની વિરુદ્ધમાં રચાતા મોરચામાં વિરોધી

પક્ષમાં એટલે કે મરાઠાઓની સાથે જોડાયેલો; પરંતુ અબ્દાલીએ નજીબુદૌલાને મોકલીને શુજાને ફોડ્યો ! અબ્દાલીએ શુજાને વજીર બનાવાવનું વચન તથા પ્રલોભન આપ્યું. સ્વાર્થી અને સત્તાલાલચુ શુજા- ઉદ્-દૌલાએ પક્ષપલટો કરી ફરી બેઠો ! તેના જવાથી મરાઠાઓને ભારે ખોટ પડી !

## 3.2 *ભરતપુરના રજા સૂરજમલનો મરાઠા લશ્કરે ગુમાવેલો સાથ*

આ કારમા ઘાની કળ વળે,તે પહેલાં જ મરાઠાઓ ઉપર બીજો ફટકો પડ્યો ! સદાશિવરાવ ભાઉ અને સૂરજમલ જાટ વચ્ચે યુદ્ધની વ્યૂહરચના(સ્ટેટેજી) અંગે મતભેદ સર્જાયો. સૂરજમલ જાટ 10,000 ના સૈન્યની કિંમતી મદદ આવનાર યુદ્ધ માટે કરેલી ઈતિહાસકાર જી.એસ.સરદેસાઈના મત મુજબ સૂરજમલ પોતાના પ્રદેશની બહાર મરાઠાઓને લશ્કરી મદદ કરવા તૈયાર ન હતો; તેમજ યુદ્ધને અંતે દિલ્હી ઉપર પોતાના આધિત્યની માંગણી કરેલી, જે બન્ને માંગણીઓ ભાઉએ સ્વીકારી નહિ, એટલે રાજા સૂરજમલ ભરતપુર પાછો ચાલ્યો ગયો. આમ શુજા અને સૂરજમલ બન્નેનો સાથ મરાઠાઓએ આગામી યુદ્ધ માટે ગુમાવ્યો !

## 3.3 *તમામ હિન્દુ રાજવીઓનો 'સંયુક્ત મોરચો'રચવામાં મળેલી નિષ્ફળતા :*

દિલ્હી જતાં પહેલાં સદાશિવરાવ ભાઉએ તમામ રાજપૂત ઈ.સ.1751માં દિલ્હીના મુઘલ શહેનશાહ આલમગીરીની વિનંતીને માન આપી મરાઠાઓએ દોઆબ પ્રદેશના રોહિલાઓને હરાવેલા ત્યારથી જ રોહિલાઓ મરાઠાઓના દુશ્મન અને પરદેશી આક્રમણખોર અબ્દાલીના મિત્ર બની બેઠા હતા !

રાજાઓ અયોધ્યાના નવાબ શુજા-ઉદ્-દૌલા તેમજ અગ્રણી તમામ હિન્દુ સરદારો નેતાઓ વગેરેને એક જ ધ્વજ નીચે એકત્રિત થઈ, સૌના સામાન્ય દુશ્મન અને વિદેશી આક્રમણખોર લૂંટારા તથા અત્યાચારી અહમદશાહ અબ્દાલીને હરાવી હિન્દુસ્તાનની ધરતી પરથી હાંકી કાઢવા પત્રો લખી, મોકલી અપીલ કરી હતી. પરંતુ પોતપોતાના સ્વાર્થી હિતોમાં રચ્યાપચ્યા રહેનાર હિન્દુ રાજાઓ (રાજપૂત રાજાઓ સહિત) એક ન થઈ શક્યા. એકતા (હિંદ-પદ-પાદશાહીના સિદ્ધાંત અનુસાર) અને સંગઠનનો આદર્શ સિધ્ધ ન થઈ શકયો, એ એક કરુણતા બની રહી !

## 3.4 *ભાઉ પાસે ખૂટી પડેલો અન્ન,નાણા અને શાસ્ત્રોનો પુરવઠો :*

ઈ.સ.1760ના ઓગસ્ટ માસથી ઓક્ટોબર માસ સુધી ભાઉ પાસે 1 લાખથી પણ વધુ સૈનિકોને ખવડાવવા માટે મળેલો અનાજનો પુરવઠો ક્રમશઃ ખૂટતો ગયો.ભાઉનું લશ્કર અનાજ,ઘાસચારો અને નાણાંની અછત અનુભવવા લાગ્યું. અને છતાં પેશ્વાએ પર્યાપ્ત પુરવઠો-ખાસ તો અનાજનો પુરવઠો દિલ્હી તરફ (પૂનાથી) રવાના ન કર્યો.આથી મરાઠા સૈનિકોની ધીરજ ખૂટવા લાગી.બીજી તરફ અબ્દાલી પણ એવી જ મુસિબતોમાં ઘેરાઈ ગયો હતો.આથી તે મરાઠાઓ સાથે માનપૂર્વક સંધિ કરી કાબુલ પાછો ફરવા માગતો હતો.પરંતુ સ્વાર્થી નજીબુદૌલા જ્યાં સુધી ચંબલની ખીણની પેલે પાર (હાલનું મધ્યપ્રદેશ)

મરાઠાઓને હાંકી કાઢવામાં ન આવે ત્યાં સુધી અબ્દાલીને પાછો ફરવા દેવા તૈયાર ન હતો. પોતાની મેલી મુરાદ બર લાવવા તેણે અબ્દાલીને જણાવ્યું "સદાશિવરાવ ભાઉ પેશ્વાના પુત્ર વિશ્વાસરાવને દિલ્હીનો સમ્રાટ બનાવવા માગે છે. અને સમગ્ર હિન્દુસ્તાન ઉપર મરાઠાઓનું શાસન સ્થાપિત કરવા માગે છે અને તેની પુર્વતૈયારીઓ રૂપે વિશ્વાસરાવના નામના સિક્કાઓ પણ તૈયાર કરી દીધા છે; આથી અબ્દાલી અને ભારતના તેના તરફ મુસ્લિમો આ અફવાને સાચી માની મોટું યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા.

## 3.5 *કુંજપુરાનું પતન અને અબ્દાલીનો રોષ :*

મરાઠા સેનાપતિ સદાશિવરાવ ભાઉ યદ્ધ માટે તત્પર બનેલા મરાઠા સૈનિકોનો લાભ લઈ દિલ્હી પરનું અબ્દાલીનું દબાણ ખસેડવા 16મી ઓક્ટોબર 1760ના રોજ કુંજપુરા ઉપર આક્રમણ કર્યું; બીજી બાજુએ પોતાના વિશ્વાસુ સાથી ગોવિંદાપંત બુંદેલાને દોઆબમાંથી રોહિલાઓનો નાશ કરવા આજ્ઞા કરી. કુંજપુરાના સૂબેદાર નજીબખાનને કેદ પકડી મારી નાખવામાં આવે તે પહેલાં જ તે ઘવાયેલી સ્થિતિમાં મૃત્યુ પામ્યો.તેના અન્ય સાથીઓને પણ બુંદેલા સૈનિકોએ મારી નાખ્યા !કુંજપુરામાંથી મળેલા અન્ન-પુરવઠાની મદદથી મરાઠાઓના બીજા થોડાક સૈનિકો પસાર થઈ શક્યા.

પરંતુ કુંજપુરા પતનથી અહમદશાહ અબ્દાલી ખૂબ રોષે ભરાયો અને તેણે પોતાના સૈનિકોને એકઠા કરી ઉશ્કેર્યા અને લોહીના છેલ્લા બુંદ સુધી મરાઠાઓનો વિનાશ કરવા આદેશ કર્યો.આથી અગાઉના યુદ્ધોમાં માત્ર વિજયનો જ ઉદ્દેશ રહેતો હતો અને તે લશ્કરી માત્ર જ માપદંડ ગણાતો હતો પરંતુ કુંજપુરાના પતન પછી તેમાં રક્તપિપાસા અર્થાત વૈરવૃત્તિની ભાવના પણ સૈનિકોમાં ઉમેરાઈ આનાં દર્શન પાણિપતના ત્રીજા યુદ્ધ દરમિયાન અને તે પછી ઘણા દિવસો સુધી દિલ્હીમાં નિહાળવા મળ્યાં !

## 3.6 *પાણિપતના મેદાનમાં ગોઠવાયેલા સામસામે લશ્કરો :*

25 મી ઓક્ટોબરે અબ્દાલી દિલ્હીથી 20 માઈલ (લગભગ 30 કિમી દૂર) બાગપત પાસે યમુના નદી પાર કરીને પાણિપત પહોંચી ગયો. બીજી તરફ ભાઉ પણ ઉત્તર તરફ આગળ વધી પાણિપતના મેદાનમાં અબ્દાલીની છાવણીથી 5 માઈલ દૂર પડાવ નાખ્યો.પૂરતી પૂર્વતૈયારીઓ હોવા છતાં અને મરાઠા સૈનિકોની યુદ્ધ લડી લઈ, વિજય મેળવવાની ઉગ્ર ઈચ્છા હોવા છતાં ભાઉએ આક્રમણ કરવામાં અસહ્ય વિલંબ કર્યો. મરાઠા સૈનિકો પાસે અનાજનો પુરવઠો ખૂટવા લાગ્યો. સૈનિકો પૂરતા ખોરાકના અભાવે ભૂખમરાથી પીડવા લાગ્યા.ભાઉ સમય બરબાદ કરતો હતો; તે સૈનિકોથી જોવાતું ન હતું ! 1 નવેમ્બર 1760થી 13મી જાન્યુઆરી 1761 સુધીના 74 દિવસો દરમિયાન છૂટીછવાઈ લડાઈઓ થઈ; જેમાં અબ્દાલીના પક્ષે 300 રોહિલાઓ મરાયા. ગોવિંદાપંત બુંદેલા (મરાઠાઓના પક્ષે) ની કરાયેલી હત્યા; જીક્રોંજી સિંધિયાએ અબ્દાલીના વજીર ઉપર કરેલ નિષ્ફળ હુમલો વગેરે નોંધપાત્ર બનાવો હતા.

ભૂખમરો વેઠી રહેલા સૈનિકોને અનાજ પૂરું પાડવા ભાઉએ સ્ત્રીઓનાં ઘરેણાં વેચી તેના સિક્કા(લશ્કરી છાવણીમાં જ) ટંકશાળમાં બનાવડાવી એના દ્વારા બે અઠવાડિયા ચાલે તેટલું અનાજ ખરીદાયું ! પણ પછી શું...? આથી ભાઉ અત્યંત મુશ્કેલીમાં આવી પડતાં ભાઉ યુદ્ધદંડની રકમ ચૂકવીને પણ અબ્દાલી સાથે સમજુતી કરવા તૈયાર થયો. પરંતુ નજીબુદૌલાએ સમજુતી થવા દીધી જ નહિ.ભાઉએ યુદ્ધને ટાળવા છેલ્લો પાસો ફેંકી જોયો.ભાઉએ અબ્દાલીના પક્ષે રહેલા અયોધ્યાના નવાબ શુજાના એક પ્રતિનિધિ કાશીરાજ મારફતે સંદેશો મોકલ્યો અને સમજુતી માટે છેલ્લી વિનંતી કરી.

## 3.7 14*મી જાન્યુઆરી* (1761) *ના રોજ શરૂ થયેલું યુદ્ધ :*

14મી જાન્યુઆરીના (ઉતરાયણ પર્વના) રોજ આખરે સવારે 9-00 કલાકે
સંદેશો આ પ્રમાણે હતો ''હવે તો પ્યાલો છલોછલ ભરાઈ ચૂકયો છે અને હવે તેમાં એક ટીપું પણ તેમાં સમાવી શકાય તેમ નથી. આથી એક પળ પણ બગાડ્યા વગર યુદ્ધને બદલે સમજુતીના વિષયમાં અંતિમ ઉત્તર આપો '' આ સંદેશો 14મી જાન્યુઆરીએ વહેલી સવારે અબ્દાલીને પહોચાડાયો ત્યારે અબ્દાલએ વિચાર કરવા માટે એક દિવસ માગ્યો; પરંતુ અકળાયેલા મરાઠા સૈનિકો માટે એક દિવસ પણ હવે થોભવાનું અશક્ય હતું. મરાઠા લશ્કરે અબ્દાલી અફઘાન લશ્કર ઉપર હુમલો કર્યો અને પાણિપતના યુદ્ધનો ઉત્તરાયણના દિવસે આરંભા થઈ ચૂકયો ! મરાઠાઓએ ઈબ્રાહીમ ગાર્દીને તોપમારો કરવાનો આદેશ આપ્યો તો બીજી તરફ મરાઠા સૈનિકોએ બંદુકો દ્વારા ગોળીઓનો વરસાદ વરસાવ્યો ! ઈબ્રાહીમ ગાર્દીએ રોહિલાઓ અને મુઘલોની લશ્કરી ટુકડીઓને લક્ષ બનાવી તોપગોળા વરસાવી કચ્ચરઘાણ કાઢી દીધો ! 8,000 થી 9,000 રોહિલાઓનો મેદાનમાં તોપમારાથી સંહાર થઈ ગયો ! આથી અબ્દાલીએ નવી લશ્કરી ટૂકડીઓને આગળ ધપવા અને સામનો કરવા હુકમ કર્યો.ઈબ્રાહીમ ગાર્દીની તોપો અને અબ્દાલીના લશ્કરની નવી ટૂકડીઓ વચ્ચે ખૂનખાર જંગ ખેલાયો !

બીજી તરફ સદાશિવરાવ ભાઉએ પણ દુશ્મનોના મધ્ય ભાગ ઉપર ભારે ઘસારો કર્યો તેનું લક્ષ અબ્દાલીના વજીરની લશ્કરી ટૂકડીઓ તરફ હતું. અબ્દાલીના સૈન્યનો પ્રબળ પ્રતિકાર થયેલ હોવા છતાં તેના (દુશ્મનોના) લશ્કરની ત્રણ ત્રણ સંરક્ષણ હરોળો ભેદાઈ (નામશેષ) ગઈ ! બાકીના ગભરાયેલા અફઘાન સૈનિકો ભાગવા લાગ્યા ત્યારે વજીર શાહવલીખાન ખુદ અશ્વ ઉપરથી નીચે ઉતરીને પોતાના સૈનિકોને પોરસ ચડાવતાં કહયું, સાથીઓ ! આમ મેદાનમાંથી ભાગીને ક્યાં જઈ રહયા છો ? આપણો દેશ તો અહીંથી યોજનો દૂર છે ! અને છતાં દુશ્મનોના અફઘાન સૈનિકોએ ભાગવાનું ચાલું જ રાખ્યું. હવે અબ્દાલી પાસે માત્ર જમણી બાજુનું જ લશ્કર હતું. યદ્ધનું પરિણામ મરાઠાઓની તરફેણમાં આવશે તેમ માનવું હતું.
પરંતુ, વિધિએ કંઈક બીજું જ નિશ્ચિત કર્યું હતું માત્ર એક બનાવથી આખી બાજી પલટાઈ ગઈ !

## 3.8 *યુદ્ધભૂમિ પરથી ચાલુ યુદ્ધે ભાગી ગયેલો મલ્હારરાવ હોળકર :*

મરાઠાઓ તરફી પાણિપતના ત્રીજા યુદ્ધનું પલ્લું નમી રહયું હતું, અને બન્ને બાજુઓ સબળ પ્રતિકાર ચાલુ હતો. એવા કટોકટીના સમયે, નજીબુદૌલાએ મલ્હારરાવને પહેલાંથી ફોડી નાખીને ગુપ્ત સમજુતી કરેલી, જેની ભાઉ સાહેબને જાણ નહોતી. આથી જેવો મલ્હારરાવ નજીબુદૌલાની સામે લડવા આવ્યો કે તરતજ તેણે ઈશારો થતાં ચાલું યુદ્ધ જીક્રોજી સિંધિયાને યુદ્ધ ભૂમિ ઉપર જ છોડી દઈને ભાગી ગયો/જતો રહયો !

બીજી તરફ અબ્દાલીએ-

- પોતાના લશ્કરમાંથી ભાગી ગયેલા 13,000 સૈનિકોને યુદ્ધભૂમિ ઉપર પાછા લાવવા થોડાક અનામત સૈનિકોને મોકલ્યા.
- યુદ્ધની વ્યૂહરચનામાં તત્કાળ પરિવર્તન કરી 4000 સૈનિકોનું લશ્કર ડાબી બાજુની હરોળને મદદ કરવા મોકલી આપ્યું.
- વજીર શાહવલીખાન ને મદદ કરવા 10,000 સૈનિકોની ટૂકડીઓ મોકલી આપી.
- અને 10,000 સૈનિકોના અનામત રખાયેલા લશ્કરને થાકેલા-કંટાળેલા મરાઠાઓને હરાવવા રણભૂમિ ઉપર ઉતાર્યું.

સવારના નવ વાગ્યાથી સતત પાંચ કલાક સુધી રણભૂમિ ઉપર નિર્જળ અને નિરાહાર સૈનિકોમાં થાક સ્પષ્ટપણે વર્તાતો હતો. એ સમયે અબ્દાલીના આ નવા 10,000 તાજગીભર્યા,સ્ફુર્તિવાળા અને શૂરવીર સૈનિકોની સામે ટકવું મુશ્કેલ હતું !

3.9 પેશ્વાના પુત્ર વિશ્વાસરાવ અને સેનાપતિ સદાશિવરાવ ભાઉનું મૃત્યુ :

અબ્દાલીએ 1500 ઊંટો ઉપર રખાયેલી હલકી તોપો (કડાબીન બંદુકો) વાળા દળને મરાઠા-લશ્કરના મધ્યભાગ ઉપર તૂટી પડવા આદેશ કર્યો. 500-500ના ત્રણ ઊંટોના આ લશ્કરી દળે તો કમાલ કરી નાખી ! તેમણે એ બંદુકોમાંથી તો ગોળીઓની વર્ષા વરસાવી ! અને મરાઠા સૈનિકો મોટી સંખ્યામાં રણભૂમિ પર ઢળી પડવા (જખ્મી થઈને) લાગ્યા !

સત્તા કે સંપતિ ખાતર મલ્હારરાવ જેવા મરાઠા સરદારે કરેલ આ દુષ્કૃત્ય બદલ મરાઠાઓ કે ઈતિહાસ તેને કદાપિ માફ નહિ કરે ! મરાઠાઓ ઉપર ગોળીઓની વર્ષા વરસાવી ! યુદ્ધનું પાસું પલટાયું ! બે એક કલાક મરાઠા-સૈનિકોનો પરદેશી દુશ્મનો મોટેપાયે સંહાર થવા લાગ્યો !

ગોળીઓનો અને તોપોની સામસામે રમઝટ-ચીસાચીસ,બૂમાબૂમ,દેકારો-પોકારોના કાન ફાડી નાખે તેવા અવાજોથી પાણિપતની ધરતી ધ્રૂજી ઊઠી ! અને એટલામાં બપોરે સવા બે વાગે દુશ્મન-સૈનિકની ગોળી વાગવાથી પેશ્વાનોપુત્ર વિશ્વાસરાવ હાથી પરથી નીચે પટકાયો ! ખૂબ લોહી વહી જતાં તે મૃત્યુ પામ્યો ! આ દ્રશ્ય નિહાળી સદાશિવરાવે વ્યૂહરચના તરતજ બદલી.

સદાશિવરાવ હાથી પરથી (ભત્રીજાની હત્યાનું દ્રશ્ય ન જોવાતાં) નીચે ઊતરી ઝનૂનપૂર્વક શકય એટલી તાકાત વડે તલવાર વડે લડવા માંડ્યું ! એક હાથી પર વિશ્વાસરાવનું શબ મૂકવામાં આવ્યું ! સદાશિવરાવ નીચે ઊતરી જતાં દૂરથી મરાઠા સૈનિકો ન તો સેનાપતિ દેખાયો કે ન તો મરાઠા ભગવો ધ્વજ ! સદાશિવરાવ વૈરવૃતિથી અફઘાનોના લશ્કરની વચ્ચે જઈ પહોંચ્યો આથી અલ્પસમયમાં જ ઘેરાઈ ગયો ! બીજી તરફ હાથી પર ભગવો ધ્વજ ન દેખાતાં સૈનિકોએ માન્યું કે, આપણો સેનાપતિ યુદ્ધમાં હોમાઈ ગયો છે. અને તેથી યુદ્ધભૂમિ પરથી મરાઠા સૈનિકોએ નાસવાનું શરૂ કરી દીધું !

3.10 મરાઠાઓનાં લશ્કરનો અબ્દાલી સામે પરાજય અને પાયમાલી :

યુદ્ધની મધ્યમાં જઈ પહોંચેલા સદાશિવરાવ ને બચાવવા મરાઠા સૈનિકોએ અર્ધા કલાક સુધી ધમાસાણ યુદ્ધ ખેલ્યું.આ 30 મિનિટ જેટલા સમયમાં ભીષણ નરસંહાર થયો ! છેવટે સદાશિવરાવ પણ યુદ્ધમાં ખપી ગયો ! મરાઠાઓનો ભગવો ઝંડો નીચે પડી ગયો ! મડદાઓના ઢગ ઉપર થઈને બચેલા મરાઠા સૈનિકો ભાગી ગયા; કપૂરની જ્યોતની જેમ મરાઠા લશ્કર યુદ્ધભૂમિ પરથી અદ્રશ્ય થઈ ગયું ! અને મરાઠાઓ પરાજિત થયા.

યુદ્ધનું રોમાંચક વર્ણન જી.એસ.સરદેસાઈના 'મરાઠી રિયાસત' માં કરાયેલું છે. આમ મરાઠાઓના બે અણમોલ મોતી (સદાશિવરાવ ભાઉ અને પેશ્વાના પુત્ર વિશ્વાસરાવ) નાશ પામ્યાં ! યુદ્ધ માટે કાસયેલા ચાંદીના કિંમતી સિક્કાઓ જેવા લશ્કરી ટૂકડીઓના 50 જેટલા સરદાર નાશ પામ્યા અને વફાદાર તથા શોર્યવાન સૈનિકો (તાંબાના સિક્કાઓ જેવા) પણ આ યુદ્ધ અગણિત પ્રમાણમાં હોમાઈ ગયા !

4 પાણિપતના ત્રીજા યુદ્ધનાં પરિણામો

ભારતના ઈતિહાસમાં લડાયેલું પાણિપતનું ત્રીજું યુદ્ધ (14 જાન્યુઆરી 1761) એ અનેક દ્રષ્ટિએ તપાસતાં ઐતિહાસિક અને નિર્ણાયક તથા મહત્ત્વનું હતું. તેનાં પરિણામો તત્કાલીન અને દીર્ઘકાલીન હતાં. જુદાજુદા ઈતિહાસકારો અને ઈતિહાસ-લેખકોએ પોતપોતાની દ્રષ્ટિએ એ પરિણામોનું મૂલ્યાંકન કર્યું છે. અહી તેને અવલોકવાનો પ્રયાસ કરીશું.

4.(1) યુદ્ધમાં મરાઠાઓનો પરાજય અને પાયમાલી :

આ યુદ્ધનાં પરિણામો વિશે અને તેમાં થયેલા ખુવારીના આંકડાઓ વિશે ઈતિહાસકારોમાં મતભેદ છે.એક મત અનુસાર આ યુદ્ધમાં અહમદશાહ અબ્દાલી પાસે 60,000 નું (સાઈઠ હજાર) સૈનિકોનું લશ્કર હતું; જ્યારે મરાઠા સેનાપતિ સદાશિવરાવ પાસે 45,000 (પિસ્તાલીસ હજાર) નું લશ્કર હતું. આ યુદ્ધ મરાઠાઓના પક્ષે લગભગ 37,000 જેટલા સૈનિકોની ખુવારી થઈ ગઈ. જી.એસ.સરદેસાઈના મતે "આ યુદ્ધમાં મરાઠાઓને અપાર જાનહાનિ થઈ હતી ફક્ત 8 હજાર સૈનિકો જ બચ્યા અને કેટલાક ઘવાયા હતા.

જાનમાલની વ્યાપક પ્રમાણમાં ખુવારી એ આ યુદ્ધનું નોંધપત્ર પરિણામ હતું. આ યુદ્ધમાં મહારાષ્ટ્રના મહારથીઓ સેનાપતિઓ,રાજકુમાર,આગલી હરોળના નેતાઓ વગેરે તો

મૃત્યુ પામ્યા જ હતા. અને હજારોની સંખ્યામાં સૈનિકોએ પણ પ્રાણ ખોયેલા ! સર જદુનાથ સરકાર તેમના ગ્રંથ 'ધિ થર્ડ બેટલ ઓફ પાણિપત' આ યુદ્ધની કરુણ કથનીમાં જણાવે છે તેમ ''પાણિપતના યુદ્ધે સાચેજ દેશવ્યાપી વિનાશ સર્જ્યો હતો. સંપૂર્ણ મહરાષ્ટ્રમાં એક પણ ઘર એવું નહોતું કે જેણે પોતાનો પિતા,પુત્ર કે પૌત્ર (કુટુંબીજન અથવા વડીલો) ગુમાવ્યાનો શોક ન પળાતો હોય ! આમ 14મી જાન્યુઆરીના ગણતરીના કલાકોમાં મરાઠાઓની એક આખી વફાદાર, શક્તિશાળી શૂરવીર અને દૂરદેશી પેઢી ખતમ થઈ ગઈ ! કેમકે  બીજા દિવસના પ્રભાત સુધી દુશ્મનોએ યુદ્ધ મેદાનમાંથી નાસી છૂટતા મરાઠાઓની ઘાસની જેમ કતલ કરેલી !

પાણિપતના યુદ્ધમાં મરાઠા સૈન્યના પરાજયના સમાચાર લશ્કર લઈને ભાઉને દિલ્લી તરફ મદદ કરવા જયારે પેશ્વા જતો હતો, ત્યારે નર્મદા નદીના કિનારે (સંભવતઃગુજરાતનું ભરૂચ અથવા મધ્યપ્રદેશ) મળ્યા ત્યારે તો (ફેબ્રુઆરીમાં) ખૂબ મોડું થઈ ગયું હતું. આથી પેશ્વા બાલાજી બાજીરાવને સખત આઘાત લાગ્યો અને તે એ આઘાત સાથે પૂના પાછો ફર્યો. પૂના આવ્યા પછી પણ એ આઘાત જીરવી શકયો નહિ અને ફક્ત બે જ માસમાં પેશ્વા બાલાજી બાજીરાવનું ડિસેમ્બર માસમાં જ (ઈ.સ.1761માં) અવસાન થયું. મરાઠાઓને પેશ્વાના આ અચાનક અવસાનથી ભારે ખોટ પડી.

4.(2) ઉદારતા અને સહિષ્ણુતાનાં દર્શન :

પાણિપતના મેદાનમાંથી જીવ બચાવવા ભાગેલા 8,000 મરાઠા સૈનિકો એ શુજા-ઉદ્-દૌલાની લશ્કરી છાવણીના તંબુઓમાં રક્ષણ માટે પહોંચી ગયેલા. શુજાએ ન માત્ર તેમને રક્ષણ આપેલું. પરંતુ દરેકને પ્રવાસમાં જરૂરી હાથખર્ચી આપીને સૂરજમલ જાટના પ્રદેશમાં સહીસલામત પહોંચાડી દઈ, નોંધપાત્ર ઉદારતા દાખવી.એજ રીતે સૂરજમલનો સમાચાર સાંકેતિક ભાષામાં દિલ્લથી કોઈક વેપારીએ મુસાફર સાથે મોકલેલાઃ ''બે મુલ્યવાન મોતી નષ્ટ થયાં છે; 25 સોનામહોર ખોવાઈ લૂંટાઈ ગઈ છે.ચાંદીના અને તાંબાના સિક્કાઓ તો એટલા બધા નષ્ટ થયા છે,કે જેની કોઈ ગણતરી જ નથી.''

પણ હોળકર અને સિંધિયાનો અગાઉનો ખરાબ વર્તાવ ભૂલીને 8,000 મરાઠા સૈનિકોને ખૂબ ઉમળકાથી આવકાર્યા એટલું જ નહિ પરંતુ તેમને ભોજન,કપડાં,દવાઓ અને સંરક્ષણ પૂરાં પાડી,સંપુર્ણ સહાય કરી.આમ સૂરજમલે ભારતના ઈતિહાસમાં ખૂબ યાદગાર સૌજન્ય અને સંસ્કારિતા દર્શાવ્યાં ! જો આમ ન જ બન્યું હોત તો,વિનાશ કેટલા મોટા પાયા પર સર્જાયો હોત !

4.(3) વિજેતા અબ્દાલીનો દિલ્લીમાં પ્રવેશ અને વિદાય :

પાણિપતના ત્રીજા યુદ્ધમાં ભવ્ય વિજય મેળવીને અહમદશાહ અબ્દાલીએ સૌ પ્રથમ પાણિપત ગામમાં મુસ્લિમ સંતની દરગાહમાં દર્શન કરવા ગયો. ત્યારબાદ દિલ્લી તરફ આદર્યું. ત્રણ દિવસની મુસાફરી કરી 29મી જાન્યુઆરીએ તેણે ભારે દબદબા પૂર્વક નગરપ્રવેશ કર્યો ! જે દિલ્લીના લાલકિલ્લામાં મુઘલ શહેનશાહો 'દીવાને ખાસ' બિરાજતા

હતા; દરબાર ભરતા હતા અને સમગ્ર ભારતની પ્રજાને માટે આદેશો બહાર પાડતા હતા,એ જ ‘દીવાને ખાસ’ ભવ્ય રાજમહેલમાં અબ્દાલીએ દરબાર ભર્યો. થાક,લાંબી સફરો,કંટાળેલું મન અને નજર સમક્ષ જ મરાઠાઓનો કરાયેલો ભયંકર હત્યાકાંડ વગેરેને પરિણામે અદાબ્લીનું મન ક્યાંય શાંતિ મેળવી શક્યું નહિ. આથી 20મી માર્ચ તે પોતાના વતન અફઘાનિસ્તાન તરફ જવા માટે વિદાય લીધી.

4.(4) મરાઠાઓની દેશવ્યાપી સત્તાનો અને પ્રભુત્વનો અંત :

પાણિપતના આ તૃતીય યુદ્ધ પછી મરાઠાઓએ પંજાબ,દોઆબ,મુલતાન,કુંજપુરા વગેરે ઉપરનું (યુદ્ધમાં જ જંકોજી સિંધિયા ભયંકર રીતે ઘાયલ થયો હતો,અને છતાં તેને ત્યાં જ મારી નંખાયેલો; ઈબ્રાહીમ ગાર્દી (તોપખાનાનો ઊપરી) ને કેદ કરી મારી નંખાયો. મહાદજી શિંદે લડાઈમાં અપંગ બની લંગડાતો ભાગી છૂટેલો જયારે અંતાજી મંકેશ્વરને બલૂંચીઓએ મારી નાંખ્યો !) આધિપત્ય ગુમાવ્યું.આમ ઉત્તર હિન્દુસ્તાન ઉપરથી પેશ્વાએ સત્તા અને પ્રભુત્વ ગુમાવ્યો. આથી દેશવ્યાપી મરાઠા સામ્રાજ્ય સ્થાપવાની મરાઠાઓની મહત્ત્વકાંક્ષા ધૂળમાં મળી ગઈ ! યુદ્ધને અંતે અબ્દાલી હિંદમાં કાયમી રીતે સ્થાયી વસ્યો ન હતો. પરંતુ તેણે જીતેલા પ્રદેશો ઉપર પુનઃ મુસ્લિમ શાસકોનું શાસન સ્થપાઈ જ ગયું.આ પરાજય પછી મરાઠાઓએ પંજાબ પાછું મેળવવા ક્યારેય પ્રયાસ કર્યો નહિ.

4.(5) અબ્દાલીના અફઘાન સૈનિકોનો બળવો :

અબ્દાલીએ વિજેતા તરીકે ગૌરવભેર દિલ્લીમાં પ્રવેશ કરેલા અને તે ત્યાં બે માસ રોકાયો તે દરમિયાન શાહઆલમ બીજા (ઈ.સ.1759-1806) ની ભાઉસાહેબે જે નિમણૂંક કરી હતી તે ચાલું રાખી.પરંતુ વહીવટી સત્તાઓ તેના પુત્ર જવાનબખ્તને તેના ઉત્તરાધિકારી તરીકે નીમીને સોંપી તેમજ નજીબું દૌલાને મીરબક્ષી એટલેકે વજીર તરીકે નીમીને પણ સત્તાઓ સોંપાઈ હતી.

જયારે અયોધ્યાના નવાબ શુજા-ઉદ્- દૌલાને વજીરપદ ન મળવાથી નારાજ થઈ 7મી માર્ચે (1761) લખનૌ જતો રહ્યો ! બીજી તરફ 18-18 માસથી વેતન ન મળવાથી, અબ્દાલીના અફઘાન લશ્કરમાં ખુલ્લો બળવો ફાટી નીકળ્યો.વળી એ સૈનિકોને ભારતમાં અબ્દાલી અને સેનાપતિઓએ કરેલી લૂંટમાંથી એક રાતી પાઈ પણ ન મળી ! વળી નજીબુંદૌલાએ તો વધુ ધન હું હવે આપી શકું તેમ નથી એવી લાચારી પ્રગટ કરી ! આથી શાહજહાંના મહેલમાં વધુ લાંબો સમય રહેવાનું સુખ તે પામી ન શકયો.

4.(6) મરાઠા લશ્કર પરથી તેમના મિત્રોને ઓસરી ગયેલી શ્રદ્ધા :

પાણિપતના યુદ્ધમાં થયેલા મરાઠા લશ્કરના કારમાં પરાજયની નૈતિક અસરો ખૂબ ઘેરી પડી. અત્યાર સુધી મરાઠા લશ્કર અજેય ગણાતું હતું; આથી ભારતના તત્કાલીન સૌ નાનામોટા રાજાઓ તેમની મૈત્રી ઝંખતા હતા. હવે જયારે તેમની લશ્કરી તાકાત ઘટી ગઈ, તેથી તેમનું રાજકીય ગૌરવ અને વર્ગ બેઉ ઘટી ગયા. ! ટૂંકમાં, હવે ભારતમાં મરાઠાઓની મૈત્રીનું સરંક્ષણનાત્મક દ્રષ્ટિએ કોઈ મૂલ્ય જ ન રહ્યું; કેમકે જેઓ પોતાનું જ

જ્યાં રક્ષણ કરવા કે પરદેશી આક્રમણખોરને મારી હટાવવા નિર્બળ સાબિત પૂરવાર થયા છે, તે પોતાના મિત્રોનું રક્ષણ કઈ રીતે અને કેટલી હદે કરી શકવાના?

4.(7) ત્રીજી વિદેશી સત્તાના ઉદય માટે મોકળો કરેલો માર્ગ :

પાણિપતના આ ત્રીજા યુદ્ધે એક બાજુએ મુઘલ સતાને ભારે ફટકો મારી, સાવ ખોખરી કરી નાખી; તો બીજી બાજુએ મરાઠાઓનું હજારોની સંખ્યામાં સૈનિકોનું બળ નાશ પામ્યું તેમજ શક્તિશાળી અને દૂરંદેશી મહારથીઓ (સેનાપતિઓ અને લશ્કરી ટુકડીઓનો સરદારો તેમાં હોમાઈ જતાં, મરાઠી સત્તા પણ અતિશય નિર્બળ બની ચૂકી.

નોંધપાત્ર બાબત તો એ છે કે, એક ત્રીજી જ પરદેશી (અંગ્રેજ)સત્તાનો ભારતના તત્કાલીન રાજકારણમાં તેમની નિર્બળતાનો ગેરલાભ ઉઠાવી ઉદય થઈ રહયો હતો, તેનો ન તો મુઘલોને ખ્યાલ આવ્યો કે ન તો મરાઠાઓને ! તેમને મન તો એમ જ હતું કે અબ્દાલીની જેમ કાં તો જીતીને કે કાંતો હારીને આ અંગ્રેજો (કે ફ્રેન્ચો) પોતાના દેશ પાછા જ જતા રહેશે. આથી એક લેખક તો ત્યાં સુધી ટીકા કરે છે (કોમેન્ટ કરે છે) કે ◦"ઈ.સ.1757ના પ્લાસીના યુદ્ધથી ભારતમાં અંગ્રેજ સત્તાનો ફક્ત પાયો જ નંખાયો હતો; પરંતુ ચાર વર્ષ પછી ખેલાયેલા પાણિપતના ત્રીજા યુદ્ધે (ઈ.સ.1761) તો એ પાયાને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પાળવા-પોષવાનું જ કાર્ય કર્યું. એ ઇતિહાસકારના જ શબ્દોમાં જોઈએ તો, "It Plassey-war had been sown-the Seeds of British Supremacy in India, Panipat afforded time for their nurturing and Stricking roots."

ઈતિહાસકાર સરદેસાઈ પણ આ જ બાબતને પૃષ્ટિ આપતા લખે છે કે, "મરાઠાઓ અને મુઘલ-અફઘાનો કુરુક્ષેત્ર (પાણિપત) ના પ્રાચીન યુદ્ધ ક્ષેત્રમાં પરસ્પર ભયંકર સંહાર કરવામાં વ્યસ્ત હતા; અને સામસામાં વૈરવૃતિને તૃપ્ત કરવામાં ધસી રહ્યા હતા, ત્યારે ભારતમાં ઈ.સ. 1757 પછી, ભારતમાં બ્રિટિશ સામ્રાજયનો (પ્રથમ) સંસ્થાપક રોબર્ટ ક્લાઈવ ભારતમાંથી વાંરવાર ઈંગ્લેન્ડ દોડી રહ્યો હતો અને તત્કાલીન ઈંગ્લેન્ડના વડાપ્રધાન ચૌથમને બ્રિટિશ સામ્રાજ્યને ભારતમાં કઈ રીતે વિસ્તારી શકાય, તેની ચર્ચા કરી રહ્યો હતો! અને એથી જ કહી શકાય કે, "પાણિપતના યુદ્ધનો બનાવ એ ભારતના ઇતિહાસમાં એક યુગ-પરિવર્તનકારી અને ખૂબ જ મહત્ત્વનો ઐતિહાસિક બનાવ બની રહે છે.

## 13.5 *પાણિપતના ત્રીજા યુદ્ધનું મહત્ત્વ (સમાપન)*

પાણિપતનું યુદ્ધ એ અનેક રીતે મહત્ત્વનું અને ઐતિહાસિક હતું. તે યુગ-પરિવર્તનકારી બની રહ્યો હતો. સંક્ષેપમાં તેને અવલોકીએ તો

- આ યુદ્ધે મરાઠાઓના ઘણા ખરા શક્તિશાળી નેતાઓ સંહાર કર્યો, અને એ સત્તાની ઘણી મોટી ખોટ પડી છતાં બીજી તરફ નાના ફડનવીસ (વ્યવહારકુશળ,વહીવટી-નિષ્ણાત અને તીવ્ર બુદ્ધિશાળી) અને મહાદજી સિંધિયા(શિંદે) (મહાસેનાપતિ) જેવી બે મહાન પ્રતિભાઓનો ઉદય થયો. તેઓ પાણિપતની મહાન આપત્તિમાંથી કોઈપણ રીતે બચી ગયા હતા. તેમણે બન્નેએ

અને પેશ્વા માધવરાવ પહેલા(ઈ.સ.1761-1772)એ મળીને મરાઠી સત્તાને પુનઃ વૈભવ અને મરાઠી પ્રજામાં પુનઃ ઉત્સાહ તથા ઉમંગ લાવી આપ્યાં ,મરાઠી સત્તા પુનઃસમૃદ્ધ અને ગૌરવાન્વિત બનવા લાગી એટલું જ નહિ, પરંતુ 40વર્ષો સુધી મરાઠી સત્તાનું ઉત્થાન અવિરતપણે ચાલુ જ રહ્યું.

- પાણિપતના ત્રીજા યુદ્ધમાં થયેલા કારમાં પરાજયથી મરાઠી સત્તાને સૌ પ્રથમ જોરદાર ફટકો લાગ્યો ખરો; પરંતુ તે મરણતોલ ફટકો ન હતો.સત્ય હકીકત તો એ છે કે,મરાઠી સત્તાના પતનમાં પેશ્વા માધવરાવ પહેલાનું કસમયનું અચાનક મૃત્યુ (ઈ.સ.1772), મહાદજી સિંધિયાનું અવસાન (ઈ.સ.1794),દ્વિતીય મરાઠા વિગ્રહ (ઈ.સ.1803) દ્વારા 19મી સદીના આરંભમાં બ્રિટિશ સાર્વભૌમત્વની સ્થાપના, એ સઘળા ઉપરછાપરી બનેલા ઐતિહાસિક બનાવો મરાઠી સત્તાની સામ્રાજ્યવાદી કે વિસ્તારવાદી પ્રગતિકૂચને બ્રેક મારી અટકાવી દીધી! પાણિપતના યુદ્ધે ફક્ત પ્રગતિ જ અટકાવી દીધી હતી; પરંતુ મરાઠા શક્તિનો સર્વનાશ થઈ ગયો હતો કે એ સત્તા પાયામાંથી ડગમગી ગઈ હતી,તેમ માનવું એ વધારે પડતું કે આધારહીન બાબત જ છે. વાસ્તવમાં તો મરાઠી સત્તાને મરણતોલ ફટકો તો વાગેલો પેશ્વા માધવરાવના અચાનક મૃત્યુથી!
- પાણિપતનું યુદ્ધ એ ભારતના ઈતિહાસમાં નિર્ણાયક યુદ્ધ બની રહ્યું, એ અંગે સૌ ઈતિહાસકારો સર્વસંમત છે. એમ કહી શકાય કે,'મરાઠા લશ્કરનો મુકુટમણિ તો ત્યાં જ પડી ગયો હતો!" કેમકે, તે પછી મરાઠાઓનું "અખિલ ભારતીય સામ્રાજ્યની સ્થાપનાનું સ્વપ્ન હંમેશને માટે રોળાઈ ગયું ! અને તેમનું (મરાઠાઓનું) માનસિક બળ પણ તોડી નાખ્યું! ઈતિહાસકાર એલ્ફિસ્ટન આવો જ સૂર વ્યક્ત કરતાં કહે છે કે,"કોઈ પણ પરાજય આટલો સર્વનાશ સર્જનારો; કોઈ પણ આપત્તિ આટલો બધો ભય ફેલાવનારી ન હોતી બની,જેટલી પાણિપતની વિપત્તિ અને પરાજય હતાં.... લશ્કરનો ભયંકર વિનાશ તો સમગ્ર મરાઠા જાતિ અને તેના લડાયક ખમીરવંતા ગૌરવ ઉપર અત્યંત ઘાતક વ્રજઘાત સમો બની રહ્યો હતો "
- પાણિપતના યુદ્ધમાં મરાઠાઓ પરાજિત થયા હતા; આમ છતાં ભારતના ઈતિહાસમાં તેમનું શૌર્ય અને વીરતા યાદગાર બની રહયું ! વિભિન્ન ઈતિહાસકરોએ મરાઠાઓનાં ગૌરવપૂર્ણ બલિદાનોને બિરદાવ્યાં છે. મેજર ઈવાન્સ બેલે જણાવ્યું છે કે,' પાણિપતના યુદ્ધે 'ભારત ભારતીયો માટે જ છે' એવી વિચારધારા પ્રાસારિત કરી; અને એ વિચારધારાથી પ્રેરાઈને જ આ યુદ્ધ લડાયું હતું.દા.ત.યુદ્ધમાં મરાઠાઓને સામે પક્ષે (વિરોધી પક્ષે) લડનારા અયોધ્યાના નવાબ શુજા-ઉદ્-દૌલાએ 8,000 જેટલી મોટી સંખ્યાના મરાઠા સૈનિકોને પોતાના તંબુઓમાં આશ્રય આપી ઉદારતા દાખવી રક્ષણ કર્યું હતું એટલુંજ નહિ,પરંતુ તે દરેકને રસ્તામાં જરૂરી ખર્ચ માટે રકમ આપીને, સૂરજમલના પ્રદેશમાં સહીસલામત મોકલી આપ્યા હતા.સૂરજમલે હોળકર અને

સિંધિયાનો ખરાબ વર્તાવ ભૂલી જઈ,મરાઠા શરણાર્થીઓને ખૂબ ઉમળકાથી આવકાર્યા;એટલું જ નહિ પરંતુ એટલી મોટી સંખ્યાના સૈનિકોને માટે ભોજન,કપડાં,દવાઓ અને સંરક્ષણ પૂરાં પાડેલાં આ યાદગાર સૈજન્યપૂર્ણ વ્યવહાર 'ભારતીય સંસ્કૃતિ 'ની ઘોતક છે,એને કેમ વિસરાય ?

- પાણિપતના યુદ્ધે મરાઠાઓને યુદ્ધપયદ્ધતિ, યુદ્ધની વ્યૂહરચના મુત્સદ્દીગીરી,વગેરે બાબતો અંગે ઘણું નવું શીખવ્યું. તેમને વ્યકિગત દ્રષ્ટિકોણ ત્યજવાની અને 'રાષ્ટ્રીય' દ્રષ્ટિકોણ અપનાવવા ફરજ પાડી. રાષ્ટ્રીય ગૌરવ અને ભાવનાત્મક એકતાનો આવિર્ભાવ અપનાવવા તથા તેમાં વૃદ્ધિ કરવાની ફરજ પાડી; સાથે સાથે બંગાળ પ્રાંત અને કર્ણાટક પ્રાંત અંગ્રેજો ચતુરાઈપૂર્વક વ્યાપાર વધારવાની ચાલના ઓઠા નીચે રાજ્યનિર્માતા કે સત્તાધારી બનવા કોશિશ કરી રહ્યા હતા,તે સમજવા માટે તત્કાલીન ભારતના શાસકોને ફરજ પાડી.

વાત સાચી છે કે,દરેક પ્રજાનો ઈતિહાસ તો ઉત્થાન વિકાસ,પતન અને વિનાશના ક્રમથી જ ઘડાતો હોય છે; જેમાં મરાઠા પ્રજા પણ બાકાત ન રહી શકી.મરાઠાઓએ આ યુદ્ધમાં જૂની પેઢી ગુમાવી દીધી તો નવી પેઢી મરાઠાઓએ તૈયાર કરી,અને તેને અપનાવી લઈ,આગળ ધપવામાં જ પોતાનું શ્રેય અને પ્રેય માન્યું. એનો તો ભાવિ ઈતિહાસ સાક્ષી બની રહ્યો.

- તમારી પ્રગતિ ચકાસો

1. પાણિપતના ત્રીજા યુદ્ધ (1761) તરફ દોરી જતાં પરિબળો વર્ણવો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

2. પાણિપતના ત્રીજા યુદ્ધ (1761) ના મુખ્ય બનાવો આલેખો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

3. પાણિપતના ત્રીજા યુદ્ધ (1761) નાં મુખ્ય પરિણામોની ચર્ચા કરો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

4. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જ ઉત્તર આપો :

(1) પાણિપતનું ત્રીજું યુદ્ધ કઈ તારીખે લડાયું હતું ?

(2) પાણિપતનું ત્રીજું યુદ્ધ કોની વચ્ચે લડાયું હતું ?

(3) પાણિપતના ત્રીજા યુદ્ધમાં કોનો વિજય અને કોનો પરાજય થવા પામ્યો હતો ?

(4) પાણિપતના ત્રીજા યુદ્ધમાં કયા બે મહારથીઓ શહીદ થયેલા ?

(5) પાણિપતના ત્રીજા યુદ્ધમાં સેનાપતિ સદાશિવરાવ ભાઉ બચી ગયેલા ખરા ?

(6) પાણિપતના ત્રીજા યુદ્ધનાં પરિણામો /નુકસાનનો સંદેશો એક વેપારીએ પેશ્વાનો શો મોકલેલો?

(7) પાણિપતના ત્રીજા યુદ્ધમાં મળેલા કારમાં પરાજયના સમચારો સાંભળીને બે જ માસમાં કોનું અવસાન થયેલું ?

(8) મરાઠાઓના ત્રીજા યુદ્ધમાં પરાજય માટે તમારી દ્રષ્ટિએ કયું કારણ વધુ જવાબદાર લાગે છે?

______________________________________________
______________________________________________
______________________________________________

(9) પાણિપતના ત્રીજા યુદ્ધના અંત પછી કઈ બે મહાન મરાઠા પ્રતિભાઓ રાજકારણમાં ઉપસી આવી ?

______________________________________________
______________________________________________
______________________________________________

(10) મરાઠી પ્રજાને પુનઃ વૈભવી,ઉત્સાહી અને 40થી વધુ વર્ષ સુધી ટકાવી રાખવામાં કઈ ત્રિપુટીએ ફાળો આપેલો ?

______________________________________________
______________________________________________
______________________________________________

## 13.7 *સંદર્ભ સૂચી*


1. 'ગુજરાતી વિશ્વકોષ, ખંડ- 11
2. 'ભારતનો ઈતિહાસ' (ઈ.સ.1707-1818 મરાઠા યુગનો ઈતિહાસ;લેખકઃ પ્રો.મનુભાઈ બી.શાહ ;પ્રકાશક યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ,અમદાવાદ -6
3. An article published in 'Modern Review : May 1946
4. Srivastav.A.L. : 'Shuja-Ud-Daulah`, Vol.1.
5. Elphinstone: 'Shorter Combridge History of Indian`, P.478
6. Sarkar, J.N. : An Article in 'Modern Review' 'The Third Battle of Panipat' (May-1946)
7. Sheyavalkar, T.S. 'Panipat; Poona, 1946, Sardesai, G.S. 'New History of the Marathas' Vol. 1 to 3, Phoenix Publication, Bombay, 1957
8. Sardesai, G.S., 'Main Currents of Maratha History; Vol. II and III, Culkutta, 1926
9. Natu, V.R., Lite of Mahadyi Sindhia'
10. Keene, H.B., 'Madhav Rao Sindhiya, Oxford University Press, 1901
11. Kasiraj Pandit, 'An Account of Last Battle of Panipat;
12. Macdanld, A., Life of Nana Fadanvis; Oxford University Press, 1927
13. Downing Clement.'History of Indian Ward';
14. Grant Dutt, J.C., 'History of the Marathas' Vol. III

# એકમ : 14 વહીવટીકર્તા તરીકે પેશ્વા માધવરાવની સિદ્ધિઓ (ઈ.સ. 1761-1772)

:: રૂપરેખા::

14.0 ઉદ્દેશો

14.1 પ્રસ્તાવના

14.2 પેશ્વા માધવરાવ (પહેલા)નું પૂર્વજીવન

14.3 માધવરાવની પેશ્વાપદે નિયુક્તિ, 20, જુલાઈ, 1761

14.4 પેશ્વા સમક્ષ પ્રારંભિક પડકારો

- 14.4.1 કાકા રાઘોબા અને મનોજી ભોંસલે જેવા આંતરિક શત્રુઓનો સામનો
- 14.4.2 યુદ્ધમાં થયેલી પરાજયની નામોશી
- 14.4.3 નિઝામ અને હૈદરઅલી જેવા દુશ્મનો

14.5 પેશ્વા માધવરાવની સિદ્ધિઓ

- 14.5.1 નિઝામ સાથે યુદ્ધ, 1761
- 14.5.2 રાઘોબા અને પેશ્વા વચ્ચે આંતર વિગ્રહ
- 14.5.3 આલેગૌવની સંધિ અને તેની શરતો
- 14.5.4 રાક્ષસ ભુવનની યુદ્ધ અને નિઝામઅલી સાથેના યુદ્ધો, 1764
- 14.5.5 દક્ષિણનાં મૈસૂર રાજ્યના હૈદરઅલી સાથેના યુદ્ધો, 1764, 1767 અને 1770
- 14.5.6 પેસ્વાએ રાઘોબાને કરેલ નજરકેદ, 1768
- 14.5.7 અન્ય રાજકીય સિદ્ધિઓ (ઉત્તર ભારતમાં મરાઠી સામ્રાજ્યનો પ્રસાર અને પ્રભુત્વ, 1761-1772

14.6 પેશ્વા માધવરાવનું અવસાન, 18 નવેમ્બર, 1772

14.7 પેશ્વા માધવરાવના વ્યક્તિત્વ અને કારકિર્દીનું મૂલ્યાંકન

14.8 વહીવટ કર્તા તરીકે પેશ્વા માધવરાવ

14.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

14.10 સંદર્ભ સૂચિ

## 14.0 *ઉદ્દેશો*

- આ એકમના અભ્યાસ પરથી પેશ્વા માધવરાવના શાસન સામેના આરંભના પડકારોની સમજ કેળવશે.
- આ એકમના અભ્યાસથી માધવરાવ -1 ની સિદ્ધિઓનો પરિચય પ્રાપ્ત કરી શકશે.

## 14.1 *પ્રસ્તાવના*

ભારતનાં ઈતિહાસમાં અવિસ્મરણીય યુદ્ધો પૈકીના એક એવા પાણીપતના ત્રીજા યુદ્ધને (14 જાન્યુઆરી, 1761નું) પરિણામે એક તરફ મરાઠાઓની સત્તા અને શક્તિઓ ક્ષીણ થઈ ગઈ હતી તો બીજી તરફ એક નવીન, ઉત્સાહી અને મહત્ત્વાકાંક્ષી યુવા પેઢીને આગળ આવવાની સોનેરી તક પૂરી પાડી. અલબત્ત, આ ત્રીજા યુદ્ધમાં મહાના સેનાપતિઓ, સરદારો અને તત્કાલીન પેશ્વાનાં પુત્ર વિશ્વાસરાવ સહિત સૌ  શહીદોને વર્યા હતા. આવા વિકટ અને આઘાતજનક સંજોગોમાં 16 વર્ષની યુવાનવયે પેશ્વા માધવરાવે પૂનાના રાજમહેલમાં રાજ્યસિંહાસન પર બેસી, સત્તાના સૂત્રો સંભાળ્યા, સાથે સાથે મરાઠી પ્રજામાં રહેલા દુઃખ, યાતના અને દર્દ ખંખેરી એક નવો જ ઉત્સાહ અને ઉમંગ ભરી આળસ-પ્રમાદ ખંખેરી નવેસરથી આગળ ધપવા આહવાહન કર્યું ! તેમનામાં સ્વતંત્રતા અને સ્વદેશાભિમાનની ભાવના ઉત્તેજિત કરી. મરાઠી પ્રજામાં એક નવું જ જોમ અને જુસ્સો ઉત્પન્ન કર્યાં. કપરા સંજોગોમાં પણ આ નવા નિમણૂક પામેલા પેશ્વાએ ઉત્તર હિંદમાં મરાઠી સત્તાને ફેલાવી, મરાઠા રાજ્યે ગુમાવેલી સત્તા, પ્રતિષ્ઠા અને ગૌરવ પુનઃ પાછા પ્રાપ્ત કર્યાં  સૌ કોઈનું માન-સન્માન અને આદર આ પેશ્વા પામ્યો. લોકો પાણીપતના ત્રીજા યુદ્ધનાં પરાજય અને પાયમાલીને ધીરે ધીરે  વિસરી ગયા. પેશ્વા માધવરાવે ભારતના ઈતિહાસમાં એક નવું જ જ્વલંત અને ગૌરવવંતુ પ્રકરણ ઉમેર્યું. આથી કહી શકાય કે, લગભગ પતનને આધારે પહોંચેલી મરાઠી સત્તાને પેશ્વા માધવરાવે મરાઠી પ્રજાનું  અસલ નૂર અને ચૈતન્ય બહાર લાવી, જાળવી સંવર્ધન કરી 'હિન્દ સ્વરાજ્ય'ને 'સામ્રાજ્ય'માં પલટાવી નાખવાની હામ ભીડી.

પાણીપતના યુદ્ધે વાસ્તવમાં મરાઠાઓને તેમની રાજનીતિ, યુદ્ધનીતિ, યુદ્ધની વ્યૂહરચના (સ્ટ્રેટેઝી) અને તત્કાલીન રાજકારણને એક નવો જ વળાંક આપ્યો. આથી રાષ્ટ્રીય ગૌરવ, ભાવાત્મક એકતા વગેરેમાં અનેકગણો વધારો થવા પામ્યો. એમ કહી શકાય કે  પાણીપતના ત્રીજા યુદ્ધમાં સદાશિવરાવ ભાઉ, દત્તાજી સિન્ધિયા, જંકોજી સિન્ધિયા, ઈબથઈહમખા ગાર્દી, પેશ્વાના પૂત્ર વિશ્વાસરાવે આપેલી પોતાની પ્રાણોની

આહુતિ એળે નહોતી ગઈ, ઊલટું રાષ્ટ્રના ભાગ્ય ઉપર પોતાની અમર યાદગીરી મૂકીને ભારે અસરકર્તા બની ગઈ !

हम तो चले है, ओ देशवासीओ !

अब तुम्हारे हवाले है, ये वतन देशवासीओ !

चून- चून कर हराना है दुशमनों को

इस राष्ट्र की शान और गौरव बढाना है, साथीओ !

## 14.2 *પેશ્વા માધવરાવ (પહેલા)નું પૂર્વજીવન*

ઈ.સ. 23 જૂન 1761 માં પેશ્વા બાલાજી બાજીરાવનું અવસાન થયું; એ પછી તરત જ નવા પેશ્વાની નિમણૂક ઉત્તરાધિકારી તરીકે વરણી કરવાનો પ્રસંગ ઊભો થયો; આથી બાલાજી બાજીરાવ (નાના સાહેબ) અને ગોપિકાબાઈનાં ત્રણ પુત્રોમાંના વચલા પૂત્ર માધવરાવની પેશ્વા તરીકે વરણી કરાઈ. મોટો પુત્ર વિશ્વાસરાવ પાણીપતના યુદ્ધમાં શહીદ થઈ ગયેલો, તેથી ક્રમમાં માધવરાવનો જ પેશ્વાપદ માટે હક આવતો હતો. ક્ષય (ટીબી) રોગને કારણે આ પેશ્વાનું અવસાન થયેલું.

માધવરાવનો જન્મ ઈ.સ. 1745નાં ફેબ્રુઆરી માસની 16મી તારીખે પૂનામાં થયો હતો. તેમણે શિક્ષણ તથા વહીવટ તથા યુદ્ધની તાલીમ બાળપણમાં અપાયાં હતાં. અલબત્ત તેઓ કિશોરાવસ્થાથી જ પરિશ્રમી અને બુદ્ધિચાતુર્ય ધરાવનાર હતા. તારુણ્યાવસ્થાથી જ તેમણે સક્રિય રાજકારણ અને રાજનીતિમાં રસ તથા રુચિ લેવાનું શરૂ કરી દીધું હતું.

માત્ર આઠ વર્ષની વયે મિરજાનારામચંદ્ર બલ્લાજી જોશીની પુત્રી રમાબાઈ સાથે માધવરાવનું લગ્ન થયેલું. માધવરાવને તેમના 27 વર્ષના આયુષ્યમાં કોઈ સંતાન ન હતું, તેથી પોતના અનુગામી પેશ્વા તરીકે એક માત્ર નાના ભાઈ નારાયણરાવને પસંદ કર્યો હતો.

માધવરાવ ઉપર પિતાશ્રી કરતાં માતાનો વિશેષ પ્રભાવ હતો. માધવરાવને પેશ્વાપદના પ્રારંભનાં બે વર્ષોમાં માતા ગોપિકાબાઈએ રાજકારભાર અને નીતિ-નિર્ણયોના સંબંધે સારું એવું માર્ગદર્શન પ્રદાન કર્યું હતું. તેમના માતુશ્રી ગોપિકાબાઈને છેક ઈ.સ. 1728 થી પતિ અને પેશ્વા બાલાજી બાજીરાવ સાથે 7 વર્ષની વયે લગ્ન કરીને આવ્યા ત્યારથી જ રાજકારણનો અનુભવ સાંપડ્યો હતો. આથી તેમનામાં અનુભવની પરિપક્વતા , દ્રઢ મનોબળ, ચાતુર્ય અને આદર્શ-ધર્મપરાયણ જીવનનો વારસો 16 વર્ષની નાની વયે પેશ્વા બનેલા માધવરાવને મળેલો. માતાએ અવારનવાર પત્રો દ્વારા સચોટ અને વ્યાવહારિક માર્ગદર્શન આપીને પેશ્વા તરીકે માધવરાવનું ઘડતર કર્યું. માતાનું આ ઋણ ચૂકવવાનું પેશ્વા માધવરાવ મૃત્યુ સુધી ભૂલ્યા નહિ. 18 નવેમ્બર, 1772નાં રોજ મૃત્યુ પૂર્વે માતા ગોપિકાબાઈને સઘળી સુવિધાઓ આપવાની તથા દાન-પુણ્ય ચાલુ રાખવાની ઈચ્છા તેમણે વ્યક્ત કરી હતી. (જુઓ ગુજરાતી વિશ્વકોશ, ખંડ- 15, પુષ્ઠ – 673 )

## 14.3 *માધવરાવની પેશ્વાપદે નિયુક્તિ, 20 જુલાઈ, 1761*

માત્ર 16વર્ષની ઉંમરે પિતાશ્રીનું છત્ર 23 જૂને ગુમાવી દેતા, માધવરાવને પેશ્વાપદની જવાબદારીઓ સંભાળવાનો વારો આવ્યો. 20 જુલાઈ, 1761 નાં રોજ છત્રપતિ રામરાજા (છત્રપતિ તરીકે ઈ.સ. 1749 – 1777 ) એ હિન્દ વિધિ અને પરંપરા પ્રમાણે માધવરાવને 'પેશ્વાપદ' આપવામાં આવ્યું. જો કે છત્રપતિએ નવા પેશ્વા બનેલા માધવરાવને તેમના કાકા રઘુનાથરાવની દેખરેખ નીચે વહીવટ કરવાનું સૂચવ્યું હતું. પરંતુ રઘુનાથરાવ ( જે રાઘોબા તરીકે પ્રસિદ્ધ હતા.) નિર્બળ, વધુ પડતો મહત્ત્વાકાંક્ષી, અસ્થિર મગજવાળો અને કામી હતો. આથી નવા બનેલા પેશ્વાએ તેમનું માર્ગદર્શન લેવાને બદલે વાસ્તવમાં રાઘોબાથી ચેતતા રહેવાની વિશેષ જરૂર હતી.

## 14.4 *પેશ્વા સમક્ષના પ્રારંભિક પડકારો*

માધવરાવની શરૂઆતની 'પેશ્વા' તરીકેની કારકિર્દી દરમિયાન તેને પોતાના કાકા રાઘોબા સાથે અવારનવાર સંઘર્ષમાં ઉતરવું પડ્યું હતું.

શરૂઆતથી જ પેશ્વા માધવરાવની સામે ગંભીર પડકારો ઊભા થયા હતા. તેનો સામનો કે પ્રતિકાર કરવા માટે માધવરાવમાં પોતાના પુરોગામી પેશ્વાઓના ત્રણે ગુણો હયાત હતા. જેમ કે (1) પ્રથમ પેશ્વા બાલાજી વિશ્વનાથની મુત્સદ્દિગીરી (2) બીજા પેશ્વા બાજીરાવ પહેલાની હિંમત અને નીડરતા અને (3) પિતાશ્રી બાલાજી બાજીરાવની દીર્ઘદ્રષ્ટિ. સદ્દનસીબે આ ચોથા પેશ્વા માધવરાવમાં આ ત્રણે ગુણોનો સમન્વય થયો હતો.

### 14.4.1 *કાકા રાઘોબા અને માનોજી ભોંસલે જેવા આંતરિક શત્રુઓનો સામનો*

પ્રથમ પડકારરૂપે પેશ્વા માધવરાવને તેના કાકા રાઘોબા તથા મરાઠા લશ્કરના સરદાર માનોજી ભોંસલે તેમજ અન્ય અધિકારીઓ જેવા આંતરિક શત્રુઓનો સામનો કરવો પડ્યો હતો.

### 14.4.2 *યુદ્ધમાં થયેલી પરાજયની નામોશી*

બીજો પડકાર પાણીપતના ત્રીજા યુદ્ધમાં (ઈ.સ 1761) મરાઠાઓની જે ભારે નામોશી થયેલી, તેને દૂર કરવાની હતી અને મરાઠી પ્રજા તથા લશ્કરમાં ફરીથી નવો ઉત્સાહ , નવું જોમ – જુસ્સો અને નવી મહત્ત્વકાંક્ષા જગાડવાની હતી. કોઈપણ રીતે પાણીપતના યુદ્ધનું કલંક ઉપરાછાપરી ત્વરિત ગતિએ વિજય મેળવી મરાઠી સત્તા અને લશ્કર પર જે લાગ્યું હતું તે દૂર કરવાનું હતું અને પોતાના પૂર્વજોના સમયની પ્રતિષ્ઠા તથા ગૌરવ પુનઃસ્થાપિત કરવા ભારે પરિશ્રમ કરવાનો હતો. વળી, ઉત્તરહિંદ તરફ રાજ્યવિસ્તાર કરવા માટે કોઈ ચોક્કસ નીતિને અમલમાં મૂકવાની હતી.

### 14.4.3 *નિઝામ અને હૈદરઅલી જેવા દુશ્મનો:*

દક્ષિણ હિંદનાં નિઝામ (હૈદરાબાદ) અને મૈસુર રાજ્યના હૈદરઅલી જેવા ઊગતા શત્રુઓને કોઈપણ ભોગે નાથવાના હતા. કેમ કે તેઓ મરાઠા રાજ્યની સરહદ પર આવેલા હતા. આથી જો મરાઠા સામ્રાજ્યને સુરક્ષિત રાખવું હોય તો આ બે શત્રુઓ ઉપર બાજ નજર સતત રાખવી જરૂરી હતી.

આ ત્રણે આંતરિક પડકારોનો પેશ્વા માધવરાવ પ્રથમે હિંમત, કુશળતા, મુત્સદ્દિગીરી અને દીઘદ્રષ્ટિ પ્રયોજીને સામનો કર્યો. એ શત્રુઓને શરૂઆતમાં જ મહાત કરી, મરાઠી સત્તાની શાન અને પ્રતિષ્ઠા પુનઃ સ્થાપિત કર્યા . આંતરિક પડકારોનો સામનો કરી પેશ્વા માધવરાવે એક સફળ અને મહાન મરાઠા નેતા તરીકે પોતાનું વ્યક્તિત્વ તત્કાલીન હિંદનાં રાજકારણમાં ઉપસાવ્યું. દા.ત. સ્વાર્થી અને અહંકારી કાકા રાઘોબા સાતારાથી પૂના પહોંચી જઈ, સગીર પેશ્વાની ઉપેક્ષા કરવાનું અને રાજ્યની સઘળી સત્તાઓ યેન કોણ પ્રકારેણ પોતાના હાથમાં લઈ લેવાનું શરૂ કર્યું તો તેની સામે પેશ્વા માધવરાવે માતા ગોપિકાબાઈ, સહાયકો, સરદારો, સૈનિકો વગેરેનું એક ઝડપથી મજબૂત અને સંગઠિત જૂથ ઊભું કરી નવેમ્બર, 1762નાં બનાવમાં અને ઘોડ નદી પાસેના યુદ્ધમાં બન્ને વચ્ચેના આંતરવિગ્રહમાં તેમનું વૈમનસ્ય દેખાય આવે છે.

## 14.5 *પેશ્વા માધવરાવની રાજકીય સિદ્ધિઓ*

પેશ્વા માધવરાવની 12 વર્ષની રાજકીય કારકિર્દીના મુખ્ય રાજયકીય સિદ્ધિઓનું જો અવલોકન કરીશું. તો તેમના મહાન વ્યક્તિત્વનો આપણને સાચો પરિચય મળશે. તેમની લશ્કરી સિદ્ધિઓ આ પ્રમાણે છે.

### 14.5.1 *નિઝામ સાથે યુદ્ધ,* 1761

હૈદરાબાદનો નિઝામ ઉદ્દગીરના યુદ્ધનો બદલો લેવા ઇચ્છતો હતો. વળી પાણીપતના યુદ્ધમાં મરાઠાઓને પડેલો મોટો ફટકો, પેશ્વા નાના સાહેબના અકાળે અવસાન અને પેશ્વા માધવરાવ તથા તેના કાકા રાઘોબા વચ્ચેનો આંતર કલહથી નિઝામ વાકેફ હતો અને તે આ નવા સર્જાયેલા સંજોગોનો બરાબર લાભ લેવા માંગતો હતો. નવા અને સગીર વયના પેશ્વની શક્તિઓને ઓછી આંકી પૂના પર લશ્કરી આક્રમણ કરવાની તક નિઝામે હાંસલ કરી. ડિસેમ્બર, 1761માં નિઝામે મોટા 60 હજારના લશ્કર સાથે પૂના પર ચઢાઈ કરી. પરંતુ પેશ્વા માધવરાવે અગમચેતી વાપરી ચાસ નગરથી જેવા નિઝામઅલીનાં લશ્કરો ઉરુલી તરફ આગળ ધપ્યા; ત્યાં તો નિઝામઅલીના લશ્કરોના સરદારો તથા કેટલાક તેના લશ્કરમાં મરાઠાઓ પણ હતા તેમણે હિંદુ મંદિરો તથા ધાર્મિક સ્થળોને નિઝામઅલીનાં મુસ્લિમ સૈનિકોએ તોડી નાખ્યા હોઈ, બળવો કર્યો અને નિઝામનો સાથ છોડી દઈ પેશ્વાને પક્ષે જઈ બેઠા ! આથી નિઝામઅલી ઉરુલીમાં મરાઠા લશ્કરોથી બરાબર ઘેરાય ગયો. છેવટે ના છૂટકે નિઝામઅલીએ હાર કબૂલી, સંધિ સ્વીકારવાની તૈયારી બતાવી.

પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે, સ્વાર્થી રાઘોબાએ નિઝામઅલીને કાયમી મિત્ર (પેશ્વાની સામે લડવા માટે) બનાવવાના ઈરાદાથી (કે લોભથી ?) તેના તરફ દયા અને ઉદારતા બતાવી, ખૂબ જ હળવી શરતોએ છોડી મૂક્યો. માત્ર 50લાખની ઉપજવાળો તેનો પ્રદેશ લઈને ડિસેમ્બર, 1761માં છોડી દઈ, એક ખૂબ જ મોટી ભૂલ કરી. આથી મરાઠા સરદારો અત્યંત રોષે ભરાયા જેમાં ગોપાળરાવ પટવર્ધન, ત્ર્યંબકરાવ પેઠે, બાબુજી નાયક, જાનોજી ભોંસલે પણ હતા. તેઓ તો માનતા જ હતા કે મરાઠાઓ અને પેશ્વા માટે હંમેશા શિરદર્દ સમાન નિઝામઅલીનો તો કાંટો જ માર્ગમાંથી કાઢી નાખવાની અનિવાર્યતા હતી. આમ છતાં રાઘોબાએ એ પગલું ન ભરતાં રાજકીય ભવિષ્યવાણી સાચી જ પડી; કેમ કે એ જ (છોડી મુકાયેલા) નિઝામ અલીએ ગોદાવરી નદીને કિનારે બે જ વર્ષ બાદ ફરી આક્રમણ કર્યું.

**14.5.2** ***રાઘોબા અને પેશ્વા વચ્ચે આંતર વિગ્રહ***

રાઘોબા અને પેશ્વા માધવરાવ વચ્ચે વિગ્રહ ફાટી નીકળે, તે તદ્દન સ્વાભાવિક જ હતું. કારણ કે હૈદરાબાદના નિઝામ તરફ ઉદારતા દાખવી, સંધિ કરી છોડી મૂક્યો હતો, તેથી પેશ્વા તેમની (કાકાની) ઉપર ખૂબ જ નારાજ થયેલા; સાથે સાથે અન્ય આગળ પડતા મરાઠા સરદારો પણ. ઉપરાંત રાઘોબાની સ્વાર્થી, સંકુચિત, કપટી, અને સતત દગાબાજમાં તત્પર રહેનારી નીતિરીતિથી પેશ્વા માધવરાવ કંટાળી ગયેલા. તેથી કાકાને ઠપકો પણ આપેલો અને મરાઠા રાજ્યની સેવામાં વફાદારીપૂર્વક લાગી જવાનું સૂચન પણ કરેલું; આમ છતાં કાકા રાઘોબાએ પોતાની કુટિલ નીતિ છોડી નહીં. તેથી બેઉ કાકા-ભત્રીજા વચ્ચે મતભેદ વધતાં, છેવટે યુદ્ધમાં પરિણમ્યાં.

પેશ્વાએ રાઘોબાની મરાઠા રાજ્ય માટે વિઘાતક પ્રવૃત્તિઓની માતા ગોપિકાબાઈ, આનંદરાવ, તથા તેના ભાઈ ત્ર્યંબકરાવ પેઠે બાબુરાવ ફડનવીસ, દમાજી ગાયકવાડ, દાભાડે વગેરેને જાણ કરી, તેમનો સહકારનો મત પોતાની તરફ વાળ્યો. મિરજનાં ગઢ ઉપર પોતાના વિશ્વાસુ સાથીદાર ગોવિન્દ હરિ તથા તેના પુત્રને નીમી, સંકટ સમયની સાંકળએ ગઢ બની રહે તેવી વ્યવસ્થા કરી. મિરજના ગઢની આસપાસ મજબૂત કિલ્લેબંધી કરી અને ગઢની ચારેબાજુએ શસ્ત્રસામગ્રી પણ ગોઠવી દેવાઈ.

પેશ્વાએ કાકા રાઘોબાને મનાવી લેવા છેલ્લી ઘડી સુધીના પ્રયાસો કર્યાં પરંતુ સખારામ બાપુ જેવા સલાહકારોની આડોડાઈને કારણે રાઘોબા સમાધાન દ્વારા સારા સંબંધો સ્થાપવા  તૈયાર ન જ થયા. 'ઘર ફૂટે ઘર જાય' કહેવત અનુસાર, પેશ્વા અને રાઘોબા વચ્ચે સંઘર્ષ (યુદ્ધ) અનિવાર્ય બની ગયો.

રાઘોબા પેશ્વાની મિરજગઢની પૂર્વતૈયારીઓ જોઈ, સજાગ થઈ ગયો. અને તેને આબા પુરંદરે, નારોશંકર રાજબહાદૂર, બહિરો અનંત મોરારરાવ ઘોરપડે, વિઠ્ઠલ શિવદેવ, સખારામ બાપુ, હનુમંતરાવ નિમ્બાલકર, રામચંદ્ર જાદવ  વગેરેની મદદ લઇ તેમની સાથે, ભાવિ યુદ્ધની વ્યૂહરચના અંગે રાઘોબાએ મંત્રણાઓ કરી. બીજી તરફ હૈદરાબાદનો નિઝામઅલી અને જાનોજી ભોંસલેનો સહકાર મેળવવાના પ્રયાસો પણ શરૂ

કરાયા. જેમાં રાઘોબાને સફળતા મળતાં તેમનું પલ્લું ભારે થયું. આમ પૂર્વ તૈયારીઓ થઈ ગયા બાદ 50,000નું લશ્કર પૂના ઉપર આક્રમણ કરવા રવાના કરી દીધું.

બીજી તરફ સમાધાનના પ્રયાસો તો ચાલુ જ હતા. સખારામ બાપુની ચડવણીથી રાઘોબાએ પાંચ મહત્ત્વનાં કિલ્લાઓ અને વાર્ષિક 10 લાખ ઉપજવાળી અલગ જાગીરની માંગણી કરી. જે પેશ્વા માધવરાવ સ્વીકારી શકે તેમ ન હતો. આથી મંત્રણાઓ પડી ભાંગી; તો પેશ્વા વિરોધી દળમાં એક એવી અફવા ફેલાવવામાં આવી કે, પેશ્વા તેના કાકા રાઘોબાને નજરકેદમાં પૂરી દેવા માંગે છે. આથી વિરોધી પક્ષામાં ભારે રોષ ફેલાઈ ગયો. ખૂદ રાઘોબા પણ 22 ઓગસ્ટ, 1762નાં રોજ પૂના છોડી, વડગાંવ જતો રહ્યો. પેશ્વા અને માતા ગોપિકાબાઈની સમજાવટથી રાઘોબા પૂના પાછો ફર્યો અને યુદ્ધ કરવા તત્પર બન્યો.

7 મી નવેમ્બર (1762) બંને પક્ષોના (પેશ્વા અને કાકા રાઘોબાનાં) લશ્કરો ઘોડ નદી પાસેના મેદાનમાં સામસામે આવીને ઊભા રહ્યા. (પેશ્વાએ પૂનાથી અને રાઘોબાએ નાસિક પાસે આવેલા વિચુર ગામેથી યુદ્ધ માટે પ્રયાણ કરેલું) સવારથી શરૂ થયેલું યુદ્ધ દિવસના ત્રીજા પ્રહરમાં તો પરાકાષ્ટાઓએ પહોંચી ગયું હતું. બેઉ પક્ષે સેંકડોની સંખ્યામાં સૈનિકો ખપી ગયા. અથવા ઘવાયા. અંતે પેશ્વાનાં પક્ષની યુદ્ધમાં હાર થઈ. પેશ્વાને શરણાગતિ સ્વીકારવી પડી. મલ્હારરાવ હોળકરની મધ્યસ્થીથી બન્ને વચ્ચે અલેગાવની સંધિ થઈ.

### 14.5.3 *આલેગાવની સંધિની શરતો*

1. આલેગાવની  સંધિથી વહીવટીતંત્રની તમામ સત્તાઓ, ઉચ્ચ હોદ્દાઓ પરની નિમણૂક કરવાની સત્તાઓ, અને અગત્યનાં નિર્ણયો લેવાની બાબત ઉપર પેશ્વાને રાઘોબાનો અધિકાર માન્ય રાખવો પડ્યો.
2. રામચન્દ્ર જાધવ'સેનાપતિ પદ' મળવાની શરતે મરાઠાઓનાં (પેશ્વાના) પક્ષે આવવા સંમત થયો.
3. આ સંધિથી કાકા રાઘોબા અને પેશ્વા માધવરાવ વચ્ચે પેશ્વા અને નિઝામઅલી વચ્ચે અને પેશ્વા તથા દિવાન વિઠ્ઠલ સુંદર વચ્ચે સુમેળ સધાયો. અને કડવાશભર્યો સંબધો દૂર થયા.
4. આ સંધિના જ એક ભાગ રૂપે રાઘોબા અને નિઝામઅલી વચ્ચે એક ગુપ્ત સમજૂતી થઈ જે મુજબ નિઝામઅલીને ઉદગીરનાં યુદ્ધ પછી જે પ્રદેશો પેશ્વાને અપાયેલા તેમાંથી 60 લાખની વાર્ષિક ઉપજવાળો પ્રદેશ નિઝામઅલીને મળ્યો. (રાઘોબાને સહાય કરવાના નજરાણા રૂપે)
5. તદુપરાંત નિઝામઅલીને દોલતાબાદનાં ગઢ સહિત મોટા ભાગનો પ્રદેશ રાઘોબા આપવા સંમત થયો.

આમ, આ આલેગાવની સંધીથી અલ્પવયસ્ક પેશ્વાની સત્તા નામમાત્રની બની ગઈ અને રાઘોબાની સત્તા, આજ્ઞા તથા હુકમોનું વર્ચસ્વ સમગ્ર મરાઠી રાજ્યોમાં વ્યાપી ગયું. કેમકે રાઘોબાએ વહીવટીતંત્રમાના તમામ ઉચ્ચ કક્ષાના હોદ્દાઓ પરથી પેશ્વાનાં

માણસોને ખસેડી પોતાના વફાદાર માણસો નીમવા માંડ્યા. દા.ત. ત્ર્યંબકરાવ પેઠે, બાબુરાવ ફડનવીસને હોદ્દાઓ પરથી બરતરફ કરી તેમની જગ્યાએ સખારામ બાપુને મૂક્યા અને તેને અંગત ખર્ચ માટે સિંહગઢનો કિલ્લો અપાયો. કોષાધ્યક્ષને પણ બદલી નખાયો અને મિરજનો કિલ્લો 40,000નું લશ્કર મોકલી રાઘોબાએ ગોપાળરાવ હરિ પટવર્ધન 3 જાન્યુઆરી, 1763નાં રોજ હૈદરાબાદ (નિઝામઅલીને શરણે) ભાગી જતા મેળવી લીધો. એ જ રીતે પ્રતિનિધિના હોદ્દા પરથી શક્તિશાળી ગામાજી યાત્રાજીને યુક્તિપૂર્વક દૂર કરી તેને સ્થાને રાઘોબાએ પોતાના નાના પૂત્ર ભાસ્કરરાવને નીમ્યો, અને તેને માર્ગદર્શન આપવા નારોશંકરને નીમવામાં આવ્યો.

જો કે રાઘોબાનાં આ બધા પગલાંએ પૂનામાં (પેશ્વાનાં રાજયમાં) જબરદસ્ત વંટોળ સર્જાયો, તીવ્ર અસંતોષ પણ ઉભો થયો. દીર્ઘદ્રષ્ટ ધરાવનારા બ્રાહ્મણ જ્ઞાતિના મરાઠા નેતાઓએ આ અંગે એક પત્ર પેશ્વાને અને બીજો છત્રપતિ રામરાજાને લખી જાણ કરાઈ  કે 'રાઘોબા' હૈદરાબાદના મુસ્લિમ શાસક નિઝામઅલીની મદદ લઇ સખારામ બાપુની ચઢવણીથી કાકા રાઘોબા (રઘુનાથરાવ) સમગ્ર દેશને અધોગતિની ખાઈમાં ધકેલી રહ્યો છે અને પેશ્વાની માતાને પણ કેદ કરી છે.

### 14.5.4 *રાક્ષસ ભુવનનું યુદ્ધ અને નિઝામઅલીનો પરાજય,* 1763

રાઘોબાની પૂનાના સમગ્ર વહીવટીતંત્ર ઉપર મજબૂત બની ગયેલી તો બીજી તરફ પેશ્વા પોતાનો પક્ષ નિઝામઅલી મરાઠાઓમાં ઉચ્ચ કક્ષાએ પડેલી ફાટફૂટનો ગેરલાભ લેવા તત્પર બન્યો હતો. નિઝામઅલીની દિવાન વિઠ્ઠલ સુંદર રાજે (પટવર્ધન બ્રાહ્મણ) એ મુત્સદ્દિગીરીભરી ચાલ ચાલી પેશ્વાના પક્ષના મોટા સરદારો ગોપાળરાવ પટવર્ધન, ભવાનરાવ પ્રતિનિધિ, જાનોજી ભોંસલે, મોરોબા ફડનવીસ, પીશજી નિંબાલકર, ધાયગુડે પ્રતિનિધિ વગેરેને લાલચો આપી, પોતાના પક્ષે કરી લીધા. આથી પેશ્વાનો પ્ક્ષ નબળો પડવા લાગ્યો. પેશ્વાનાં પક્ષે હરિબલ્લાલ ફડકે અને બાલાજી જનાર્દન બાનુ ( મરાઠા ઈતિહાસમાં 'નાના ફડનવીસ' નામે રાજકીય મુત્સદ્દીરૂપે ઓળખાયા હતા) ગણ્યાગાંઠ્યા સરદારો જ રહ્યા. વળી રાઘોબા અને તેના લશ્કર સહિત સાથીદારોનો સાથ તો નિઝામને મળવાનો જ હતો. આથી સ્વાભાવિક રીતે જ નિઝામઅલીનું પલ્લું ભારે થવા લાગેલું.

નિઝામઅલીએ 10 એપ્રિલ (1763) સુધીમાં તો નાસિક, સાપુતારા, સંગમનેર વગેરે શહેરો ઉપર આક્રમણ કરીને લૂંટ્યા. અરે તેને તો રાજધાની પૂના શહેર પણ ન છોડ્યું. પૂનાનો મોટો ભાગ લૂંટીને બાળી નાખ્યો – ઉજ્જ્ડ બનાવી દીધો. આથી પેશ્વાની માતા ગોપિકાબાઈ નાના પુત્ર નારાયણરાવને તથા માલ મિલકતને લઈને સિંહગઢ ચાલ્યા ગયા. નિઝામઅલીના મુસ્લિમ સૈનિકોએ પર્વતીની પહાડી પરના મંદિરો પણ લૂંટ્યા અને મૂર્તિઓની તોડફોડ કરી. પૂનાની દુર્દશા નિહાળીને લોકો સહ્યાદ્રીન ગિરિમાળાઓની ગુફાઓમાં જીવ બચાવવા ભાગી છુટ્યા. નાદિરશાહે જે દશા દિલ્લીની કરેલી તેવી જ દુર્દશા નિઝામઅલીએ પૂના નગરીની કરી. નિઝામઅલીએ સેનાપતિ રામચંદ્ર જાધવનું ઈ.સ. 1770માં ખૂન કર્યું

પેશ્વા અને રાઘોબાનાં સંયુક્ત સૈન્યો નળદુર્ગ, ઉદ્દગીર, મેંડક વગેરે જીતી લઈ છેક હૈદરાબાદ પહોંચી ગયો. આથી નિઝામઅલી ઔરંગાબાદ જતો રહ્યો. પેશ્વા કે રાઘોબાનો પક્ષ છોડી જે મરાઠા સરદારો લાલચને વશ થઈ નિઝામઅલીને પક્ષે ગયેલા તે સર્વને ખબર પડી ગઈ કે પોતાને કશો જ લાભ થવાનો નથી. દા.ત. જાનોજી ભોંસલેને 'છત્રપતિપદ' નહિ જ મળે તેવી ખાતરી થઈ ગઈ જ્યારે રાઘોબાએ સૌ સરદારોને તેમની જૂની જાગીરો પાછી આપવાનું જણાવી પોતાના પક્ષે પાછા બોલાવી લીધા. વળી તેઓ દરેક હિંદુ હોવાથી મંદિરો, મૂર્તિઓનો વિનાશ કરવાનું પગલું જરાયે નહોતું ગમ્યું, તેથી રોષે ભરાયા હતા. આથી તેઓ એક પછી એક નિઝામનો પક્ષ છોડી ગયા. નિઝામઅલીને ખ્યાલ આવી ગયો કે પોતાની સ્થિઈત કથળતી જાય છે એટલે તે ઘોડાપૂરથી વહેતી ગોદાવરી નદી જેમ તેમ કરીને પાર કરી ગયો. અને ઔરંગાબાદ પહોંચી ગયો.

પેશ્વાએ ખૂબ જ શક્તિશાળી સેનાપતિ મહાદજી સિંધિયાને શક્તિશાળી લશ્કર સાથે ઉત્તર ભારતનાં પ્રદેશો ઉપર આક્રમણ કરવા મોકલેલો.

નિઝામઅલી તો ગોદાવરી નદીને પેલે પાર (ઔરંગાબાદ) ચાલ્યો ગયો, પરંતુ તેનું લશ્કર તથા તોપખાનું પૂરને કારણે જઈ ન શકતાં, રાક્ષસ ભુવનમાં જ રોકાયા અને જણાવ્યું કે પૂર ઓસરી જાય એટલે આવી જજો. પરંતુ નિઝામઅલીની મુઘલ છાવણીમાં રહેલા જાનોજી ભોંસલેએ પેશ્વાને કોઈપણ રીતે સમાચાર મોકલીને જણાવ્યું કે 9મી ઓગસ્ટની આજે રાત્રે જ નિઝામઅલીનાં લશ્કરો ઉપર આક્રમણ કરવાની સોનેરી તક જવા દેશો નહિ. આથી પેશ્વા અને રાઘોબાના સંયુક્ત લશ્કરોએ ગોદાવરી તીરે આવેલા મઝલગાવ આવી પહોંચ્યા.

10મી ઓગસ્ટની વહેલી સવારે પેશ્વાનાં મરાઠા લશ્કરે રાક્ષસ ભુવન પર જોરદાર આક્રમણ કર્યું. આબા પૂરંદરે અને વિચૂરકરે ખૂબ વીરતા બતાવી. રાક્ષસ ભુવનની બહાર રક્ષણ કરતા લશ્કરોને પરાસ્ત કર્યાં . ત્યારબાદ રાઘોબાનાં લશ્કરોએ મુખ્ય લશ્કર ઉપર આક્રમણ કરી. અભૂતપૂર્વ શૌર્ય બતાવતાં નિઝામનાં વિઠ્ઠલ સુંદર, વિનાયકદાસ અને બીજા મુઘલ સેનાપતિઓ કેદ પકડાયા. ઉપરાંત નિઝામઅલીનાં 8000 અશ્વદળનો, 4000નાં પાયદળનો અને કેટલાક તોપચીઓનો સંહાર કર્યો. નિઝામઅલીનો ખૂબ જ ખરાબ રીતે પરાજય થયો. મરાઠાઓને યુદ્ધને અંતે ૨૫ તોપો, 15 હાથી તેમજ પુષ્કળ શસ્ત્રસરંજામ પ્રાપ્ત થયા. પશુ સંપત્તિ પણ પ્રાપ્ત થઈ. નદીની પેલે પાર ઊભેલા નિઝામઅલી નજરોનજર લશ્કરનો સંહાર તથા સેનાપતિ વિઠ્ઠલ સુંદરના મૃત્યુને જોઈ ભાંગી પડયો.

***રાક્ષસભુવનમાં યુદ્ધનાં પરિણામો :***

(i) પરાજિત નિઝામઅલીને ઔરંગાબાદના કરાર (25 સપ્ટેમ્બર , 1763 નાં રોજ ) કરવાની ફરજ પડી અને બધી જ શરતો માન્ય રાખવી પાડી. (ii) નિઝામઅલીના પક્ષે પુષ્કળ લશ્કર ગુમાવાનું પડ્યું. ચુનંદા સૈનિકો અને સમર્થ તથા કાબેલ સેનાપતિઓ આ યુદ્ધમાં હોમાઈ ગયા. (iii) પેશ્વાને મજરા નદી અને ઔરંગાબાદની વચ્ચેનો 82 લાખ

રૂપિયાની ઉપજવાળો પ્રદેશ નિઝામઅલી પાસેથી પ્રાપ્ત થયો. (iv) યુદ્ધ ચાલતું હતું ત્યારે હાથી પર કાકા રાઘોબા જયારે દૂશ્મનોના લશ્કરથી ઘેરાઈગયા હતા, ત્યારે પેશ્વાનાં કહેવાથી મહાદજી શીતોલે સહિત 10,000નાં લશ્કરે કાકાને બચાવવા મરણિયો જંગ ખેલેલો ; અને રાઘોબા માંડમાંડ બચી ગયા, તેથી પેશ્વાનો હાથ ઉપર રહ્યો. સગીર પેશ્વાએ પોતાની કુનેહ, મુત્સદ્દિગીરી, શક્તિ અને પ્રભાવ તેમના કાકા તથા (તેમના) અનુયાયીઓ ઉપર જમાવી દીધો !

( v ) કાકા રાઘોબાની નિર્બળતા અને અનિર્ણયાત્મકતા આ યુદ્ધમાં સ્પષ્ટ રીતે પ્રગટ થઈ ગઈ. (vi) બે વર્ષોમાં તો પેશ્વાએ રાજકારણનાં દાવપેચ, યુદ્ધની વ્યૂહરચના અને મુસ્તદ્દિગીરીનો પાકો અને કિંમતી અનુભવ મેળવી લીધો; જેનાથી તેઓ (માધવરાવ) રાષ્ટ્રના ગૌરવને પુનઃ સર્વોચ્ચ કક્ષાએ પહોંચાડવા શક્તિમાન બન્યા. પાણીપતમાં જૂની પેઢીએ ગુમાવેલું નૂર, પ્રતિષ્ઠા અને ગૌરવ હવે નવી પેઢીએ મેળવી લીધું હતું; અને અગાઉની પેઢી કરતાં આ નવી પેઢી વધુ કુશળ અને શક્તિશાળી સાવિત (પૂરવાર) થઈ.

હવે પેશ્વા માધવરાવ પાસે બીજા બે મરાઠા મહારથીઓ આવી મળ્યા; એક સેનાપતિ મહાદજી સિન્ધિયા અને બીજા વહીવટ અને રાજ્યકેયા મુસ્તદ્દિગીરીમાં પાવરધા નાના ફડનવીસ પેશ્વા- નાના-મહાદજીની ત્રિપુટી હવે હિંદના નવા ઉજ્જવળ ભાવિનો ઈતિહાસ રચવાના હતા.

### 14.5.5 *દક્ષિણના મૈસૂર (હાલનું કર્ણાટક) રાજ્યના હૈદરઅલી સાથે યુદ્ધો* 1764; 1767 *અને* 1770

મૈસુર રાજ્યના સત્તાધીશ અને સમર્થ સેનાપતિ હૈદરઅલીએ મરાઠાઓના આંતરિક સંઘર્ષો તથા ખટપટોનો લાભ ઉઠાવી, કડપ્પા, કર્નૂલ, સાવનૂર, વગેરે વાર્ષિક 50 લાખની વાર્ષિક આવક ધારવતા મહત્ત્વપૂર્ણ પ્રદેશો મરાઠી રાજ્યમાંથી પડાવી લીધા. આથી રોષે ભરાયેલો પેશ્વાએ મોરારીરાવ ધોરપડેને હૈદરઅલી પર આક્રમણ કરવા આદેશ આપ્યો. ઈ.સ. 1764 માં બંને પક્ષો વચ્ચે થયેલા યુદ્ધમાં હૈદરઅલીનો પરાજય થયો. હૈદરઅલીને 'અનંતપુરની સંધિ' કરવા મજબૂર કર્યો. આ સંધિ અન્વયે રૂ. 30 લાખ અને સાનૂરનો પ્રદેશ હૈદરઅલી પાસેથી લઈ લેવામાં આવ્યો.

તે પછી પેશ્વા માધવરાવે ઈ.સ. 1767 માં હૈદરઅલીને ફરીથી બીજી વખત હરાવી, રૂ. 5 લાખ તેમજ કેટલાક મહત્ત્વના કિલ્લાઓ મેળવ્યા. ત્યારબાદ ઈ.સ. 1770માં પેશ્વાએ હૈદરઅલી ઉપર ત્રીજી વખત આક્રમણ કર્યું. અલબત્ત, તે સમયે અચાનક પેશ્વા માધવરાવની તબિયત બગડતા, તે મૈસર આવ્યો; પરંતુ પેશ્વાનાં વીર અને શક્તિશાળી ત્ર્યંબકરાવ પેઠે જેવા મરાઠા સરદારો તથા સૈનિકોએ હૈદરઅલીને શ્રીરંગપટ્ટમ પાસેના મોતી તળાવનાં યુદ્ધમાં ઈ.સ. 1771માં પરાજિત કર્યાં. 5 માર્ચે તેને ઈ.સ. 1772માં હૈદરઅલી અને ત્ર્યંબકરાવ પેઠે વચ્ચે (જુનમાં) સંધિ થઈ; જે મુજબ (i) યુદ્ધની રકમ પેટે 25 લાખ રૂપિયા અને 6 લાખ રૂપિયાનું કિંમતી ઝવેરાત હૈદરઅલીએ આપવું પડ્યું (ii) તુંગભદ્રા નદીની દક્ષિણ તરફના કોલાર અને કિલ્લોઓ સહિત ઘણાખરા પ્રદેશો

હૈદરઅલીએ મરાઠાઓને આપવા પડયા; આમાં છતાં હૈદરઅલીનો સંપૂર્ણ નાશ મરાઠાઓ ન કરી શક્યા, તેનું દુઃખ અને વસવસો પેશ્વાને જીવનની છેલ્લી ઘડી સુધી રહ્યા કર્યો.

### 14.5.6 *પેશ્વાએ રાઘોબાને કરેલ નજરકેદ,* 1768

પેશ્વા કાકા રાઘોબા સાથે સમાધાન કરી મતભેદોને નિવારવા માગતો હતો; અને જો બન્નેની શક્તિઓ મરાઠા સામ્રાજ્યનાં પ્રસારમાં રોકાય તો વિદેશીઓને સરળતાથી હિંદમાથી હાંકી કાઢી શકાય. આથી ઈ.સ. 1767 ચદૌર મુકામે બંને પરસ્પર મંત્રણા કરવા મળ્યા, ત્યારે રાઘોબાએ ''ઉત્તર ભારતનાં યુદ્ધોમાં થયેલ નુકસાન (25 લાખ) અને જીવનનિર્વાહ માટે યોગ્ય સવલતો આપવામાં આવે તો, પોતે કોઈ તીર્થધામમાં જઈ ધર્માચરણ દ્વારા શેષ જીવન ગાળશે,'' એમ પેશ્વાને જણાવ્યું. 3 ઓક્ટોબર, 1767નાં રોજ (વિજયાદશમી /દશેરાનાં દિવસે) બન્ને વચ્ચે સંધિ થઈ; પરંતુ એ સંધિ અલ્પકાલીન નીવડી.

રાઘોબા સંધિને બાજુએ હડસેલી દઈ, ફરીથી મરાઠા રાજ્યના (પેશ્વાનાં) દુશ્મનોને એકત્રિત કરી, 'પેશ્વા' બનવાની પેરવી કરવા લાગ્યો. જો પોતાને પેશ્વાપદ મળે તો, તેણે લીધેલા દત્તક બાળક અમૃતરાવને પેશ્વા બનાવાય, તેની લાલસા રાખવા લાગી ગયો; આથી રાઘોબાએ પેશ્વા અડધા રાજ્યની માગણી કરી. આથી ક્રોધે ભરાયેલા પેશ્વાએ ગોપાલ પટવર્ધનની સહાયથી મે, 1768માં ધોડપ (DHODAP)નાં કિલ્લામાં રાઘોબાને ઘેરી લીધો. સેનાપતિ ગોપાળરાવે તથા મરાઠા સૈનિકોએ રાઘોબાનાં લશ્કરોનાં સૈનિકોની મોટા પાયે કતલ કરી, આથી ગભરાઈને રાઘોબાએ બિનશરતી શરણાગતિ સ્વીકારી. જેવા ગઢ પરથી નીચે ઊતર્યો કે તરજ જ તેને કેદ કરવામાં આવ્યો અને પૂનાની અંદર ઈ.સ. 1768માં નજરકેદ કરાયો. પેશ્વાના મૃત્યુના 6 સપ્તાહ પૂર્વે તક સાધી તે નજરકેદમાંથી છટક્યો, તો લશ્કરે પીછો કરી, ફરીથી તેને જેલમાં પૂર્યો; 1768.

### 14.5.7 *અન્ય રાજકીય સિદ્ધિઓ :-*

(i) એ પછી, પેશ્વાએ નાગપુરનાં જાનોજી ભોંસલેને ઈ.સ. 1769નાં યુદ્ધમાં ગોદાવરી તીરે હરાવ્યો. કનકપુરની બંને વચ્ચે સમજૂતી થતાં, પેશ્વા અને ભોંસલે વચ્ચે વર્ષો જૂની સ્પર્ધા અને તંગદિલીનો અંત આવ્યો.

(ii) 18 ઓગસ્ટ, 1768 માં વડોદરા રાજ્યના દમાજી ગાયકવાડનું વડોદરામાં અવસાન થતાં, તેમના ચાર પુત્રો – સયાજીરાવ ગાયકવાડ, ગોવિંદરાવ ગાયકવાડ, ફતેસિંહ ગાયકવાડ અને માનાજી ગાયકવાડ વચ્ચે સત્તા મેળવવા વારસાવિગ્રહ થયો.; જે,આ આંતરસંઘર્ષને પરિણામે સૌ નબળા પડ્યા. પેશ્વાએ તેમની વચ્ચે સમાધાન કરાવી, ગોવિંદરાવ ગાયકવાડને 23 લાખ રૂપિયા દંડ અને 27 લાખ રૂપિયા બક્ષિસ લઇ, દમાજી ગાયકવાડનાં ઉત્તરાધિકારી તરીકે નીમીને, ભાઈઓ વચ્ચેની તકરાર શાંત કરી.

પેશ્વા માધવરાવનાં રાજ્યકાળ દરમિયાન મરાઠા સામ્રાજ્ય ચાર વિભાગોમાં વહેંચાયેલું નિહાળવા મળે છે.

| | |
|---|---|
| 1. પૂના | પેશ્વાનું શાસન (મુખ્ય) |
| 2. ગ્વાલિયર | શિંદે (સિન્ધિયા)શાસન |
| 3. ઇન્દોર | હોળકરનું શાસન |
| 4. નાગપુર | ભોસલેનું શાસન |
| 5. વડોદરા | ગાયકવાડનું શાસન |

ઉપયુક્ત ચારે સત્તાઓ (ચાર આધારશીલાઓ) પરસ્પર આંતરસંઘર્ષમાં અટવાયને અને પેશ્વા સામે મોરચો માંડીને , હિન્દુસ્તાનનાં રાષ્ટ્રીય ઐક્યને કેવું ગભીર નુકસાન કરી રહી હતી, તેનો ઈતિહાસ કરુણ છે. સત્તા અને હોદ્દો માટે સ્વાર્થપરાયણ બની દેશમાં આવેલા બહારના દુશ્મનો – મુઘલો, હૈદરઅલી – ટીપુ સુલતાન, અંગ્રેજો, ફ્રેન્ચો વગેરેની એકતા સાધી સામનો કરવાને બદલે કેવું બેહુદું વર્તન કરી રહ્યા હતા. તેની વાત કરીએ તો તે પણ શરમજનક બાબત છે !

**(અ) *ઉત્તર ભારતમાં મરાઠી સામ્રાજ્યનો પ્રસાર અને પ્રભુત્વ ઈ.સ.* 1761-1772**

ઈ.સ. 1761ના પાણીપતના ત્રીજા યુદ્ધમાં મરાઠાઓને મળેલા પરાજયને પરિણામે મરાઠા સામ્રાજ્યની સીમા ચંબલ નદીની દક્ષિણે આવીને સીમિત બની ગઈ હતી ! પેશ્વા માધવરાવ પણ આંતરિક દુશ્મનોને તથા નિઝામ-હૈદરઅલીને (હૈદરાબાદ – મૈસૂરના રાજયોના શાસકો) મહાત કરવામાં રોકાયેલા હોય, ઉત્તર ભારત તરફ દ્રષ્ટિ દોડાવી શકેલો નહિ.

બીજી તરફ વિદેશી અંગ્રેજોએ ઉત્તરમાં ઈ.સ. 1757ના પ્લાસીના અને ઈ.સ. 1764ના બક્સરના યુદ્ધ પછી, હિન્દમાં પોતાની સત્તા સ્થાપી – વિસ્તારી રહ્યા હતા. ઉત્તર ભારતમાં અંગ્રેજોની સત્તાવિસ્તારનીપ્રક્રિયાને મીર કાસિમ, શુજા ઉદ્-દૌલા અને મુઘલ સમ્રાટના બનેલા (રચાયેલો) 'સંઘ' પણ અટકાવી ન શક્યો. જો નાગપુરના જાનોજી ભોંસલે મીર કાસિમે બબ્બેવાર વિનતી કરેલી, અને છતાં એ મરાઠા સરદારે મદદ ન જ કરી. જો મરાઠાઓ એમના પક્ષે (એ.સંઘ સાથે) જોડાય ગયા હોત તો, હિન્દુસ્તાનનો અર્વાચીન ઈતિહાસ કંઈક જુદો જ હોત!

પેશ્વા માધવરાવે પોતાના બે વિશ્વાસુ સાથી સેનાપતિઓ રામચંદ્ર ગણેશ અને વીસાજી કૃષ્ણાજીને ઉત્તર ભારતમાં મરાઠી સત્તાને પુનઃ દ્રઢ કરવા મોકલ્યા. તેમણે યુદ્ધો કરી, 5 એપ્રિલ, 1770 ના રોજ આગ્રા અને મથુરા જીતી લીધા. બીજી તરફ 31 ઓક્ટોમ્બર, 1770 ના રોજ નજીબુદ્દોલાનું અને ફરુખાબાદના અહમદખાનનું 11 જુલાઈ, 1771 ના રોજ મૃત્યુ થતાં મરાઠાઓના શક્તિશાળી સેનાપતિ મહાદજી સિન્ધિયાને ઉત્તર તરફ (દિલ્લી તરફ) કૂચ કરીને આગળ ધપવાનો માર્ગ મોકળો થઈ ગયો. જો કે આગ્રા અને મથુરા જીતવામાં રામચંદ્ર અને મહાદજી સિન્ધિયાએ ખૂબ વીરતા દર્શાવી, નામો રોશન કર્યાં.

*(બ) )બે જાટ સરદારો*

નવલસિંહ અને રણજિતસિંહ વચ્ચે સંઘર્ષ થયો, તો તેમાં મહાદજીએ હસ્તક્ષેપ કરીને, 8 સપ્ટેમ્બર, 1770ના રોજ નવલસિંહ પાસેથી યુદ્ધ દંડની રકમ પેટે 65 લાખ રૂપિયા અને રણજિતસિંહને જાટ પ્રજાના રાજા પદનો ત્યાગ કરવા જણાવી, તેને માત્ર 20 લાખ રૂપિયાની ઉપજની જાગીર નિર્વાહ માટે આપી, તેમના (જાટના) સમગ્ર પ્રદેશને ‘મરાઠા સામ્રાજ્ય’માં ભેળવી દીધા! આમ, જાટ, રોહિલાઓએ દોઆબ તથા ફરુખાબાદ જીતી લીધા, જેને મુઘલ સમ્રાટે મરાઠાઓના વર્ચસ્વને પણ માન્ય રાખ્યું. જો કે સમ્રાટના વજીરે એનો પ્રબળ વિરોધ કર્યો.

**(*ક) મહાદજી સિન્ધિયાએ દિલ્હી જીતી લઈ, વિક્રમ સર્જ્યા (ફેબ્રુઆરી,* 1771)**

વજીરની નારાજગીને અને અંગ્રેજોના વિરોધને ગણકાર્યા વગર મહાદજી સિન્ધિયાએ લશ્કરો વડે 10 ફેબ્રુઆરી, 1771 ને દિવસે (શુભ દિને) રાજધાની દિલ્હી ઉપર પણ મરાઠાઓના અધિકારને સ્થાપિત કરી દીધો, મરાઠાઓનો ભગવો ઝંડો દિલ્હીમાં 10 વર્ષ બાદ ફરકતો કરી દીધો !

મહાદજી સિન્ધિયાએ શાહઆલમ બીજાના પુત્ર જવાનબખ્તને દિલ્હીના રાજ્યસિંહાસનને બેસાડી, મરાઠાઓ વાસ્તવમાં King-Maker બન્યા. દિલ્હી પરનો મહાદજી સિન્ધિયાનો વિજય ગૌરવવંતો અને મરાઠાઓની શક્તિને બિરદાવતો બની રહ્યો ! સમગ્ર મરાઠા-સામ્રાજ્યમાં એક ઉત્સવ સમાન બની રહ્યો. 12મી ફેબ્રુઆરીએ શાહઆલમે (માતા ઝીન્નતમહાલ સાથે ) મરાઠાઓ સાથે કાયદેસરની સંધિ કરી. 12મી એપ્રિલે શહેનશાહે દિલ્હી આવવા પ્રસ્થાન કર્યું અને 12 વર્ષ બાદ, 6, જાન્યુઆરી, 1772ના રોજ શહેનશાહ શાહઆલમે રાજધાની દિલ્હીમાં પ્રવેશ કર્યો; ત્યાં મહાદજીએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું.

આમ, પાણીપતના ત્રીજા યુદ્ધમાં (ઈ.સ.1761માં) મરાઠાઓ જે કાંઈ સઘળું ગુમાવ્યું હતુ , તે મહાદજી સિન્ધિયાની વીરતા, શૌર્ય, કુનેહ, દીર્ઘદ્રષ્ટિથી મરાઠાઓને સઘળું પુનઃ પ્રાપ્ત થઈ શક્યું; અને મહાદજી ‘રાજાપદનો નિર્માતા’ બની શક્યો.

### 14.6 *પેશ્વા માધવરાવનું અવસાન;* 18 *નવેમ્બર,* 1772

સતત આંતરિક સંઘર્ષો, માનસિક તંગદિલી અને અવિરત યુદ્ધોને પરિણામ પેશ્વા માધવરાવ પહેલાનું ઈ.સ. **1772**માં, બાર વર્ષના શાસનકાળમાં સ્વાસ્થ્ય કથળ્યું. તેમને ક્ષયરોગ (ટ્યુબરક્લોસિસ) લાગુ પડયો. મૃત્યુ પૂર્વે પેશ્વાને હૈદરઅલીની શરણાગતિ તથા ઉત્તર હિન્દમાં મહાદજી સિન્ધિયા દ્વારા છેક દિલ્હી જીતી લેવામાં મળેલી સફળતાના શુભ તથા આંનદદાયક સમાચાર મળેલા.

પેશ્વાને થયેલ આંતરડાના ક્ષય (ટીબી નો રોગ કાબૂમાં લેવા માટે દેશી અને વિદેશી અનેક ઉપચારો કરવામાં આવ્યા; પરંતુ ટી.બી.નો રોગ વધતો જ ગયો. પૂનાના બાબા વૈદ્ય, જયપુરના સુપ્રસિદ્ધ વૈદ્ય ગંગા વિષ્ણુએ તેમજ ગોવાના યુરોપિયન ડૉક્ટરો તેમની દવા તથા સારવાર કરવામાં કોઈ ઉણપ ન રાખી. માતા તે સમયે નાસિકમાં હતી.

તેને એક જ વાતનો અફસોસ હતો કે તે તેના નાના ભાઈ (અને પોતાના પછી પેશ્વાપદના અધિકારી) નારાયણરાવ (19 નવેમ્બર, 1772 થી 30મી ઓગસ્ટ, 1773)ને સુધારી ન શકેલો. તે અત્યંત વિલાસી અને વિચિત્ર સ્વભાવનો હતો.

ન્યાયાધીશ રામશાસ્ત્રી, લગભગ બધા જ પ્રતિષ્ઠિત મરાઠા સરદારોની હાજરીમાં, પોતાનું મૃત્યુ હવે નજીકમાં જ છે, એમ માની પેશ્વા માધવરાવે સૌની વિદાય લીધી. અને ભૂલચૂક માફ કરી દેવા સૌને વિનતી કરી. અંતિમ ઈચ્છાઓ પણ વ્યક્ત કરી કે, મારી માતા ગોપિકાબાઈને જીવન જીવવા સઘળી સવલતો આપવામાં આવે; નાનો ભાઈ નારયણરાવને પેશ્વા પદ પ્રાપ્ત થાય ત્યારે સહાકાર આપવામાં આવે અને દાન-પુણ્ય કરવામાં આવે.

28 વર્ષની ભરયુવાન વયે 18મી નવેમ્બર, 1772ને બુધવારે સવારે 8:00 કલાકે પેશ્વા માધવરાવ ચિરનિંદ્રામાં પોઢી ગયા ! તેની પાછળ તેની નિઃસંતાન પત્ની રમાબાઈ ‘સતી’ થયા.

પેશ્વા માધવરાવની ઈચ્છા અનુસાર, બીજી ડિસેમ્બરે થેઉર મુકામે, અંતિમ મરણોત્તરક્રિયા પતી જતાં, 13મી ડિસેમ્બરે (1772) નારાયણરાવે ‘પેશ્વાપદ’નો પોષાક અને રાજયચિન્હો ધારણ કર્યાં અને પૂનામાં તેનો રાજ્યાભિષેક (પેશ્વાના મૃત્યુ પછી 24માં દિવસે) કરાયો. તેમના અંગત મંત્રીઓમાં સખારામ બાપુ અને નાના ફડનવીસ સ્થાન પામ્યા. આમ, છત્રપતિ રામરાજાએ સ્વ. પેશ્વાના નાના ભાઈ નારાયણરાવની પેશ્વાપદે નિમણૂક કરી.

## 14.7 *પેશ્વા માધવરાવના વ્યક્તિત્વ અને કારકિર્દીનું મૂલ્યાંકન*

પેશ્વા માધવરાવમાં પ્રમાણિકતા, ન્યાયપ્રિયતા, સ્વતંત્ર નીરક્ષીર વિવેકબુદ્ધિ, ઉમદા ચારિત્ર્ય, હ્રદયની વિશાળતા, ઊંડી સમજશક્તિ અને ઝડપી નિર્ણયશક્તિ જેવા અનેક ગુણો તેમના વ્યક્તિત્વમાં પ્રગટ થાય છે. શાસિત પ્રજાનું કલ્યાણ વધુમાં વધુ કઈ રીતે થાય, તે જોવાની તમન્ના તેમનામાં હતી. પેશ્વા તરીકેની 11 વર્ષની માધવરાવની રાજકીય અને લશ્કરી કારકિર્દી દરમ્યાન નીડરતાપૂર્વક અને નિષ્પક્ષ રીતે ફરજો અદા કરવામાં તથા જવાબદારીઓ નિભાવવામાં તેણે પાછું વળીને જીવનમાં જોયું જ નહિ; એટલે સુધી કે, તેણે સતત પરિશ્રમ, યુદ્ધો, દોડાદોડી, આહાર –આરામનું પણ ધ્યાન ન રાખ્યું તેથી જ તેમનું સ્વાસ્થ્ય કથળ્યું અને માત્ર 28 વર્ષની ભરયુવાન વયે નિધન થયું.

મરાઠી સમાજ ઉપર પિતાશ્રીના સમયમાં, પાણીપતના યુદ્ધમાં થયેલ પરાજય અને પાયમાલીનું જે કલંક લાગ્યું હતું, તે માધવરાવે ધોઈ નાખ્યું ! તેણે મરાઠી સત્તાને વિકાસની પરાકાષ્ઠાએ પહોંચાડી દીધી. એમ કહેવું પણ ઉચિત ગણાશે કે, ‘પેશ્વા માધવરાવની જ્યારે મરાઠી સત્તાને લાંબા સમય સુધી જરૂર હતી, ત્યારે જ તેમનું આટલું વહેલું તથા કસમયનું મૃત્યુંએ ખરેખર પાણીપતના યુદ્ધના પરાજય (1761) કરતાંયે વધુ વજ્રઘાત સમાન બની રહ્યું.

પ્રસિદ્ધ ઈતિહાસકાર ગ્રાન્ટ ડફ  પણ આવો જ અભિપ્રાય વ્યક્ત કરતાં લખે છે કે, ‘‘આ શ્રેઠ રાજ્યકર્તા (માધવરાવ)ના અકાળ અવસાનથી, મરાઠા સામ્રાજ્યને જે ખોટ પડી, તે પાણીપતના યુદ્ધ કરતાં યે અનેકગણી વધારે હતી.’’


અહીં એક બાબત નોંધવી ઘટે છે કે, પેશ્વા માધવરાવ પહેલાનો ઉદ્દેશ દિલ્લીમાં મુઘલ શહેનશાહને પદભ્રષ્ટ કરી, છત્રપતિ કે પેશ્વાનું શાસન સ્થાપવાનો ન હતો.; પરંતુ મહારાષ્ટ્રમાં વસતી  મરાઠી પ્રજાને તેના ધાર્મિક સ્વાતંત્ર્ય હકો અપાવવાનો હતો. સાચું પૂછો તો એક સમયના કટ્ટર શત્રુ, પરદેશી અને વિધર્મી મુઘલોને (સમ્રાટને) તેમની સત્તાઓ તથા અધિકારો 12 વર્ષ પછી અપાવવામાં મરાઠાઓએ સક્રિય સહાય કરી હતી.

Sardesai, G.S. : ‘New History of Marathas’, Vol. II, P.544

- Grant Dutt, J.C. : History of Marathas’, Vol.III, P.230

  મહાદજી સિન્ધિયાએ જ્યારે 6 જાન્યુઆરી, 1772ના રોજ આગ્રા, મથુરા પછી દિલ્લી મેળવ્યું ત્યારે દિલ્લીની ગાડી પર પેશ્વાનું નહિ, પરંતુ મુઘલ શહેનશાહ શાહઆલમને મરાઠા સરદાર મહાદજીની ઉપસ્થિઈતમાં 12 વર્ષ બાદ બેસવા મળ્યું.

  ઈ.સ. 1772 મરાઠા સામ્રાજ્યનો વિસ્તાર



પેશ્વા માધવરાવ પહેલો (ઈ.સ. 1761 – 1772) ઉત્તમ રાજયકર્તા, મુત્સદ્દી, શ્રેષ્ઠ વહીવટકર્તા, શક્તિશાળી સેનાપતિ અને પ્રજા- વત્સલ ન્યાયપ્રિય પેશ્વા (રાજા) હતો. તેની રાજકીય અને લશ્કરી સિદ્ધિઓ મહાન અને અમર હતી. તેના કાર્યો અને નિર્ણયો યાદગાર હતાં. તે ખરેખર એક આદર્શ શાસક હતો.

ભારતીય ઈતિહાસકારો તો પેશ્વા માધવરાવની પ્રશંસા કરે, એમાં કાઈ નવાઈ નથી; પરંતુ માત્ર 16 વર્ષની સગીરવયે અને પાણીપતનાં યુદ્ધના આઘાતજનક તથા ભયંકર પાયમાલી સર્જાઈ હતી. તેવા કપરા સંજોગોમાં જે રીતે 11 વર્ષા સુધી (20 જુલાઈ, 1761 થી 18 નવેમ્બર, 1772) શાસનની ધુરા સંભાળી અને એમાં કાકા રાધોબાની સતત ખટપટ, કાવાદાવા, ષડ્યંત્રો, સત્તાલાલસાથી પ્રેરાયેલી દુશ્મનાવટ વચ્ચે સામનો કરી, ક્યાંક ઉદારતા પણ દર્શાવી તે સફળતાપૂર્વક બહાર આવી, મરાઠી પ્રજાને પુનઃ પ્રતિષ્ઠા અને ગૌરવ આપાવ્યાં, એ બાબત ખરેખર મરાઠી પ્રજાના ઈતિહાસમાં ‘સુવર્ણાક્ષરે’ લખાઈ છે. હિન્દુ શાસકોમાં જન્મેલા સર્વેશ્રેષ્ઠ મહાન પુરુષોમાં (વિભૂતિઓમાં) તેમનું નામ અમર બનેલ છે.

સર રિચાર્ડ ટેમ્પલ પેશ્વા માધવરાવના વ્યક્તિત્વ અને કારકિર્દીનું મૂલ્યાંકન કરતાં લખે છે, “પેશ્વા માધવરાવમાં શક્તિ, સાહસ, ઉત્સાહ, દેશભક્તિના પ્રથમ શ્રેણીના ઉત્કૃષ્ટ મહાન ગુણો હતા. અત્યંત મુશ્કેલીભરી પરિસ્થિઈતઓમાં તેને ન માત્ર પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો, પરંતુ મરાઠી પ્રજામાં ગૌરવપ્રદ ચેતના પ્રગટ કરી. તેનો આ પ્રયોગ પ્રેરક અને અનુકરણીય બની રહ્યો... તેણે સાર્વજનિક કે જાહેર કાર્યોમાં ખૂબ જ કઠોરતા અપનાવી, ભ્રષ્ટાચારથી ભરેલા વહીવટીતંત્રમાં પ્રામાણિકતા તથા નિષ્ઠા સ્થાપિત કરવામાં પાછી પાની કરી જ નહિ. અપ્રમાણિકતા, અનીતિમાન અને બેવફા અધિકારીઓ કે ઉચ્ચ કક્ષાનાલશ્કરી હોદ્દેદારોની જાહેરમાં સખત ટીકા કરવામાં અચકાતો નહિ. દા.ત. સગા કાકાને પણ તેણે ઉચ્ચ હોદ્દાથી દૂર જ રાખેલા! અલ્પ આયુષ્યકાળમાં પણ માધવરાવે પોતાની સર્વ રીતે યોગ્યતા, અનેકવિધ મુશ્કેલીઓ, વિટંબણાઓ, પડકારો અને પ્રલોભનો વચ્ચે પણ સાબિત કરી આપી, એ બાબત જ તેની ‘મહાનતા’ સાબિત કરે છે.

કિન્કેડ એન્ડ પાર્સનિસ લખે છે કે; “ આંતરિક અને બાહ્ય દુશ્મનોથી ઘેરાઈ ગયેલા હોવા છતાં, માધવરાવ પેશ્વાએ એકલે હાથે તેમના ઉપર અપૂર્વ વિજય મેળવ્યો અને દેશના તથા વિદેશના દુશ્મનો ઉપર વજયો મેળવ્યા બાદ, તેણે પોતાના જીવનમાં અથાગ પરિશ્રમ દ્વારા દેશવાસીઓની સ્થિઈત સુધારવામાં તેમજ ઉન્નત કરવામાં સંતોષ માણ્યો; એટલું જ નહિ પરંતુ તેણે એ માટે સમગ્ર જીવન ખર્ચી નાખ્યું. તેનું જાસૂસિતંત્ર એટલું બધું કાર્યક્ષમ અને નિપુણ હતું કે, ગમે તેટલા દૂરના પ્રદેશમાં બનેલી ઘટના, કોઈ અધિકારીએ આચરેલો ગુણો કે અત્યાચારની માહિતી ગણતરીના દિવસોમાં જ તેને મળી જતાં, તે શિક્ષામાંથી બચી શકતો નહિ.... મરાઠી પ્રજાના કલ્યાણ માટે અથાગ અને અવિરત પરિશ્રમ દ્વારા આ પેશ્વાએ પોતાનું કિમતી જીવન ખૂબ જ ઝડપથી સમેટી લીધું”

- Sir Richard Temple: ‘ Oriental Experience’ Page 393-96
- Kinchaid, C.A. & Parasnis, D.B.: ‘A History of Marathas People’ , Vol. III ( Published in 1918-1925), Page-101

*ગ્રાન્ડ ડફના મતાનુસાર*, ‘‘માધવરાવ એક સેનાપતિ તરીકે ખૂબ જ શક્તિશાળી અને યોગ્ય હતો. વાસ્તવમાં ખરેખર તે પ્રશંસા અને સન્માનનો અધિકારી બને છે. તેણે અત્યાચારીઓ વિરુદ્ધ પીડિતોની અને ધનિકો વિરુદ્ધ ગરીબોની કરેલી મદદ યાદગાર બની રહેશે. દા.ત. અશ્વદળના એક નેતા શાન્તાજી ઘોરપદેનું કોઈએ ખૂન કરેલું, તો ગુનેગારને શોધીને તેને કડક સજા કરેલી, પરંતુ એથી યે વિશેષ સદગતના કુટુંબને ખૂબ લાભો આપી, સહાનુભૂતિ તથા ન્યાય દર્શાવેલો. અલબત્ત, વી.ડી. મહાજન અને આર. આર. શેઠી જણાવે છે તેમ, ‘‘તે સમગ્ર જીવનમાં યુદ્ધો અને મુત્સદ્દિગીરીમાં વ્યસ્ત રહેલો; અને જીવનમાં આવેલા જય – પરાજય, આઘાત-પ્રત્યાઘાતને પચાવી, મરાઠી પ્રજાને પાણીપતના યુદ્ધમાં ગુમાવેલું નૂર અને ગૌરવ પાછાં મેળવી આપ્યાં. એ કાઈ ઓછું મહત્ત્વ આંકવા જેવી બાબત નથી.’’

- Quoted in – Mahajan V.D. & Shethi, R.R. : ‘ India Since 1526’ , (sixth Edition 1993), Page – 133

## 14.8 *વહીવટકર્તા તરીકે પેશ્વા માધવરાવ*

પેશ્વા માધવરાવ માત્ર કુશળ સેનાપતિ જ ન હતો, પરંતુ કાબેલ અને કાર્યદક્ષ વહીવટકર્તા પણ હતો. બીજી રીતે જોઈએ તો, પેશ્વા માધવરાવની ઐતિહાસિક મહત્તા માત્ર દક્ષિણ ભારત અને ઉત્તર ભારતમાંના મરાઠી સત્તાના દુશ્મનો મહાત કરવા પૂરતી સીમિત નહોતી, પરંતુ સંગીન વહીવટકર્તા તરીકે પણ તેટલીજ જ છે. તે લોકપ્રિય શાસન હોવાથી, લોકોના કલ્યાણ માટે તેણે કેટલાક ઉપયોગી સુધારાઓ પણ કર્યાં હતા.

પેશ્વા માધવરાવે (પહેલાએ) મરાઠા સામ્રાજ્યના વહીવટીતંત્રને પાયાથી ટોચ સુધી સુધારીને સુવ્યવસ્થિત તથા તથા સંગીન પાયા ઉપર મૂકી આપ્યું; એટલું જ નહિ પરંતુ તેને પ્રગતિશીલ બનાવવાનો પણ પ્રયાસ કર્યો. પેશ્વા માધવરાવ પહેલાંના (પુરોગામી) પેશ્વાઓએ રાજયવહીવટને સુધારવા તરફ ખાસ લક્ષ આપ્યું ન હતું. અને તેથી વહીવટીતંત્રના અધિકારીઓ લગભગ સ્વતંત્ર રીતે વર્તતા હતા અને ભ્રષ્ટાચારી બની ગયા હતા; પેશ્વા માધવરાવે તેમને પ્રામાણિક અને નીતિમાન બનાવવા કડક પગલાં ભર્યાં.

***પેશ્વા માધવરાવે રાજયવહીવટને સુધારવા લીધેલાં પગલાં પણ અવલોકવા જેવાં છે.***

- ***સ્વચ્છ અને ઝડપી વહીવટ :*** તમામ સરકારી અધિકારીઓ કર્મચારીઓને લાંચરૂશ્વત તથા ભ્રષ્ટાચારની બદીમાંથી મુક્ત કરવા કડક ફરમાનો બહાર પાડેલા. તમામ સરકારી ખાતાઓમાં અનિયંત્રિત રીતે ઘર કરીને બેઠેલા દૂષણોને દૂર કરવા પેશ્વાએ ગુનેગારોને કડક શિક્ષાઓ કરી, અસરકારક દાખલાઓ બેસાડ્યા; આં ભ્રષ્ટાચારને મૂળમાંથી જ નાબૂદ કરી, પ્રજાને સ્વચ્છ તથા ઝડપી વહીવટ આપ્યો.
- ***જનકલ્યાણનાં કાર્યો :*** મહેસૂલની નીતિમાં પણ ક્રાંતિકારી ફેરફારો કરીને, જનકલ્યાણનાં કાર્યોને પેશ્વા માધવરાવે અગ્રતા આપી. આથી લોકોની સમૃદ્ધિ વધી.

- ***બિનજરૂરી ઉપકરોની નાબૂદીઃ*** વિશેષ આવક ન આપતા અને પ્રજાને ભાગરૂપ કેટલાક કરવેરાઓ તેમજ અન્ય ઉપકારો પેશ્વાએ નાબૂદ કરી, જનતાને રાહત આપી અન્ય ઉપકરો પેશ્વાએ નાબૂદ કરી, જનતાને રાહત આપી. આમ, પેશ્વાએ કરવેરાનું માળખું ખૂબ સરળ બનાવ્યું.
- ***આચારસંહિતાનો અમલઃ*** રાજયની સેવામાં રોકાયેલા તમામ વહીવટી અધિકારીઓ અને કર્મચારીઓ માટે નિયમોની આચારસહિતા પેશ્વાએ ઘડી કાઢી; અને તેનો ચુસ્તપણે અમલ કર્યો.
- જાગીરદારોની સત્તા ઉપર કાપઃ મરાઠા ભોંસલે, સિન્ધિયા, ગાયકવાડ, પુરંદરે, હોળકર, વગેરે મરાઠા જાગીરદારો (સત્તાધીશો) એ કેટલું અને કયું કયું લશ્કર રાખવું અને જરૂર પડે ત્યારે પેશ્વાને મદદ કરવા લશ્કરને મોકલવું, ઈત્યાદિ બાબતોના સિદ્ધાંતો ઘડી, તેને પ્રકાશિત કરી, જાહેર કર્યા.

***મજબૂત કેન્દ્ર સરકાર બનાવવા લીધેલા સંગીન પગલાં***

પેશ્વા માધવરાવે કેન્દ્ર સરકારને સંગીન બનાવવા કેટલાક ખાસ નિર્ણયો લીધા. અત્યારસુધી પ્રાંતોનાં શાસકો (દા.ત. નાગાપુરનાં ભોંસલે ગ્વાલિયરનાં શિંદે વગેરે) કેન્દ્રીય સત્તાનો અનાદર કરી, પેશ્વાને જ મુશ્કેલીમાં મૂકતા હતા તેમજ મરાઠી સત્તાનાં ( પેશ્વાના) આંતરિક દુશ્મનો (દા.ત. કાકા રાઘોબા જેવા) અને વિદેશી – વિધર્મી સત્તાઓની (દા.ત. હૈદરાબાદનાં નિઝામ, મૈસૂરનાં હૈદરઅલી વગેરે) સાથે મસલતો કરી, પેશ્વાઈને નબળી પાડવામાં સાથ આપતા હતા. આવાં દૂષણોને દૂર કરવાના પ્રયાસો કાબેલ અનુભવી તથા ઘડાયેલા રાજનીતિજ્ઞોની તેમજ વિશ્વાસુ સેનાપતિઓની મદદ લઇ, વિવિધ પ્રાંતોનાં જાગીરદારોને ડામી દીધા.

ઉપરાંત જે જે રાજ્યદ્રોહીઓ અને ગુનેગારો પકડાયા, એ સર્વેને કડક શિક્ષા કરી. આ માટે પેશ્વા માધવરાવને ક્યારેક આપખુદ શાસક જેવું વર્તન પણ કરવું પડયું. દા.ત. પોતાના સગા કાકા પેશ્વા વિરુદ્ધ કાવતરાં, ગુપ્ત સંધિઓ, કરારો, ષડ્યંત્રો કરતા માલુમ પડયા, તો તેને પહેલાં નજર કેદ હેઠળ પૂનામાં રાખ્યા; અને જયારે નાસી છૂટવાનો પ્રયાસ કર્યો કર્યો તો પેશ્વાએ છેવટે તેને જેલમાં પૂર્યો! આનો રાજ્યના સૌ અધિકારીઓ તથા લશકરી સરદારો ઉપર એક સારો દાખલો બેઠો કે, આપણે પણ જરા ઊંચાનીચા થઈશું કે કોઈ આધારિત કાર્ય (રાજ્ય વિરુદ્ધ ) કરીશું તો પેશ્વા આપણા પણ આવ જ હાલ કરશે!

***નિષ્પક્ષ અને કડક ન્યાયતંત્રની સ્થાપના***

વહીવટીતંત્રની જેમ ન્યાયતંત્રને ઝડપી અને નિષ્પક્ષ બનાવવા માટે પેશ્વા માધવરાવે રામશાસ્ત્રીની ન્યાયાધીશ તરીકે નિમણૂક કરી. પેશ્વા અને ન્યાયાધીશ રામશાસ્ત્રી મળીને ન્યાયતંત્રને નિષ્પક્ષ ગુનેગારો માટે કડક બનાવ્યું અને સૌને સાચો તથા ઝડપી ન્યાય મળે, તેવા સક્રિય પ્રયાસો કર્યાં .

***' વેઠ પ્રથા' ની નાબૂદી***

પેશ્વા માધવરાવે નીચલી જાતિના લોકો પાસેથી મજૂરી માટે કોઈપણ જાતનું વેતન કે વળતર ચૂકવવામાં આવતું ન હતું. તે 'વેઠ પ્રથા' ને પેશ્વાએ ફરમાન બહાર પાડી નાબૂદ કરી. પેશ્વાએ ફરમાનમાં જણાવ્યું, ''કોઈ પણ વ્યક્તિ પાસેથી શારીરિક કે માનસિક કામ લેવામાં આવે તો, તેને નક્કી કર્યા મુજબ રોકડમાં વેતન/વળતર ચુકવવું; આ ફરમાનો ભંગ કરનારા કે જે માલિક વિરુદ્ધ ફરિયાદ કરવામાં આવશે, તેને કડક શિક્ષા કરવામાં આવશે. આને પરિણામે રાજ્યના જે જે અધિકારીઓ તેમના સેવકો (નોકરો) કે પટાવાળા અથવા સફાઈ કામદારો પાસે ઘરનાં કામકાજ કે બહારમાં અન્ય કામકાજ વેતન ચૂકવ્યા વગર કરાવવા નહિ, જો કોઈ ફરિયાદ કરશે તો તેના માલિક કે અધિકારી ઉપર સખત હાથે કામ લેવામાં આવશે.

***કાર્યદક્ષ અને ચપળ જાસૂસી તંત્રની રચના***

વિશાળ મરાઠી સામ્રાજ્યનો જુદા જુદા ભાગોમાંથી રોજ રોજની ઝીણામાં ઝીણી માહિતી પેશ્વાને મળી રહે તે માટે, પેશ્વાઓ કાર્યદક્ષ અને ચપળ જાસૂસી તંત્ર ગોઠવ્યું હતું. જાસૂસો (ગુપ્તચરો) સાડા વેશમાં વડોદરા, ઈન્દોર, ગ્વાલિયર, નાગપુર, હૈદરાબાદ, મૈસૂર બધે જ ગોઠવાઈ ગયેલા અને પેશ્વાને રોજરોજની માહિતી પહોંચાડતા હતા. મરાઠી સુબેદાર કે જાગીરદાર અને મુસ્લિમ સૂબો પેશ્વા વિરુદ્ધ ષડયંત્ર રચી રહ્યો છે કે પૂના ઉપર ચઢાઈની તૈયારી કરી રહ્યો છે, તેની માહિતી મળતાં જ પેશ્વા દુરાચાર આચનારને કડક શિક્ષા કરતો અને મુસ્લિમ સૂબા ઉપર તરત જ આક્રમણ કરીને નમાવવામાં આવતો. આથી મરાઠા રાજ્યની બહારનાં શાસકો પેશ્વાના નામથી જ ધ્રૂજતા!

***પ્રમાણિક અને નિષ્ઠાવાન રાજ્ય-સેવકોની ઊભી કરેલી એક આખી પેઢી :***

પેશ્વા માધવરાવની વહીવટીતને ક્ષેત્રે સૌથી મહત્ત્વની સિદ્ધિ એ હતી કે, તેને એક આખી નવી પેઢી એવી ઊભી કરી કે, જે પેશ્વાને પૂર્ણપણે વફાદાર હતી તેમજ નિષ્કલંક, પ્રામાણિક તથા કાર્યદક્ષ અધિકારીઓ અને કર્મચારીઓની એક આખી નવી રાજ્યસેવકોની પેઢી તૈયાર કરી, અને મરાઠા-સામ્રાજ્યને સુદ્રઢ તથા પુનઃ ચેતનવંતુ બનાવ્યું. વહીવટીતંત્રની દ્રષ્ટિએ, ભારતના તે સમયના અન્ય રાજ્યો સમક્ષ 'એક મોડેલ રાજ્ય' પ્રસ્તુત કર્યું.

***તમારી અભ્યાસ- પ્રવૃત્તિને ચકાસો***

1. પેશ્વા માધવરાવને (પહેલા) શરૂઆતની રાજકીય કારકિર્દીમાં કઈ કઈ મુશ્કેલીઓ પડેલી ?

2. પેશ્વા માધવરાવે પોતાનું શાસન સ્થિર કરવા કયાં કયાં પગલાં ભર્યા ?

3. પેશ્વા માધવરાવની સિદ્ધિઓની સવિસ્તાર અને મુદ્દાસર ચર્ચા કરો.

4. એક વહીવટકર્તા તરીકે પેશ્વા માધવરાવનું મૂલ્યાંકન કરો.

**5.** ***વિભાગ – A અને વિભાગ B માંથી વિગતો પસંદ કરીને યોગ્ય રીતે જોડો***

| ***વિભાગ – 'A'*** | ***વિભાગ – 'B'*** |
|---|---|
| 1. પૂના | a. હોળકરનું શાસન |
| 2. ગ્વાલિયર | b. ભોંસલેનું શાસન |
| 3. ઈન્દોર | c. ગાયકવાડનું શાસન |
| 4. નાગપુર | d. પેશ્વાનું શાસન |
| 5. વડોદરા | e. શિંદે (સિન્ધિયાનું) શાસન |

**5 (2)** ***નીચે દરેક પ્રશ્નની સાથે આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ શોધીને તે દરેકનાં ક્રમની સાથે જણાવોઃ***

***1. પેશ્વા માધવરાવે કોને અને ક્યારે નજરકેદ કરેલા?***

(A) વિઠ્ઠલ સુંદરને, 1765(B) વિનાયક દાસને, 1770(C) રાધોબાને, 1768(D) નિઝામને 1767

***2. પેશ્વા માધવરાવે 'પેશ્વાપદ' ક્યારે ગ્રહણ કર્યું હતું ?***

(A) ઈ.સ. 1761માં ( B) ઈ.સ. 1765 માં ( C) ઈ.સ. 1768માં (D) ઈ.સ. 1772માં

***3. પેશ્વા મધવરાવનું અવસાન કઈ રીતે થયેલું ?***

(A) મૈસૂરના હૈદરઅલી સાથેના યુદ્ધમાં (B) ક્ષયરોગનાં કારણે (C) હૈદરાબાદનાં નિઝામ સાથેના યુદ્ધમાં (D) રાઘોબાએ કરેલી હત્યાના કારણે

***4. માધવરાવના શાસનકાળમાં ઉત્તર ભારતમાં છેક દિલ્લી સુધી મરાઠી સત્તાનો વિસ્તાર અને પ્રભાવ કોને કરેલો ?***

(A) સેનાપતિ મહાદજી શિંદે (સિન્ધિયા) એ (B) કાકા રઘુનાથરાવે (રાઘોબાએ) (C) સેનાપતિ સદાશિવરાવ ભાઉએ (D) જેન્કાજી સિન્ધિયાએ

5. ***મહાદજી સિન્ધિયાએ દિલ્હી પર વિજય મેળવી, કયા દિવસે મરાઠી સત્તાનો ભગવો ધ્વજ ફરકાવ્યો હતો.***

(A) 20 જુલાઈ, 1761 B) 18 નવેમ્બર, 1772 (C) 5 માર્ચ, 1772 ના રોજ (D) 10 ફેબ્રુઆરી, 1771નાં દિવસે

## **14.9** ***તમારી પ્રગતિ ચકાસોના જવાબો***

ઉત્તર – 5 (1)

| | |
|---|---|
| 1. પૂના | પેશ્વાનું શાસન |
| 2. ગ્વાલિયર | શિંદે (સિન્ધિયા)શાસન |
| 3. ઈન્દોર | હોળકરનું શાસન |
| 4. નાગપુર | ભોંસલેનું શાસન |
| 5. વડોદરા | ગાયકવાડનું શાસન |

ઉત્તર – 5 (2)

1. (C) રાઘોબાને, 1768માં
2. (A) ઈ.સ. 1761માં
3. (B) ક્ષયરોગને કારણે (1772માં)
4. (A) સેનાપતિ મહાદજી શિંદે (સિન્ધિયા) એ
5. (D) 10, ફેબ્રુઆરી, 1771 દિને

## **14.10** ***સંદર્ભ સૂચિ***


1. Benarji, A.C. , Peshwa Madhav Rao First
2. Campbell , Bombay Presidency Gazetter
3. Elliot and Dowson , History of India as told by his own Historians, London, 1867
4. Grant Dutt, J.C., ‘History of the Marathas’ Vol. III
5. Grant, E.R. (E.D.), ‘The Legacy of India’

6. Keene, H.B. , 'Madhav Rao Sindhia' Oxford University Press, 1901
7. Keene, H.B., 'Madhav Rao Sindhia' Oxford University Press, 1901
8. Keene, H.J., 'Rulers of India Series, Mayadayi Shinde'
9. Kincaid, C.A. & , A History of the Maratha People' Vol. I & III (Published in1918- Pararnis, D.B. 1925)
10. Macdanld , 'Lite of the late Name Fadanvis; Oxford University Press, 1927
11. Mahajan, V.D. &, 'India Since 1526' (Sixth Ed., 1963) Shethi, R.R.,
12. Majumudar, R.C. & , 'An Adcanced History of India' (Bhartiya Vidya Bhavan, Other Mumbai),
13. Sardesai, G.S. 'New History of the Marathas' , Vol. II & III
14. Sardesai, G.S. 'Main Currents of the Maratha History; Vol. II & III (Culcutta, 1926)
15. Sen, S.N. The Milltary System of the Marathas' (Orient Longmans, Bombay, 1958)
16. Sharma, S.R., Maratha History – Re-Examined'
17. Sir Richard Temple ,'Oriental Experience'
18. શાહ મનુભાઈ બી. 'ભારતનો ઈતિહાસ : મરાઠા યુગ,' ઈ.સ. 1707-1818; યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પાંચમી આવૃત્તિ-2018.
19. પટેલ જશુભાઈ બી. 'ભારતનો ઈતિહાસ-મઘલયુગ' 1526-1707) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પાંચમી આવૃત્તિ, 2018.

# એકમ : 15 વહીવટકર્તા તરીકે નાના ફડનવીસનું મૂલ્યાંકન

:: રૂપરેખા::


15.0 ઉદ્દેશો

15.1 પ્રસ્તાવના

15.2 બન્ને મહાન વિભૂતિઓના વ્યકિતત્વ વચ્ચે વિરોધાભાસ અને છતાં અનુકરણીય અદ્‌ભુત એકતા (એક તુલના)

15.3 નાના ફડનવીસ (ઈ.સ. 1742 – 1800)

15.3.1 જન્મ અને કુટુંબ

15.3.2 નાના ફડનવીસનું વ્યકિતત્વ

15.3.3 'ફડનવીસ' નો અર્થ

15.3.4 નાના ફડનવીસનાં કાર્યો (ફરજો)

15.3.5 નાના ફડનવીસ – એક કાર્યક્ષમ વહીવટકર્તા તરીકે

15.3.6 નાના ફડનવીસની વૈયકિતક ત્રૂટિઓ

15.3.7 નાના ફડનવીસની વિરુદ્ધમાં રચાયેલ ષડ્‌યંત્ર, નાનાની ધરપકડ અને કારાવાસ, 31 ડિસેમ્બર,1797

15.3.8 નાનાની જેલમાંથી મુક્તિ, 15 જુલાઈ, 1798

15.3.9 નાના ફડનવીસ પુનઃ કારભારી પદ, 14 નવેમ્બર, 1798

15.3.10 નાના ફડનવીસનું અવસાન, 13 માર્ચ, 1800

15.4 નાના ફડનવીસના વ્યક્તિત્વ અને વહીવટીનું મૂલ્યાંકન વિદેશી ઈતિહાસકારોની દષ્ટિએ નાના ફડનવીસ

15.5 તમારી પ્રગતિ ચકાસો

15. 6 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો

15. 7 સંદર્ભ સૂચિ



## 15.0 ઉદ્દેશો

- મરાઠી પ્રજાના બે અણમોલ રત્નો પૈકી નાના ફડનવીસની વહીવટી નિમણૂકતા-કાર્યક્ષમતા, પાઈએ પાઈનો ચોખ્ખો હિસાબ રાખવાની ત્રેવડ, દરેક કાર્યમાં ખૂબ જ ચીવટ વગેરે ગુણોથી તમે આ એકમના અભ્યાસથી સુપરિચિત થશો.

- નાના ફડનવીસનો શંકાશીલ સ્વભાવ એ તેમની મુખ્ય ત્રૂટી હતી, તેનો પરિચય પણ તમે મેળવી શકશો.

## 15.1 *પ્રસ્તાવના*

18મી સદીના છેલ્લા ચાર દાયકાઓ દરમિયાન મરાઠા- સામ્રાજ્યે બે મહાન વિભૂતિઓની હિન્દુસ્તાનને ચરણે ભેટ ધરી; એક નાના ફડનવીસ અને બીજા મહાદજી સિન્ધિયા (શિંદે). મરાઠા સામ્રાજ્યના આ બન્ને મહાનુભાવો આધારસ્તંભો બની રહ્યાં. ઈ.સ. 1761ના પાણીપતના ત્રીજા યુદ્ધ પછીનો ઇતિહાસ ત્રિકોણના ત્રણ ખૂણાઓ પર રચાવાનો હતો; જેમાં શક્તિશાળી અને મહાન રાજ્યકર્તા પેશ્વા માધવરાવ પહેલા; બાહોશ, નીડર, સાહસિક અને શૌર્યવાન સેનાપતિ મહાદજી શિંદે તેમજ કાબેલ રાજનીતિજ્ઞ, કુશળ વહીવટકર્તા અને મુત્સધી નાના ફડનવીસ.




ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદી દરમિયાન મહાવીર અને બૌદ્ધ એ બન્ને સમકાલીન મહાપુરુષો હતા. જેમ યજ્ઞોમાં થતી પશુ હિંસા અને ધાર્મિક વિધિ- વિધાનોમાં રચ્યા-પચ્યા રહેનાર પ્રાચીન હિંદને બે સમકાલીન મહાન વિભૂતિઓએ સત્ય- અહિંસા- દયા- કરુણા- માનવતાના માર્ગે (સન્માર્ગે) દોરેલું; એજ રીતે પાણીપતનાં ત્રીજા યુદ્ધમાં ભયંકર પાયમાલી અને વિનાશ સર્જાવાથી મરાઠા સામ્રાજ્યમાં જે હતાશા અને નિરાશા સર્જાયેલી તેમાંથી તેને બહાર કાઢીને રાજકીય-વહીવટી- આર્થિક સુદ્રઢ- ગૌરવવંતા પંથે મહારાષ્ટ્રના નાના અને મહાદાજી આ બે મહારથીઓ દોરેલું. આ બન્ન મહારથીઓ પાણીપતના યુદ્ધમાંથી મરાઠા સામ્રાજ્યના સદ્‌નસીબે બચી ગયેલાં.

1. બન્ને મહાન વિભૂતિઓના વ્યક્તિત્વ વચ્ચે વિરોધાભાસ અને છતાં તેમની વચ્ચેની અનુકરણીય અદ્‌ભુત એકતા : (એક તુલના)

| નાના ફડનવીસ (ઈ.સ.1742-1800) | | મહાદજી સિન્ધયા (શિંદે) (ઈ.સ. 1727-1794) | |
|---|---|---|---|
| ➢ | નાના ફડનવીસનો જન્મ ઈ.સ. 1742માં અને અવસાન ઈ.સ. 1800માં થયેલ; એટલે તેઓનું 58 વર્ષનું આયુષ્ય હતું. 12મી ફેબ્રુઆરીના રોજ જન્મેલા નાના ફડનવીસનું મૂળનામ બાલાજી જનાર્દન ભાનુ હતું; તેઓ ઉચ્ચકુળના બ્રાહ્મણ પરિવારના હતા. તેમનો ઉછેર પાણીપતના યુદ્ધમાં ખપી જનાર પેશ્વા બાલાજી બાજીરાવના સૌથી મોટા પુત્ર વિશ્વાસરાવની સાથે થવા પામ્યો હતો. નાનાજી પણ પાણીપતના યુદ્ધમાંથી નાસી જઈને બચી ગયેલા. | ➢ | મહાદજી સિન્ધિયાનો જન્મ ઈ.સ. 1727માં અને અવસાન ઈ.સ. 1794માં થયેલ; એટલે કે તેઓ 68 વર્ષ જીવ્યા હતા. ગ્વાલિયરના રાણોજી સિન્ધિયાના 5 પુત્રો પૈકી તુકોજી પાણીપતના યુદ્ધમાં જ ખપી ગયેલા અને 34 વર્ષના મહાદજી એક પગે ઘવાઈને, અપંગ બની, યુદ્ધ મેદાનમાંથી ભાગી જઈ બચી ગયેલા. અન્ય ત્રણ ભાઈઓ પણ યુવાવસ્થામાં જ અવસાન પામેલા. |
| ➢ | નાના ફડનવીસ દૂબળા, પાતળા, ઊંચા કદના અને કડક સ્વભાવવાળા હતા. ઘઉંવર્ણા અને પાતળી ડોક ઉપર ચહેરો ગોઠવેલો હોય (ચિત્રની જેમ !), તેવા દેખાવવાળા હતા. મુત્સદ્દ્ગીરીનાં તમામ લક્ષણો નાનાના ચહેરા ઉપર સ્પષ્ટપણે દેખાય આવતા હતા. | ➢ | મહાદજી સિન્ધિયા બેઠી દડીના, ગોળ મટોળ ચહેરાવાળા ,દેખાવે કૃષ્ણવર્ણા, કદાવર અને રસિક હતા. તેઓ સૌંદર્યવાન, સાહસિક અને અતિ મહત્ત્વાકાંક્ષી હતા. તેમની મહાત્ત્વાકાંક્ષા પાછળ દ્રઢ મનોબળ અને ભારે પરિશ્રમ પડેલા હતા. |
| ➢ | નાના વિચારશીલ, સ્વભાવે કઠોર, ગણતરીબાજ મુત્સદ્દી, નિપુણ રાજકારણી હતા; તેમનામાં વ્યકિતની પરખશક્તિ અદ્ભુત હતી. તેઓ સ્વભાવે સાવ અતડા હતા. એક વાર નાનાને જોનાર ભાગ્યેજ તેને ભૂલી જઈ શકતો ! | ➢ | મહાદજી મિલન સ્વભાવવાળા, ચતુર અને પોતાને થનારા લાભને પારખનારા હતા. તેમની ત્વરિત નિર્ણયશકિત, સાહસ, નીડરતા અને મહત્ત્વાકાંક્ષાના ગુણો અદ્ભુત હતા. |
| ➢ | નાનાની પાસે યુદ્ધની વ્યૂહરચનાનું જ્ઞાન હશે; પરંતુ તેમને લડતાં બિલકુલ આવડતું નહોતું. તેઓ શસ્ત્રો ચલાવવામાં પાવરધા નહોતા; | ➢ | જ્યારે મહાદજી સિન્ધિયા વીર યોદ્ધા, સફળ સેનાપતિ અને યુદ્ધની વ્યૂહરચનામાં નિપુણ હતા. એક સફળ સેનાપતિ માટે જે ગુણો અનિવાર્ય હોવા |

| | | | |
|---|---|---|---|
| | પરંતુ શાસ્ત્રોનું જ્ઞાન અદ્દભુત હતું. | | જોઈએ તે મહાદજીમાં વિદ્યમાન હતા; આથી જ તેઓ આગ્રા, મેરઠ અને મુઘલોની રાજધાની છેક દિલ્હી વિજયી બનીને પહોંચી શકેલા. |
| ➢ | નાના ફડનવીસ જો તક ન મળે તો ખુદ તકને ઊભી કરી  કરી શકનાર શક્તિમાન હતા; વળી તકનો પૂરેપૂરો લાભ ઉઠાવવામાં માનનારા હતા. | ➢ | મહાદજીમાં જબરદસ્ત આત્મવિશ્વાસ અને ઝડપી નિર્ણયશકિત જેવા ગુણો હતા, એટલું જ નહિ પરંતુ વિભિન્ન ક્ષેત્રોની વિભિન્ન પ્રકૃતિ ધરાવતી વ્યક્તિઓ સાથે કામ પાડવાની દક્ષતા તેમનામાં અદ્દ્ભુત હતી. |
| ➢ | નાના ફડનવીસ માટે એમ કહી શકાય કે, મુત્સદ્દ્ગીરી, રાજકારણના આટાપાટા સફળતાપૂર્વક ખેલવાની આવડતમાં તેઓ પાવરધા હતા; અને એજ તેમનું યુદ્ધ સ્થળ હતું; તેમજ રાજકીય ષડ્યંત્રો તદ્દ્ન ગુપ્ત રીતે પાર પાડવા એ તેમની યુદ્ધ – રીતિ (war style) હતી. મુત્સદ્દ્ગીરી એ તેમની પાસેનું અજોડ શસ્ત્ર હતું; એ શસ્ત્ર વડે ગમે તેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ “મરાઠા સામ્રાજ્ય” ના હિત માટે સફળતાપૂર્વક કાર્ય કરી શકતા હતા. ઉત્તમ વહીવટકર્તા તરીકે જે કાર્યકુશળતા, ત્વરિત નિર્ણયશક્તિ, ધારદાર બુદ્ધિ, ખૂબ સારી સમજ તથા કોઠાસૂઝ જોઈએ તે નાના ફડનવીસમાં હતાં. | ➢ | મહાદજી સિન્ધિયામાં એવી આવડત હતી કે, વિવિધ સત્તાઓ પૈકી કોની સાથે કેમ કામ પાર પાડવું, તે મનમાં નક્કી જ કરી લઈ, પછી તેનો ત્વરિત અમલ જ કરી દેતા. દા.ત. મહાદજી અંગ્રેજો સાથે મિત્રતા રાખતા હતા; કેમકે બ્રિટિશરોની અદ્યતન શસ્ત્રોની તાકાત તથા તેમના પ્રભાવની તેમને જાણ હતી. છેક મધ્ય ભારત (પૂના)થી દિલ્હી કે કલકત્તાની સીમાઓ સુધી લડવા માટે હર વખતે લાંબા થવું મુશ્કેલ જ હતું. |
| | નાના ફડનવીસની વહીવટી અને હિસાબી આવડતથી ખુદ પેશ્વા માધવરાય પ્રભાવિત થઇ જતા; સાથે-સાથે સૌ અમલદારો પણ તેમનાથી ગભરાતા. નાણાકીય બાબતોમાં નાનાને કારણે જ સમગ્ર | ➢ | દિલ્હી પર આક્રમણ કરનાર, લૂંટનાર અને નિર્દયી બની દિલ્હીવાસીઓની કતલ કરનાર રોહિલા સરદાર ગુલામ કાદરે મુઘલ શહેનશાહને નેત્રહીન બનાવી દીધેલો ! તો મહાદજીએ શહેનશાહને આશ્વાસન આપીને, થોડા |

| | | | |
|---|---|---|---|
| | રાજ્યમાં કોઈ ઘાલમેલ, દગો, ભ્રષ્ટાચાર, આંધળા ખર્ચા, અપ્રમાણિકતા આચરી શકતું જ નહિ. પાઈએ પાઈનો ચોખ્ખો હિસાબ તેમની પાસે રહેતો. | | સમય પછી એ જ ગુલામ કાદરને બનમૌલી નામના ગામે (મેરઠથી 24 માઈલ) મરાઠા સૈનિકોએ કેદ કરી, તેની બન્ને આંખો તથા નાક-કાન કાઢી લઈ, તાસકમાં બાદશાહને ચરણે ધર્યા! ગુલામ કાદરને 4થી માર્ચે (1789) ફાંસી અપાઈ. આથી દિલ્હીના બાદશાહે મહાદજીનું શાહી સન્માન કર્યું તેમજ મથુરા અને વૃંદાવનની જાગીર સિન્ધિયાને આપવામાં આવી, ઈ.સ. 1789માં મહાદજીએ ગૌવધની મનાઈ ફરમાવી. |
| | તેમની વહીવટી આવડત અને દક્ષતાને કારણે જ મરાઠી રાજ્યના સર્વોચ્ચ વડા ખુદ પેશ્વાને પણ નાનાને ઘેર જઈ, પુનઃ કારભારી પદ 14 નવેમ્બર (1798; મૃત્યુના બે બર્ષ પહેલા) સંભાળી લેવા આગ્રહભરી વિનંતી કરવી પડેલી; એ બાબત જ મરાઠા રાજકારણમાં તેમની અનિવાર્યતા અને મહત્ત્વ દેખાઈ આવે છે. | ➢ | ઈ.સ. 1784માં ઉપર્યુક્ત બનાવની પહેલાં, દિલ્લીના બાદશાહે મહાદજીને બોલાવી “સામ્રાજ્યના રક્ષક ” તરીકે સ્થાપ્યો. અને ત્યારબાદ પિંગોરા (જિ.જયપુર) ગામે અંગ્રેજ રાજદૂત એન્ડરસન અને બ્રાઉનની હાજરીમાં જ બાદશાહે મરાઠા પેશ્વાને પોતાનો મુખ્ય સેનાપતિ (વકીલ-ઈ-મુતલક) તરીકે નિયુક્ત કર્યો; પરંતુ તેની વતી મહાદજીએ એ પદ સંભાળ્યું, 14 નવેમ્બર, 1784ના રોજ બાદશાહે, દરબાર ભરી, મહાદજીને જ વકીલ-ઈ-મુતલકની પદવી આપી. રસ્તાની બન્ન બાજુએ સૈનિકોએ તેમને સલામી આપી, સ્વાગત કર્યું; અધિકારીઓએ કિંમતી ભેટો અને અભિનંદન આપ્યાં ! |

## 15.3 *નાના ફડનવીસ (ઈ.સ.1742 - 1800) ની કારકિર્દી*

મરાઠા- સામ્રાજ્યના કૌટિલ્ય ગણાતા નાના પ્રખર રાજનીતિજ્ઞ, કાબેલ વહીવટકર્તા અને પાઈએ પાઈનો ચોખ્ખો હિસાબ રાખનાર કાબેલ પુરુષ હતા.

### 15.3.1 *જન્મ અને કુટુંબ*


નાના ફડનવીસનો જન્મ ઈ.સ. 1742 ના ફેબ્રુઆરી માસની 12મી તારીખે થયો હતો. તેમનું મૂળનામ બાલાજી જનાર્દન ભાનુ હતું. તેઓ ઉચ્ચ બ્રાહ્મણ કુળમાં જન્મ્યા હતા. નાના ફડનવીસ પેશ્વા બાલાજી બાજીરાવ (ઈ.સ. 1740 - 1761) ના સૌથી મોટા, પરંતુ પાણીપતના ત્રીજા યુદ્ધમાં શહીદ થઈ ગયેલાં પુત્ર વિશ્વાસરાવ કરતાં 5 માસ નાના હતા. એ રાજકુમારની સાથે જ નાનાનો ઉછેર થયો હતો, તેમના પૂર્વજો પેશ્વાના દરબારમાં વર્ષોથી સેવા આપતા હોઈ, રાજકીય વાતાવરણમાં જ તેમનું ઘડતર થવા પામેલું; અર્થાત્ બાળપણથી જ નાનાને રાજકારણ અને વહીવટની તાલીમ મળેલી.

નાના ફડનવીસે તેમના જીવનમાં કુલ નવ વખત લગ્નો કરેલાં; અને તેઓ જયારે 58 વર્ષની વયે મૃત્યુ પામ્યા, ત્યારે તેમની એક પત્નીની ઉંમર 14 વર્ષની અને બીજી જીઉબાઈ નામની પત્નીની ઉંમર તો ફક્ત 9 વર્ષની જ હતી ! તેમ છતાંય તેમને પુત્ર ન હતો.

વિધવા બનેલ 9 વર્ષની જીઉબાઈએ તેમના જીવનમાં અનેક ચડતી – પડતી જોયેલી. ઈ.સ. 1835માં એક પુત્ર દત્તક લીધેલો, જે 42 વર્ષની વયે અવસાન પામતાં, બીજો એક પુત્ર દત્તક લીધેલો; એ દત્તક પુત્ર ઈ.સ. 1948 સુધી- ભારતને આઝાદી મળી ગઇ ત્યાં સુધી જીવેલો.

### 15.3. 2 *નાના ફડનવીસનું વ્યક્તિત્વ :*

નાના ફડનવીસની ઊંચાઈ સાધારણ હતી; અને શરીર દૂબળું તથા પાતળું હતું. તેઓ દેખાવે ઘઉંવર્ણા હતા. તેમની મુખાકૃતિ ખૂબ ગંભીર હતી. તેઓ ભાગ્યેજ હસતા, તેમજ સામાન્ય જનસમુદાયમાં ભળવાનું, વાતચીત કરવાનું, ટીખળ કરવાનું તેમને ગમતું જ નહિ.



તેમના સ્વભાવમાં કડક શિસ્ત અને નિયમિતતા દેખાય આવતી હતી. તેઓ સતત ઉદ્યમી, અને વાચન- લેખનમાં કાર્યરત રહેનારા હતા. તેઓ બોલવાનું હોય, ત્યારે ખૂબ જ તોલી તોલીને બોલનાર રાજપુરુષ હતા. તેઓ મૌખિક વાતચીત કરતાં, લેખિત ઉત્તરો આપવામાં જ માનનારા હતા. આથી મરાઠી નેતાઓ (પેશ્વાઓ સહિત)માં સૌથી વધુ પુત્રો નાના ફડનવીસના મળી આવે છે.

### 15.3.3 *'ફડનવીસ'નો અર્થ :*

ફડનવીસનો અર્થ 'કોષાધ્યક્ષ' (ટ્રેજરર) કે 'હિસાબનીસ' (એકાઉન્ટન્ટ) જેવો થાય છે. રાજ્યની તિજોરી એ પ્રજાએ આપેલાં નાણાંની સાર્વજનિક તિજોરી ગણાય; આથી રાજ્યની આવક-જાવકનો પાઈએ પાઈનો હિસાબ રાખવો એ ખૂબ જ આવશ્યક બાબત હતી. નાણાકીય હિસાબો રાખવાની બાબત પણ વહીવટી-કાર્યનો એક ભાગ જ ગણાય.

### 15.3.4 *નાના ફડનવીસનાં કાર્યો (ફરજો)*

(1) રાજ્યની તિજોરી ઉપર અંકુશ રાખવો.

(2) રાજ્યની આવક-જાવકનો વ્યવસ્થિત હિસાબ રાખવો અને પેશ્વા જ્યારે પણ જોવા માગે ત્યારે તે તૈયાર રાખવો.

(3) પેશ્વાને તેમના રોજિંદા તથા નિર્ણયાત્મક કાર્યોમાં મદદ કરવી તેમજ સલાહ-સૂચનો કરવા.

(4) કયા રાજ્ય સાથે – કઈ સત્તા સાથે કેવા સંબંધો રાખવા તે અંગે પણ પરામર્શન કરવું.

(5) રાજ્યની આવકમાં વૃદ્ધિ થાય અને એ આવકનો ઉપયોગ પ્રજા કલ્યાણનાં કાર્યોમાં થાય તે અંગેની નીતિ ઘડવામાં ભૂમિકા ભજવવી.

### 15.3.5 *નાના ફડનવીસ – એક કાર્યક્ષમ વહીવટકર્તા તરીકે*

નાના ફડનવીસે વહીવટી અને નાણાકીય બાબતોની પેશ્વા માધવરાવના સમયમાં 10 વર્ષો સુધી (ઈ.સ. 1762 થી ઈ.સ. 1772)તાલીમ લીધેલી. પેશ્વા માધવરાવ પહેલાના અવસાન (ઈ.સ. 1772)થી તેઓ જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી, પેશ્વાપદે ગમે તે આવે અને જાય, પરંતુ સમગ્ર પ્રશાસનનો અધિકાર તેમના હાથમાં જ (ઈ.સ.1800 સુધી લગભગ 25 વર્ષો સુધી) રહ્યો; અને તેમણે મરાઠા સામ્રાજ્યમાં એક સુંદર તથા અનુકરણીય રાજ્ય વહીવટ કર્યો.

અલબત્ત, નાનાએ તેમના જીવનમાં મરાઠા-રાજાની અનેક ઉથલપાથલો નિહાળી; પરંતુ એકંદરે ભવ્ય રીતે વિકસીને પરાકાષ્ટાએ પહોંચેલું મરાઠા-સામ્રાજ્ય વાસ્તવમાં ક્રમશઃ પતનને માર્ગે ઘણાં કારણોસર જઈ રહ્યું હતું ! ખુદ નાના પણ આ બાબતથી વાકેફ જ હતા.

સગીર વયના પેશ્વા સવાઈ માધવરાવના સમય દરમિયાન (ઈ.સ. 1774 થી 1795) નાના ફડનવીસ રાજ્યમાં લગભગ સર્વોપરી અને સર્વ સત્તાધીશ હતા; જે સમકાલીન મરાઠા અંગ્રેસરોમાં તેઓ આંખમાં કણાની જેમ ખૂંચતા હતા ! સવાઈ માધવરાવના મૃત્યુ પછીનાં, નાનાનાં અંતિમ 5 વર્ષ (ઈ.સ.1795 થી ઈ.સ. 1800 સુધી) ખૂબ જ સંઘર્ષમાં વીત્યાં. પેશ્વા બાજીરાવ બીજા અને દૌલતરાવ શિંદેએ મળીને નાનાની સત્તા નામ શેષ કરવા પૂરતો પ્રયત્ન કરાયો; આથી નાના પણ ખૂબ રોષે ભરાયા.

નાનાએ સત્તા ટકાવી રાખવા-પેશ્વાપદ મેળવવા અનીતિ, ભ્રષ્ટાચાર અને અવિશ્વાસના વાતાવરણનો દોર છૂટો મૂકયો ! તેમણે શર્જારાવ જેવી દુષ્ટ અને પ્રપંચી વ્યક્તિને રાજકારણમાં પ્રવેશ આપીને, જીવનની સૌથી મોટી ભૂલ કરી; આથી "જે પોષતું, તે મારતું- એ કુદરતી ક્રમ અનુસાર, એજ શર્જારાવ નાનાનું 'ફડનવીસ પદ' આંચકી લેવા અને તેમને સત્તા વિહોણા કરી દેવા સક્રિય બન્યો. વળી, શર્જારાવ તદ્દન ખોટી, ગેરરસ્તે દોરનારી અને મરાઠા રાજય માટે હાનિકારક સલાહો અંતિમ પેશ્વા બાજીરાવ બીજાને (ઈ.સ.1796 થી ઈ.સ. 1818) આપવા માંડયો; અને તેથી જ મરાઠા રાજય પતનની ખીણમાં દિન પ્રતિ દિન ગબડતું જ રહ્યું !

### 15.3.6 *નાના ફડનવીસની કેટલીક વૈયક્તિક ત્રૂટિઓ :*

મરાઠા સામ્રાજય છેક છત્રપતિ શિવાજી મહારાજથી જ યુદ્ધો, લડાઈઓ અને સંઘર્ષોથી ભરેલું જ હતું; આખો મરાઠા સ્વરાજયનો ઇતિહાસ એનાથી ભરેલો જ હતો. રાજકીય કાવાદાવા, પ્રપંચો, ષડ્યંત્રો, સત્તા મેળવવા અને ટકાવી રાખવા કરવા પડતા સંઘર્ષોથી એ આખો ઇતિહાસ ભરેલો જ હતો; આમ છતાં એ ઇતિહાસમાં પૂર્ણ વફાદારી, દેશ પ્રેમ, મરાઠા- સામ્રાજયના રક્ષણ અને વિસ્તાર માટે મરી ફિટવાની ઉત્કટ ભાવના, ઉચ્ચ કક્ષાની પ્રામાણિકતા અને ચારિત્ર્યની શુદ્ધતા પણ નિહાળવા મળે છે.

પરંતુ, એ યુગ 'બળ' નો વિશેષ હતો; 'કળ' નો નહિ. નાના ફડનવીસમાં કળ હતી; પરંતુ બળ નહોતું. તેઓ શૂરવીર સૈનિક કે સેનાપતિ નહોતા; એ એમના જીવનની સૌથી એ મોટી ત્રૂટિ હતી. તેઓ માત્ર વહીવટકર્તા, હિસાબનીસ અને રાજનીતિજ્ઞ તથા મુત્સદ્દી જ હતા. જયારે એ યુગ શક્તિશાળી સેનાપતિઓનો જ હતો. એ યુગ સેનાપતિ મહાદજી શિંદેનો યુગ હતો.

### 15.3.7 *નાના ફડનવીસની વિરુદ્ધમાં રચાયેલ ષડ્યંત્ર, ધરપકડ અને કારાવાસ,* 31 *ડિસેમ્બર,* 1797

15મી સપ્ટેમ્બર, 1797ના રોજ દૌલતરાવ શિંદેએ અગાઉના લાખેરાના યુદ્ધનો બદલો લેવા તત્પર બન્યો હતો; આથી નિદ્રાધીન અવસ્થામાં રહેલા મલ્હારરાવ અને તેમના સૈનિકો હતા, ત્યારે જ અચાનક હુમલો કરી, તે સૌને તેણે મારી નાખ્યા. મલ્હારરાવની પત્નીને અને તેમના નવા જન્મેલા પુત્ર કેદ કર્યા. અલબત્ત, વિઠોજી અને યશવંતરાવ હોળકર નાસી છૂટ્યા ! આમ, શિંદે (ગ્વાલિયર) અને હોળકર (ઈંદોર) વચ્ચેનો સંઘર્ષ પણ મરાઠી સત્તાના પતનનું એક કારણ બન્યો. તો પેલી તરફ દુષ્ટ શર્જારાવે પેશ્વા બાજીરાવના મનમાં એવું ઠરાવવા પ્રયાસ કર્યો કે, આ સંઘર્ષનું મૂળ નાના ફડનવીસ જ છે; આથી તેમને વહેલી તકે કેદ કરવા જોઈએ.

દૌલતરાવ શિંદે પણ નાનાની પાછળ પડી ગયો હતો; અને કોઈપણ રીતે નાનાને વહીવટી તંત્રમાંથી દૂર કરવા માંગતો હતો. એ માટે શિંદેએ એક કાવતરું ઘડી કાઢયું. નાનાને પોતાના 'વિદાય સમારંભ' (ફેરવેલ પાર્ટી)માં ભોજન લેવા નિમંત્રણ આપ્યું. આમ તો પ્રખર રાજનીતિજ્ઞ અને મહાન મુત્સદ્દી નાના ફડનવીસ શિંદે જેવા કાવતરા બાજ

ઉપર વિશ્વાસ મૂકે તેવા નહોતા; પરંતુ નિમંત્રણ આપવા આવનાર અંગ્રેજ અધિકારી ફિલોજે " બાઈબલ " ઉપર હાથ મૂકી વિશ્વાસ દર્શાવ્યો.

31મી ડિસેમ્બરે (1784)ના રોજ નાના ભોજન સમારંભમાં 2,000 સેવકોને લઈ મંડપમાં હાજર થયા. દૌલતરાવ શિંદે અને નાના ફડનવીસ એક નાની રૂમમાં બેસી વાતાઘાટો કરતા હતા, ત્યારે પૂર્વ યોજના અનુસાર શિંદેના ફક્ત 20 માણસોએ રૂમમાં આવીને નાનાની તથા તેના અંગ રક્ષકોની ધરપકડ કરી; અને તેમની પાસેથી શસ્ત્રો લઈ લેવામાં આવ્યા. જેવા ધરપકડના સમાચાર (અવાજોને કારણે) બહાર આવ્યા કે, બન્ને પક્ષો વચ્ચે ત્યાં જ ધમાસાણ યુદ્ધ મચી ગયું ! નાનાના સેવકોમાંથી મોટા ભાગના ખપી ગયા તો કેટલાક નાસી છૂટ્યા !

આમ, પૂનાના પેશ્વાના સામ્રાજ્ય પરથી નાનાની પકડ દૂર થઈ કે, તરતજ શર્જારાવ જેવા લોભી અને ધૂતારા સૈનિકો પૂનાની પ્રજા પર તૂટી પડયા અને માર મારી ભારે લૂંટ ચલાવી ! પૂનાની પ્રજાને આવા લૂંટારાઓનો વારંવાર ભોગ જ બનવાનું જાણે કે નસીબમાં લખાયું હતું ! પેશ્વા બાજીરાવની સાન હવે ઠેકાણે આવી; તેમને સમજ પડી ગઈ કે કોણ મરાઠા – સામ્રાજ્યને વફાદાર છે અને કોણ ગદ્દાર છે ? આથી તાત્કાલિક અસરથી, પેશ્વાએ રાજભવન પરથી શિંદેનું લશ્કર હટાવી લઈ, પોતાનું લશ્કર મૂકી દીધું ! શર્જારાવે પોતાના જમાઈ દૌલતરાવને દારૂ તથા અફીણના વ્યસન પર એવો તો ચઢાવી દીધો હતો કે, નશામાં જ દુષ્ટ શર્જારાવની (સસરાની) બધી જ યોજનાઓ અને માગણીઓ મંજુર કરી દેતો હતો.

**15.3.8 *નાના ફડનવીસની જેલમાંથી મુક્તિ,* 15 *જુલાઈ,* 1798 :**

***(અ) મહાદજીની ત્રણ રાણીઓનું બંડ***

મહાદજી ઉત્તર ભારતમાં વિજયોની હારમાળા સર્જવામાં અતિશય વ્યસ્ત હતો; ત્યારે તેમની ત્રણ રાણીઓ (પત્નીઓ) લક્ષ્મીબાઈ, યમુનાબાઈ અને ભગીરથબાઈને દૌલતરાવ શિંદે સાથે બનતું ન હતું. આ દૌલતરાવને મહાદજી શિંદેએ (પોતાનો ભત્રીજો થતો હતો તેથી) દત્તક પુત્ર તરીકે લીધો હતો. આ દૌલતરાવે ત્રણે રાણીઓને ભરણ પોષણ માટે જે વચનો આપ્યાં હતાં, તે પૂરાં ન કરતાં, ત્રણેની આર્થિક સ્થિતિ કફોડી બની હતી. વળી, દૌલતરાવ તો પૂનામાં જ લાંબા સમય સુધી રહેતો હોવાથી, એટલે રાણીઓની ફરિયાદો ઉપર કોઈ જ ધ્યાન આપતું ન હતું; આથી ના છુટકે રાણીઓને બળવો કરવો પડેલો ! ત્રણે રાણીઓ લશ્કરી તથા વહીવટી તાલીમ પામેલી હતી; તેમ છતાં પ્રપંચથી (શર્જારાવની સલાહ મુજબ) બુરાહનપુરમાં લઈ જવાને બદલે અહમદનગરમાં દૌલતરાવ લઈ ગયો; અને ત્યાં રાણીઓને કોરડે કોરડે ફટકારેલી તેમજ ઘસડીને બહાર ખેંચેલી ! આથી આખું મહારાષ્ટ્ર હચમચી ગયેલું !

આ રાણીઓ પૈકી લક્ષ્મીબાઈએ 8મી જૂને દૌલતરાવ શિંદેની છાવણી પર મધરાતે હુમલો કરી બોમ્બ વર્ષા કરી, ખૂબ નુકસાન કરી, સમજૂતી કરવા ફરજ પાડી. પ્રશ્ન ઉકેલાયો નહિ; પરંતુ એ જ અરસામાં અંગ્રેજ અધિકારી ફિલોજ અને શર્જારાવ વચ્ચે ઝઘડો

થતાં, શર્જારાવ ઘવાયો; આથી શિંદેએ તેને પદ ભ્રષ્ટ કરી, જેલમાં પૂર્યો; પરંતુ શર્જારાવના સૈનિકોએ ઊંઘતી યમુનાબાઈ ઉપર છૂરી ભોંકી હત્યા કરી ! બાકીની રાણીઓ લશ્કર સહિત ગ્વાલિયર ભાગી ગઈ !

રાણીઓનો પ્રશ્ન પેશ્વાથી પણ હલ ન થતાં, નાના ફડનવીસને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો અને તેમને આ કાર્ય સોંપાયું; 15 જુલાઈ, 1798.

### 15.3.9 *નાના ફડનવીસ, પુનઃ કારભારી પદે,* 14 *નવેમ્બર,* 1798

15 જુલાઈ, 1798ના રોજ પેશ્વાએ નાના ફડનવીસને કેદમાંથી સન્માન સાથે મુક્ત કર્યા; અને તેમને પુનઃ સત્તા સંભાળી લેવા જણાવ્યું. પરંતુ નાનાએ પેશ્વાને સ્પષ્ટ જણાવી દીધું કે, " જ્યાં સુધી નિઝામઅલી અને બ્રિટિશ સરકાર (અંગ્રેજો) એવી ખાતરી ન આપે કે, કોઈપણ પ્રકારનું અપમાન નહિ કરવામાં આવે, ત્યાં સુધી હોદ્દો સંભાળવાની મારી જરા પણ ઇચ્છા નથી. " છેવટે 14મી નવેમ્બરની રાતે પેશ્વા બાજીરાવ બીજા જાતે નાનાને ત્યાં મળવા ગયા અને ખૂબ કરગરી પડ્યા એટલે નાનાએ 15મી થી સત્તા અને જવાબદારીઓ સંભાળી.

***નાનાએ પુનઃ હોદ્દો સંભાળી નીચેની ફરજો બજાવી :***

(1) અમૃતરાવને વાર્ષિક 6 લાખની આવક વાળી જાગીર આપીને, એક તંગદિલી ઓછી કરી.

(2) સેનાપતિ મહાદજી સિન્ધિયા (અવસાન : 12 ફેબ્રુઆરી- 1794)ની વિધવા રાણીઓ સાથે બાલોબા તાત્યાન અને ચિટનીસને મોકલી. " એ રાણીઓની જવાબદારીઓ પૂરી કરવામાં આવશે," એવી ખાતરી આપી, તેમની સાથે સંધિ કરી, અને એ જવાબદારી પોતે જ અદા કરશે, તેવી હૈયા ધારણ આપતાં, એ સમસ્યા પણ ઉકેલાઈ ગઈ.

(3) પૂનાના રાજકારણમાંથી દૌલતરાવ શિંદેને લશ્કરો સહિત ઉત્તરમાં તેમના રાજયમાં જતા રહેવાનો આદેશ નાનાએ પેશ્વા પાસે 17,જાન્યુઆરી, 1798ના રોજ કરાવ્યો પરંતુ પાછળથી પેશ્વાને વિચારતાં લાગ્યું કે, દૌલતરાવ શિંદે કદાચ નાના ફડનવીસ અમૃતરાવને બોલાવી, પોતાને જ પદભ્રષ્ટ કરશે, એવું વિચારી શિંદેનું પ્રયાણ રોકી લીધું.

આમ છતાં, નાના ફડનવીસે અન્ય પણ ઘણા સારા નિર્ણયો લઈને, પૂના સરકારનો વહીવટ સ્થિર કર્યો પરંતુ નાના લાંબું જીવ્યા નહિ.

### 15.3.10 *નાના ફડનવીસનું અવસાન,* 13 *માર્ચ ઈ.સ.* 1800 *:*

દુષ્ટ શર્જારાવની સલાહથી દૌલતરાવ શિંદેએ કાવતરું રચી, વિદાય સમારંભમાં 31મી ડિસેમ્બર, 1797 ના રોજ ભોજન માટે નિમંત્રી નાના ફડનવીસની ધરપકડ કરી, કારાવાસમાં પૂરી દીધા. તે છેક 15મી જુલાઈ, 1798ના રોજ પેશ્વા બાજીરાવ બીજાએ મુકત કરેલાં. આમ, સાડા છ મહિનાના અહમદનગરમાં કારાવાસ દરમિયાન તેમના સૂકલકડું શરીર પર બંધિયાર જીવનની પ્રતિકૂળ અસર થઈ. તેમનું સ્વાસ્થ્ય કથળેલું; જે

પુનઃ મંત્રી (કારભારી) બન્યા પછી દૂરથી અગાઉ જેવી શક્તિ પ્રાપ્ત કરી શક્યા નહિ. અને, જિંદગીનાં છેલ્લાં બે વર્ષ દરમિયાન પુનઃ મંત્રી બન્યા બાદ, એટલો બધો કાર્યભાર રહ્યો કે ન પૂછો વાત; આથી તેઓ પોતાના શરીરની કાળજી ન લઈ શકયા. આથી જ કદાચ અંતિમ બે વર્ષોમાં કોઈ જ મહત્ત્વની કામગીરી કરી ન શકયા. તેમના સતત શંકાગ્રસ્ત સ્વભાવે તેમની તમામ આંતરિક શક્તિઓને ક્ષીણ બનાવી દીધી, અને સાવ નિઃસહાય છે, એવું ફીલ કરવા લાગ્યા ! તેમની પાસે એવો કોઈ મિત્ર કે સહાયક ન રહ્યો કે, તેમના ઉપર તેઓ વિશ્વાસ મૂકી શકે ! તેમના રાજકીય પ્રતિસ્પર્ધીઓ (પેશ્વા બાજીરાવ બીજા અને દૌલતરાવ શિંદે સહિત) એ તેમનું જે અપમાન અને તિરસ્કાર કર્યાં હતાં, તેનાથી તેઓ ભાંગી પડયા હતા અને કેટલેક અંશે માનસિક સમતુલા પણ જિંદગીના પાછલા ભાગમાં ખોઈ બેઠા હતા. બીજી તરફ તેઓ એટલા બધા શારીરિક રીતે અશક્ત બની ગયા હતા કે, પેશ્વાના મહેલ સુધી ચાલતા પણ જઈ શકતા ન હતા.

માર્ચ, 1799માં તેઓ તાવમાં સપડાયા. ત્યારબાદ ક્રમશઃ તેઓ વધુ ને વધુ અશકત બનતા ગયા. 13મી માર્ચ, 1800ને બુધવારના રોજ મધ્ય રાત્રિએ નાના ફડનવીસ કાયમને માટે ચિર નિંદ્રામાં પોઢી ગયા.

## 15.4 *નાના ફડનવીસના વ્યક્તિત્વ અને વહીવટનું મૂલ્યાંકન : (સમાપન)*

13મી માર્ચ, 1800ના રોજ નાના ફડનવીસના અચાનક થયેલા અવસાનથી મરાઠા- સામ્રાજ્યનો રહ્યો સહયો એકનો એક આધારસ્તંભ પણ તૂટી પડયો! બીજા મહત્ત્વના આધારસ્તંભ સેનાપતિ મહાદજી સિન્ધિયાનું અવસાન 6 વર્ષ પહેલાં 12મી ફેબ્રુઆરી, 1794માં તાવ- શરદીને કારણે પૂના પાસે વનવાડીની લશ્કરી છાવણીમાં થયેલું. એ દિવસે સાંજે તો તેમને તેમની અપૂર્વ સિદ્ધિઓ બદલ સોનેથી તોલવાના હતા ! તેમના મૃત્યુથી મરાઠી સામ્રાજયના ઇતિહાસમાં પરિવર્તન ચક્ર ઝડપથી ફરી રહ્યું ! પાણીપતના ત્રીજા યુદ્ધ (ઈ.સ. 1761)પછી એક જે નવી પેઢી મરાજયના સામ્રાજયના સદ્નસીબે મળી હતી, એ નાનાના અવસાનથી સાથે પૂરી થઈ ગઈ; જેમાં બે આધારસ્તંભો- મહાદજી સિન્ધિયા અને નાના ફડનવીસ ઉપરાંત હરિપંત ફડકે, અહલ્યાબાઈ, સવાઈ માધવરાવ, તુકોજી હોળકર, જીવબા બક્ષી, બાલોબા તાત્યા, પરશુરામ ભાઉ, જેવી એક આખી પેઢી થઈ ગઈ; અને છેલ્લે નાના ફડનવીસ પણ વિદાય થઈ જતાં, મરાઠી – રાજયનો 'નાથ' – પેશ્વા બાજીરાવ બીજા હયાત હોવા છતાં, તે રાજય 'અનાથ' બની ગયું ! અને તે પછી સમગ્ર મરાઠા રાજકારણ અને વહીવટ બેઉ નવયુવકો બાજીરાવ બીજો જે નાનાના મૃત્યુ સમયે ફકત 4 વર્ષ જ પેશ્વા પદે થયેલાં અને પ્રપંચી દૌલતરાવ શિંદે- બન્ને બાજીરાવ બીજો એ અંતિમ પેશ્વા હતો; ત્યારબાદ તેણે અંગ્રેજો સાથે 1 જૂન, 1818 ના રોજ અસીરગઢની સંધિ કરતાં, પેશ્વા તરીકેનો હોદ્દો, સત્તા અને હકો સર્વે જતાં કર્યાં હતાં !

આથી એ બન્નેએ ભેગા મળી ( અને ત્રીજો શર્જારાવ તો ખરો જ ! ) 17મી અને 18મી સદીનું (છત્રપતિ શિવાજી મહારાજે (ઈ.સ. 1630- 1680) સ્થાપેલું અને

પેશ્વાઓએ વિકસાવેલું (પેશ્વા માધવરાવનું અવસાન, 1772 અને નાના ફડનવીસનું અવસાન, 1800) સબળ, શક્તિશાળી, વ્યાપક અને વિસ્તૃત બનેલું મરાઠા- સામ્રાજય આંખના પલકારામાં કડ્ભૂસ કરતું તૂટી પડયું !

નાના ફડનવીસ હરહંમેશ પૂનામાં રહેતા હોવાથી, તેનું જીવન પ્રજા સમક્ષ ખુલ્લી કિતાબ જેવું રહેતું. તેઓ વ્યક્તિગત રીતે સત્યપ્રેમી, દયાળું, કરકસરથી જીવવાવાળો, સાદાઈ યુક્ત, અને ઉદાર હતો. તેમનો મોટા ભાગનો સમય રાજયની મુશ્કેલી ભરી વ્યવસ્થામાં વ્યતીત થતો હતો, તેથી તેઓ ખૂબજ નિયમિત અને કડક શિસ્તપાલનના આગ્રહી બની ગયા હતા. આથી જ એક મરાઠી લેખક લખે છે કે, “ મરાઠા-રાજયે આપેલા વિલક્ષણ અને બુદ્ધિયુકત રાજપુરુષોમાં નાના ફડનવીસ એક તેજસ્વી તારલાની જેમ ઝળહળે છે ! ” Sardesai, G.S.: “New History of the Maratas” Vol. III, page- 357-58.બીજા એક અભિપ્રાય મુજબ, ઉપર દર્શાવેલ નાના ફડનવીસ વિશે દર્શાવેલ અભિપ્રાયથી તદ્દ્ન વિરુદ્ધ તેઓ સ્વાર્થી, લોભી અને સત્તા લાલચુ હતા.

સવાઈ માધવરાવના અવસાન (27, ઑકટોબર, 1795) પછી, તેના ત્રણ પુત્રોમાંથી કોને પેશ્વાપદે બેસાડવો, એ સમયે નાના ફડનવીસે રાજ્યનું વિશાળ હિત જોવાને બદલે અંગત હિત અને સ્વાર્થ જ જોયેલાં. શરૂઆતમાં ચીમનાજી અપ્પાને ટેકો આપી પેશ્વા બનાવ્યો. તેણે 2 જૂનથી 5 ડિસેમ્બર, સુધી માત્ર 6 માસ શાસન કર્યું. ચીમનાજી અપ્પા પેશ્વા બન્યો, (નાનાની સલાહથી 25મી મે ના રોજ યશોદાબાઈએ ચીમનાજીને દત્તક પુત્ર તરીકે લીધો હતો.) ત્યારે તેમની ઉંમર ફક્ત 11 વર્ષની હતી. જો કે પેશ્વાના 6 માસના શાસનમાં નાનાને લાગ્યું કે, મારું વહીવટમાં કે રાજકારણમાં કાંઈ ઉપજતું જ નથી; તેની પોતાની સત્તા દ્રઢ કરવા અયોગ્ય બાજીરાવ બીજાને પેશ્વા પદે ઈ.સ. 1796 માં 5મી ડિસેમ્બરે નીમવામાં સાથ આપ્યો; પરંતુ નાનાની જીવનમાં આ એક મોટી ભૂલ સાબિત થઈ.

નાના ફડનવીસે પેશ્વા પદે બાજીરાવ બીજાને બેસાડવાના પ્રયાસમાં, વાસ્તવમાં પોતાનું જ રાજકીય તથા હોદ્દાનું ભાવિ અનિશ્ચિત કરી દીધું ! બાજીરાવ, દૌલતરાવ અને શર્જારાવની ત્રિપુટીએ નાના ફડનવીસની સત્તા- જાળવી રાખવાની વાત તો બાજુએ રહી; પરંતુ 31મી ડિસેમ્બર, 1797 ના રોજ શર્જારાવની ચઢવણીથી, દૌલતરાવ શિંદેએ કાવતરું રચી ‘ભોજન સમારંભ’ માં ભોજન લેવા નિમંત્રી, નાનાને કેદ કર્યા ! છેક 15 જુલાઈ 1798 સુધી નાનાને સાડા છ માસ સુધી જેલની હવા ખાવી પડી ! આમ, નાનાની સ્થિતિ (દશા) તો “ હવેલી લેવા જતાં, ગુજરાત ખોઈ ! ”ના જેવી થઈને રહી; અને તે પણ તેમના સ્વાર્થી વલણને કારણે.

નાના દૂરંદેશી હોવા છતાં, સ્વાર્થ લોલુપતા આગળ તેઓ પોતાનું ધૂંધળું ભાવિ ન જોઈ શક્યા, એ તેમની કમનસીબી જ ગણાવી જોઈએ. તો બીજી તરફ નાનાએ તેમની કારકિર્દીમાં લગભગ 9 કરોડ રૂપિયા (18મી સદીમાં !) જેટલું ધન એકત્રિત કર્યું હતું; આથી જ પ્રજા તેમને ‘નવ કોટ નારાયણ’ તરીકે સંબોધતી હતી ! તેઓ શ્રીમંત હતા અને સાથે સાથે ‘ ઉદાર ’ પણ હતા.

શાહ, મનુભાઈ બી. : ભારતનો ઈતિહાસ : મરાઠા યુગ, ઈ.સ. 1707- 1818; યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પાંચમી આવૃતિ, 2018,p.343

## 15.5 *વિદેશી ઈતિહાસકારોની દષ્ટિએ નાના ફડનવીસ*

| | |
|---|---|
| | નાના ફડનવીસના મૃત્યુ સમયે, તેમને શ્રદ્ધાંજલિ અપાઈ. |
| ● | ***કેપ્ટન બ્રાઉનિંગ***<br>" નાના ફડનવીસના મૃત્યુની સાથે પૂનામાં / મરાઠા સામ્રાજ્યમાં જાણે સૂર્ય અસ્ત થઈ ગયો; અને વહીવટી ક્ષેત્રે જાણે કે અંધારપટ છવાઈ ગયો. (The Light has gone out !) પૂનાના પેશ્વાના રાજ્યનું પતન થઈ ગયું ! " |
| ● | ***સર રિચાર્ડ ટેમ્પલ***<br>" મહામંત્રી નાનાના અવસાનથી મરાઠા – વહીવટમાંથી સચ્ચાઈ અને વ્યવહાર - કુશળતાનાં સઘળાં ધોરણોનો ખરેખર લોપ થઈ ગયો. " |
| ● | ***ગ્રાન્ડ ડફ***<br>" એમાં કોઈ શંકાને સ્થાન નથી કે, નાના ફડનવીસ મહાન રાજનીતિજ્ઞ હતા. તેના અવગુણોમાં વ્યક્તિગત સાહસનો અભાવ અને વધુ પડતી મહત્ત્વાકાંક્ષા હતી. તે વધુ પડતો વ્યવહારિક હોવાથી સિદ્ધાંતો કે આદર્શોનો અંકુશ તેના પર નહોતો. " |

## 15.5 *તમારી પ્રગતિ ચકાસો*

(1) નાના ફડનવીસનું એક વહીવટકર્તા તરીકે મૂલ્યાંકન કરો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

(2) (સવાઈ માધવરાવના સમયમાં અને તે પછી) મરાઠી સત્તાને ભારતમાં સુદ્રઢ પાયા પર મૂકી આપવામાં નાના ફડનવીસે ભજવેલી ભૂમિકા સ્પષ્ટ કરો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

(3) " ઈ.સ. 1761 પછીના મરાઠી સત્તાના રાજકારણમાં નાના ફડનવીસ અને મહાદજી શિંદેએ બે મહાન વિભૂતિઓ મરાઠા સામ્રાજ્યના આધારસ્તંભો બની રહ્યા હતા." – આ વિધાનની ચર્ચા કરો.

4.(1) નીચેના પ્રશ્નોના એક – બે લીટીમાં ઉત્તર આપો :

1. નાના ફડનવીસનું મૂળ નામ શું હતું ? તેમનો જન્મ ક્યારે થયેલો ? અવસાન ક્યારે થયેલું ?

2. નાના ફડનવીસ સ્વભાવે કેવા હતા ? તેમણે જીવનમાં કુલ કેટલાં લગ્ન કરેલાં ?

3. કોના સમયમાં નાના ફડનવીસને વહીવટી અને નાણાકીય બાબતોની તાલીમ મળેલી ? કોના સમયમાં તેઓ શાસનમાં સર્વોપરી રહેલા ?

4. નાના ફડનવીસે તેમના જીવનમાં કઈ મોટી ભૂલ કરેલી ?

5. નાના ફડનવીસની ધરપકડ કરી જેલમાં કોણે પૂરેલા ? ક્યારે તેઓ મુક્ત થયેલા ?

6. નાના ફડનવીસને પુનઃ વહીવટ કોણે સોંપેલો ? શા માટે ?

7. નાના ફડનવીસનું અવસાન ક્યારે થયું ? શાથી ?

## 15.6 *સંદર્ભ સૂચિ*


1. Benarji, A. C. Peshwa Madhav Rao First
2. Campbell, Bombay Presidency Gazetter
3. Elliot and Dowson, History of India as told by his own Historians, London, 1867
4. Grant Dutt, J. C., 'History of the Marathas' Vol. III
5. Grant, E. R. (E. D.), 'The Legacy of India'
6. Keene, H. B., 'Madhav Rao Sindhia' Oxford University Press, 1901
7. Keene, H. B., 'Madhav Rao Sindhia' Oxford University Press, 1901
8. Keene, H. J., 'Rulers of India Series, Mayadayi Shinde'
9. Kincaid, C.A. & A History of the Maratha People' Vol. I & III (Published in 1918-
   Pararnis, D. B.1925)
10. Macdanld,'Lite of the late Name Fadanvis; Oxford University Press, 1927
11. Mahajan, V. D. & 'India Since 1526' (Sixth Ed., 1963)
12. Majumudar, R. C. & An Adcanced History of India' (Bhartiya Vidya Bhavan, Mumbai)
    Other
13. Sardesai, G. S. 'New History of the Marathas' , Vol. II & III
14. Sardesai, G. S. 'Main Currents of the Maratha History; Vol. II & III (Culcutta, 1926)
15. Sen, S. N. The Milltary System of the Marathas' (Orient Longmans, Bombay, 1958)
16. Sharma, S. R. Maratha History – Re-Examined'
17. શાહ મનુભાઈ બી., 'ભારતનો ઈતિહાસ : મરાઠા યુગ,' ઇ.સ.1707-1818; યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, પાંચમી આવૃત્તિ, 2018.
18. પટેલ જશુભાઈ બી. 'ભારતનો ઈતિહાસ-મુઘલયુગ' 1526-1707) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ંચમી આવૃત્તિ, 2018.

# એકમ : 16 મરાઠી સત્તાના પતનનાં કારણો

:: રૂપરેખા::

16.0 ઉદ્દેશો
16.1 પ્રસ્તાવના
16.2 મરાઠા સામ્રાજ્યના (સત્તાના) પતનનાં કારણો
16.2.1 છત્રપતિ શિવાજીના અનુગામી નિર્બળ છત્રપતિઓ અને સરંજામી પદ્ધતિ
16.2.2 પ્રબળ અને પ્રભાવી કેન્દ્ર સરકારનો અભાવ
16.2.3 સ્વેચ્છાએ એકત્રિત થયેલ મરાઠા રાજ્યોનું જૂથ 'મરાઠા સંઘ'
16.2.4 જડ (પુરાણા) અને રૂઢિચુસ્ત વહીવટી-લશ્કરી માળખાનું અનુસરણ
16.2.5 જીતાયેલાં પ્રદેશોમાં યોગ્ય (સુદ્રઢ) વ્યવસ્થાતંત્ર અને ન્યાયતંત્ર સ્થાપવામાં ઉદાસીનતા
16.2.6 પાણીપતના ત્રીજા યુદ્ધમાં પરાજય-મરણતોલ ફટકો
16.2.7 મરાઠી નેતાઓનાં અકાળ અને અણધાર્યા અવસાનો
16.2.8 સતત આંતરકલહો, રાજદ્રોહી, પ્રવૃત્તિઓ અને ખટપટોથી ઘેરાયેલું મરાઠા રાજ્ય અને રાષ્ટ્ર ભાવનાનો અભાવ
16.2.9 વસાઈની સંધિ અને (અંગ્રેજોની) સહાયકારી યોજના
16.2.10 આંગ્રેના નૌકાદળનો વિનાશ-એક મોટી અને ગંભીર ભૂલ
16.3 મરાઠી સત્તાના પતનનાં કારણો-એક સમીક્ષા
16.4 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
16.5 સંદર્ભ સૂચિ

## 16.0 ઉદ્દેશો

- *મરાઠાઓનું પતન થવા પાછળના કારણોનો વિસ્તૃત અભ્યાસ કરી શકશે.*

## 16.1 પ્રસ્તાવના

સંત તુલસીદાસે યોગ્ય જ ગાયું છે કે, "***समय समय बलवान है, नहीं मनुष्य बलवान, काबे अर्जुन लूँटियो; वोही धुनष, वो ही बाण ।***" સમયના ચક્રમાંથી કોઈ બચી શક્યું નથી. કાળચક્ર તો નિરંતર ફરતું જ રહે છે. વ્યક્તિ, સંસ્થા કે રાજ્ય પણ

પ્રગતિ અને અધોગતિ, ઉત્થાન અને પતન, વિકાસની પરાકાષ્ઠા અને અવનતિ એ કુદરતી ક્રમમાંથી કોઈ બચી શકતાં નથી. શિવાજી મહારાજે અતિશય સંઘર્ષ કરી મરાઠા રાજ્યનો ઉદય કર્યો; આરંભના ત્રણ પેશ્વાઓએ રાજ્યનો જબરદસ્ત વિસ્તાર કર્યો અને પાણીપતના યુદ્ધે તેને ફટકો માર્યો; માધવરાવે મરાઠી સામ્રાજ્યને ટકાવી રાખ્યું અને રાઘોબા-બાજીરાવ બીજાએ તેને પતન તરફ દોર્યું.

વર્ષો સુધી મુઘલો સામે લડીને છત્રપતિ શિવાજી મહારાજે (ઈ.સ.1627-1680) સ્થાપિત કરેલું શક્તિશાળી રાજ્ય દીર્ઘકાળ સુધી ટકાવવાને મરાઠાઓ નિષ્ફળ ગયા. ઈ.સ.1818 ના જૂનમાં, બાજીરાવ બીજાએ અસીરગઢની સંધિ સ્વીકારવા, (3 જૂન,1818ના રોજ સવારે 10 વાગે) અંગ્રેજ લશ્કરી ઑફિસર માલ્કમની છાવણીમાં હાજર થઈ, શરણાગતિ સ્વીકારી; આથી સંધિની પહેલી શરત મુજબ, બાજીરાવ બીજાનું 'પેશ્વાપદ' છીનવાઈ ગયું અને, હવે તે માત્ર આશ્રિત અને સત્તાવિહીન ફક્ત 'કહેવાનો જ રાજા બની ગયો! અને જાણે કે દીર્ઘકાલીન દુઃખદ નાટકનો ત્રીજો અંક પૂરો થયો અને અંતિમ પડદો પડી ગયો ! હા, એ કરુણ-નાટક (ટ્રેજેડી)નું કરુણ પાત્ર ભજવવાનું તો પેશ્વા બાજીરાવ બીજાને જ ફાળે આવ્યું.

'પેશ્વાપદ' ચાલ્યું જતાં, બાજીરાવ બીજો 12મી જૂને (1818) રામચંદ્ર પંત સૂબેદાર, બાલોબા સલફડે તેમજ અન્ય નોકર-ચાકર સાથે ઉત્તર હિંદમાં કાનપુર તરફ થોડા અશ્વારોહીઓ, નોકર-ચાકર અને ફક્ત 200 પાયદળના સૈનિકો સાથે બિઠુરમાં પહોંચી ગયો અને ત્યાં શેષ જીવન વિતાવી, 28 જાન્યુઆરી, 1851(વિપ્લવના ૬ વર્ષ પહેલાં જ) મૃત્યુ પામ્યો (શાહ, મનુભાઈ બી. : ભારતના ઈતિહાસ : મરાઠી યુગ ગ્રંથ, પૃષ્ઠ 315)

## 16.2 *મરાઠા સામ્રાજ્યના પતનનાં કારણો*

કોઈપણ બનાવ બને છે ત્યારે તેને માટે કોઈ એક જ કારણ જવાબદાર નથી હોતું; એક જ કારણ હોય, એમ માનવું એ 'કાકતાલીય ન્યાય' (પંખીનું બેસવું અને ડાળનું ભાંગવું) બરાબર કહેવાય. બનેલા બનાવ પાછળ અનેક પરિબળો (કારણો) જવાબદાર હોય છે. એ કારણોમાંથી તાર્કિક રીતે અનુરૂપ હોય અને વાજબી હોય, તેની ચર્ચા અત્રે પ્રસ્તુત કરી છે.

કોઈપણ સામ્રાજ્યનું પતન એકાએક નથી થતું; તેના પતનને માટે રાખની નીચે પણ જેમ સળગતા અંગારા હોય છે, તેમ સામ્રાજ્યની ભીતરમાં, પતનને માર્ગે લઈ જનારાં અનેક પરિબળો ઘણા લાંબા સમયથી કાર્યરત હોય છે. અલબત્ત, આપણે જાણીએ છીએ તેમ, બધા શાસકો એકસરખી શક્તિવાળા, કુનેહ કે આવડતવાળા નથી હોતા. વંશપરંપરાગત ચાલતી રાજાશાહી કે શાસકોની શૃંખલાની આ એક નોંધપાત્ર મર્યાદા હોય છે. જેમકે મુઘલ સત્તાની અવનતિ અને પતનને માટે જે કારણો જવાબદાર હતાં, તેમાંથી ઘણાંખરાં મરાઠા સામ્રાજ્યના પતનને પણ લાગુ પડે છે.

18મી સદીના આરંભના ભાગમાં તૂટતી જતી મુઘલ સત્તાના ખંડેરો ઉપર મરાઠા સામ્રાજ્ય રચાયું અને સ્થિર-સુદ્રઢ થયું. બાલાજી વિશ્વનાથ, બાજીરાવ પહેલો, બાલાજી બાજીરાવ જેવા શરૂઆતના પેશ્વાઓ મરાઠા સામ્રાજ્યના સદ્ભાગ્યે ખૂબ શક્તિશાળી, મુત્સદ્દી, મહત્ત્વાકાંક્ષી અને મહેનતુ મળ્યા હતા, પરંતુ ઈ.સ.1761ના પાણીપતના યુદ્ધે મરાઠાઓને પરાજય આપી, પતનને માર્ગે દોર્યું. એ પછી પેશ્વા માધવરાવે મરાઠી-સત્તાને પરાજયના આઘાતમાંથી બહાર કાઢવાનો અને પુનઃસુદ્રઢ કરવાનો અવશ્ય પ્રયત્ન કર્યો અને એ પેશ્વાને સદ્નસીબે યુદ્ધમાં બચેલા બે મહારથીઓ મળ્યા; જેમાં એક હતા સેનાપતિ મહાદજી શિંદે (સિન્ધિયા) અને બીજા હતા કુશળ વહીવકર્તા તથા ચોકસાઈવાળા હિસાબનીસ નાના ફડનવીસ. આમ છતાં ઈ.સ.1772માં પેશ્વા માધવરાવનું મૃત્યુ થતાં, સત્તાની સાઠમારી મરાઠા અગ્રણીઓમાં શરૂ થઈ ગઈ ! પેશ્વા નારાયણરાવનું ભરબપોરે માત્ર 'નવ માસના શાસન'ને અંતે ખૂન થયું; રાઘોબા ખૂની, અને હત્યારો ગણાયો; 48 વર્ષે જ 1783માં રાઘોબાનું મૃત્યુ, સત્તા, સંપત્તિ અને પ્રતિષ્ઠાના લોભમાં અમૃતરાવે દર્શાવેલું દેશદ્રોહી વર્તન; ઈ.સ.1794માં મહાદજી સિન્ધિયાનું અને ઈ.સ. 1800માં નાના ફડનવીસનું મૃત્યુ... ઈત્યાદિ લગભગ ૨૫ વર્ષોમાં તો બનાવોનું ચક્ર એટલું બધું ઝડપી ફર્યું કે ન પૂછો વાત !

### 16.2.1 *શિવાજીના અનુગામી નિર્બળ છત્રપતિઓ અને સરંજામી પદ્ધતિ*

મરાઠી સ્વરાજ્યના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજે વહીવટીતંત્રની એક આગવી સૂઝ હતી. તેમની પાસે હિંદના પ્રાચીન ધર્મગ્રંથો(શાસ્ત્રો)માં દર્શાવેલા રાજનીતિના સિદ્ધાંતોનું સ્પષ્ટ ચિત્ર હતું. વહીવટી માળખું, કરવેરા-પ્રથા અને ઉઘરાણીની પદ્ધતિ, લશ્કરી વ્યવસ્થા, ન્યાયવ્યવસ્થા, યુદ્ધપદ્ધતિ તથા તેની વ્યૂહરચના એમ દરેક બાબત વિશે તેમની પાસે જ્ઞાન, અનુભવ અને તાલીમ એ ત્રણેનો સંગમ હતો. વળી મુઘલોનો વહીવટ તેમણે જાતે નિહાળેલો. આ બધાની સમગ્ર અસરરૂપે શિવાજીએ 'અષ્ટ પ્રધાનમંડળ'ની રચના કરેલી. તેમણે શાસન, ન્યાય, લશ્કર, કરવેરા, ધર્મભાવના, વિદેશનીતિ વગેરેને લગતા ચોક્કસ સિદ્ધાંતો નક્કી કરેલા અને ચુસ્તપણે તેનો અમલ કરી, સફળતાપૂર્વક શાસન કરેલું; પરંતુ કમનસીબે છત્રપતિ શિવાજીના વારસદારો (પાછળનાં છત્રપતિઓ) તેમના જેવા કુશળ નીવડ્યા નહિ. શિવાજીના અનુગામી છત્રપતિઓ (શંભાજી, રાજારામ, તારાબાઈ, રામરાજા, શાહૂ બીજો, પ્રતાપસિંહ અને છેલ્લા શાહજી (અપ્પા સાહેબ)એ સૌએ છત્રપતિ શિવાજી મહારાજની વહીવટીપ્રથાનો ત્યાગ કર્યો; તેમજ અન્ય બાબતોની પણ ઉપેક્ષા કરી. ઉપરાંત જે દૂષણોને છત્રપતિ શિવાજી મહારાજે ટાળેલાં, તે દૂષણો તેમના અનુગામી છત્રપતિઓના સમયમાં ફરીથી મરાઠા-રાજ્યમાં પ્રવેશી ચૂક્યાં. દા.ત. શિવાજી મહારાજના અવસાન પછી, લશ્કરમાં સામંતશાહી તત્ત્વો પ્રવેશી ચૂક્યાં અને સમગ્રપણે કરવેરાનું માળખું પણ અસ્તવ્યસ્ત થઈ ગયું. છત્રપતિ શિવાજી મહારાજ પછીના છત્રપતિઓ મોટેભાગે 'ચોથ' અને 'સરદેશમુખી'ના કરો

ઉઘરાવવામાં જ પડી ગયા. વહીવટ, ન્યાય, પ્રશ્નોના ઉકેલ, પ્રજાકલ્યાણનાં કાર્યો જેવી અનેક બાબતોની સદંતર અવગણના કરવામાં આવી.

શિવાજી મહારાજે વહીવટીતંત્રમાં સ્થાપેલો સિદ્ધાંત એ હતો કે, કોઈ પણ નિમણૂક લાયકાતના ધોરણે જ કરવી. વ્યક્તિની ક્ષમતા અને કાર્યદક્ષતા ચકાસીને પછી જ હોદ્દો આપવો. આ સિદ્ધાંતની પાછળના મોટાભાગના મરાઠા શાસકોએ ઉપેક્ષા અને અવહેલના જ કરી; આથી ધીમેધીમે મરાઠા સામ્રાજ્યના પાયા નબળા પડતા ગયા; અને છતાં કોઈએ તેની દરકાર ન લીધી.

એક ઇતિહાસકારનું એવું માનવું છે કે છત્રપતિ શિવાજી મહારાજના 'સ્વરાજ્ય'નું પેશ્વાઓ દ્વારા પરિવર્તન કરીને કરાયેલ 'સામ્રાજ્ય'માં રૂપાંતર એ મરાઠાઓની એક ભૂલ હતી. કેમ કે; જે ગુણો અને પદ્ધતિઓએ સ્વરાજ્યને ટકાવી રાખેલું; એ સ્વરાજ્યનો ચારેબાજુએ હિંદમાં વિસ્તાર કરવા જતાં, 'ક્વૉલિટી'નો હ્રાસ થયો (ભલેને 'ક્વૉન્ટિટી' વધી !) મતલબ કે, ગુણો, પદ્ધતિઓ અને સિદ્ધાંતો નેવે મૂકાતાં મરાઠા સામ્રાજ્ય પતનની ખીણમાં ગબડવા લાગ્યું. બીજી તરફ દૃષ્ટિપાત કરીએ તો, છત્રપતિ શિવાજી મહારાજ પછીના બધા જ છત્રપતિઓ સાવ નિર્બળ હતા. છત્રપતિ શંભાજી શાસક તરીકેની લાયકાત ધરાવતો ન હતો. છત્રપતિ રાજારામ વ્યક્તિ તરીકે સજ્જન હતા; પરંતુ શાસક તરીકે તદ્દન નબળા હતા. મરાઠી સરદારો પર તેમનો સહેજે અંકુશ ન હતો. એ પછીના છત્રપતિ શાહૂ 15-17 વર્ષ સુધી, મુઘલ છાવણીમાં રહેવાથી મોજીલો અને પ્રમાદી બની ગયો હતો ! તેને વહીવટીતંત્રમાં જરાયે રસ નહોતો !

આથી સૌ પ્રથમવાર પૂનામાં બાલાજી વિશ્વનાથને 'પેશ્વાપદે' રાજારામપતિ ઈ.સ.1713 ના નવેમ્બર માસમાં બેસાડ્યો; ત્યારે તેનો વિરોધ થયેલો. આ વિરોધનું કારણ એ હતું કે, રાજ્યની સાચી સત્તા તો છત્રપતિઓના હાથમાં જ રહેવી જોઈએ. આવો વિરોધ કરનારા મરાઠા સરદારોને સંતોષવા બાલાજી વિશ્વનાથે 'સરંજામી પદ્ધતિ' દાખલ કરી, તેમને જુદી જુદી જગ્યાએ જાગીરો આપી. દા.ત. ગ્વાલિયરમાં સિંધિયાને, ઈન્દોરમાં હોળકરને, નાગપુરમાં ભોંસલેને, ગુજરાતમાં ગાયકવાડને વગેરે. આમ સત્તાનું વિકેન્દ્રીકરણ (ડિસેન્ટ્રલાઈઝેશન ઑફ પાવર) થતાં, હવે કેન્દ્રની સત્તા અને પ્રભુત્વ નામમાત્રનાં જ બની ગયાં; અને સિન્ધિયા-હોળકર-ભોંસલે-ગાયકવાડ શાસકો પોતપોતાના રાજ્યમાં સ્વતંત્ર રાજવીઓની રીતે વર્તવા લાગ્યા.

વિભિન્ન રાજ્યોના શાસકો પછી તો જાણે કે, નહોતી છત્રપતિઓના આદેશોની પડી કે ન તો પેશ્વાઓની સૂચનાઓની ! ઊલટું એ રાજવીઓએ મુઘલ, નિઝામ, અંગ્રેજો, ફ્રેન્ચો, હૈદરઅલી અને તેનો પુત્ર ટીપુ સુલતાન... વગેરે દેશની કે વિદેશની સત્તાઓ સાથે જોડાઈને, કાવાદાવા રચીને આ રાજ્યોના શાસકોએ મરાઠી-એકતા (યુનિટી ઑફ મરાઠાઝ)ને ઘણું નુકસાન પહોંચાડ્યું હતું.

છત્રપતિ રાજારામના ઈ.સ.1700માં થયેલા મૃત્યુ પછી, તેમની પહેલી પત્ની તારાબાઈ મોહિતે (મૃત્યુ : ઈ.સ.1761) છત્રપતિ તરીકે શાહુ (ઈ.સ.1708-1749)ના દાવાને અવગણીને આંતરકલહનાં બીજ વાવ્યાં હતાં. આથી મરાઠા રાજ્યના સાતારા

અને કોલ્હાપુર એવા બે ભાગ પડી ગયા હતા અને તેમની વચ્ચે અવારનવાર સંઘર્ષો થયા કરતા હતા, પરિણામે મરાઠાઓના દુશ્મનોને ઘણું પ્રોત્સાહન મળતું રહ્યું !

આમ, છત્રપતિ રાજારામ અને પ્રથમ પેશ્વા બાલાજી વિશ્વનાથ (ઈ.સ.1713-1720)ના સમયથી શરૂ થયેલી 'સરંજામી પદ્ધતિ'એ તેમજ (પેશ્વાઓના સમયમાં) વિજેતા સેનાપતિઓને રોકડ રકમ ઈનામ સ્વરૂપે આપવાને બદલે જમીન-જાગીરો આપવાની પ્રથાએ મરાઠા-સામ્રાજ્ય-ક્રમશઃ નબળું ને નબળું જ પડતું ગયું, કેમકે, વિજેતા સેનાપતિઓ પણ સમય જતાં એ જમીન-જાગીરના શાસકો બની સ્વતંત્રપણે વર્તતા થયા. આનાથી મરાઠા-સામ્રાજ્યની એકતા તૂટી; સંઘભાવના નામશેષ થઈ અને સત્તાપ્રાપ્તિ માટેની લાલસાએ તેમને સ્વાર્થવૃત્તિ એટલી બધી બહેકાવી કે તેઓ તે માટે લગભગ સ્વાર્થી અને અંધ (Selfishness & Blind) બની ગયા ! આને પરિણામે જે સ્થિતિ મધ્ય યુગમાં યુરોપમાં 'સામંતશાહી'નો જન્મ થયો હતો, એવી જ સ્થિતિ આ સરંજામી પદ્ધતિએ ભારતમાં 'મરાઠા સામ્રાજ્ય'માં સર્જી !

ઈતિહાસકાર સર જદુનાથ સરકારના મત મુજબ, ''શિવાજી કે પેશ્વાઓના સમયમાં મરાઠી-રાજ્યમાં, મરાઠા જાતિની સામાજિક અને આર્થિક સુધારણા માટે, શિક્ષણના રાજ્યમાં પ્રચાર-પ્રસારને માટે કે એકતાની જાળવણી માટે કોઈ વ્યવસ્થિત યોજના વિચારવામાં ન આવી. છત્રપતિ શિવાજીના સમયમાં સર્જાયેલું મરાઠી-પ્રજાનું ઐક્ય એ આકસ્મિક જ હતું, જે અસ્થાયી નીવડ્યું અને તેનું ભાવિ અનિશ્ચિત બની ગયું.

16.2.2 ***પ્રબળ અને પ્રભાવી કેન્દ્ર સરકારનો અભાવ :***

વી.ડી. મહાજન અને આર.આર. શેઠી ઈતિહાસકારો જણાવે છે તેમ, ''મરાઠી સામ્રાજ્ય ખૂબ વિશાળ બન્યું હતું.પરંતુ તે સુગ્રથિત નહોતું; તે એકતંત્રી ન હતું; તેમજ પેશ્વાઓના હાથમાં તમામ સત્તાઓનું કેન્દ્રીકરણ નહોતું; ખરેખર તો મરાઠા સામ્રાજ્ય તો વિવિધ રાજ્યોનું એકત્રિત થયેલું માત્ર જૂથ જ બની રહ્યું અને એ વિશાળ સામ્રાજ્યમાં વિવિધ મરાઠા સરદારો-સિન્ધિયા, હોળકર, ભોંસલે, ગાયકવાડની ભાગીદારી હતી.

સૈદ્ધાંતિક રીતે, પૂનાના પેશ્વા મરાઠી સામ્રાજ્યના વડા હતાં પરંતુ મરાઠા સરદારો ઉપર તેમનો કોઈ અસરકાર અંકુશ ન હતો; કેમકે એ સરદારો તેમના રાજ્યમાં એક સ્વતંત્ર રાજવી તરીકે વર્તતો હતો અને પોતાને યોગ્ય લાગે તેવા વહીવટી કે લશ્કરી નિર્ણયો લેતો હતો. આ બાબત જ દર્શાવે છે કે, મરાઠા સરદારોમાં કોઈ શિસ્તભાવના, એકતા અને પેશ્વાના મરાઠા શાસન પ્રત્યે પ્રતિબદ્ધતા ન હતી. આ કારણે હિંદમાં મરાઠી સત્તાના પતનનું નિમિત્ત બની.

આમ, વહીવટી એકતા કે સત્તાનું/વહીવટી કાર્યો કે જવાબદારીઓનું યોગ્ય વિભાજન નહોતું કે નહોતી એ અંગેની કોઈ પદ્ધતિ અર્થાત્ કોઈ સિદ્ધાંત ! નિઝામ કે મુઘલો સામે અને પાછળથી અંગ્રેજો કે ફ્રેન્ચો સામે તેઓ એક બની શક્યા નહિ; મરાઠાઓના સર્વસામાન્ય શત્રુઓ સામે સંગઠન સાધી પેશ્વાના નેતૃત્વ નીચે લડી ન શક્યા ! આથી એ શત્રુઓએ વૈયક્તિક રીતે આ મરાઠા રાજવીઓને એક પછી એક કરીને

હરાવ્યા; જેમાં પાણીપતના ત્રીજા યુદ્ધે તો કાળો કેર વર્તાવ્યો. જો પેશ્વાના નેતૃત્વ નીચે સૌ એક થઈને લડ્યા હોત તો મરાઠાઓએ કારમો પરાજય સહન કરવો પડ્યો ન હોત.

2. Sarkar, J.N. : 'Historical Papers of Gwalior' ને આધારે

3. Mahajan, V.D. & Shethi, R.R. : 'India Since 1526', (Sixth Edition, 1963)ને આધારે

### 16.2.3 *સ્વેચ્છાએ એકત્રિત થયેલ રાજ્યોનું જૂથ/'રાજ્યોનો સંઘ'* (Maratha Confedaration)

ઉપર જોયું તેમ, દરેક મરાઠી રાજ્યનો શાસક તેના રાજ્યમાં સ્વતંત્ર હતો; પછી તે સિન્ધિયા હોય કે હોળકર ! ભોંસલે હોય કે ગાયકવાડ ! તેમને માત્ર અને માત્ર પોતાની સત્તાની જ પડી હતી; અને તેને માટે જ તેમનો સઘળો પુરુષાર્થ હતો. કોઈ મજબૂત કેન્દ્ર સરકારના અભાવે મરાઠા સરદારો (શાસકો) સંઘબળ ઊભું કરી શક્યા નહિ; ઊલટું તેઓ અણીના સમયે પણ અસરકાર એકતા બતાવી શક્યા નહિ. આમ મરાઠા રાજ્યોનો સંઘ એ સ્વેચ્છાએ એકત્રિત થયેલ રાજ્યોનું જૂથ જ હતું.

છત્રપતિ શિવાજી, બાલાજી વિશ્વનાથ, બાજીરાવ પહેલો બાલાજી બાજીરાવ, માધવરાવ પહેલો અને સેનાપતિ મહાદજી સિન્ધિયા જેવા મરાઠા-શાસકો તથા નાના ફડનવીસ જેવા વહીવટકર્તાઓને બાદ કરતાં, બાકીના સત્તા પ્રાપ્તિ માટે અને તેની જાળવણી માટે અંદરોઅંદર લડતા જ રહ્યા; આથી જ હૈદરાબાદના નિઝામઅલીએ સાતારા અને કોલ્હાપુરના પક્ષો વચ્ચેની દુશ્મનાવટનો લાભ બરાબર ઉઠાવ્યો ! એ જ રીતે મૈસૂરના હૈદરઅલી જેવા દુશ્મનો પણ મરાઠાઓના કુસંપને લીધે જ ફાવતા હતા. દા.ત. બાજીરાવ બીજાએ પેશ્વાપદ પ્રાપ્તિ કરવા વિદેશી શત્રુઓ અંગ્રેજોનો સાથ-સહકાર લીધો અને છેવટે એ જ અંગ્રેજોએ તેમનું પેશ્વાપદ છીનવી લઈ, મરાઠી સત્તાનો સદાને માટે અંત આણ્યો !

સિન્ધિયા, હોળકર, ભોંસલે અને ગાયકવાડી શાસકો મરાઠા-સામ્રાજ્યના હિત ખાતર પેશ્વાની છત્રછાયા (નેતૃત્વ) નીચે એક થઈ નિઝામઅલી, હૈદરઅલી કે અંગ્રેજો જેવા સમાન શત્રુઓનો જો સામનો કર્યો હોત તો મરાઠા-સામ્રાજ્યનો ઇતિહાસ કાંઈક જુદો જ હોત ! આ તો પરસ્પર એકબીજાની સામે જ શિંગડાં ભરાવી મરાઠા-સામ્રાજ્યને ઘણું નુકસાન પહોંચાડ્યું ! એટલું જ નહિ પરંતુ તેમની સમગ્ર શક્તિ બિનજરૂરી યુદ્ધો પાછળ જ ખર્ચી નાખી ! અરે ! ત્યાં સુધી કે, મરાઠા-સામ્રાજ્યના મુખ્ય બે આધારસ્તંભો સમા-મહાદજી સિન્ધિયા (શિંદે) અને નાના ફડનવીસ પણ એકબીજાની વિરુદ્ધમાં પરસ્પર અવિશ્વાસ અને ઈર્ષ્યાની નજરે જોતા હતા.

### 16.2.4 *જડ અને રૂઢિચુસ્ત વહીવટી-લશ્કરી માળખાનું અનુસરણ :*

કોઈપણ રાજ્યની ટકાઉ સફળતાનો આધાર કાર્યક્ષમ વહીવટ અને સંગીન લશ્કરી વ્યવસ્થા ઉપર જ અવલંબે છે. એ બંને ક્ષેત્રોને સતત અને અવિરત અપગ્રેડ

(અદ્યતન) કરતાં જ રહેવું પડે. મરાઠા શાસકો પાણીપતના ત્રીજા યુદ્ધ સહિત ઘણા યુદ્ધો તેમની કારકિર્દીમાં લડ્યા, પરંતુ તેમાંથી (દુશ્મનો કે વિરોધી પક્ષો પાસેથી) કશું પણ નવું શીખ્યા જ નહિ. તેઓ રૂઢિચુસ્ત વહીવટ અને જડ લશ્કરી કાનૂનો તથા વ્યૂહરચનાને ચુસ્તપણે વળગી જ રહ્યા. સમય બદલાતો રહ્યો; વ્યવસ્થાઓ બદલાતી રહી; શસ્ત્રો અદ્યતન આવ્યા; લશ્કરી પદ્ધતિઓ વ્યૂહરચનાઓ પણ બદલાતી જ ગઈ, અને છતાં મરાઠાઓ તો 17મી સદીના શરૂઆતમાં જેવા હતા, તેવા જ રહ્યા ! તેઓ ન તો બદલાયા કે ન તો સમયને અનુરૂપ ઘટતા ફેરફાર કર્યા ! છત્રપતિ શિવાજી મહારાજમાં આ આવડત હતી; પરંતુ તેમની પછીના શાસકોમાં એ આવડતનો અભાવ હતો. આમ, વહીવટીતંત્ર અને લશ્કરીતંત્રનું સતત અદ્યતનીકરણ (Modernaization) ન થયું, તેને કારણે મરાઠા-સામ્રાજ્યનું અને સત્તાનું પતન થયું.

**16.2.5** ***જીતાયેલા પ્રદેશોમાં યોગ્ય વ્યવસ્થા અને ન્યાયતંત્ર સ્થાપવામાં ઉદાસીનતા :***

જેમ છત્રપતિ શિવાજી મહારાજે જીતાયેલા પ્રદેશો, કિલ્લાઓ કે વિસ્તારમાં સુદ્રઢ અને મજબૂત વહીવટીતંત્ર તથા ન્યાયતંત્ર ઊભું કરતા હતા. (દા.ત. કેન્દ્રમાં 'અષ્ટપ્રધાન મંડળ'ની રચના) અને હંમેશાં વિસ્તાર કરતાં પણ સંગઠન પરત્વે વિશેષ ધ્યાન આપ્યું હતું; પરંતુ પછીના પેશ્વાઓએ તો ફક્ત દખ્ખણ, દક્ષિણ ભારત, ઉત્તર ભારત એમ ચારે તરફ મરાઠા સામ્રાજ્યના વિસ્તારની જ નીતિ અપનાવી હતી.

મરાઠાઓએ જો તેમના ઈતિહાસમાં કોઈ મોટી ભૂલ કરી હોય તો, તે ઉત્તર ભારત (આગ્રા, મથુરા, દિલ્લી વગેરે) ઉપરની ચઢાઈ હતી. છેક દક્ષિણમાં પૂનાથી ઉત્તરમાં છેક દિલ્લી સુધી સૈનિકોને અનાજ, શસ્ત્રો, પશુઓ માટે ઘાસચારો, ખાણીપીણી અને રહેઠાણોની મહિનાઓના મહિના સુધી વ્યવસ્થા કરવી, એ કાંઈ નાનીસૂની વાત નહોતી ! ખુદ સેનાપતિ મહાદજી શિંદે અને તેમના લશ્કરને આ મુશ્કેલીનો જબરદસ્ત સામનો કરવો પડેલો !

તો બીજી તરફ બાજીરાવ પહેલાની (ઈ.સ.1720-1740)ની નીતિનો સ્પષ્ટ હતી કે, ''થડ ઉપર જ ઘા કરવો, જેથી ડાળીઓ આપોઆપ તૂટી પડે !'' એ બાબત કોઈને ય ગમી જાય તેવી હતી; પરંતુ મરાઠા સૈનિકો અને સેનાપતિઓ હજુ તેને માટે કેળવાયા ન હતા. ખરેખર તો કોઈપણ શાસકે સંરક્ષણની બાબતોને પ્રાધાન્ય આપી, સુદ્રઢ બની પછી જ આગળ ધપવું જોઈએ. આવો શિવાજી મહારાજનો સિદ્ધાંત કોઈ મરાઠા શાસકો સમજ્યા નહિ કે અમલમાં તેને મૂક્યો જ નહિ. ઊલટું જીતાયેલા પ્રદેશોમાંથી મરાઠા-શાસકોએ ખંડણી, ચોથ તથા સરદેશમુખી ઉઘરાવવાનો પોતાનો અધિકાર કબૂલ કરાવવા અત્યાચારો, લૂંટફાટ, હત્યાઓ જેવી નીતિને અમલમાં મૂકી; આને પરિણામે વિના કારણે મરાઠાઓ નિઝામ, રાજપૂતો, રોહિલાઓ, મુઘલો કે અફઘાન સરદારો, હૈદરઅલી અને અધૂરામાં પૂરું બાકી હોય તેમ અંગ્રેજોને ફ્રેન્ચો સાથે સંઘર્ષમાં આવવું પડ્યું ! વળી, જીતાયેલા પ્રદેશોમાં ખરેખર તો તાબડતોબ રાજકીય પરિસ્થિતિને શાંત અને થાળે પાડવાની હોય તેમજ ત્યાંની પ્રજાને સારા શાસન તથા ઉત્કર્ષની ખાતરી (સધિયારો)

આપવાની હોય; પરંતુ મરાઠા શાસકો અને સેનાપતિઓએ પડોશી રાજ્યોએ આંતરિક બાબતોમાં અવારનવાર હસ્તક્ષેપ કરીને, કારણ વગર અનેક મુસીબતો તેમને માથે વહોરી લીધી ! અને, કારણ વગર અનેક શત્રુઓ ઉત્પન્ન કર્યા, આગળ જતાં મરાઠા સામ્રાજ્યના પતનમાં અગ્ર ભાગ ભજવ્યો.

પેશ્વાએ તેના ખાસ વિશ્વાસુ સેનાપતિઓની મદદથી માત્ર અને માત્ર દક્ષિણ હિન્દમાં મરાઠી રાજ્યને સુદ્રઢ, સુવ્યવસ્થિત અને લોકોપયોગી વિકાસનાં કાર્યો કરવાની જ ખાસ આવશ્યકતા હતી. ઘર-આંગણના દુશ્મનો (નિઝામ, હૈદર, સિદ્દીઓ, રોહિલાઓ, પઠાણો, અફઘાનો, મુઘલો વગેરેની અવગણના કરીને તેમજ ઉત્તરમાં અંગ્રેજો જેવા વિદેશીઓ સામે શિંગડાં ભેરવીને આખરે શું મેળવ્યું ? અવનતિ અને પતન જ ને કે બીજું કાંઈ ?

છત્રપતિ શિવાજી મહારાજે કંડારેલી નીતિને ત્યજવાથી જ કદાચ પાણીપતના મેદાનમાં પરાજય, રાઘોબાનું અંગ્રેજોની છાવણીમાં ભળી જવું, પેશ્વા બાજીરાવ બીજાના અંગ્રેજો સાથે કરવા પડેલા વસાઈના કરાર, આ સર્વે બાબતો એ ત્યજેલી નીતિનું સીધું પરિણામ જ હતું ને ? શિવાજી મહારાજના ‘સ્વરાજ્યની નીતિ’ જેવી આદર્શ વ્યવસ્થાનું અનુકરણ કરાયું હોત તો, મરાઠા-સામ્રાજ્યના પતનને બદલે પરિણામ કાંઈક જુદું જ હોત !

### 16.2.6 *પાણીપતના યુદ્ધમાં પરાજય-મરણતોલ ફટકો :*

ઈ.સ.1761માં અહમદશાહ અબ્દાલી અને મરાઠાઓ વચ્ચે દિલ્લીની નજીક પાણીપતના મેદાનમાં ત્રીજું યુદ્ધ ભારતના ઈતિહાસમાં લડાયું. મરાઠી સત્તાના પતનમાં આ યુદ્ધનો હિસ્સો કદાચ સૌથી વધુ અને મહત્ત્વનો છે. આ યુદ્ધમાં પેશ્વા બાલાજી બાજીરાવનો સૌથી મોટો પુત્ર વિશ્વાસરાવ, શક્તિશાળી શૂરવીર સેનાપતિ સદાશિવરાવ ભાઉ, તોપખાનાના જાણકાર ઈબ્રાહીમ ગાર્દી, તુકોજી, સંતાજી વાઘ, જસવંતરાવ પવાર વગેરે મહાન મરાઠાઓ આ યુદ્ધમાં ખપી ગયા. જે જે મરાઠા સરદારો અને સૈનિકો યુદ્ધના મેદાનમાંથી ભાગ્યા, તેમનો પણ અફઘાનોએ (દુશ્મનોએ) પીછો કર્યો અને લશ્કરી છાવણીમાં તેમને આશ્રય ન લેવા દીધો. પોષ માસની સુદ આઠમે સંધ્યાટાણે અને રાત્રે ચંદ્રમાના આછા અજવાળામાં યુદ્ધમાં બચેલા તમામ મરાઠા સૈનિકો, સ્ત્રીઓ, સેવકો, નોકરો, રસોઈયાઓ, લેખકો, દુકાનદારો વગેરેની ઠંડે કલેજે ઘાસની જેમ કતલ કરી, અફઘાનોએ તેમની રક્તપિપાસા તૃપ્ત કરી ! અરે ! ભાઉનાં કિંમતી વસ્ત્રો-અલંકારો મેળવવા, તેમનું માથું ધડથી જુદું કરી નાખ્યું અને અન્ય મહારથીઓના મૃતદેહો મેળવવા પણ લાખ રૂપિયા લીધા, અસંખ્ય મૃતદેહોના ઢગલાઓમાંથી માંડ વિશ્વાસરાવનું શબ મહામુસીબતે મેળવાયું અને અંતિમ ક્રિયા કરાઈ. જેઓ યુદ્ધમાંથી ભાગીને ગયા (મહાદજી સહિત), તેઓ અપંગ બની ગયા.

મરાઠાઓએ આ યુદ્ધમાં બે કિંમતી મોતી નષ્ટ થયાં છે; 25 સોનામહોરો ખોવાય ગઈ છે, અને ચાંદી તથા તાંબાના સિક્કાઓ તો એટલા બધા નષ્ટ થયા છે કે, જેની કોઈ

ગણતરી જ થઈ શકે તેમ નથી!" આમ છતાં, લગભગ 8000 જેટલા રણમેદાનમાંથી ભાગીને બચી ગયેલા.

સર જદુનાથ સરકાર આ યુદ્ધની કરુણ કથની આલેખતાં જણાવે છે કે, "મહારાષ્ટ્રમાં એક પણ ઘર એવું બાકી નહોતું રહ્યું કે, જેણે પોતાના ગુમાવેલ વ્યક્તિને (વડીલ, પુત્ર, પિતા, પતિ કે સ્નેહીજનને) માટે શોક ન પાળ્યો હોય ! અનેક ઘરો તો એવાં હતાં કે, જેણે એકના એક આધાર સમા માલિકને ગુમાવ્યા હતા. તલવારના એક માત્ર ઝાટકે કે મરાઠાઓની એક આખી પેઢીની કતાર મોતને ઘાટ ઉતારી દેવામાં આવી હતી ! (4) મરાઠાઓનું બધું જ તોપખાનું, હાથીઓ, અશ્વો, શસ્ત્રો અને સંપત્તિ વગેરે અફઘાનોએ હસ્તગત કરી લેતાં, મરાઠાઓને મોટી ખોટ પડી !

4. Sarkar, Sir Jadunath N., 'Fall of the Mughal Empire'4 Vol.II, Page-260

આ યુદ્ધમાં મોટાભાગનો મરાઠી લશ્કરનો તથા કાબેલ અને શક્તિશાળી મરાઠા સેનાપતિઓ-સરદારોનો વિનાશ થયો. એક લાખથી પણ વધારે વ્યક્તિઓમાંથી માત્ર થોડાક હજાર જ આ યુદ્ધમાંથી બચીને મહારાષ્ટ્ર (પૂના) પહોંચવા સમર્થ બન્યા ! બાકીનાની પાણીપતના યુદ્ધમાં કતલ થઈ ગઈ ! આમ આ યુદ્ધે મરાઠાઓના પક્ષે વિપુલ પ્રમાણમાં જન-ધનની ખુવારી તથા પાયમાલી સર્જી ! (5) આવા મરણતોલ ફટકા પછી, વાસ્તવમાં મરાઠી સત્તા ફરી કદી પહેલાંની સ્થિતિ પ્રાપ્ત જાણે કે ન જ કરી શકી. પેશ્વા માધવરાવ પહેલાના સમયમાં સહેજ કળ વળી, પરંતુ અસલનું સ્થાન તથા પ્રભુત્વ તો તે કદાપિ ન જ મેળવી શકી.

### 16.2.7 *મરાઠી નેતાઓનાં અકાળ અને અણધાર્યાં અવસાનો :*

મરાઠી સત્તાના પતન માટે તેમના નેતાઓના અકાળ અને અણધાર્યા અવસાનોથી ખૂબ મોટી ખોટ પડી હતી. એક અભિપ્રાય મુજબ તો, પાણીપતના ત્રીજા યુદ્ધમાં થયેલ ભયંકર વિનાશ કરતાંયે પેશ્વા માધવરાય પહેલાનું અકાળ અવસાન (18 નવેમ્બર, 1772) મરાઠાઓ માટે વધારે મોટી આપત્તિ નીવડી; કેમકે તેમના અવસાન પછી રાજ્યમાં અરાજકતા અને અંધાધૂંધી તેમજ કાવાદાવાનું સામ્રાજ્ય જામી ગયું, જેનો બાહ્ય સત્તાઓએ પૂરેપૂરો લાભ ઉઠાવ્યો. દા.ત. પેશ્વા માધવરાવ પહેલા પછી, પેશ્વા બનેલા નારાયણરાવનું માત્ર 11 માસના જ શાસનમાં ભરબપોરે થયેલું ખૂન (સાથે બીજા 10, જેમાં બે દાસીઓ તેમજ એક ગાય) રાઘોબાનું પેશ્વા તરીકેનું ફકત 18 માસનું શાસન... એ બે બાબતે જ શાસનની અસ્થિરતા સૂચવે છે. તદુપરાંત ઈ.સ.1795માં પેશ્વા સવાઈ માધવરાવનું અવસાન, ઈ.સ.1783માં રાઘોબાનું અવસાન, ઈ.સ.1794માં મહાન સેનાપતિ મહાદજી સિન્ધિયાનું અવસાન, ઈ.સ.1800માં નાના ફડનવીસનું અવસાન, ઈ.સ.1789માં સુપ્રસિદ્ધ ન્યાયશાસ્ત્રી રામશાસ્ત્રીનું અવસાન, ઈ.સ.1795માં હરિપંત ફડકેનું મૃત્યુ અને એ જ વર્ષે મહારાણી અહલ્યાબાઈ હોળકર તથા પેશ્વા સવાઈ માધવરાવ(બીજા)નું તેમજ તુકોજી હોળકરનું, ઈ.સ.1797માં તથા પરશુરામ ભાઉનું, ઈ.સ.1799માં અવસાન એમ

એક પછી એક મૃત્યુના આઘાતો મરાઠા સામ્રાજ્યોને સહન કરવા પડ્યા, એ પણ પતનને માટે એક મહત્ત્વનું કારણ બની રહ્યું.

### 16.2.8 *સતત આંતરકલહો, રાજદ્રોહી પ્રવૃત્તિઓથી ઘેરાયેલું મરાઠા રાજ્ય અને રાષ્ટ્રભાવનાનો અભાવ :*

ઇતિહાસકાર વી.વી. ખરેરએ મરાઠા સત્તાના પતનને માટે કેટલાંક કારણો દર્શાવ્યા છે. (6) એમના જણાવ્યા મુજબ, 'મરાઠાઓમાં જે રાષ્ટ્રભાવના જોઈએ તે નહોતી. મરાઠી પ્રજાના હિતને ભોગે (દા.ત. એકલા પાણીપતના યુદ્ધમાં જ હજારો મરાઠાઓએ શાસકોના સ્વાર્થ ખાતર બલિદાનો આપી દીધેલાં પરંતુ તેમના વચ્ચેની ઈર્ષ્યા, અદેખાઈ, સ્વાર્થ, બેવફા બનવું, નાણાંની લાલચે કે સત્તા મેળવવાની લાલસાએ નીતિ, પ્રામાણિકતા તથા વફાદારીને નેવે મૂકવાં ઇત્યાદિને તેઓ છોડી શક્યા જ નહિ. વ્યક્તિગત રીતે પ્રત્યેક મરાઠા સરદાર બહાદુર, શૂરવીર, લડાયક ખમીરવાળા, યુદ્ધની

વ્યૂહરચનાના જાણકાર હતા; પરંતુ મરાઠા રાજ્ય ઉપર જ્યારે જ્યારે આક્રમણોની આપત્તિનાં વાદળો ઘેરાયાં, ત્યારે તેઓ સૌ એક ન થઈ શક્યા. તેમનામાં સંપ અને સહકારના ગુણો ન જ આવ્યા અને આ અપવાદ નહોતો; દરેક વખતે આમ જ બનતું ! સ્વાર્થ પહેલો અને રાષ્ટ્રહિત ત્યારબાદ આવી માનસિક દુર્દશાએ મરાઠા રાજ્યનું પતન નોંતર્યું !

મરાઠા શાસકોમાં સંશોધનાત્મક-વૃત્તિ કે કોઈપણ ક્ષેત્રમાં સુધારણાની તમન્નાનો તદ્દન અભાવ જ રહ્યો. વળી, માધવરાવ પહેલાના મૃત્યુ પછી, કોઈ સમર્થ નેતા મરાઠી-રાજ્ય મેળવી ન શક્યું; ઊલટું કાવાદાવા, ષડયંત્રો, ખૂન, હત્યાઓ, અવ્યવસ્થા અને અંધાધૂંધીનું જ સામ્રાજ્ય રાજ્યમાં વ્યાપી ગયું ! સંપ અને સંગઠન દ્વારા અમોઘ શક્તિ ઉત્પન્ન કરી હોત તો, મરાઠી-રાજ્યનો આટલો જલ્દી કરુણ રકાસ થયો ન હોત ! તેમણે ન તો સામૂહિક રાષ્ટ્રભાવના વિકસાવી કે ન તો પેશ્વાઓ તરફ સંપૂર્ણ વફાદારી ! એન. સી. કેળકરના જણાવ્યા અનુસાર, ''મરાઠાઓ રાષ્ટ્રીયહિત કરતાં વૈયક્તિક સ્વાર્થને વધારે પ્રાધાન્ય આપતા હતા; અને એકબીજા તરફ હિન્દના દુશ્મનો સાથેના યુદ્ધમાં તેમજ અંગ્રેજો સાથેના સંબંધોમાં સ્પષ્ટપણે દેખાય આવે છે. આ રાજકીય બાબત જ મરાઠી સત્તાને પતન તરફ દોરી ગઈ.

### 16.2.9 *વસાઈની સંધિ અને 'સહાયકારી યોજના' :*

મરાઠી સરદારોના પરસ્પરના કલહે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. સિંધિયા-હોળકર વચ્ચેનો કલહ, પેશ્વા-ગાયકવાડ વચ્ચેનો સંઘર્ષ, પેશ્વા-ભોંસલે વચ્ચેનું વૈમનસ્ય વગેરેએ મરાઠી સત્તાની એકતાને તોડી નાંખી ! મહાદજી સિન્ધિયા અને નાના ફડનવીસ વચ્ચેના સતત અણબનાવોએ પણ મરાઠી સત્તાના દુશ્મનોને ખૂબ પ્રોત્સાહિત કર્યા. આમ છતાં, મરાઠી સત્તાના આગળ પડતા નેતાઓ સંગઠિત થયા જ નહિ, 'એકતાથી અને સહકારથી જ દુશ્મનોને હંફાવી શકાય, એટલું પણ તેઓ સમજ્યા નહિ, ઊલટું ક્યારેક ક્યાંક

અફઘાનોને લાલચથી ટેકો આપ્યો તો ક્યારેક હૈદરાબાદના નિઝામઅલી કે હૈદરઅલીને, ક્યારેક મુઘલોને તો ક્યારેક રોહિલોઓને અને રાજપૂતોને મદદ કરી.

વડોદરાના ગાયકવાડ અને નાગપુરના ભોંસલે તો હરહંમેશ પૂનાના પેશ્વા તરફ (કેન્દ્ર સરકાર તરફ) અસહકાર કરતા અને અવિશ્વાસ રાખતા હતા. આ સ્થિતિમાં કેન્દ્ર સરકારનો પ્રભાવ તદ્દન ઓસરવા લાગ્યો. પેશ્વા બાજીરાવ બીજો તદ્દન નિર્બળ અને અયોગ્ય શાસક સાબિત થયો તો દુષ્ટ શર્જારાવની ચઢવણીથી રાઘોબા (રઘુનાથરાવ) તો કાવાદાવામાં નિપુણ અને પ્રપંચી જ જાહેર થયો. (અને પાછળથી તો પેશ્વા નારાયણરાવનો ખૂની પણ સાબિત થયો !) (7) જ્યારે પેશ્વા બાજીરાવ બીજાએ સિન્ધિયાનો પક્ષ લઈ હોળકર સાથે સંઘર્ષ ઊભો કર્યો. તેમના કાવાદાવા, પ્રપંચ, ષડયંત્રો, ખૂન, બિનજરૂરી યુદ્ધો વગેરેમાં જ આ મરાઠા સરદારો (શાસકો)એ પોતાનું હીર અને શૌર્ય

4 ઓગસ્ટ, 1783 ના રોજ રાજમાતા ગોપિકાબાઈ સમક્ષ રાઘોબાએ પોતે કરેલી ભૂલોના એકરારમાં પેશ્વાની કરાવેલી હત્યા અને મરાઠા રાજ્યની બનાવેલી કુસેવા બદલ માફી માંગી ! 11મી ડિસેમ્બર, 1783માં 48 વર્ષની વયે તે કોપરગામમાં મૃત્યુ પામ્યો. તેની પત્નીએ અગાઉ બાજીરાવ બીજાને (રાઘોબાના મૃત્યુ સમયે લગભગ 9 વર્ષનો હતો) અને પતિના મૃત્યુ પછી, 4 માસ બાદ 23મી માર્ચ, 1784 ના રોજ ચીમનાજીને જન્મ આપ્યો હતો.

બંને ખોયાં ! તેમણે (પેશ્વાએ) મરાઠા-સામ્રાજ્યના વહીવટ, સંરક્ષણ કે ન્યાય તરફ બિલકુલ ધ્યાન જ ન આપ્યું. (8) ઊલટું, સિન્ધિયા-હોળકરના સંઘર્ષમાં બિનજરૂરી રીતે કૂદી પડી, હોળકરે પૂના પર આધિપત્ય જમાવતાં ઉપરથી પૂના પણ ખોયું ! અને નાસી જવું પડ્યું ! અને છતાં, પેશ્વા (બાજીરાવ બીજો) સધર્યો નહિ, તેણે ઈ.સ.1802માં વસઈ મુકામે સંધિ કરી, મરાઠી સત્તાની સ્વાધીનતાનો જ છેદ ઉડાડી દીધો ! અને છતાં મરાઠા સરદારોએ આ બાબતને (વસઈની સંધિની) ગંભીરતાથી ન લીધી; કે એક બની પેશ્વાને શક્તિશાળી બનાવવા સાથ-સહકાર ન આપ્યો. આથી અંગ્રેજોએ એક પછી એક મરાઠા શાસકોને પરાજય આપી, સૌને વેલેસ્લીની 'સહાયકારી યોજના' સ્વીકારવાની ફરજ પાડી; અને અંતે ઈ.સ.1818માં બાજીરાવ બીજાને પેશ્વાપદેથી પદભ્રષ્ટ કરી, મરાઠી-સત્તાનો હંમેશને માટે અંત લાવી દીધો.

### 16.2.10 *આંગ્રેના નૌકાદળનો વિનાશ-એક મોટી અને ગંભીર ભૂલ :*

અરબ સાગરમાં, છત્રપતિ શિવાજી મહારાજે નૌકાદળ સ્થાપીને, સાધારણ વિકાસ કરવાનો પ્રયાસ કરેલો પરંતુ પાછળથી સત્તાસ્થાને આવેલ છત્રપતિઓ અને પેશ્વાઓએ એના વિકાસ તરફ ઉપેક્ષા અને ઉદાસીનતા ન દાખવી. 16મી સદીથી 18મી સદી સુધીમાં તો હિન્દમાં આવેલા પોર્ટુગીઝો(ફિરંગીઓ), ડચ(વલંદાઓ), અંગ્રેજો, ફ્રેન્ચો વગેરે યુરોપીય પ્રજાઓએ

જી. એસ. સરદેસાઈ નોંધે છે કે, "બાજીરાવ બીજાને રાજ્યહિતની કોઈ જ ચિંતા ન હતી. તે પૂજા-પાઠ અને ધાર્મિક-પ્રવૃત્તિઓમાં રચ્યો-પચ્યો રહેતો હતો; અને બાકીનો બધો સમય એકાંતમાં જાતીય સુખો માણવામાં વ્યસ્ત રહેતો હતો. નાના ફડનવીસ આ બધું ઉદ્વિગ્ન બનીને જોતો હતો, પરંતુ વહીવટીતંત્ર ઉપર તેનો હવે અંકુશ રહ્યો ન હતો. નાનાના સસરાએ પૂનામાં બંધાવેલા મુરલીધરના મંદિરના ઉદ્ઘાટન પ્રસંગે ફક્ત બેન્ડવાજાં વગાડવાની બાબતે પણ દંગલ મચી જતાં, બેઉ પક્ષના ઘણા મરાઠા સૈનિકો હોમાઈ ગયા ! પૂનામાં ભારેલો અગ્નિ ક્યારે ઉકળી ઊઠશે, તે બાબતે અનેક વાતો ચાલતી હતી અને એ સમયે પૂનાનો પેશ્વા બાજીરાવ બીજો અરબ સાગરમાં નૌકાદળને વિકસાવ્યું હતું; એ જોઈને પણ મરાઠા શાસકો નૌકાદળનું મૂલ્ય સમજી શક્યા નહિ. અંગ્રેજો અને પોર્ટુગીઝોની જેમ મરાઠાઓ મોટાં વહાણો કે યુદ્ધની સામગ્રી સાથેના જહાજો બાંધવાનું મરાઠાઓ શીખ્યા જ નહિ. જેમ ભારે અને મોટી સંખ્યામાં તોપદળના અભાવે મરાઠાઓએ ઘણી લડાઈઓ ગુમાવી હતી એ જ રીતે મરાઠાઓએ સિદ્દીઓ, ફિરંગીઓ (પોર્ટુગીઝો) અને અંગ્રેજો સામે સાવ નાના નૌકાદળને કારણે જ નિષ્ફળ ગયા. પોર્ટુગીઝોએ દીવ, દમણ, ગોવા જેવા દરિયાકિનારાનાં બંદરો અને વહાણો વિકસાવ્યાં તો અંગ્રેજોએ સુરત, મુંબઈ, ચેન્નાઈ, કોલકત્તા વગેરે બંદરો વિકસાવ્યાં હતાં.

તદુપરાંત, પેશ્વા બાલાજી બાજીરાવે (ઈ.સ.1740-1761) તેમના જીવનમાં એક ગંભીર ભૂલ એ કરેલી કે, તેમણે અંગ્રેજોની મદદથી, સમર્થ ભારતીય નાવિક કાન્હોજી આંગ્રેએ વિકસાવેલ નૌકાદળનો નાશ કરાવેલો ! અને એ પણ એક કારણ મરાઠાઓની અવનતિ તથા પતનનું નિમિત્ત બન્યું. ભારતમાં મરાઠા નૌકાદળ આમ નાશ પામતાં, યુરોપીય દુશ્મનો સામે દરિયાઈ લડાઈઓમાં મરાઠાઓ સાવ નિર્બળ અને પાંગળા સાબિત થયા. મરાઠાઓ પાસે માનવબળ અને સાધનસામગ્રીનો અભાવ ન હતો; પરંતુ કુશળ તથા દૂરંદેશી નેતાગીરીનો જ અભાવ હતો. પાશ્ચાત્ય ઢબે ભારતમાં નૌકાદળ વિકસાવવાની તથા એ વહાણોને અદ્યતન સાધનોથી સજ્જ કરવાની સૂઝ મરાઠાઓએ છેવટ સુધી કેળવી જ નહિ.

બીજો, પોતાના કરતાં 6 વર્ષ નાના દૌલતરાવ શિંદે સાથે કોઈક લગ્નોત્સવમાં લહેર કરતો હતો ! સાથે જ 'રોમ ભડકે બળતું હતું, ત્યારે તેનો સમ્રાટ નીચે ફિડલ વગાડતો હતો !' એ કહેવત જાણે કે પેશ્વા સાર્થક કરી રહ્યો હતો.

મરાઠા સેનાપતિઓ વ્યૂહરચનાના જાણકાર હતા; પરંતુ તેનો ઉપયોગ તેમણે ફક્ત સ્વાર્થ, સત્તાપ્રાપ્તિ અને સત્તાવિસ્તાર માટે જ કર્યો. એ "દરેકનું સૈન્ય 'શંભુમેળા' જેવું લાગતું હતું; કેમકે તેમાં જુદીજુદી જાતના, વર્ણના, પ્રદેશોના લોકો સૈનિકો તરીકે જોડાયેલા હતા. તેમનો પોષાક પણ એકસરખો ન હતો કે દૂરથી પણ ઓળખી શકાય ! વળી, એમનામાં શિસ્ત પણ જવલ્લે જ જોવા મળતી. વળી, એકાદ-બેને બાદ કરતા મરાઠી સૈન્યમાં અનુભવી અને લાયકાતવાળા સેનાપતિઓ પણ ન હતા.

ભારતીય ઇતિહાસની એ કરુણતા નિહાળવા મળી છે કે, આપણે (હિન્દીઓ) હંમેશાં વિદેશીઓ કરતાં શસ્ત્રોની બાબતમાં તુલનામાં ઘણી ઊતરતી કક્ષાનાં આ યુગમાં

રહ્યાં હતાં. દા.ત. ફક્ત 12 હજારનું લશ્કર લઈને આવેલ બાબર ઇબ્રાહિમ લોદીની સામે ઈ.સ. 1526માં અને અહમદશાહ અબ્દાલી (અફઘાનિસ્તાન) ખૂબ ઓછા પાયદળ સહિત અને કુલ 60 હજારનું લશ્કર લઈને (વળી, એમાંયે પાછા અડધા તો વિદેશી હતા !) આવેલો ઈ.સ.1761માં મરાઠાઓ (સદાશિવરાવ ભાઉના સેનાપતિપદ નીચે)ની સામે યુદ્ધો જીતી ગયેલા ! બાબરે તો દિલ્લીમાં પ્રવેશી, મુઘલવંશની સ્થાપના કરી એ વંશે લગભગ 200 વર્ષ સુધી (ઈ.સ.1526 થી ઈ.સ.1707) શાસન કરેલું. ઇતિહાસકાર સુરેન્દ્રનાથ સેન તો ત્યાં સુધી લખે છે કે, ‘‘મરાઠાઓના શસ્ત્રોમાં પાષાણયુગનાં હથિયારોથી માંડીને તોપખાનાનો સમાવેશ થતો હતો; પરંતુ બંદૂકો, ઑટોમેટિક રાઈફલો, પિસ્તોલો વગેરે નહોતાં. મરાઠાઓનું તોપખાનું પણ ભાડૂતી હોવા ઉપરાંત પ્રાથમિક કક્ષાનું હતું. જ્યારે સામે પક્ષે, અંગ્રેજોનું સૈન્ય ઘણું વ્યવસ્થિત અને શિસ્તબદ્ધ હતું; વળી તેમની પાસે અનુભવી, યુદ્ધની વ્યૂહરચનાના જાણકાર તથા અદ્યતન શસ્ત્રોના ચાલકો (જાણકાર) પણ હતા. અંગ્રેજોનું લશ્કર ઉચ્ચ કક્ષાની કડક તાલીમ પામેલું હતું. અને ઉત્તમ-અદ્યતન શસ્ત્રસામગ્રીથી સુસજ્જ હતું. વળી, અંગ્રેજોની ચડિયાતી મુત્સદ્દિગીરીમાં જ તેમની સફળતાનું રહસ્ય છુપાયેલું હતું. દા.ત. પ્રથમ અંગ્રેજ-મરાઠા વિગ્રહ (ઈ.સ.1803 પહેલાંથી જ)ના સમયથી જ અંગ્રેજો પાસે મરાઠી સત્તા, તેમનું લશ્કર, જુદા જુદા મરાઠી જાગીરદારોની તાકાત, તેમના અંદરોઅંદરના ઝઘડા, માધવરાવ પહેલાના અવસાન (ઈ.સ.1772) પછી પેશ્વા પદ મેળવવા માટેના જબરદસ્ત આંતરસંઘર્ષો, વગેરેની સંપૂર્ણ અને વિગતવાર માહિતી અંગ્રેજો પાસે હતી જ, જ્યારે મરાઠાઓ પાસે અંગ્રેજોના લશ્કર અને શસ્ત્રો અંગે કોઈ જ માહિતી નહોતી. ખુદ નાના ફડનવીસ જેવા પ્રખર રાજનીતિજ્ઞ પાસે પણ સંપૂર્ણ જાણકારી નહોતી. કોઈ મરાઠા સરદાર અંગ્રેજી ભાષા ન શીખ્યો જ્યારે કેટલાક અંગ્રેજો ભારતીય ભાષાઓ શીખતા અને તેમાં તૂટક તૂટક પણ બોલી શકતા હતા. વળી, અંગ્રેજો પાસે, જે પ્રદેશમાંથી તેમનું સેન્ય પસાર થવાનું હોય, તેનું પૂરેપૂરું ભૌગોલિક જ્ઞાન (માર્ગમાં ક્યાં નદીઓ, પહાડો, જંગલો આવશે તેનું જ્ઞાન) તેમની પાસે આવી જતું જ્યારે મરાઠાઓ તે જ્ઞાન માટે નિર્બળ હતા. આવા સંજોગોમાં મરાઠાઓ સતત પાછળ પડતા જ રહે, તેમાં નવાઈ શી ?

## 16.3 *મરાઠી સત્તાના પતનનાં કારણો – એક સમીક્ષા*

મરાઠી સત્તાના પતન માટેનાં પરિબળોની સમીક્ષા વિભિન્ન દષ્ટિકોણથી ભારતીય અને યુરોપિયન ઇતિહાસકારોએ કરી છે.

અંગ્રેજ ઇતિહાસકાર જેમ્સફૉર્બ્સ તો મરાઠાઓના સંકુચિત માનસને ધ્યાન રાખીને લખે છે, ‘‘મરાઠાઓ ભારતના જુદા જુદા પ્રદેશોમાં એમની સત્તા સ્થાપી ખરી; પરંતુ એમણે જીતાયેલી પ્રજા પાસેથી નાણાં પડાવવા સિવાય બીજું કાંઈ જ કર્યું નહિ; એ પ્રવૃત્તિમાં જ એમણે પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. મહારાષ્ટ્રની ડુંગરાળ જમીનમાં પાક ઓછો થતો હોવાથી એમણે અન્ય પ્રદેશો ઉપર નજર દોડાવી, પણ એમનો આશય કેવળ ‘ચોથ’ અને ‘સરદેશમુખી’ ઉઘરાવી ખાવાનો જ રહ્યો; જીતાયેલા પ્રદેશોમાં સુવ્યવસ્થિત

વહીવટીતંતત્ર, ન્યાયવ્યવસ્થા અને લોકકલ્યાણનાં કાર્યો (રસ્તાઓ, વાહનવ્યવહાર, વૃક્ષો રોપવાં, જંગલો વધારવાં અને તેનું સંરક્ષણ કરવું વગેરે) તરફ તદ્દન દુર્લક્ષ જ સેવ્યું; આથી મરાઠાઓની લૂંટફાટોથી એક સમયનું આબાદ અને સમૃદ્ધ ગુજરાત-મહારાષ્ટ્ર-મધ્યપ્રદેશમાં વિસ્તરેલું મરાઠા-સામ્રાજ્ય ઉજ્જડ-વેરાન(પ્રદેશ) થઈ ગયું; આથી મરાઠાઓ વાસ્તવમાં સારા વહીવટીકર્તાઓ નહિ, પરંતુ 'ધાડપાડુઓ' અથવા 'લૂંટારાઓ'થી વિશેષ કાંઈ જ ન હતા''

તો બીજી તરફ ઉપર્યુક્ત અભિપ્રાયથી તદ્દન વિરુદ્ધ મંતવ્ય રજૂ કરતાં, ઇતિહાસકાર સર જહુનાથ સરકાર ઊંડું સંશોધન કરીને જણાવે છે કે, ''17મી 18મી સદી દરમિયાનના ભારતના રાજકીય પ્રવાહોનું વિશ્લેષણ કરીને જો આપણે જોઈએ તો, મરાઠી-રાજ્યનો ઈ.સ.1818માં અંત એ મહારાષ્ટ્રનો સૂર્યાસ્ત નહોતો, પરંતુ એક નવા યુગના પ્રભાતનો સૂચક હતો''. આમ, મરાઠી સત્તાનો યુગ પૂરો થતાં, ભારતમાં તેની સાથે જ એક નવા 'આધુનિક યુગ'નો પ્રારંભ થયો.

મરાઠા ઇતિહાસનું આલેખન કરનાર જી. એસ. સરદેસાઈ લખે છે, ''મરાઠી સત્તાનો અંત એટલે મહારાષ્ટ્ર પરનો સૂર્યાસ્ત'' હતો, એ વાત સાચી; પરંતુ તેને માટે પેશ્વાઓ તથા સેનાપતિઓ અને રાજનીતિઓના અકાળે તેમજ કસમયે મૃત્યુ થયાં હતાં, એ બાબતને તેમણે એ સૂર્યાસ્તને માટે જવાબદાર ઠેરવી છે; અને તેમના સ્પષ્ટ મંતવ્ય અનુસાર, ''મરાઠી સત્તાના પતનને માટે'' પાણીપતના ત્રીજા યુદ્ધમાં મરાઠા રાજ્ય ઉપર પડેલ ઘા કરતાં યે વધુ મરણતોલ ફટકો પેશ્વા માધવરાવનું (ઈ.સ.1772) અવસાનથી પડેલો.

ન્યાયમૂર્તિ એમ.જી. રાનડે(13)ના મત પ્રમાણે, ''મરાઠી સત્તાનો અંત એ મધ્યયુગીન આવરણને દૂર કરનાર અને આધુનિક યુગના આગમનના માર્ગને ખૂલ્લો કરનાર એક બનાવ હતો.''

રાજવાડેના મતાનુસાર, ''મરાઠી સત્તાના પતનને માટે સૌથી વધારે જવાબદાર કારણ 'મરાઠાઓમાં વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ'નો અભાવ હતો, એ હતું''.

ખરે એમ માને છે કે, ''મરાઠાઓમાં રાષ્ટ્રીય ભાવનાનો સદંતર અભાવ હતો; અને તેથી પરસ્પર સંઘર્ષમાં સમયને મોટા પાયા પર બરબાદ કરતા, મરાઠાઓનું એટલે કે મરાઠી-સત્તાનું પતન નિશ્ચિત હતું.(15)

મહાજન વી. ડી. અને શેઠી આર. આર. જણાવે છે કે, ''મરાઠી સત્તાના પતનને માટે મુખ્યત્વે મરાઠાઓ દ્વારા રાજ્યની નાણાકીય બાબતોની કરેલી ઉપેક્ષા, જૂની યુદ્ધ(લડવાની) પદ્ધતિનો છાપામાર, યુદ્ધપદ્ધતિનો કરેલો ત્યાગ, ભૌગોલિક અજ્ઞાન, બ્રિટિશરોની અદ્યતન સાધન-સજ્જતા, તેમની વિજ્ઞાન પરત્વેની અભિમુખતાનો અભાવ, તેમજ વ્યવસ્થા શક્તિનો અભાવ વગેરે કારણો ગણાવી શકાય''

પ્રો.એસ.આર. શર્માના માનવા મુજબ, (17) ''મરાઠી સામ્રાજ્યના તથા સ્વરાજ્યના સુવર્ણસમય દરમિયાન શાસકોમાં જે જોમ અને જુસ્સો હતાં, સાહસોની

મહત્ત્વાકાંક્ષી હતી અને સુધારાઓ કરવાની જે ભાવના હતી, તે સર્વે બાબતોને પાછળથી (માધવરાવ પહેલા-પેશ્વાના અવસાન પછી) જાણે કે મરાઠાઓએ ખોઈ નાખી અને દરેક તબક્કે બેજવાબદારી, સ્વાર્થમાં અંધતા, કાવાદાવા અને પ્રપંચ, સત્તાની સાઠમારી, આતંરસંઘર્ષો, શિસ્તહીનતા અને બિનજરૂરી હઠાગ્રહ આપણને જે દૃષ્ટિગોચર થાય છે, ''તેણે જ મરાઠી સત્તાનું પતન વહેલું અને અણધાર્યું નોંતર્યું''.

- ***તમારી પ્રગતિ ચકાસો.***

1. મરાઠી સત્તાના પતનનાં કારણો સવિસ્તર અને મુદ્દાસર ચર્ચો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

2. ''પ્રત્યેક મરાઠા છત્રપતિ-પેશ્વા અને સરદાર-સેનાપતિઓ તાકાત, શૌર્ય અને મુત્સદ્દીગીરીના ઉચ્ચ ગુણો ધરાવતા હોવા છતાં, મરાઠા સામ્રાજ્યને પતનને માર્ગેથી બચાવવા સમૂહમાં એકતા સાધી બચાવી ન શક્યા''. - આ વિધાનની દૃષ્ટાંતો સાથે મરાઠી સત્તાના પતનનાં કારણોના સંદર્ભમાં ચર્ચો.

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

**3.** ***નીચેના વિધાનોમાં ખાલી જગ્યા પૂરો :***

(1) __________ની સંધિથી છેલ્લા પેશ્વા બાજીરાવ બીજાએ પેશ્વાપદ ગુમાવતાં મરાઠી સત્તાનું પતન થયું.

(2) __________ યુદ્ધમાં કારમો પરાજય થતાં, મરાઠી સત્તા પતનને માર્ગે ઝડપથી ગતિ કરી રહી.

(3) પાણીપતના ત્રીજા યુદ્ધ (1761)માં થયેલાં કારમા પરાજયના આઘાતમાં બહાર લાવનાર પેશ્વા __________ હતા.

(4) ઈ.સ.1764 ના યુદ્ધ પછી મરાઠી સત્તાને(સામ્રાજ્યને) જે બે મહારથીઓ મળ્યા, તેમાં __________અને __________નો સમાવેશ થતો હતો.

(5) શિવાજીના અવસાન પછી, લશ્કરમાં __________તત્ત્વો પ્રવેશી ચૂક્યાં, જે મરાઠી સત્તા માટે યોગ્ય ન હતાં.

(6) છત્રપતિ શિવાજી મહારાજ પછીના છત્રપતિઓ __________ અને __________ જેવા કર ઉઘરાવવામાં જ પડી ગયા; અને પ્રજાકલ્યાણનાં કાર્યો તરફ (અહલ્યાબાઈને બાદ કરતાં) જરાયે ધ્યાન ન આપ્યું.

(7) છત્રપતિ રાજારામે મરાઠી સત્તા (રાજ્ય)ના વહીવટ માટે સૌ પ્રથમ પેશ્વાપદે __________ની નિમણૂક કરી હતી.

(8) મરાઠી સત્તાનું વિકેન્દ્રીકરણ કરાતાં __________, __________, __________અને __________એમ ચાર રાજ્યોમાં દરેક મરાઠા જાતિને અલગ અલગ જાગીરો આપી.

(9) સૈદ્ધાંતિક રીતે પૂનાના __________મરાઠી સામ્રાજ્યના વડા હતા, પરંતુ ચાર રાજ્યોના વડાઓ ઉપર તેમનો કોઈ અંકુશ ન હતો.

(10) __________નો વિનાશ એ મરાઠાઓની એ એક મોટી અને ગંભીર ભૂલ હતી.

## 16.4 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

***પ્રશ્ન-3 નો ઉત્તર (સંક્ષેપમાં) : (ખાલી જગ્યાઓ)***

1. અસીરગઢની સંધિ, 3 જૂન, 1818
2. પાણીપતના ત્રીજા
3. માધવરાવ (પહેલા)
4. (સેનાપતિ) મહાદજી શિંદે; (કુશળ વહીવટીકર્તા) નાના ફડનવીસ
5. સામંતશાહી
6. ચોથ; સરદેશમુખી
7. બાલાજી વિશ્વનાથ
8. ગ્વાલિયર, ઈન્દોર, નાગપુર અને વડોદરા
9. પેશ્વા
10. આંગ્રેના નૌકાદળ

## 16.5 *સંદર્ભ સૂચિ*


1. Benarji, A. C., Peshwa Madhav Rao First
2. Campbell, Bombay Presidency Gazetter
3. Elliot and Dowson, History of India as told by his own Historians, London, 1867
4. Grant Dutt, J. C., ‘History of the Marathas’ Vol. III
5. Grant, E. R. (E. D.)‘The Legacy of India’

6. Keene, H. B., ‘Madhav Rao Sindhia’ Oxford University Press, 1901
7. Keene, H. B., ‘Madhav Rao Sindhia’ Oxford University Press, 1901
8. Keene, H. J., ‘Rulers of India Series, Mayadayi Shinde’
9. Kincaid, C. A. & A History of the Maratha People’ Vol. I & III (Published in 1918-
   Pararnis, D. B. 1925)
10. Macdanld, ‘Lite of the late Name Fadanvis; Oxford University Press, 1927
11. Mahajan, V. D. & ‘India Since 1526’ (Sixth Ed., 1963)
12. Majumudar, R. C. & ‘An Adcanced History of India’ (Bhartiya Vidya Bhavan, Mumbai)
    Other
13. Sardesai, G. S., ‘New History of the Marathas’ , Vol. II & III
14. Sardesai, G. S., ‘Main Currents of the Maratha History; Vol. II & III (Culcutta, 1926)
15. Sen, S. N., The Milltary System of the Marathas’ (Orient Longmans, Bombay, 1958)
16. Sharma, S. R., Maratha History – Re-Examined’

# એકમ : 17 મરાઠાઓનો વારસો

*:: રૂપરેખા::*


**17.0** *ઉદ્દેશા*

**17.1** *પ્રસ્તાવના*

**17.2** *'વારસો' એટલે શું ?*

**17.3** *મરાઠાયુગે વિવિધ ક્ષેત્રે આપેલો વારસો (ઈ.સ.* **1627-1800)**

**17.3.1** *વહીવટી ક્ષેત્રે આપેલો વારસો (અષ્ટ પ્રધાનમંડળ)*

**17.3.2** *મરાઠા શાસનતંત્રના સિદ્ધાંતો*

**17.4** *સંરક્ષણના ક્ષેત્રે મરાઠાયુગનો વારસો (નૌકાદળ સહિત)*

**17.5** *મરાઠાઓનો સાહિત્યિક વારસો*

**17.6** *મરાઠા-રાજ્યનો કલા-સ્થાપત્ય ક્ષેત્રે વારસો*

**17.7** *મરાઠાઓની ધર્મભાવના*

**17.7.1** *ભૂમિકા*

**17.7.2** *મહારાષ્ટ્રના સંતો અને ધર્મભાવના*

**17.7.3** *મરાઠાઓની ઉદારતા અને ધર્મસહિષ્ણુતા*

**17.7.4** *મરાઠાઓની (સામાજિક) સંકુચિત વિચારસરણી*

**17.8** *સમાપન*

**17.9** *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

**17.10** *સંદર્ભ સૂચિ*


## 17.0 *ઉદ્દેશો*

- આ એકમના અભ્યાસથી તમે મરાઠાઓના વહીવટી, સંરક્ષણ(નૌકાદળ સહિત) ક્ષેત્રના વારસાથી અવશ્ય માહિતગાર થશો. જે વારસારૂપે પછીની પેઢીઓને પ્રાપ્ત થયેલ છે.
- આ એકમના અભ્યાસથી તમે મરાઠાયુગનું સાહિત્ય, કલા-સ્થાપત્ય, ધર્મ ક્ષેત્રે આપેલા વારસાથી સુપરિચિત થઈ શકશો.

## 17.1 *પ્રસ્તાવના*

કોઈપણ રાજવંશ કે લાંબા ગાળા સુધી શાસન કરનાર શાસકો પોતાની આગવી શૈલી, દૃષ્ટિ, પદ્ધતિ અને કુનેહ દ્વારા વહીવટીતંત્ર, લશ્કરીતંત્ર, ન્યાયતંત્ર, વિદેશનીતિ (પરાજયનીતિ) વેપાર-રોજગાર, ખેતી, ઉદ્યોગો, શિક્ષણ, આરોગ્ય, તાલીમ, સંશોધન ઈત્યાદિ અનેકવિધિ ક્ષેત્રોમાં અમીટ છાપ મૂકી જાય છે. એ છાપ દીર્ઘકાળ પર્યંત અનુગામી રાજવંશ, શાસક કે સમયગાળા પર ન વિસરાય તેવી મૂકીને વિદાય લે છે. જે આવનાર નવી પેઢી માટે એક વારસા રૂપે પ્રાપ્ત થાય છે. આ વારસો ખૂબ મૂલ્યવાન હોય છે, અને તે સૌને પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડે છે.

## 17.2 *'વારસો' એટલે શું ?*

'વારસો' એટલે એક પેઢીએ મેળવેલ જ્ઞાન, આવડત કે કુનેહ અને સદ્ગુણો કે સદ્વર્તનનો સમૂહ. જ્યારે એક પેઢી પોતાની અનુગામી બીજી પેઢીને આ વારસો આપીને વિદાય લે, તેને 'વારસો' (Legcay) કહે છે. શાસન કરનારી એક પેઢી વહીવટ, ન્યાય, સાહિત્ય, કલા, શિલ્પ, સ્થાપત્ય, ધર્મ, સંરક્ષણ, સંશોધન, વ્યવસ્થાપન એમ વિવિધ ક્ષેત્રોમાં તેણે જે કાંઈ મેળવ્યું – ઉપલબ્ધ કર્યું, તે બીજાઓને (વારસદારોને કે પ્રજાને) શીખવે – શીખવાડે, તેને આપણે વારસામાં આપેલી મૂલ્યવાન બાબતો કહીએ છીએ.

આમ, ભૌતિક કે અભૌતિક, દૃશ્યમાન કે પ્રછન્ન (અદૃશ્યમાન) બાબતો પેઢી દર પેઢી આપવામાં આવે, તેને 'વારસો' કહે છે. આ વારસો નાણાં, મિલકતો, જમીન-જાયદાદ સ્વરૂપે (ભૌતિક રૂપે) પણ હોઈ શકે; તો સુંદર અને કાર્યદક્ષ વહીવટીતંત્ર, અદ્યતન શસ્ત્રોથી સજ્જ લશ્કરી તંત્ર, નિષ્પક્ષ અને ઝડપી ન્યાયવ્યવસ્થા, કુનેહ, આવડત, બુદ્ધિચાતુર્ય, રાજનીતિ, મુત્સદ્દિગીરી, યુદ્ધની વ્યૂહરચના, ઉદ્યોગો-વેપાર-વાણિજ્ય ક્ષેત્રે ઝડપી પ્રગતિ અને નિત્ય નવીન સંશોધનો, વિભિન્ન સાહિત્યિક સ્વરૂપોનો અને કલાક્ષેત્રે વિવિધ શૈલીઓનો વિકાસ, વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રે અદ્ભુત સિદ્ધિઓ..... એમ અનેકવિધ અભૌતિક ક્ષેત્રે મળેલ બાબતો – એ સર્વેને 'વારસો' (Heritage) કહે છે.

## 17.3 *મરાઠાયુગે (ઈ.સ.* 1627 *થી ઈ.સ.* 1818*) આપેલ વારસાની ઝલક*

મરાઠાયુગે નીચેનાં વિભિન્ન ક્ષેત્રે જે અમૂલ્ય વારસો ભારતની પ્રજાને પ્રદાન કરેલ છે. તેનું વિહંગાવલોકન પણ અભ્યાસની દૃષ્ટિએ કરવા જેવું છે.

### 17.3.1 *વહીવટી ક્ષેત્રે વારસો :*

ભારતના અને વિદેશી બન્ને ઇતિહાસકારો એ ઐતિહાસિક હકીકત સાથે સર્વસંમત છે કે, છત્રપતિ શિવાજી મહારાજ ન માત્ર એક શૂરવીર અને સાહસિક સેનાપતિ કે મહાન યોદ્ધા

જ હતા; પરંતુ એક સારા અને સફળ વહીવટકર્તા પણ હતા, તેમણે જીતેલા પ્રદેશોમાં કાર્યક્ષમ વહીવટીતંત્ર જે ઊભું કરેલું, તેને 'અષ્ટ પ્રધાનમંડળ' કહે છે. જે આ પ્રમાણે હતું.

***શિવાજી મહારાજનું અષ્ટ પ્રધાનમંડળ***

| ***ક્રમ*** | ***પ્રધાનનું મરાઠી નામ*** | ***પ્રધાનનું ગુજરાતી નામ*** | ***કાર્યક્ષેત્ર*** |
|---|---|---|---|
| 1 | પેશવા | પેશ્વા (મુખ્યપ્રધાન) | મુખ્યપ્રધાન, સામાન્ય વહીવટ, દેખરેખ, લોકકલ્યાણ અને રાજ્યના હિતોની જાળવણી. |
| 2 | અમાત્ય | નાણાપ્રધાન | પ્રજાનાં નાણાંનો હિસાબ રાખવો, ખોટા ખર્ચા ઉપર નિયંત્રણ, જિલ્લાવાર હિસાબો મેળવવા અને આવકનાં નવા સાધનો ઊભા કરવાં |
| 3 | વાક્યાનવીસ (દફતરાધ્યક્ષ) | દફતર મંત્રી | રાજાનાં દૈનિક કાર્યોની નોંધ, આગામી કાર્યક્રમોની નોંધ, દરબારમાં થતી કાર્યવાહીની સઘળી નોંધ, રાજ્યમાં બનતી મુખ્ય રાજકીય અને અન્ય ઘટનાઓની નોંધ (રેકર્ડ) રાખવાનું મહત્ત્વનું કાર્ય |
| 4 | યુર-તવીસ (સચિવ) | ગૃહમંત્રી | રાજાના પત્રવ્યવહારની નોંધ, રાજ્યના દરેક પત્રો/ દસ્તાવેજો/ખતપત્રો વગેરે બરાબર લખાય છે કે નહિ, તે જોવાની તેમજ તેમાં સુધારા-વધારા કરવાની સત્તા, પરગણાંઓનો હિસાબ જોઈ જવાની પણ સત્તા |
| 5. | ડબીર (સુમેત) | વિદેશમંત્રી | વિદેશી બાબતોમાં છત્રપતિ(રાજા)ને સલાહ-સૂચનો આપવાનું કાર્ય; યુદ્ધો, સંધિઓ, કરારો, વગેરે સમયે છત્રપતિની સાથે રહી તૈયાર કરવાનું, એચલીઓને મળવાનું, કરારો કરવાનું; શત્રુઓને પારખવાનું |

| | | | |
|---|---|---|---|
| | | | અને ગીધદ્રષ્ટિ રાખવાનું તેમજ બીજા રાજ્યોમાં થતી ગતિવિધિઓથી વાકેફ રહેવાનું. |
| 6 | મુહતાસિબ અને સદર | દંડાધ્યક્ષ (પંડિતરાવ) | દરરોજ બનતા બનાવોથી રાજાને વાકેફ કરવાનું કાર્ય, ધાર્મિક વિધિઓ માટેની તિથિઓ નક્કી કરવાનું, અપરાધીઓને દંડ/શિક્ષા કરવાનું, રાજા તરફથી બ્રાહ્મણોને અપાતા દાનની યોગ્ય વહેંચણીનું કાર્ય; નૈતિક મૂલ્યોની રાજ્યમાં જાળવણીનું કાર્ય તથા જવાબદારી |
| 7 | મુખ્ય ન્યાયાધીશ | કાયદો અને ન્યાયખાતાના પ્રધાન | દિવાની અને ફોજદારી/લશ્કરી કેસોમાં પક્ષોને સાંભળી ન્યાય આપવાનું કાર્ય, ગુનેગારોને તેમના ગુન્હાના પ્રકાર અને સ્વરૂપ મુજબ શિક્ષા, દંડ કે મૃત્યુદંડ(ફાંસી) ની સજા કરવાનું કાર્ય. |
| 8 | સર નૌબત | સેનાપતિ (લશ્કરનો વડો) | લશ્કરમાં યોગ્ય વ્યક્તિઓની સૈનિકોની, યોગ્ય અશ્વો/હાથીઓ વગેરેની ભરતી કરવી; સૈનિકોમાં કડક શિસ્તનું પાલન કરાવવું, શસ્ત્રો મેળવવાં, યુદ્ધના મેદાનમાં વ્યૂહરચના પ્રમાણે લશ્કરો ગોઠવવાં, આદેશો આપવા વગેરે કાર્યો. |

ઉપર્યુક્ત પ્રધાનોમાંથી ન્યાયાધીશ અને પંડિતરાવ સિવાય બધા જ પ્રધાનોને યુદ્ધ સમયે લશ્કરોને દોરવાના હતા. છત્રપતિ શિવાજી મહારાજે સ્થાપેલ ‘સ્વરાજ્ય’ એટલે મરાઠાઓની માતૃભૂમિ અને ‘સામ્રાજ્ય’ એટલે મહારાષ્ટ્રની બહારનો મરાઠાઓની હકૂમતવાળા હેઠળનો પ્રદેશ. આ સામ્રાજ્યનું સર્જન પેશ્વાઓના સમયકાળ દરમિયાન થયેલું હતું. શિવાજીના સમયના ‘સ્વરાજ્ય’માં વહીવટીતંત્રનું કેન્દ્રીકરણ થયેલું હતું; જ્યારે પેશ્વાઓના સમયમાં વહીવટીતંત્રનું વિકેન્દ્રીકરણ થયેલું. શિવાજીના સમયમાં વહીવટમાં ફારસી

ભાષાનો ઉપયોગ થતો હતો; આમ છતાં મરાઠી રાજ્યની વહીવટી વ્યવસ્થા હિન્દુ વિચારધારા અને પ્રથાઓ પર ઘડાઈ હતી; તેમજ આપખુદ રાજાશાહી પર આધારિત હતી; તેમ છતાં એ રાજ્ય પ્રજાને માટે ઉપકારક હતું.

### 17.3.2 *મરાઠા શાસનતંત્રના સિદ્ધાંતો*

1. છત્રપતિ શિવાજીએ મુઘલ સામ્રાજ્યની જેમ હિન્દુસ્તાનમાં વ્યવસ્થિત વહીવટીતંત્ર સ્થાપ્યુ હતું, જે તેમનું 'અષ્ટપ્રધાન મંડળ' સાક્ષી પૂરે છે; મતલબ કે 'સત્તા વિભાજનનો સિદ્ધાંત' તેમાં દ્રષ્ટિગોચર થાય છે.
2. મરાઠાઓના વહીવટીતંત્રમાં લશ્કરી ભરતી, સરકારી નોકરીઓમાં ભરતી વગેરેના ચોક્કસ નિયમો શિવાજીએ ઘડીને સ્થાપ્યા હતા અને દરેક કેટગરીમાં ભરતી માટે લાયકાતનાં ધોરણો પણ પ્રસ્થાપિત કર્યા હતા.
3. છત્રપતિ શિવાજીએ 'જાગીરદારી પ્રથા' સંપૂર્ણપણે બંધ કરી હતી. ઉચ્ચ કક્ષાની લશ્કરી સિદ્ધિ કે લાંબા ગાળાની સેવા બદલ શિવાજી સન્માન કરીને રોકડ રકમ આપવામાં આવતી હતી; જમીન કે જાગીર નહીં. આ પ્રથાને પાછળથી પેશ્વાઓએ ત્યાગ કર્યો, જે મોટી ભૂલ હતી; જેણે ભવિષ્યમાં મોટી આફત નોંતરી.
4. શિવાજીનું વહવટીતંત્ર ખૂબ ઉદાર અને ધર્મસહિષ્ણુ હતું. દા.ત. એક યુદ્ધમાં જીતીને સંપત્તિ અને શસ્ત્રો સાથે એક સુંદર મુસ્લિમ યુવતીને સરદારો શિવાજીને માટે લઈ આવેલા ત્યારે છત્રપતિ શિવાજી મહારાજે એ યુવતીને આદરપૂર્વક તેના નિવાસસ્થાને પાછી મોકલેલી. મરાઠાઓએ છેવટ સુધી આ નીતિ જાળવી રાખેલી.
5. છત્રપતિ શિવાજીએ સ્થાપેલી પરંતુ કેટલાક ફેરફારો સાણે પેશ્વાઓએ રાજકીય અને વહીવટી સંસ્થાઓ ચાલુ રાખેલી; જે પ્રાચીન ભારતીય રાજ્યનીતિનીના સિદ્ધાંતો ઉપર આધારિત હતી. જો કે મરાઠાઓના વહીવટીતંત્ર ઉપર મુસ્લિમ મુઘલોની અસર સ્પષ્ટપણે જોવા મળે છે. શ્રી સુરેન્દ્રનાથ સેન જણાવે છે કે, ''મરાઠાઓનું વહીવટીતંત્ર હિન્દુ અને મુસ્લિમ સંસ્થાઓના સમન્વયરૂપ હતું.''
6. મરાઠાઓના સાહિત્ય, ભાષા, પોષક, રીતરિવાજો, પીણાં, રહેણીકરણી એમ દરેક બાબત ઉપર મુસ્લિમોની જેમ અસર જોવા મળે છે, તેમ મરાઠાઓના રાજ્યવહીવટ ઉપર પણ મુસ્લિમોની (મુઘલોની) અસર જોવા મળે છે. વાસ્તવમાં મરાઠાઓનું વહીવટીતંત્રએ હિન્દુ અને મુસ્લિમ, પ્રાચીન અને અર્વાચીન, દેશી અને વિદેશી એવા બે ભિન્ન ભિન્ન સિદ્ધાંતનું મિશ્રણ હતું.
7. છત્રપતિ શિવાજીએ મહારાષ્ટ્રમાં વ્યાપેલી અરાજકતા અને અવ્યવસ્થા દૂર કરી, તેને સ્થાને સુવ્યવસ્થિત રાજ્યતંત્ર ઊભું કર્યું. છૂટાછવાયા જાગીરદારોને પોતાની છત્રછાયા હેઠળ લાવીને 'સામંતશાહી સમાજરચના' ઉપર કારમો પ્રહાર કર્યો ! ખૂબ જ કાર્યક્ષમ વહીવટ અને ઝડપી ન્યાયવ્યવસ્થાની સ્થાપના કરી, એ શ્રેષ્ઠ અને અનુકરણીય ઉદાહરણ પૂરું પાડ્યું.

8. શ્રી સુરેન્દ્રનાથ સેનના જણાવ્યા મુજબ, "મુસ્લિમો હિંદમાં આવ્યા ત્યારે તેઓ પોતાની સાથે રાજકીય અને નાણાકીય સિદ્ધાંતો પણ સાથે લાવેલા; પરંતુ એમનાથી યે વધારે પ્રાચીન અને વધારે પદ્ધતિસર કહી શકાય તેવા હિન્દુસ્તાનની પ્રજા પાસે હતા; આનું પરિણામએ આવ્યું કે, મુસ્લિમોએ એ બાબતોમાં હિંદુઓનું અનુકરણ કરવું પડેલું; તો બીજી તરફ હિન્દુઓ પણ કેટલીક બાબતોમાં મુસ્લિમ શાસનકર્તાઓ પાસેથી ઘણું શીખ્યા. દા.ત. અષ્ટપ્રધાનમંડળમાં મંત્રીઓનાં નામો ફારસી અને સંસ્કૃત એમ બંને ભાષાઓમાં જોવા મળે છે."

9. છત્રપતિ શિવાજી મહારાજના સમયમાં 'પેશ્વા' આઠ પ્રધાનો પૈકી એક હતો; અને એનો હોદ્દો પણ વંશ પરંપરાગત ન હોતો; પરંતુ છત્રપતિ શાહૂએ (ઈ.સ. 1708-49, ઈ.સ.1714)માં બાલાજી વિશ્વનાથને 'પેશ્વા'નો હોદ્દો આપ્યો; પરંતુ એ પેશ્વાએ તો પોતાના પુત્ર બાજીરાવ (પહેલા)ને જ 'પેશ્વા' બનાવવા માટે છત્રપતિ શાહૂએ અનુમતિ આપી; આથી પેશ્વાઈ હવે મરાઠા ઇતિહાસમાં વંશપરંપરાગત બની ગઈ; એટલું જ નહિ પરંતુ પૂનામાં રહેતા પેશ્વાઓ જ સમગ્ર મરાઠા રાજ્ય (પાછળથી સામ્રાજ્ય)ના કર્તાહર્તા જ બની ગયા. માત્ર સિદ્ધાંતમાં જ 'છત્રપતિ' રાજ્યનો સર્વોચ્ચ વડો રહ્યો; પરંતુ વાસ્તવિક તમામ સત્તાઓ તો પેશ્વા જ ભોગવતો હતો; (છત્રપતિ અને પેશ્વા સ્વતંત્ર ભારતના 'રાષ્ટ્રપતિ' અને 'વડાપ્રધાન'ની જેમ જ હતા.)

10. ભારતમાં મરાઠા સામ્રાજ્યમાં રાજ્ય વહીવટનો સૌથી નીચલો વિભાગ 'ગ્રામ પંચાયતો' હતી. આ ગ્રામ પંચાયતો ગામડાના સ્થાનિક પ્રશ્નો ઉકેલવામાં સ્વતંત્ર હતી, તેમજ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવતી હતી. અગત્યના પ્રશ્નોમાં તો ગ્રામપંચાયતના વડા (ઉચ્ચપદે 'પાટિલ' કહેવાતો) ને મદદ કરવા કુલ 12 બલુતાઓ હતા; જેમાં (1) મહાર (2) સુથાર (3) ચમાર (4) પરિત (5) કુંભાર (6) નાઈ (વાળંદ) (7)માંગ (8) કુલકર્ણી (9) જોશી (10) લુહાર (11) ગુરવ અને (12) પોતદાર વગેરેનો સમાવેશ થતો હતો. ગ્રામ પંચાયતનો વડો પાટિલ મહેસૂલી, પોલીસ અને ન્યાય વિષય સત્તાઓ ધરાવતો હતો. આ પાટિલ ગ્રામ અને રાજ્ય (પેશ્વા) વચ્ચે કડીરૂપ હતો. 'પાટિલ'ના હોદ્દા ઉપર હંમેશા મરાઠાની જ નિમણૂક કરાતી; જ્યારે 'પોતદાર' સામાન્ય રીતે જ્ઞાતિને અને 'કુલકર્ણી'નો હોદ્દો બ્રાહ્મણ જ્ઞાતિની વ્યક્તિને જ અપાતો હતો. (3) શ્રી કે. કા શાસ્ત્રી સંપાદિત 'બૃહદ્ ગુજરાતી શબ્દકોશ'ને આધારે 'કુલકર્ણી' એટલે 'જમીન મહેસૂલ વસુલાતી ખાતાનો કારકુન' એવો થાય છે; અને 'પોતદાર' એટલે પેશ્વાઈ યુગનો એક સરકારી હોદ્દો, જેને 'સરકારી ખજાનાનો ઉપરી' કહેવામાં આવતો હતો જ્યારે, 'માંગ' એટલે 'ઉતરતા વર્ણની કે જ્ઞાતિનો પુરુષ - હરિજન' એવો એ કોશ મુજબ અર્થ થાય છે.

11. જિલ્લા અને પ્રાંતીય વહીવટમાં જિલ્લાનો વહીવટ 'કમાવીસદાર' અને પ્રાંતોનો વહીવટ 'મામલતદાર' કરતો હતો. એ બંને સરકારી ઉચ્ચ અધિકારીઓ હતા; અને તેઓની નિમણૂક પેશ્વા જાતે કરતો. શિવાજીએ શરૂ કરેલી આ પ્રથા પેશ્વાઓએ યથાવત ચાલુ રાખેલી. તેમની ફરજોમાં (1) ખેતીવાડી અને ઉદ્યોગોને ઉત્તેજન આપવું. (2)

દિવાની અને ફોજદારી કેસોમાં (ઊભા થયેલા પ્રશ્નોમાં) ઝઘઠાઓનો નિકાલ અનુભવી અને જાણકાર વ્યક્તિઓના પંચો નીમી ઉકેલ લાવવાનો હતો. (3) ધાર્મિક અને સામાજિક પ્રશ્નોનો ઉકેલ માટે જોઈ કોઈ પ્રજાજૂથ આવે, તો તેમને માર્ગદર્શન આપવાનું હતું.

'કમાવીસદાર' (જિલ્લાનો વડો) અને 'મામલતદાર' (પ્રાંતનો વડો) એ બંનેની શિવાજીના સમયમાં ટૂંકી મુદત માટે જ નિમણૂક કરાતી હતી, જ્યારે પેશ્વાઓના સમયમાં તેઓ હોદ્દા ઉપર લાંબી મુદત માટે (30 કે 40 વર્ષો સુધી પણ !) પણ રહેતા હતા; અને વહીવટ કરતા હતા.

12. મોટા નગરોનો વહીવટ 'કોટવાલ' કરતો હતો. પ્રચીન સમયના/મૌર્ય યુગના નગરના કે રાજધાનીના વહીવટી વડા જેવી જ કોટવાલની ફરજો હતી. રસ્તાઓ અને મકાનોના ઝઘડાઓનો નિકાસ લાવવો, માલ સામાનની કિંમતો નક્કી કરવી, રાજ્યને મજૂરો અને કારીગરો પૂરા પાડવા, નગરની વસ્તી ગણતરી કરવી, નગરમાં બહારથી આવનારની તેમજ નગરમાંથી બહાર જનારની નોંધ રાખવી, રાજ્યમાં જમીનોના વેચાણ સંબંધી માહિતી રાખવી તેમજ તેના વેચાણ ઉપર નક્કી કરેલ દરે વેરો (કર) લેવો, જુગાર તથા અન્ય અનિષ્ટો ઉપર અંકુશ રાખવો, વગેરે ફરજો કોટવાલ બજાવતો હતો.

## 17.4 *સંરક્ષણના ક્ષેત્રે વારસો*

### *(અ) લશ્કરમાં ભરતી અને બઢતી :*

છત્રપતિ શિવાજી મહારાજ સ્વયં એક મહાન યોદ્ધા હતા, તેથી તેમની લશ્કરી પ્રતિભાથી અને આગવી યુદ્ધ પદ્ધતિથી દુશ્મનો (સવિશેષ મુઘલો) પણ અંજાઈ ગયેલા. શિવાજી મહારાજે સ્થાયી લશ્કર ઊભું કર્યું હતું. આખું વર્ષ તેમને દરેક સૈનિકને નિયમિત રીતે રોકડ પગાર તેમજ ચોમાસાની ઋતુમાં રહેઠાણો પૂરાં પડતાં. લશ્કરમાં હોદ્દાઓનો ક્રમ તેમજ બઢતીનાં ધોરણો શિવાજી મહારાજે નક્કી કરેલાં. લશ્કરની ભરતીમાં હિન્દુ-મુસ્લિમ જેવો કોઈ ભેદ ન હતો. યુદ્ધમાં શૌર્ય દર્શાવવા બદલ ઈનામો અપાતા.

### *(બ) મરાઠાઓની સંરક્ષણ – વ્યવસ્થામાં કિલ્લાઓનું મહત્ત્વ :*

મરાઠાઓની સંરક્ષણ – વ્યવસ્થામાં કિલ્લાઓએ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. કિલ્લાઓ લશ્કરી વ્યૂહાત્મક પદ્ધતિ માટે મરાઠા લશ્કર માટે સૌથી અનુકૂળ હતા; કેમ કે છત્રપતિ શિવાજીના સમયમાં 'છાપામાર યુદ્ધ-પદ્ધતિ' સંરક્ષણના ક્ષેત્રે લશ્કરે અપનાવી હતી.

કિલ્લાઓના રક્ષણ માટે સૈન્યો ત્યાં રાખવામાં આવતાં હતા. આ સૈન્યોમાં કડક શિસ્તપાલનનો આગ્રહ રખાતો હતો. દરેક કિલ્લો સુરક્ષાની દૃષ્ટિએ અલગ અને વિશેષ મહત્ત્વ ધરાવતો હતો. દા. ત. સિંહગઢ

### *(ક) કિલ્લાની સુરક્ષા*

મરાઠી રાજ્યના દરેક કિલ્લાની સુરક્ષાવ્યવસ્થા માટે ત્રણ લશ્કરી અફસરો જેવા કે – હવાલદાર, સબનીસ અને નૌબત નીમાતા. કિલ્લાની સુરક્ષાની બાબતમાં ઝીણામાં

ઝીણી દેખરેખ, કડક શિસ્તપાલન અને દુશ્મનોથી સતત તથા અવિરત જાગૃતિએ બાબતો ઉપર ખાસ ધ્યાન અપાતું હતું.

છત્રપતિ શિવાજીએ રાજ્યના સંરક્ષણ માટે કુલ 300 જેટલા કિલ્લાઓ બાંધ્યા હતા. જો કોઈ કિલ્લાને દુશ્મનોના લશ્કરો ઘેરી લે, તો સૈનિકો માટે અગમચેતી વાપરીને દરેક કિલ્લામાં સૈનિકોને ટકાવવા અનાજ અને શસ્ત્રોનો પુરવઠો વગેરેનો સંગ્રહ કરવામાં આવતો હતો. હવાલદાર, સબનીસ અને નૌબત ચઢતા ક્રમમાં રહેલા અધિકારીઓ એકબીજા ઉપર અને બાહ્ય દુશ્મનો ઉપર ચાંપતી નજર રાખતા અને બધા જ અગત્યના સંદેશા છત્રપતિ શિવાજી મહારાજને રોજ રોજ પહોંચાડતા હતા.

### *(ડ) શિવાજીના/મરાઠાઓના લશ્કરનું માળખું*

મરાઠાઓનું લશ્કર બે વિભાગોમાં વહેંચાયેલું હતું : (1) હયદળ (અશ્વદળ) અને (2) પાયદળ. પેશ્વાઓના સમયમાં હયદળની અગત્ય ઘણી વધી ગયેલી. શિવાજી મહારાજે હયદળને બે વિભાગોમાં બર્ગીસ અને શિલેદારને નામે વહેંચ્યું હતું. 'બર્ગીસ' હયદળને રાજ્ય તરફથી અશ્વો અને શસ્ત્રો અપાતાં; જ્યારે 'શિલેદાર' હયદળને પોતાના ખર્ચે અશ્વો અને શસ્ત્રસરંજામ લાવવો પડતો હતો.

હયદળમાં 25 સૈનિકોનું એક એકમ રખાતું હતું; જેનો ઉપરી હવાલદાર કહેવાતો. 5 હવાલદારો ઉપર એક જુમલાદાર અને 10 જુમલાદાર ઉપર એક હજારી નામનો અફસર નિમવામાં આવતો હતો. જ્યારે 5 હજારીઓ ઉપર એક પંચહજારી અને સૌથી ઉપર સર્વોચ્ચ લશ્કરી વડો સરનૌબત કહેવાતો. હયદળની જેમ પાયદળને પણ વ્યવસ્થિત અને શિસ્તબદ્ધ રીતે ગોઠવવામાં આવ્યું હતું. તેમાં પણ અફસરોની જુદી જુદી કેટેગરી હતી.

### *(ઈ) મરાઠાઓનું નૌકાદળ*

શિવાજીનું નૌકાદળ મુખ્યત્વે કોળી જ્ઞાતિ અને મલબાર કિનારાના દરિયા ખેડૂઓ (નાવિકો)નું બનેલુ હતું. શિવાજીના નૌકાદળમાં દરિયાસારંગ અને દોલતખાન જેવા ઘણા મુસ્લિમભાઈઓ નૌકાકપ્તાનો તરીકે કાર્ય કરતા હતા.
શિવાજીનું નૌકાદળ માત્ર દક્ષિણ હિંદની જ સત્તાઓ (નિજામ વગેરે)ની જ નહીં, પરંતુ અંગ્રેજી, ડચ, પોર્ટુગીઝો જેવી યુરોપીય પ્રજાઓનો પણ સામનો કરી શકે તેવું સક્ષમ હતું. આમ છતાં, તેમના હયદળ-પાયદળ જેટલું નૌકાદાળ વ્યવસ્થિત કે વિકસિત સ્થિતિમાં ન હતું.

એમ અંગ્રેજ લેખક રોબર્ટ ઓર્મ લખે છે કે, "ઈ.સ. 1675માં શિવાજીના નૌકાદળની સંખ્યા 57 વહાણોની હતી; પરંતુ શિવાજીના અવસાન પછી, કાન્હોજી આંગ્રેના નૌકા સેનાપતિ પદ નીચે મરાઠા નૌકાદળ ઘણું વિકસ્યું હતું."

પરંતુ, મરાઠાઓના કમનસીબે, પેશ્વાઓ અને કાન્હોજી આંગ્રે વચ્ચે થયેલા અણબનાવોને પરિણામે બેઉ પક્ષો વચ્ચે વૈમનસ્ય (વેર) વધ્યું; આથી પેશ્વાઓએ અંગ્રેજોની મદદ લઈ કાન્હોજી આંગ્રેના નૌકાદળનો વિનાશ નોંતર્યો .

પેશ્વાઓના રાજ્ય અમલ દરમિયાન, તેમનાં નૌકાદળનાં મુખ્ય મથકો વિજયદુર્ગ અને વસઈ ખાતે હતાં. અહીંનું નૌકાદળ સિદ્દીઓ અને અન્ય પરદેશી ચાંચિયાઓથી પ્રવાસીઓ અને વેપારીઓ પાસેથી જકાત પણ ઉઘરાવતું હતું. પેશ્વા બાલાજી બાજીરાવ (ઈ.સ. 1740-61)ના સમયમાં નૌકા કપ્તાનનો પગાર વાર્ષિક રૂ. 1,186 હતો.

જો કે અંગ્રેજોની તુલનામાં, પેશ્વાઓના કાર્યકાળ દરમિયાન મરાઠાઓનું નૌકાદળ પ્રમાણમાં વિકસિત નહોતું, એ એક નક્કર હકીકત છે. આમ છતાં, એ નૌકાદળ વ્યાપાર વૃદ્ધિ અને સંરક્ષણની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વનું હતું, એમ કહી શકાય.

## 17.5 *મરાઠાઓનો સાહિત્યિક વારસો*

**1. *ભૂમિકા :***

મરાઠાઓની માતૃભાષા મરાઠી હોવાથી, એ ભાષા અને સાહિત્યમાં, ‘મરાઠાયુગ’ દરમિયાન સારું એવું ખેડાણ થવા પામ્યું હતું; અને એમાંયે ગદ્યસાહિત્યમાં વિશેષ થયેલું. ‘ફારસી’ ભાષા (મુઘલ યુગની રાજભાષા) ને બદલે એક ભારતીય ભાષાનો વિકાસ કરવાનું શ્રેય છત્રપતિ શિવાજી મહારાજ અને પેશ્વાઓના સમયને ફાળે જાય છે.

**2. *મરાઠી સાહિત્યની વિશેષતાઓ***

મરાઠાયુગ (ઈ.સ. 1707 – 1818) દરમિયાન રચાયેલ મરાઠી ભાષા-સાહિત્યની કેટલીક વિશેષતાઓ નોંધપાત્ર છે.

1. મરાઠાયુગ દરમિયાન રચાયેલ સાહિત્યિક અર્થાત લેખિત સાધનો મોટા અને પૂરતા પ્રમાણમાં મળી આવે છે.
2. મરાઠી રાજયનો સઘળો પત્રવ્યવહાર મરાઠી ભાષામાં છે. અને તે મરાઠી રાજયની શાસન વ્યવસ્થા, લશ્કરી તંત્ર, ન્યાયતંત્ર, વેપાર-ઉદ્યોગો, વહાણવટું અને નૌકા સૈન્ય, યુદ્ધો, સંધિઓ, કરારો વગેરે અંગે વિપુલ માહિતી આપનાર સ્રોત (Sorce) બની રહે છે.
3. મરાઠી સાહિત્યના અભ્યાસથી આપણને તત્કાલીન યુગનાં રાજ્યો (પૂના, સાતારા, કોલ્હાપુર, વડોદરા, ઈન્દોર, ગ્વાલિયર, નાગપુર)ની અને તેના આંતરિયાળ પ્રદેશોની માહિતીતો મળે જ છે; સાથે સાથે કિલ્લાઓ, સંરક્ષણ, મહેસૂલી બાબતો, ચોથ, સરદેશમુખી વગેરે કરો, ઈત્યાદિની માહિતી પણ મરાઠી ભાષા સાહિત્ય દ્વારા ઉપલબ્ધ થાય છે.
4. છત્રપતિ શિવાજીના ઉદય પૂર્વેનું સાહિત્ય મોટે ભાગે ધાર્મિક અને પદ્યમાં હતું; પરંતુ શિવાજીના સમયથી મરાઠી સાહિત્ય ગદ્યમાં પણ સર્જાવા લાગ્યું. દા. ત. વીર

પુરુષોનાં પરાક્રમો, યુદ્ધોનાં વર્ણનો, પૂર્વજોની ગાથાઓ વગેરે લખવાનો પ્રારંભ થયો; એ એક નવીન આયામ હતો. આ સિવાય શિવાજી મહારાજના પરાક્રમો, જીવનના વિવિધ પ્રસંગો, લોકકથાઓના વિષયો અંગેનું સાહિત્ય પણ રચાવા લાગ્યું.

5. શિવાજી મહારાજે રાજ્યસભા અને અદાલત માટે જરૂરી બધા જ શબ્દોનો મરાઠી ભાષામાં ‘શબ્દકોશ’ પણ તૈયાર કરાવ્યો હતો.
6. શિવાજી મહારાજ હિન્દુધર્મના સંરક્ષક હતા, તેથી અગાઉની (મુઘલયુગની) ફારસી ભાષાને બદલે સંસ્કૃત ભાષા સાહિત્યને પુનર્જીવિત કરવાનો સક્રિય પ્રયાસ કર્યો. દા. ત.16મી સદીના મહાન સંત એકનાથનાં કાવ્યો-ભજનો-ગીતોમાં ફરસી ભાષાના શબ્દોની વ્યાપકતા હતી; જ્યારે 18મી સદીના મરાઠી સાહિત્યમાં સંસ્કૃત ભાષા સાહિત્યના શબ્દોનો ઉપયોગ વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ ફેરફાર 17મી સદી દરમિયાન શિવાજીએ સંસ્કૃતને આપેલ ઉત્તેજનને આભારી હતો.
7. મરાઠી ભાષા સાહિત્યે મહારાષ્ટ્રના વિશાળ પ્રદેશમાં એકતા સાધવાનું મહત્ત્વનું કાર્ય કર્યું. સમાજના જુદા જુદા સ્તરના લોકોમાં સંત તુકારામનાં ભજનો, ગીતો, સ્રોતો મહારાષ્ટ્રની ચારે દિશાઓમાં ગવાતા હતાં. શિવાજી મહારાજે મહારાષ્ટ્રના જુદા જુદા પ્રદેશો અને કિલ્લાઓ જીતી લઈ, રાજકીય એકતા સાધી, તે પહેલાં જ મહારાષ્ટ્રના સંતો, મહાત્માઓ અને વિદ્વાનોએ તેમનાં ભક્તિ ગીતો તેમજ લખાણોથી એક ભાવાત્મક એકતાનું વાતાવરણ તૈયાર કરી રાખ્યું હતું.
8. મરાઠાઓમાં ઘણા સરદારો, મંત્રીઓ, સેનાપતિઓ મુત્સદ્દી હોવા ઉપરાંત પત્રવ્યવહાર કરવામાં પ્રવીણ હતા. ભાષા ઉપર તેમનો ખૂબ સારો કાબુ હતો. દા. ત. ચિટનીસ કુળના અધિકારીઓ તો સારા લહિયા હતા, તેઓ પત્રવ્યવહારમાં ખૂબ જ કુશળ હતા. એ લોકો દ્વારા લખાયેલ પત્રો અને અહેવાલ (Letters and Reporets) મરાઠી સાહિત્યમાં ખૂબ જ ઉપયોગી આધાર સામગ્રીરૂપ છે.
9. મરાઠી ભાષામાં લખાયેલ બખ્ખર, સભાસદ, દસ્તાવેજો, સંધિઓ, નોંધો, મુદ્રાઓ વગેરે સાધનો તત્કાલીન સમયનો ઈતિહાસ જાણવા માટેનાં મૂલ્યવાન સાધનો (Sources) છે. ‘સભાસદ’ અને ‘બખ્ખર’ તો આપણને મરાઠાયુગની મહત્ત્વની રાજકીય, આર્થિક અને લશ્કરી માહિતી પૂરી પાડે છે. દા. ત. રામચંદ્ર પંત, ચીમનાજી અપ્પા, ખંડો બલ્લાલ, બાલાજી બાજીરાવ, બાજીરાવ પહેલા, માધવરાવ પહેલા, નાના ફડનવીસ વગેરે નેતાઓ તો પત્રવ્યવહારમાં ઘણા જ કુશળ હતા.
10. છત્રપતિ શિવાજી મહારાજના ગુરુ સ્વામી રામદાસ લિખિત ‘દાસ-બોધ’ ગ્રંથ પ્રસિદ્ધ છે. કવિ પરમાનંદ લિખિત ‘શિવભારત’ શિવાજી મહારાજની કારકિર્દીને વર્ણવતું પદ્યશૈલીમાં લખાયેલું પુસ્તક છે; જે સંસ્કૃત ભાષામાં લખાયેલું છે. સૌથી મહત્ત્વનાં પુસ્તકો તો ‘અદનાપત્ર’ અને ‘રાજ્ય વ્યવહાર કોશ’ છે. પ્રો. એસ. આર. શર્મા લખે છે કે, “‘અદનાપત્ર’ તો મૌર્ય સમયના કૌટિલ્યના ‘અર્થશાસ્ત્ર’ની માફક મરાઠાઓના રાજ્યનીતિના સઘળા નિયમોનો સમાવેશ કરતું અદ્વિતીય ગુણો ધરાવતું પુસ્તક છે.”

આ સિવાય બ્રહ્મેન્દ્ર સ્વામીના વ્યાખ્યાનોનો પણ પાછળથી સંગ્રહ કરવામાં આવ્યો હતો.

11. મરાઠી ભાષાએ ઈન્ડો-યુરોપીય કુળની ભારતીય આર્ય શાખાની જ એક ભાષા છે. કેટલાક વિદ્વાનોના મત મુજબ, તે મહારાષ્ટ્રી પ્રાકૃત ભાષામાંથી ઉતરી આવેલ ભાષા છે. આ ભાષામાં સૌથી પ્રચીન ગ્રંથ ઈ.સ. 1188માં મુકુન્દરાજ લખેલો 'વિવેક સિન્ધુ' છે; જ્યારે વી. કે. રાજવાડે નામના ઈતિહાસકારના મતે, 11મી સદીમાં પદ્ય સ્વરૂપે લખાયેલો 'જ્યોતિષરત્નમાલા' એ સૌ પ્રથમ ગ્રંથ ગણાય; પરંતુ ગદ્ય સ્વરૂપમાં પ્રથમ ગ્રંથ લખવાનો યશ મહિન્દ્ર વ્યાસે ઈ.સ. 1278માં લખાયેલ 'લીળા ચરિત્ર' ગણાય છે; ઉપરાંત મરાઠી ભાષામાં વ્યાકરણ પણ તૈયાર કરાયું હતું.

12. 13મી સદીથી 18મી સદી (600 વર્ષ) દરમિયાન મરાઠી ભાષામાં પ્રસિદ્ધ થયેલ સાહિત્યિક કૃતિઓ

| *ક્રમ* | *વર્ષ (સાલ)* | *ગ્રંથનું નામ (સાહિત્યિક કૃતિનું નામ)* | *સર્જકનું નામ* |
|---|---|---|---|
| 1 | ઈ.સ. 1275-96 (13મી સદી) | 'ભાવાર્થ દીપિકા' (9000 ઓવીઓ) 'જ્ઞાનેશ્વરી ગીતા'ને નામે ઓળખાય છે. | સંત જ્ઞાનેશ્વર |
| 2. | અપ્રાપ્ય | 'નામદેવની ગાથા' (અભંગોમાં કાવ્યરચના) | સંત નામદેવ |
| 3<br>4 | 15મી સદી<br>16મી સદી | 'ગુરુચરિત્ર'<br>I. 'એકનાથી ભાગવત'<br>II. 'ભાવાર્થ રામાયણ'<br>II. રુક્મિણી સ્વયંવર | નૃસિંહ સરસ્વતી<br>સંત એકનાથ ('ભારુડ' લોકસાહિત્ય પ્રકારની તેમણે કરેલી શરૂઆત) |
| 5 | 16મી સદી | 17,000 જેટલી કાવ્ય-રચનાઓ | મુક્તેશ્વર |
| 6 | 16મી સદી | અભંગોમાં કાવ્યરચનાઓ રચવામાં શ્રેષ્ઠ કવિ | સંત તુકારામ |
| 7 | 17મી સદી | 7,731 ઓવીઓ ધરાવતો 'દાસબોધ' શકવર્તીગ્રંથ અને 'કરૂણાષ્ટક' ગ્રંથ | સ્વામી રામદાસ (છત્રપતિ શિવાજીના સમકાલીન ગુરુ) |
| 8 | 17મી સદી | 22,000 ઓવીઓવાળો 'યથાર્થ દીપીકા' ગ્રંથ | વામન પંડિત |
| 9 | 17મી સદી | 'દમયંતી - સ્વયંવર' | રઘુનાથ પંડિત |
| 10 | 17મી સદી | 42,000 ઓવીઓનો ગ્રંથ 'હરિવરદા' | કૃષ્ણ દયાર્ણવ |

| | | | |
|---|---|---|---|
| 11 | 17મી સદી | મહાકાવ્યો અને પુરાણોનો મરાઠીમાં અનુવાદ | શ્રીધર કવિ |
| 12 | 17મી સદી | 'કૃષ્ણ વિજય' અને 'શિવચરિત્ર' ગ્રંથો | મોરોપંત પંડિત |
| 13 | 18મી સદી | I. શૂરવીરોની ગાથાઓ 'પોવાડા' સ્વરૂપે અને શૃંગારરસની ગાથાઓ 'લાગણી' સ્વરૂપે લખાઈ | • શ્રી રામ જોશી<br>• અનંત ફંદી<br>• બાપુરાવ<br>• હોમાજી બાળા |
| | | II. 'બખર' નામનો સાહિત્ય પ્રકાર પણ આ સદીમાં શરૂ થયો. આવા 200-250 બખરો લખાયા. | પત્રો, અહેવાલો, નોંધો વગેરે |

13. નામદેવ ઉપરાંત આ યુગમાં નિવૃત્તિનાથ, સોપાનદેવ, મુક્તાબાઈ, ચાંગદેવ, સાવતા માળી, ચોખા મેળા, ગોરા કુંભાર, નરહરિ સોનાર, વિસોબા ખેચર, જોગા પરમાનંદ, પરિસા ભાગવત, જગમિત્ર નાગા વગેરે સંતો થઈ ગયા. તેમણે મરાઠી ભાષામાં 'ઓવી' અને 'અભંગો' છંદમાં રચીને પદ્ય રચનાઓ આપી છે. (સંદર્ભ : ગુજરાતી વિશ્વકોશ, અંડ-*15;* પૃષ્ઠ-322
14. નૃસિંહ સરસ્વતી ઉપરાંત 15મી 'સદીમાં અજ્ઞાત કવિ, સેના નાવી, સંત દામાજી, સંત ભાનુદાસ, સંત કવિયત્રી કાન્હોપાત્રા, શ્રીપાદ શ્રી વલ્લભ (દત્ત સંપ્રદાયના સ્થાપક) વગેરેનો ઉલ્લેખ કરવો જરૂરી છે.'
15. 18મી સદી દરમિયાન ગુણદાસ, ગુણકીર્તિ ('ધર્મામૃત' ગ્રંથ), જિનદાસ, પંડિત મેઘરાજ, નાગોઆયા, ગુણનંદી, વીરદાસ, દામા પંડિત, દયાસાગર, મહીચંદ્ર, દેવેન્દ્ર કિર્તિ, જિનસાગર, જનાર્દન વગેરે પૈકી કેટલાક જૈન મુનિઓ હતા, તો કેટલાક સંસારી કવિઓ હતા. તેમણે કુલ 17 સુપ્રસિદ્ધ ગ્રંથો રચ્યા હતા.

## 17.6 *મરાઠા રાજ્યનો કલા-સ્થાપત્ય ક્ષેત્રે વારસો*

### 17.6.1 *ભૂમિકા*

કલા સ્થાપત્યએ કોઈપણ માનવસમૂહની એક આગવી ઓળખ છે. કલાની સાથે વ્યક્તિનું કૌશલ્ય જોડાયેલું હોય છે. કેટલાક કલાકારો જન્મજાત હોય છે; એટલે કે કલા તેમને સ્વયંભૂ વરેલી હોય છે; જ્યારે કેટલાક કલાકારો લાંબાગાળાની તાલીમ, જ્ઞાન અનુભવથી ઘડાઈને બનતા હોય છે.

લલિતકલાના વિવિધ પ્રકારો હોય છે : સંગીતકલા, નૃત્યકલા, ચિત્રકલા, સ્થાપત્યકલા, જાદુની કલા વગેરે. યુગે કે સમયાંતરે કલાની શૈલી અને સ્વરૂપ બદલાતાં જ રહે છે; ક્યારેક તો તેમાં મૂળભૂત રીતે પરિવર્તન આવતું હોય છે.

કલા એ વ્યક્તિમાત્રને સર્જનનો અદ્‌ભુત અને અવર્ણનીય આનંદ પૂરો પાડે છે. કલાકારે દોરેલી કે સર્જેલી કલાકૃતિ અન્યને (દર્શકને) પ્રેરણા અને પ્રોત્સાહન પૂરાં પાડે છે. કલા અને કલાકાર અભિન્ન છે. કલા એક શોખ છે; સ્વયંભૂ આનંદ અને લગનની બાબત છે. કલા એક સાધના છે.

### 17.6.2 *મરાઠી પ્રજાનો કલા ક્ષેત્રે વારસો*

છત્રપતિ શિવાજીથી આરંભીને છેલ્લા પેશ્વા બાજીરાવ બીજા સુધીનો સળંગ ઇતિહાસ નિહાળીએ તો એક બાબત સ્પષ્ટ છે કે, મરાઠાઓને દુશ્મનો સાથે સતત યુદ્ધો, આંતરકલહો અને સંઘર્ષોમાં રોકાવું પડેલું; આથી તેઓ સંગીત, નૃત્ય, ચિત્ર, શિલ્પ અને સ્થાપત્ય જેવી કલાઓના વિકાસ પરત્વે ધ્યાન આપી શક્યા જ નહી; એટલેકે તેમને એ માટે અવકાશ જ ન મળ્યો.

મુઘલ યુગે (બાબરથી ઔરંગઝેબ : 1526-1707) કલાઓના વિકાસના ક્ષેત્રે જે અદ્‌ભુત વારસો આપ્યો હતો, એની તુલનામાં મરાઠાયુગે આ ક્ષેત્રે ન તો કોઈ ભવ્ય સિદ્ધિ હાંસલ કરી કે ન તો કોઈ સમૃદ્ધ વારસો પછીની પેઢીઓને આપ્યો.

આમ છતાં, મરાઠાયુગે સ્થાપત્ય (બાંધકામના) ક્ષેત્રે આપેલો વારસો નોંધપાત્ર છે, જે પ્રમાણે છે.

1. મરાઠાઓએ મહેલો, કિલ્લાઓ, મંદિરો, ઘાટ, રસ્તાઓ, ધર્મસ્થાનકો વગેરેના બાંધકામો પાછળ ખાસ ધ્યાન આપ્યું હતું તેમજ એ સર્વેના નિર્માણ પાછળ તેમની એક વિશિષ્ટ દૃષ્ટિ પણ હતી.
2. પૂનામાં પેશ્વાઓનું નિવાસસ્થાન ‘શનિવારવાડાનો મહેલ’ સ્થાપત્યની દૃષ્ટિએ ખૂબ ભવ્ય, સુંદર અને કલાત્મક છે. આ મહેલ પેશ્વાઓની શાસનવ્યવસ્થા અને રાજકીય કારકિર્દીનો જાણે કે જીવંત ઇતિહાસ છે.
3. સતારામાં આવેલ છત્રતપિઓનું સત્તાવાર નિવાસસ્થાન એક સુંદર, વિશાળ અને ભવ્ય મહેલ પણ સ્થાપત્યકલાની દૃષ્ટિએ નોંધપાત્ર છે. છત્રપતિ શિવાજી મહારાજથી શરૂ કરીને છેલ્લા છત્રપતિ શાહજી બીજો (અપ્પા સાહેબ) (ઈ.સ. 1839-1848) સુધીના છત્રપતિઓએ જોયેલી મરાઠા સામ્રાજ્યની અનેકવિધ ચડતીપડતીની આ મહેલ સાક્ષી પૂરે છે. જેમ બાજીરાવ બીજો પેશ્વાપદે આવ્યો, ગયો અને પુનઃ આવ્યો એવી જ બાબત છત્રપતિ પ્રતાપસિંહ (ઈ.સ. 1808-1839) છત્રપતિ તરીકે નિમાયા. પદભ્રષ્ટ થઈ કેદમાં ગયા અને પુનઃ પાછા ઈ.સ. 1818માં છત્રપતિ પદે આવ્યા અને સાતારાના મહેલને શોભાવ્યો, એ સઘળા ઐતિહાસિક બનાવોને આ મહેલ મૂક સાક્ષી છે. તેના પ્રવેશદ્વારો ભવ્ય છે અને તેની શિલ્પકલા બેનમૂન છે.

4. છત્રપતિ શિવાજી મહારાજે તેમની રાજકીય કારકિર્દી દરમિયાન લગભગ 300 જેટલા કિલ્લાઓ બંધાવ્યા હતા. આ કિલ્લાઓ સંરક્ષણની દૃષ્ટિએ તો ખૂબ જ ઉપયોગી હતા. સાથે સાથે સમગ્ર મરાઠાયુગના ઈતિહાસના અબોલ પુરાવાઓ પણ છે. બાંધકામ કલા (સ્થાપત્ય)ની દૃષ્ટિએ તે ખૂબ જ મજબૂત અને મહિનાઓ સુધી તેમાં અનાજ-પાણી, શસ્ત્રો, અશ્વો વગેરે સંગ્રહી શકાય તેટલા વિશાળ પણ હતા.

   આ કિલ્લાઓમાં સિંહગઢ, પ્રતાપગઢ, રાયગઢ, પન્હાલા વગેરે કિલ્લાઓની બાંધણી આકર્ષક છે. આ કિલ્લાઓની મદદથી મરાઠી સત્તાઓ વર્ષો સુધી પોતાની સ્વતંત્રતને ટકાવી રાખી હતી.

5. મરાઠા શાસકો આમ તો સતત યુદ્ધોમાં વ્યસ્ત હતા, એટલે કલા-સ્થાપત્યના વિકાસ માટે આવશ્યક સમય તેઓ ફાળવી શક્યા ન હોતા. ઉપરાંત સતત યુદ્ધો અને સંઘર્ષો પાછળ રાજ્યની આવકનો ખૂબ મોટો ભાગ વપરાઈ જવાનો પરિણામે અને કેટલાક પેશ્વાઓ વૈભવ વિલાસમાં તથા સત્તા ટકાવી રાખવા પાછળ સમય વ્યતીત કરવામાં જ રચ્યાપચ્યા રહેતા હોવાથી, મરાઠી રાજ્યો કલા-સ્થાપત્યના ક્ષેત્રે જેટલો વિકાસ કરવો જોઈએ તેટલા ન કરી શક્યા, એ હકીકત સાચી જ છે.

6. મરાઠી પ્રજાએ મંદિરોના બાંધકામ પાછળ સમય અને નાણાં બેઉ આપ્યાં હતાં, એ નિર્વિવાદપણે કહી શકાય. દા. ત. પૂનામાં આવેલ ટેકરી પરનું પાર્વતીમંદિર (પાર્વતી હિલ્સ) ગણનાપત્ર બાંધકામ છે. મહારાષ્ટ્રમાં આ સિવાય બીજાં અનેક સ્થળોએ દેવસ્થાનો અને ધર્મસ્થાનકોના બાંધકામ પાછળ મરાઠા શાસકોએ ખાસ ખર્ચી અને શક્ય હોય તેટલો સમય આપીને પોતાની ધર્મભાષા દર્શાવી હતી.

7. મરાઠાઓને અનેકવિધ યુદ્ધમાં લાંબો સમય સુધી રોકાવું પડેલું, તેથી તેઓ કલા-સ્થાપત્ય, વેપાર-વાણિજ્ય, ઉદ્યોગ-ધંધા, બંદરો અને નૈકાદળ, રસ્તાઓ અને વાહનવ્યવહાર, મુસાફરખાનાં, અદ્યતન શાસ્ત્રોના નિર્માણ માટેનાં કારખાનાં અને ટેક્નાક્લૉજી વગેરે બાબતો ઉપર ધ્યાન ન હોતા આપી શક્યા, આમ છતાં જરૂરી રસ્તાઓ, પૂલો, નદીઓ પરના ઘાટ, વગેરેના બાંધકામ પાછળ ખાસ ધ્યાન આપ્યું હતું.

8. મરાઠાઓના સમકાલીન રાજાઓએ તેમનાં રાજ્યોમાં ભવ્ય ઈમારતોનું બાંધકામ કરાવેલું; પરંતુ છત્રપતિ શિવાજી મહારાજ સહિત અન્ય છત્રપતિઓ પેશ્વાઓ મુઘલો, નિઝામ, હૈદરઅલી વગેરે સાથે યુદ્ધોમાં જ વ્યસ્ત રહેલા, એ તેમની મજબૂરી પણ હતી. દા. ત. વિજયનગરના હિન્દુ રાજ્યમાં ભવ્ય બાંધકામો (હમ્પી, વિજયનગર વગેરેમાં) થયેલા એ દિશામાં ધ્યાન ન આપી શક્યા, એ વાત સાચી આમ છતાં છત્રપતિ અને પેશ્વાઓના સમકાલીન ઘટક રાજ્યોના રાજવીઓએ ભવ્ય મહેલો, સુંદર બાગ-બગીચા, વિશાળ સરોવરો, નદીઓ પરના સરસ ઘાટ, કિલ્લા નગરપ્રવેશ દ્વારો(દરવાજા), કોટ, સ્તંભો, મિનાર વગેરેના બાંધકામ અર્થાત સ્થાપત્ય ઉપર સવિશેષ ધ્યાન આપ્યું હતું. દા. ત. વડોદરાનો લક્ષ્મીવિલાસ મહેલ (પેલેસ) ગાયકવાડી રાજાઓએ જે બંધાવેલો, એ આજે પણ જોવાલાયક વારસો છે.

કામાઠી બાગ, સયાજી બાગ, સુરસાગર તળાવ, ન્યાયમંદિર, કીર્તિમંદિર, મહારાજા ફતેસિંહરાવ સંગ્રહાલય, પ્રતાપવિલાસ મહેલ, મકરપુરા પેલેસ, નજરબાગ પેલેસ વગેરે તો સ્થાપત્ય કલાની દૃષ્ટિએ અદ્‌ભુત, જોવાલાયક અને કલા-કારીગરીની શ્રેષ્ઠ નમૂનાઓ છે. આથી જ વડોદરા શહેરને 'મહેલોનું શહેર' કહે છે.

9. વડોદરાના ગાયકવાડી રાજ્ય ઉપરાંત ઈન્દોરનું હોળકર રાજ્ય પણ તેના રાજવાડા મહેલ અને રસ્તાઓ માટે સુપ્રસિદ્ધ હતું. એ જ ગ્વાલિયર, નાગપુર, કોલ્હાપુર વગેરે મરાઠા સમયનાં રાજ્યો તેના મહેલો, બગીચા અને સરોવરો માટે સુપ્રસિદ્ધ હતા. દા. ત. નાસિકનું પંચવટી તથા અન્ય મંદિરો વગેરે આજે પણ યાત્રાધામો રૂપે પ્રસિદ્ધ બનેલાં છે.

## 17.7 *મરાઠાઓની ધર્મભાવના*

### 17.7.1 *ભૂમિકા :*

15મી અને 16મી સદી દરમિયાન સમગ્ર મહારાષ્ટ્રમાં વ્યાપેલા ભક્તિ સંપ્રદાયે મરાઠી પ્રજાને સાંસ્કૃતિક એકતાના તારે બાંધી હતી. તત્કાલીન સમયના લગભગ બધા જ સંતો અને હિન્દુ ધર્મના આચાર્યોએ (ગુરૂઓએ) 'ઈશ્વરની ભક્તિ અને સૌ માનવો વચ્ચે એકતા'નો જ ઉપદેશ આપેલો. ભક્તિ આંદોલને મરાઠી પ્રજાને એક કરી, તેમની વચ્ચે પ્રેમની લાગણી જન્માવી હતી. ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા પ્રેરીને એ સંતોએ વિદેશી વિધર્મીઓ સામે એકતા સાધી, આવેલા પડકારોનો સામનો કરવા પ્રેર્યા હતા. એ સંતોમાં સ્વામી રામદાસ, સંત તુકારામ, સંત વામન પંડિત, સંત એકનાથ, સંત જ્ઞાનેશ્વર, સંત નામદેવ, ગોરા કુંભાર, સાવતા માળી, સોપાન દેવ, મુક્તાબાઈ, ચોખા મેળા, નરહરિ સોનાર, વિસોબા ખેચર, જોગા પરમાનંદ(કવિ), પરિસા ભગવત અને જગતમિત્ર નાગાનાં નામો ખૂબ જાણીતાં હતાં. સંતોએ ભજનો રચી, ગાઈને મરાઠાઓની એકતાનું નિર્માણ કર્યું હતું.

એ જ રીતે કેટલાક સાહિત્યકારો તથા કવિઓએ પણ પેવાડા, લાવણી, બખર, ચરિત્રગ્રંથો દ્વારા ધર્મભાવના તથા એકતાને પોષી હતી.

### 17.7.2 *મહારાષ્ટ્રના સંતો અને ધર્મભાવના*

મહારાષ્ટ્રના સંતોમાં સ્વામી રામદાસ તો શિવાજી મહારાજ સમર્થ ગુરુ હતા; એટલું જ નહિ, પરંતુ મહારાષ્ટ્રની પ્રજા ઉપર તેમનો અસરકારક પ્રભાવ હતો. તેમણે મરાઠી પ્રજાની એકતા અને સામાજિક સુધારણાના ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું હતું. સ્વામી રામદાસે 'દાસબોધ' નામનો ગ્રંથ લખી કર્મની ફિલસૂફીનું પ્રતિપાદન કર્યું હતું. સ્વામી રામદાસ માત્ર ધર્મોપદેશક જ નહિ, પરંતુ એક રાષ્ટ્રનિર્માતા પણ હતા. શ્રી મહાદેવ ગોવિંદ રાનડે લખે છે કે, "મરાઠી રાજ્યની એકતા માટે સ્વામી રામદાસ જેટલું પ્રદાન બીજા કોઈ સંતનું નથી." ભક્તિ સંપ્રદાયની મરાઠી પ્રજા પરની અસરો વિશે પણ શ્રીરાનડે લખે છે, "જે રીતે યુરોપમાં 16મી સદીમાં પાદરી માર્ટિન લ્યૂથર દ્વારા પ્રોટેસ્ટંટ સંપ્રદાય દ્વારા ખ્રિસ્તી

ધર્મમાં સુધારણા (Reformation)ની ચળવળ ઉદ્ભવી હતી, તેવી જ અહીં ભારતમાં સામાજિક, ધાર્મિક અને સાહિત્યિક પુનરુત્થાનની ચળવળ ઉદ્ભવી હતી.''

આમ, સંતોએ એટલે કે સ્વામી રામદાસ, એકનાથ, તુકારામ, જ્ઞાનેશ્વર, નામદે, નિવૃત્તિનાથ, સોપાનદેવ, મુક્તાબાઈ, ચાંગદેવ, સાવતા માળી, ચોખામેળા, ગોરા કુંભાર, નરહરિ સોનાર, વિસોબા ખેચર, જોગા પરમાનંદ, પરિસા ભાગવત અને જગમિત્ર નાગાએ તેમજ સત્યમાલનાથ, બહિરા પિસાજાતદેવ, ચોંમા કવિ, સેના નાવી, સંત દામાજી, સંત ભાનુદાસ, સત કાન્હાપાત્રા, શ્રીપાદવલ્લભ, નૃસિંહ સરસ્વતી અને 16મી સદીના દાસો પંત વગેરેએ હિન્દુઓમાં ધાર્મિક જાગૃતિ, એકતાની ભાવના અને સંસ્કૃતિની મહાનતાને ટકાવવામાં અમૂલ્ય ફાળો આપ્યો હતો. સ્વામી રામદાસે તો મરાઠાઓને 'સ્વધર્મ', 'સ્વરાજ' અને ધાર્મિક સ્વાતંત્ર્યની સમજ આપી, તેમનામાં ઉચ્ચ ધાર્મિક ભાવનાને પ્રેરવાનો હતો; સામાજિક અને નૈતિક ભાવનાને ટકાવવાનો હતો. કુલ 500 વર્ષના મુસ્લિમ શાસન (300 વર્ષ દિલ્હી સલ્તનતના અને 200 વર્ષ મુઘલ શાસકોના દરમિયાન મરાઠી પ્રજામાં જે નિરાશા, હતાશા અને લઘુતાગ્રંથિ જેવી બાબતો પ્રવેશી ગઈ હતી, એ સર્વેને મહારાષ્ટ્રના આ સંતોએ ખંખેરી દૂર કરવાનો સબળ અને સમર્થ પ્રયત્ન કર્યો હતો. અલબત્ત, 19મી સદીના અંતકાળની ભારતની સામાજિક-ધાર્મિક સુધારણાની ચળવળ (બ્રહ્મોસમાજ, પ્રાર્થનાસમાજ, આર્યસમાજ, રામકૃષ્ણ મિશન વગેરે સંસ્થાઓનો સમય) જેવી આ મરાઠા સંતોને સફળતા ન મળી, એ હકીકતનો આપણે સ્વીકાર કરવો રહ્યો.

(10) Ranade, M. G. : 'Rise of the Marath Power', Bombay, 1900 ગ્રંથને આધારે.

### 17.7.3 *ઉદારતા અને ધર્મસહિષ્ણુતા*

ધર્મ ભાવનાની દૃષ્ટિએ મરાઠાઓ ખૂબ જ સંસ્કૃત અને પ્રગતિશલ હતા, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. તેમના સમકાલિન મુઘલ યુગના શાસનમાં ખૂબ જ ધાર્મિક અસહિષ્ણુતા પ્રવર્તતી હતી; જ્યારે મરાઠી રાજ્યમાં સંપૂર્ણ ધાર્મિક ઉદારતા અને સહિષ્ણુતા હતી. શિવાજી મહારાજ પોતે જ ઉદાત્ત અને ધર્મ સહિષ્ણુ રાજપુરુષ હતા. વળી તેમના વારસદારોએ પણ શિવાજીએ સ્થાપેલી આ પ્રણાલી જાળવી રાખી હતી. તેમના સમકાલીન દક્ષિણ કે ઉત્તર ભારતનાં રાજ્યો કે પ્રજા કરતાં, આ બાબતમાં મરાઠાઓ ચડિયાતા હતા. દા.ત. હૈદરઅલી અને ટપુ સુલતાનનાં રાજ્યમાં ધાર્મિક અસહિષ્ણુતા પ્રવર્તતી હતી; બીજાપુર કે ગોવલકોંડાનાં રાજ્યોમાં હિન્દુઓ પરત્વેનો વ્યવહારન્યાયી ન હોતો; નિઝામના હૈદરાબાદના મુસ્લિમ રાજ્યમાં હિન્દુઓ માટે મુક્ત વાતાવરણ ન હોતું; મુઘલ શહેનશાહ ઔરંગઝેબની ધાર્મિક અસહિષ્ણુતા ખૂબ જ પ્રસિદ્ધ હતી. પોર્ટુગિઝો ધર્માંધ હતા. અંગ્રેજ શાસકો ખ્રિસ્તી મિશનરીઓની પ્રવૃત્તિઓ (શાળાઓ, દવાખાનાં અને બીજી સગવડો દ્વારા) દ્વારા ખ્રિસ્તી ધર્મમાં વટલાળ પ્રવૃત્તિ (ધર્માંતરની) માટે ખૂબ જ પ્રયત્નશીલ રહેતા હતા.

જ્યારે મરાઠા રાજ્ય (પાછળથી સામ્રાજ્ય)માં મુસ્લિમો તથા અન્ય જાતિઓ માટે પૂરતા પ્રમાણમાં સ્વાતંત્ર્ય અને તકો હતી. મરાઠી વહીવટીતંત્રમાં અને લશ્કરીતંત્રમાં સારી એવી સંખ્યામાં મુસ્લિમો હતા. લાયકાતના ધોરણે મુસ્લિમોને સરકારી નોકરીઓમાં સ્થાન મળતું હતું. છત્રપતિ શિવાજી અને તેમના અનુગામી શાસકો મુસ્લિમ ધર્મ સ્થાનોનો હંમેશા આદર કરતા હતા. કોઈ મરાઠા શાસકે ક્યાંય પણ મસ્જિદ કે મકબરા તોડ્યાનું સમગ્ર ઈતિહાસમાં નોંધાયું નથી.

આમ,મરાઠાઓ તુલનાત્મક દષ્ટિએ જોઈએ તો ધર્મભાવનામાં ખરેખર ચડિયાતા હતા.

(11) ઈ.સ. 1761ના પાણિપતના યુદ્ધમાં મરાઠાઓના લશ્કરીતંત્રમાં તોપખાનાનો વડો ઈબ્રાહિમ ગાર્દી હતો; અને તે પણ એ યુદ્ધમાં ખપી ગયેલો.

### 17.7.4 *મરાઠાઓની સંકુચિત વિચારસરણી*

મરાઠાઓ ધાર્મિક વિચારસારણીની દષ્ટિએ ઉદાર અને સહિષ્ણુ હોવા છતાં, મરાઠી સમાજ સામાજિક રીતે કેટલીક ધાર્મિક અંધશ્રદ્ધાઓ, વહેમો, જડતાનું પ્રમાણ વધુ ધરાવતો હતો. તેમનામાં પરંપરાગત ધોરણો જાળવી રાખવાની વૃત્તિ તે સમયે વધુ પ્રમાણમાં હતી; અને વૈજ્ઞાનિક અભિગમ (Scientific approach) નો અભાવ હતો. તેમની પરંપરાગત ધાર્મિક માન્યતાઓએ વિજ્ઞાનની અને ટેકનોલોજીની ઉપેક્ષા કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ધર્મના ઉચ્ચ અને પવિત્ર સિદ્ધાંતો તેઓ વિસરી ગયા હતા; અને તેને સ્થાને ધાર્મિક અંધશ્રદ્ધાઓ, બાધાઓ રાખવી, જડ માન્યતાઓ ધરાવી, વહેમો અને ખોટી માન્યતાઓમાં રાચવું ઈત્યાદિનું પ્રભુત્વ વધુ પ્રમાણમાં હતું.

અલબત્ત, મહારાષ્ટ્રના હિન્દુ સંતોએ તેમને સન્માર્ગે દોરવાનો નોંધપાત્ર પ્રયાસ કરેલો.

## 17.8 *સમાપન*

આ સઘળી વિશિષ્ટતાઓ અને કેટલીક મર્યાદાઓ છતાં, મરાઠી પ્રજાએ શક્તિશાળી મુઘલોના સામ્રાજ્યની સામે લાંબા સમય સુધી સંઘર્ષ ખેલી, પોતાના હિન્દુ ધર્મ અને હિન્દુ સંસ્કૃતિનું રક્ષણ કર્યું. મુસ્લિમોના ઈસ્લામ ધર્મના ધસમસતા પ્રચાર પ્રસારની સામે મહારાષ્ટ્રમાં અને તે પછી ભારતના મોટા ભાગના પ્રદેશોમાં હિન્દુધર્મનો ભગવો ધ્વજ ફરકાવ્યો અને ટકાવ્યો. હિન્દની પ્રજાનું શૌર્ય, વીરતા, નીડરતા અને સાહસિકતાને મરાઠાઓએ જ્યોતને જલતી રાખી !

ચારે દિશાઓમાં દુશ્મનોની હરોળ ઊભી હોવા છતાં અને આંતરરિક કુસંપ પણ કેટલેક અંશે પ્રવેશેલો હોવા છતાં, મરાઠાઓએ, 'સ્વરાજ' અને 'મુઘલોના મુસ્લિમ શાસનમાંથી મુક્તિ' મેળવવાનો છત્રપતિ શિવાજી મહારાજે જે પાવક યજ્ઞ આરંભેલો, એને પેશ્વાઓએ ચાલુ રાખેલો.

અલબત્ત, ધર્મના જૂના ખ્યાલોને મરાઠાઓ વળગી રહ્યા અને બદલાતા સમય સાથે તેમાં પરિવર્તન કરી, આધુનિકીકરણને ન અપનાવી શક્યા; વૈજ્ઞાનિક અભિગમને

સ્વીકારી અમલી ન બનાવી શક્યા, એ એમની (મરાઠાઓની) મોટી ભૂલ કે નબળાઈ હતી; અને તેને કારણે જ તેમનું પતન ધાર્યા કરતાં વહેલું થવા પામ્યું.

## 17.9 *તમારી પ્રગતિ ચકાસો*

1. મરાઠાયુગે વહીવટી ક્ષેત્રે આપેલો અષ્ટપ્રધાન મંડળ સહિત વારસો નિરૂપો.

2. સંરક્ષણના ક્ષેત્રે મરાઠાયુગે આપેલો નૌકાદળ સહિત વારસાનું આલેખન કરો.

3. મરાઠી સંતો અને લેખકોએ સાહિત્યિક ક્ષેત્રે આપેલા વારસાની મુદ્દાસર અને સવિસ્તાર ચર્ચા કરો.

4. મરાઠા રાજ્યોનો મહેલો, કિલ્લાઓ, મંદિરો, ઘાટ, ધર્મસ્થાનકો વગેરેને ધ્યાનમાં લઈ કલા સ્થાપત્યના ક્ષેત્રે આપેલો વારસો વર્ણવો.

**(A)** ***નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે, તેના ક્રમ લખીને, તેની સામે લખો. ત્યારબાદ ખોટાં વિધાનો સુધારીને ફરીથી લખો***

1. શિવાજીના પિતા શાહજીને તેમની સેવાઓના બદલામાં પૂણેની જાગીર બિજાપુરના સુલતાને આપી હતી.

2. છત્રપતિ શિવાજી મહારાજનો રાજ્યાભિષેક સિંહગઢ (જૂનું નામ કોંડાણા) કિલ્લામાં ઈ.સ. 1674માં શાસ્ત્રોક્ત વિધિથી ભોંસલે કુટુંબના વિશ્વેશ્વર (ગાગા) ભટ્ટે કરાવ્યો હતો.
3. છત્રપતિ શિવાજીના સીધા નિયંત્રણ હેઠળ મરાઠી રાજ્યના જે પ્રદેશો હતા, તે 'સ્વરાજ્ય' કહેવાતા હતા.
4. મરાઠા સામ્રાજ્યમાં જે નિર્બળ રાજ્યોના રક્ષણની જવાબદારી ઉઠાવવા બદલ તેમની પાસેથી શિવાજી અને પછીના પેશ્વાઓ જે કર ઉઘરાવતા હતા, તે કર 'ચોથ'ને નામે અને ગામડાંઓના જૂથો ઉપર દેખરેખ રાખવા માટે જે કર ઉઘરાવાતો હતો તેને 'સરદેશમુખી'ને ઓળખાતો હતો.
5. પેશ્વા બાજીરાવ પહેલાએ સૌ પ્રથમવાર 'અષ્ટ પ્રધાન મંડળ'ની રચના કરી હતી.
6. પેશ્વા બાલાજી બાજીરાવ (ઈ.સ. 1740-1761) 'નાનાસાહેબ'ના નામથી ઓળખાતા હતા.
7. ઈ.સ. 1772માં માત્ર 27 વર્ષની વયે પેશ્વા માધવરાવ પછી તેનો નાનો પુત્ર બાજીરાવ બીજો ગાદીએ આવ્યો હતો.
8. અંગ્રેજ ગવર્નર જનરલ વેલેસ્લીની 'સહાયકારી યોજના' ઈ.સ. 1818માં સ્વીકારતાં પેશ્વા બાજીરાવ બીજાના શાસનનો જ નહિ, પરંતુ મરાઠા સામ્રાજ્યનો અસ્ત થવા પામ્યો.
9. શિવાજીના 'અષ્ટપ્રધાન મંડળ'માં મુખ્ય પ્રધાન 'દબીર'ને નામે ઓળખાતો હતો.
10. તારાબાઈ છત્રપતિ શાહુની માતા હતાં.
11. મરાઠી વહીવટીતંત્રમાં ગામડાના વડા 'પાટિલની' નિમણૂક મરાઠાની જ કરાતી હતી.
12. મોટા નગરોનો વહીવટ મરાઠા રાજ્યમાં 'કોટવાલ' સંભાળતો હતો.
13. છત્રપતિ શિવાજીના અવસાન પછી, નૌકા સેનાપતિ કાન્હોજી આંગ્રેના નેતૃત્વ નીચે મરાઠા નૌકાદળ ખૂબ વિકસ્યું હતું.
14. 16મી સદીના મહાન સંત સ્વામી રામદાસના ભજનો અને કાવ્યોમાં ફારસી ભાષાના શબ્દોની વ્યાપકતા હતી.
15. ચિટનીસ કુળના અધિકારીઓ મરાઠા રાજ્યમાં સારા લહિયા હતા.

**(B)** ***નીચેના પ્રશ્નોના એક-બે લીટીમાં ટૂંકમાં જ માગ્યા પ્રમાણે ઉત્તરો લખો.***

1. 'દાસ-બોધ' અને 'શિવ-ભારત' કાવ્ય કોણે લખ્યાં છે ?

________________________________________

________________________________________

________________________________________

2. 'અદનાપત્ર'એ સાહિત્યકૃતિ કયા વિષયને લગતી છે ?

3. 'જ્ઞાનેશ્વરી ગીતા' નામે ઓળખાતી સાહિત્ય કૃતિનું નામ શું છે ?

4. સંત નામદેવ અને સંત તુકારામે રચેલી કાવ્યરચનાઓનું સાહિત્ય સ્વરૂપ શું છે ?

5. ગીતાના ભાષ્યકાર મરાઠી ભાષાના કયા સાહિત્યકારે 22,000 ઓવીઓ ધરાવતો ગ્રંથ 'યથાર્થ દિપિકા'ની રચના કરી છે ?

6. મુક્તાબાઈ, સાવતા માળી, ચોખા મેળા, ગોરા કુંભાર, જોગા પરમાનંદ વગેરે કવિઓએ કઈ ભાષામાં રચનાઓ કરી છે ?

7. શૂરવીરોની ગાથાઓ અને શૃંગારરસની કથાઓ કયા સ્વરૂપે મરાઠી ભાષામાં લખાય છે ?

8. 'બખર' એ શું છે ?

9. 18મી સદી દરમિયાન જૈન મુનિઓએ કુલ કેટલા ગ્રંથો રચ્યા હતા ?

10. 'શનિવાર વાડાનો મહેલ' કયા શહેરમાં આવેલો હતો ?

11.છત્રપતિ શિવાજી મહારાજે કુલ લગભગ કેટલા કિલ્લાઓ બંધાવ્યા હતા ?

12.'પાર્વતી મંદિર' ક્યાં આવેલું છે ? તે શાથી પ્રસિદ્ધ બન્યું છે ?

13.મરાઠા સામ્રાજ્યના છત્રપતિઓ અને પેશ્વાઓ વેપાર ધંધા-ઉદ્યોગો, રસ્તાઓ-મુસાફરખાનાં-વાહનવ્યવહાર, કારખાનાં-ટૅક્નોલોજી, બંદરોનો વિકાસ અને નૌકાદળના વિકાસ ઉપર શા માટે વધુ ધ્યાન ન હોતા આપી શક્યા ?

14.કામાઠી બાગ, સયાજી બાગ, સુરસાગર તળાવ, સંગ્રહાલય (મ્યુઝિયમ), ન્યાયમંદિર, કીર્તિ મંદિર, પ્રતાપ વિલાસ મહેલ, મકરપુરા અને નજરબાગ પેલેસ વગેરે કલાત્મક અને સુંદર ઈમારતો ક્યાં આવેલી છે ?

15.સ્વામી રામદાસથી શરૂ કરીને 16મી સદીના દાસોપંત સુધીના સંતોએ હિન્દુઓના શાનો અવિર્ભાવ કરવામાં અમૂલ્ય ફાળો આપ્યો હતો ?

## 17.10 *તમારી પ્રગતિ ચકાસોના જવાબો*

**(A)** ***નો ઉત્તર (સંક્ષેપમાં માર્ગદર્શન)***

1. આ વિધાન સાચું (√) છે.
2. આ વિધાન ખોટું (×) છે; રાજ્યાભિષેક રાયગઢના કિલ્લામાં થયો હતો.
3. આ વિધાન સાચું (√) છે.
4. આ વિધાન સાચું (√) છે.
5. આ વિધાન ખોટું (×) છે. છત્રપતિ શિવાજીએ
6. આ વિધાન સાચું (√) છે.
7. આ વિધાન ખોટું (×) છે. ઈ.સ. 1772માં પેશ્વા માધવરાવ પહેલાના અવસાન પછી તેમનો 16 વર્ષનો નાનો ભાઈ નારાયણરાવ પેશ્વા (નવ માસ સુધી જ સત્તા સ્થાને) બન્યો હતો.

8. આ વિધાન સાચું (√) છે.
9. આ વિધાન ખોટું (×) છે; 'પેશ્વા'ને નામે ઓળખાતો હતો.
10. આ વિધાન સાચું (×) છે; તરાબાઈ છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર રાજારામનાં પત્ની હતાં.
11. આ વિધાન સાચું (√) છે.
12. આ વિધાન સાચું (√) છે.
13. આ વિધાન સાચું (√) છે.
14. આ વિધાન ખોટું (×) છે; મહાન સંત એકનાથના .......
15. આ વિધાન સાચું (√) છે.

**(B)** ***સંક્ષિપ્તમાં (એક-બે વાક્યોમાં) ઉત્તરો :***

1. 'દાસ-બોધ' શિવાજી મહારાજના ગુરુ સ્વામી રામદાસે અને 'શિવ ભારત' સંસ્કૃત ભાષામાં કાવ્ય કવિ પરમાનંદે લખેલ છે.
2. 'અદના પત્ર'એ રાજ્યની નીતિના સઘળા નિયમોનો સમાવેશ કરતી અદ્વિતીય સાહિત્યકૃતિ છે; જેને કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર' સરખાવવામાં આવે છે.
3. 'જ્ઞાનેશ્વરી ગીતા' તરીકે ઓળખાતી સંત જ્ઞાનેશ્વરની કૃતિ (13મી સદી) નું નામ 'ભાવાર્થ દીપિકા' છે.
4. સંત નામદેવ અને સંત તુકારામે રચેલી કાવ્ય રચનાઓનું સાહિત્ય સ્વરૂપ 'અભંગો' છે.
5. ગીતાના ભાષ્યકાર મરાઠી ભાષાના વિદ્વાન લેખક વામન પંડિતે 22,000 ઓવીઓ ધરાવતો ગ્રંથ 'યથાર્થ દીપિકા' રચેલ છે.
6. મુક્તાબાઈ, સાવતા માળી, ચોખા મેળા, ગોરા કુંભાર, જોગા પરમાનંદ વગેરે એ 'ઓવી' અને 'અભંગો' છંદમાં મરાઠી ભાષામાં પદ્યરચનાઓ કરી છે.
7. શૂરવીરોની કથાઓ 'પોવાડા' સ્વરૂપે અને શૃંગારરસની ગાથાઓ 'લાવણી' સ્વરૂપે મરાઠી ભાષામાં લખાઈ હતી.
8. 'બખર' એ એક ઐતિહાસિક દસ્તાવેજોનો સ્રોત છે; જેમાં મરાઠા રાજ્યકાળ દરમિયાન મૂળ પત્રો, અહેવાલો અને નોંધોનો સમૃદ્ધ ખજાનો છે.
9. 18મી સદી દરમિયાન જૈન મુનિઓએ (ગુણદાસ, ગુણકીર્તિ, જિનદાસ પંડિત મેઘરાજ) કુલ 17 સુપ્રસિદ્ધ ગ્રંથો રચ્યા હતા.
10. 'શનિવારવાડાનો મહેલ' પૂના શહેરમાં આવેલો હતો; જે પેશ્વાઓનું નિવાસસ્થાન હતો.
11. છત્રપતિ શિવાજી મહારાજે કુલ લગભગ 300 જેટલા કિલ્લાઓ બંધાવ્યા હતા. (આ કિલ્લાઓ સુરક્ષાની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વના હતા.)

12. ‘પાર્વતી મંદિર’ પૂનામાં આવેલું છે. તે પૂનાથી થોડેક દૂર પર્વતી હિલ્સ પર આવેલું હોઈ, ખૂબ જ સુંદર બાંધકામવાળું (સ્થાપત્યકલાની દૃષ્ટિએ) હોઈ રળિયામણું અને આકર્ષક છે.
13. (સંક્ષેપમાં) અનેકવિધ આંતરિક અને પાણિપતના ત્રીજા યુદ્ધ જેવા બાહ્ય યુદ્ધોમાં લાંબો સમય વ્યસ્ત રહેવાને કારણે વિકાસ ઉપર ધ્યાન ન હોતા આપી શક્યા.
14. (સંક્ષેપમાં) એ ૯ બાંધકામો (સ્થાપત્યો) વડોદરા શહેરમાં ગાયકવાડી શાસન દરમિયાન રચાયાં છે.
15. સ્વામી રામદાસ થી આરંભીને 16મી સદીના દાસોપંત સુધીના સંતો તથા કવિઓએ હિન્દુઓમાં ધાર્મિક જાગૃતિ, એકતાની ભાવના અને ભારતીય સંસ્કૃતિની મહાનતાનો અવિર્ભાવ કરવામાં તેમજ તેને ટકાવી રાખવામાં અમૂલ્ય ફાળો આપ્યો હતો.

## 17.11 *સંદર્ભ સૂચિ*


1. Benarji, A. C. , Peshwa Madhav Rao First
2. Campbell, Bombay Presidency Gazetter
3. Elliot and Dowson, History of India as told by his own Historians, London, 1867
4. Grant Dutt, J. C., ‘History of the Marathas’ Vol. III
5. Grant, E.R. (E. D.), ‘The Legacy of India’
6. Keene, H. B., ‘Madhav Rao Sindhia’ Oxford University Press, 1901
7. Keene, H. B., ‘Madhav Rao Sindhia’ Oxford University Press, 1901
8. Keene, H. J., ‘Rulers of India Series, Mayadayi Shinde’
9. Kincaid, C. A. & A History of the Maratha People’ Vol. I & III (Published in 1918- Pararnis, D. B. 1925)
10. Macdanld ‘Lite of the late Name Fadanvis; Oxford University Press, 1927
11. Mahajan, V. D. & ‘India Since 1526’ (Sixth Ed., 1963)
12. Majumudar, R. C. & ‘An Adcanced History of India’ (Bhartiya Vidya Bhavan, Mumbai)
13. Sardesai, G. S. ‘New History of the Marathas’ , Vol. II & III
14. Sardesai, G. S. ‘Main Currents of the Maratha History; Vol. II & III (Culcutta, 1926)
15. Sen, S. N. The Milltary System of the Marathas’ (Orient Longmans, Bombay, 1958)
16. Sharma, S. R. Maratha History – Re-Examined’
17. શાહ, મનુભાઇ બી : ભારતનો ઈતિહાસ : મરાઠા યુગ, ઇ.સ. 1707-1818; યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પાંચમી આવૃત્તિ, 2018
18. પટેલ જશુભાઇ બી. “ ભારતનો ઈતિહાસ : મુઘલ યુગ (1526-1707) યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, પાંચમી આવૃત્તિ, 2018.

# નોંધ

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ


**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**